પુરુષાર્થવ્યવસ્થા

(ધર્મ-અર્થ-કામ-મોક્ષ-ભક્તિ)

: વ્યાખ્યાતા :
પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી
(કિશનગઢ-પાર્લા)

: અનુવાદક :
શ્રીરમેશભાઈ પંચાસરા (રાજકોટ)

પ્રકાશક
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી.

પ્રકાશક :
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી,
જિ. કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫. ફોન : (૦૨૮૩૪) ૨૩૧૪૬૩
Email : gosharad@rediffmail.com
Must Visit :
http://www.pushtimarg.net
http://vallabhacharyavidyapeeth.org/

અનુવાદ : શ્રી રમેશભાઈ પંચાસરા (રાજકોટ)

પ્રથમ આવૃત્તિ, ૨૦૧૪ (પવિત્રોત્સવ વિ.સં.૨૦૭૧)

નકલ : ૧૦૦૦

નિઃશુલ્ક વિતરણાર્થે

:: પ્રકાશન સહયોગ ::
પૂર્વીબેન દીપકભાઈ મહેતા અને દર્શનાબેન વિરેનભાઈ મહેતા (પાર્લા)
ગો.વા. કિશોરભાઈ ધરમશીભાઈ માખણસા (હ.કાન્તિભાઈ ભલાણી), ટીંબાવાડી
ગો.વા. ધિરજલાલ કરશનભાઈ મણવર (હ.રીટાબેન અને રવિકુમાર મણવર) ટીંબાવાડી
ગો.વા. અમૃતબેન વાલજીભાઈ રાખોલીયા
(હ.જીવતીબેન રણછોડભાઈ અને લાભુબેન જીવરાજભાઈ અને
લાભુબેન વૃજલાલ રાખોલીયા) ધોરાજી
શર્મિષ્ઠાબેન ગિરધરભાઈ કણસાગરા, રાજકોટ
કીનાબેન મેંદપરા, રાજકોટ - મંજુલાબેન ચપલા, સરદારગઢ
એક વૈષ્ણવ, રાજકોટ, એક વૈષ્ણવ-મુંબઈ

પ્રાપ્તિસ્થાનઃ
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર,
માંડવી - કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫.
ફોન : ૦૨૮૩૪ - ૨૩૧૪૬૩
(સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૬)

મુદ્રક :
પૂર્વીપ્રેસ પ્રા. લી., રાજકોટ.

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, પિનકોડઃ ૩૭૦૪૬૫
(ટેલીફોન : ૦૨૮૩૪-૨૩૧૪૬૩)

પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે

ગ્રન્થ			પ્રકાશનસહાય
૧. પ્રવેશિકા	લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી	(ગુજરાતી)	૧૦
૨. પ્રવેશિકા	લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી	(હિન્દી)	૧૦
૩. ડફિદ્યતવશસફ	લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી	(અંગ્રેજી)	૧૦
૪. પુષ્ટિપ્રવેશ ૧-૨	લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી	(ગુજરાતી)	૨૦
૫. પુષ્ટિપ્રવેશ ૧-૨	લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી	(હિન્દી)	૨૦
૬. પુષ્ટિપથ	લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી	(ગુજરાતી)	૧૦
૭. પુષ્ટિપથ	લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી	(હિન્દી)	૧૦
૮. પ્રમેયરત્નસંગ્રહ	લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી	(ગુજ.)	૨૦
૯. ખફક્ષીફહ જ્ઞર વિંય મયદજ્ઞશિંજ્ઞક્ષફહાફવિં જ્ઞર ડીતવર્શિં.	લેખક : ઉપરમુજબ		૬૫

તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ

૧૦. શબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા	(સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી)	૨૦૦
૧૧. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી	(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી)	૧૫૦
૧૨. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી	(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી)	૨૦૦
૧૩. પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી	(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી)	૧૫૦
૧૪. અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી	(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી)	૨૦૦
૧૫. વલ્લભવેદાન્ત. લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી	(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી)	નિઃશુલ્ક

સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન

૧૬. વાર્તાપરિચર્ચા		૧૫
૧૭. અધિકારપરિચર્ચા		૧૦૦
૧૮. સાધનાપ્રણાલી	(અપ્રાપ્ય)	૫૦
૧૯. પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી	(અપ્રાપ્ય)	૫૦
૨૦. શરણાગતિ વિચારગોષ્ઠી		૫૦
૨૧. શરણાગતિ વિચારગોષ્ઠી (પૂરક પ્રશ્નોત્તરી)	(જુજ પ્રતો)	નિઃશુલ્ક
૨૨. સેવા-સમર્પણ વિચારગોષ્ઠ		૫૦
૨૩. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી		૮૦
૨૪. પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ)		૧૦૦

૨૫. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ	૧૦૦

નિત્યસ્તોત્રપાઠ

૨૬. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) પાકું બાઈંડિંગ	૨૦
૨૭. પુષ્ટિપાઠાવલી (હિન્દી) પાકું બાઈંડિંગ	૨૦
૨૮. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) કાચું બાઈંડિંગ	૨૦
૨૯. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ	૧૦
૩૦. પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી (અનુવાદ સહિત)	૨૦

અધ્યયનોપયોગી ગ્રન્થો

૩૧. શ્રીભાગવતમહાપુરાણ (ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું)	૪૦૦
૩૨. ષોડશગ્રન્થ. (સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦. વિતરણ કરવા ઈચ્છનાર ટ્રસ્ટ કાર્યાલયનો સમ્પર્ક કરે. ૧ પ્રતિ ની પડતર રૂ. ૩૫. પોસ્ટેજ અલગથી)	
૩૩. જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, શ્રીવલ્લભસ્તોત્રો,પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોપર વિવેચન નું ૪૫૦ થી વધુ પાનામાં સંકલન.	૭૦
૩૪. કૃષ્ણાશ્રય, શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ(અપ્રાપ્ય)	૦૭
૩૫. ભગવદ્ગીતા, અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય, વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે.	૫૦
૩૬. પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ (પ્રશ્નોત્તરી)	૨૫
૩૭. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ, લે. ભૂપેન્દ્રભાઈ ભાટીયા	૫૦
૩૮. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ, લે. ઉપર મુજબ(અપ્રાપ્ય)	૫૦
૩૯. ભગવદ્ગીતાનોા ભક્તિયોગ, બારમો અધ્યાય, લેખક :ગો.શ્રીશ્યામમનોહરજી	નિઃશુલ્ક
૪૦. ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય, લેખક : ગો.શ્રીશ્યામમનોહરજી	નિઃશુલ્ક
૪૧. દ્રવ્યશુદ્ધિ. અપરસ-સુતક વગેરે બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.:ગો.શ્રીપુરુષોત્તમજી	નિઃશુલ્ક
૪૨. ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાય નો ટુકમાં અર્થ. લેખકઃ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી	૧૦
૪૩. શ્રીભાગવતાર્થપ્રકરણ.(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવતના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી.	૧૫૦
૪૪. શાસ્ત્રાર્થપ્રકરણ (શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે)	૩૦
૪૫. પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર (શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન)લે:ગો.શ્રીશ્યામમનોહરજી	નિઃશુલ્ક

૪૬. ગૃહસેવા અને વ્રજલીલા, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૪૭. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૪૮. શ્રીકૃષ્ણચરિત્ર (દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ)
અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અપ્રાપ્ય
૪૯. રસદષ્ટિની તરફેણમાં. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૫૦. સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી. ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૫૧. ભક્તિવર્ધિની. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય-નિઃશુલ્ક
૫૨. સેવા : ઋતુ-ઉત્સવ-મનોરથ. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૫૩. હમકું ઈતની સમજ ભલી (અમૃતવચનાવલી)પ્રાચીન અર્વાચીન આધુનિક
આચાર્યોના વચનામૃતો નિઃશુલ્ક
૫૪.पुष्टिविधानम्-२ (व्याकरणम्) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी
रचित २६ग्रन्थोंका पदच्छेद-अन्वय-शब्दपरिचय-वृत्तिपरिचय १००
૫૫.पुष्टिविधानम्-३(व्रजभाषा) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी
रचित २६ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका १५०
૫૬.तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम्, (व्रजभाषाटीका)
श्रीवल्लभाचार्य विरचित, पेपरबेक/हार्डबाउंड ૫૦/૭૦
૫૭.तत्त्वार्थदीपनिबन्धान्तर्गत सर्वनिर्णयप्रकरणम् (व्रजभाषाटीका)
श्रीवल्लभाचार्य विरचित, पेपरबेक/हार्डबाउंड ૮૦/૧૦૦
૫૮.विवेकत्रयम्, प्रपञ्च-जीव-मूलरूप (संस्कृत) ૧૦
૫૯.श्रीपुरुषोत्तमग्रन्थावली - ५ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત
દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ
ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ) ૧૦૦
૬૦.श्रीपुरुषोत्तमग्रन्थावली - ६ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત
ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા) ૨૦૦
૬૧.गृहसेवा और व्रजलीला(व्रजभाषा)व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी नि :शुल्क
૬૨.भगवद्गीताका भक्तियोग. व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी नि :शुल्क
૬૩. सेवा : ऋतु-उत्सव-मनोरथ, विवेचक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क
૬૪. सेवाकौमुदी (नवधाभक्ति), हिन्दी,लेखक : श्रीलालूभट्टजी,
व्याख्याता:गो.श्रीश्याम मनोहरजी अप्राप्य-निःशुल्क
૬૫. ब्रह्मवाद (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

ઈતિહાસ

૬૬. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. :
ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી) નિઃશુલ્ક
૬૭. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. :

ગો. શ્રીશ્યામ મનોહરજી (હિન્દી) નિઃશુલ્ક

૬૮. શ્રીગોપીનાથપ્રભુચરણ; શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ. ૨૫

સન્દર્ભ ગ્રન્થો

૬૯. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા. શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા ૧૦

૭૦. હમકું ઈતની સમજ ભલી. એક વાર વાંચવા જેવું. પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ. નિઃશુલ્ક

૭૧. Summary of Shuddhadvaita Vangmaya. लेखक : गो.शरद् (મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય. ૧૫

ગોશાળા : મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ

જીર્ણોદ્ધાર : શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગીય વાઙ્મય :

શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગના આધારભૂત સંસ્કૃત-વ્રજ-ગુજરાતી વગેરે ભાષામાં લિખિત મૂળ ગદ્ય-પદ્ય ગ્રન્થસાહિત્ય, તેનો અનુવાદ તેમજ તેના પર લિખિત વિવેચન વગેરે (સામ્પ્રદાયિક શબ્દકોશ, સામ્પ્રદાયિક વચનાનુક્રમણિકા, ભગવદ્ગીતાપાદાનુક્રમણિકા વગેરે અધ્યયનોપયોગી) સાહિત્યનો બૃહત્ સંગ્રહ. ડાઉન્લૉડ અને માર્ગદર્શન માટે લિંક્ :

http://www.pushtimarg.net/pushti/pushti-vangmay.html

હાલમાં નીચે મુજબ ગ્રન્થો તેની સંસ્કૃત ટીકાઓ અને અનુવાદ સહિત વાઙ્મયમાં ઉપલબ્ધ છે:
ષોડશગ્રન્થ, શિક્ષાપદ્યાનિ, તત્ત્વાર્થદીપનિબન્ધ, બ્રહ્મસૂત્રાણુભાષ્ય, મધુરાષ્ટકમ્, પરિવૃઢાષ્ટકમ્, પુરુષોત્તમનામસહસ્રમ્, ત્રિવિધનામાવલી, સુબોધિની (સ્કન્ધ ૧-૨), સેવાશ્લોકાઃ, વિદ્વન્મંડનમ્, સૌન્દર્યપદ્યમ્, સાધનદીપિકા, પુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર, ભાગવતપુરાણ (૧ થી ૭, ૧૦ અને ૧૧ સ્કન્ધ નો ગુજરાતી-હિન્દી અનુવાદ), હરિરાયવાઙ્મુક્તાવલી (૫૫ ગ્રન્થો) દ્રવ્યશુદ્ધિ, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા, પ્રસ્થાનરત્નાકર, અવતારવાદાવલી ખંડ ૨-૩, વાદાવલી, ભગવદ્ગીતામૃતતરંગિણી, વલ્લભાષ્ટકમ્, સર્વોત્તમસ્તોત્રમ્

શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ : શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ. અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

http://www.vallabhacharyavidyapeeth.org/

પુષ્ટિસ્વાધ્યાય : અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ત્રણ માધ્યમથી કરવામાં આવે છેઃ ૧. ટેલિફોનિક કોન્ફરન્સ્ ૨. ઈંટર્નેટ્ દ્વારા લાઈવ્ ઑડિયો ૩. ઈંટર્નેટ્ દ્વારા લાઈવ્ વીડીયો કોન્ફરન્સ્. વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક :યોગેન્દ્રભાઈઃ(+91) 9323733796
પિનાકીનભાઈ : (+91)9726444515 નીરજભાઈ(અમેરિકા): +7325424165.
ઈમેલ્ સમ્પર્ક : pushtiswadhyay@gmail.com.

પ્રકાશકીય

દુ:ખ અને સુખ ની પરિભાષા વ્યક્તિશઃ ભિન્ન-ભિન્ન હોઈ શકે છે. પરન્તુ એટલું તો નિશ્ચિત છે જ કે જીવ માત્રની પ્રવૃત્તિ દુઃખાભાવ અને/અથવા સુખપ્રાપ્તિ લક્ષી હોય છે. આથી મુખ્ય પુરુષાર્થ તો આ બે જ છે. આનો જ વિસ્તાર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે.

જીવ સૃષ્ટિ બે પ્રકારની છે : દૈવી અને આસુરી. દૈવી જીવો, ફરીથી, બે પ્રકારના હોય છે : મર્યાદા અને પુષ્ટિ. તેથી, સ્વભાવ અને રુચિ ના ભેદથી, તે-તે સૃષ્ટિના જીવોની ધર્મ, અર્થ, કાર્મ અને મોક્ષ ના વિષયમાં સમજ પણ વિશિષ્ટ હોય છે.

આસુરી જીવો સંસારાસક્ત હોય છે. તેથી તેમના ચારેય પુરુષાર્થો સંસાર સમ્બન્ધી જ હોય છે. મર્યાદાજીવો ભગવાનની વેદમર્યાદામાં નિષ્ઠાશીલ હોય છે. તેથી તેઓ ચારેય પુરુષાર્થોની સિદ્ધિ શાસ્ત્રીયમર્યાદા રહીને ચાહે છે. જ્યારે પુષ્ટિજીવો ભગવન્નિષ્ઠ હોય છે તેથી તેમના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થો ભગવાનની સાથે જોડાયેલા હોય છે. જીવ, માર્ગ, અને ફળ ની આ વ્યવસ્થા ભગવાન દ્વારા તે-તે જીવોના તે-તે માર્ગમાં કરાયેલા વરણ પર અવલમ્બિત હોવાથી જો કોઈ જીવ તેના માટે નિર્ધારિલ માર્ગથી કોઈ જુદા પ્રકારે પોતાના પુરુષાર્થો સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે તો ભગવાન્ તેમાં વિક્ષેપ પણ કરતા હોય છે. તેથી ભગવાન્ આજ્ઞા કરે છે : ''હું જેના ઊપર અનુગ્રહ કરવા ઈચ્છુ છું તેનું ધન હું ધીરે-ધીરે હરિ લઊં છું''. શ્રીમહાપ્રભુ પણ 'નવરત્ન' ગ્રન્થમાં આજ્ઞા કરે છે ''શ્રીહરિ તો લોક અને વેદ માં સ્વાસ્થ્ય નહીં કરે!''.

સૃષ્ટિ પ્રભુની છે, પ્રભુમાટે છે આ સકલ શાસ્ત્રોનો સાર છે. તેથી પ્રભુની ઈચ્છાને શાસ્ત્રો દ્વારા સમજીને પોતાના પુરુષાર્થોની દિશાનું નિર્ધારિણ જીવાત્માએ કરવું જોઈએ.

પ્રસ્તુત ગ્રન્થ સમાદરણીય ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-પાર્લા) દ્વારા જબલપુરમાં આપેલ વ્યાખ્યાનના આધારે તૈયાર કરવામાં આવ્યું છે. આની પ્રથમ આવૃત્તિ હિન્દીમાં પ્રકાશિત થઈ ચુકી છે. તેનું જ ગુજરાતી ભાષામાં ભાષાન્તર શ્રીરમેશભાઈ પંચાસરા (રાજકોટ) એ કર્યું છે.

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ આ ગ્રન્થરત્નનું પ્રકાશન કરતાં ધન્યતા અનુભવે છે. ટાઈપસેટિંગ તથા પ્રકાશન નો કાર્યભાર પીયૂષ ગોંધીયા તથા શ્રીપ્રવીણભાઈ ડઢાણીયા એ સહર્ષ ઉપાડ્યો છે.

શ્રીવલ્લભાબ્દ ૫૩૭ વિં.સં. ૨૦૭૧ **શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ દ્વારા**
પવિત્રોત્સવ **શરદ્ ગોસ્વામી**

શ્રીકૃષ્ણાય નમઃ
શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ

અસ્મદીયં કિંચિત્

ધર્માર્થકામમોક્ષરૂપ પુરુષાર્થોની સમાયોજનની બાબતમાં આર્ષદ્રષ્ટિથી કોઈ વિદ્વાન વક્તા કે લેખકનો કોઈ ગ્રંથ પ્રકટ થયો છે કે નહીં આ બાબતની જાણકારી મને પ્રાપ્ત થઈ નથી.

તેથી આ ગ્રંથમાં જે કાંઈ મારૂં ચિંતન પ્રકટ થયું છે તેના યુક્ત કે અયુક્ત હોવાની બાબતમાં કોઈપણ પ્રકારે કાંઈપણ કહેવું મારા માટે અઘરૂં છે. ફક્ત એટલું કહી શકું છું કે જેટલું મેં અધ્યયન કર્યું, જે રીતે સમજ્યો; તેમ જ અનુભવના આધારે જે મને યુક્ત લાગે છે તેને પ્રકટ કરવાનું એકમાત્ર પ્રયોજન છે, જેથી આના ઉપર યુક્ત-અયુક્તનો કાંઈક વિમર્શ થઈ શકે. આ દિશામાં બુદ્ધિમાનોની સમક્ષ મારા વિચારો પ્રસ્તુત કરી રહ્યો છું. તેથી જે કાંઈપણ મેં વિચાર્યું કે સમજ્યો તે જ આખરી સત્ય કે યથાર્થ છે એવો બૌદ્ધિક દુરાગ્રહ તો મને પોતાને જે કાંઈ ઈચ્છિત છે તેનું ખંડન કરવા જેવું થશે.

ધર્મ અર્થ કામ તથા મોક્ષના સમાયોજનની મીમાંસાની પહેલાં આ જાણી લેવું જરૂરી છે કે આ પદોના વાચ્ય (શબ્દનો અભિધાવૃત્તિ-શક્તિથી નીકળતો અર્થ) ક્યા અર્થોમાં સ્વીકારીને પ્રસ્તુત મીમાંસા પ્રવૃત્ત થઈ છે.

ભારતીય તેમજ પશ્ચિમી બંને તર્કશાસ્ત્રોમાં પ્રત્યેક શબ્દના બે મૌલિક વાચ્યાર્થ સ્વીકારવામાં આવ્યા છે. આપણે ત્યાં એનો પ્રભેદ અભિધેયાર્થ અને પદપ્રવૃત્તિનિમિતાર્થના રૂપમાં પ્રતિપાદિત થયા છે. જ્યારે પશ્ચિમી તર્કશાસ્ત્રમાં આ જ પ્રભેદ ડિનોટેશન્ અને કોનોટેશન્ (લાક્ષણિક અને ધ્વનિત) કહીને સ્વીકારવામાં આવ્યા છે. કોઈ શબ્દના પ્રયોગ દ્વારા ‘‘શબ્દનો અર્થ આ છે’’ એમ નિદર્શિત કરવામાં આવતું હોય તો તેને અભિધેયાર્થ અથવા ડિનોટેશન્ સમજવું જોઈએ. જ્યારે ‘‘શબ્દનો અર્થ આવો થાય છે’’ એમ કહીને અર્થ નિદર્શન કરવામાં આવતો હોય તો

પદપ્રવૃત્તિ નિમિત્તાર્થ અથવા કોનોટેશન્ સમજવું જોઈએ. પહેલામાં વાચ્યાર્થ વિષય બને છે જ્યારે કે બીજામાં વાચ્યાર્થ તે વિષયની પ્રકારતા. આ પ્રકારતા પણ પાછી તર્કશાસ્ત્રીયરીત મુજબ અથવા શબ્દશાસ્ત્રીયરીત મુજબ અલગ-અલગ થઈ શકે છે.

પ્રસ્તુત 'ધર્માર્થકામમોક્ષ' પદોનો પ્રયોગ અભિધેયાર્થોની ઈચ્છાવશ નહીં પરંતુ પદપ્રવૃત્તિનિમિત્તાર્થોની ઈચ્છા-હેતુ રાખીને કરવામાં આવેલા છે. એટલા માટે આને પદપ્રવૃત્તિનિમિત્તાર્થ તર્કશાસ્ત્રાનુસારી લેવાને બદલે શબ્દશાસ્ત્રાનુસારી લેવું અભિપ્રેત છે.

તે મુજબ ધર્મની બાબતમાં જે આપણે આર્ષ (વેદ સંબંધી) ધર્માનુગામિઓની ધારણા અનુસાર વેદાદિશાસ્ત્રોદ્વારા વિહિત (નિયત) કર્તવ્ય હોય છે તે 'ધર્મ' પદનો અભિધેયાર્થ અથવા ડિનોટેશન્ થાય છે. અને આ અર્થમાં (અભિધેયાર્થમાં) બૌદ્ધ, જૈન, પારસી, યહુદી, ઈસાઈ, મુસલમાન વગેરેને જે ધર્મતયા સ્વીકાર્ય હોય તેનો આપણે સ્વીકાર કરવો અશક્ય થઈ જશે. માત્ર એટલું જ નહીં પરંતુ, આર્ષ ધર્માનુગામિઓના પણ શરીર વગેરેના સ્વભાવવશ અથવા દેશકાલ કે બાહ્યજનોના પ્રભાવવશ ક્રિયાઓને પણ ધર્મ તયા માન્ય રાખવા શકય નહીં થઈ શકે. જ્યારે કે આહાર નિદ્રા જાગરણ ભય પલાયન શ્રમ વિશ્રામ વગેરે દેહધર્મ નથી એમ કહી શકવું તો શકય નથી. તેથી ‘‘ધારણાદ્ ધર્મ ઈત્યાહુઃ ધર્મો ધારયતે પ્રજા'' વચન પ્રમાણે ‘‘ધૃઞ્ ધારણે'' ધાતુપાઠના અનુરોધવશ દેહધારણોપયોગી ક્રિયા પ્રભાવાનુકૂલ-પ્રતિકૂલ ક્રિયા, નિજજ્ઞાન-ઈચ્છાપ્રયત્નજન્ય, પરસ્પરાવલંબિત કર્મરૂપ વ્યવહાર, સ્વપર-વ્યક્તિ-સમુદાયાહિતકરણથી નિવૃત્તિ, વિગેરે અનેક રૂપ ધર્મોના દર્શાવી શકાય છે. એનો વેદાદિ શાસ્ત્રોથી વિહિત કે નિષિદ્ધ હોવાનો જેમ કોઈ પ્રસંગ નથી, તેમ વેદાદિ શાસ્ત્રોથી અલગ-બીજાશાસ્ત્રોના વિધિ-નિષેધ આપણા માટે અપ્રસક્ત હોય છે. તે 'ધર્મ' પદના પ્રવૃત્તિનિમિતાર્થ એટલે કે કોનોટેશન્‌ને લક્ષ્યમાં રાખીને તે સમુદાયોના હેતુને ધર્મ કે અધર્મના રૂપમાં વિચારી ન શકાય?

આ જ રીતે 'અર્થ' પદના પ્રવૃત્તિનિમિત્તાર્થનો વિચાર કરવાથી ''અર્થ યાચને'' ધાતુપાઠથી આપણને મળે છે. અહીં યાચના ધર્મ કરનાર પુરુષની નહીં પરંતુ ધર્મનું અનુષ્ઠાન સમ્પન્ન કરવા માટે આવશ્યક કે અપેક્ષિત અથવા બીજી પણ આપણી કોઈ કામનાની પૂર્તિને માટે અપેક્ષિત વસ્તુનો પરામર્શ (ચિંતન-વિચાર) અભિપ્રેત છે. તેવો અર્થ આપણા સ્વભાવ કે આપણા ઉપર પડેલા બાહ્યપ્રભાવ કે આપણા જ્ઞાન ઈચ્છા પ્રયત્નને ક્રિયાન્વિત કરવા માટે અપેક્ષિત કોઈ પણ વસ્તુનો પરામર્શી થઈ શકે છે. દાખલા તરીકે શયનરૂપ દેહધર્માર્થિ કાંઈક પથારી-ચાદર વગેરે અર્થરૂપ હોય છે. યુદ્ધ માટે અસ્ત્ર-શસ્ત્ર વિગેરે, રહેવા માટે ઘર વિગેરે. આ અર્થોની પણ સ્વભાવ પ્રભાવ કર્મ વ્યવહાર નીતિ ધર્મ વિગેરેના સંદર્ભોનાં અનુસાર વિવિધતા પ્રકટ થાય છે.

કોઈ પણ કર્મ વ્યવહાર નીતિ કે ધર્મ આપણે સકામ કે નિષ્કામ કરી શકીએ છીએ. પરંતુ કર્તાના પ્રાણી (પ્રાણ ધારણ કરનાર) હોવાના કારણે કોઈપણ પ્રકારથી સંપૂર્ણપણે નિષ્કામ હોવું-થવું અસંભવ કથા જ છે. કેમ કે **''સંકલ્પ-પ્રભવાન્ કામાન્ ત્યક્ત્વા સર્વાન્ અશેષતઃ''** (ભગ.ગીતા. ૬।૨૪) જેવા ગીતોપદેશ સાંભળીને જે આપણા ઉપર પ્રભાવ પડે છે તેને કારણે વિશેષ કર્મ વ્યવહાર નીતિ કે ધર્મને નિષ્કામરૂપે સંપન્ન કરવાનો સંકલ્પજન્ય કામ પ્રકટ ન થતો હોય તો કાંઈ કરવું કે ન કરવું શક્ય નથી રહી જતું. જે સંકલ્પરહિત ક્રિયાઓ શરીરના અભાવ કે એના ઉપર પડેલા પ્રભાવને કારણે સ્વતઃ પ્રકટ થઈ જાય છે એની તો કથા જ વિલક્ષણ હોય છે. તેથી સંકલ્પપ્રભવ કામરૂપ અભિધેયાર્થની વિવક્ષાથી નહીં પરંતુ સંકલ્પિત બધા પ્રકારના કામ જે ''કમુ કાન્તૌ'' ધાતુપાઠમાં ઈચ્છા કે અભિલાષાના અર્થમાં બતાવવામાં આવી છે, એ પદપ્રવૃત્તિનિમિત્તાર્થ કે કોનોટેશન્‌ના અભિપ્રાયવશ 'કામ' પદનો પ્રયોગ સમજવો જોઈએ. અને એવો કામ આપણા સ્વભાવ પ્રભાવ કર્મ નીતિ વિગેરે પ્રકારોમાં કોઈને કોઈ રૂપમાં પ્રકટ થાય જ છે.

આ જ રીતે 'મોક્ષ' પદ પણ તેના અનેકાનેક અભિધેયાર્થ-

બ્રહ્મસાયુજ્ય, દેવસાલોક્યાદિ, નિર્વાણ, કૈવલ્ય, હેવન્ કે જન્નત કે જીવન્મુક્તિ વિગેરે-રૂપોમાં લેવાના બદલે 'મુચ્લૃ મોક્ષણે' ધાતુપાઠમાં બતાવેલા શબ્દશાસ્ત્રીય પ્રવૃત્તિનિમિત્તાર્થ કોઈ પણ પ્રકારની બંધન લાગતી વાતોથી છૂટકારો મેળવવાના અભિપ્રાયવશ ગ્રહણ કરવો જોઈએ; તેથી જ ભક્તને મુક્તિ બંધનરૂપ લાગતી હોવાને કારણે ભગવાન્ જ્યારે મુક્ત કરવાના બદલે ભક્તિપ્રદાન કરે છે, ત્યારે તે (ભક્તિ) તેને (ભક્તને) મુક્તિ જેવી લાગે છે. જ્ઞાનમાર્ગીયને ધર્માર્થકામ બંધનરૂપ લાગતા હોવાથી તેનાથી છૂટકારો મુક્તિ લાગે છે. ધર્મનિરપેક્ષતાવાદિઓને બહુસંખ્યક ધાર્મિકોની આસ્થા બંધનરૂપ લાગતી હોવાથી તેનાથી છૂટકારો મોક્ષ લાગે છે. તેથી જ મોક્ષ પણ આપણા સ્વભાવ પ્રભાવ કર્મ વ્યવહાર નીતિ ધર્મ વિગેરેના ક્રિયાકલાપોનો સહચારી થઈ શકે છે.

મૂલમાં આ વ્યાખ્યાન મારા સુહૃદ શ્રીરૂપચંદ ખંડેલવાલ 'ભૂપ' ની સ્મૃતિમાં જબલપુરમાં આયોજીત કાર્યક્રમમાં ચાર દિવસના મારા પ્રવચન છે. સમયસંકોચને કારણે કેટલીક વાતો જે પ્રારૂપતયા વિચારી હતી પરંતુ કહી ન શકયો. તેને મારા પ્રવચનને લિપિબદ્ધ કરનાર પ્રિય શ્રીશરદ્ શર્મા, એને સંપાદિત કરનારા પ્રિય શ્રીપરેશ શાહ તથા શ્રીમતી મનીષા પરેશ શાહના અથાક ઉમંગને કારણે જે લેખબદ્ધ સ્વરૂપ મને વાંચવા આપવામાં આવ્યું, તેમાં પૂરક અંશ લખીને આ ગ્રંથમાં મેં જોડી દીધા. આના આમુખ લખી આપવા માટે વિદ્વાન ચિંતક શ્રીઅંબિકાદત્ત શર્માજીને અનુરોધ કરવાથી એમણે પણ મારો અનુરોધ સ્વિકાર્યો!

એતદર્થ વ્યાખ્યાન કાર્યક્રમના આયોજક શ્રીરૂપચંદજીના પરિવાર, લિપિબદ્ધકાર શ્રીશરદ્ શર્મા તથા સંપાદનાર્થ પરિશ્રમ લેનારા શાહ દંપતી અને શ્રીઅંબિકાદત્તજી વગેરે સર્વના પ્રત્યે મારી હાર્દિક કૃતજ્ઞતા પ્રકટ કરું છું.

અધિક ભાદ્રપક્ષ શુક્લ દ્વિતીયા **ગોસ્વામી શ્યામમનોહર**
વિ.સં.૨૦૬૮, મુંબઈ

પુરોવાક્

પુરુષાર્થસંતુલનવાદ

‘‘પુરુષાર્થવ્યવસ્થા – ધર્મ અર્થ કામ મોક્ષ અને ભક્તિ’’ વિષય ઉપર આપવામાં આવેલ આ પ્રવચન અને લિપિબદ્ધ તેનું આ પુસ્તકીય પ્રારૂપ પૂજ્ય બાબાજીના ‘સૂકતાભ્યાસ-વિવર્ધિતવ્યસન’ અને ‘પ્રતિપ્રશ્નેન સેવયા’ રૂપ અહર્નિશ શાસ્ત્રાવગાહનનું ફલ છે. પૂજ્ય બાબાજીની સારસ્વત-સાધના ‘નાનાશાસ્ત્રપ્રક્ષાલિતમતિવૈભવ’ થી આપૂરિત છે અને એમની પ્રવચનશૈલી કથા-વાર્તાનો આધાર લઈને નથી ચાલતી, પરંતુ તત્ત્વશોધન કરનારી હોય છે. આધુનિક જ્ઞાન-વિજ્ઞાન અદ્યતન અનુસંધાનો તેમજ અન્તર્દેશીય શાસ્ત્રપરંપરાઓથી સમ્પુટિત એમના પ્રવચનોમાં આર્ષ પ્રજ્ઞા નો ગહન તાત્પર્યાવબોધ લોક-સુલભ-રોચકતા અને હૃદયગ્રાહી સહજતાની સાથે પ્રકટ થાય છે. શ્રુતિ સ્મૃતિ પુરાણ ઈતિહાસ દર્શન અને સાહિત્યના અતિવિશાળ વાંઙ્મયનું આજીવન મંથન કરીને પૂજ્ય બાબાજીએ આ પ્રવચનના માધ્યમથી ‘પુરુષાર્થસમન્વય’ રૂપ મણિને સર્વજનસુલભ અને હસ્તામલકવત્રૂપમાં (સ્પષ્ટ સમજાય તેવા રૂપમાં) પ્રસ્તુત કર્યો છે.

ચાર વેદ, ચાર યુગ, ચાર વર્ણ, ચાર આશ્રમ, ચાર પુરુષાર્થ, ચાર ધામ, ચાર ઋતુ, ચાર દિશાઓ તથા ચાર પહોરની ચતુષ્પાદીય વ્યવસ્થા આર્ષ પ્રજ્ઞાના વિવેકમૂલક સ્વાતન્ત્ર્યથી ઉપજેલી એક સમગ્રતાવાદી ઋતાનુગામી જીવનદ્રષ્ટિ છે જે મહજ માનવકેન્દ્રિત (એન્થ્રોપોસેન્ટ્રિક્) નથી, પરંતુ વિશ્વતોમુખ વ્યવસ્થા છે. આમાં વર્ણાશ્રમી પુરુષાર્થવ્યવસ્થા પોતાના મુલગામી સ્વરૂપમાં આસ્થાપરક ધાર્મિક અવધારણા નથી, પરંતુ ઔચિત્યપરક સાંસ્કૃતિક અવધારણા છે. એટલા માટે વર્ણાશ્રમી પુરુષાર્થવ્યવસ્થાથી બહાર રહેલો વ્યક્તિ આર્ષ દષ્ટિથી વ્રાત્ય નાગર અને મ્લેક્ષ્ય (મ્લેચ્છ) ‘સાંસ્કૃતિક પર’ તો હોઈ શકે છે પરંતુ તે કોઈ અભિશપ્ત **‘ધાર્મિક-પર’** અથવા પાપપુત્ર ન હોઈને **‘અમૃતપુત્ર’** જ હોય છે. આ પ્રકારની ઔચિત્યદષ્ટિ અન્યધાર્મિક સંસ્કૃતિઓની મૂલ્યચેતનામાં નથી

જોવામાં આવતી. તેથી પુરુષાર્થવ્યવસ્થા કોઈ આસ્થાપર અનુલંઘ્ય આદેશ નહીં, પરંતુ વાસ્તવિક અર્થોમાં એક મૂલદષ્ટિ છે જે લોકસિદ્ધિ અને પરમાર્થસિદ્ધિને સમન્વિત કરનારો માનવધર્મ છે! એવો માનવધર્મ જે પહેલા પોતાને સંસ્કારિત કરે છે અને પછી પ્રકૃતિને સંસ્કારિત કરીને તેને પૂરા યોગ-ક્ષેમની સાથે ગ્રહણ કરે છે. આ સંસ્કારની પરાકાષ્ઠા તો આર્ષપ્રજ્ઞામાં ત્યારે દેખાય છે જ્યારે પ્રકૃતિની શુદ્ધિની સાથે-સાથે આત્માની શુદ્ધિ, અન્તરાત્માની શુદ્ધિ અને ત્યાં સુધી કે પરમાત્માની શુદ્ધિ એટલે કે સંસ્કારનો અધિકાર મનુષ્યને પ્રાપ્ત થાય છે. **''આત્મા મે શુદ્ધયન્તાં જ્યોતિરહં વિરજા, અન્તરાત્મા મે શુદ્ધયન્તાં જ્યોતિરહં વિરજા, પરમાત્મા મે શુદ્ધયન્તાં જ્યોતિરહં વિરજા, વિપાપ્મા ભૂયાસમ્''** (મહાનારા.અનુવાક્-૬૬)

પુરુષાર્થવ્યવસ્થાના વિષયમાં પૂજ્ય બાબાજીની અન્તર્નિહિત વિવક્ષા પણ તેના મૂલ્યદષ્ટિ હોવામાં જ છે. મનુષ્યની ચેતના જૈવ સ્તરની દૈહિક-ઐન્દ્રિક વાસનાથી ઉપર ઉઠેલી આત્મચેતન ચેતના હોય છે. માનવી સ્તરથી અવરસ્તરોની ચેતના અને દેહધારી પ્રાણીઓમાં જૈવ-વાસનામૂલક કેટલું પણ સામ્ય ન હોય, તે બધી પ્રકૃતિસ્થ અવસ્થાઓ જ હોય છે. તે બધી અવસ્થાઓને આત્મચેતન ચેતનાથી અભિહિત નથી કરી શકાતી. ચેતનાના વિકાસ અથવા ઈતિહાસમાં માનવી સ્તર ઉપર જ ચેતના પહેલીવાર આત્મચેતન થાય છે અને તે જીવન તથા જગત્‌માં 'અર્થ' જુએ છે. જાણે આત્મચેતન ચેતનામાં જ જીવન અને જગત્ પ્રત્યે 'અર્થ'નું ઉન્મીલન (પ્રકટ થવું) અથવા પુરુષાર્થનો ઉન્મેષ (પ્રકાશ, ખીલવું) થાય છે. આવું એટલા માટે કે આત્મચેતન ચેતના જ પોતાના સ્વરૂપની ખોજ અને ગંતવ્યની જિજ્ઞાસામાં આ પ્રશ્ન ઉત્થાપિત કરે છે (જગાવે છે) કે હું કોણ છું, ક્યાંથી આવ્યો છું અને મારું ગંતવ્ય શું છે? (જવાનું ક્યાં છે?) **''કો અદ્ધા વેદ ક ઈહ પ્રવોચત્ કુત આ જાતા કુત ઈયં વિસૃષ્ટિઃ?''** (ઋગ.સં.૧૦।૧૨૯।૬)

એટલા જ માટે પુરુષાર્થ-સમન્વયને લક્ષ્યમાં રાખીને આપવામાં આવેલા આ વ્યાખ્યાનનો પ્રારંભ જ પૂજ્ય બાબાજી ''હું''ની ઓળખાણ

એટલે કે હું કોણ છું ના પ્રશ્નથી કરે છે. 'હું કોણ છું' સંબંધમાં વૈદિકદષ્ટિનું પર્યવસાન (સમાપ્તિ) આત્મૌપમ્યતામાં થાય છે જે 'હું' ના દેહ ઈન્દ્રિય મન બુદ્ધિ અને અહંકાર ઈત્યાદિ હોવાનું નિરાકરણ કરતાં કરતાં અગ્રસારિત થાય છે, પરંતુ પૂજ્ય બાબાજીએ 'હું કોણ છું' ની વૈદિક દષ્ટિના પૂર્વપક્ષમાં એતદ્ વિષયક પશ્ચિમી દર્શન ધર્મ વિજ્ઞાન સમાજશાસ્ત્ર અને નૃતત્વશાસ્ત્ર ઈત્યાદિ દષ્ટિકોણોને રાખ્યા છે અને એની સમીક્ષા કરીને વૈદિકદષ્ટિને વિશ્વઈતિહાસના પરિપેક્ષ્યમાં પ્રતિષ્ઠાપિત કર્યા છે. આ અન્વીક્ષા (બારીકાઈપૂર્ણ સમીક્ષા) પ્રવચનમાં ભાગ લેનાર શ્રોતાઓ માટે ચોક્કસ જ દુર્બોધ રહી હશે. પરંતુ દાર્શનિક દષ્ટિથી આને આખા પ્રવચનનો સર્વાધિક મહત્ત્વપૂર્ણ પાદ કહી શકાય છે. જો કે પૂજ્ય બાબાજીએ વિષય-વસ્તુની ગંભીરતાને સરળ તેમજ રોચક રૂપે રજુઆત કરવામાં લેશમાત્ર પણ કચાશ નથી રાખી; પશ્ચિમી વૈજ્ઞાનિક ચિંતન, માનવિકી અને સમાજવિજ્ઞાનની અન્યાન્ય શાખાઓમાં મનુષ્યના 'હું' ની ઓળખાણ એટલે કે તેની પરિભાષાને ચાહે સામાજિક પ્રાણી, રાજનીતિક પ્રાણી, ઉત્પાદક પ્રાણી, પ્રતિક નિર્માયિક પ્રાણી અને ટેકનીકિ કૌશલયુક્ત પ્રાણી જેવા તટસ્થ લક્ષણોથી કેમ લક્ષિત ન કરવામાં આવ્યા હોય પરંતુ તેના સ્વરૂપલક્ષણને 'બૌદ્ધિકતા' ના રૂપમાં જ માન્ય કરવામાં આવ્યા છે. બાકી બધા જ બૌદ્ધિકતાના જ ઉપલક્ષણ માત્ર છે. પૂજ્ય બાબાજીએ ગહન સૂઝ-બૂઝ અને તીક્ષ્ણ દષ્ટિથી સમીક્ષા કરીને તથા આપની સમીક્ષાને ઘણી બધી વૈજ્ઞાનિક નિષ્પત્તિઓ તથા પ્રયોગોથી પ્રમાણિત કરીને એ બતાવ્યું છે કે મનુષ્યના વ્યાવર્તક (છૂપાયેલા) લક્ષણને શોધવાના પ્રયાસમાં પશ્ચિમી દષ્ટિ અન્તતઃ 'પશુતા' માં જ ગતાર્થ બની જાય છે. જ્યારે કે વ્યાવર્તકતાની ખોજમાં તેણે 'પશુતા' ને જ સંદર્ભ બનાવ્યો હતો. વસ્તુતઃ બાબાજી પશુતા અને બૌદ્ધિકતામાં એક તારતમ્ય (ઉંચ-નિચપણું) જૂએ છે, અને બંને વચ્ચેનું અંતર માત્ર અનુપાતનું જ રહી જાય છે. અંતમાં ચકિત કરનારી મૌલિકતાની સાથે પૂજ્ય બાબાજી મનુષ્યના 'હું' ની ઓળખાણ, તેની પરિભાષા પુરુષાર્થસેવી એટલે કે 'ધર્મ-અર્થ-કામ-મોક્ષ-સેવીના રૂપમાં કરે છે. જોવા જેવું છે કે ભારતીય પરંપરામાં પહેલા પણ **"ધર્મો હિ તેષામ્ અધિકો વિશેષઃ"** કહેવામાં આવેલું

છે. પરંતુ તેમાં 'મોક્ષ' નો સમાવેશ નથી થયો. પરંતુ પૂજ્ય બાબાજીએ મનુષ્યની પરિભાષામાં 'ધર્મ' અને 'મોક્ષ' બંનેને સમાવિષ્ટ કરીને મનુષ્યની વિશિષ્ટતાને લોકસિદ્ધિ અને લોકાતિક્રમણ-પૂર્વક સ્વરૂપસિદ્ધિ નામની બંને જ દષ્ટિઓથી જોઈ છે. ચોક્કસ જ આ અપેક્ષાકૃત વ્યાપકદષ્ટિ છે જે માનવી સ્થિતિની મૂલચેતનામાં લોકપરકતા અને લોકાતિક્રમણ બંનેને સમાહિત કરે છે. મનુષ્યથી અવરસ્તરના પ્રાણિઓમાં આ બંને પ્રવૃત્તિઓનો અત્યન્તાભાવ છે. એટલા માટે લોકસિદ્ધિપરક મૂલ્યાત્મક અભિનિવેશ અને પછી લોકાતિક્રમણમાં પરાત્પર મૂલ્યાભિનિવેશ જ મનુષ્ય ઈતરવ્યાવર્તક સ્થિતિ છે.

એટલા માટે આર્ષ જીવનદષ્ટિ માટે ધર્મ અને મોક્ષ તેના મૌલિક પ્રતિક, તેની આત્મપ્રતિમા જેવા છે. આખાય આર્ષ વાંગ્મયમાં ક્યાંય પણ આને બાકાત રાખવામાં આવ્યા નથી. સંપૂર્ણ જિજીવિષા જ આનાથી અનુપ્રાણિત પ્રતીત થાય છે. આ બંને પ્રત્યયોએ ભારતીય ધર્મ નીતિ કાવ્યો કલાઓ દર્શન અને પ્રાચિનકથાઓ તથા વૈયક્તિક તેમજ સામાજીક જીવનના વિધિનિષેધરૂપ આચારસંહિતાઓને કેવી રીતે પ્રભાવિત કર્યા છે. તે ખુલ્લી આંખથી જોવાની ચીજ છે. આ ધર્મ અને મોક્ષ આર્ષજીવનદષ્ટિના બે એવા મૂળભૂત તત્ત્વ છે જેને આર્ષજીવનદષ્ટિનો 'નિયોગ' કહી શકાય છે. અહીં 'નિયોગ'નું તાત્પર્ય એવા તત્ત્વથી છે જે આપણા પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ સમસ્ત ઐચ્છિક કર્મોનું નીતિનિર્દેશક તત્ત્વ હોય. આમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી કે વૈદિક જીવનદષ્ટિના ઈતિહાસની 'ટેલિયોલોજી' (ઘટના પાછળ હેતુ હોય છે તેવો સિદ્ધાંત, હેતુવાદ) નિરપવાદરૂપથી આ જ બે તત્ત્વોથી નિર્દેશિત થતી રહી છે. ધર્મચેતનાથી શરૂઆત થઈને વચ્ચે ધર્માનુસારી અર્થ અને કામથી 'લોકશુદ્ધયન્તામ્' કરીને મોક્ષની તરફ પગલે-પગલે નિસર્ગ પ્રાપ્ત કરવો એ જ આપણી ટેલીયોલોજી છે. મહાભારતકારે **"ધર્માર્થકામમોક્ષાણામ્ ઈતિહાસસમન્વિતમ્....''** કહીને આ જ ટેલીયોલોજીને સંકેતિત કરી છે.

'ધર્માર્થકામમોક્ષાણામ્' ને જ્યારે આપણે 'પુરુષાર્થ' પદથી અભિહિત કરીએ છીએ તો અહીં 'પુરુષાર્થ' પદનો અર્થ 'પુરુષની

અભ્યર્થના' થી છે. ફરી પાછું અહીં 'પુરુષ' નો મતલબ શરીરથી નહીં પરંતુ આત્મા છે. અર્થના આત્મચેતન પુરુષાત્માની હોય છે જે શરીરરૂપી પુર (નગર)માં નિવાસ કરે છે. **"નવદ્વારે પુરે દેહી"** આ પુરમાં નિવાસ કરનાર આત્મચેતન દેહીની સમસ્ત અભ્યર્થનાઓને પુરુષાર્થચતુષ્ટયમાં સમીકૃત કરવામાં આવેલી છે. તેમાં ધર્મ અર્થ અને કામ લોકસિદ્ધિપરક છે. જ્યાં સંપૂર્ણ જીવન યજ્ઞ બની જાય છે. એટલા માટે ઋણત્રય અને પંચમહાયજ્ઞ તેના આનુષંગી કહેવામાં આવ્યા છે. મોક્ષ લોકાતિક્રામિ છે. જ્યાં સમસ્ત અભ્યર્થનાઓ યોગપૂર્વક સ્વરૂપસિદ્ધિમાં વિશ્રાંત થાય છે. પુરુષાર્થોની સંખ્યાની બાબતમાં પરંપરામાં કેટલાક વિવાદ પણ જોવામાં આવે છે. ક્યાંક-ક્યાંક તેને ત્રિવર્ગમાં જ સીમિત કરવામાં આવ્યા છે અને ક્યાંક ચતુષ્ટયમાં આની સંપૂર્ણતા જોવામાં આવી છે. આ વિવાદનું મૂળ ઈતિહાસના ગર્ભમાં ચાહે જે પણ રહ્યું હોય પરંતુ પૂજ્ય બાબાજીએ પ્રવૃત્તિ-નિવૃત્તિ તથા ત્રૈગુણ્યવાદની દૃષ્ટિથી પુરુષાર્થચતુષ્ટયીને જ સમ્યક્ અવધારણાના રૂપમાં સ્વીકાર કર્યો છે, અને ત્રિવર્ગને પુરુષાર્થચતુષ્ટયીના વિરોધી ન માનીને પ્રવૃત્તિ અને નિવૃત્તિની દૃષ્ટિથી બંનેને સમન્વિત પણ કર્યા છે. ત્રૈગુણ્યવાદની દૃષ્ટિથી પણ ધર્મ સત્ત્વપ્રધાન, અર્થ રજોગુણી અને કામ તમોગુણી પુરુષાર્થ છે તથા મોક્ષ ત્રિગુણાતીત **"નવદ્વારે પુરે દેહી"** ની સ્વરૂપાવસ્થાનો દ્યોતક પુરુષાર્થ છે. "નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુનઃ" (ભ.ગી.૨।૪૫) વાસ્તવમાં જોઈએ તો પુરુષાર્થસિદ્ધાન્તની પાછળ કર્મવાદ સંસારવાદ અને જ્ઞાનમોક્ષવાદ જેવી તાત્ત્વિક પૂર્વમાન્યતાઓના પરિપ્રેક્ષ્યમાં (સર્વાંગી નિરીક્ષણમાં) જ પુરુષાર્થવ્યવસ્થાની વિભિન્ન વ્યાખ્યાઓ કરવામાં આવેલ છે. પરંતુ અંતે તો પુરુષાર્થચતુષ્ટયની અવધારણા જ ભારતીય સંસ્કૃતિમાં સર્વસ્વીકૃત અવધારણા છે. આમાં જ પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંનેનો સમન્વય થાય છે.

હવે જો પુરુષાર્થ માનવીય અભ્યાર્થનાઓનો દ્યોતક છે તો આ પ્રવૃત્તિમૂલક અને નિવૃત્તિમૂલક બંને હોઈ શકે છે. પ્રવૃત્તિમૂલક અભ્યર્થનાઓમાં અર્થ અને કામ પોતાના ઘોર રૂપમાં પાશવિક પણ બની શકે છે પરંતુ ધર્મ એનું એવું નિયામક તત્ત્વ છે જે તેને માનવોચિત્ત બનાવે

છે. અર્થ અને કામની બુભુક્ષા (ભૂખ ભોગવવાની ઈચ્છા) પશુ-પક્ષિઓમાં પણ હોય છે અને એમનામાં પણ આ હિંસક રૂપ ધારણ કરે છે. પરંતુ મનુષ્યમાં કામ અને અર્થ મૂલ્યથી મર્યાદિત ન રહે તો તેનું રૂપ અતિશય બીભત્સ અને સંરચનાત્મક હિંસાનું રૂપ ધારણ કરી શકે છે. તેથી ભારતીય સંસ્કૃતિમાં અર્થ અને કામને મર્યાદિત રાખવા માટે જ ધર્મ-નીતિ પરક સંપૂર્ણ વ્યવસ્થાઓનું નિર્માણ કરવામાં આવેલું છે. આ ત્રિવર્ગો સિવાય મોક્ષ નિવૃત્તિપરક પુરુષાર્થ છે. જો કે આ પરાત્પર કોટિનો પુરુષાર્થ છે. એટલા જ માટે ત્રિવર્ગને પ્રેયકોટિ અને મોક્ષને કેવળ શ્રેયકોટિમાં રાખવામાં આવ્યો છે, પરંતુ આની સ્વીકૃતિ પણ ત્રિવર્ગના આત્યન્તિક નિષેધ રૂપમાં શ્રેય નથી. ભારતીય પરંપરામાં કોઈક એવી પણ જીવનદષ્ટિઓ રહી છે જે ઘોર નિવૃત્તિવાદનું જ સમર્થન કરે છે. પરંતુ ભારતીય સંસ્કૃતિનું સર્વશ્રેષ્ઠ સ્વરૂપ પ્રવૃત્તિ અને નિવૃત્તિના સમન્વયમાં જ ખીલીને સામે આવે છે. એટલા માટે પુરુષાર્થવ્યવસ્થા વર્ણાશ્રમધર્મથી સંયુક્ત થઈને એક ઉદાત્ત અને સમન્વયકારી જીવનદષ્ટિનું રૂપ ધારણ કરે છે.

પૂજ્ય બાબાજીએ આ પ્રવચનના માધ્યમથી આ જ વાતને ઉજાગર કરી છે કે મનુષ્યની પ્રવૃત્તિમૂલક અભ્યર્થનાઓ અને સાથે સાથે જ નિવૃત્તિમૂલક આકાંક્ષાઓને પુરુષાર્થવ્યવસ્થાની ચતુષ્ટયી ક્યા પ્રકારે સંતુલિત કરી શકાય છે. એ જ રીતે પૂજ્ય બાબાજીએ ભારતીય જીવનદષ્ટિના નિચોડને એક પ્રકારથી ‘પુરુષાર્થસંતુલનવાદ’ ના રૂપમાં પ્રસ્તુત કર્યો છે. શાસ્ત્રપુરાણોમાં પુરુષાર્થોના સ્વરૂપની ચર્ચા બહુતાયદ રૂપમાં કરવામાં આવી છે, પરંતુ અલગ-અલગ પુરુષાર્થોના સ્વરૂપનિર્ધારણમાં તેના સમન્વિત સ્વરૂપ એટલે કે ‘પુરુષાર્થસંતુલનવાદ’ ના સૂત્ર અહીં-તહીં વિખરાયેલા જ નહીં, પરંતુ છૂપાયેલા જેવા રહ્યા છે. આ પૂજ્ય બાબાજીની ‘નાનાશાસ્ત્રપ્રક્ષાલિતમતિ’નો વૈભવ જ છે કે આપે આ સૂત્રોને શોધ્યા અને તેને એકત્રિત કરીને પુરુષાર્થવિષયક શાસ્ત્રકારોના ગૂઢ અર્થને પ્રકટ કર્યા છે. પુરુષાર્થવ્યવસ્થાનો એક સમન્વયવાદી દષ્ટિકોણ ચતુર્દશ વિદ્યાસ્થાનો, વર્ણવ્યવસ્થા અને આશ્રમવ્યવસ્થાની દષ્ટિથી પણ વિચારી શકાય છે અને શાસ્ત્રકારોએ એને પ્રકટ રૂપથી વિચાર્યા પણ છે

પરંતુ પૂજ્ય બાબાજીએ અહીં પુરુષાર્થચતુષ્ટયીમાં આનુપાતિક સમન્વયના સૂત્રોને શોધ્યા છે. તેથી આને 'પુરુષાર્થસંતુલનવાદ' કહેવો હું વધારે ઉચિત સમજું છું.

પુરુષાર્થસંતુલનનું પ્રથમ સૂત્ર પૂજ્ય બાબાજીને મહાભારત ૧૨।૧૬૧।૩૮ માં પ્રાપ્ત થાય છે જ્યાં મહર્ષિ વ્યાસ સુસ્પષ્ટ શબ્દોમાં કહે છે **''ધર્માર્થકામાઃ સમમેવ સેવ્યાઃ યો હ્યેકસક્તઃ સ નરો જઘન્ય, દ્વયોસ્તુ દાક્ષ્યં પ્રવદન્તિ મધ્યં, સ ઉત્તમો યો નિરતઃ ત્રિવર્ગે''** અવધેય (લક્ષ આપવા યોગ્ય) છે કે અહીં પુરુષાર્થોમાં સંતુલનની વાત ત્રિવર્ગની દૃષ્ટિથી કરવામાં આવી છે. જ્યારે કોઈ એક જ પુરુષાર્થમાં વધારે આસક્તિ રાખે છે ત્યારે તે વ્યાસજીની દૃષ્ટિમાં જઘન્યકોટિનો વ્યક્તિ છે. પછી ભલેને કોઈ એકમાત્ર ધર્મપુરુષાર્થમાં પણ કેમ ન હોય તેને સંતુલનની દૃષ્ટિથી જઘન્ય જ કહેવામાં આવશે. જ્યારે કોઈ બે પુરુષાર્થોમાં દક્ષતા રાખે છે ત્યારે તે મધ્યમકોટિનો છે. **''સ ઉત્તમો યો નિરતઃ ત્રિવર્ગે''** એટલે કે જે ત્રણે પુરુષાર્થોમાં નિરત રહે છે, એ જ ઉત્તમકોટિનો પુરુષાર્થસેવી છે. અહીં એ પણ ધ્યાન આપવા યોગ્ય વાત છે કે મહર્ષિ વ્યાસ એ કહી રહ્યા છે કે **''ધર્માર્થકામાઃ સમમેવ સેવ્યાઃ''** ત્યારે એમનો આશય એ જણાય છે કે ત્રણે પુરુષાર્થ પરસ્પર એકબીજાના પૂરક છે અને આ રીતે ત્રણેની સમતુલ્યતા રૂપત્રયીમાં જ પુરુષાર્થની સંપૂર્ણતા છે. તેનો બીજો આશય આ પણ હોઈ શકે કે ત્રણે પુરુષાર્થોની પોત-પોતાની સ્વાયત્તતા છે, કેમ કે ત્રણેય ત્રણ પ્રકારની અભ્યર્થનાઓ છે પરંતુ પુરુષાર્થીને ત્રણે ત્રણનું સમાનભાવથી સેવન કરવું જોઈએ. આમાં પહેલું પુરુષાર્થોનું સ્વરૂપગત સંતુલન છે અને બીજું પુરુષાર્થીગત સંતુલન છે.

પુરુષાર્થસંતુલનના બીજા સૂત્રને પૂજ્ય બાબાજીએ વિષ્ણુપુરાણોક્ત ૧।૧૮।૨૧ વ્યાસવચનના માધ્યમથી ઉદ્‌ઘાટિત કર્યું છે. વ્યાસજી કહે છે **''ધર્માર્થકામમોક્ષાખ્યા પુરુષાર્થાહિ ઉદાહૃતાઃ ચતુષ્ટયમિદં યસ્માત્...''** અહીં સંતુલનની વાત પ્રવૃત્તિ અને નિવૃત્તિમૂલક બંને પ્રકારની અભ્યર્થનાઓને લઈને કરવામાં આવી છે. પુરુષાર્થ ચાર જ છે અને ચારેય અલગ-અલગ નહીં, પરંતુ ચારે મળીને એક થઈ રહ્યા છે. આ બીજા

સૂત્રમાં પુરુષાર્થચતુષ્ટયીનું સ્વરૂપતઃ સંતુલન જ અભિપ્રેત છે. અહીં એક વાત જે સમજવાની છે તે આ કે ત્રિવર્ગ (ધર્મ-અર્થ-કામ)નું સ્વરૂપતઃ સંતુલન તો ધર્માનુકૂલ કામ અને ધર્માનુપ્રાણિત અર્થની દૃષ્ટિથી થઈ શકે છે પરંતુ પુરુષાર્થચતુષ્ટયીમાં મોક્ષાનુસારી ધર્મ અર્થ અને કામની વાત કેવી રીતે કરી શકાય, કેમ કે મોક્ષ તો હજુ પ્રાપ્તવ્ય છે. વસ્તુતઃ પ્રાપ્તવ્ય મોક્ષાનુસારી ધર્માર્થિકામનું તાત્પર્ય યોગબુદ્ધિપૂર્વક ધર્માર્થિકામનું સેવન છે, કેમ કે પ્રાપ્તવ્ય મોક્ષને વ્યવહારમાં નિકટતમ અનુવાદ યોગ જ છે. અહીં યોગનું તાત્પર્ય ચિત્તવૃત્તિઓના નિરોધથી નહીં પરંતુ **''યોગઃ કર્મસુ કૌશલમ્''** (ભ.ગી.૨।૫૦) અને **''સમત્વં યોગઃ ઉચ્યતે''** (ભગ.ગી.૨।૪૮) થી છે. પુરુષાર્થચતુષ્ટયીના આવા સંતુલનનો આદર્શ આપણને રાજા જનકના જીવનચરિત્રમાં પ્રાપ્ત થાય છે. આના જ કારણે એમને 'વિદેહ' ની સંજ્ઞાથી અભિહિત કરવામાં આવે છે.

પુરુષાર્થસંતુલનનું ત્રીજું સૂત્ર પૂજ્ય બાબાજીને મનુસ્મૃતિમાં પ્રાપ્ત થાય છે જે મુખ્યરૂપથી ત્રિવર્ગથી સંબંધિત છે. મનુનું વચન છે **''પરિત્યજેદ્ અર્થકામૌ સ્યાતાં ધર્મવિરોધિનૌ ધર્મપ્યસુખોદર્કં લોકવિકૃષ્ટમેવ ચ''** (મનુસ્મૃતિ ચતુર્થાધ્યાય-૧૭૬) તાત્પર્ય એ છે કે તેવી અર્થ અને કામ સંબંધી અભ્યર્થનાઓનો ત્યાગ કરવો જોઈએ જે ધર્મવિરોધી હોય. અર્થ અને કામ પણ ત્યારે જ પ્રેય કહી શકાય છે. જ્યારે તે ધર્માનુપ્રાણિત હોય, અન્યથા પાશવિક અર્થ અને કામ પ્રેયકોટિમાં પણ નથી રાખી શકાતા. પરંતુ યાજ્ઞવલ્કયના વચનના આ પક્ષમાં કોઈ અપૂર્વ વિશેષતા નથી કેમકે મનુષ્યની પાશવિક બુભુક્ષાઓ (ભોગવવાની ઈચ્છાઓ) તો ઔચિત્યાનૌચિત્ય અને હેયોપાદેય બોધથી યુક્ત થઈને જ પ્રેય બને છે. એથી જ શ્રીકૃષ્ણ પણ **''ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોસ્મિ''** (ભ.ગી. ૭।૧૧) કહીને આનો જ સંકેત કરી જાય છે. વિશિષ્ટતા તો એ વાતમાં નિહિત છે કે અર્થ અને કામનો નાશક ધર્મ પણ એટલો જ ત્યાજ્ય છે જેટલો કે ધર્મવિરુદ્ધ અર્થ અને કામ. તેથી ધર્મનું પ્રયોજન માનવ પ્રવૃત્તિઓનો નિગ્રહ અને નિરોધ નહીં, એના સંસ્કાર અને પરિમાર્જન (સફાઈ) પણ છે. આ વાત કોઈ ભારતીય મનીષી જ કહી શકે છે.

પૈગંબરવાદી ધર્મોમાં આ પ્રકારના વિવેકને માટે કોઈ સ્થાન બનાવી શકવું અસંભવ જેવું પ્રતીત થાય છે.

પુનઃ પુરુષાર્થસંતુલનનું ચોથું સૂત્ર પૂજ્ય બાબાજીએ **''યથાશક્તિ ન હાપયેત્''** નામના વ્યાસવચનમાં પ્રાપ્ત કરેલ છે. મહર્ષિ વ્યાસનું આ વચન પુરુષાર્થીનિષ્ઠ પુરુષાર્થોના સંતુલનની અનિવાર્યતાને પ્રસ્તાવિત કરે છે. આપણે આપણા જીવનમાં પુરુષાર્થોમાં અનુકૂલ આચરણ કરીએ આના માટે સામર્થ્ય-અસામર્થ્યની કોઈ સીમારેખા (મર્યાદા) નિર્ધારિત કરવામાં નથી આવી. તેવી જ રીતે ઉંચ-નીચ, અમીર-ગરીબનો ભેદભાવ પણ પુરુષાર્થોના આચરણનો વિભેદક નથી. ભારતીય જીવનપદ્ધતિમાં પ્રત્યેક વ્યક્તિને માટે સ્વસામર્થ્યના અનુસાર યથાયોગ્ય ત્રિવર્ગ અથવા ચતુર્વર્ગીય પુરુષાર્થોનું નિત્યપ્રતિ સેવન અનિવાર્ય છે. 'નિત્યપ્રતિ' નું તાત્પર્ય અહીં એવું છે કે ભારતીય જીવનદૃષ્ટિમાં ચાર પ્રહરવાળા દિવસમાં જ ચાર યુગ, ચાર આશ્રમ, ચાર વર્ણ અને ચાર પુરુષાર્થોનું સમય પ્રબંધન પહરાનુસારી કરવામાં આવેલું છે. આનો સંકેત સ્વયં મહર્ષિ યાજ્ઞવલ્ક્ય એમ કહીને કરે છે **''બ્રાહ્મે મુહુર્તે હિ ઉત્થાય ચિન્તયેદ્ આત્મનો હિતં, ધર્મમ્ અર્થં ચ કામં યથાશક્તિઃ ન હાપયેત્''**

તેવી જ રીતે પૂજ્ય બાબાજીએ **''ધર્માર્થકામમોક્ષાણાં નિમિત્તાનિ અવિરોધતઃ''** (ભાગ.પુરા.૩।૭।૩૨) નામક ભાગવતપુરાણના આ વચનને પુરુષાર્થ સંતુલનના પાંચમા સૂત્રના રૂપમાં વ્યાખ્યાયિત કર્યું છે. લક્ષ આપવા યોગ્ય છે કે ધર્મ-અર્થ-કામ-મોક્ષ પોતાનામાં એકબીજાથી વિરોધી નથી પરંતુ દેશ-કાલ અને પરિસ્થિતિ વિશેષમાં આ એક-બીજાથી વિરોધી બની શકે છે. વસ્તુતઃ (હકીકતમાં) એક તો આમાં અસંતુલનથી જ વિરોધ પેદા થઈ શકે છે તથા બીજું ક્યારે ક્યાં અને કયા અનુપાતમાં આનું સેવન કરવું જોઈએ, તેનો વિવેક ન હોય તો પણ આ પરસ્પરવિરોધી બની શકે છે. તેથી પુરુષાર્થોનું અવિરોધતઃ સેવન જ શ્રેયસ્કર છે. ભાગવતમાં આવતી એક કથાના માધ્યમથી પૂજ્ય બાબાજીએ આ અવિરોધના તાત્પર્યને ખૂબ જ સટીક રીતથી ઉજાગર કર્યું છે. કથા આ પ્રકારે છે. એક વખત ભગવાને પ્રચેતસોને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની આજ્ઞા

કરી. આદેશ મળતા જ તેઓ પૃથ્વી તરફ ચાલી નિકળ્યા. પૃથ્વી ઉપર એમણે જોયું કે અહીં તો વૃક્ષ જ વૃક્ષ છે ત્યારે પ્રચેતસોને લાગ્યું કે આપણે સૃષ્ટિ તો ઉત્પન્ન કરી લઈશું પરંતુ તેઓ બધા રહેશે કયાં? તેથી એમણે પૃથ્વી ઉપરના બધા જ વૃક્ષોને બાળી નાખ્યા. ત્યારે ભગવાન્ આ અનર્થને જોઈને પ્રકટ થયા અને પ્રચેતસોને પૂછયું કે તમને બધાને સૃષ્ટિ કરવા માટે કહેવામાં આવ્યું હતું, વૃક્ષોને બાળી નાખવા માટે તો નહોતું કહેવામાં આવ્યું. તેના જવાબમાં પ્રચેતસોએ કહ્યું કે ભગવન્ અમે વૃક્ષોને બાળત નહીં તો ઉત્પન્ન કરેલી સૃષ્ટિ રહેત ક્યાં ! આવો મૂઢ જવાબ સાંભળી ભગવાને એક ગંભીર રહસ્ય ખોલીને કહ્યું કે **"અહસ્તાનિ સહસ્તાનામ્ અપદાનિ ચતુષ્પદાં, ફલ્ગૂનિ તત્ર મહતાં જીવો જીવસ્ય જીવનમ્"** તેથી જેમ સૃષ્ટિમાં અવિરોધનું સૂત્ર જાણવું જરૂરી છે. તેમ પુરુષાર્થસેવન માટે પણ તેના અવિરોધનો વિવેક આવશ્યક છે. એ ક્યારેય પણ ઉચિત નથી હોઈ શક્તું કે મોક્ષપ્રાપ્તિમાં જો શરીર બાધક છે તેથી સંપૂર્ણ આયુષ્યનો ભોગ કર્યા વિના પહેલાં જ ઈચ્છામૃત્યુને પસંદ કરી લેવામાં આવે. આ સંબંધમાં આપણી દૃષ્ટિ તો **"શરીરમ્ આદ્યં ખલુ ધર્મસાધનમ્"** ની છે. હકીકતમાં અયુક્ત આહાર-વિહારથી જેવી રીતે આધિ-વ્યાધિ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે અયુક્તરૂપમાં પુરુષાર્થોના સેવનથી પુરુષાર્થીમાં વિકાર ઉત્પન્ન થઈ જાય છે. એટલા માટે પુરુષાર્થોમાં વિવેકપૂર્વક આવો સમન્વય આવશ્યક છે જેથી તેમાં દેશ-કાલ અને પરિસ્થિતિવશ વિરોધ પેદા ન થઈ જાય.

અંતમાં પૂજ્ય બાબાજીએ 'ભક્તિ' નામક પુરુષાર્થ ઉપર પોતાના પ્રવચનમાં વિસ્તારપૂર્વક પ્રકાશ પાડયો છે અને ભક્તિને તેના સઘળા ગુણ-સૂત્રોની સાથે માનવીય અભ્યર્થનાના એક સ્વતન્ત્ર આયામના રૂપમાં 'પંચમ પુરુષાર્થ' સિદ્ધ કર્યો છે. એમાં બેમત નથી કે ભક્તિ એક પુરુષાર્થ છે પરંતુ પ્રશ્ન એ છે કે એને પુરુષાર્થોની ક્રમીકતામાં સમાનાન્તરરૂપથી પાંચમો માનવો અથવા ચતુર્થપુરુષાર્થના વિકલ્પમાં એક પુરુષાર્થ માનવો. જો આને મોક્ષપુરુષાર્થનો વિકલ્પ માનવામાં આવે તો પુરુષાર્થચતુષ્ટયી સુરક્ષિત રહે છે અને સંપ્રદાયભેદથી આ મોક્ષસ્થાનીયરૂપમાં સ્વીકાર્ય પણ

બની શકે છે. પરંતુ જો સમાન્તરરૂપથી ભક્તિને પંચમપુરુષાર્થ માનવામાં આવે તો ભક્તિના પુરસ્કર્તાઓને પુરુષાર્થ ક્રમીકતામાં મોક્ષની સાથે-સાથે આનો સ્વીકાર કરવો અસમંજસ (અસ્પષ્ટ) જેવું થશે. જો કે મોક્ષનો પુરસ્કર્તા જીવન્મુક્તિની અવસ્થામાં ભક્તિ નામક અભ્યર્થના માટે અવકાશ નિર્માણ કરી શકે છે અને વિદેહમુક્તિની દૃષ્ટિથી મોક્ષનો પણ સ્વીકાર કરવો તેના માટે કઠિન નહીં થાય. તેથી પુરુષાર્થોની ક્રમિકતામાં ચતુર્થોપરિ પંચમપુરુષાર્થના રૂપમાં ભક્તિનો પ્રવેશ એક કોયડાની જેમ લાગે છે. અહીં આ આ કોયડા ઉપર વિસ્તારથી ચર્ચા માટે અવકાશ પણ નથી.

હવે જ્યાં સુધી પંચપર્વા પુરુષાર્થોમાં સંતુલનનો પ્રશ્ન છે ત્યારે આ પ્રસંગમાં પૂજ્ય બાબાજીના આશયને પ્રકટ કરીને કહી શકાય છે કે પુરુષાર્થોની ત્રિવર્ગીય સંકલ્પના કર્મપ્રધાન છે અને ધર્મ તેનું નિયામક તત્ત્વ બને છે. ધર્મના નિયામકતત્ત્વમાં પુરુષાર્થી સમસ્ત અભ્યર્થનાઓની સિદ્ધિ યજ્ઞભાવથી કરે છે. તેથી યજ્ઞબુદ્ધિથી સમસ્ત અભ્યર્થનાઓનું સેવન જ ત્રિવર્ગીય પુરુષાર્થોમાં સંતુલનનું આધારભૂત સૂત્ર છે. ફરી પાછું પુરુષાર્થચતુષ્ટયીની સંકલ્પના જ્ઞાનપ્રધાન છે અને મોક્ષ તેનું નિયામક તત્ત્વ છે. મોક્ષના નિયામકત્વમાં પુરુષાર્થી અર્થનામાત્રની સિદ્ધિ યોગબુદ્ધિથી કરે છે. તેથી યોગબુદ્ધિથી સમસ્ત અભ્યર્થનાઓનું સેવન ચતુષ્ટયી પુરુષાર્થવ્યવસ્થામાં સંતુલનનું આધારભૂત સૂત્ર છે. આ જ રીતે પંચપર્વા પુરુષાર્થની સંકલ્પના ભક્તિપ્રધાન છે. સમર્પણ અને શરણાગતિ આમાં નિયામક તત્ત્વ બને છે. પુરુષાર્થી સમસ્ત અભ્યર્થનાઓનું સેવન મમત્વ અને અહંકાર ભાવથી ઉપર ઉઠીને કરે છે. આ રીતે **''ત્વદીયં વસ્તુ ગોવિન્દ તુભ્યમેવ સમર્પયેત્''** બુદ્ધિ પંચપર્વા પુરુષાર્થવ્યવસ્થામાં સંતુલનનું મૂલભૂત સૂત્ર બની જાય છે. **''બધું જ તારું તને અર્પણ''** જ હકીકતમાં ભક્તિની મૂલ ભાવના છે અને આ ભાવના માત્રથી પુરુષાર્થીના જીવનમાં એક અભૂતપૂર્વ રૂપાન્તરણ ઘટિત થાય છે.

આ રીતે જોવામાં આવે તો 'ભક્તિ' માનવીય અભ્યર્થનાનો એક સ્વતન્ત્ર આયામ છે અને એટલા જ માટે તેને એક સ્વતન્ત્ર પુરુષાર્થનો દરજ્જો આપવો સર્વથા ઉચિત પણ છે. આ એક એવો પુરુષાર્થ છે જે

પોતાના પ્રકારભેદથી અન્ય બધા પુરુષાર્થોનો પોતાનામાં સમાહાર કરી લે છે. ભગવાન્ શ્રીકૃષ્ણ ગીતામાં ૭|૧૬ આર્તો અર્થાર્થી જીજ્ઞાસુ અને જ્ઞાની નામક ભક્ત અને તે-તેની ભક્તિના ચાર પ્રકાર બતાવ્યા છે. આમાં આર્તની ભક્તિ કામપુરુષાર્થને, અર્થાર્થીની ભક્તિ અર્થપુરુષાર્થને, જીજ્ઞાસુની ભક્તિ ધર્મપુરુષાર્થને અને જ્ઞાનીની ભક્તિ મોક્ષપુરુષાર્થને પોતાનામાં સમન્વિત કરે છે. મહાપ્રભુ વલ્લભાચાર્યે પુષ્ટિમાર્ગીય ભક્તિની દષ્ટિથી ઈશ્વરકેન્દ્રિત પુરુષાર્થ ચતુષ્ટયીનો સમન્વય કરીને કહ્યું કે હરિના પ્રત્યે દાસ્યભાવ ધર્મપુરુષાર્થ, સ્વયં હરિ અર્થપુરુષાર્થ, હરિના પ્રત્યે દિદક્ષા કામપુરુષાર્થ અને હરિના જ થઈ જવું મોક્ષપુરુષાર્થ છે.

પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્મો અર્થો હરિરેવ હિ ।
કામો હરિ દિદૃક્ષૈવ મોક્ષો કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્ ।।

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે આ પ્રવચનના માધ્યમથી પૂજ્ય બાબાજીની કેન્દ્રિય દષ્ટિ ભારતીય જીવનપદ્ધતિના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં પુરુષાર્થવ્યવસ્થાના સંતુલનવાદને પ્રકટ કરવાની રહી છે. એ વાત અલગ છે કે પ્રવચન શૈલીમાં વિચારોના તાણા-વાણા અવાન્તર પ્રસાર પણ ઘણું કરીને લઈ જ લે છે, પરંતુ જ્યાં ક્યાંય પણ બાબાજીના વિચાર આવા પ્રકારના અવાન્તર પ્રસાર લીધા છે તે પણ કોઈક ને કોઈક આર્ષપ્રજ્ઞાના મહત્વપૂર્ણ બિન્દુ જ રહ્યા છે. પુરુષાર્થસંતુલનવાદી વિચાર-વિન્યાસથી અતિરિક્ત આ પ્રવચનમાં આર્ષ ધર્મદષ્ટિ અને પુષ્ટિમાર્ગીય ભક્તિના સ્વરૂપ ઉપર અતિશય મૂલગામી રૂપથી વિચાર કરવામાં આવ્યો છે. બધાના અંતે આ સંપૂર્ણ પ્રવચનના તાણા-વાણા સ્વસ્તિકની જેમ એક બીજામાં ખુલતા જાય છે. **“સુઅસ્તિ કરોતિ ઈતિ સ્વસ્તિકઃ”** સ્વસ્તિકની સ્વસ્તિકતા આમાં જ છે કે તેના ચારે હાથ એક-બીજાની તરફ અભિમુખ રહે છે. પૂજ્ય બાબાજીએ પુરુષાર્થસંતુલનવાદના પ્રારૂપને પણ ‘સ્વસ્તિક’ રૂપમાં જ પ્રસ્તુત કર્યું છે. એમની દષ્ટિમાં પુરુષાર્થચતુષ્ટયીની અવધારણા પણ એક સ્વસ્તિકની જેમ જ છે. ધર્મ-અર્થ-કામ-મોક્ષ પુરુષાર્થરૂપી સ્વસ્તિકના ચાર હાથ છે. જેમાં એક બીજાની તરફ, બીજો-ત્રીજાની તરફ, ત્રીજો-ચોથાની તરફ અને ચોથો ફરીથી પહેલાની તરફ લઈ જાય છે.

ચારે પુરુષાર્થોની એક-બીજાની તરફ અભિમુખતા જ એનું સ્વસ્તિકોચિત સંતુલન છે.

અંતમાં હું શ્રીરૂપચંદજી ખંડેલવાલ 'ભૂપ' ના મોટા સુપુત્ર શ્રીચંદુભાઈ અને એમના પરિવાર તથા સહયોગિઓના પ્રત્યે સાધુવાદ પ્રકટ કરૂં છું. જેમણે પૂજ્ય બાબાજીના આ વ્યાખ્યાનનું આયોજન કર્યું (યોજકસ્તત્ર દુર્લભઃ) આ આયોજનના પ્રેરણાસ્રોત આચાર્ય કૃષ્ણકાંત ચતુર્વેદીજી તેમજ શ્રીપ્રકાશ દૂબેજી તથા વિશેષરૂપમાં પ્રકાશ માલપાણીજીના પ્રત્યે પણ હું આભાર વ્યક્ત કરૂં છું. જેઓએ આ પ્રવચન માટે જબલપુર સ્થિત ગોપાલ સદન જેવું સુરમ્ય સ્થાન ઉપલબ્ધ કરાવ્યું. પૂજ્ય બાબાજી તો મારા માનસ ગુરૂ છે. તેઓ પોતાના સ્નેહથી હંમેશા મારી સારસ્વત નિષ્ઠાનું પોષણ કરતા રહે છે. શ્રીશરદ્શર્મા દ્વારા લિપિબદ્ધ અને શાહદંપતિ દ્વારા સંપાદિત, આપના આ વ્યાખ્યાનની ભૂમિકા લખવાનું દાયિત્વ પુજ્ય બાબાજીએ મને સોંપ્યું. આના માટે મારી પાસે કૃતજ્ઞતા સિવાય બીજું છે પણ શું જે હું આપના માટે કહી શકું !

શ્લિષ્ટા ક્રિયા કસ્યચિદ્ આત્મસંસ્થા સંક્રાન્તિરન્યસ્ય વિશેષયુક્તા ।
યસ્યોભયં સાધુ સ શિક્ષકાનાં ધુરિ પ્રતિષ્ઠા પરિતવ્ય એવ ।।

૨૯-૦૯-૨૦૧૨, સાગર

પ્રો. અમ્બિકાદત્ત શર્મા
અધ્યક્ષ, દર્શન-વિભાગ
ડો. હરીસિંહ ગૌર કેન્દ્રિય વિશ્વવિદ્યાલય,
સાગર (મ.પ્ર.)

વિષયાનુક્રમણિકા

ક્રમ	વિષય	પૃષ્ઠક્રમ
૧.	**મંગલાચરણ**	૧
૨.	**પ્રાસંગિક**	૧
૩.	**પ્રકરણ-૧**	૪-૪૯
	◆ ''હું'' ની ઓળખાણ શું?	૪
	◆ ''હું'' ની બાબતમાં વેદ દષ્ટિ	૪
	◆ મનુષ્યની પરિભાષા શું ? વિચારશીલ બુદ્ધિમાન સામાજિક રાજનૈતિક કે ટેકનીક્વાળો પશુ !	૬
	◆ શું વ્યાવર્તક ગુણોમાં (ડીફ્રેન્ટીયા) જ મનુષ્યના અસ્તિત્વનો બોધ સાચો છે?	૭
	◆ વૈજ્ઞાનિક દષ્ટિથી ક્રિયાશીલતાનું ઉદ્ગમકેન્દ્ર 'નીયોકોરટેક્સ્'	૮
	◆ 'મનુષ્ય વિચારશીલ પ્રાણી છે' - વિચારશીલ મનુષ્યની અવિચારશીલ પરિભાષા.	૯
	◆ 'મનુષ્ય સામાજીક પ્રાણી છે' - મનુષ્યની આહંકારિક પરિભાષા.	૧૨
	◆ પ્રાણીસમુદાયની દષ્ટિથી જોઈએ તો મનુષ્ય ઘોર અસામાજિક પશુ છે.	૧૪
	◆ ભારતીય પ્રજ્ઞાની વિશેષતા - શાપનો પણ સદુપયોગ.	૧૫
	◆ મનુષ્યની પરિભાષા મેન ઈઝ એ રેશનલ્ શોશ્યલ્ પોલીટિકલ્ ટેકનોલોજિકલ્ કે રીલીઝયસ્ એનીમલ્ના અર્થમાં નથી કરી શકાતી.	૨૦

- ◆ ભારતીય આર્ષદૃષ્ટિથી મનુષ્યની પરિભાષા-ધર્માર્થકામમોક્ષનું સમાયોજન. ૨૭
- ◆ સમાયોજનનું પ્રથમ સૂત્ર ‘‘ધર્માર્થકામાઃ સમમેવ સેવ્યાઃ’’ ૨૮
- ◆ સમાયોજનનું બીજું સૂત્ર ‘‘ધર્માર્થકામ-મોક્ષશ્ચ...’’ ૩૨
- ◆ સમાયોજનનું ત્રીજું સૂત્ર - પરિત્યજેદ્ અર્થકામૌ... ધર્મં ચાપ્યસુખોદર્કં... ૩૪
- ◆ સમાયોજનનું ચોથું સૂત્ર - ધર્મ અર્થ કામ નું યથાશક્તિ અનુષ્ઠાન ૩૫
- ◆ પુરુષાર્થ = માનવદેહને ધારણ કરનારી સ્વભાવગત આવશ્યકતા કે અપેક્ષા. ૩૫
- ◆ સત્ત્વથી ધર્મ, રજથી અર્થ, તમથી કામ સંબંધિત પુરુષાર્થ અને આત્માથી મોક્ષ સંબંધિત પુરુષાર્થ. ૩૭
- ◆ સમાયોજનનું પાંચમું સૂત્ર ‘‘ધર્માર્થકામમોક્ષાણાં નિમિત્તાનિ અવિરોધતઃ’’ ૪૦
- ◆ ‘‘યથાશક્તિ ન હાપયેત્’’ - ધર્માર્થકામમોક્ષ પુરુષાર્થનું ઉપેક્ષા વિના યથાશક્તિ નિર્વહન કરવું જોઈએ. ૪૧
- ◆ ભક્તિ પણ પાંચમો પુરુષાર્થ છે. ૪૩
- ◆ ત્રિગુણાત્મક પ્રકૃતિ અને પુરુષનું યુગ્મીભૂત એકરૂપ મતલબ ‘અક્ષરબ્રહ્મ’ ૪૪
- ◆ ભાગવત અને શ્રીવલ્લભાચાર્યજીના મત પ્રમાણે ભક્તિ પણ પુરુષાર્થ છે. તેથી ધર્માર્થકામમોક્ષ ભક્તિનું સમાયોજન કરે છે એ જ આપણા સંપ્રદાયમાં સાચો ‘પુરુષ’ છે. ૪૬

૪. પ્રકરણ : ૨ ૫૦-૬૩

પ્રશ્નોત્તર

૫. પ્રકરણ : ૩ ૬૪-૧૧૧

- ◆ ધર્મ અર્થ કામ મોક્ષ કે ભક્તિ પુરુષાર્થની વિભાજક રેખા આપણા દૃષ્ટિકોણથી બદલે છે. ૬૪
- ◆ ભાગવતની દૃષ્ટિથી ધર્મપુરુષાર્થની વિવેચના ૬૮
- ◆ ધર્મના છ અંગ [૧]દેશ [૨]કાલ [૩]કર્મ [૪]કર્તા [૫]મન્ત્ર અને [૬]દ્રવ્ય ૭૦
  - ૧ દેશ ૭૦
  - ૨ કાલ ૭૦
  - ૩ દ્રવ્ય ૭૩
  - ૪ કર્તા ૭૪
  - ૫ મન્ત્ર ૭૬
  - ૬ કર્મ ૮૦
- ◆ આપણા શાસ્ત્રો ક્યારેય પણ ધર્મને એકાન્તિક નથી માનતા. ૮૧
- ◆ ભાગવતની દૃષ્ટિ ધર્મના વિષયમાં ૮૨
- ◆ સ્વે સ્વેઽધિકારે ... વિપર્યયસ્તુ દોષઃ સ્યાત્ ૮૩
- ◆ નિષ્ઠાનો અર્થ ૮૩
- ◆ દ્રવ્યની શુદ્ધિ - અશુદ્ધિનું સંજ્ઞાન ૮૬
- ◆ દેવાર્ચન માટે મૂર્તિની શુદ્ધિનું સંજ્ઞાન ૮૯
- ◆ ભગવાન્‌ના બધા નામ-રૂપની વિષમતા ધર્મને માટે છે. ૯૨
- ◆ દ્રવ્યની શુદ્ધિ-અશુદ્ધિના પ્રકાર ૯૪
  - 'દ્રવ્યેણ' = દ્રવ્યથી શુદ્ધિ ૯૪
  - 'વચનેન' = વચનથી શુદ્ધિ ૯૫
  - 'સંસ્કારેણ' = સંસ્કારથી શુદ્ધિ ૯૭

‘કાલેન’ = કાલથી શુદ્ધિ ૯૭
- દ્રવ્યની શાસ્ત્રોકત શુદ્ધિ-અશુદ્ધિના સંજ્ઞાનથી વિપરિતસંજ્ઞાન ૯૮
- મહત્ત્વ અથવા અલ્પતયા. ૧૦૧
- કર્તાની શુદ્ધિનો પ્રકાર : ‘‘સ્નાનદાનતપોડ-વસ્થાવીર્યસંસ્કારકર્મભિઃ મત્સ્મૃત્યા ચાત્મનઃ શૌચમ્ આદિ’’ ૧૦૩
- મન્ત્ર ૧૦૫
- કર્મશુદ્ધિનો પ્રકાર ૧૦૭

૬. **પ્રકરણ : ૪** ૧૧૨-૧૨૭

પ્રશ્નોત્તર

૭. **પ્રકરણ : ૫** ૧૨૮-૧૫૨
- બ્રાહ્મિકસ્વરૂપ અને બ્રાહ્મિકલીલા ૧૨૮
- ત્રિવિધ બ્રાહ્મિકલીલાનો દશવિધલીલામાં ભાગવત દ્વારા વિસ્તાર ૧૨૯
- બ્રહ્મ જ અભિન્નનિમિત્તોપાદન કારણ છે અને અવિકૃતતયા સૃષ્ટિરૂપકાર્ય પણ થયું છે. ૧૩૦
- ઔપનિષદક બ્રહ્મ કે ભાગવતોક્ત ભગવાન્ કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ અને ભવિતુમ્ અભવિતુમ્ અને અન્યથાભવિતુમ્ સમર્થ છે. ૧૩૨
- કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ ની પરિસીમિત સામર્થ્ય જીવમાત્રમાં છે. ૧૩૪
- જીવની પિંજરારૂપ પરિસીમા કાલ કર્મ સ્વભાવ પ્રકૃતિ પુરુષ છે. ૧૩૫

- સ્વભાવજા ક્રિયા વસ્તુઓમાં ગુણધર્મરૂપા હોય છે ઉત્પત્તિ અહીં ધર્મરૂપ હોય છે, સ્થિતિ અર્થરૂપ, લય કામરૂપ અને એમનું સનાતન ચક્ર, દ્રવ્યસ્વરૂપ મુક્તિ છે. ૧૩૭
- ઈતરોપાધિકી ક્રિયા પ્રભાવરૂપા હોય છે. તેના કારણે આગન્તુક ગુણધર્મોનું ઉત્પાદન ધર્મરૂપ હોય છે, સ્થાપનમ્ અર્થરૂપ, વિલાપનં કામરૂપ, નૂતનોત્પાદન મુક્તિરૂપ હોય છે. ૧૩૮
- પ્રાણીના જ્ઞાન ઈચ્છા અને પ્રયત્નથી પેદા થનારી ક્રિયા ‘કર્મ’ કહેવાય છે. કર્મમાં પ્રયત્ન ધર્મરૂપ હોય છે, જ્ઞાન અર્થરૂપ, ઈચ્છા કામરૂપ અને સંતુષ્ટિ કે અસંતુષ્ટિ મુક્તિ કે બંધનરૂપ થઈ જાય છે. ૧૩૮
- ‘વ્યવહાર’ = કોઈ બીજાને ઉદ્દેશ્ય બનાવીને કે બીજાને સાધન બનાવીને કે બીજાના પ્રયોજનની પૂર્તિને માટે કરવામાં આવતું કર્મ વ્યવહાર બની જાય છે. ૧૪૨
- ‘નીતિ’ = જે વ્યવહાર આપણા કોઈ વ્યક્તિના પોતાના કે સમુદાયના પ્રતિકૂલ હોય તેવો વ્યવહાર બીજી કોઈ વ્યક્તિ કે સમુદાયની સાથે આચરણ ન કરવું એ નીતિ છે. ૧૪૩
- ‘ધર્મ’ = શ્રુતિ સ્મૃતિ સદાચાર અને જે પોતાને પ્રિય હોય તે ચારેને જોડીને પોતાના કર્મને નિર્ધારિત કરવાથી ‘ધર્મ’ કહેવા લાયક બને છે. ૧૪૪
- ભક્તિનું ઉદ્ગમસ્થાન ન દેહ, ન આત્મા છે પરંતુ પરમાત્મા છે. ૧૪૬
- સ્વભાવથી ધર્મ સુધીની સમાનાન્તર જતી વાત ભાગવતની લીલાથી. ૧૪૮

૮. **પ્રકરણ : ૬** ૧૫૩-૧૭૩

પ્રશ્નોત્તર

૯. **પ્રકરણ : ૭** ૧૭૪-૨૪૯

- બ્રહ્મ અને સૃષ્ટિનું સમાનાંતરીકરણ. ૧૭૪
- સ્વભાવથી પેદા થનારી ક્રિયા વસ્તુઓમાં તેનો ગુણધર્મ બની જાય છે. ૧૮૦
  - સ્વભાવમાં ધર્મ = ઉત્પત્તિ ૧૮૭
  - સ્વભાવમાં અર્થ = સ્થિતિ ૧૮૯
  - સ્વભાવમાં કામ = લય ૧૮૯
- ‘પ્રભાવ’ = ઇતરોપાધિકક્રિયાના કારણે આગંતુક ગુણધર્મ પ્રકટ થાય છે. ૧૯૩
  - પ્રભાવમાં ધર્મ = ઉત્પાદન ૧૯૪
  - પ્રભાવમાં અર્થ = સ્થાપન ૧૯૫
  - પ્રભાવમાં કામ = વિલાપન ૧૯૬
  - પ્રભાવમાં મુક્તિ = નૂતનોત્પાદન ૧૯૭
- ‘કર્મ’ = જ્ઞાનઇચ્છાપ્રયત્નથી પેદા થતી ક્રિયા ૧૯૭
  - કર્મમાં ધર્મ = પ્રયત્નરૂપ હોય છે. ૧૯૮
  - કર્મમાં અર્થરૂપ = જ્ઞાન હોય છે. ૨૦૧
  - કર્મમાં તુષ્ટિ કે અસંતુષ્ટિ = મુક્તિ કે બંધનરૂપ થાય છે. ૨૦૩
- ‘વ્યવહાર’ = બીજાલોકોને ^{૧}કર્મ ^{૨}કરણ ^{૩}સંપ્રદાન ^{૪}અધિકરણ ને બનાવીને કરવામાં આવતું કર્મ. ૨૦૪
- વ્યવહારમાં સામુદાયિક હાનિલાભવિવેકના આધારે કરવામાં આવેલું કર્મ તેનાથી અન્યને પોતાના અનુકૂલ બનાવવા ધર્મ છે. ૨૦૬
- વ્યવહારમાં સ્વપરનું અવલંબન અર્થરૂપ હોય છે. ૨૦૭

- ◆ વ્યવહારમાં સ્વાર્થ અને પરાર્થ ને સાધવા કામરૂપ હોય છે. ૨૦૮
- ◆ વ્યવહારમાં સ્વતુષ્ટિ અને પરતુષ્ટિ જ મુક્તિરૂપ હોય છે. ૨૧૧
- ◆ નીતિમાં સ્વીયવ્યષ્ટિ સમુદાયથી જે પ્રતિકૂલ જતું હોય તેવું આચરણ અન્યવ્યષ્ટિ કે અન્યસમુદાયની બાબતમાં ન કરવું જોઈએ તે છે. ૨૧૧
- ◆ આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્ સૂત્ર ધર્મરૂપ બને છે. ૨૧૩
- ◆ પોતાના સ્વાર્થ ઉપર સંયમ નીતિમાર્ગીય અર્થ છે. ૨૧૪
- ◆ બીજા પણ સ્વપ્રતિકૂલ આચરણ ન કરે એવી આકાંક્ષા કામ છે. ૨૧૫
- ◆ સર્વેડત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ, સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખભાક્ ભવેત્, નીતિમાર્ગીય મુક્તિ છે. ૨૨૦
- ◆ શ્રુતિ સ્મૃતિ સદાચાર અને પોતાને પણ લગતી ક્રિયાના આધાર કોઈ ક્રિયા કર્મ વ્યવહાર નીતિ કે ધર્મ બની જાય છે. ૨૨૧
- ◆ “શ્રુતિઃ સ્મૃતિઃ સદાચારઃ સ્વસ્યઃ ચ પ્રિયમાત્મનઃ એતત્ ચતુર્વિધં...”- આ ધર્મનાં લક્ષણ છે. ૨૨૨
- ◆ દેશ-કાલ-દ્રવ્ય-કર્તા-મન્ત્ર-કર્મના પ્રભેદવશ ધર્મ ભિન્ન થઈ જાય છે, એ જ રીતે કુલજાતિવર્ણાશ્રમ-વર્ણગુણોના નિમિત્તિભેદવશ પણ ધર્મ ભિન્ન-ભિન્ન બની જાય છે. ૨૨૯
- ◆ સત્યં દમઃ તપ શૌચં સંતોષં હ્રી ક્ષમાર્જવમ્, વિદ્યા શમો દયા ધ્યાનમ્ એષ ધર્મસ્ય સંગ્રહ. ૨૩૦
- ◆ ધર્મમાં કામ આ જ હોય છે ‘ધર્મો રક્ષતિ રક્ષિતઃ’ ૨૩૪
- ◆ ધર્મમાં અર્થદેશોદિષ્ટ્ક ૨૩૪

◆ ધર્મમાં અર્થની પરિભાષા અંતર્ગત દેશકાલાદિ શા માટે અર્થવાચક છે? ૨૩૪
◆ ધર્મમાં મોક્ષ, જીવનપર્યંત પાપભીતિ અપરાધગ્રંથિ આત્મગ્લાનિ અને દંડભીતિથી મુક્તિ હોય છે. ૨૩૫
◆ ભક્તિમાં ભાગવત ધર્મ ભક્તિપ્રપત્તિદ્વારા પરમાત્માનાં દેવીકરણાત્મક ધર્મરૂપ હોય છે અતઃ ભક્ત્યંગતયા ધર્માદિપુરુષાર્થ પણ 'ભક્તિ' પદથી વાચ્ય થાય છે. ૨૩૮
◆ પ્રવચનોત્તર પૂરક અંશ ૨૩૯
◆ મહાપ્રભુજીના અનુસાર ધર્માદિનું સ્વરૂપ ૨૪૭

૧૦. પરિશિષ્ટ ૨૫૦

ધર્મ-અર્થ-કામ-મોક્ષ-ભક્તિ પુરુષાર્થોનું સમાયોજન (ભગવદ્ગીતાના સત્તરમાં અધ્યાય અનુસાર)

૧૧. અમૃતવચનાવલી ૨૭૮

પુરુષાર્થવ્યવસ્થા

ધર્મ-અર્થ-કામ-મોક્ષ-ભક્તિ

(મંગલાચરણ)

(ધર્મ)

‘‘કાયેન વાચા મનસેન્દ્રિયેર્વા બુદ્ધયાઽઽત્મના વાનુસૃતસ્વભાવાદ્ ।
કરોતિ યદ્યત્ સકલં પરસ્મૈ નારાયણાયેતિ સમર્પયેત્તત્ ॥

(અર્થ)

ભયં દ્વિતીયાભિનિવેશતઃ સ્યાદ્ ઈશાદપેતસ્ય વિપર્યયોઽસ્મૃતિઃ ।
તન્માયયાતો બુધ આભજેત્તં ભક્ત્યૈકયેશં ગુરૂદેવતાત્મા ॥

(કામ)

ભક્તિઃ પરેશાનુભવો વિરક્તિઃ અન્યત્ર ચૈષ ત્રિકએકકાલઃ ।
પ્રપદ્યમાનસ્ય યથાશ્નતઃ સ્યુ-સ્તુષ્ટિઃ પુષ્ટિઃ ક્ષુદપાયોનુઘાસમ્ ॥

(મોક્ષ)

ઈત્યચ્યુતાઙ્ઘ્રિં ભજતોઽનુવૃત્ત્યા ભક્તિઃ વિરક્તિર્ભગવત્પ્રબોધઃ ।
ભવન્તિ વૈ ભાગવતસ્ય રાજન્ તતઃ પરાં શાન્તિમુપૈતિ સાક્ષાત્ ॥

(ભાગ.પુરા. ૧૧।૨।૩૬-૩૭, ૪૨-૪૩)

(પ્રાસંગિક)

શ્રીરૂપચન્દ ‘ભૂપ’ ની સ્મૃતિમાં આયોજિત આ કાર્યક્રમમાં સમ્મિલિત થવું કોઈ ગૌરવથી ક્યાંય અધિક, મારા પ્રત્યે એમનો સ્નેહભાવ અને એમના પ્રત્યે મારા સ્નેહભાવની વિવશતા છે. મને ખૂબ જ ખુશી થાય છે કે એમના પુત્રોએ આ આયોજન કર્યું અને આપ સર્વે પણ એમની સ્મૃતિમાં આયોજીત આ કાર્યક્રમમાં આટલા ઉત્સાહ અને ઉમંગથી ભાગ લઈ રહ્યા છો. જે કાંઈપણ ડો. અમ્બિકાદત્તજી અને ચતુર્વેદીજીએ કહ્યું છે, એ ગુણોનો હું પ્રતીત્યસમુત્પાદ છું કે વિવર્તવાદ છું, મને ખબર નથી. કાંઈક મરુ-મરીચિકા પણ હોય છે. કાંઈક તો હશે. હું જાણતો નથી શું છે.

હું એ વિષયનો સ્પર્શ કરું એના પહેલાં, રૂપચન્દજીના વિષયમાં કાંઈક કહેવા માગીશ. ખરેખર આશુતોષ, આશુરોષ, આશુહાસ, આશુક્રોધ બધાનું સમન્વિત રૂપ હતા, વિરુદ્ધધર્માશ્રયી બ્રહ્મની માફક. ક્યારે પ્રસન્ન થઈ જાય, ક્યારે રોઈ પડે, કાંઈ ખબર નહોતી પડતી આપણને. મને બરાબર યાદ છે, હું મારા માસીયાઈ ભાઈના વિવાહમાં અહીં પહેલી વખત આવ્યો હતો. લગભગ તો સીત્તેરના દશકામાં આગલા ભાગમાં. ત્યારે પહેલી વખત ગોપાલ મંદિરમાં રોકાયો હતો. પ્રથમ મિલનમાં જ રૂપચંદજીએ મારા ઉપર બે ચાર કવિતા બનાવી દીધી. બે ચાર બીજી કાંઈક સંભળાવી દીધી, પછી ગુસ્સે પણ થઈ ગયા, પાછા પ્રસન્ન પણ થઈ ગયા, પાછા રોઈ પણ પડયા. હું એકદમ નર્વસ થઈ ગયો કે ક્યા માણસથી મારો પનારો પડયો છે. હું અને મારી નાની બહેન જ્યારે પીતામ્બર ભટ્ટના વિવાહમાં અહીં આવ્યા હતા, ત્યાં ‘ભૂપ’ સાથે પહેલી મુલાકાત થઈ હતી.

આમ તો શ્રીવલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્ર ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજીનું અહીં જબલપુરમાં સાસરૂં છે અને મારા પીતાજીના પણ બીજા વિવાહ અહીં જ થયા. જોગાનુજોગ એમનું નામ પણ વિઠ્ઠલનાથ હતું. આમ મારું અહીં નનિહાલ પણ છે. લોકો કહે છે કે જબલપુર નામ જાબાલીપુરથી બન્યું છે, ખબર નથી કે આ બાબતમાં ઐતિહાસિકતા શું છે. કદાચ અહીં સત્યકામ જાબાલી મહર્ષિનો કોઈ તો આશ્રમ કે કર્મક્ષેત્ર રહ્યું હશે. નર્મદાના કીનારે છે, આ એક અલગ વૈશિષ્ટ્ય છે જબલપુરનું અને જેમ આપણે ત્યાં કહેવાય છે કે ગિરિરાજજી કે શાલિગ્રામ કે કાંતાનાથજી જે અયોધ્યામાં બિરાજે છે એમની પ્રાણપ્રતિષ્ઠા નથી કરવી પડતી. આ જ રીતે નર્મદેશ્વર મહાદેવની પણ જો પૂજા કરવી હોય તો એમની પ્રાણપ્રતિષ્ઠાની આવશ્યકતા નથી રહેતી. પૂજા શરૂ કરો અને ભગવાન્ ત્યાં સ્વપ્રતિષ્ઠિત છે. આ એક ખૂબ જ અદ્ભુત વાત છે કે પ્રાણપ્રતિષ્ઠા એક સંસ્કાર છે જે આપણે ભગવાન્‌નો પણ કરીએ છીએ. કોઈ-કોઈ સ્થળો ઉપર ભગવાન્‌ની એવી મહિમા છે કે તેઓ સંસ્કારની પણ અપેક્ષા નથી રાખતા. આમ તો આને બધા લોકો સંસ્કારધાની કહી

રહ્યા છે પરંતુ ભગવાન્ અહીં સંસ્કારની અપેક્ષા નથી રાખતા, સ્વતઃ પ્રતિષ્ઠિત છે.

અહીં જ્યારે રૂપચંદજી સાથે મારો પરિચય થયો તો જ્યારે હું અને મારી નાની બહેન ટ્રેનમાં પાછા જઈ રહ્યા હતા ત્યારે એમની જ વાતો કરતા-કરતા રાત્રે સૂતા કે અતિશય ભયંકર વ્યક્તિત્વ લાગે છે. પણ ખબર નહીં જેમ-જેમ સંબંધ વધતો ગયો તેમ-તેમ એ ભય એટલી આત્મીયતામાં પરિણામ પામતો ગયો કે રૂપચંદજી ક્યારેક ગુસ્સાથી, ક્યારેક નમ્રતાથી, કાંઈક કહી દેતા ‘‘કેમ નથી આવતા, આવવું પડશે, ક્યાં જશો?’’ આવા ડરના કારણે આવવું પડતું હતું. હું અવાર-નવાર એમને ફરમાઈશ કરતો હતો કે તેઓ રામાયણના દોહા બોલે કે જેમાં હનુમાનજી કે અંગદજીએ દાંત કચકચાવ્યા છે. હું કહેતો હતો ‘‘આપ દાંત કચકચાવીને કહેશો તો મારે આવવું જ પડશે.’’ ખૂબ જ આત્મીય પરિચય હતો. આ રીતે એક મહિનો રૂપચંદજી અમારે ત્યાં કિશનગઢમાં રહ્યા અને આખું વિઠ્ઠલાયન એમણે સંભળાવ્યું. તે પછી મહાપ્રભુજીની પંચશતાબ્દિમાં પણ અમારે ત્યાં સમ્મિલિત થયા. ઉત્તરોત્તર એ આત્મીયતા એટલી વધી ગઈ કે એની વિવશતાના વશ હું અહીં આવ્યો છું. આને આત્મગૌરવથી વધુ હું મારી વિવશતા માનું છું. એમનો મારા પ્રત્યેનો સ્નેહ અને વેવલેંન્થ્ (વિચારધારા) પણ મળતી હતી, બાકી આત્મીયતા તો ઘણી બધી વ્યક્તિઓ સાથે હોય છે પરંતુ વેવલેન્થ્ ઓછી મળે છે. પરંતુ ખબર નહીં કેમ રૂપચંદજી સાથે એવું ન હતું. એમની વાત મારા દીલમાં ઉતરી જતી હતી અને મારી વાત એમના હૃદયમાં ઉતરી જતી હતી. તેથી એમના પુત્રોએ જ્યારે મને સૂચના આપી ત્યારે મેં કહ્યું ‘‘અવશ્ય આવીશ’’. આમ તો આ કાર્યક્રમ રૂપચંદજીની હાજરીમાં થવો જોઈએ કેમકે તેઓ મને વારંવાર બોલાવી રહ્યા હતા અને ખૂબ જોરથી મને ડરામણી આપી હતી પરંતુ અમુક પરિસ્થિતિવશ હું ન આવી શકયો પરંતુ આવવાનું વચન અવશ્ય આપ્યું હતું. મને લાગે છે કે રૂપચંદજી મને ક્ષમા કરશે કે હું એક વર્ષ પછી આવ્યો છું. એમનો અને મારો મૈત્રીભાવ એવો જ હતો.

પ્રકરણ : ૧

('મનુષ્યની મનુષ્યતા' વૈદિક-અવૈદિક દષ્ટિથી)

'હું' ની ઓળખાણ શું?'

જે વિષય મેં આ સંદર્ભમાં પસંદ કર્યો છે તે કાંઈક આ રીતે છે કે આપણે આપણી જાતને ક્યા પ્રકારથી ઓળખીએ. પોતાની ઓળખાણ શું? જ્યારે પોતાની ઓળખાણની વાત કે મુદ્દો આવે છે ત્યારે એક ખૂબ સરસ શેરની કેટલીક લીટી છે જે હું આપને સંભળાવવા માગુ છું. ઉર્દૂ ભાષાનો શેર છે.

લો વો પૂછતે હૈં મુજસે કિ તૂં ક્યા હૈ?
જહાઁમેં કૌન જાન પાયા કિ 'મેં' ક્યા હૈ!
કિતાબેં કહતી હૈ ઈંસાન હૈ તસ્વીરેખુદા,
તો મૈં ખુદા ક્યોં નહીં! હૂં તો ફિર ખુદા ક્યા હૈ?

લોકો મને પુછે છે કે 'તૂ' શું છે? હું એમને પૂછું છું કે બતાવો આ જગતમાં કોણ એવો છે જે જાણી શકયો છે 'હું' શું છે? બધી ચોપડીઓમાં જેમ કે બાઈબલમાં, કુરાનમાં એમ કહેવામાં આવ્યું કે ખુદા પોતાના તસવ્વુર (કલ્પના)થી માણસને બનાવ્યો છે તો પછી હું જ ખુદા કેમ નથી હોઈ શકતો અને છું તો પછી તે ખુદા શું છે?

લોગ પરેશાં હૈ ખુદી ઔર ખુદાકે મસલે પર,
એ ખુદા તૂ બતાકિ યે હંગામાએ હસ્તી ક્યા હૈ?

'ખુદી' એટલે સેલ્ફઅવેયરનેસ્ (પોતે શું છે તેનો અહેસાસ), લોકો એ વાતથી પરેશાન છે કે 'હું' અને 'ખુદા' નો મુદ્દો શું છે? આ બધું શું તોફાન છે. હે મારા ખુદા તું જ મને બતાવ.

('હું'ની બાબતમાં વેદદષ્ટિ)

જે પ્રકારથી શાયરે આ પૂછયું છે, વેદે ખૂબ જ અગાઉ આ પ્રશ્ન ઉઠાવ્યો હતો **''કો અદ્ધા વેદ ક ઈહ પ્રવોચત્ કુત આ જાતા કુત ઈયં**

વિસૃષ્ટિઃ?'' (ઋ.સં.૧૦।૧૨૯।૬) ક્યાંથી આવી રહ્યો છે, ક્યાં જઈ રહ્યો છે. જે કાંઈ આવી રહ્યું છે અને જે કાંઈ જઈ રહ્યું છે તેમાં જે હું આવી રહ્યો છું તો શું હું મારા સામર્થ્યથી આવી રહ્યો છું કે કોઈ મને ઘસડીને લઈ આવી રહ્યું છે. ''લાઈ હયાત આએ કજા લે ચલી ચલે, અપની ખુશી ન આયે, ન અપની ખુશી ચલે'' હું મારા સ્વભાવથી આવ્યો છું કે મારા સામર્થ્યથી આવ્યો છું કે કોઈ બીજાની ઈચ્છાથી આવ્યો છું. હું ક્યાંથી આવ્યો છું, અને ક્યાં જઈ રહ્યો છું? અરે! જ્યારે 'હું'નું સ્વરૂપ નથી સમજાતું તો આ વાતને કેવી રીતે સમજી શકાય કે ક્યાંથી આવ્યો છું અને ક્યાં જઈ રહ્યો છું. આપણા 'હું' ની સાથે આ જ તકલીફ કાંઈક એવી ગુંચવાયેલી છે અને એ ગુંચવાયેલી તકલીફમાં, વેદે તો ત્યાં સુધી કહી દીધું કે **''યો અસ્યાઃ અધ્યક્ષઃ પરમે વ્યોમન્ સો અંગ વેદ યદિ વા ન વેદ''** (ઋ.સં.૧૦।૧૨૯।૭) જે આને ગવર્ન્ (નિયંત્રણ) કરી રહ્યો છે તેને ખબર છે કે નહીં ક્યાંથી આવી રહ્યો છે, ક્યાં જઈ રહ્યો છે કે પછી એને પણ ખબર નથી? બહુ મોટી વાત કહી દીધી છે. મેકસમૂલર કહે છે કે ''બીજો કોઈ ઈશ્વરવાદી આવું કહે તો તેના ફેંફસા ફાટી જાત. આ તો ભારતીય મનીષા છે જે આવું કહી શકે છે. આ તો ઈશ્વરને પણ એવું પૂછી લે છે કે તમને ખબર છે કે નહીં કે ક્યાંથી આવી રહ્યો છે ક્યાં જઈ રહ્યો છે?'' ધ્યાનમાં રાખો કે વેદ અનીશ્વરવાદી નથી. ઈશ્વરવાદી હોવા છતાં પણ ઈશ્વરને સવાલ કરવો, એમાં ક્યાંક ને ક્યાંક આશ્વસ્તતા છે ઈશ્વરની સાથે, આપણો ઈશ્વર આપણને આશ્વસ્ત રાખે છે કે હાં પૂછી શકો છો આવો સવાલ. કોઈ બીજો ઈશ્વર કરતો હોય કે ન કરતો હોય, તે આપણને કાફિર ઘોષિત કરતો હોય કે ''તમે મારી સર્વજ્ઞતા ઉપર સવાલ કરનાર કોણ? આના ઉપર પ્રશ્નચિન્હ લગાવનાર તમે કોણ?'' પરંતુ આપણા વેદ આપણને આશ્વસ્ત કરે છે કે તમે પૂછી શકો છો. ન માત્ર આશ્વસ્ત કરે છે પરંતુ આપણે પરમાત્માને શુદ્ધ પણ કરી શકીએ છીએ. તૈત્તિરીયઆરણ્યકના એક વિરજા હોમમાં એક બહુ મજેદાર વાત આવે છે **''પૃથિવ્યાપસ્તેજો વાયુરાકાશા મે શુદ્ધયન્તાં જ્યોતિઃ આત્મા મે શુદ્ધયન્તાં જ્યોતિરહં વિરજા, અન્તરાત્મા મે શુદ્ધયન્તાં જ્યોતિરહં વિરજા, પરમાત્મા**

મે શુદ્ધયન્તાં જ્યોતિરહં વિરજા વિપાપ્મા ભૂયાસમ્'' (મહા.નારા. અનુવાક્-૬૬). ઠીક છે, આ તો બધા શુદ્ધ હોવા જ જોઈએ, કરવા જોઈએ પરંતુ **''આત્મા મે શુદ્ધયન્તામ્''** અને છેલ્લો દડો એવો ફેંક્યો કે **''પરમાત્મા મે શુદ્ધયન્તામ્''** કોઈક સંસ્કાર પ્રભુ અમે આપનો કરશું, કોઈક સંસ્કાર આપ અમારો કરો, જ્યારે આપણે બંને આત્મા અને પરમાત્મા છીએ તો બંને એકબીજાને શુદ્ધ કરીશું. આપ કાંઈક આપની કૃપાથી અમને શુદ્ધ કરો! અમે અમારી ભક્તિથી આપને શુદ્ધ કરી દઈશું. જો અમે આપની ભક્તિ નહીં કરીએ તો આપ અશુદ્ધ રહી જશો અને આપ કૃપા નહીં કરો તો અમે અશુદ્ધ રહી જશું. બંનેએ એક-બીજાને શુદ્ધ કરવાના છે. જ્યારે આ પરસ્પર શુદ્ધિકરણ થાય છે ત્યારે ત્યાં ભારતીય પ્રજ્ઞા ચમકે છે કે ઈશ્વરની બાબતમાં અમે આટલી આત્મીયતાથી વિચારીએ છીએ. આપણે કોઈ ડરપોકપણાથી ઈશ્વરની બાબતમાં નથી વિચારતા. જ્યારે આપણે ઈશ્વરને પરાયો માનીએ છીએ ત્યારે તે ઈશ્વર આપણા માટે ભયંકર બની જાય છે. **''ભયં દ્વિતીયાભિનિવેશતઃ સ્યાદ્ ઈશાદ્ અપેતસ્ય વિપર્યયોઽસ્મૃતિઃ''** જેટલા દિવસ આ પ્રવચન ચાલશે ત્યાં સુધી જેમ કોઈ ગીત ગાઈએ છીએ ત્યારે સમ કે મુખડા આવે છે તેમ પ્રવચનના મુખડા આ ચાર શ્લોક રહેશે અને આપણે ગાઈ ગાઈને આને રોજ દોહવરાતા રહેશું. જેથી આપણને આપણી બંદિશ શું છે તે યાદ રહે. બાકી રાગ તો આપણે આલાપતા જ રહેશું પરંતુ બંદિશ ભૂલવી ન જોઈએ.

(મનુષ્યની પરિભાષા શું? વિચારશીલ બુદ્ધિમાન સામાજિક રાજનૈતિક કે ટેકનીકવાળો (બુદ્ધિમાન) પશુ!)

આપણી ભારતીય પ્રજ્ઞાનું જે મહત્ત્વપૂર્ણ યોગદાન છે તે એ છે કે પોતાની જાતને કેવી રીતે જોવી, આત્માને કેવી રીતે જોવી, પરમાત્માને કેવી રીતે જોવો અને જ્યારે આ દૃષ્ટિનો આપણે વિચાર કરીએ છીએ ત્યારે એક વાત આની સરખામણીમાં સામે આવે છે આ દૃષ્ટિમાં બીજાના

વિચારો શું છે? એક સાચી વાત કહું તમને કે યૂનાની દર્શન, યૂનાની ચેતના, ભારતીય દર્શનથી ઘણી જ સન્નિકટ રહી છે અને ખૂબ જબરદસ્ત તેનું યોગદાન છે તે વાતનો ઈન્કાર નથી કરી શકાતો. પરંતુ પહેલી વખત યૂનાની ચેતનાને એવો બોધ થયો કે મેન ઈઝ એ રેશનલ એનિમલ્, મનુષ્ય એક બુદ્ધિમાન પ્રાણી છે. તેનો ઉત્તરોત્તર વિકાસ યૂરોપીય ચેતનામાં એવો થયો કે મેન ઈઝ એ સોશ્યલ્ એનિમલ્, મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. પરવર્તી કાલમાં ખાસ કરીને ઔદ્યોગિક ક્રાંતિ પછી જ્યારે પોલિટિકસે જોર પકડયું ત્યારે, કહેવામાં આવ્યું કે મેન ઈઝ અ પોલિટિકલ્ એનિમલ્ અને આ બાજુ નવજાગરણ પછી વૈજ્ઞાનિક, આધુનિક યુગ આવ્યો ત્યારે લોકોએ આ રીતે પણ એને પરિભાષિત કર્યું કે મેન ઈઝ એ ટેકનોલોજિકલ્ એનિમલ્, આપણે આપણી જાતને શું સમજવી? રેશનલ્ સમજવી, સોશિયલ્ સમજવી કે પોલિટિકલ્ સમજવી.

(શું વ્યાવર્તક ગુણોમાં (ડીફ્રેન્ટીયા) જ મનુષ્યના અસ્તિત્વનો બોધ સાચો છે?)

પરંતુ, આ બધી પરિભાષાઓમાં એક એનિમલ્ (પ્રાણી) તો છૂપાયેલો જ છે. જે કાંઈ પણ આપણે નક્કી કરવાનું છે તે ફક્ત પરસેંટેજ્ (ટકાવારી, માત્રા) જ તો છે. કેટલી માત્રામાં રેશનલ્ છે, કેટલી માત્રામાં સોશિયલ્ છે, કેટલી માત્રામાં ટેકનિકલ્ છે, કેટલી માત્રામાં પોલિટિકલ્ છે અને બધા પછી પણ કેટલી માત્રામાં પાછો એનિમલ્ છે. આ માત્રાઓ તો આપણે વિચારવી જ પડશે. કેમ કે પરિભાષાની પરિભાષા આ રીતથી આપવામાં આવે છે કે ડિફ્રેન્સિયા્-કમ્-જીનસ. તો જીનસ્ આપણી એનિમિલિટી જ થઈને! અને ડિફ્રેન્સિઅ્, વ્યાવર્તક ગુણો આ આપણા બધા છે પ્રસ્તાવિત. પરંતુ તે એક દષ્ટિનો વિકાસ છે જે પાશ્ચાત્ય સંસ્કૃતિમાં થયો છે અને ચાલતો રહેશે. મેં એક પુસ્તક 'બ્રહ્મ બ્રહ્માંડ અને મનુષ્યના અસ્તિત્વની ખોજ' માં આનું વિસ્તારથી વિવેચન કર્યું છે અને ક્યાં સુધી તે લઈ જાય છે તેમાં મેં એ બતાવ્યું છે કે આત્મહત્યાના વિવિધ

ઉપાય જાણનાર પણ કોઈ પ્રાણી છે તો તે મનુષ્ય જ છે. બીજા કોઈ પ્રાણી આત્મહત્યાના આટલા સરસ ઉપાય નથી જાણતા જેટલા કે મનુષ્ય જાણે છે. પરંતુ સૌથી મોટી વાત આપણે આ પરિભાષાઓમાં ગુંચવાયા વિના ભારતીય દૃષ્ટિકોણથી જો વિચારવી છે તો સૌથી મોટો પ્રશ્ન એ પેદા થાય છે કે આ બૌદ્ધિકતા, આ સામાજિકતા, આ રાજનૈતિકતા કે આ ટેકનિકી ઉત્કર્ષ આપણા અસ્તિત્વનો સારબોધ છે? કેમ કે કોઈ બીજા પ્રાણીએ આટલો ટેકનિકી વિકાસ હજી સુધી નથી બતાવ્યો, કમ સે કમ પૃથ્વી ઉપર. કોઈ બીજા ગ્રહ ઉપર હોય તો આજ સુધી વિજ્ઞાન પણ નક્કી નથી કરી શકતું. એ જમાનો ગયો જ્યારે લોકો કહેતા હતા કે પૃથ્વીને કેન્દ્રમાં રાખીને આખી સૃષ્ટિનું નિર્માણ થયું છે. પૃથ્વી આખી સૃષ્ટિનો ચરમોત્કર્ષ છે. સૃષ્ટિનો ચરમોત્કર્ષ પૃથ્વી નથી, કદાચ પૃથ્વીનો ચરમોત્કર્ષ માણસ હોઈ શકે છે, જો આ નિર્ણય થઈ જાય કે માત્રા મુજબ તેમાં એનિમિલિટી કેટલી છે.

(વૈજ્ઞાનિક દૃષ્ટિથી ક્રિયાશીલતાનું ઉદ્‌ગમકેન્દ્ર ‘નીયોકોરટેક્સ્’)

હું તમને એક વાત બતાવું કદાચ તમને બોરિયત (કંટાળાજનક) લાગશે પરંતુ હું તમારી સાથે માણવા માગુ છું. આધુનિક વિજ્ઞાનના હિસાબથી આપણા માથાની અંદર ત્રણ પડ છે. પહેલું રેપ્ટીલિયન્ કોમ્પલેક્ષ જે બધાથી અંદરરહેલું છે તેના પછી એક લિમ્બિક્ સિસ્ટમ્ અને પછી સૌથી ઉપરનું પડ઼ નીયો કોરટેકસ્ છે. આ બહુ મજેદાર વાત છે. આ વિષયમાં કે જે રેપ્ટીલિયન્ કોમ્પલેક્ષ્ છે, તે ચેતનાશીલ છે પરંતુ ભાવનાશીલ નથી. આપણી ચેતનાશીલતાનું કેન્દ્ર રેપ્ટીલિયન્ કોમ્પલેક્ષ્ છે. આપણી ભાવનાશીલતાનું કેન્દ્ર તેના ઉપર એક આવરણ નીયો કોરટેકસ્‌નું છે. જેમ ઉપનિષદ્‌માં પંચકોષની જે ધારણા પ્રસ્તુત કરવામાં આવી છે, અન્નમય પ્રાણમય મનોમય વિજ્ઞાનમય આનંદમય, એકબીજા ઉપર ચઢેલા આ આવરણ છે. તેવી જ રીતની અમુક વાત વિજ્ઞાને પણ કરી છે કે આપણા મસ્તકમાં આ જ રીતના આવરણ વિકસિત થયા છે.

જે રેપ્ટીલિયન કોમ્પલેક્ષ્ છે તેનાથી ચેતનાશીલતા નિયંત્રિત થાય છે. પરંતુ ભાવનાશીલતા નિયંત્રિત નથી થતી અને લિમ્બિક્ સિસ્ટમ્નું આવરણ છે. ત્યાંથી ભાવનાશીલતા આવે છે. એ ભાવનાશીલતાની ઉપર ત્રીજું પડ઼ નીયો કોરટેકસ્માં આપણી ક્રિયાશીલતા જેમાં મુખ્યરૂપે તે ક્રિયાઓ જેને આપણે આપણા આત્મ-કેન્દ્રિયકરણ (ઈગો-સેન્ટ્રીઝમ્) ના કારણે આપણી બૌદ્ધિક ક્રિયાઓ અથવા વૈચારિક ક્રિયાશીલતા કહીએ છીએ, તે બધી ક્રિયાઓ નિયંત્રિત થાય છે.

ધ્યાનથી જૂઓ, થોડીએવી ધીરજની જરૂર છે તેનાથી એવું લાગે છે કે જ્ઞાન, ભક્તિ અને કર્મના આપણી અંદર પ્રકટ થવાના આ જ તો ત્રણેય પ્રકાર છે, જેને આપણે જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ અને કર્મમાર્ગ કહીએ છીએ. પ્રાચિન દર્શનોમાં આને **'જાનાતિ ઈચ્છતિ યા યતતે'** ના રૂપમાં કહ્યું. એમ **'જાનાતિ'** નો સ્તર છે, એક **'ઈચ્છતિ'** અને એક **'યતતે'** નો સ્તર છે.

('મનુષ્ય વિચારશીલ પ્રાણી છે' - વિચારશીલ મનુષ્યની અવિચારશીલ પરિભાષા)

ઘણા લોકો પાશ્ચાત્યદર્શનમાં કે ધર્મદર્શનમાં એમ સમજતા હતા કે મનુષ્યમાં જ આ સામર્થ્ય છે, બીજા પ્રાણિઓમાં આ સામર્થ્ય નથી. એક દેકાર્તે નામનો ચિંતક થયો છે. એણે તો કહી દીધું કે મનુષ્ય સિવાયના બીજા બધા ઓટોમેટ્ છે, મનુષ્ય જ માત્ર એ વિચારી શકે છે કે 'હું વિચારી રહ્યો છું' અને એટલા માટે નિઃસંદિગ્ધ અસ્તિત્વ માત્ર મનુષ્યનું છે. પરંતુ ક્યાંક ને ક્યાંક આ બે-ત્રણ શતાબ્દિઓમાં જે કાંઈ પણ પ્રયોગ થયા છે, તેના દ્વારા તે બધી ધારણાઓ ધ્વસ્ત થઈ ગઈ છે. કેટલાક લોકો એમ સમજાવતા રહ્યા કે ભાષાના કારણે વિચાર છે કે વિચારના કારણે ભાષા છે? કેમકે આપણે બોલી શકીએ છીએ, તે આપણી વિચારશીલતાની સામર્થ્ય છે. બીજા પશુ બોલી નથી શકતા, તે એની અવિચારશીલતાનું પ્રમાણ છે. નવું વિજ્ઞાન આ ઉપરોકત વાતો સાથે લેશમાત્ર પણ સહમત નથી. ઘણા બધા પ્રયોગ કરીને એ સિદ્ધ કરવામાં

આવ્યું કે ઘણા બધા પ્રાણી પોતાની ભાષાઓ બોલે છે. એમની ખુદની ભાષાઓ છે. એ ભાષાઓને આપણે નથી સમજી શકતા. આ આપણી અજ્ઞાનશીલતા છે કે આપણે કોઈ બીજાની ભાષા નથી સમજી શકતા. આપણે મનુષ્ય પણ આપસમાં એક-બીજાની ભાષા ક્યાં સમજીએ છીએ. જેવો મેં તમને એક શેર સંભળાવ્યો.

''યા રબ વો ન સમજે હૈં, ન સમજેંગે મેરી બાત,
દે ઔર દિલ ઉનકો, યા દે મુજકો જુબાં ઔર.''

આપણે પણ આપસમાં એકબીજાની વાત નથી સમજતા. વાત નથી સમજતા તો શું આપણે વિચારશીલ નથી? વિચારશીલ તો છીએ પરંતુ તે વ્યવસ્થા કાંઈક એવી છે કે એક-બીજા સાથે કમ્યુનિકેશન (સામાજિક વહેવાર-સંબંધ) નથી થઈ શકતો. કાંઈક વિચારોનું સંપ્રેષણ (સંદેશા વ્યવહાર) નથી થઈ શકતું. એટલા માટે ક્યાંક ને ક્યાંક કાંઈક અડચણ આવી જાય છે.

આની બાબતમાં એક ખૂબ જ મધુર પ્રયોગ અમેરિકામાં ચિંપાજીઓ (વાંદરાઓ) ઉપર થયો. પ્રયોગ કરવાથી વૈજ્ઞાનિકોને જાણવામાં આવ્યું કે તેની પાસે વોકલ કોર્ડની એવી વ્યવસ્થા જ નથી કે તેઓ આપણા જેવી ભાષા બોલી શકે. એટલા માટે તેઓ બોલી નથી શકતા. તેથી આપણને આ ભ્રમ થઈ જાય છે કે આ બોલી નથી શકતા તેથી કદાચ આ વિચારહીન પશુ છે. પરંતુ વૈજ્ઞાનિકોએ પ્રયોગ કરીને ધીરે-ધીરે એમની કન્ડીશનિંગ્ (પરિસ્થિતિ) એવી રીતે વિકસિત કરી કે બોલી ન શકે પરંતુ કાંઈક ઈશારાઓ અથવા કોઈક બટન એવા દબાવે કે એમને શું જોઈએ, કે તેઓ શું કરવા ઈચ્છે છે, તે વાત ચિંપાંજી કહી શકે. તે પ્રયોગ પછી તે ચિંપાંજીઓએ એ વૈજ્ઞાનિકો સાથે બટન દબાવી દબાવીને મોટી-મોટી વાત કરી છે. અહીં સુધી બન્યું કે પાશ્ચાત્ય દાર્શનિક કહેતા હતા, (કદાચ 'લોક' કહેતો હતો કે કોઈ બીજાએ કહ્યું મને બરાબર યાદ નથી આવતું પરંતુ કહ્યું કે) ''મનુષ્ય સિવાય કોઈ બીજા પ્રાણી અમૂર્ત ચિંતન નથી કરી શકતા'' પરંતુ એ જ વૈજ્ઞાનિકોએ સિદ્ધ કરીને બતાવ્યું કે ઘણા

બધા પ્રાણી અમૂર્તચિંતન કરે છે અને તે પ્રયોગસિદ્ધ વાત છે તે આ પ્રકારની કે વૈજ્ઞાનિકોએ ચિંપાંજીને સમજાવ્યું કે ''આને ફળ કહેવાય છે. આને ઓરેંજ કલર કહેવાય છે. આને સફરજન કહેવાય છે.'' ચિંપાંજીને જ્યારે નારંગી આપવામાં આવી ત્યારે તેણે કહ્યું કે આ ઓરેંજ એપલ છે. હવે જૂઓ આ જ બે, વિધેય અને ઉદ્દેશ્ય નું સંયોજન જ તો બુદ્ધિનો વિચાર છે ને! આના સિવાય શું છે? ઉદ્દેશ્ય-વિધેય-ભાવ સિવાય પ્રપોજિશન્ શું છે? કોઈપણ વિચારાત્મક વિધાન છે, તે કોઈક ઉદ્દેશ્યને લઈને કોઈ વસ્તુનું વિધાન કરવું કોઈ બાબત ઉપર, કોઈ વસ્તુનું પ્રેડિકશન્ (વિધાન) કરવું એજ તો વિચાર છે. ચિંપાંજીએ કહ્યું કે ઓરેન્જ એપલ છે. જ્યારે તે વૈજ્ઞાનિક એ ચિંપાંજીને વારંવાર તે પ્રયોગ કરવા માટે કહેતો હતો અને તે ચિંપાંજી જ્યારે થાકી ગયો તો તેણે કહ્યું ''ઓહ યુ ડર્ટી મેન! ગો અવે''

કેમ કે જ્યારે પણ તે ચિંપાંજી કાંઈક ગંદકી કરતો ત્યારે તે વૈજ્ઞાનિક તેને કહેતો હતો કે ''ઓહ યુ ડર્ટી મન્કી'' તેથી તે ચિંપાંજીને સમજાઈ ગયું કે ગુસ્સો આવે ત્યારે ''ડર્ટી'' કહેવું જોઈએ. તેથી તે એવા પ્રયોગોથી થાકી ગયો ત્યારે તેણે કહ્યું ''ઓહ યુ ડર્ટી મેન! ગો અવે. ડૂ નોટ્ ડીસ્ટર્બ મી'' એ જે બટન હતા તેમાં 'ડર્ટી' નું એક બટન હતું, 'ગો અવે' નું બટન હતું. 'કમ' નું બટન હતું. 'મેન'નું બટન હતું તેથી તેણે બે ત્રણ બટન દબાવ્યા. મતલબ કે મને તંગ ન કરો. બહુ થઈ ગયા મારા ઉપર તમારા પ્રયોગ. તો અમૂર્ત ચિંતન વગર કોઈપણ વાંદરો આ કેવી રીતે વિચારી શકે! એટલા માટે અમને એવું લાગે છે. તે આપણી ભાષા નથી બોલી રહ્યો પરંતુ પોતાની ભાષામાં તો તેને આ વાતનું અમૂર્ત ચિંતન છે, સબ્જેકટ્ અને પ્રેડિકેટ્ના ઉદ્દેશ્ય – વિધેયભાવ, જે વિચારનો પાયો છે તે તો તેમાં બરાબર એ જ રીતે કામ કરી રહ્યો છે જેવી રીતે મનુષ્યમાં કામ કરી રહ્યો છે.

જ્યારે આપણે આ દાવો કરીએ છીએ કે મેન ઈઝ રેશનલ્ એનિમલ્ ત્યારે આમાં રેશનાલિટીને બદલે એક પ્રકારની ઈર્રેશનાલિટી પ્રકટ થાય છે, એવું મને લાગે છે. જો આપણી રેશનાલિટીને બધા સાથે વહેંચીએ

છીએ, અને આપણા વેદોએ આ વાત સમજાવી છે કે ભાષા ફક્ત મનુષ્યની ભાષા નથી, પ્રકૃતિની ભાષા અલગ છે, દેવભાષા અલગ, છે, પશુભાષા અલગ છે, પક્ષીભાષા અલગ છે. આસ્ક કહે છે કે ઘણી બધી ભાષાઓ છે. એકની ભાષા બીજો ન સમજી શકે, એ તો વાત બરાબર છે. જેમ કદાચ તમને ખબર હોય કે ન હોય પરંતુ જર્મનીની ભાષા રોમન્ લોકોને સમજાતી નહોતી તેથી એમને લાગતું હતું કે આ લોકો બોલતા નથી કાંઈક બડબડ કરે છે તેનાથી જ 'બાર્બેરિયન્' શબ્દ બન્યો. પણ ભાઈ! તમે એમની ભાષા નથી સમજી શકતા તેથી તે બાર્બેરિયન્ નથી. બધી જગ્યાએ આ રીતે થઈ જાય છે, જ્યારે પણ આપણે બીજાની ભાષા નથી સમજી શકતા ત્યારે આપણને લાગે છે કે તે વ્યક્તિ જાનવર છે, હૈવાન છે. પરંતુ તેમની ખુદની કોઈ ભાષા છે. દરેક પ્રાણીની ખુદની ભાષા છે અને તે ભાષાઓને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

('મનુષ્ય સામાજિક પ્રાણી છે' – મનુષ્યની આહંકારિક પરિભાષા)

પ્રાચીનસમયમાં આપણે ત્યાં ચોસઠ કલાઓમાં આ પણ વાત બતાવી છે, જેમ કે ભાગવતમાં જ છે કે પશુ-પક્ષીઓની ભાષા સમજવાની શિક્ષા સાંદિપની ઋષીએ કૃષ્ણને આ જ મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં જ તો આપી હતી. કૃષ્ણ પણ તો ચૌસઠ કલાઓમાં પશુ-પક્ષીઓની ભાષા શીખ્યા હતા ને! હોતી હતી ભાષા. આપણે ક્યારેય એવી રીતે આપણી જાતને નથી વિચારી કે આપણે પશુ-પક્ષીથી આ અર્થમાં અલગ છીએ કે આપણે બુદ્ધિમાન છીએ કે પછી આ અર્થમાં અલગ છીએ કે આપણે સામાજિક છીએ કેમ કે આપણે જોઈ શકીએ છીએ કે ઘણી બધી સામાજિકતા પશુ-પક્ષીઓમાં જેટલી સરસ સુવ્યવ્સ્થા છે એટલી સુવ્યવસ્થા મનુષ્યમાં નથી. આજ સુધી મેં ક્યારેય નથી સાંભળ્યું કે કોઈ પશુ-પક્ષીએ શોખ ખાતર કોઈ મનુષ્યનો શિકાર કર્યો હોય. મનુષ્યે ચોક્કસ પોતાના શોખ ખાતર પશુ-પક્ષીનો શિકાર કર્યો છે. તો કોણ વધારે સામાજિક છે. થોડો શાંતિથી વિચાર કરો. ભુખ લાગે ત્યારે હર કોઈ પશુ-પક્ષી જે વસ્તુ ખાવી છે, ખાય છે. શોખખાતર એમ કે

કોસ્મેટિક્ (સૌન્દર્યવર્ધક પદાર્થ) માટે ક્યારેય સિંહે પોતાના વાળ વધારવા માટે મનુષ્યની ચરબી નથી વાપરી. આપણે આપણા વાળ વધારવા માટે બીજાની ચરબી વાપરીએ છીએ. સિંહે પોતાનો ઈલાજ કરાવવા માટે, સાપે પોતાનું ઝેર વધારવા માટે ક્યારેય મનુષ્ય પાસેથી દુધ નથી માગ્યું. આપણે આપણો બેલ્ટ (કમરનો પટ્ટો) બનાવવા માટે સાપની ચામડી કાઢતા રહીએ છીએ. જાણતા નથી કે સાંપ આપણો કેટલો મિત્ર છે. વ્યર્થમાં એને મારતા રહીએ છીએ. સાંપ દેખાણો નથી કે 'મારો મારો' દેકારો થઈ જાય છે ચારે બાજુ. સાંપ ક્યારેય પણ મનુષ્ય દેખાય કે 'કરડો-કરડો' કરીને પાછળ નથી દોડતો. તેના ઉપર આપણો પગ પડે ત્યારે તેની પાસે કોઈ રસ્તો નથી હોતો સમજવાનો કે તમે શા માટે પગ રાખીને એની પૂંછડી દબાવી, તેથી તે કરડી લે છે. પરંતુ મનુષ્યના દર્શનના અપરાધનો દંડ સાંપ નથી આપતો. જેમ સાપ દેખાય ત્યારે તેના દર્શનના અપરાધનો દંડ આપણે તેને આપીએ છીએ કે મારો સાલાને, કેમ દેખાયો તે આપણા શહેરમાં. અરે ભાઈ! તમે એના જંગલ પચાવી પાડયા. હવે તે શહેરમાં નહીં આવે તો જશે ક્યાં. પરંતુ શહેરમાત્ર જો કોઈ દેખાઈ જાય તેંદુઆ (ચિત્તાની જાતિની એક વન્ય હિંસક જંતુ) કે કોઈ બીજું જાનવર તો બસ ''મારો-મારો'' ગામમાં આવી ગયો, આ જ દેકારો મચી જાય છે. અમારા મુંબઈમાં ક્યારેક અજગર અને ચિત્તા ક્યાંક દેખાઈ જાય છે. તેને લોકો મારવા માટે પકડી લે છે. તે આવે છે શા માટે? તે તો તમે વિચાર ન કર્યો કે ખાવાનું એની પાસે નથી. તેના જંગલોમાં અતિક્રમણ તમે કર્યું છે. તેણે તો તમારા ઉપર પ્રતિબન્ધ લાગૂ નથી કર્યો કે તમે જંગલમાં ન આવો. તમે તેના ઉપર પ્રતિબન્ધ લાગૂ કરી રહ્યા છો કે અમારા શહેરમાં તમે નથી આવી શકતા.

હવે, અસામાજિક કોણ વધારે છે? આપણે ફક્ત આપણા સમાજને સમાજ તરીકે વિચારીએ છીએ. ક્યારેક બધા પ્રાણીના સમાજને સમાજ તરીકે જૂઓ તો બધા પ્રાણિઓમાં આ એક ગૂઢ ધારણા હશે કે આખી પૃથ્વીઉપર જો કોઈ સૌથી વધારે અસામાજિક હોય તો તે મનુષ્ય

છે. તેથી મને નથી લાગતું કે 'સોશિયલ્ એનિમલ્' મનુષ્યની પરિભાષા કોઈ વિચારના કારણે પ્રકટી હોય. તે તો કોઈક અહંકારના કારણે પ્રકટ થયેલી પરિભાષા છે.૩

(પ્રાણીસમુદાયની દૃષ્ટિએ જોઈએ તો મનુષ્ય ઘોર અસામાજિક પશુ છે)

બુદ્ધધર્મના એક જર્મન સાધુ હતા, અનાગારક લામા ગોવિંદ. ખૂબ જ અદ્‌ભુત સાધુ હતા. રાહુલ સાંકૃત્યાયન અને તેઓ એક સાથે તિબેટ ગયા હતા. મેં એમની ડાયરી વાંચી છે. તેઓ લખે છે કે ''પહેલી વખત હું લદાખ થઈને તિબેટમાં પ્રવેશ કરી રહ્યો હતો ત્યારે થાકીને એક પહાડની શિલા ઉપર હું બેસી ગયો. જેવો હું બેઠો, મારા આખા શરીર ઉપર આવીને ચકલીઓ બેસી ગઈ. હું રોમાંચિત થઈ ગયો કે અહીંની ચકલીઓ મનુષ્યજાતિ ઉપર આટલો વિશ્વાસ કરી કેવી રીતે રહી છે કે મનુષ્યના શરીર ઉપર બેસી શકાય છે! મેદાનની ચકલીઓ તો મનુષ્યજાતિ ઉપર વિશ્વાસ કરતી જ નથી. થોડાક છેટેથી મનુષ્ય પાસે આવી જાય તો તે ચકલી ફુર્ર કરતી ઉડી જાય છે.'' તે વાત ઉપર તેઓ બૌદ્ધ થઈ ગયા, એવું એમણે લખ્યું છે. જ્યાં પક્ષી જો મનુષ્ય ઉપર આટલો વિશ્વાસ કરી શકે છે તો ત્યાંનો મનુષ્ય કેટલો વિશ્વસનીય હશે. બહુ મોટી વાત કહી એમણે. તે એમની યાત્રાનો એવો વળાંક હતો જ્યાં તેમણે નિશ્ચય કર્યો કે ''હવે મારે બૌદ્ધ થવું છે.'' મને આ વાત ખૂબ જ સારી લાગી. તે વર્ણનને વાંચીએ તો આપણને પણ રોમાંચ થાય છે કે ચકલી ખરેખર મારા ઉપર આટલો વિશ્વાસ કરે કે હું એને મારીશ નહીં. એ વિશ્વાસનો કેવો મીઠો ભાવ છે! અવિશ્વાસનો ભાવ કેટલો જહેરીલો છે એ આપણે નથી વિચારતા. પશુ-પક્ષીઓને આપણા ઉપર વિશ્વાસ છે. તમે કદાચ નેશનલ્ જ્યોગ્રોફીની ચેનલ જોતા હો ટીવી ઉપર, તો એમાં ઘણી વખત દેખાડે છે કે મગરમચ્છ જેવું માંસાહારી પ્રાણી જ્યારે કોઈ માંસાહાર કરે છે ત્યારે તેના દાંતોમાં માંસ ફસાઈ જાય છે. અને મગરમચ્છને એટલા બધા દાંત છે પરંતુ તે ફસાયેલા માંસને કાઢવાની કોઈ સુવિધા તેને ઉપલબ્ધ નથી. તે એક

ચતુરાઈ વાપરે છે તે મોઢું ફાડીને સૂઈ જાય છે. ચકલીઓને તે દેખાય છે કે તેના દાંતમાં માંસ ફસાયેલું છે અને તે એ ટુકડાઓને તેના દાંતોમાંથી કાઢે છે અને મગરમચ્છ એટલું સામાજિક પ્રાણી છે કે તે પેલી ચકલીઓને ક્યારેય નથી ખાતું. આપણે એ ચકલીઓને પણ ખાઈ જઈએ છીએ કે હાથમાત્ર આવી છે તેને ન છોડો. આપણે પરિભાષા ઘડી છે કે મનુષ્ય સામાજિક પશુ છે. જો આપણા અહંકારની દૃષ્ટિથી મનુષ્યજાતિની બાબતમાં વિચારીએ તો મનુષ્ય હશે સામાજિક પશુ પરંતુ પૂરા પ્રાણીસમુદાયની દૃષ્ટિથી તમે વિચારો તો મનુષ્ય ઘોર અસામાજિક પશુ છે. અને એ અસામાજિક પશુમાં જે એનો વિકૃત મનોભાવ છે તે એ છે કે જે નીયો કોર્ટકસ્ (નવી સભ્યતા) વિકસિત થઈ, તે બીજા પ્રાણિઓને નથી વિકસિત થઈ, તેનો આટલો દુરુપયોગ !!!

એક વાત ધ્યાનથી સમજો કે આ બધી પરિભાષાઓમાં ભારતીય પ્રજ્ઞાએ ક્યારેય ગુંચવાવા નથી ઈચ્છયું. કેમ કે ભારતીય પ્રજ્ઞાની દૃષ્ટિએ જો આપણે વિચાર કરીએ તો જેમને આ બૌદ્ધિકતા કે સામાજિકતા કે રાજનીતિજ્ઞતા કે ટેકનીકી, આ બધા જે વ્યાવર્તક (આસપાસ ફરતા) વિશેષ ગુણ છે તેના, તો આ દાર્શનિક વિકાસથી આ પ્રશ્ન ઉભો થાય છે કે શું આ સ્વભાવ છે, પ્રભાવ છે, પ્રતિક્રિયા છે મનુષ્યની આપણા પર્યાવરણ પ્રત્યે, કે તેનું સામર્થ્ય છે, કે તેને આપવામાં આવેલ વરદાન છે! કેટલીક ચોપડીઓ તો અહીં સુધી કહે છે કે આ ભગવાન્નું આપેલું વરદાન નથી, આ અભિશાપ છે. એપલ ખાવાથી આપણને આ અભિશાપ મળ્યો છે કે તમે બુદ્ધિમાન થશો. ખબર નહીં આ સંદેશ છે કે આ અભિશાપ છે કે વરદાન છે? આ અર્થમાં તો મને આ વાત સાચી લાગે છે કે જો આપણે આટલા અસામાજિક છીએ, અહંકારી છીએ ત્યારે તો આ અભિશાપ જ છે, વરદાન નથી.

(ભારતીય પ્રજ્ઞાની વિશેષતા-શાપનો પણ સદુપયોગ)

બાકી મોટાભાગે આપણી સમજ એવી છે કે ભગવાન્ જે પણ કાંઈ આપે છે **“શાપોઽનુગ્રહ એવ ચ”** (ભાગ.પુરા.૬।૧૭।૨૯) ભગવાને જે

કાંઈ પણ આપણને આપ્યું, તે તો અનુગ્રહના રૂપમાં આપ્યું છે, શાપના રૂપમાં નહીં. પણ જો આપણે એનો દુરૂપયોગ કરીએ છીએ તો એ વરદાન પણ શાપ બની જાય છે અને જો શાપ પણ આપ્યો છે અને તેનો સદુપયોગ કરીએ તો તે વરદાન બની જાય છે. આપણા પુરાણો આ પ્રકારની કથાઓથી ભરેલા પડયા છે કે ઘણા બધા શાપોથી ભગવાન્ પણ અવતીર્ણ થયા છે ઘણા બધા ઋષિઓ પણ અવતીર્ણ થયા છે, દેવ અવતીર્ણ થયા છે અને એ શાપોનો સદુપયોગ કર્યો. શાપોનો સદુપયોગ કરવાથી શાપ પણ વરદાન બની જાય છે અને વરદાનોના દુરૂપયોગથી વરદાન પણ શાપતુલ્ય બની જાય છે.

આ બધો વિચારભાર અહીં આવીને સ્થિર થાય છે કે ભલે આ બૌદ્ધિકતા શાપ હોય, આ સામાજિકતા, આ વિચારશીલતા, આ વૈજ્ઞાનિકતા આપણી ભલે શાપ હોય કે વરદાન હોય, પ્રશ્ન એ વાતનો નથી, પ્રશ્ન એ વાતનો છે કે આપણે આનો સદુપયોગ કરવો છે, દુરૂપયોગ કરવો છે કે અનુપયોગ કરવો છે. બધી જ વાત આવીને ઉભી રહે છે અહીંયા કે એનો ઉપયોગ ક્યા પ્રકારથી કરવો છે. એક વખત આપણને ઉપયોગ સમજાઈ જાય તો દરેક વસ્તુનો સદુપયોગ થઈ શકે છે.

અમેરિકાના નાસાના સાઈંટિસ્ટ્ કાર્લ સૅગાન્ થયા છે. તેઓ એક ખૂબ સરસ વાત કહે છે કે ''દોસ્તી માટે ઉઠેલો દરેક પંજો, તે લાગ મળ્યે ફાડી ખાવા માટે ઉઠેલા જાનવરના પંજા જેવો જ છે.'' આ બંને ઉઠેલા પંજાઓમાં કોઈ વિશેષ અંતર નથી સિવાય એના ભાવ અને ઉપયોગના. જ્યારે આપણને દોસ્ત મળે છે ત્યારે પણ આપણે હાથ ઉપાડીએ છીએ, દુશ્મન મળે છે ત્યારે પણ આપણે હાથ ઉપાડીએ છીએ. જ્યારે દોસ્ત મળે છે ત્યારે પણ દાંત કચકચાવીએ છીએ. કાર્લ સૅગાને અહીં સુધી પણ આ વાત કહી છે કે જો આપણે કોઈને દાંત બેસાડીએ છીએ તો તે પણ હિંસા અને સ્નેહ બંને માટે હોઈ શકે છે. આપણે ત્યાંના રસશાસ્ત્રમાં તો દશન (દાંત) પ્રેમને માટે માનવામાં આવેલ છે. તો આ દશન પ્રેમને માટે અને હનનને માટે પણ હોઈ શકે છે. આમાં એક વાત સમજવાની છે કે આમાં

ભાષા અને ગુણ શું પ્રકટ થઈ રહ્યા છે, પ્રશ્ન આ નથી. પ્રશ્ન એ છે કે કયા ઉપયોગને માટે પ્રકટ થઈ રહ્યા છે. આ એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન છે. આમ ભલે આપણને કોઈ વસ્તુ શાપના રૂપમાં મળી હોય કે વરદાનના રૂપમાં. જેમ આ પૃથ્વી આપણને મળી છે તે કેટલાક લોકો આને શાપના રૂપમાં માને છે કે અમારા આદમે ભગવાન્‌ની અવજ્ઞા કરી અને તેના શાપના રૂપમાં અમારે આ પૃથ્વી ઉપર પડવું પડયું. આપણે આને **''વિષ્ણુપત્ની! નમસ્તુભ્યં પર્વતસ્તનમણ્ડિતે''** કહીને સ્વયંને આપણે વિષ્ણુ અને એમના પત્ની વસુંધરાના સંયોગથી જન્મેલા માનીને વિષ્ણુથી આપણો જન્મ માનીએ છીએ. આપણે આને શાપ ન માનીને વરદાન માનીએ છીએ. **''માતા ભૂમિ પુત્રોઽહં પૃથિવ્યાઃ''** મતલબ પૃથ્વી મારી માં છે. હવે કેટલાક લોકો આપણને પૈગાન માનતા હોય તો ઠીક છે. એમની રેશનાલિટી છે કે આપણને પૈગાન માને તો ઠીક છે, તેમાં ગભરાવા જેવી કોઈ વાત નથી. પરંતુ સાચી વાત આમાં કાંઈક બીજી છે.

હમણાં મેં કેટલાક દિવસ પહેલાં એક પાદરીની ડાયરી વાંચી. જેમ આપણા શરદબાવા બાળકોને પાવરપોઈન્ટ્ પ્રેઝન્ટેશન્ બતાવે છે ને! તેવી રીતે જ તે પાદરી બધા ધર્મોનું પ્રજેન્ટેશન્ કરી રહ્યા હતા. પુરુ થયા પછી એમણે બાળકોને પૂછયું ''બોલો બાળકો તમને પૈગાનિજ઼મની બાબતમાં શું લાગે છે?'' એક નાનકડી બાળકીએ ઊભા થઈને કહ્યું કે, ''પૈગાનિજ઼મ એવો ધર્મ છે જે કોઈને મારતો નથી, જે કોઈને કાપતો નથી, જે કોઈની સાથે સ્પર્ધા નથી કરતો કેવળ શાંતિથી જીવવા માગે છે.'' તે પાદરીએ પોતાના પ્રેઝન્ટેશન્‌ની સ્વિચ્ ઓફ્ કરી દીધી. પાદરી એમને ભણાવવા માગતા હતા કે પૈગાનિજ઼મ જંગલી લોકોનું હોય છે. બાળકી ઉપર પ્રભાવ ઉલ્ટો પડી ગયો. ''પૈગાનિજ઼મ'' મતલબ પ્રકૃતિપૂજનવાદ, એટલે કે પહાડને પૂજવા, વૃક્ષને પૂજવા, નદીને પૂજવી, જે કાંઈ આપણે લોકો કરીએ છીએ. કેમકે આપણે પ્રત્યેક સ્થળ ઉપર, પ્રત્યેક વસ્તુને પરમાત્માની આકૃતિ માનીએ છીએ. મહાપ્રભુ વલ્લભાચાર્યજી એક બહુ જ મધુર વાત કહે છે કે બધી જગ્યાએ બ્રહ્મ વ્યાપ્ત છે તો મૂર્તિમાં શું

વિશેષતા છે? શા માટે મૂર્તિને પૂજો છો? મહાપ્રભુ કહે છે, ''બરાબર છે કે બધી જગ્યાએ બ્રહ્મ મોજુદ છે, પરંતુ તેને બધી જગ્યાએ અમે પસંદ નથી કરી શકતા. આ અમારા દિલની લાચારી છે, જે આકાર તમને પસંદ આવી જાય, પરમાત્મા તો ત્યાં પહેલાથી મોજૂદ છે, પરંતુ આકારને પસંદ કરીને તમે એ પરમાત્માની શુદ્ધિ કરી રહ્યા છો.'' આ આકાર તારો મને પૂજવા માટે પસંદ આવી ગયો. જેમ ગંગાજી તો ગંગોત્રીથી માંડીને ગંગાસાગર સુધી વહી રહ્યા છે, પરંતુ તીર્થ અને ઘાટ તો તમારે પસંદ કરવા પડશે કે કયા ઘાટ ઉપર તમારે ગંગાસ્નાન કરવું છે. ગંગાજી બદલાતા નથી પરંતુ તીર્થ અને ઘાટ તમારે પસંદ કરવાના છે કે હરિદ્વારમાં સ્નાન કરવું છે કે હૃષિકેશમાં કરવું છે કે બનારસમાં કરવું છે, કે પ્રયાગમાં કરવું છે, ગંગાજી દરેક જગ્યાએ સમાન રૂપથી મોજૂદ છે. આ જ રીતે પરમાત્મા તો બધી જગ્યાએ ઉપસ્થિત છે, આકાર તમે પસંદ કરો. તમે તેમની ભક્તિથી શુદ્ધિ કરી રહ્યા છો અને જે આકારની તમે ભક્તિથી શુદ્ધિ કરી રહ્યા છો, તે આકારના માધ્યમથી પરમાત્મા તમારા ઉપર કૃપા કરીને તમને શુદ્ધ કરશે. **''જીવાત્મા મે શુદ્ધયન્તામ્, પરમાત્મા મે શુદ્ધયન્તામ્''** વિરજા હોમનો જે મુખ્ય મંત્ર છે તે પરસ્પર વિશુદ્ધિકરણનો મંત્ર છે કે પરમાત્મા અમને શુદ્ધ કરી શકે છે અને અમે પરમાત્માને શુદ્ધ કરી શકીએ છીએ પરંતુ પરસ્પર એક-બીજાના સદુપયોગથી. પરમાત્માનો પણ દુરુપયોગ થઈ શકે છે અને જીવાત્માનો પણ જેટલો દુરુપયોગ હાલ કેટલાક વર્ષોમાં ધર્મને માટે થયો છે એટલો કદાચ કોઈ બીજા કામ માટે નથી થયો.

જે હું કાર્લ સૅગાન્‌ની વાત કરી રહ્યો હતો. તેણે બહુ મજેદાર વાત કહી છે કે ''કેટલા પરસેન્ટ્ ચિંપાંજીને બુદ્ધિમાન બનવું પડે કે જ્યારે પાદરી લોકો તેને ક્રિશ્ચિઆનિટીમાં કન્વર્ટ્ કરવા માગશે?'' કેમ કે એમને ત્યાં સિદ્ધાન્ત છે કે ફક્ત બુદ્ધિમાનોને જ કન્વર્ટ્ કરવામાં આવે છે, પશુઓને કન્વર્ટ્ નથી કરવામાં આવતા. કાર્લ સૅગાન્ કહે છે કે ''આ પ્રયોગ પછી આ તો ખબર પડી ગઈ કે બુદ્ધિ તો ચિંપાંજીમાં પણ છે, ભાષા પણ તે બોલે છે. મનુષ્યની ઘણી બધી વિશેષતાઓ તો ચિંપાંજીમાં છે જ.''

આ બધી તો ૧૫-૨૦ વર્ષ જુના પ્રયોગોની તમને હું વાત કરી રહ્યો છું. નવા પ્રયોગોમાં તો અહીં સુધી સિદ્ધ થયું છે કે દેડકાઓની જાતોની પણ અલગ-અલગ ભાષાઓ છે, અને તે દેડકો જે ભાષામાં પોતાની દેડકીને બોલાવે છે, તે ફકત એ જ જાતિની દેડકીને સમજમાં આવે બીજી દેડકીને સમજમાં નથી આવતી અને કોઈ બીજો દેડકો તેની પાસે જતો નથી. મારી વાત તમને સમજમાં આવી રહી છે ને? જેમ આપણે હિન્દીમાં ''આઓ' કહીએ છીએ. કોઈ બીજી ભાષામાં 'આવજો' કહીએ છીએ, અન્ય કોઈ ભાષામાં બીજું કાંઈક કહેતા હોઈશું. બીજી ભાષામાં કોઈ કાંઈ કહેતો રહે તો સમજમાં નથી આવતું, ન સમજમાં આવે તો તે ભાષાઓ અથવા ભાવનો દોષ તો નથી ને! તે તો વ્યક્તિવિશેષની તે ભાષાના જ્ઞાનની ન્યૂનતા છે. જ્યારે દેડકાઓમાં જ આટલી ભાષાઓના પ્રભેદ છે. ગુજરાતમાં એક કહેવત છે કે ''બાર ગામે બોલી બદલાય'' મતલબ ૧૨ ગામ પછી બોલી બદલાઈ જાય છે. આપણી બદલાય છે તો આપણને અહંકાર થાય છે. અરે ભઈ! દેડકાની દરેક પ્રજાતિમાં પણ તે બદલાઈ જાય છે. ભાષા તો ત્યાં પણ છે. આ વાત ઉપર કાર્લ સૅગાન્ કહે છે કે ''બીજા તમારે કેટલા પ્રમાણ જોઈએ આ પશુ-પક્ષિઓને ક્રિશ્ચિયાનિટીમાં કન્વર્ટ્ કરવા માટે મને બતાવો.''

કેમકે હમણાં તો તમે મનુષ્યોને કન્વર્ટ્ કરવા માટે ઝઘડા કરી રહ્યા છો તો પછી આને (પશુ-પક્ષીને) કન્વર્ટ્ કરવા માટે પણ તમે ઝઘડા કરો, એને મારો ખાવ નહીં. એને પણ ક્રિશ્ચિયાનિટીમાં કન્વર્ટ્ કરી દો. આને પણ તમારા ભાઈ માનો કેમ કે ભગવાન્ તો બધાના પિતા છે તો શું આ જાનવરોંના પિતા તે નથી શું? જો તે બધાના પિતા છે તો તે આ જાનવરોના પણ પિતા છે તો પછી આ જાનવરો ને શા માટે કન્વર્ટ્ કરવા નથી માગતા!

આ વાત ધ્યાનથી સમજો કે ભલે શાપ હોય કે વરદાન હોય, જે મનુષ્યની વિશેષતાઓ છે, તેના દષ્ટિકોણ અલગ-અલગ હોઈ શકે છે, વિધાનાત્મક કે નિષેધાત્મક, આપણી નિષેધાત્મક વૃત્તિઓથી તે આપણને

દુર્ગુણ લાગશે અને આપણી વિધાનાત્મક વૃત્તિઓથી તે આપણને સદ્‌ગુણ પણ લાગી શકે છે. પ્રશ્ન એનો નથી કે તે સદ્‌ગુણ છે કે દુર્ગુણ છે. પ્રશ્ન એનો છે કે તેનો સદુપયોગ આપણે કરવો છે, દુરુપયોગ કરવો છે કે અનુપયોગ કરવો છે!

(મનુષ્યની પરિભાષા મેન ઈઝ એ રેશનલ્ સોશિયલ્ પોલિટિકલ્ ટેકનોલોજિકલ્ કે રીલીજિયસ્ એનિમલ્ ના અર્થમાં નથી કરી શકાતી)

મૂળ આપણો વિષય છે ધર્મ અર્થ કામ મોક્ષ અને જેમ આપણે ભક્તિને પણ પંચમ પુરુષાર્થના રૂપમાં સ્વીકાર કર્યો છે, આ બધા પુરુષાર્થોનું સમાયોજન એટલે કે મેનેજમેન્ટ્ કરવું (વ્યવસ્થા કરવી) ‘પુરુષાર્થ’ કહેવાય છે અને આપણા શાસ્ત્રો મનુષ્યની પરિભાષાના પુરુષાર્થના રૂપમાં કરવા માગે છે નહીં કે પોલિટિકલ્ એનિમલ્ કે ટેકનોલોજિકલ્ એનિમલ્ ના અર્થના રૂપમાં.

યૂરોપીય સંસ્કૃતિમાં મનુષ્યની અનેક પરિભાષા પ્રસ્તુત કરવામાં આવી છે; રેશનલ્ એનિમલ્, શોશિયલ્ એનિમલ્, પોલિટિકલ્ એનિમલ્, ટેકનોલોજિકલ્ એનિમલ્ અથવા રિલિજિયસ્ એનિમલ્ પણ. પશ્ચિમી ચિંતનમાં પ્રસ્તાવિત આવી ઘણી જાતની પરિભાષાઓમાં સાવધાનીરૂપે સમજવા લાયક તથ્ય આ જ છે કે રેશનાલિટી પોલિટિકસ્ ટેકનોલોજી કે રિલિજિયન્ મનુષ્ય સિવાયના પ્રાણીઓમાં પણ ઓછાવત્તી માત્રામાં સંભવ ન હોય ત્યારે પણ તેને એનિમલિટીના અન્તર્ભૂત ઈતરવ્યાવર્તક ગુણના રૂપમાં માન્ય રાખીને અન્ય પ્રાણીઓથી મનુષ્યનું પૃથક્કરણ માનવામાં આવ્યું છે. આમાંના બધા ઈતરવ્યાવર્તક ગુણધર્મોનું મૂળ, દિનપ્રતિદિન વિકસિત થઈ રહેલા જેનેટિકસ્ વિજ્ઞાન એટલે કે સૂક્ષ્મજીવકોશીય આનુવંશિકતાના શાસ્ત્રના અનુસાર, મનુષ્યેત્તર પ્રાણિઓમાં પણ અવિકસિત કે અર્ધવિકસિત અવસ્થાઓમાં ઉપલબ્ધ થતાં સ્વીકારવામાં આવ્યા છે. તેથી આ મનુષ્યેત્તર પ્રાણિઓને વ્યાવર્તનીય માનવાના બદલે માનવરૂપના વિકાસની સાધક પૂર્વકડ઼િઓના રૂપમાં માન્ય

કરવું જ ઉચિત લાગે છે.

તેથી જ વિચારશીલતા સામાજિકતા કે ધર્મશીલતા જેવા ગુણધર્મ પણ મનુષ્ય પ્રાણીમાં કોઈ વિકાસશૃંખલાની એક વિકસિત કડી માત્ર સિદ્ધ થાય છે. આ વિશેષતાઓના પ્રકૃત સ્વરૂપથી પૂર્વજાત રૂપ અને ઉત્તરભાવી રૂપ પણ સમજી-વિચારી શકાય છે. તેથી મનુષ્યના સ્વરૂપની જેમ તેના ગુણધર્મ પણ એક લાંબી વિકાસશૃંખલાની મધ્યપાતી કડી માત્ર સિદ્ધ થાય છે. આવી મધ્યપાતી કડ઼ી આપણી પાછલી કે આગલી કડ઼ીઓને વ્યાવર્તક, પૃથક હોવાના કારણે બનવા માગતી હોય તો, આત્મવ્યાવર્તક જ બની જશે. કેમ કે, પાછલી કડ઼િઓમાં વિકસિત થયા પછી જ તે આત્મલાભ કરી શકે છે. આવી સ્થિતિમાં મધ્યપાતી કડ઼ીને સ્થાયિગુણ માની નથી શકાતો. તેથી વિકાસશૃંખલાની અસ્થાયી અવસ્થાથી વધારે કોઈ મહત્ત્વ તેનું હોઈ નથી શકતું.

ધર્મશીલતા રૂપી માનવીય વિશેષતા જો કે ધર્મના સનાતન આદર્શો ઉપર અવલંબિત થવા ચાહે છે પરંતુ ભારતીય આર્ષ પ્રજાએ ધર્મનો સનાતનતાનો દાવો દેશ-કાલ-દ્રવ્ય-કર્તા-મન્ત્ર-કર્મની વિવિધતાથી નિરપેક્ષ થઈને નથી સ્વીકાર્યો. ધર્મના છ અંગોના સમુદિત આધાર ઉપર અનૈકાન્તિક સાપેક્ષતાની સાથે (સહિત) જ ધર્મની પરિકલ્પના થઈ શકે છે **"ષડ્ભિઃ સમ્પદ્યતે ધર્મઃ"** (ત.દી.નિ.૨।૨૧૪) એટલે કે કોઈ ધર્મ કોઈક વિશેષ કર્તાના અધિકારાનુસાર કોઈ દેશવિદેશમાં કોઈ કાલવિશેષમાં કોઈ દ્રવ્યવિશેષમાં હાનોપાદાનાદિને વશ ધર્મ હોઈ શકે છે. એ જ ધર્મ બીજા પ્રકારના અધિકારવાળા કર્તાને માટે કે કોઈ અન્ય દેશ કે કાલમાં અથવા તો અન્ય કોઈ દ્રવ્ય કે મન્ત્ર સહિત અનુષ્ઠિત થવા પર અધર્મ પણ હોઈ શકે છે. તેથી જ દેશભેદ કાલભેદ દ્રવ્યભેદ કર્તૃભેદ મન્ત્રભેદ કે કર્મભેદના કારણે ધર્મની અનૈકાન્તિક વિવિધતા આર્ષ ધર્મોનું મુખ્ય સ્વરૂપ છે. આ જ તે આર્ષ ધર્મની સનાતનતાનો પણ પ્રમુખ હેતુ બની જાય છે.

તેથી જ કોઈક કર્મના ધર્મ હોવાના નિર્ધારક શ્રુતિ-સ્મૃતિ-સદાચાર-સ્વપ્રિયતાના ચતુર્વિધ નિકષ (પરિક્ષા, કસોટી) તેને ત્રિકાલવર્તી બનાવી દે

છે. મહર્ષિ વ્યાસ તેથી જ કહે છે **"મનુષ્યાઃ ઋષિષુ ઉત્ક્રામત્સુ દેવાન્ અબ્રુવન્ 'કો ઋષિઃ ભવિષ્યતિ?' ઈતિ. તેભ્ય એતં તર્કમ્ ઋષિં પ્રાયચ્છન્. મન્ત્રાર્થચિન્તાભ્યૂહો... તસ્માત્ યદેવ કિઞ્ચ્ અનૂચાનો અભ્યૂહતિ આર્ષં હ તદ્ ભવતિ"** (નિરૂક્ત નિઘંટુ-૧૩।૧।૧૨) તેથી મન્ત્રદષ્ટા ઋષિઓની અવિદ્યમાનતામાં પણ મન્ત્રવિદોં દ્વારા કરવામાં આવેલી અર્થમીમાંસા આર્ષતુલ્ય કે આર્ષ જ માનવામાં આવેલી છે, તેના કર્તાના અઋષિ હોવા છતાં પણ. મનુસ્મૃતિકાર પણ એટલા માટે આ જ કહે છે **"આર્ષં ધર્મોપદેશં ચ વેદશાસ્ત્રાવિરોધિના યઃ તર્કેણ અનુસંધત્તે સ ધર્મં વેદ નેતરઃ"** (મનુસ્મૃ.૧૨।૧૦૬) (એટલે કે ઋષિ-મુનિઓ દ્વારા આપવામાં આવેલા ધર્મોપદેશના સમાન જ વેદોમાં તર્ક શોધવાવાળો ધર્મના અર્થને સમજી શકે છે, અન્ય નહીં) એટલા માટે જ ભગવદ્ગીતાના ઉપદેશના સમાપનમાં નિજાભ્યૂહ કે સ્વક્રિયતાના આદર્શના નિર્વાહાર્થ જ **"વિમૃશ્ય એતદ્ અશેષેણ યથા ઈચ્છસિ તથા કુરુ"** (ભગ.ગીતા.૧૮।૬૩) (એટલે કે આનો સંપૂર્ણતાથી વિચાર કરી જે ઈચ્છામાં આવે તે કર) ભગવાને અર્જુનને કહ્યું.

આ દષ્ટિકોણને લક્ષ્યમાં રાખવાથી વર્તમાનમાં મોટાભાગના ભારતીયવિદ્યાવિદ્ (ઈન્ડોલોજીસ્ટ્) જે એક નિરંતર ઉહાપોહ કરતા રહેવાની અકાંડતાંડવ માનસિકતાથી ગ્રસ્ત બની ગયા છે કે બ્રાહ્મણધર્મમાં કઈ ધર્મસાધનાનું સ્વરૂપ વૈદિક સંહિતા કે પૌરાણિક સંહિતામાં મૂળમાં હતું કે નહીં? કયા દેવતાનો ઉલ્લેખ વેદની સંહિતામાં ન હતો પરંતુ પાછળથી આરણ્યક ઉપનિષદ્ કે સ્મૃતિ-પુરાણોમાં જોડવામાં આવ્યું! વિ.વિ. આ બધી વાતો થોડી-ઘણી પરંપરાગત ધર્મ આસ્થાને શિથિલ બનાવવાના પ્રયોજનથી જ કરવામાં આવે છે. તેઓ, પરંતુ મહર્ષિ યાસ્કની તર્કરૂપી ઋષિની મૌલિક ધારણાથી અપરિચિત હોવાના 'પ્રમાણ' છે કેમ કે નૂતન ધારણાનો પણ કોઈ મન્ત્રના અર્થતયા અભ્યૂહ (તર્ક, દલીલ, ચર્ચા) કરવામાં આવેલ હોય તો તેને આર્ષ જ માનવાની સ્વયં ઋષિગણોંની અનુજ્ઞાની અવહેલના છે!

સૂર્યના પિંડની સંરચનામાં વાયુ-જલ-પૃથ્વી તત્ત્વ ઉપલબ્ધ નથી

હોતા તેથી કરીને આ તત્ત્વોથી પ્રકટ થનારી જીવસૃષ્ટિનું મૂલકારણ સૌર (સૂર્યસંબંધી, તેજ) દ્રવ્ય ન હતું એમ કેવી રીતે વિચારી શકાય? શું પૃથ્વી ઉપર જીવસૃષ્ટિના પ્રાકટ્યને આકસ્મિક સંઘાત માની લેવો? અથવા જીવચેતનાને સ્વયં શું ભ્રાન્તિ માની લેવી ઉચિત હોઈ શકે છે? કેમ કે ભ્રાન્તિને માટે ચેતના અપેક્ષિત છે અને ચેતનાની ભ્રાન્તિ ઘટિત થવાની પણ એક ચેતના અને તેના ભ્રાન્તિઘટિત થવા પર બીજી ચેતના આમ અન્યોન્યાશ્રય દોષથી ગ્રસ્ત કલ્પના લાગે છે!

તેથી જ આર્ષધર્મ કોઈ એક વ્યક્તિ કે એક ધર્મગ્રંથ કે કોઈ એક કાલખંડમાં પ્રકટેલી અન્તઃસ્ફુરણ કે દૈવી સ્ફુરણાનો મોહતાજ (તાબેદાર) નથી. કાલના ભૂત વર્તમાન ભાવિ ત્રણે આયામોનો ન કેવળ સહિષ્ણુ વિરોધ કરીને ત્રણે આયામોમાં સ્થાસ્નુ (ટકી રહેનારો) ધર્મ માનવામાં આવેલો છે. અને ફરી પાછું કેવા કર્મને ધર્મ માનવો એ દેશ-કાલ-દ્રવ્ય-કર્તા-મન્ત્રના પ્રભેદવશ એકાન્તિક (છેલ્લુ, છેવટનું) હોવાના રૂપમાં નહીં પ્રત્યુત (ઉલટુ) અનૈકાન્તિકધર્મ હોવાની ગરિમા (શ્રેષ્ઠતા, યોગ્યતા) ધારણ કરે છે. તેથી કોઈ પણ ધર્મ દેશ વિ. છ અંગોના સાપેક્ષ હોવાના કારણે ક્યારેય નિરપવાદતયા સર્વગ્રાહ્ય (સર્વગ્રાસી) માનવામાં આવેલો નથી.

પોત-પોતાના આદ્યપ્રવર્તકોની બાબતમાં એકાન્તિક ધર્માવાદિઓદ્વારા આપવામાં આવતો નિકષ (કસોટી) કે તેઓ સર્વજ્ઞ હતા કે રાગદ્વેષમોહરહિત હતા અથવા તો પરમેશ્વરના સાક્ષાત્ કે અન્તઃસ્ફુરિત આદેશોના વાહક હોવાના કારણે એમના ઉપદેશ સર્વદેશ-કાલ-કર્તાઓને લક્ષ્યમાં રાખીને પ્રકટ થયા છે. આ વિચારણીય મુદ્દો બની જાય છે, કેમ કે તે એવા ધર્મપ્રવર્તકોના અનુગામી પ્રચારકોદ્વારા સંકલિત ઉપદેશ હકીકતમાં તે ધર્મપ્રવર્તકોના હોય તો પણ સંકલનકર્તાઓ અને તેમાં શ્રદ્ધાશીલ અનુસરણકર્તા તો અલ્પજ્ઞ કે અસર્વજ્ઞ રાગ-દ્વેષ-મોહગ્રસ્ત અને પરમેશ્વરના સાક્ષાત્ કે આંતરિક સંપર્કથી તો રહિત જ હોય છે. તેથી એમના વચનોના પ્રામાણ્યવશ આદ્યપ્રવર્તકોને દિવ્યશ્લાઘ્યા વિશેષતાઓથી

મંડિત માનવાથી તેમના જેવા અસર્વજ્ઞ કે અલ્પજ્ઞ રાગદ્વેષમોહગ્રસ્ત વ્યક્તિઓની પણ અવધારણાઓનું પ્રામાણ્ય સન્દેહાતીત હોવું જોઈતું હતું!

દૂરદર્શન આંતરદર્શન ઈન્દ્રિયાતીતદર્શન પરમનોભાવદર્શન સૂક્ષ્મપદાર્થદર્શન દેશ-કાલ-વ્યવહિત (છૂપાયેલું) પદાર્થોનું દર્શન કે જ્ઞાન વિગેરે અનેકવિધ નિકષ, અલૌકિક સર્વજ્ઞતા કે પરમેશ્વરસંપર્કના અકાટ્ય પ્રમાણ માનવામાં આવે છે, પરંતુ આધુનિક ટેલીસ્કોપ્ માઈક્રોસ્કોપ્ રડાર્ ટેલિવિઝન્ એમ.આર.આઈ. સોનોગ્રાફી વિગેરે જેવા વૈજ્ઞાનિક ઉપકરણોની શોધ પછી પરમેશ્વર સાથે જોડાયેલા કે સર્વજ્ઞ સિદ્ધોની એકાધિકારવાળી સિદ્ધિઓ વર્તમાનમાં અલ્પજ્ઞ રાગદ્વેષમોહગ્રસ્ત અનીશ્વરવાદી વ્યક્તિઓને માટે સુલભ છે જ.

તેથી આ કસોટીઓના આધારઉપર પણ કોઈ વ્યક્તિ મસીહા કે અવતારી પુરુષના દ્વારા ઉપદિષ્ટ ધર્મની એકાંતિક સર્વગ્રાહ્યતા અથવા સર્વદેશકાલવર્તી સર્વપુરાણોના હેતુ અપરિહાર્ય (સ્વીકારવા યોગ્ય) સિદ્ધ નથી થઈ શકતી.

એક રોચક તથ્ય આ પણ છે કે ધાર્મિક આદર્શ કે સિદ્ધાંતોના પ્રચાર-પ્રસારાર્થ આવા એકાંતિક ધર્મવાદી ઉપદેશકોને, વર્તમાનકાલમાં આ વૈજ્ઞાનિક ઉપકરણોઉપર નિર્ભર હોવું, આ એક ધ્રુવ (અચલ) નિયતિ (નિયમ) જેવું લાગે છે.

જ્યારે કે ઉપકરણોના નિર્માણાર્થ કે ઉપયોગાર્થ કોઈ પણ વૈજ્ઞાનિક કે સાધારણજનને પોતાના ધર્મઉપર નિર્ભર હોવાનું આવશ્યક ન રહી ગયું!

એટલું જ માત્ર નહીં ઉલટુ પોતાના ધાર્મિક આદર્શોમાં સંન્નિષ્ઠ થઈને ધર્મના પ્રચાર-પ્રસારમાં નિરત છતાં પણ ઉપદેશકોના ઘણી વખત પોતાના શ્રદ્ધાગૃહીત ધર્મના આદર્શોથી વિપરિતાચરણ માનવીય દુર્બલતાવશ પ્રકટ થઈ જ જાય છે!

આવી સ્થિતિમાં ‘‘મનુષ્ય એક ધાર્મિક (રિલીઝિયસ્) પ્રાણી કે પશુ છે’’ પરિભાષાના ચોકઠામાં આ સ્પષ્ટ નથી થઈ શકતું કે આ વ્યાવર્તક ધાર્મિકતાનો તેની પ્રાણિતા કે પશુતાની સાથે તુલનાત્મક અનુપાત શું છે? કેટલી પ્રતિશત (માત્રામાં) ધાર્મિકતા હોય છે અને કેટલા પ્રતિશત પશુતા!

આદમીયત ઈક થા સવાબ હજરતે આદમકે સબબ,
ઈલ્લિસકી વિરાસતસે વારિસ ઈન્સાન હી ન રહ ગયે!
મકસદે દીનોં-ઈમાં થા ઈંસાન બનાનેકા ખુલૂસ,
આદમી દીનોખુદાકો શેતાં બનાકે બચ ગયે!

તમને કદાચ આ વાત જે સમજાવી તે અઘરી લાગી હશે. તેને વધારે સરળ કરવાનો પ્રયત્ન કરીશ. જ્યાં સુધી મનુષ્ય વિચારશીલ સામાજીક કે ટેકનિકીનો પ્રયોગ કરવાવાળા પશુ હોવાની પરિભાષા છે તે તમને મેં આગળ વિસ્તારથી સમજાવી હવે મનુષ્યના ધાર્મિક પશુ હોવાની પરિભાષા માટે બીજો વિચાર કરીએ.

ઘણા ધર્મ મનુષ્યની પરિભાષામાં આ વ્યક્તિત્વ પણ સ્વીકારે છે કે મેન્ ઈઝ રિલીજિયસ્ એનિમલ્. કેમકે ધર્મ જેવી વિશેષતા આપણને બીજા પ્રાણિઓમાં અનુભૂત નથી થતી કે તે કોઈ ધર્મ કરી રહ્યા છે. હવે સવાલ એ પેદા થાય છે કે તેનો કયો ધર્મ નથી કરી રહ્યા. તમે કહેશો કે તેઓ આપણી જેમ કોઈ મૂર્તિ ઉપર ફૂલ નથી ચઢાવી રહ્યા, કોઈ ભગવાન્ના ભજન નથી ગાઈ રહ્યા. કોઈ ભગવાન્ની પરિક્રમા નથી કરી રહ્યા. કોઈ મુસલમાનને પૂછશો તો તે કહેશે કે હજ નથી જતા, રોજા નથી રાખતા, નમાજ નથી પઢતા. હવે સવાલ એ છે કે તમે પણ તો કોઈ બીજાના ધર્મનું આચરણ નથી કરી રહ્યા. તે પણ તમારા ધર્મનું આચરણ નથી કરી રહ્યા. તમે જો ક્રિશ્ચન્ ન હો તો દર રવિવારે તમે ચર્ચમાં નથી જઈ રહ્યા. કન્ફેશન્ નથી કરી રહ્યા, બેપ્ટાઈઝડ્ નથી થઈ રહ્યા, પ્રેયર્ નથી કરી રહ્યા, તેમને ત્યાં ધર્મના તે રૂપ છે. દરેક ધર્મના ઘણાં બધા રૂપ છે. સરદારજીને ત્યાં આપણે જઈએ તો ગુરુગ્રંથની વાણીને ગાવી તે ધર્મ છે. ગુરુગ્રંથસાહેબની સેવા પણ કરે છે જેમ પુષ્ટિમાર્ગીય કરે છે, તે પણ ધર્મ

છે. કોઈક લોકોને ત્યાં ભૂખ્યા રહેવું, તપ કરવું વિગેરે ધર્મ છે. કોઈ એક ધર્મના રૂપને કોઈ બીજો સમુદાય તો પાળી નથી રહ્યો. તો પણ કેમકે આપણે માનવ છીએ અને આપણે એમ માની લીધું કે આટલા બધા વિભિન્ન રૂપ ધર્મના હોઈ શકે છે, પરંતુ આ માનવીય અહંકાર આપણને એ સમજાવે છે કે બસ માનવસમુદાય જેટલા વિવિધ સ્વરૂપોમાં ધર્મનું અનુકરણ કરી રહ્યો છે તે તો ધર્મ છે અને બીજા જે કરી રહ્યા છે તે ધર્મ નથી. અરે આપણને શું ખબર? ચકલી કે મુરઘો સવારે જે બોલી રહ્યો છે, કોયલ જે વસંતમાં કૂહુક કરી રહી છે, વરસાદમાં જે મોર ટહુકે છે, તો પ્રાર્થના કરી રહ્યો છે કે પોતાની પ્રેયસીને બોલાવી રહ્યો છે, માદાને બોલાવી રહ્યો છે, એ આપણને શું ખબર? ચર્ચમાં થેંક્સ્ ગિવિંગ્ થાય છે. એવું શા માટે ન હોઈ શકે કે વાદળા ગરજે ત્યારે જ્યારે મોર બોલે છે તે ધન્યવાદ દઈ રહ્યો હોય પરમાત્માને! પરંતુ આપણું જે ધર્મનું રૂપ છે તે રૂપમાં તે ધર્મ નથી કરી રહ્યો તેથી આપણે માનવીય અહંકારતયા એવું માની લીધું કે માનવ કરે તે તો ધર્મ અને બીજા કરે તે ધર્મ નહીં.

હું એક વાત બતાવું તમને કદાચ તમે પણ વાંચ્યુ હશે કે એટલાંટિક્ મહાસાગરમાં અમેરિકાના કિનારે એક બાળક ડૂબી રહ્યું હતું. ડોલ્ફિન્ માછલી ત્યાં તરી રહી હતી તો તેણે તે બાળકને ઉઠાવીને કિનારા ઉપર રાખી દીધું. ડોલ્ફિન્‌ને મનુષ્યના બાળકમાં સ્નેહ હતો કે ધર્મભાવ હતો કે ડૂબનારાને બચાવવો જોઈએ કે પછી લાઈફ સેવિંગ્ બોટ્ હતી તે? શું તેને અહં બ્રહ્માસ્મિનો બોધ થઈ ગયો? શું ફીલિંગ્સ્ (લાગણી) હતી તે ડોલ્ફિન્‌ને? આપણે તેને કેમ સમજીએ? તેણે ધર્મભાવથી તે બાળકને બચાવ્યું? આપણે વિચારીએ છીએ કે આપણા બાળકને ડોલ્ફિને બચાવ્યું, બહું દયાળુ છે. ખાઈ જાત તો એમ સમજત કે તે બહુ ક્રૂર છે. અરે ભાઈ! તમે પણ તો માછલીને ખાઈ જાવ છો કે નહીં? ઘઉં તો તમે પણ ખાઈ જાવ છો કે નહીં? તમે જો ઘઉં ખાવ છો અને તમે તેને ધર્મ માનો છો કેમકે **‘‘અન્નં બ્રહ્મેતિ વ્યજાનાત્’’** (તૈત્તિ.ઉપ.૩।૨) આપણે આપણો જે ખોરાક ખાઈએ છીએ તેને સમજીએ છીએ કે તે બરાબર છે. બીજું કોઈ

આપણને ખોરાક માનીને ખાય છે તો તેને આપણે નૃશંસ (ક્રૂર, ઘાતકી) સમજીએ છીએ. તે કોઈ બીજાને ખાય તો આપણને વાંધો નથી પણ આપણને ખાય તો આપણને વાંધો લાગે છે. માનવીય અહંકાર આપણને કેટલા સંકીર્ણ (સંકુચિત) બનાવે છે, તેનું આ ઉદાહરણ છે. સિંહ જો બકરીને ખાય તો આપણને ક્રૂરતા નથી લાગતી પરંતુ આપણને જો તે ખાવા આવે તો આપણને બહુ ક્રૂરતા લાગે છે. પરંતુ સિંહ આપણને ન ખાય તો તે શું દયા કરી રહ્યો છે કે ધર્મ કરી રહ્યો છે? આપણે આપણા માનવીય અહંકારથી એવું વિચારીએ છીએ કે કદાચ સિંહને માણસનું લોહી હજી સુધી નથી મળ્યું તેથી કદાચ તેનો હજુ તેનામાં સ્વાદ જાગ્રત નથી થયો. જેમ ઉત્તરભારતમાં રહેનારાઓને પહેલાં ઈડલી ઢોસાનો સ્વાદ જાગૃત નહોતો થયો તેથી તેઓ નહોતા ખાતા. હવે ચારેબાજુ ઉડ઼ીપી રેસ્ટોરેંન્ટ ખુલી ગયા તેથી તે સ્વાદ જાગૃત થઈ ગયો, તે પણ ખાવા લાગી ગયા. દાળ-બાટી-ચૂરમાનો ટેસ્ટ સાઉથમાં જાગ્રત નથી થયો તેથી તેઓ ત્યાં ખાતા જ નથી. આપણે એમ સમજીએ છીએ કે કદાચ સિંહને મનુષ્યનો સ્વાદ જાગૃત નથી થયો. જ્યારે સ્વાદ જાગૃત થઈ જશે ત્યારે તે ખાઈ લેશે. હવે એ નક્કી કરો કે મનુષ્યને ખાવો તેનો ધર્મ છે કે અધર્મ છે.

(ભારતીય આર્ષદષ્ટિથી મનુષ્યની પરિભાષા : ધર્માર્થકામમોક્ષનું સમાયોજન)

આ સંદર્ભમાં જે આપણું આર્ષચિંતન છે તેની એક મોટી સુપરિભાષિત ધારણા રહી છે અને તે ધારણા સ્વસ્તિક ધારણા છે. સ્વસ્તિકને આપણે સ્વસ્તિક શા માટે કહીએ છીએ? **"સુઅસ્તિ કરોતિ ઈતિ સ્વસ્તિક"** સ્વસ્તિકની સ્વસ્તિકતા કયા અર્થમાં છે કે તેના જે ચારે હાથ છે તે એક હાથ બીજા હાથની તરફ લઈ જાય છે. બીજો ત્રીજાની તરફ, ત્રીજો ચોથાની તરફ અને ચોથો પાછો પહેલાની તરફ લઈ જાય છે. દરેક હાથ સ્વસ્તિકનો એક-બીજાને તરફ અભિમુખ છે અને એજ આપણી પુરુષાર્થચતુષ્ટયીની ધારણા છે. ભારતીય આર્ષચિંતન મનુષ્યને

આ પ્રકારથી પરિભાષિત કરવા નથી માગતું કે આ ગુણ એ અવગુણ મનુષ્યમાં નથી એમ પણ આપણે કહેવા નથી માગતા. મનુષ્યમાં હશે આ ગુણ કે અવગુણ પરંતુ મનુષ્યની મનુષ્યતા આર્ષચિંતનના હિસાબથી આ તથ્યમાં રહેલી છે કે પોતાના ધર્મ અર્થ કામ મોક્ષ નું મેનેજમેંટ્ (વ્યવસ્થા) તે ક્યા પ્રકારથી કરે છે. ઈફ ધે આર્ વેલ્ મેનેજ્ડ્, યૂ આર એ હ્યુમન્ બીઈંગ્ એન્ડ્ યૂ આર બિહેવિંગ્ લાઈક એ હ્યુમન્ બિઈંગ્. બટ્ ઈફ ધે આર મિસમેનેજ્ડ્ ધેન યૂ આર લેકીંગ્ સમથિંગ્ ઈન યોર હ્યુમિનીટી. આ મુખ્ય વાત છે, ધર્માર્થકામમોક્ષનું સમાયોજન તમે કેવી રીતે કરી રહ્યા છો? સ્વસ્તિક સમાયોજના છે તેની કે કોઈ બીજા પ્રકારથી સમાયોજના છે. જો સ્વસ્તિક સમાયોજના છે તો કહેવામાં આવ્યું છે કે પુરુષાર્થ છે અને આ વિષયઉપર ધર્માર્થકામમોક્ષની સમાયોજના કેવી રીતે છે, આ બાબતમાં કેવા કેવા ચિંતન આપણે ત્યાં પ્રકટ થયા છે. તેને આ ત્રણ ચાર દિવસોમાં હું તમારી સાથે માણવા માગીશ.

(સમાયોજનનું પ્રથમ સૂત્ર : ‘‘ધર્માર્થકામાઃ સમમેવ સેવ્યાઃ’’)

સૌથી પહેલી વાત. કેટલાંક શાસ્ત્રવચન જો તમે જોશો તો આપણી ધારણા આ વિષયમાં કેટલી સ્પષ્ટ હતી, તે સ્પષ્ટ થઈ જશે જેમ કે મહર્ષિ વ્યાસનું એક વચન છે **‘‘ધર્માર્થકામાઃ સમમેવ સેવ્યાઃ યો હ્યેકસક્તઃ સ નરો જઘન્ય, દ્વયોસ્તુ દાક્ષ્યં પ્રવદન્તિ મધ્યં, સ ઉત્તમો યો નિરતઃ ત્રિવર્ગે’’** (મહાભારત. ૧૨।૧૬૧।૩૮) ધર્મ અર્થ કામ નો અનુપાત (એકની પાછળ એકનું જવું), એની સંતુલના, તેનું સંતુલન તમે નિભાવો. જો તમે સંતુલન નથી નિભાવી શકતા, કોઈ એકમાં અનાવશ્યક રૂપથી અત્યધિક આસક્ત થઈ જઈ રહ્યા છો તો તમે મનુષ્ય હશો પરંતુ જઘન્યકોટિના મનુષ્ય છો. **‘‘યો હ્યેકસક્તઃ સ નરો જઘન્ય, દ્વયોસ્તુ દાક્ષ્યં પ્રવદન્તિ મધ્યમ્’’** (ત્યાંજ) જો તમે એકને બદલે બેમાં દક્ષ (નિપૂણ) છો, બેમાં એટલે ધર્મ-અર્થમાં કે ધર્મ-કામમાં કે પછી અર્થ-કામમાં દક્ષ છો તો તમે મધ્યમકોટિના છો. **‘‘સ ઉત્તમો યો નિરતઃ ત્રિવર્ગે’’** (ત્યાંજ) મહર્ષિ વ્યાસ

કહે છે કે "તેને હું ઉત્તમ કહું છું કે જે ત્રિવર્ગમાં (ધર્મ-અર્થ-કામ ત્રણેમાં) નિરત છે" આ વાત પ્રવૃત્તિધર્મના સંદર્ભમાં કહેવામાં આવી છે. જેમ પ્રવૃત્તિધર્મ છે, તેમ નિવૃત્તિધર્મ પણ છે. ભારતીય પ્રજ્ઞાની એક વિશેષતા રહી છે કે આપણે કયારેય પણ કોઈ પણ ધર્મને અથવા સંપ્રદાયને માટે એવો ઠેકો લેવાવાળો દષ્ટિકોણ નથી રાખ્યો કે આખી દુનિયાના ઉદ્ધારનો ઠેકો ફકત આ જ ધર્મનો છે. ગીતાજી ખોલીને જોઈલો કર્મષટક્, જ્ઞાનષટક્ અને ભક્તિષટક્ છે. તંત્ર ખોલીને જોઈલો તો પંચપર્વાઅવિદ્યા છે તો પંચપર્વાવિદ્યા પણ છે અને તે છે **"વૈરાગ્યં સાંખ્યયોગૌ ચ તપો ભક્તિશ્ચ કેશવે પંચપર્વેતિ વિધેયં યયા વિદ્વાન્ હરિં વિશેત્"** (ત.દી.નિ.૧|૪૫) આ પંચપર્વાવિદ્યા માનવામાં આવી છે.

ક્યાંય પણ એક ધર્મનો બધા મનુષ્યોના ઉદ્ધારનો ઠેકો છે, એવી ભ્રમણા ઓછામાં ઓછી આપણને નથી થઈ, હવે ભલે આપણને રેશનલ્ (તાર્કિક) હોઈએ કે ઈર્રેશનલ્ (અતાર્કિક) હોઈએ, આપણે પેગાન્ (પ્રકૃતિપૂજનવાદી) હોઈએ કે થીસ્ટિક્ (દેવપૂજનવાદી) હોઈએ, ક્યારેય પણ આવી ભ્રમણાએ આપણને હેરાન નથી કર્યા. આપણા મનમાં એક દઢતર ધારણા હતી કે ધર્મ તો **"ધર્મો રક્ષતિ રક્ષિતઃ"** જે તમારો ધર્મ છે, જેને તમે ધારણ કરી શકતા હો, એ જ તમારો ધર્મ છે. જેને તમે ધારણ નથી કરી શકતા તે તમારો ધર્મ નથી.

આનું સામાન્ય ઉદાહરણ તમને બતાવું તો તમને ખ્યાલમાં આવશે. શાસ્ત્રનો સ્પષ્ટ નિર્દેશ છે કે બ્રહ્મચારી અને સંન્યાસી ભીખ માગી શકે છે. તેઓ ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરી શકે છે. પ્રાચીનકાળમાં વર્ણાશ્રમધર્મના દષ્ટિકોણથી શાસ્ત્ર એમ કહે છે કે સંન્યાસ લેવાનો અધિકાર માત્ર બ્રાહ્મણોને જ હતો. આ બુધ્ધ અને જૈન ધર્મના પ્રાદુર્ભાવ પછી જ બ્રાહ્મણેત્તર વર્ગોએ સંન્યાસ ધારણ કર્યો. શાસ્ત્રનો એમાં એક ખૂબ જ ગંભીર દષ્ટિકોણ હતો કે જે ત્રિવર્ગમાં નિરત માનવ સમુદાયનો સમાજ છે, તેને સંન્યાસ ન લેવો જોઈએ, તેને પ્રવૃત્તિધર્મ નિભાવવો જોઈએ. નિવૃત્તિધર્મ ન નિભાવવો જોઈએ. જો તેને નિવૃત્તિધર્મ પણ

નિભાવવો છે તો તેને વાનપ્રસ્થ સુધીની છૂટ હતી, સંન્યાસની છૂટ ન હતી. પ્રાચીન પુરાણો જેટલા પણ તમે ખોલીને જોઈલો, રાજાઓને જ્યારે વૈરાગ્ય આવ્યો તો રાજકુમારને રાજગાદી સોંપીને પોતાની રાજમહિષી (પટરાણી)ની સાથે વાનપ્રસ્થ એમણે લીધો. પુરાણની આવી ધારણા હતી. આજે તો બધી જ વાતોમાં ગડ઼બડ઼ થઈ ગઈ છે કે કહેવું મુશ્કેલ છે. બધા જ લોકો સંન્યાસ લેવા માંડી ગયા. ખૈર! પરંતુ શાસ્ત્રની ધારણા આ બાબતમાં એકદમ સ્પષ્ટ છે કે સંન્યાસી અને બ્રહ્મચારીને ભિક્ષાથી જ પોતાનો જીવનનિર્વાહ કરવો જોઈએ. ઘરમાં રસોઈ ન બનાવવી જોઈએ. હવે આ લોકો એવું સમજે છે કે શાસ્ત્ર બધા બ્રાહ્મણોના લખેલા છે એટલા માટે બ્રાહ્મણોએ પોતાના પૌવા બેસાડવા માટે બધા શાસ્ત્રોમાં આ પ્રકારનું લખ્યું છે. (પરંતુ ખરેખર) શાસ્ત્ર બ્રાહ્મણના પ્રત્યે જેટલા નિષ્ઠુર (દયા વિનાના) છે ને, એટલા નિષ્ઠુર બીજા કોઈના પ્રત્યે નથી.

શાસ્ત્ર આ સ્પષ્ટ કહે છે કે ગૃહસ્થ બ્રાહ્મણ જો ભિક્ષા માંગે છે તો જે ગામમાં તેને ભિક્ષા મળે છે તે ગામને દંડ કરો કે તમે ચોરને આશ્રય આપ્યો. ગૃહસ્થ બ્રાહ્મણને ભિક્ષા માંગવાની છૂટ ન હતી. શાસ્ત્ર બ્રાહ્મણો પ્રત્યે અતિ કઠોર છે. જો બ્રાહ્મણોએ શાસ્ત્ર બનાવ્યા હોત તો બ્રાહ્મણોનું આરક્ષણ હોવું જોઈતું હતું. પરંતુ શાસ્ત્રોએ બ્રાહ્મણોને એકદમ દલિત-જાતિના બનાવી દીધા છે. માત્ર એટલી છૂટ આપી છે કે ગૃહસ્થ બ્રાહ્મણ ત્રણ દિવસનો ભૂખ્યો હોય તો ભીખ માંગી શકે છે. શાસ્ત્ર પોતે પોતાને જ પૂછે છે કે “ભાઈ માગ્યા વગર મળે તો લઈ શકે છે કે નહીં બ્રાહ્મણ?” શાસ્ત્ર જવાબ આપે છે કે “નથી લઈ શકતો” **“પ્રતિગ્રહં મન્યમાનઃ તપસ્તેજોયશોનુદમ્ અન્યાભ્યામેવ જીવેત્ શિલૈર્વા દોષદૃક્તયોઃ”** (ભાગ.પુરા.૧૧।૧૭।૪૧). બ્રાહ્મણ તો માગ્યા વગર પણ નથી લઈ શકતો. હવે આ તો નિષ્ઠુરતાની પરાકાષ્ઠા છે. આજે બ્રાહ્મણ અને સમાજ તે આદર્શને જો નથી જીવતો, તો તે આપણી રેશનાલિટીની બૌદ્ધિકતા છે. તે આપણા રેશનલ્ સોશિયલ્ હોવાની કથા છે. પરંતુ શાસ્ત્રની કથા આ

નથી. શાસ્ત્ર તો એમ કહે છે કે માંગ્યા વગર પણ તમે (બ્રાહ્મણ) નથી લઈ શકતા. તમારા માટે બે જ વૃત્તિ (આજીવિકા) મેં નિર્ધારિત કરી છે, યાજન અને અધ્યાપન. જ્ઞાનનો અને સદ્‌ધર્મનો પ્રચાર કરો અને તેની દક્ષિણાના રૂપમાં જે કાંઈ તમને મળે તે તમારૂં છે. તેને તમે લઈ શકો છો, તેનાથી તમે જીવી શકો છો. એકના બદલે સો દક્ષિણા પણ તમે લઈ શકો છો. રઘુના પ્રસંગમાં આવે છે કે **“જનસ્ય સાકેતનિવાસિનસ્તૌ દ્વાવપ્યભૂતામભિનન્દ્યસત્ત્વૌ, ગુરુપ્રદેયાધિકનિઃ-સ્પૃહોઽર્થી નૃપોઽર્થિકામાદધિકપ્રદસ્ચ”** (રઘુવંશ-૫।૧૧) તો આટલું પણ તમે લઈ શકો છો, પરંતુ તમારી વૃત્તિથી, તમારી વૃત્તિથી તમે જીવો, અવૃત્તિથી ન જીવો. શાસ્ત્ર ત્યાં સુધી બ્રાહ્મણને કહે છે કે જો તમે તમારી વૃત્તિથી ત્રણ પેઢી સુધી નથી જીવતા ત્યારે તમે બ્રાહ્મણ નથી. આનાથી વધારે નિષ્ઠુર વાત બીજી કઈ હોઈ શકે છે બ્રાહ્મણને માટે! વાત અહીં પૂરી થઈ જાત તો બ્રાહ્મણજાતિ શાસ્ત્રને માફ કરી શકતી હતી. આનાથી આગળ વધીને શાસ્ત્ર તો આ પણ ઘોષિત કરી દે છે કે કેવી રીતે કોઈ સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણ પણ અબ્રાહ્મણ બની જાય છે. **“અબ્રાહ્મણસ્તુ ષટ્ પ્રોક્તા ઈતિ શાતાતપો અબ્રવીત્ (૧)આદ્યસ્તુ રાજભૃત્યઃ સ્યાત્ (૨)દ્વિતીય ક્રય વિક્રયી (૩)તૃતીયઃ બહુયાજ્યાખ્યઃ (૪)ચતુર્થો અશ્રૌતયાજકઃ (૫)પંચમો ગ્રામયાજી સ્યાદ્ (૬)ષષ્ઠો બ્રહ્મબન્ધુઃ સ્મૃતઃ”** (એ.બ્રા.સા.ભા.૩।૫) ના ભાષ્યમાં આ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે કે યાજન અને અધ્યાપન જો કે શાસ્ત્રાનુમત બ્રાહ્મણની આજીવિકા છે છતાં પણ જીવનનિર્વાહની જરૂરીયાત કરતાં વધારે યાજન કર્મ કરાવનારો બહુયાજી અથવા ધનની અદાન્ત (લોભી વૃત્તિ) અભિલાષાને વશ યોગ્ય-અયોગ્ય યજમાનનો વિચાર કર્યા વગર આખા ગામ કે નગરજનોંને યાજન કરાવવાવાળા અમે વલ્લભસમ્પ્રદાયના ગોસ્વામીબાલકોના જેવા ગ્રામયાજી બ્રાહ્મણ જ નથી રહી જતા તો ઋત્વિજ ગુરુ કે આચાર્ય કેવી રીતે રહી શકશે?

અમને આજે બદનામ કરવામાં આવી રહ્યા છે કે બ્રાહ્મણોએ શાસ્ત્ર લખ્યા છે અને બ્રાહ્મણોએ પોતાનો ચોકો જમાવી દીધો છે. જો

બ્રાહ્મણોએ શાસ્ત્ર લખ્યા હોત તો બ્રાહ્મણો તરફી હોવા જોઈતા હતા કે આ પ્રકારની નિષ્ઠુરતા હોવી જોઈતી હતી!

બ્રાહ્મણ જેવો પણ હોય, હું પણ બ્રાહ્મણ છું, ઘણાં બધા બ્રાહ્મણોની ઘણીબધી ગડ઼બડ઼ી છે, તે મારામાં પણ હશે પરંતુ પ્રશ્ન એ નથી. પ્રશ્ન આ છે કે બ્રાહ્મણ જેવો પણ હોય, બ્રાહ્મણે ક્યારેય આ શાસ્ત્રના વચનોને કેન્સલ્ તો નથી કર્યા. આ તો બ્રાહ્મણની મહત્તા છે. હવે તેઓ આ કહેતા ન હોય, એ કથા જુદી છે. કેમકે લોકો સાંભળવા અને કહેવા પણ નથી માગતા. તેઓ તો આજકાલના સંગીતના જલસા જેવા બની ગયા છે તેવા આજકાલના ધાર્મિક પ્રવચનમાં થઈ ગયા છે કે જે તમે સાંભળવા માગો છો તેને અમે લોકો કહીએ છીએ. જે અમે કહેતા રહીએ છીએ તેને સાંભળવાની તમારી આદત પડી જાય છે. પરંતુ શાસ્ત્રની કથા આ બાબતમાં ચોકખી-ચટ છે. શા માટે આ કથા છે? કેમકે ધર્મ અર્થ કામનું મેનેજમેન્ટ્ (સંચાલન) શાસ્ત્ર કરવા માગે છે અને જો બ્રાહ્મણ મેનેજમેન્ટ્ કરી રહ્યો હોય ત્યારે જ તે યોગ્ય બ્રાહ્મણ છે.

(સમાયોજનનું બીજું સૂત્ર : ''ધર્માર્થકામમોક્ષશ્ચ...'')

એટલામાટે વ્યાસજી શાસ્ત્રમાં આ કહે છે કે પ્રવૃત્તિધર્મમાં **''સ ઉત્તમો યો નિરતઃ ત્રિવર્ગે''** અને નિવૃત્તિધર્મમાં એ જ વ્યાસજી આ કહે છે કે **''ધર્માર્થકામમોક્ષાખ્યાઃ પુરુષાર્થાઃ હિ ઉદાહૃતાઃ ચતુષ્ટયમિદં યસ્માત્...''** (વિષ્ણુ પુરાણ ૧।૧૮।૨૧) આ ચતુષ્ટય છે. આ ચાર મળીને એક બની રહ્યા છે. આ ચાર અલગ અલગ નથી.

એ સ્વસ્તિક છે આપણા ધર્મ અર્થ કામ મોક્ષનો. કોઈ મોક્ષ એવો ન હોવો જોઈએ જે ધર્મવિરોધી હોય. કોઈ ધર્મ એવો ન હોવો જોઈએ જે અર્થવિરોધી હોય. કોઈ અર્થ એવો ન હોવો જોઈએ જે કામવિરોધી હોય, અને કોઈ પણ કામ એવો ન હોવો જોઈએ જે મોક્ષવિરોધી હોય. **''ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોસ્મિ ભરતર્ષભ યે ચૈવ સાત્ત્વિકા ભાવા રાજસાઃ તામસાશ્ચ યે''** (ભગ.ગીતા.૭।૧૧-૧૨).

આ એક આપણી ચતુષ્ટયની કલ્પના હતી. ધર્માર્થિકામમોક્ષના સમાયોજન દ્વારા મનુષ્ય પોતાની મનુષ્યતાને ખીલવી શકે. મનુષ્યમાં જો મનુષ્યતા સરખી રીતથી ખીલી તો બ્રાહ્મણ પણ ખીલશે, ક્ષત્રિય પણ ખીલશે, વૈશ્ય પણ ખીલશે અને શૂદ્ર પણ ખીલશે અને મનુષ્યની જો મનુષ્યતા ખીલી નહીં અને હૈવાનિયત ખીલી તો જે પરસેંટ્ (માત્રા)ની હું વાત કરી રહ્યો છું કે 'મેન ઈઝ એ રેશનલ્ એનિમલ્, નો ડાઉટ્ અબાઉટ્ ઈટ્ બટ્ વ્હોટ્ અબાઉટ્ ધ પરસેંટેજ્ ઓફ્ એનિમલિટી ઈન હીમ્'. પશુતા જો વધારે ખીલી ગઈ તો તે રેશનાલિટી ત્યાંની ત્યાંજ પડી રહેશે. તે કામ નથી આવતી.

તમને કદાચ ખબર હોય કે ન ખબર હોય પણ એક વાત બતાવું કે તમાકુ સિગારેટ્થી કેન્સર થાય છે એટલા માટે તમાકુના વેપાર ઉપર પ્રતિબન્ધ લાવવા માટે, એક પ્રતિબન્ધાત્મક આદેશ જોન કેનેડીએ અમેરિકાના પ્રમુખની હેસિયતથી લાગૂ કર્યો. પરંતુ તેની પહેલાં પોતે એટલો બધો જથ્થો મંગાવ્યો કે તે જ્યાં સુધી જીવે ત્યાં સુધી ખૂટે નહીં. તમે પ્રતિબન્ધ લાદી રહ્યા છો અને તમારો જથ્થો પહેલાં મંગાવી રહ્યા છો. આ તો સમાયોજન ન થયું ને! આ તો કોઈક ગડ઼બડ઼ાધ્યાય જ થઈ ગયો ને! તમે જથ્થો પહેલા મંગાવી લીધો. હવે જો કોઈ બીજો મંગાવશે તો તેના ઉપર પ્રતિબન્ધ લાગૂ થશે. પણ ભાઈ તમે જે જથ્થો મંગાવીને રાખ્યો છે તેનું શું? મનુષ્ય આ પ્રકારથી પોતાની રેશનાલિટી (બુદ્ધિમત્તા) નો અતિ દુરુપયોગ કરે છે. રેશનાલિટી હોવી ખરાબ વાત નથી પરંતુ આ રેશનાલિટીનો આ રીતે દુરુપયોગ કરવો બહુ ખરાબ વાત છે.

હમણાં મેં ટૂચકો સાંભળ્યો કે એક વક્તા માંસાહારના વિરોધમાં પ્રવચન કરી રહ્યા હતા. અને શ્રોતાઓને એમણે સંપૂર્ણ રીતે ઢંઢોળી દીધા. પ્રવચન પુરુ થયા પછી જ્યારે જમવાનું થયું તો એમની જમવાની થાળીમાં નોન-વેજ્ વસ્તુઓ જ હતી. તો ત્યાં મૌજુદ પ્રેસ રિપોર્ટરે કહ્યું કે ''હમણાં આપે માંસાહારના વિરોધમાં આટલું પ્રભાવશાળી પ્રવચન કર્યું કે સ્વાસ્થ્યની દૃષ્ટિથી માંસાહારથી આટલું નુકશાન છે, નીતિની મોરાલિટી

(સૈધાન્તિક) દૃષ્ટિથી આ નિર્દયતા છે, આ છે તે છે અને બધા શ્રોતા રોમાંચિત થઈ ગયા આપનું પ્રવચન સાંભળીને અને આપ જ અહીં માંસાહાર લઈ રહ્યા છો!!!'' એમણે કહ્યું ''ભાઈ મેં એમ થોડું કહ્યું હતું કે હું નથી ખાતો, મેં તો ખાવાથી નૂકશાન શું છે, એ કહ્યું. હું તો ખાઉં છું. તમે ત્યાં પણ પૂછયું હોત તો કહી દેત. પણ તમે પૂછયું નહીં એટલે મેં કહ્યું નહીં.'' હવે આ તો અંગત રીતે અને જાહેરમાં બે પ્રકારની વાત થઈ ગઈ ને! આ સમાયોજન નથી. ધર્મ પણ છે, અર્થ પણ છે, બોધ પણ છે, જ્ઞાન પણ આપી રહ્યો છે, પરંતુ ધર્માર્થકામમોક્ષનું સમાયોજન નથી. ધર્માર્થકામમોક્ષનું સમાયોજન આ રીતે નથી થતું. સમાયોજન સ્વસ્તિકમાં થાય છે કે કોઈપણ જે નિષેધ તમે કરી રહ્યા છો, તે તમારા આચરણમાં આવવો જોઈએ અને જે આચરણ તમે કરી રહ્યા છો તેનાથી વિધિ-નિષેધ તમારો પ્રકટ થવો જોઈએ. વિધિ-નિષેધ પાછા તમારા આચરણમાં આવવા જોઈએ. બોલો તમે કાંઈક બીજું અને કરો કાંઈક બીજું, ત્યારે તો પછી કાંઈક ને કાંઈક તો લફરું છે. તે સમાયોજન બરાબર નથી થઈ શકયું. વાત બસ આટલીક જ છે. એટલા માટે ભગવાન્ વ્યાસજી આ કહે છે કે **''ધર્માર્થકામમોક્ષાખ્યાઃ પુરુષાર્થાઃ હિ ઉદાહૃતાઃ. ચતુષ્ટયમિદં યસ્માત્''** (ત્યાંજ).

(સમાયોજનનું ત્રીજું સૂત્ર : ''પરિત્યજેદ્ અર્થકામૌ... ધર્મંચાપ્યસુખોદર્કં)

બીજી એક મોટી વાત મનુ કહે છે **''પરિત્યજેદ્ અર્થકામો સ્યાતાં ધર્મવિરોધિનૌ ધર્મં ચાપ્યસુખોદર્કં લોકવિકૃષ્ટમેવ ચ''** (મનુસ્મૃતિ ૪।૧૭૬) = (અધાર્મિક સાધનો દ્વારા મેળવેલા ધન તથા કામસુખને સંપૂર્ણપણે છોડી દેવા. એવું ધાર્મિક કૃત્ય પણ ન કરવું જેનાથી પરિવાર કે લોકોને કષ્ટ પહોંચે). એ અર્થ અને કામને તો મનુ કહે છે કે **''પરિત્યજેદ્ અર્થકામૌ સ્યાતાં ધર્મવિરોધિનો''** આ તો કોઈ પણ ધર્મ કહેશે પરંતુ આપણી ભારતીય પ્રજ્ઞાની વિશેષતા જૂઓ કે **''ધર્મંચાપ્યસુખોદર્કં લોકવિકૃષ્ટમેવ**

ચ'' આપણા મહર્ષિ આ વાતને બેબાક કહી શકે છે કે જે ધર્મ તમારા અર્થ કામનો નાશક હોય એવા ધર્મને પણ છોડો. **''પરિત્યજેદ્ અર્થકામૌ સ્યાતાં ધર્મવિરોધિનૌ ધર્મં ચાપ્યસુખોદર્કં લોકવિકૃષ્ટમેવ ચ''.**

(સમાયોજનનું ચોથુ સૂત્ર : ધર્મ અર્થ કામનું યથાશક્તિ અનુષ્ઠાન)

ધર્મ અર્થ અને કામ જ્યાં સુધી તમારી શક્તિ છે, તેનું અનુસરણ કરો. તેનું હાન ન કરો (છોડો નહીં, હણો નહીં) **''બ્રાહ્મે મુહુર્તે હિ ઉત્થાય ચિન્તયેદ્ આત્મનો હિતં, ધર્મમ્ અર્થં ચ કામ ચ યથાશક્તિઃ ન હાપયેત્''** (યાજ્ઞ.૧।૧૧૫) જ્યારે સૂર્યોદય ન થયો હોયત્યારે ઉઠીને આત્મહિતનો આત્મોત્કર્ષનો વિચાર કરો અને સૂર્યોદય પછી ધર્મ અર્થ કામનો વિચાર કરો. અરે! આ જીવનને જીવવાની એક કળા છે, એક લાઈફ્ સ્ટાઈલ (જીવન પદ્ધતિ) છે જે આપણી આર્ષ પ્રજ્ઞા આપણને સમજાવી રહી છે. આ જૂઓ ચારેના સમાયોજનમાં ટાઈમ્ મેનેજમેંટ્ (સમય સંચાલન વ્યવસ્થા) છે. ચાર પુરુષાર્થોને ઋષિઓએ કઈ રીતે મેનેજ્ (વ્યવસ્થિત) કર્યા અને આ બાબતમાં એમની અંતરદષ્ટિ શું હતી! આજકાલ તો શું છે કે ટી.વી. ની સીરીયલો એટલી મોડી રાત સુધી ચાલે છે કે કોઈ સવારના આટલા વહેલા ઉઠી નથી શકતા. એ કથા એક અલગ કથા છે પરંતુ આ એ જમાનાની વાત છે કે જ્યારે ટી.વી. ના શો નહોતા ચાલતા. તો આજની અને પહેલાની જીવન પદ્ધતિ-વ્યવસ્થામાં કાંઈક લફડા થઈ ગયા છે.

(પુરુષાર્થ = માનવદેહને ધારણ કરનારી સ્વભાવગત આવશ્યકતા કે અપેક્ષા)

જે વાત ખાસ આમાં ધ્યાન દેવાની છે તે આ કે આ સમાયોજનના આધારની રચના ઋષિમુનિઓ કયા પ્રકારે કરી રહ્યા છે. મોટા ભાગે ધર્માર્થકામમોક્ષને જ્યારે પુરુષાર્થના રૂપમાં આપણે બિરદાવીએ છીએ કે પુરુષની આ અર્થના છે. 'પુરુષ' નો મતલબ અહીં શરીરના અર્થમાં નથી, આત્માના અર્થમાં કહેવામાં આવ્યો છે. 'પુરુષ આત્મા' નો અર્થ એ થાય

છે કે આ એક પુર છે અને એ પુરમાં જે શયન કરે છે, રહે છે તે 'પુરુષ' છે 'જીવાત્મા'. અહીં સ્ત્રી-પુરુષના રૂપમાં પુરુષ નથી કહેવામાં આવ્યું. આ શરીરરૂપી પુરમાં જે રહે છે ''નવદ્વારે પુરે દેહી'' નવદ્વારવાળા પુરમાં જે રહે છે. એ પુરમાં રહેનારો જે જીવાત્મા છે તે 'પુરુષ' છે. એ પુરુષની ભીતર આ અર્થનાઓ, આકાંક્ષાઓ કેવા પ્રકારથી હોવી જોઈએ!

આયુર્વેદમાં ખૂબ સરસ વાત કહે છે કે **''સર્વે રોગાઃ હિ જાયન્તે વેગોદીરણધારણાત્ ન વેગં ધારયેદ્ ધીમાન્''** પોતાની વૃત્તિઓને દબાવવી કે ઉત્તેજીત કરવી, બંને જ પુરુષને માટે વિઘાતક હોય-થાય છે. **''અતિ સર્વત્ર વર્જયેત્''** ના ન્યાયથી દબાવવી પણ ઘાતક છે અને અસ્વાભાવિક રૂપથી ઉત્તેજિત કરવી પણ આપણા પુરુષને માટે વિઘાતક થાય છે.

જેમ આપણા પુષ્ટિમાર્ગની એક વાત બતાવું. બૂંદી મોહનથાળ મઠડ઼ી ખાઈ લો પ્રસાદના નામે પરંતુ ડાયાબિટીસ્ થશે, કોલેસ્ટ્રોલ્ વધી જશે તેનું શું? મોહનલાલ નામના એક કવિએ બહુ સુંદર કહ્યું છે :

રોગ ગયો ભક્તિકો ભૂખ લગી જોરનતેં,
ખાયવે લગી અબ દૂધ માખન મલાઈ હૈ.
મોહનથાર બૂંદી મઠરીકો પથ્ય મિલ્યો,
મોટી ભયી ખૂબ ઝટ ધોંદ છિટકાઈ હૈ.
બ્રહ્મસંબંધ ચૂર્ણ પાચક અજીરણકોં,
દિયો વલ્લભકુલ કછુ સેવા ન બતાઈ હૈ.
ધરન લગે ભેંટ જન શરણમેં આય ગયેં,
પુષ્ટિભક્તિ બઢ઼ી નાહીં હૃદરોગિતા બઢાઈ હૈ.

કોઈપણ વૃત્તિને અસ્વાભાવિકરૂપથી વધારવી કે કંઈ પણ વૃત્તિને અસ્વાભાવિકરૂપથી દબાવવી, આ બંને જ પુરુષને માટે વિઘાતક બને છે એવું આયુર્વેદમાં છે.

(સત્ત્વથી ધર્મ, રજથી અર્થ, તમથી કામ સંબંધિત પુરુષાર્થ અને આત્માથી મોક્ષ સંબંધિત પુરુષાર્થ)

'પુરુષ' એટલે જે આ પુરમાં રહે છે. એ પુરનો સ્વભાવ શું છે? આ પુર ત્રિગુણાત્મક છે : સત્ત્વ રજ તમ ગુણોવાળા ધર્મ અર્થ કામ જે ત્રિવર્ગ છે તેમાં ધર્મ સત્ત્વથી સંબંધિત છે, અર્થ રજથી સંબંધિત છે અને કામ તમથી સમ્બન્ધિત છે. આ શરીર આપણું ત્રિગુણાત્મક પુર (નગર) છે. તેના સંબંધિત આપણા ધર્માર્થિકામ પુરુષાર્થ છે અને આત્મા નિર્ગુણ છે, ત્રણ ગુણોથી અતીત (પર) છે, તે અર્થમાં મોક્ષપુરુષાર્થ છે. એક વાત ધ્યાનથી સમજો કે કોઈ પણ મનુષ્યનો દેહરહિત આત્મા હોવો અથવા આત્મારહિત દેહ હોવો, માનવીય એકપણું નથી તે પ્રેતનું એકપણું હોઈ શકે છે, તે પિશાચનું એકપણું હોઈ શકે છે. કોઈ દેવતાનું એકપણું હોઈ શકે છે પરંતુ માનવીય એકપણું તો આ પ્રકારનું છે કે સત્ત્વરજતમોગુણાત્મક પુરમાં એક નિર્ગુણ રહેલો છે. આત્માનું નિર્ગુણ હોવું આત્માના દેહાતીત ચૈતન્ય માનવાની કે ન માનવાની તમારી દાર્શનિક ધારણાઓ ઉપર નિર્ભર નહીં, આત્માના નિર્ગુણ હોવાની કથા દેહમાં આ ગુણોના થતા વિવિધ ક્ષોભને સાક્ષિભાવથી નિહાળી શકવાની ક્ષમતાઉપર નિર્ભર છે.

એ નિર્ગુણપુરુષની પણ તો કોઈ અર્થના હશે કે નહીં! જેમ કાંઈક શહેરની મ્યુનિસિપાલ્ટીની અપેક્ષા હોય છે તેવી જ રીતે કાંઈક એ મ્યુનિસિપાલ્ટીમાં રહેનારા નાગરિકોની પણ કાંઈક અપેક્ષા હોય છે. કેટલીક સુવિધાઓ તમને મ્યુનિસિપાલ્ટી આપે છે, કેટલીક સુવિધાઓ (કરપેટે) તમારે મ્યૂનિસિપાલ્ટીને આપવી પડે છે. તો પુરુષ શું કરશે? તે પુરને મોક્ષને માટે પ્રેરિત કરશે અને પુર શું કરશે? તે એ પુરુષને ધર્મ અર્થ કામમાં નિરત રહેવા માટે પ્રેરિત કરશે અને આ રીતે તે એક-બીજાના વિઘાતક ન બનીને એક-બીજાના પૂરક જ્યારે બને છે ત્યારે **''ધર્માર્થકામમોક્ષાખ્યાઃ પુરુષાર્થાઃ હિ ઉદાહૃતાઃ ચતુષ્ટયમિદં યસ્માત્''** આ પૂરા ચારે પુરુષાર્થોનો એક ચતુષ્ટય બને છે જે માનવીય એકપણાના

પુરુષાર્થના રૂપમાં વર્ણિત છે અને આ પ્રકારથી આના સમાયોજનની એક મહાન્ ઉદાત્ત કલ્પના આપણા આર્ષદષ્ટાઓએ કરી હતી. આજે તો કેમકે ઘણા બધા પ્રવાહ એવી રીતના પ્રગટ થઈ ગયા કે કેટલાક લોકો નિરંતર આપણને એ રીતે ભડકાવતા રહે છે કે જીવનમાં (જીવવામાં) શું છે? બસ સ્વર્ગમાં જાવ, વૈકુંઠમાં જાવ, મુક્ત થઈ જાવ. આમ ભડકાવવાના કારણે એ કલ્પનાને ભુલાવી દેવામાં આવી છે.

હું એક વખત કિશનગઢમાં પ્રવચન કરી રહ્યો હતો. એક ભાઈ મારા ઉપર નારાજ થઈ ગયા કે ''આપે કૃષ્ણની અનન્ય શરણાગતિની વાત કરી આપે શિવની બાબતમાં કેમ ન કહ્યું?'' મેં કહ્યું કે ''ભાઈ! હું કૃષ્ણનો ભક્ત છું એટલા માટે મેં ફક્ત કૃષ્ણની બાબતમાં કહ્યું. હું તમને તો નથી કહી રહ્યો કે તમે શિવની ભક્તિ ન કરો. હું તો એ કહી રહ્યો છું કે જો તમે શિવના ભક્ત છો તો શિવના અનન્યાશ્રય રહો. અમે કૃષ્ણના ભક્ત છીએ તેથી અમે કૃષ્ણના અનન્યાશ્રયી રહેશું.'' તો બોલ્યા કે ''આ રીતે આપના પ્રવચન કરવાથી શિવભક્તોના દિલ દુખાય છે.'' મેં કહ્યું કે ''યાર! તમારું દિલ દુખાઈ નથી રહ્યું.'' તેઓ બોલ્યા ''નહીં નહીં, આ તમે કેવી રીતે કહી શકો છો? મારું દિલ તો દુઃખી થઈ રહ્યું છે.'' મેં કહ્યું ''સારું! જો ખરેખર દુઃખી હો તો અહીંથી તમે ઘેર નહીં જાવ, સીધા કૈલાશ જશો.'' તેઓ સીધા પોતાના ઘરે ચાલ્યા ગયા. અરે ભાઈ! આટલા જો દુઃખી હો તો શા માટે ઘરે જાઓ છો, સીધા કૈલાશ જાઓ ને પછી! ન કૃષ્ણભક્તોને કૃષ્ણથી કાંઈ લેવા-દેવા છે, ન શિવભક્તોને શિવથી કોઈ લેવા-દેવા છે. ન અલ્લાહના ભક્તોને અલ્લાહથી કાંઈ લેવા-દેવા છે, ન રામના ભક્તોને રામથી કોઈ લેવા-દેવા છે. બસ ઝઘડવું છે અંદરોઅંદર!

એ ઝઘડવાનું એટલા માટે છે કે આપણે રેશનલ્ એનિમલ્ છીએ. આ રીતે ઝઘડા કરવામાં રેશનાલિટીના (બુદ્ધિમતાની) પરસેંટેજ્ (ટકાવારી) માત્ર દશમા ભાગની હોય છે અને એનિમલિટી (પ્રાણીતા) નેવું ટકા વિદ્યમાન છે, જે દરેક વખતે ઉછળી-ઉછળીને આવતી રહે છે અને તે સંતુષ્ટ નથી થતી. એટલા માટે ધર્મ પણ જો મળી જાય તો આપણે

એ ધર્મને જીવવાના બદલે તેને ઝઘડવાનું સારું હથીયાર સમજીએ છીએ. જે મનમાં રહેલી એક ભાવના છે ને; એક-બીજાને મારવાની કચડ઼વાની, કોઈ રીતે ધર્મનો પણ એમાં ઉપયોગ કરો. ધર્મ મળી જાય તો ધર્મનો, અર્થ મળી જાય તો અર્થનો, કામ મળી જાય તો કામનો, બસ બધાનો ઉપયોગ ઝઘડ઼વા માટે જ કરવો છે. બધાનો ઉકેલ પછી મુક્તિની વાત કરો તો મુક્તિમાં પણ ઝઘડ઼ો કે તમારા ધર્મથી મુક્તિ નહીં, અમારા ધર્મથી મુક્તિ મળશે. અરે ભાઈ! આ ટોચ ઉપર જ્યારે તમે ઝઘડશો તો તેનાથી મુક્તિ થશે કે યુદ્ધ થશે! જ્યારે આપણે આ વિષય ઉપર ઝઘડ઼ો કરી રહ્યા છીએ કે તમારા ધર્મથી મુક્તિ નહીં મળે, અમારા ધર્મથી જ તમને મુક્તિ મળી શકે છે. ભગવાને ફક્ત આપણને જ ઠેકો આપ્યો છે મુક્તિનો? બીજા કોઈ પાસે ઠેકો નથી ત્યારે તો આ વાતનો અર્થ એ છે કે ન તમે મુક્ત થવા માંગો છો, ન ગામને જ મુક્ત કરવા માંગો છો, માત્ર ઠેકેદારીનો તમારો રોફ જમાવવા માગી રહ્યા છો. બધા ધર્મોમાં આ પ્રવૃત્તિ આવી ગઈ છે અને તેનું મૂળ કારણ છે કે આપણે ધર્માર્થકામમોક્ષનું સરખી રીતથી સમાયોજન નથી કર્યું.

આજની તારીખમાં સહુથી વધારે જરૂરિયાત આ ચારે પુરુષાર્થોના સમાયોજનની છે. તે સમાયોજન શા માટે કરવું જોઈએ? તેનું આર્ષદષ્ટિમાં રહેલું ગંભીર રહસ્ય શું છે? કેમકે આપણે ત્રિગુણાત્મક છીએ. આપણા પુરની કાંઈક આકાંક્ષાઓ છે. ત્રિગુણ હોવાના કારણે આપણી અંદર કાંઈક સાત્ત્વિકવૃત્તિ છે, એ વૃત્તિઓના કારણે આપણે કાંઈક ધર્મને જીવવો છે. કાંઈક રાજસવૃત્તિ છે, એ રાજસવૃત્તિઓના કારણે અર્થવૃત્તિને જીવવી છે. અને કાંઈક આપણી અંદર તામસગુણ પણ છે, જેના કારણે આપણે કામ પણ જીવવો છે. અને આ બધાને અસમાયોજિત પ્રકારથી આપણે જીવી નહીં શકીએ. તે આપણા જ નાશના હેતુ બનશે. આપણે ફક્ત ભૂત-પ્રેત-પિશાચના શરીર નથી. આ શરીરની અંદર રહેલો એક નિર્ગુણ જીવાત્મા પણ છે અને તેને પણ આપણે જીવવો છે. શરીરને પણ જીવવું છે. જ્યારે આ ચારેયને જીવવું છે ત્યારે ધર્માર્થકામમોક્ષનું સમાયોજન કરવું પડશે,

કરવું જ પડશે. ત્યારે જ આ સૃષ્ટિ એકબીજાના માટે સુખદ શુભ અને સુંદર બનશે. નહીંતર તો આ સૃષ્ટિ આટલી સુંદર હોવા છતાં પણ તે અશુભ અસુખ અને અસુંદર બની જાય છે.

(સમાયોજનનું પાંચમુ સૂત્ર :
''ધર્માર્થકામમોક્ષાણાં નિમિત્તાનિ અવિરોધતઃ'')

એટલા માટે ભાગવત સ્પષ્ટ આ પ્રકારનું વિધાન કરે છે કે **''ધર્માર્થકામમોક્ષાણાં નિમિત્તાનિ અવિરોધતઃ''** (ભાગ.પુ.૩।૭।૩૨). આ ચારે પુરુષાર્થોમાં એક-બીજાસાથે વિરોધ ન થાય, તે રીતથી ધર્માર્થકામમોક્ષનું સમાયોજન કરો. હવે કયા અનુપાતમાં જઈને વિરોધ થઈ જશે, તેનો ખૂબ જ સુંદર પ્રસંગ ભાગવતમાં આવે છે કે ભગવાને પ્રચેતાઓને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી. આજ્ઞા મળતાં જ એમણે પૃથ્વી ઉપર આવીને જોયું અને કહ્યું કે ''સૃષ્ટિતો આપણે ઉત્પન્ન કરીએ પરંતુ આખી પૃથ્વી ઉપર તો વૃક્ષ જ વૃક્ષ છે તો આપણી સૃષ્ટિ રહેશે ક્યાં?'' તેથી તેમણે બધા જ વૃક્ષોને બાળી નાંખ્યા, ત્યારે ભગવાને પ્રકટ થઈને કહ્યું કે ''તમને તો મેં સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું કહ્યું હતું, એમ તો નહોતું કહ્યું કે વૃક્ષોને બાળી નાખો.'' ત્યારે તેમણે કહ્યું કે ''જો અમે મેદાન નહીં બનાવીએ તો અમારી સૃષ્ટિ રહેશે ક્યાં?'' ત્યારે ખૂબ જ મોટી વાત ત્યાં ભગવાને કહી છે કે ''સમજો કે તમારું જીવન અન્યોન્યાશ્રિત છે. વૃક્ષ જો બધા ખતમ થઈ ગયા તો તમે પણ નહી બચો. અને તમે જો ન રહ્યા તો વૃક્ષ પણ ખતમ થઈ જશે.'' **''અહસ્તાનિ સહસ્તાનામ્ અપદાનિ ચતુષ્પદાં ફલ્ગૂનિ તત્ર મહતાં જીવો જીવસ્ય જીવનમ્''** (ભાગ.પુ.૧।૧૩।૪૬) દરેક જીવ બીજા જીવ ઉપર નિર્ભર છે. પરસ્પર જો જીવનને સમ્બલ (મુસાફરીનું ભાથું) બનાવીને જીવશો તો તમે આ રીતે પેદા પણ થઈ શકશો, અરે વધી પણ શકશો. જો એક-બીજાના નાશનો જ તમારો ભાવ છે, ત્યારે તમે પોતે પણ નષ્ટ થઈ જશો. બીજાને તો નષ્ટ કરશો જ. જ્યારે આ બધી વાતોને જોઈએ ત્યારે આપણને ખ્યાલ

આવે છે કે આર્ષદૃષ્ટિએ ધર્માર્થકામમોક્ષના સમાયોજનની બાબતમાં કેટલી ગંભીરતાથી વિચાર કર્યા છે અને એ ગંભીરતાને કેમ આજે આપણે ભુલી ગયા!!!

(‘‘યથાશક્તિ ન હાપયેત્’’ : ધર્માર્થકામમોક્ષ પુરુષાર્થનું ઉપેક્ષા વગર યથાશક્તિ નિર્વહન કરવું જોઈએ)

હું કોઈ ધર્મની આલોચનાના રૂપમાં આ વાત નથી કરી રહ્યો. હું માનવીય દૂર્બળતાની આ વાત તમને સમજાવવા માગી રહ્યો છું કે ધર્મસંપ્રદાય કોઈ પણ હોય પરંતુ તે ધર્મ-સંપ્રદાયમાં આ ચારેય પુરુષાર્થોનું સમાયોજન સરખી રીતે હોવું-થવું જોઈએ. મહર્ષિ વ્યાસ કહે છે કે **‘‘યથાશક્તિ ન હાપયેત્’’** જેટલી તમારી શક્તિ હોય તેના અનુસાર તેનું હાપન ન થવું જોઈએ, તેની ઉપેક્ષા ન થવી જોઈએ, તેને છોડી દેવું ન જોઈએ, તેને નિભાવાનો પ્રયાસ કરો. નિભાવવાના પ્રયાસ કરશો તો તે નભતા ચાલ્યા જશે અને શક્તિ વધવા લાગશે. મારા ઘુંટણમાં એક પ્રોબ્લેમ્ (તકલીફ) થઈ ગઈ હતી. એક વખત એવું થઈ ગયું કે બે ડગલા પણ ચાલવું મારા માટે મુશ્કેલ થઈ ગયું. મેં ધીરે-ધીરે ફરીથી ચાલવાનું શરુ કર્યું. હવે હું લગભગ ચાર-પાંચ માઈલ ચાલી શકું છું. ડોકટર મને કહેતા રહ્યા કે તમારે ઢાંકણી બદલવી પડશે. મેં કહ્યું કે હમણાં તો બદલાવવાની ઈચ્છા નથી. ખરેખર ધીરે-ધીરે ચાલવાનું શરુ કર્યું તો ચાર-પાંચ માઈલ તો અત્યારે ચાલી શકું છું. **‘‘યુક્તાહારવિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ, યુક્તસ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા.’’** (ભગ.ગી.૬।૧૭) જ્યારે અયુક્ત આહાર, અયુક્ત વિહાર, અયુક્ત ચેષ્ટા થાય છે ત્યારે શક્તિનો હ્રાસ (હાનિ, નાશ) થઈ જાય છે. ચિંતાની કોઈ વાત નથી. ફરીથી પ્રયાસ કરો. ફરીથી તે રીસાઈકલ્ (ફરીથી કામ કરતી) થઈને પાછી આવી જાય છે. જ્યારે મેં ચાલવાનું શરુ કર્યું તો મારો ઘુંટણ પણ દુઃખતો બંધ થઈ ગયો.

આ વાતને સમજવી જોઈએ કે ભલે તે ધર્મની વાત હોય, ભલે અર્થની બાબતમાં હોય, ભલે કામની બાબતમાં હોય, ભલે મોક્ષની

બાબતમાં હોય. જ્યારે કોઈ કારણથી આપણી શક્તિનો હ્રાસ થયો હોય ત્યારે એમાં ગભરાવાની, નિરાશ થવાની અને ન પોતાના કે બીજાના વિષયમાં આ રીતના અપરાધબોધની આવશ્યકતા છે. જે વાતની આવશ્યકતા છે તે છે થોડાક પ્રયાસની. યથાશક્તિ ફરીથી શરુ કરો. બચ્ચન (હરિવંશરાય બચ્ચન) ની કવિતા હું ક્યારેય ભુલી નથી શકતો –

“ઈન ચિકને તાજે નયે હરે પત્તોંકે સાયેમેં સુમને !
ફિર પ્યાર નયા હો સકતા હૈ.
હર દંત સમયકા જો લગતા માનો વિષદંત નહીં હોતા,
દુઃખ માનવકે મનકે ઉપર સબ દિન બલવંત નહીં હોતા,
આહેં ઉઠતી આંસૂ ઝરતે, સપને પીલે પડ઼તે લેકિન,
જીવનમેં પતઝડ આનેસે જીવનકા અંત નહીં હોતા.
ઈન ચિકને તાજે નયે હરે પત્તોંકે સાયેમેં સુમને!
ફિર પ્યાર નયા હો સકતા હૈ....”

યથાશક્તિ પ્રયાસ કરવો જોઈએ. દરેક વાતમાં શક્તિહ્રાસથી, અપરાધબોધથી ગ્રસ્ત થવું કોઈ વ્યવસ્થામાં હશે, આપણી ભારતીય વ્યવસ્થામાં નથી. કેમકે જે પણ બ્રાહ્મણ સંધ્યા કરે છે તે આ વાતને રોજ કહે છે કે **“મન્યુઃ અકાર્ષીત્ નાહં કરોમિ, મન્યુઃ કરોતિ, મન્યુઃ કર્તા, મન્યુઃ કારયિતા. એષ તે મન્યો મન્યવે સ્વાહા”** (મહાનારા.ઉપ.૧૮।૩) **“કામો અકાર્ષીત્ નાહં કરોમિ, કામઃ કરોતિ કામઃ કર્તા, કામઃ કારયિતા એષ તે કામ કામાય સ્વાહા.”** (મહાનારા.ઉપ.૧૮।૨).

ઈન ચિકને તાજે નયે હરે પત્તોંકે સાયેમેં ફિર પ્યાર નયા હો સકતા હૈ. આપણે કોઈની સામે કન્ફેશન્ (કબૂલાત) કરવાની જરૂર નથી. આપણે આપણા સ્વયંની સામે કન્ફેશન્ કરવાનું તાત્પર્ય આ છે કે જે કાંઈ આપણે ઉગ્ર (જલદ) કર્યું, પ્રતિગ્રહ કર્યો તેને એક જલના આચમનની સાથે આપણે આપણને સમજાવી રહ્યા છીએ કે આનાથી અમે શુદ્ધ થઈ જઈએ. **“આપઃ પુનન્તુ પૃથિવીં પૃથિવી પૂતા પુનાતુ મામ્, પુનન્તુ**

બ્રહ્મણસ્પતિર્બ્રહ્મ પૂતા પુનાતુ મામ્, યદુચ્છિષ્ટમભોજયં યદ્વા દુશ્ચરિતં મમ, સર્વં પુનન્તુ મામાપોઽસતાં ચ પ્રતિગ્રહ સ્વાહા'' (તૈત્તિ.આર.૧।૧૦।૨૩) **''અત્યાશનાદ્ અતિપાનાદ્ યચ્ચ ઉગ્રાત પ્રતિગ્રહાત્ તન્નો વરુણો રાજા પાણિનાહયવમર્શતુ. સોઽહમપાપો વિરજો નિર્મુક્તો મુક્તિકિલ્વિષઃ નાકસ્ય પૃષ્ઠમારુહ્ય ગચ્છેદ્ બ્રહ્મસલોકતામ્''** (તૈત્તિ.આર.૧૦।૧). આ આપણે પ્રતિદિન સંધ્યામાં કરીએ છીએ કે એ શક્તિનો જો કોઈ અયુક્તાહાર-વિહારના કારણે નાશ થયો છે તો કોઈની સામે કાકલુદી કરવાની આવશ્યકતા નથી. આપણી યથાશક્તિ, ધર્મ અર્થ કામ મોક્ષના પુરુષાર્થોમાં ફરીથી પ્રવૃત્ત થવાની જરૂરત છે અને એ સ્વસ્તિકને નિભાવવાની જરૂરત છે. જો તે સ્વસ્તિક નભ્યો તો બરાબર સુઅસ્તિ થશે. જો તે સ્વસ્તિક ખંડિત થઈ ગયો, તેનો કોઈ એક હાથ તુટી ગયો કે બિનજરૂરીરૂપથી વધી ગયો તો બધી ગરબડ઼ ફેલાશે, ફેલાશે અને ફેલાશે.

(ભક્તિ પણ પાંચમો પુરુષાર્થ છે)

એટલા માટે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી કહે છે કે ભાગવતના પહેલાં, ધર્માર્થિકામમોક્ષ પુરુષાર્થોની પરિકલ્પના (ગોઠવણ, રચના) ખૂબ જ સારી રીતથી પ્રસ્તુત શ્રુતિ સ્મૃતિ પુરાણ વગેરેમાં થઈ ગઈ છે. ભાગવત પહેલી વખત આવીને આપણને સમજાવે છે કે એક પંચમ પુરુષાર્થ બીજો રહેલો છે અને તે છે ભક્તિ. ભક્તિ એક અદ્ભુત પુરુષાર્થ છે.

હવે આ પ્રશ્ન થાય છે કે આપણે ત્રિગુણાત્મક પ્રકૃતિનું પુર જોયું. એ પુરમાં નિર્ગુણ બિરાજમાન જીવ જોયો તો આ 'ભક્તિ'નું ઉત્પત્તિસ્થાન (સોર્સ) ક્યાં છે? ક્યાં શોધવું આ 'ભક્તિ'ના ઉત્પત્તિસ્થાનને? આ બે સિવાય ત્રીજું શું છે? જેમ ધર્માર્થિકામનું ઉત્પત્તિસ્થાન આ શરીર છે. મોક્ષનું આધારભૂત સ્થાન આપણો જીવાત્મા છે. તો પછી આ ભક્તિનું સ્થાન ક્યાં છે? સૂરદાસજી મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીની સામે કાકલુદી કરી રહ્યા હતા ''મો સમ કૌન કુટિલ ખલ કામી'' ''હોં પતિતનકોં ટીકો'' મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ કહ્યું કે

“સૂર હ્વેકે કાહેકો ઘિઘિયાત હૈ કછુ ભગવલ્લીલા ગા” આ આખી સૃષ્ટિને એક લીલાની દૃષ્ટિથી જોવાની શરૂ કરો. લીલાની દૃષ્ટિથી જોશો તો કાકલુદી કરવાનું બંધ થઈ જશે. આ ઘિઘિયાવાનું બંધ થઈ જશે. જ્યારે તમે આ લીલાની દૃષ્ટિથી નથી જોતા અને જ્યારે તમે આને પોતાના સંકલ્પપ્રભવ કામથી જોઈ રહ્યા છો, જ્યારે તમે પોતાની અહંતાનો આટલો ઉદ્વેગ કરી રહ્યા છો જેમ કે આયુર્વેદે કહ્યું કે **“સર્વે રોગાહિ જાયન્તે વેગોદીરણધારણાત્”** એ પ્રકારે કે બધા રોગ વેગના ઉદીરણ (ઉચ્ચારણ) અને ધારણને કારણે પ્રકટ થાય છે. આયુર્વેદનું આ મહાવાક્ય છે તો પોતાના અહંકારનું આટલું ઉદીરણ તમે કરી લીધું કે આ અહંકારના ઉદીરણમાં તમે આ વાતને ભૂલી ગયા કે આ ત્રિગુણાત્મક પ્રકૃતિરૂપી શરીર અને આ નિર્ગુણાત્મક ચિદાત્મા આનું કોઈ ઉત્પત્તિસ્થાન છે કે નહીં!

(ત્રિગુણાત્મક પ્રકૃતિ અને પુરુષનું યુગ્મીભૂત એકરૂપ મતલબ ‘અક્ષરબ્રહ્મ’)

ભગવાન્ ગીતામાં આપણને સમજાવે છે કે **“ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થો અક્ષર ઉચ્યતે”** (ભગ.ગી.૧૫।૧૬) અને તે અક્ષરમાં **“તદ્ધામ પરમં મમ”** (ભગ.ગી.૧૫।૬) આ જેટલા ભૂત (પ્રાણી) છે, તે ક્ષર છે એમાં જે કૂટસ્થ (પ્રાણીઓના સમૂહમાં-શરીરમાં રહેનાર કુટસ્થ શુદ્ધ, સચ્ચિદાનંદરૂપ, ભગવદ્ધામ વિગેરે નામવાળો-આત્મા) છે તે અક્ષર છે અને **“ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિદ્ધિ સર્વક્ષેત્રેષુ”** (ભગ.ગી.૧૩।૨) જેમ ત્યાં તમે જોશો તો એવું મળે છે કે **“પ્રકૃતિં પુરુષં ચૈવ વિદ્ધ્યનાદી ઉભાવપિ”** (ભગ.ગી.૧૩।૧૯) પ્રકૃતિ અને પુરુષ બંને અનાદિ છે પરંતુ જે પ્રકૃતિને જાણે છે તે પણ મને કોઈ ન કોઈ રૂપમાં જાણી રહ્યો છે અને જે પુરુષને જાણી રહ્યો છે તે પણ કોઈ ન કોઈ રૂપમાં મને જાણી રહ્યો છે. પ્રકૃતિનું જ્ઞાન પણ મારું જ જ્ઞાન છે અને પુરુષનું જ્ઞાન પણ મારું જ જ્ઞાન છે. તે જ્યારે આપણે યુનિફિકેશન્ પોઈન્ટ્ (એકરૂપતાની ટોચ) શોધીએ છીએ, ત્યાંથી લીલા પ્રકટ થાય છે કે અક્ષરમાં ક્ષરનું પ્રાકટ્ય તે માયીક નથી, તે

અજ્ઞાન નથી, તે પ્રતીત્યસમુત્પાદ નથી. એ અક્ષરાતીત લીલા છે જેમાં ક્ષર પ્રકટ થયું છે.

આપણને ખૂબ આશ્ચર્ય થાય છે કે અક્ષરમાં ક્ષર કેવી રીતે પ્રકટ થઇ શકે છે? ‘અક્ષર’ જેનું ક્ષરણ ન થતું હોય. ‘ક્ષર’ એટલે ક્ષરણશીલ હોય. ક્ષરણશીલ હોય તે કયારેય અક્ષર નથી હોઇ શકતું. અક્ષર કયારેય ક્ષરણશીલ નથી હોઇ શકતું પરંતુ પરમાત્મા ક્ષરાક્ષર બની શકે છે કે નહીં? જો ન થયા હોત તો એક સીધીસાદી વાત આપણે એક સમજવી જોઇએ કે આધુનિક વિજ્ઞાનની દષ્ટિથી તમે જોઇલો કે આ આખી પૃથ્વીમાં જલ તેજ વાયુ આકાશ છે અને તે પૃથ્વી સૂર્યથી પ્રકટ થઇ છે. જ્યાં ન પૃથ્વી છે, ન જલ છે, ન તેજ છે, ન વાયુ છે. તો આ બધું ક્યાંથી પ્રકટ થયું! વૈજ્ઞાનિક લોકો પોતે કહે છે કે પૃથ્વી જલ તેજ વાયુ આકાશ જે આપણા આ લોકના કોન્સ્ટીટ્યૂટિંગ્ (સ્થાપનના આવશ્યક અંગ, ઘટક) છે. તે સૂર્યમાંથી પ્રકટ થયા છે. પરંતુ સૂર્યમાં તો કાંઇ નથી. સૂર્યમાં આ નથી તો શું એનો મતલબ એ છે કે આ આપણી ભ્રાંતિ છે? આ આપણી ભ્રાંતિ તો નથી. સૂર્યમાં જે રૂપમાં આ તત્ત્વ છે. તેમાં આ સંભાવના રહેલી છે કે સૂર્યથી અલગ પડી જાય. ‘‘**દ્વિતીયો મે આત્મા જાયેત**’’ (બ્ર.ઉપ.૧।૨।૪) ઉપનિષદ્ તેને કહે છે કે મારી આ આત્માનું એક બીજુ રૂપ પ્રકટ થાય અને બીજા રૂપમાં પ્રકટ થતાં જ એ સૂર્યનું પ્લાજ્મિક્ (ઘનીભૂત) રૂપ આપણી સામે નથી. હવે આપણી સામે પૃથ્વી જલ તેજ વાયુ આકાશ છે. ત્યાં સૂર્યલોકમાં કાંઇ પણ નથી. અહીં આપણને બધું જ મળી રહ્યું છે એ જ સૂર્યના કારણે. ‘‘**તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ, ધિયો યો નઃ પ્રચોદયાદ્**’’ (ઋકસં.૩।૬૨।૧૦) તે સવિતા જે આપણી બુદ્ધિના પ્રેરક છે, તે ‘સવિતા’નો મતલબ આના પ્રસવિતા છે. આ ચાતુર્વિધ તત્ત્વોના પ્રસવિતા તે પ્લાજ્મિક્ રૂપ છે. જે ચતુર્વિધ નથી. ન હોવું પણ આપણને જોવામાં નથી આવતું પરંતુ જો સૂક્ષ્મરૂપમાં તે ન હોત તો અહીં સ્થૂલ રૂપમાં તે કેવી રીતે પ્રકટ થયા હોત! એટલા માટે ભગવાન્ કહે છે કે ‘‘**યસ્માત્ ક્ષરમ્ અતીતોઽહં, અક્ષરાદપિ ચ ઉત્તમઃ અતોસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ**

પુરુષોત્તમઃ'' (ભગ.ગીતા.૧૫।૧૮) તે પુરુષોત્તમ ક્યાં છે? ઉપનિષદ્ પણ આ કહે છે કે **''યઃ પૃથિવ્યાં તિષ્ઠન્ પૃથિવી અન્તરો યં પૃથિવી ન વેદ યસ્ય પૃથિવી શરીરં યઃ પૃથિવીમ્ અન્તરો યમયતિ એષ તે આત્મા અમૃતઃ''** (બૃહ.ઉપ.૩।૭।૩) જે પૃથ્વીમાં છૂપાઇને ભીતરથી તેનું નિયમન કરે છે તે તમારી ભીતર પણ છૂપાયેલ છે. જે રીતે આ લોકના ચતુર્વિધ કે પંચવિધ મહાતત્ત્વ તે સૂર્યલોકના પ્લાઝ્મિક્ (ઘટક) ના રૂપમાં છૂપાયેલા હતા, અનભિવ્યકત રૂપમાં હતા અને પૃથ્વી ઉપર તે અભિવ્યકત રૂપમાં થયા છે. આ રીતે ક્ષરાક્ષરનો જે પ્રભેદ છે, તે પુરુષોત્તમમાં અનભિવ્યક્ત રૂપમાં છૂપાયેલા છે અને **''એકોહં બહુસ્યાં પ્રજાયેય''** (તૈત્તિ.ઉપ.૨।૬) આ ઉપનિષદ્નું જે સૂત્ર છે, એ સૂત્રના ન્યાયથી તે બહુવિધતા અહીં પ્રકટ થઇ છે. તે એકની અનેકવિધતા અહીં પ્રકટ થઈ છે.

(ભાગવત અને શ્રીવલ્લભાચાર્યના મતથી ભક્તિ પણ પુરુષાર્થ છે. તેથી ધર્માર્થકામમોક્ષભક્તિનું સમાયોજન કરે છે તે જ આપણા સંપ્રદાયમાં સાચો 'પુરુષ' છે.)

તેના પ્રકટ થવામાં આપણને લીલાબોધ થાય છે અને એ લીલાબોધમાં ક્યાંક ને ક્યાંક ભક્તિનો મૂડ (મનની સ્થિતિ) છૂપાયેલ હોય છે જેને શ્રીવલ્લભાચાર્ય કહે છે કે આ પુરુષાર્થનું પણ સમાયોજન આપણે આ રીતે કરવાનું છે. ભક્તિ પણ એવી નથી કરવી જે ધર્માર્થકામમોક્ષની વિરોધિની હોય અને ધર્માર્થકામમોક્ષ પણ એ રીતે ન કરવા જોઈએ કે તેઓ ભક્તિના વિરોધમાં ચાલ્યા જાય. આ પાંચેય પુરુષાર્થનું સમાયોજન જો આપણે સરખી રીતે કરી શકયા તો આપણે બરાબર આપણી સર્વરૂપતા, જે પુરુષોત્તમમાંથી પ્રકટ થઈ છે, તેનો નિર્વાહ સરખી રીતથી કર્યો. પ્રારંભિક સૂત્રમાં આપણે આ વાત અવશ્ય સરખી રીતે સમજવી જોઈએ.

ભાગવત આના માટે એક ખૂબ સારી વાત બતાવે છે કે **''સત્ત્વં**

રજસ્તમ ઈતિ ત્રિવૃદેકમ્ આદૌ” (ભાગ.પુરા.૧૧।૩।૩૭) સત્ત્વ રજ તમ આ ત્રિવિધ પહેલા એક છે. **“સૂત્રં મહાન્ અહમ્ ઈતિ પ્રવદન્તિ જીવમ્”** (ત્યાંજ) સૂત્ર મહાન અને અહંની સાથે તે જીવ બની જાય છે. **“જ્ઞાનક્રિયાર્થફલરુપતયોરુશક્તિ”** (ત્યાંજ) અને આ બંનેના શરણે થાય શું છે કે જ્ઞાન અને ક્રિયા તેના અર્થ અને તેના ફલ તે વિવિધ શક્તિઓમાં પ્રકટ થાય છે પરંતુ **“બ્રહ્મૈવ ભાતિ સદ્ અસદ્ ચ તયોઃ પરં યત્”** (ત્યાંજ) પરંતુ આ બધા તત્ત્વોમાં જેનું ભાન થઈ રહ્યું છે તે તો કેવળ બ્રહ્મનું, બ્રહ્મનું અને બ્રહ્મનું. **“બ્રહ્મ તે બ્રવાણિ ઈતિ”** (બૃહ.ઉપ.૨।૧।૧) **“મા અહં બ્રહ્મ નિરાકુર્યાં, મા મા બ્રહ્મ નિરાકરોદ્. અનિરાકરણં મે અસ્તુ. તદ્ અનિરાકરણં મે અસ્તુ”** (કેનોપ.શાં.પા.) ભક્તિનું મૂળ અહીં છે. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મતથી ભક્તિ જો પાંચમો પુરુષાર્થ છે તો એનું મૂળ હવેલી ચલાવવા માટે નથી, એનું મૂળ ભાગવતકથા કરવા-કરાવવામાં નથી, એનું મૂળ મનોરથોના ફંડફાળા ભેગા કરવામાં નથી. એનું મૂળ ક્યાંય છે તો બ્રહ્મના આ સ્વરૂપમાં છે કે **“એકં રૂપં બહુધા યઃ કરોતિ”** (કઠોપ.૨।૨।૧૨) આમાં ભક્તિનું મૂળ રહેલું છે. ભક્તિની આધારશિલા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય અહીં સ્થાપિત કરવા માગે છે.

મારી અપેક્ષા છે કે આ વાતને આપણે સમજીએ. આપણે પુષ્ટિમાર્ગને જીવી રહ્યા છીએ, એ ખૂબ સારી વાત છે. આપણે પુષ્ટિમાર્ગમાં જીવી રહ્યા છીએ એ બહુ સૌભાગ્યની વાત છે પરંતુ આપણી ભક્તિની આધારશિલા જ્યારે આપણે આ બ્રહ્મમાં સ્થાપિત કરશું ત્યારે જ આપણે પુષ્ટિમાર્ગને સ્વસ્થ રૂપમાં જીવી શકશું. અન્યથા આપણે પુષ્ટિમાર્ગમાં જીવી રહ્યા છીએ પરંતુ પુષ્ટિમાર્ગ આપણી અંદર નહીં જીવી શકે. પુષ્ટિમાર્ગ આપણામાં ક્યાંક મરી રહ્યો છે, શ્વાસ તોડી રહ્યો છે. એટલા માટે આપણી પુષ્ટિભક્તિને, આજે આ બ્રહ્મમાં સુપ્રતિષ્ઠિત કરવાની ખૂબ-ખૂબ આવશ્યકતા છે. જે પણ આ વિષયમાં પ્રશ્ન કરવા હોય તમે નિઃશંક કરો. મને એકતરફી વ્યવહાર ચલાવવો પસંદ નથી આવતો. હું દરેક પ્રવચનમાં આ જ વાત કહું છું કે પ્રશ્નોત્તરની ઈચ્છા રાખું

છું કેમ કે **“તદ્વિજ્ઞાનાર્થં સ ગુરુમેવ અભિગચ્છેત્ સમિત્પાણિઃ શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠમ્”** (મૂંડકઉપ.૧।૨।૧૨) પરિપ્રશ્ન વગર કાંઇ ખબર નથી પડતી કે શું કહેવું? કેમકે તમને જિજ્ઞાસા છે કે નહીં? હું પ્રવચન કરતો રહું અને તમને ઉંઘ આવતી રહે એવું પણ થઇ શકે છે. મોટાભાગે મારા પ્રવચનમાં મને સાંભળનારા સૂઇ જાય છે મને ચિંતા થઇ તો મેં મારું પ્રવચન મેં પોતે જ સાંભળ્યું તો હું પણ સૂઇ ગયો પરંતુ તે મારી કાંઇ વિવશતા છે પરંતુ હું એ નથી ઇચ્છતો કે આપણે સૂઇ જઇએ. હું એ ઇચ્છું છું કે આપણા શ્રીમહાપ્રભુજીની જે વાણી છે તે આપણા માટે સજાગ રહેવાનો હેતુ બને **“ઉત્તિષ્ઠિત જાગ્રત પ્રાપ્ય વરાન્ નિબોધતઃ”** (કઠોપ.૧।૩।૧૪). તમે લોકો આ વિષયમાં કંઇ પણ પ્રશ્ન કરશો તો મને હૃદયપૂર્વક સંતોષ થશે. અને જે કાંઇ પણ મેં કહ્યું મને લાગશે કે કાંઇક સંપ્રેષિત (સરખી રીતે મોકલાવાયું) છે. નહીંતર તો એકતરફી વ્યવહાર જ છે. જ્યારે ટ્રાફિક વધી જાય છે ત્યારે ગાડી એકતરફ ચલાવવી પડે છે. જ્યારે થોડીક ગાડીઓ હોય છે ત્યારે બંને બાજુથી આવી જઇ શકે છે. પરંતુ વધારે ગાડીઓ હોય ત્યારે એકતરફ ચલાવવી પડે છે. હવે એ તમારી ઇચ્છા ઉપર છે કે તમે એકતરફી ટ્રાફીક ઇચ્છો છો કે બંને તરફી ઇચ્છો છો. પૂછશો તો મને ખૂબ ખુશી થશે. એક વાત હું મારા તરફથી કહી દઉં કે પ્રશ્ન કોઇ ખોટો નથી હોતો. જવાબમાં ખોટા કે સાચાની સંભાવના હોય છે. પ્રશ્ન ફક્ત પ્રશ્ન જ હોય છે, તે ન ખોટો હોય છે ન સાચો હોય છે. એક વખત અમારા સેમિનાર્ (પરિસંવાદ, ચર્ચામંડળ) માં પ્રા.મુખર્જીએ સવાલ કર્યો કે “તમે શું ઇચ્છો છો કે અમે શું પૂછીએ?” મેં કહ્યું, “અમારા વખાણ કરનારા તો ઘણા છે, તમે કાંઇક અમારો ક્રિટિસાઇજ્ (ગુણદોષ વિવેચના, ટીકા) કરો કે અમે શું સમજ્યા છીએ?” હું એ અનુશાસન (નિયમ, કાયદો, વ્યવસ્થાતંત્ર)માં મોટો થયો છું કે હું આલોચના (ટીકા)ને પણ ક્યારેય ખરાબ નથી માનતો. મને આલોચના એવી લાગે છે કે જેમ ભજીયાની સાથે કોઇ ચટણી હોય. જેમ ભજીયાનો સાચો સ્વાદ ચટણી વગર નથી આવતો તેમ આપણા મત (સમજણ, વિચાર, જ્ઞાન)નો સાચો

સ્વાદ આલોચનાની ચટણી વગર નથી આવતો. તો આલોચના સુધી પણ તમે સવાલ કરવા ઈચ્છો તો તમે કરી શકો છો. જીજ્ઞાસાભાવથી પણ કરી શકો છો. આ તો તમારા ઉપર નિર્ભર છે. જો કોઈ પ્રશ્ન ન હોય તો આશ્રયપદનું ગાન કરીને આજે અહીં રાખીએ.

***

પ્રકરણ-૨

(પ્રશ્નોત્તર)

કાલે જેમ મેં આપને બતાવ્યું હતું કે આપણા પ્રવચનની બંદિશ (બંધારણ) ચાર શ્લોક છે અને તેના ગાન પછી જ આપણો વિમર્શ શરૂ કરશું તો પહેલાં આપણે એ ચાર શ્લોકોનું ગાન કરી લઈએ.

કાલે હું નિરાશ થઈ ગયો હતો પરંતુ આજે તો મને ખૂબ પ્રસન્નતા થઈ રહી છે કે ઘણાબધા પ્રશ્નો આવ્યા છે અને ખરેખર મારું હૃદય ઉલ્લસિત છે આજે. કેટલાક લોકોએ બહારગામથી પણ પ્રશ્ન પૂછયા છે.

પ્રશ્ન : સત્ત્વ રજ તમો ગુણ પ્રકૃતિથી આવે છે અને નિર્ગુણતા જીવાત્માથી આવે છે, આત્મા નિર્ગુણ છે તો શું સૂક્ષ્મ દેહ પણ નિર્ગુણ છે?

ઉત્તર : કાલે મેં એક વાત સમજાવી હતી કે આપણા મસ્તિસ્કની જે સંરચના છે, જેને આર કોમ્પલેકસ્ કહે છે, તેના પછી ભાવનાની, જેને લિમ્બિક્ સિસ્ટમ્ અને નીયો કોર્ટેક્સ્, જે તૃતીય છે. આધુનિક મસ્તિસ્કવિજ્ઞાને, મસ્તિસ્કની ન્યૂરોલોજી (મજ્જાતંતુઓનું અથવા તેમાં થતા રોગોના ઉપચારનું શાસ્ત્ર) અને મોર્ફોલોજી (શબ્દરૂપવિચાર; આકારવિજ્ઞાન, પ્રાણી અને વનસ્પતિને લગતું) કરીને જે બધા કેન્દ્ર શોધાઈ રહ્યા છે, બ્રેનવેવ જે માપવામાં આવી રહ્યા છે, તે બધાના હિસાબથી સૌથી પહેલાં આર કોમ્પલેકસ્ છે, હવે એમના શબ્દ અલગ છે આપણા શબ્દ અલગ છે, એ જ બધા ફંકશન્સ્ ત્યાં પણ બતાવવામાં આવી રહ્યા છે.

આપણા ભાગવતની પરિભાષામાં સૌથી પહેલાં ચિત્ત છે અને ચિત્તને સાત્ત્વિક માનવામાં આવેલું છે. તેઓ જેને આર-કોમ્પલેકસ્ કહે છે જે બ્રેન (મગજ)ની આંતરિક નિગૂઢ સંરચના છે, એ નિગૂઢ સંરચનાની ભીતર જાગરૂકતા (અવેરનેસ=હોવાનું ભાન) છે, પરંતુ ભાવુકતા (ઈમોશન્ = મનોભાવ, લાગણી) નથી. જ્યારે પણ ભાવના (ઈમોશન્સ્)

વગર જાગરૂકતા (અવેરનેસ્) હોય છે તેને જ આપણે ત્યાં **“સત્ત્વાત્ સંજાયતે જ્ઞાનમ્”** (ભગ.ગી.૧૪।૧૭) કહેવામાં આવે છે. તેને જ ભાગવતમાં વિશુદ્ધ સત્ત્વાત્મક ચિત્ત કહેવામાં આવ્યું છે. એ ચિત્ત ઉપર આપણે એ વાત બતાવવામાં આવી છે કે અહંકાર અને સંકલ્પવિકલ્પાત્મક મન છે. જે સંકલ્પ-વિકલ્પાત્મક મન અને અહંકાર છે, ધ્યાનથી જુઓ કે સેલ્ફ્-અવેયરનેસ્ અને બીજાની અવેયરનેસ્. ક્રિયાની અવેયરનેસ્ કે વિષયની અવેયરનેસ્ અને તેની જેટલી પણ વિવિધતાઓ સંભવ છે, તેને વિકલ્પ કહેવામાં આવે છે. જે કાંઈ હું કરી શકું એના સંકલ્પને એટલે કે ‘મારે આ કરવું છે’ એવો સંકલ્પ એ મનનું કાર્ય માનવામાં આવેલું છે. જે પણ આપણે કામ કરી રહ્યા છીએ તેમાં જો સંકલ્પ કે વિકલ્પ જે પણ કાંઈ હોય છે, તે બહારની વસ્તુની બાબતમાં હોય છે. સાધારણ રીતે ‘વિકલ્પ’ બહારની વસ્તુનું ભીતર વિચારવામાં આવતું કોઈ રૂપ છે અને ભીતરથી જે ક્રિયા બહારની તરફ પ્રકટ કરવાની છે તેનું વિચારવામાં આવતું રૂપ ‘સંકલ્પ’ કહેવામાં આવે છે. જેમ કે મારે ખાવું છે, સૂવું છે, ચાલવું છે, જાગવું છે આ બધા સંકલ્પ છે. તેના જ પછી આપણે ખાઈએ છીએ, સૂઈએ છીએ, ચાલીએ છીએ, જાગીએ છીએ. જેમ આ કાગળનો ટુકડો તમારી સામે દેખાઈ રહ્યો છે આમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે નથી પૂછવામાં આવ્યો? પૂછવામાં આવ્યો છે તો તે તમારા મનમાં વિકલ્પ આવી ગયો અને નથી પૂછવામાં આવ્યો છે તો તે બીજો વિકલ્પ છે. તો કોઈ એક વસ્તુની બાબતમાં જે બે પ્રકારની ધારણાઓ આપણે વિચારીએ છીએ તેને ‘વિકલ્પ’ કહેવામાં આવે છે. ધ્યાનથી જૂઓ કે એક ખુદની અવેયરનેસ્ એટલે કે ખૂદની બાબતમાં ચેતના અને બીજી વિષયચેતના, એક આ સ્તર છે. તેના પછી એક બુદ્ધિનું રૂપ આવ્યું છે. આપણે ત્યાં મન બુદ્ધિ અહંકાર ચિત્ત એમ ચર્તુગ્રંથી અંતઃકરણ માનવામાં આવેલું છે. અને આ ચર્તુગ્રંથી અંતઃકરણમાં સાત્ત્વિકતા રાજસતા તામસતાનો સમાવેશ કરવામાં આવ્યો છે. બિલ્કુલ એ જ પ્રકારથી જે પ્રકારથી આજના બ્રેન્ના વૈજ્ઞાનિક આમ કહે છે કે આર-કોમ્પલેક્સ્માં અવેયરનેસ્ મુખ્ય છે, પરંતુ ભાવુકતા નથી. તેના પછી તેના ઉપરની પરતમાં ભાવનાઓ છે. આપણે

ત્યાં અવેયરનેસ્ સાત્ત્વિક છે. **"સત્ત્વાત્ સઞ્જાયતે જ્ઞાનં"** (ત્યાંજ) અને જેમ ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે કે **"કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ, મહાશનો મહાપાપ્મા વિદ્ધિ એનમ્ ઇહ વૈરિણમ્"** (ભગ.ગી.૩।૩૭) આ જે કામ ક્રોધની ભાવુકતાઓ છે તે રજોગુણથી સમુદ્ભૂત (ઉત્પન્ન થયેલ) છે. તે લિમ્બિક્-સિસ્ટમ્ છે, જે આર-કોમ્પલેક્સ્ની ઉપર છે. તે રજોગુણસમુદ્ભૂત છે પરંતુ રજોગુણથી પેદા થનારી મનની તામસ અવસ્થા છે અને જે ક્રિયા છે તે આપણા અહંકારથી કે મનથી પેદા થાય છે. તેને ભાગવત અને ગીતા બંને રાજસ માને છે. કેમ રાજસ માને છે? કેમ કે રાજસમાં ન તો મૂઢતા હોય છે અને ન સ્થિરતા હોય છે. 'રાજસ'નો અર્થ છે ચંચળ હોવું. કોઈ એક વાત ઉપર સ્થિર ન રહી શકવું. આ સંકલ્પ કે વિકલ્પનું સ્વરૂપ આપણે જોઈએ અને આપણા અહંકારનું સ્વરૂપ જોઈએ છીએ તો સ્પષ્ટ ખબર પડે છે કે ત્યાં રાજસતા પ્રકટ થઈ રહી છે. હમણાં સર્વોત્તમ ઉપર મારૂં પ્રવચન થઈ રહ્યું હતું ત્યારે શ્રોતાઓને મેં એક વાત કહી હતી કે આપણે જેટલા બુદ્ધિમાન છીએ તેનાથી કેટલાય ગણી આપણી બુદ્ધિ બુદ્ધિમાન છે. અને આપણે જેટલા બેવકૂફ છીએ એનાથી કેટલાય ગણું આપણું દિલ બેવકૂફ હોય છે. તેનું સીધુંસાદુ પ્રમાણ શું? આપણે વિચાર કરીએ તો સમજી નથી શકાતું કે આપણે બુદ્ધિ આપણાથી વધારે બુદ્ધિમાન કેવી રીતે હોઈ શકે છે. અને આપણા કરતાં આપણું દિલ વધારે બેવકૂફ હોઈ શકે છે? પરંતુ પ્રયોગ કરીને જોઈલો તો સમજાઈ જશે અને કોઈ ગંભીર પ્રયોગ નથી, એક નાનકડો પ્રયોગ છે. તમે કોઈ પણ એક શબ્દ જેમ કે 'માઈક' છે, 'ફુલની માળા' છે, લખી લો. ત્યાર પછી તેની સાથે જોડાયેલો બીજો ક્યો શબ્દ છે તેને લખો. તેની સાથે જોડાયેલ ત્રીજો ચોથો પાંચમો ક્યો શબ્દ છે લખતા જાઓ. કલાક-દોઢકલાક જો તમે પ્રયાસ કરશો તો હજારો શબ્દો તમે લખી શકશો. તે તમને ખબર પણ નહીં પડે કે આટલા શબ્દો તમારા દિમાગમાં ક્યારે ભરાઈ ગયા હતા! ક્યારે ડાઉનલોડ્ કર્યા હતા! તમને ખબર નથી પરંતુ તમારા દિમાગને ખબર છે કે અચ્છા આનાથી જોડાયેલો આ છે તેનાથી જોડાયેલો તે છે. પરંતુ ઓચિંતાનો હું તમને પૂછું ત્યારે તો તમે

બતાવી નહીં શકો. પરંતુ મસ્તિષ્કની પાસે તે સૂચનાઓ છે. આ અર્થમાં આપણાથી કેટલાય ગણું બુદ્ધિમાન આપણું મસ્તિષ્ક હોય છે.

હવે દિલની વાત કરીએ તો હંમેશા એવું લાગે છે કે મનમાં જે સંકલ્પ વિકલ્પ થઈ રહ્યા છે, તેને કરીએ કે ન કરીએ? બુદ્ધિ કહે છે કે ‘નહીં કરતા, એમાં કાંઈક ગરબડ છે’. પરંતુ દિલ કહે છે કે ‘કોણ જોઈ રહ્યું છે, એક વખત તો કરીને જોઈ લો. ભગવાન્ અહીં થોડા જોવા આવે છે?’ જેને બુદ્ધિ ચોકખી ના પાડતી હોય તેને પણ દિલ તો કરવા ઈચ્છે છે. આપણે જેટલા બેવકૂફ છીએ તેનાથી ક્યાંય વધારે આપણું દિલ બેવકૂફ છે અને આપણે જેટલા અક્કલવાળા છીએ તેના કરતાં ક્યાંય વધારે આપણું મસ્તિષ્ક અક્કલવાળું છે. આ એક નાનકડો પ્રયોગ કરીને આપણે જોઈ શકીએ છીએ જીવનમાં. આનાથી સમજી શકાય છે કે સત્ત્વ રજ તમના જે આવરણ એકના ઉપર એક પ્રકટ થયા છે, તે આવરણોંની પૂર્વે જીવાત્મા જ્યારે રહેલો છે તો તેની નિર્ગુણતા ચેતનાના અંશમાં છે. આવૃત્ત થતાં જ તે પણ સગુણ બની જાય છે. જીવાત્મા જ્યારે કહેવાઈ રહ્યું છે ત્યારે ચેતનાના અંશમાં કહેવાઈ રહ્યું છે. જીવવાળા અંશમાં નહીં, આત્માવાળા અંશમાં.

પ્રશ્ન : બીજી જે એક વાત આ પૂછવામાં આવી છે કે પુરુષાર્થચતુષ્ટયમાં જીવ શું કરી શકે છે? આ પ્રભુનો સહજ સ્વભાવ છે કે કર્મોના ફળ કે બીજું કાંઈક? જો આ પ્રભુનો સહજ સ્વભાવ છે તો સદૈવ પ્રતીત કેમ નથી થતાં? જ્યારે, ક્યારેક એવું લાગે છે કે પ્રભુકૃપા નથી અથવા નથી થઈ તો શું આ અન્યાશ્રય છે?

ઉત્તર : કૃપા શું છે? જો આ આપણે જિજ્ઞાસા કરીએ તો? ક્યારેક આપણી જાતને પૂછો કે હવા શું છે ? આ પૂછવા માટે પણ જો હવા નહીં હોય તો આપણે આ આપણે આપણી જાતને પણ નહીં પૂછી શકીએ. ક્યાંક વેક્યુમ્ (હવાવગરના સ્થાન)માં આપણને રાખી દેવામાં આવે તો

ત્યાં સવાલ જ પેદા નહીં થાય કે હવા શું છે? હવા શું છે ? એ સવાલ જ એટલા માટે પેદા થઈ રહ્યો છે કેમ કે આપણે હવામાં છીએ. શ્વાસ લઈ રહ્યા છીએ, શ્વાસ છોડી રહ્યા છીએ. હવા શું છે એ સવાલ નથી. પરંતુ હવા જે સદા છે તેની સદા અનુભૂતિ આપણને નથી થતી. જેમ કે રામદેવજી કહે છે કે 'ઊંડો શ્વાસ લો' તો જ આપણને થાય છે કે હા હવા કાંઈક છે. એ જ રીતે 'ઊંડો શ્વાસ છોડો' તો અનુભૂત થાય છે કે હા હવા કાંઈક છે. આપણને ખ્યાલ નથી રહેતો કે શ્વાસ ચાલી રહ્યો છે કે નથી ચાલી રહ્યો. આ પ્રશ્ન પણ ત્યારે જ પેદા થઈ શકે છે કે જ્યારે હવા ભીતર આવી જઈ રહી છે. તો જ્યાં હવા આવવા જવાની બંધ થઈ જશે ત્યાં આ પ્રશ્ન પેદા થવાનું જ બંધ થઈ જશે. એટલા માટે કૃપા શું છે? કૃપાના બે રૂપ છે. એક કૃપાનું એ રૂપ છે જેમાં શ્વાસોચ્છ્વાસ આપણે લઈ રહ્યા છીએ. શ્વાસોચ્છ્વાસથી મારું કહેવાનું છે કે સાધના કરવી અથવા સાધના ન કરવી. તે સાધના ચાહે ધર્મની હોય કે અધર્મની હોય. ચાહે અર્થની હોય કે અનર્થની હોય. ચાહે કામની હોય કે પ્રેમની હોય. કોઈપણ સાધના જ્યારે આપણે કરી રહ્યા છીએ તો જે કૃપાના વાતાવરણમાં આપણે કરી રહ્યા છીએ તે કૃપા આપણને અનુભૂત નથી થતી. કેમ કે એના માટે તો આપણે થોડુંક આપણી બાબતમાં સભાન થવું પડ઼શે. અને તે સભાન કેવી રીતે થઈ શકાય છે કે ચાલી રહેલા શ્વાસની આપણને ખબર નથી રહેતી પણ જ્યારે આપણે પ્રાણાયામ દ્વારા ઊંડો શ્વાસ લઈએ છીએ, ત્યારે એકદમ ખ્યાલ આવી જાય છે કે હવા કાંઈક છે જે નાકમાં આવી-જઈ રહી છે.

કૃપા તો સર્વત્ર છે હવે તે પ્રતીત કેમ નથી થતી? હું સમજું છું કે આનો અર્થ પણ મેં સમજાવી દીધો છે. વિજ્ઞાનના હિસાબથી કદાચ તમને ખબર હશે કે શરીરના પ્રત્યેક ચોરસઈંચ ઉપર પંદર કીલોનું વજન છે આપણા શરીરના કેટલા ચોરસ ઈંચ થાય તે માપો અને હિસાબ કરો કે આખા શરીર ઉપર કેટલું કુલ વજન છે? એ વજનને આપણે નિરંતર ઉપાડી રહ્યા છીએ. જ્યાં હવાનું દબાણ ઓછું થઈ જાય છે તો આપણી

નસોમાં દોડી રહેલું લોહી બહાર નીકળીને આવી જાય છે, તે દબાણના કારણે એ લોહી આપણી નસોમાં વહી રહ્યું છે અને બહાર નથી નીકળી રહ્યું. આટલું વજન આપણે ઉપાડ઼ી રહ્યા છીએ, શું આપણને ખ્યાલ આવ્યો? ક્યારેય ખ્યાલ નથી આવ્યો. એટલું વજન ઉપાડ઼ીને જોઈ લો તો ખ્યાલ આવશે કે ભયંકર વજન છે. શરીર ઉપર વગર ખ્યાલે આટલું વજન ઉપાડી રહ્યા છીએ તે કૃપા છે. બધો કૃપાનો ભાર તો આપણે ઉપાડ઼ી જ રહ્યા છીએ. પરંતુ જ્યારે આપણા પુરુષાર્થથી તેને આપણે ઉપાડવા માગશું તો તે ભાર અનુભવાય છે. બિલ્કુલ પ્રાણાયામ અને શ્વાસોચ્છ્વાસની વાત છે. પ્રાણાયામ કરશો તો શ્વાસોચ્છ્વાસ અનુભૂત થાય છે. અને જ્યારે નથી કરતા ત્યારે તે અનુભૂત નથી થતો.

પ્રભુની કૃપા શું પ્રભુનો સ્વભાવ છે કે કર્મોનું ફળ ? એક વાત સમજો કે કર્મ આપણા ફેંફસા કરે છે. ફેંફસા જો કામ ન કરતા હોય તો ભલે બહાર હવા ભરેલી પણ હોય પરંતુ ભીતર નહી જાય. અને જો ફેંફસા કામ કરી રહ્યા છે તો બહારની હવા ભીતર જઈ રહી છે. એટલું જ નહીં લોહીનું પરિભ્રમણ પણ કરાવી રહી છે. ઘણા બધા કામ કરી રહી છે. આપણે આનાથી નક્કી કરીએ કે જે હવા આપણી ભીતર જઈ રહી છે તે પૃથ્વીનો સ્વભાવ છે કે આપણા કર્મોનું ફળ છે?

આ બધા સવાલ ત્યારે પેદા થાય છે જ્યારે આપણે આપણીજાતને પૃથ્વીથી અલગ આપણા અહંકાર તોળવા માગીએ કે આ 'પૃથ્વી' અને આ 'હું'. અહંકાર નિંદાના અર્થમાં નથી કહી રહ્યો. 'અહંકાર' એટલે સેલ્ફ-અવેયરનેસ્ (પોતાના હોવાનું ભાન) જ્યારે આપણે આપણીજાતને સેલ્ફ-અવેયરનેસ્‌ના કારણે પૃથ્વીથી અલગ જોઈએ છીએ ત્યારે જ આ સવાલ પેદા થઈ રહ્યા છે. જો આપણે એમ માનીને ચાલીએ કે પૃથ્વીનું હું એક પ્રાણી છું અને પૃથ્વી જે કાંઈ કરી રહી છે તે બધું મારી સાથે થઈ રહ્યું છે. આ વાતની ખબર પડવી મુશ્કેલ છે કે સ્વભાવ છે કે કર્મ છે. કેમ કે જે મારું કર્મ છે તે એનો સ્વભાવ છે. જે એનું કર્મ છે તે મારો સ્વભાવ છે. સ્વભાવ અને કર્મમાં જે આપણે ભેદ પાડ્યો છે તે ભેદ આપણા આ

અહંકારના સામર્થ્ય ઉપર પાડયો છે. આ અહંકારનું આપણને એટલું મોટું ઉપકરણ આપવામાં આવ્યું છે! જેમ હું તમને એક વાત સમજાવું કે આ એક ફૂલની માળા છે. આ ફૂલની માળામાં દોરો અને ફૂલનું એક સંયોજન છે. હવે ઓચિંતાનું આ ફૂલની માળામાંથી એક ફૂલને આ અહંકાર જાગી જાય કે હું ફૂલ છું અને આ બધા દોરામાં પરોવાયેલા કોઈક બીજા તત્ત્વ છે, ત્યારે એ પ્રશ્ન પેદા થશે કે આ ફૂલ અહીં પોતાના કર્મથી આવ્યું કે સ્વભાવથી આવ્યું? જે ફૂલોમાં આ અહંકાર કે સેલ્ફ-અવેયરનેસ્ નથી જાગી તેમાં આ પ્રશ્ન જ નહીં થાય કે હું કર્મથી આવ્યું કે સ્વભાવથી આવ્યું કેમ કે બંને વાતો સંયોજીત છે. જે આપણો સ્વભાવ છે એ જ આપણું કર્મ છે.

જેમ આપણા મહાપ્રભુ શુધ્ધાદ્વૈતવાદી છે, તેવી જ રીતે હોલેન્ડ્માં મહાપ્રભુજીના પચાસ વર્ષ પછી બારૂક સ્પિનોઝા થયા. એમણે આ બાબતમાં એક બહુ મજેદાર વિધાન કર્યું છે અને તેઓ કહે છે કે પહાડ ઉપરથી ગબડ઼તી વખતે જો પત્થરમાં સેલ્ફ-અવેયરનેસ્ જાગી જાય તો તે ક્યારેય પણ ગુરુત્વાકર્ષણને માન્ય નહીં કરે. તે કહેશે કે મારે નીચે જવું છે અને જૂઓ હું કેવી રીતે નીચે જાઉં છું. પરંતુ દુનિયા જાણે છે કે જે પણ પત્થર પહાડ ઉપરથી ગબડે છે તે નીચે જવા માટે નીચે નથી આવતો પરંતુ ગુરુત્વાકર્ષણના કારણે નીચે આવી રહ્યો છે. અંતર માત્ર એટલું જ છે કે જ્યાં આપણામાં સેલ્ફ-અવેયરનેસ્ જાગી ગઈ ત્યાં આપણને લાગે છે કે આપણે કાંઈક કરી રહ્યા છીએ. તમે આને આમ પણ સમજી શકો છો જેમ ટ્રેન ચાલી રહી છે અને બધા સ્થાને જાય છે પરંતુ જો કોઈ મુસાફરને ઉતાવળ હોય અને ટ્રેનમાં પણ દોડવાનું શરૂ કરે પહોંચવા માટે. તે કરી શકે છે, પરંતુ એ તો નક્કી છે કે તે ટ્રેનની પહેલાં તો નથી પહોંચી શકતો. તે પહોંચશે તો ત્યારે જ જ્યારે ટ્રેન પહોંચશે. ત્યાં સ્વભાવ અને આપણા કાર્યનો ભેદ આપણને સમજાય છે.

આજે જ હું અહીં નર્મદા સ્નાન કરવા ગયો. બહુ મજેદાર વાત તમને બતાવું. નર્મદાના પ્રવાહને જોઈને મારું મન એકદમ લાલાયિત થઈ

ગયું કે ચાલો આમાં તરું. હું તરી રહ્યો હતો. મેં એકદમ સામે તરવા ઈચ્છયું પરંતુ નર્મદાનો પ્રવાહ મને એક તરફ ઘસડી રહ્યો હતો. હું મારા હિસાબથી તરવાના સંકલ્પના હિસાબથી વિચારું તો હું તરી રહ્યો હતો. અને નર્મદાના પ્રવાહના હિસાબથી વિચારું તો વહી રહ્યો હતો. હવે વહી રહ્યો હતો કે તરી રહ્યો હતો? જો મારામાં તરવાનો સંકલ્પ ન હોત તો હું વહી (તણાઈ) રહ્યો હતો. મારા સંકલ્પના કારણે મને આ પ્રભેદ લાગે છે કે હું તરી રહ્યો છું કે વહી રહ્યો છું. જો કે તરવું અને વહેવું બે ક્રિયા નથી. હું પણ મોટાભાગે આ વાતને કહું છું કે ભક્તિ અને સમર્પણ તરવું નથી, બ્રહ્મના કૃપાના પ્રવાહમાં વહેવું છે. આનંદથી પડ્યા રહો અને વહેતા રહો તે જે દિશામાં લઈ જાય વહાવીને એ દિશામાં વહેવું છે. તે જે વહેવાનો બોધ છે. વહેવાનો આનંદ છે, ક્યારેક જુદા-જુદા કરીને તમે આને જૂઓ કે તરવાનો શ્રમ અને વહેવાનો આનંદ. આપણે આ બન્નેને કન્ફ્યૂજ (ભેળસેળ) કરી લઈએ છીએ. કેમ કે આપણા ભીતર એક સંકલ્પશક્તિ છે તરવાની ક્રિયાશક્તિ છે. જેના કારણે આપણે વહેવાની ક્રિયાને તરવાની ક્રિયા સાથે જોડી લઈએ છીએ. એટલા માટે આ કન્ફ્યૂજન (ગભરામણ) થતું રહે છે પરંતુ એક વાત ધ્યાનથી સમજો કે જો આપણા સંકલ્પને આપણે થોડો શાંત બનાવી દીધો, પ્રવાહને સમર્પિત કરી દીધો, હવે ભલે તે નર્મદાનો પ્રવાહ હોય અથવા કૃપાનો પ્રવાહ હોય, ભલે ગંગાનો પ્રવાહ હોય કે યમુનાનો પ્રવાહ હોય, ભલે સંસારનો પ્રવાહ હોય, આપણે તરતા નથી, વહીએ છીએ. અને જ્યારે આપણે સમર્પણ નથી કર્યું અને સંકલ્પ કર્યો છે કે મારે કરવું છે, ભગવાન્ એટલા માટે જ ગીતામાં કહે છે કે **"અહંકારવિમૂઢાત્મા કર્તાહમ્ ઈતિ મન્યતે"** (ભગ.ગી.૩।૨૭) એ અહંકાર જે આપણા અંદર છે એનો મોહ એટલો આપણામાં પેદા થઈ જાય છે કે ઘણી વખત આપણે વહેતા હોઈએ છીએ પરંતુ તો પણ આપણને એમ લાગે છે કે આપણે તરી રહ્યા છીએ. ખબર જ નથી પડતી કે તરી રહ્યા છીએ કે વહી રહ્યા છીએ પરંતુ તરવું અને વહેવું એક ક્રિયા પણ નથી અને એક-બીજાથી અલગ ક્રિયા પણ નથી. બંનેના કોઈક ઈન્ટરસેક્શન્ (એકમેકતા, અરસપરસપણું) એવા છે કે આ તરફ કાંઈક

તરવું છે, તે તરફ કાંઇક વહેવું છે. એ સર્કલ્ (ગોળાઇ) ના ઇન્ટરસેક્શન્માં તરવું અને વહેવું એક પણ થઇ જાય છે. આપણી ભક્તિ શરણાગતિ સમર્પણ કાંઇક આ પ્રકારની પ્રક્રિયા છે.

પ્રશ્ન એ છે કે જ્યારે આપણને કૃપાનો બોધ નથી થઇ રહ્યો ત્યારે અન્યાશ્રય થઇ રહ્યો છે કે નથી થઇ રહ્યો. તો બસ પોતાની જાતને ઢંઢોળો કે જો તમને તમારા અહંકારનો બોધ થઇ રહ્યો છે તો ભગવાન્ ગીતામાં સ્પષ્ટ કહે છે કે **"દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે, ન માં દુષ્કૃતિનો મૂઢાઃ પ્રપદ્યન્તે નરાધમઃ માયયા અપહૃતજ્ઞાના આસુરં ભાવમ્ આશ્રિતાઃ"** (ભગ.ગી.૭।૧૪-૧૫) (આ મારી ગુણમયી દૈવી માયા દુસ્તર છે. જેઓ મારો જ આશ્રય કરે છે તેઓ આ માયાને તરે છે. દુષ્ટકર્મવાળા, મૂઢ, માયાથી હરાયેલ જ્ઞાનવાળા અને આસુરભાવનો આશ્રય કરેલા અધમ લોકો મારો આશ્રય કરતા નથી.)

એમણે પોતાના અહંકારને એટલો ઉભારી લીધો છે, એટલો ઉત્તેજિત કરી લીધો છે કે તેને સમજાતું જ નથી કે જ્યારે તે વહી પણ રહ્યો હોય તો સમજે છે કે તરી રહ્યો છે! હું એક દિવસ રસ્તા ઉપરથી પસાર થઇ રહ્યો હતો. ઓચિંતાની બધી દુકાનો બંધ થાવા લાગી ગઇ. બધાને થયું કે હિન્દુ-મુસલમાનનો ઝઘડો થયો. બધા માણસો આમ-તેમ દોડવા લાગી ગયા. જ્યારે બધા દોડવા લાગ્યા ત્યારે મેં વિચાર્યું કે મારે પણ દોડવું જોઇએ. જ્યારે બધા જ દોડી રહ્યા છે તો આપણે કેમ ઉભા રહીએ? થોડીવાર દોડ્યો પરંતુ ખબર જ નહોતી પડતી કે શા માટે દોડી રહ્યા છે. મતલબ કે તરી રહ્યા છે કે વહી રહ્યા છે? પછી મેં ઉભા રહીને કોઇને પૂછ્યું કે શું મામલો છે? તો કોઇએ કહ્યું કે કોઇક ગાયે ભડકીને કોઇ વ્યક્તિને શીંગડા મારી દીધા તેનાથી બચવા માટે એક માણસ દોડ્યો, તેને જોઇને બધાએ દોડવાનું ચાલુ કરી દીધું. પછી દુકાનો બંધ થવાની શરૂ થઇ ગઇ. આપણને ખબર જ નથી પડતી કે ક્યારે આપણે દોડી રહ્યા છીએ અને ક્યારે દોડાવવામાં આવી રહ્યા છે! તે ભય હતો કે ખબર નહીં કે શું બની ગયું છે, બધા દોડી રહ્યા છે તો આપણે પણ દોડીએ. પ્રવાહમાં જેમ

વહેવાની પ્રક્રિયા આપણે જોઈએ છીએ તો થોડુંક ધીરજ રાખીને વિચારવાનું શરૂ કરો કે શા માટે દોડી રહ્યા છીએ? જ્યારે કારણનો સંકલ્પ-વિકલ્પ કર્યો તો સમજાણું કે બહુ નાનકડું કારણ હતું. કોઈ ઝઘડો થયો જ ન હતો. આ પ્રકારની દુર્ઘટનાઓ કયારેક કયારેક આ વાતોના પૃથક્ ન કરવાના કારણે થઈ જાય છે. હું સમજું છું કે તમારા પ્રશ્નનો આશય મેં સ્ફુટ કર્યો.

પ્રશ્ન : પંચમ પુરુષાર્થ ભક્તિનું ઉદ્‌ગમ ક્યાંથી છે? જેમ આપે બતાવ્યું કે ધર્મ અર્થ કામ મોક્ષ નું ઉદ્‌ગમ સત્ત્વ રજ તમ ગુણથી છે તો ભક્તિનું મૂલ ઉદ્‌ગમ ક્યાંથી છે?

ઉત્તર : કાલે મેં આ વાતને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો હતો કે ભક્તિનું મૂળ ઉદ્‌ગમ આપણા સત્ત્વ રજ તમો ગુણના મૂળ સ્વભાવથી નથી અને ન આપણા આત્માના ગુણાતીત હોવાથી ભક્તિનું ઉદ્‌ગમ છે. ભક્તિનો ઉદ્‌ગમ તો પરમાત્માથી થાય છે. પરમાત્માથી જે ભક્તિનું ઉદ્‌ગમ છે તેને મહાપ્રભુ 'નિર્ગુણભક્તિ' કહે છે અને જે ભક્તિ આપણા સત્ત્વ રજ તમો ગુણના સ્વભાવથી ઉત્પન્ન થાય છે, તે ભક્તિઓને મહાપ્રભુ 'સગુણભક્તિ' કહે છે. આજના હિંદી સાહિત્યકાર સગુણ અને નિર્ગુણ ભક્તિનો કાંઈક બીજો અર્થ કરે છે. જેમ નિરાકાર બ્રહ્મની ભક્તિને 'નિર્ગુણભક્તિ' કહે છે અને સાકાર બ્રહ્મની ભક્તિને 'સગુણભક્તિ' કહે છે. મહાપ્રભુની પદાવલી તેવી નથી. ઉપનિષદ્ કાંઈક એવી રીતે સમજાવે છે કે પરમાત્માએ પોતાની લીલાની ઈચ્છાને વશ આ સૃષ્ટિ પ્રકટ કરી છે. અને એ લીલાની સૃષ્ટિમાં આપણે પ્રકટ થયા છીએ. આ પ્રકટ થવામાં જો આપણને લીલાનો બોધ થઈ રહ્યો છે તો પરમાત્માથી આપણા ભક્તિનું ઉદ્‌ગમ થઈ રહ્યું છે અને તે લીલાબોધ આપણને નથી થઈ રહ્યો અને આપણને આપણા સંકલ્પોના બોધ લિમ્બિક્ સિસ્ટમ્ અને નીયો કોર્ટેક્સ્‌થી, આપણા સાત્ત્વિક રાજસ તામસ ગુણથી પેદા થનાર આપણો સ્વભાવ છે. તે સ્વભાવ ત્યાંથી પેદા થવાના કારણે તે સગુણભક્તિ બની

જાય છે. મતલબ કે સંક્ષેપમાં આને તમે આ રીતે સમજી શકો છો કે ભગવાનને મારે ભજવા છે કેમ કે ભગવાનને મારે જાણવા છે તો આ સાત્ત્વિક ભક્તિ છે. કેમકે ભક્તિનું ઉદ્‌ગમ તમારી જિજ્ઞાસાને વશ થયું છે. ભગવાન્‌ની લીલાના આનંદવશ નથી થયું. તે તો કાંઈક બ્રહ્મની જિજ્ઞાસા છે. **“ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોઽર્જુન આર્તો જિજ્ઞાસુઃ અર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ”** (ભગ.ગી.૪।૧૬) લિમ્બિક્ સિસ્ટમ્‌થી આર્તો જિજ્ઞાસુ અર્થાર્થી, આ જુઓ કામ ધર્મ અને અર્થ ત્રણે આવી ગયા. જે ધર્મના રૂપથી ભજન કરવા માગે છે, જે અર્થના રૂપથી ભજન કરવા માગે છે અને જે કામપુરુષાર્થના અન્તર્ગત ભગવાન્‌નું ભજન કરવા માગે છે તે કામભક્તિ અર્થભક્તિ અને ધર્મભક્તિ એક અલગ ભક્તિ છે અને જે આનાથી ભજન નથી કરતો ભગવાન્‌ના લીલાબોધથી ભજન કરે છે તે ભક્તિ ‘નિર્ગુણા ભક્તિ’ છે, એ નિર્ગુણા ભક્તિનો સ્રોત આપણો જીવાત્મા નથી. આનું મૂળ કારણ એ છે કે આપણે જીવાત્મા આ ગુણોના પુરમાં વસનારો નાગરિક છે અને પરમાત્મા કોઈપણ આવા પુરમાં વસનારો નાગરિક નથી. તે આ બધા પુરો જે ગુણોથી નિર્મિત થયા છે એના ભીતર બહાર, ચારે તરફ મલ્ટી-ડાઈમેંશનલ્ ફિનોમિના (વિસ્તરિત સંયોગીરૂપવાળું અસાધરણ વ્યક્તિત્વ) છે. તે એક એવી ચેતના છે તે કોઈ પક્ષીની જેમ પિંજરામાં બંધાયેલ નથી. તે ઉન્મુક્ત ગગનમાં વિહરી રહેલી ચેતના છે. પરંતુ એક સાચી વાત કહું કે તે એક કોઈ પ્રકારનું નેટવર્ક (સર્વત્ર એક સાથે પ્રસારિત થતો કાર્યક્રમ) છે. તમે તેને તમારા મોબાઈલમાં પ્રસારિત કરી શકો છો પરંતુ તે પોતાની મેળે પ્રકટ નથી થતો. જે નેટવર્ક છે તેનાથી તમારો સીધો સંબંધ નથી થઈ શકતો. તમે તમારા મોબાઈલમાં એને પ્રકટ કરી શકો છો. આ પ્રકારથી તે સર્વત્ર વ્યાપ્ત છે, તમારા ઘરમાં પણ છે. પરંતુ તમારી પાસે મોબાઈલ નથી તો તમારો સંબંધ એનાથી નથી થઈ શકતો. જેવી રીતે મોબાઈલ એ નેટવર્કનો આકાર છે (તેવી રીતે તમારા ભીતર જો કોઈ આકારને ભજવાનો ભાવ હોય), તો સાકારરૂપ છે. સાકારબ્રહ્મવાદની જ્યારે આપણે વાત કરીએ છીએ તો બસ આ પ્રકારથી તમે સમજી જાવ કે એક એવી ઈલેકટ્રો-મેગ્નેટિક્ ફીલ્ડ છે જે ચારેતરફ

ફેલાયેલી છે. તમારા ભીતર પણ છે તમારી બહાર પણ છે. તમારી ચારેતરફ છે અને તે બધાથી જોડાયેલી છે. પરંતુ કોઈનાથી પણ એનો સંબંધ નથી **"યં ન સ્પૃશન્તિ"** એમ કહ્યું છે. તેને કોઈ સ્પર્શતુ નથી તેને કોઈ સ્પર્શી શકતુ નથી પરંતુ તે બધા સાથે જોડાયેલ છે. જોડાયેલ હોવા છતાં પણ તેને કોઈ સ્પર્શી શકતા નથી પરંતુ તમારી પાસે જો મોબાઈલ હોય તો તમારો તેનાથી પણ સંબંધ થઈ શકે છે અને તેના દ્વારા બધાથી પણ સંબંધ થઈ શકે છે. **"એકવિજ્ઞાનેન સર્વમિદં વિજ્ઞાતં ભવતિ"** (જૂઓ છાંદો.ઉપ.૬|૧|૪) ઉપનિષદ્ કહે છે કે એકવિજ્ઞાનથી બધાનું વિજ્ઞાન થઈ શકે છે. તમારા મોબાઈલમાં જોજો કે ક્યારેક-ક્યારેક તે નેટવર્ક ડ્રોપ (ગાયબ) થઈ જાય છે તે પછી પાછો સંબંધ થવો મુશ્કેલ હોય છે અને નેટવર્ક આવવાથી તુરત જ ફરીથી સંબંધ સ્થાપિત થઈ જાય છે. અહીં બેઠા-બેઠા અમેરિકામાં પણ સંબંધ થઈ શકે છે. કેમ થઈ શકે છે? કેમકે તે સર્વત્ર વ્યાપ્ત છે. **"એકો દેવઃ સર્વભૂતેષુ ગૂઢઃ સર્વવ્યાપી સર્વભૂતાન્તરાત્મા કર્માધ્યક્ષઃ સર્વભૂતાધિવાસઃ સાક્ષી ચેતા કેવલો નિર્ગુણશ્ચ"** (શ્વેતા. ઉપ.૬|૧૧) અને મોબાઈલ વગર તે સાક્ષીચેતા છે તેનો તમારાથી પોતાની મેળે સંબંધ નથી થઈ શકતો. પરમાત્માની વ્યાપકતા કાંઈક આ પ્રકારના મોડેલની છે. તે મોડલ્‌ની વ્યાપકતામાં જ્યારે તમે એને સમજશો તો બધી વાત તમને સરળતાથી સમજાઈ જશે કે શક્તિનું ઉદ્‌ગમ જીવાત્મામાં નથી. જેમ આપણે એમ સમજીએ છીએ કે અમારા મોબાઈલ્‌માં એ સામર્થ્ય છે પરંતુ મોબાઈલ્‌નો જો નેટવર્કથી કોન્ટેક્ટ્ (જોડાણ) નથી થઈ રહ્યું તો તે ડાઉન્ થઈ જશે. નેટવર્કથી સંબંધ છે તો મોબાઈલ્ ચાલુ થઈ જાય છે. બસ સીધોસાદો એ જ સિદ્ધાંત છે.

પ્રશ્ન : પુરુષાર્થ ચાર છે, ધર્મ અર્થ કામ અને મોક્ષ અને પાંચમો પુરુષાર્થ ભક્તિ છે અને ભક્તિનો ધર્મમાં જ સમાવેશ થઈ જાય છે તો તે પુરુષાર્થ અલગ કેવી રીતે થયો?

ઉત્તર : ભક્તિનો ધર્મમાં જ સમાવેશ નથી થતો પરંતુ, ભક્તિનો તો અર્થમાં પણ સમાવેશ થાય છે. કેમ કે અર્થાર્થી પણ ભક્ત હોઇ શકે છે. ભક્તિનો તો કામમાં પણ સમાવેશ થઇ શકે છે. કેમ કે આપણી કામનાપૂર્તિને માટે આપણે નિરંતર માનતા માન્ય રાખીએ છીએ ક્યારેક ગિરિરાજજીની ક્યારેક યમુનાજીની કયારેક શ્રીનાથજીની, કયારેક શિરડીના સાંઇબાબાની, કયારેક ગણપતિની.

એક બહુ મજેદાર વાત બતાવું. તમારા જબલપુરના જ એક રાયસાહેબ હતા અમારે ત્યાં તેઓ અમારા મોટા મંદિરમાં જ રહેતા હતા. એમનો ખૂબ જ વિલક્ષણ સ્વભાવ હતો. તેઓ ચોપડ઼ાને ત્યાં બીજા-ત્રીજા ગ્રેડ્માં (કક્ષાના) આસિસ્ટેંટ્ ડાયરેક્ટર્ હતા. એમનો સવારથી એ નિયમ હતો કે ભૂલેશ્વરમાં જેટલા મંદિર હતા તે બધામાં જઇને ભગવાન્‌ને નમસ્કાર કરવા. બધી જગ્યાએ નમસ્કાર કરીને ગરદનનો એક બાજુ ઝટકો મારતા. એક દિવસ એમણે અમારા મોટા મંદિરમાં પણ એમ જ કર્યું તો મેં પૂછયું કે ‘‘રાયસાહેબ તમે નમસ્કાર કરો છો પરંતુ આ મુદ્રા (હાવભાવ) આપની શું છે?’’ એમણે કહ્યું કે ‘‘નમસ્કાર તો એટલા માટે કરૂં છું કે તમે ભગવાન્ છો.’’ મેં કહ્યું કે ‘‘તો પછી બાજુમાં ગરદનનો ઝટકો કેમ મારો છો?’’ તો બોલ્યા કે ‘‘હું આસિસ્ટંટ્ ડાયરેકટર્ છું પરંતુ કોઇ ફાઇનાન્સર નથી મળતો કે જેથી મારું પ્રમોશન થાય અને હું પણ ડાયરેકટર્ બની જાઉં.’’ ભક્તિ તો બિચારા તેઓ પણ કરતા હતા પરંતુ તે કામભક્તિ હતી. એમને મુંઝવણ હતી કે આટલા વર્ષોથી આસિસ્ટન્ટ્ ડાયરેક્ટર્ તરીકે રહેલો છું પરંતુ મારું પ્રમોશન (બઢતી) નથી થઇ રહી. તો ભક્તિ વડે બધા ભગવાનને નમસ્કાર તો કરતા હતા પરંતુ સાથે-સાથે આ પણ જણાવતા હતા કે ‘‘ભગવાન્ છો પરંતુ મારા કોઇ કામમાં નથી આવી રહ્યા.’’ મને બહુ મજેદાર વાત લાગતી હતી આ રાયસાહેબની. એકદમ બાળકના જેવી ભોળી વાત હતી. ભગવાન્‌ને નમસ્કાર પણ કરી શકાય છે તો ઝટકો પણ આપી શકાય છે.

એક વાત ધ્યાનથી સમજો કે આવી ભક્તિ કામભક્તિ તો છે પરંતુ

આપણે તેને ‘સગુણા ભક્તિ’ કહીએ છીએ. ‘નિર્ગુણાભક્તિ’ નથી કહેતા. ‘નિર્ગુણા ભક્તિ’ એને કહીએ છીએ કે જે ધર્મના રૂપમાં કરવામાં નથી આવતી, જ્યાં અર્થાર્થીરૂપે ભક્તિ નથી કરવામાં આવતી, જ્યાં કોઈ કામપૂર્તિના માટે ભક્તિ નથી કરવામાં આવતી એટલા માટે કે આપણને એક આ લીલાનો બોધ થઈ રહ્યો છે કે ‘એક’ કેટલા બધા રૂપોમાં વિલસિત થઈ રહ્યો છે. જે પણ મારી કામના પૂર્ણ થઈ રહી છે કે જે પણ કાંઈ મારી કામના પૂર્ણ નથી થઈ રહી તે પણ બધી એની લીલા છે. આ લીલાના બોધ સહિત જ્યારે આપણાથી ભક્તિ થાય છે તો તે ભક્તિનું ઉદ્‌ગમ ન તો આ શારીરિક કે આંતરિક અવસ્થામાં છે અને આપણી ચેતનામાં વ્યવસ્થા ઉપસ્થિત છે. તે વ્યવસ્થા તો કરવાની એક યોજના છે, એ યોજનામાં તે એનું ઉદ્‌ગમ રહેલું છે. એ યોજનાથી જ્યારે આપણો મોબાઈલ જોડાઈ જાય છે તો આપણી ભક્તિ શરૂ થઈ જાય છે. નહીંતર તો આપણી ભક્તિ શરૂ નથી થઈ શકતી. મને ખૂબ ખુશી થઈ આજે કે તમે ખરેખર પૂછ્યું, નહીંતર કાલે હું ગભરાઈ ગયો હતો. મને લાગ્યું કે તમે પણ મારા પ્રવચનને સાંભળીને વંદન પણ કરી રહ્યા છો અને બાજુમાં ઝટકો પણ આપી રહ્યા છો તો આજે મને બહુ ખુશી થઈ કે આપે મને ઝટકો ન આપ્યો રાયસાહેબની જેમ. હું બસ આ જ ઈચ્છું છું કે આપણા લોકોમાં બસ એકબીજાથી સંવાદ થવો જોઈએ, સારો સંવાદ અને હું તો આક્ષેપાત્મક સંવાદને પણ સંવાદ જ માનું છું, આક્ષેપ નથી માનતો. કેમ કે મને આ પ્રકારનો લીલાબોધ છે કે જો તમે આક્ષેપ કરી રહ્યા છો તો એમાં પણ કોઈક ભગવાન્‌ની એક લીલા છે. જો તમે જીજ્ઞાસા પ્રકટ કરી રહ્યા છો તો તે પણ ભગવાન્‌ની એક લીલા છે. એ લીલાબોધથી જ હું પ્રવચન કરવા અને સંભળાવવા માગું છું. એ જ લીલાબોધથી તમારા સાથે સંવાદ કરવા માગું છું.

***

પ્રકરણ - ૩

(ભાગવતની ધર્મપુરુષાર્થની કલારૂપતા = લીલાત્મકભેદમાં એકત્વનું દર્શન)

(ધર્મ અર્થ કામ મોક્ષ કે ભક્તિ પુરુષાર્થની વિભાજક રેખા આપણા દષ્ટિકોણથી બદલે છે)

આપણે વિષય ઉપર આવીએ. શાસ્ત્રને જૂઓ તમે, શાસ્ત્ર આ વાતને સ્પષ્ટ કહે છે કે ભોજન કરવું પણ એક ધર્મ છે જો તમે ધર્મબુદ્ધિથી કરી રહ્યા છો તો. **"પ્રાણાય સ્વાહાઃ, અપાનાય સ્વાહાઃ, વ્યાનાય સ્વાહાઃ, ઉદાનાય સ્વાહાઃ, સમાનાય સ્વાહાઃ"** (મૈત્રા.૬।૯) આ વૈશ્વાનર જે જઠરમાં બિરાજમાન છે તેને આહુતિના રૂપમાં આપણે એક-એક કોળીયો લઈ રહ્યા છીએ. આ ભાવથી જ્યારે આપણે ખાવાનું ખાઈએ છીએ તો ખાવું પણ એક ધર્મ છે અને આપણે ખાવાનું એટલા માટે ખાઈએ છીએ કે વિટામિન વધશે, કેલરી વધશે તો તે ધર્મ ન રહીને કામ પુરુષાર્થ થઈ ગયો. ધર્મપુરુષાર્થ કામપુરુષાર્થ અર્થપુરુષાર્થ ની વચ્ચેની જે વિભાજક રેખા છે તે અતિશય સૂક્ષ્મ રેખા છે. ખબર નથી પડતી ક્યાં ધર્મ કામ બની જાય છે, ક્યાં કામ ધર્મ બની જાય છે. ક્યાં ધર્મ, અર્થપુરુષાર્થમાં ઘુસી જાય છે. ક્યાં અર્થપુરુષાર્થ ધર્મમાં ઘુસી જાય છે. જેમ શાસ્ત્ર જો આપણે જોઈએ તો જણાવે છે કે **"કૃષિ-ગોરક્ષ્ય-વાણિજ્યં વૈશ્યકર્મ સ્વભાવજમ્"** (ભગ.ગી.૧૮।૪૪) કૃષિ ગોરક્ષા વાણિજ્ય આ વૈશ્યના સ્વભાજ કર્મ છે. પરંતુ આ અર્થપુરુષાર્થ છે કે નહીં? બીજું ભગવાન્ કહે છે કે **"સ્વે-સ્વે કર્મણિ અભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ"** (ભગ.ગી.૧૮।૪૫) પોત-પોતાના કર્મમાં તમે લાગેલા રહો છો તો તમને સંસિદ્ધિ મળી રહી છે કેમ કે તમે વર્ણાશ્રમધર્મનું પાલન કરી રહ્યા છો. તે ધર્મ બની ગયો. એ જ ધંધો, એ જ ખેતીવાડી, વર્ણાશ્રમ બુદ્ધિથી તમે કરી રહ્યા છો તો ધર્મ છે, અને પૈસા કમાવા માટે કરી રહ્યા છો તો

અર્થપુરુષાર્થ છે.

એક વિવાહનું સરળ ઉદાહરણ લઈ લો. જો કરિયાવર લેવા માટે કરી રહ્યા છો તો અર્થપુરુષાર્થ થઈ ગયો. જો પ્રેમ-લગ્ન કરી રહ્યા છો તો કામપુરુષાર્થ થઈ ગયો. શાસ્ત્ર કહે છે કે અધ્યયન પુરુ કર્યા પછી તમારે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો જોઈએ. જો તમે આ બુદ્ધિથી વિવાહ કરી રહ્યા છો તો તે ધર્મપુરુષાર્થ બની ગયો. વિવાહ પોતાના સ્વરૂપમાં તો એક વસ્તુ છે પરંતુ તેમાં પણ પ્રભેદ હોઈ શકે છે કે તે ધર્મપુરુષાર્થ છે અર્થપુરુષાર્થ છે કે કામપુરુષાર્થ છે! અને એવું નથી કે વિવાહ મોક્ષને માટે નથી કરી શકાતા. ભાગવત સ્વયં આ વાતને સમજાવે છે કે **"કર્મમોક્ષાય કર્માણિ વિધત્તે ભૈષજ્યં અગદો યથા."** (ભાગ.પુ.૧૧।૩।૪૪) આ બધી વાત ભૈષજ્યને માટે (ચિકિત્સા, ઉપચાર માટે) બતાવવામાં આવેલી છે કે તમને સમજમાં આવે કે આપણે આપણા આવેગો ઉપર કાબુ મેળવીએ, એ પ્રકારથી કે તે આપણા આવેગો, આપણા મોક્ષપુરુષાર્થમાં બાધક ન બની જાય, એટલા માટે આપણે વિવાહ કરવા જોઈએ. એ વિવાહ કરવા મોક્ષપુરુષાર્થ છે. આ ખોટા વહેમમાં ન રહેવું કે વિવાહ કરવા એ મોક્ષપુરુષાર્થ જ છે. તે ભક્તિપુરુષાર્થ પણ બની શકે છે જ્યારે તમે એવું વિચારો છો કે હું સેવા કરી રહ્યો છું. મારા ઘરમાં શ્રીઠાકોરજી બિરાજી રહ્યા છે. મને સેવા કરવામાટે એક જીવનસંગિની જોઈએ, કે પછી એક જીવનસંગી જોઈએ, જેથી અમે બંને હળી-મળીને સેવા કરીએ. તો એ જ વિવાહ, એ જ સંતાનોત્પત્તિ કરવી ભક્તિપુરુષાર્થ છે.

ધ્યાનથી સમજો કે વસ્તુ નથી બદલાઈ રહી. વસ્તુ તે જ છે પરંતુ કેવા દૃષ્ટિકોણથી તમે એ વસ્તુને જોઈ રહ્યા છો, તે દૃષ્ટિકોણથી એ પુરુષાર્થનું સ્વરૂપ બદલાઈ જાય છે. તે તો આપણા હૃદય ઉપર હાથ રાખીને સમજી શકીએ છીએ આપણે વિવાહ કરી રહ્યા છીએ, તે કરિયાવર લેવા માટે કરી રહ્યા છીએ કે આપણી કામવાસનાને શાંત કરવા માટે કરી રહ્યા છીએ કે એક સામાજિક વ્યવહારને નિભાવવા માટે કરી રહ્યા છીએ કે પછી આપણા પ્રભુની સેવા માટે આપણે એક જીવનસાથીની ઈચ્છાથી

કરી રહ્યા છીએ. બધામાં બધી વસ્તુ ઉપલબ્ધ છે. **“સર્વં સર્વમયં”** (નૃસિંહોત્તરતા.ઉપ.૯) આપ સર્વ સર્વમયં છે પરંતુ જેમ મેં તમને કાલે બતાવ્યું હતું કે ગંગા તો ગંગોત્રીથી ગંગાસાગર સુધી વહી રહી છે પરંતુ ઘાટ તમારે પસંદ કરવો પડશે, તીર્થ તમારે પસંદ કરવું પડશે. કયા તીર્થ ઉપર તમે ગંગાસ્નાન કરવા ઈચ્છો છો! એ તીર્થના કયા ઘાટ ઉપર તમે સ્નાન કરવા ઈચ્છો છો. આ પ્રકારથી બધા પુરુષાર્થની જે વ્યવસ્થા છે તે સર્વત્ર સુલભ છે. પરંતુ તમારે પસંદ-નક્કી કરવું પડશે કે ક્યા ભાવથી તમે તે પુરુષાર્થનું આચરણ કરી રહ્યા છો. જે ભાવથી તમે પુરુષાર્થનું આચરણ કરી રહ્યા છો એ ભાવથી તે પુરુષાર્થ ધર્મ અર્થ કામ મોક્ષ કે ભક્તિ પુરુષાર્થ પણ બની શકે છે. આની જે વિભાજક રેખા છે તે એટલી મહીન (સૂક્ષ્મ, બારિક, પાતળી) છે કે જલ્દીથી ખબર નથી પડ઼તી કે ક્યાં એક ક્ષેત્ર (સ્થળ) પુરું થયું અને ક્યાં બીજું ક્ષેત્ર શરૂ થયું! ક્યાંથી ધર્મપુરુષાર્થ પુરો થયો અને ક્યાંથી અર્થપુરુષાર્થ શરૂ થયો!

કાલે મેં તમને સ્વસ્તિકની વાત બતાવી હતી, એમાં તો આપણે સ્વસ્તિકના ચાર હાથ બરાબર જોઈ શકીએ છીએ કે એક હાથ અહીં પુરો થયો અને બીજો હાથ અહીંથી શરૂ થયો. બંને હાથોની વચમાં થોડુંક અંતર આપણને જોવા મળે છે. પરંતુ કદાચ તમને ખબર હોય કે નહીં આપણા પુષ્ટિમાર્ગમાં બે પ્રકારના સ્વસ્તિક હોય છે. ખુલ્લો (卐) અને બંધ ( ) આપણે ત્યાં ઉત્સવોમાં ઠાકોરજીની આરતી ખુલા સ્વસ્તિકની ઉતારવામાં નથી આવતી, બંધ સ્વસ્તિકથી ઉતારવામાં આવે છે. બંધ સ્વસ્તિકનો અર્થ શું? સ્વસ્તિકના હાથને ખુલ્લો ન રહેવા દો. તેને આગળ લંબાવીને જોડો, પછી બીજા હાથને ત્યાં પુરો ન થવા દો એને પણ આગળ વધારીને જોડો. સ્વસ્તિક સ્વસ્તિક જ દેખાય છે. પરંતુ હાથ ખુલા ન હોઈને એક બીજાથી બંધાયેલા-જોડાયેલા હોય છે. તે સમાયોજનની કલ્પના છે કે ધર્મ અર્થ કામ મોક્ષ બધા એકબીજાથી સમાયોજિત એ પ્રકારથી બને કે તેઓની વચમાં અંતર ન રહી જાય. ત્યારે ઉત્સવ મનાવ્યો ગણાય. તેનાથી આપણે પ્રભુની આરતી કરીએ છીએ. આ જીવનનો

અમારો સાચો ઉત્સવ બની ગયો કે અમારા સ્વસ્તિક (ચારપુરુષાર્થરૂપી) બધા હાથ એક-બીજા હાથથી એવી રીતે જોડાઈ ગયા કે આજે ચાલો ઉત્સવની આરતી આપણે આ પ્રકારથી ઉતારશું. તે બંધ સ્વસ્તિકની આરતી આપણી અંતદષ્ટિ છે કે આપણા ચારે પુરુષાર્થોને સમાયોજિત કરીને ભગવાન્ ઉપર ન્યોછાવર કરી દેવાથી તે ભક્તિપુરુષાર્થ બની જાય છે. આ આપણી એક દષ્ટિ છે અને એ દષ્ટિથી આપણે આરતી કરીએ છીએ. આપણે આરતી જોર-જોરથી ઘંટા વગાડી વગાડીને જનતાને લલચાવવા માટે નથી કરતાં કે આવો દર્શન કરો. જ્યાં સુધી જનતા ભેળી ન થાય ત્યાં સુધી ઘંટા વાગતા જ રહે. ભગવાન્ પણ કંટાળી જતા હશે કે ખબર નહી ક્યાં સુધી ઘંટા વગાડશે. આટલા ઘંટા વગાડવાની જરૂરત પુષ્ટિમાર્ગમાં આપણે ક્યારેય નથી માની. આપણે આપણા ચારે પુરુષાર્થોને સમર્પિત કરી દેવાની આરતી કરીએ છીએ. આ એક પુષ્ટિમાર્ગીય ભાવ છે અને આ ભાવને જ્યારે તમે સમજશો તો તમને ભક્તિ અને ચાર પુરુષાર્થોનો ભેદ શું છે તે સ્પષ્ટરૂપમાં સમજાઈ જશે. તમે આ આરતીના મોડેલ (નમુનો, પ્રતિક, આદર્શ) થી આ ભેદને સમજી જાઓ. ઘણીબધી આવી સૂક્ષ્મ વાતો આપણા પૂર્વજોએ વિચારી છે. નિત્યપ્રતિ (દરરોજ) આપણે ત્યાં તે પ્રયોગમાં આવી રહી છે પરંતુ એ શું થઈ ગયું છે કે દરેક વાતમાં એક અનુષ્ઠાન (રિચ્યુઅલ = ધાર્મિક વિધિ, કર્મકાંડ, આચાર પદ્ધતિ) ઉભું થઈ જાય છે અને તે અનુષ્ઠાનમાં રહેલા સંદેશ ભાવ વિચારોની ઉદાત્તતા અને ગંભીરતા યાદ નથી આવતા.

"બસ કિ દુશ્વાર હર એક કામકા આસાં હોના,
આદમીકો ભી મસમ્સર નહીં ઈન્સાં હોના."

(આદમી આદમી તો જન્મથી જ છે, પણ સાચા અર્થમાં ઈન્સાન બનવું એ તો પોતાના કર્મ અને વિચારણસરણીથી જ સંભવિત બની શકે, પણ એમ થવું અઘરૂં છે.)

આ રીતનું કાંઈક ચક્કર પેદા થઈ જાય છે કે આપણે માણસ તો થઈ ગયા પરંતુ ઈન્સાન નથી થઈ શકતા. ઈન્સાન બનવું બહુ કઠીન થઈ ગયું

છે માણસ થવું તો બહુ સરળ છે. આ ફકત પુષ્ટિમાર્ગમાં જ કબાડો (તોડફોડ) થયો છે એવી વાત નથી. દરેક ધર્મમાં આદમી તો ઘણા થઈ ગયા છે. પરંતુ ધર્મના અનુયાયીઓમાં ઈન્સાન પેદા થવો જરા મુશ્કેલ થઈ ગયું છે. ધર્મની પહેલી જરૂરિયાત અને અંતિમ જરૂરિયાત આ જ છે કે ધર્મના અનુયાયી જો ઈન્સાન થઈ જાય તો ધર્મના ચાર ચાંદ લાગી જાય.

(ભાગવતની દષ્ટિથી ધર્મપુરુષાર્થની વિવેચના)

આ વાત સમજાવવા માટે ભાગવતે ધર્મપુરુષાર્થની ખૂબ સૂક્ષ્મતમ વિવેચના કરી છે અને એ વિવેચનાઓના જે શ્લોક છે એ શ્લોકોને હું તમારી સાથે માણવા માગીશ એટલા માટે કે તમે એના ઉપર ધ્યાન આપો કે જે વાતોમાં આપણે ગુંચવાઈ ગયા છીએ, તે વાતો શા માટે શાસ્ત્ર આપણને ધર્મપુરુષાર્થ (રૂપે) બતાવી રહ્યા છે? અને આપણે એને તે અર્થમાં ન કરીને કોઈ બીજા જ અર્થમાં કેમ કરી રહ્યા છીએ! તેનો પ્રભેદ આપણે ભાગવતની ધર્મપુરુષાર્થની વિવેચના જો જોઈએ તો આપણને થોડી કાંઈક ઝલક મળે છે કે શાસ્ત્રને અભિપ્રેત ધર્મપુરુષાર્થનું વાસ્તવિક સ્વરૂપ શું હતું? તે વાસ્તવિક સ્વરૂપ જો આપણી બુદ્ધિગત હૃદ્ગત અને વ્યવહારાન્વિત થઈ શકે તો પુરુષાર્થોનું સમાયોજન સરખી રીતે થઈ શકે છે. તે બુદ્ધિગત જ ન થાય. મતલબ કે તે આપણા આર કોમ્પલેક્સ્માં જ ન જાય, આપણા લિમ્બિકમાં જ ન જાય, આપણા નીયો-કોર્ટેક્સ્માં જ ન જાય તો જીવ બિચારો શું કરે? મુસીબતનું નામ મહાત્મા ગાંધી. બિચારો જીવ પાછો ભોગવતો રહે છે કે હવે શું કરવું?

એક વાત ધ્યાનથી સમજો કે ભારતીય પ્રજ્ઞાનું સૌથી મહત્વપૂર્ણ ધર્મની બાબતમાં કોઈ વૈચારિક સૂત્ર છે, જેના ઉપર આપણે લોકોએ જ ધ્યાન નથી દીધું. બીજા લોકો ધ્યાન ન દે તો તે ક્ષમ્ય છે પરંતુ આપણે લોકોએ જ ધ્યાન નથી દીધું. આપણે ત્યાં ધર્મને ક્યારેય પણ એકાન્તિક સત્ય નથી માનવામાં આવ્યું. એટલે કે કોઈપણ ધર્મ અથવા ધર્મના નામની કોઈપણ વસ્તુ, કોઈપણ અનુષ્ઠાન (રિચ્યુઅલ), કોઈપણ દીક્ષા, કોઈપણ

સાધનાનુષ્ઠાન, આવું કાંઈપણ ખોલીને જોઈલો, શાસ્ત્ર એ નથી કહેતા કે આ એકાન્તિક છે. એમાં લાભ શું? એનો સૌથી પહેલો લાભ એ કે આપણે સમજી શકીએ કે ન સમજી શકીએ પરંતુ ચિરન્તનકાલથી ભારતીય જનમાનસમાં આ ધારણા દૃઢ રહી કે બધાનો ધર્મ એક નથી હોઈ શકતો. બધાના કાંઈક-કાંઈક ધર્મ હોય છે પરંતુ બધાનો એક ધર્મ હોઈ જ ન શકે. આજે જોકે બહુ નિંદાસ્પદ થઈ ગઈ છે, જેમાં કાંઈક આપણો પણ ગુનો છે, કાંઈક લોકોની નાસમજી પણ એમાં કામ કરી રહી છે અને કાંઈક પરાયા લોકોના દ્વારા મચાવવામાં આવેલો હો હલ્લા પણ કામ કરી રહ્યો છે. આવા ઘણાં બધા કારણ ભેગા થઈ ગયા છે પરંતુ આપણી વર્ણાશ્રમવ્યવસ્થાને જો જોઈએ તો તેમાં મૂળ એક સમજવાની વાત છે કે આપણે કોઈ ધર્મને એકાન્તિક નથી માનતા. એટલા જ માટે આપણે ત્યાં આટલા બધા ધર્મ આવ્યા, જેમ વૈદિકધર્મની સાથે જૈનધર્મ બૌદ્ધધર્મ ચાવાર્ક પણ એક ધર્મ હતો. આજે તો તે નથી રહ્યો, કેમકે એમના ધર્મના નામથી કોઈ આંદોલન નથી ચાલ્યું. તે બધા ધર્મ ચાલ્યા પરંતુ આપણે કયારેય એવું નથી વિચાર્યું. આપણે આપણું સ્પેકટ્રમ (માત્રા, ગુણ વિ. અનુસાર ગોઠવેલો વિસ્તાર) જોઈએ ને, તો ખ્યાલ આવે કે વામાચારના પણ ધર્મ આપણે ત્યાં રહ્યા. દક્ષિણતંત્રના પણ ધર્મ આપણે ત્યાં રહ્યા. કર્મ જ્ઞાન ભક્તિ તપ વૈરાગ્યના પણ ધર્મ આપણે ત્યાં રહ્યા. **''રંડા ચંડા દિક્ખિયા ધંક્ષમ્મદારા મજ્જં માંસં પિજ્જયે ખજ્જયે ચ, કોલો ધમ્મો કસ્સ નો ભાઈ પાઈ''** શરાબ પીશું, કોઈપણ સ્ત્રીની સાથે જશું. કાંઈપણ કરશું. માણસની ખોપરીમાં ખાવાનું ખાઈશું, શું તકલીફ થશે! કેમ કે **''સર્વં ખલુ ઈદં બ્રહ્મ''** આ ''સર્વં ખલુ ઈદં બ્રહ્મ'' ની આ વ્યાખ્યા પણ આપણે ત્યાં મોજૂદ હતી. એ ધર્મનું આચરણ કરવાવાળા સંપ્રદાય પણ આપણે ત્યાં મોજૂદ હતા. એ ધર્મના કૌલાચાર્ય પણ હતા, એ સંપ્રદાયના અનુગામી પણ હતા પરંતુ કોઈ પણ ધર્મના અનુયાયીઓ ઉપર આપણે એ પ્રકારનો અત્યાચાર નથી કર્યો. ખંડન-મંડન કરતા હતા આપણે એ ધર્મોના. તે આપણે બુદ્ધિપ્રધાનતા હતી પરંતુ કોઈ ધર્મનું કોઈ આચરણ કરી રહ્યું છે

તો એનું માથુ ઉડાડી દયો, એના મંદિરોને તોડી નાખો, તે આપણને કેમ ન સૂઝયું? એનું મૂળ કારણ આ છે કે આપણી બુદ્ધિમાં ઠાંસી ઠાંસીને આ ભરવામાં આવ્યું છે કે ધર્મ એકાન્તિક નથી હોતો (નિશ્ચિત, ચોક્કસ નથી હોતો).

(ધર્મના છ અંગ ૧દેશ ૨કાલ ૩કર્મ ૪કર્તા ૫મન્ત્ર અને ૬દ્રવ્ય)

ધર્મ દેશ કાલ કર્મ કર્તા દ્રવ્ય અને મંત્ર આ છ ચીજોના કારણે બને છે.

(દેશ)

એક જ દેશમાં કોઈ પ્રકારના આચરણ ધર્મ છે. એ જ[૧] દેશમાં બીજા પ્રકારના આચરણ અધર્મ છે. એક જ દેશમાં કોઈને માટે રહેવું ધર્મ છે, કોઈને માટે અધર્મ છે. જેમ એક સામાન્ય વાત બતાવું તો તમને સમજમાં આવી જશે. આપણે ગંગા યમુના સરસ્વતી ત્રિવેણી સંગમમાં સ્નાન કરીએ છીએ તે આપણા માટે ધર્મ છે પરંતુ જે માછલી કાચબાઓ રહે છે તેમના માટે તે ધર્મ નથી, એમના માટે એ જીવનપ્રણાલી છે. આપણા માટે તીર્થમાં જવું ધર્મપ્રણાલી છે.

(કાલ)

કોઈ કાલમાં જેમ અધિકમાસ આવે ત્યારે મોટા-મોટા મનોરથ પુષ્ટિમાર્ગમાં થાય છે તો તે એક નિશ્ચિત કાલમાં કોઈ ધર્મ છે. તમે તેને બારે મહીના કરવા લાગી જાવ તો તે ધર્મ નહીં રહી જાય. અમને એક ભાઈ બતાવી રહ્યા હતા કે આજકાલ તો ડિજીટલ સિસ્ટમ્ એટલી સારી આવી ગઈ છે અને આપણે દરેક વાતની વર્ચુઅલ રીઆલિટીનું આપણે સર્જન કરી શકીએ છીએ તો લોકો શા માટે મંદિરોમાં આટલા દોડે છે. જે પણ ભગવાનને તમે માનતા હો, ગણપતિ, દુર્ગા, શિવજી, રામ, શ્રીનાથજી એની એક વર્ચુઅલ્ રીઆલિટી તમારા કોમ્પ્યુટરમાં પેદા કરો. તેમના માટે ફૂલ પણ એ સિસ્ટમ્માં પેદા કરી શકાય છે. એક વખત

માઉસને કિલક કરો, આરતી પણ ઉતરી જશે. છપ્પનભોગ ધરવો છે તો બસ બધી સામગ્રી વર્ચુઅલ રિઆલિટીમાં સજાવી દો. એક વખત માઉસ ક્લિક કરવાની જ તો વાર છે, ફટાફટ છપ્પનભોગ શ્રીનાથજીની સામે સજાઇ જશે. હવે બતાવો કે આ વાતને ધર્મ માનવો કે અધર્મ? મેં કહ્યું કે ‘‘આને કેવી રીતે ધર્મ માનશું?’’ તો તેઓ બોલ્યા કે ‘‘આપણે મંદિરોમાં શું કરીએ છીએ? ફક્ત જોઇએ જ તો છીએ તો જોઇ તો અહીં પણ લેશું. હવે બતાવો કે આમાં અને તેમાં અંતર શું છે?’’ હું ભ્રમિત થઇ ગયો અને કહ્યું કે ‘‘ભાઇ આ બાબતમાં વિચારશું કે ધર્મ છે કે નહીં?’’ જો હવેલીઓમાં રખડપટ્ટી કરીને દર્શન કરવા ધર્મ છે, તો આજે આપણી હવેલીઓમાં કેટલી સુવિધા ઉપલબ્ધ છે ! અને આપણે આને ફેસબુકમાં શેયર્ પણ કરી શકીએ છીએ (માણી પણ શકીએ છીએ) ફેસબુક અને ગુગલ તો એટલી બધી સિસ્ટમ્ (વ્યવસ્થા) છે તમે તેને શેયર્ પણ કરી શકો છો, તેની ક્લબ્ બનાવી શકો છો કે આજે છપ્પનભોગનો મનોરથ છે અમારા કોમ્પ્યુટરમાં તમે તમારી ફેસબુકની સ્ક્રીન ખોલો, તમને તુરંત છપ્પનભોગના દર્શન થઇ જશે. શ્રાવણ આવી ગયો તો હિંડોળા ઝૂલતા શ્રીનાથજીના દર્શન થઇ જશે અને એવી વાત પણ નથી કે આપણે કીર્તન નહીં ગાઇ શકીએ. તે પણ એમાં નાખી શકાય છે, પખાવજ વગાડી શકાય છે. ઝાંઝ વગાડી શકાય છે. જો તમને પણ સંકોચ થતો હોયતો તમે તમારો ફોટો પણ તેમાં એનીમેટેડ્ (ચેતનવંતો બનાવીને) નાખી દો. તો બસ માઉસ્ને ક્લિક્ કરો તો કીર્તન પણ તમે ગાઇ શકો છો. ફોગટમાં પોતે ગાઇને પોતાનું ગળું ખરાબ શું કામ કરવું! દર્શન જ તો કરવા છે, દર્શન તો થઇ જ જશે.

હવે આપણે એમ કહીએ કે આપણી મૂર્તિમાં તો ભગવાન્ છે તે ત્યાં ક્યાં છે? તેના બે કારણ જ છે. કાં તો આ એક કારણથી છે કે તે સર્વવ્યાપી છે (તેથી મૂર્તિમાં પણ છે) તમને કાં બીજા આ કારણથી છે કે ભાવથી ભગવાન્ છે. ભાવ નથી તો પત્થર છે. તો ભાવ તો કોમ્પ્યુટરની સ્ક્રીન (પડદા) ઉપર સ્થાપિત કરી લો. અને સર્વવ્યાપી ભગવાન્ શું

કોમ્પ્યુટરની સ્ક્રીનને છોડીને સર્વવ્યાપી છે? ભગવાન્ એવા તો સર્વવ્યાપી નથી હોઈ શકતા. જેમ સરદારજીનો એક ટૂચકો સંભળાવે છે. એક સરદારજી ભાષણ આપવા ગયા અને તેમની પત્ની ત્યાં જ બેઠી હતી. એમણે શરૂ કર્યું ભાષણ કે ''એક ખૂણો છોડીને, ભાઈઓ અને બહેનો!'' આવી રીતે કાંઈ ભગવાન્ કોમ્પ્યુટરની સ્ક્રીનરૂપી ખૂણો છોડીને સર્વવ્યાપી છે શું? આવું તો આપણે નથી કહી શક્તા ને! ભગવાન્ જો સર્વવ્યાપી છે તો કોમ્પ્યુટરની સ્ક્રીનમાં પણ સર્વવ્યાપી છે. હવે રહી વાત ભાવની. ભાવથી ભગવાન્ બને છે, ભાવ ગયો તો ભગવાન્ પણ ગયા. ભાવ ત્યાં સ્થાપિત કરી લો તો ભગવાન્ ત્યાં પણ પ્રકટ થઈ શકે છે કે નહીં? જો કે ધંધાદારી મંદીર ચલાવનારાઓ આને ધર્મ નહીં માને. બધા અધર્મ માનશે પરંતુ જો તમારા હૃદયમાં ભાવ છે તો ભગવાન્ ત્યાં કેમ પ્રકટ ન થઈ શકે?

પરંતુ પ્રહ્લાદ જેવા ભાવની જરૂર છે. એ થાંભલામાં કોઈ ભગવાનનું ઈંડુ નહોતું રાખવામાં આવ્યું. જેમ ઉધઈના ઈંડા આવી જાય છે. હિરણ્યકશ્યપુના મહેલના થાંભલામાં ભગવાનનું ઈંડુ નહોતું રાખવામાં આવેલું કે અચાનક એમાંથી નૃસિંહજી પ્રકટ થઈ ગયા. હિરણ્યકશ્યપુએ કહ્યું કે ''તું માને છે કે આ થાંભલામાં ભગવાન્ છે?'' પ્રહ્લાદે કહ્યું ''છે, મારો ભાવ છે તો છે જ'' એણે કહ્યું ''હમણાં લાત મારીને તોડીને દેખાડું છું.'' ભગવાન્ સાચોસાચ ત્યાં પ્રકટ થઈ ગયા. જે ભગવાન્ સર્વત્ર છે તે થાંભલામાં પણ છે. તે વગરઈંડાએ પણ પ્રકટ થઈ શકે છે. એને ઉધઈના ઈંડામાંથી પ્રકટ થવાની જરૂરત નથી રહેતી. તો શું કારણ છે કે તે ભગવાન્ કમ્પ્યુટરમાં પ્રકટ નથી થઈ શકતો જો દર્શન કરવા એ જ ધર્મ છે તો. પરંતુ આ બધી વાતોમાં, આ પ્રકારની બહસ (દલીલ, ચર્ચા, તર્ક) ચાલી શકે છે અને બહુ લંબાણપૂર્વક ચલાવી શકાય છે. જે નિષ્કર્ષ ઉપર પહોંચતા પહોંચતા આપણે પોતે ધબરાઈ જશું, થાકી જશું કે સૂઈ જઈશું પરંતુ સમજવાની વાત છે કે આપણી આર્ષદષ્ટિ શું હતી આ બાબતમાં?

આપણી આર્ષદષ્ટિ આ હતી કે ધર્મના છ અંગ છે દેશ કાલ કર્મ કર્તા મંત્ર અને દ્રવ્ય અને આ અંગોથી ધર્મ સંપન્ન (પૂર્ણ) થાય છે. પ્રત્યેક

વ્યક્તિને માટે સર્વદેશ ધર્માત્મક નથી, પ્રત્યેક વ્યક્તિને માટે સર્વકાલ ધર્માત્મક નથી. પ્રત્યેક વ્યક્તિને માટે બધા દ્રવ્ય ધર્માત્મક નથી. એ જ દ્રવ્ય કોઈના માટે ધર્મ છે અને કોઈના માટે અધર્મ છે.

એ જ કાલ કોઈના માટે ધર્મ છે અને કોઈના માટે અધર્મ છે. જેમ શાસ્ત્ર તમે જોશો તો તમને સ્પષ્ટ ઉલ્લેખ મળશે કે તપ જ્ઞાન વૈરાગ્ય આ બધા સતયુગ ત્રેતાયુગ દ્વાપરયુગમાં ધર્મ હતા. **‘‘કલૌ તદ્‌હરિકીર્તનાત્’’** (ભાગ.પુરા.૧૨।૩।૫૨) કલિયુગમાં હરિકીર્તન ધર્મ છે. આપણે આ વાતને સમજવી પડશે કે હરિકીર્તન જો કલિયુગમાં ધર્મ છે તો તે કાલના સંબંધવાળી વાત છે કે નહીં? મારી વાત સમજમાં આવી રહી છે ને તમને!

(દ્રવ્ય)

તેવી જ રીતે દ્રવ્ય. તમને ખૂબ મજેદાર વાત બતાવું. જેમ યમુનાજલ ગંગાજલ કે નર્મદાનું જલ. જ્યારે પણ આપણે આ જલમાં તીર્થબુદ્ધિથી સ્નાન કરીએ છીએ કે આ તીર્થનું જલ છે, તો તે ધર્મ છે. પરંતુ જ્યારે આપણે એ જ જલમાં કપડા ધોઈએ છીએ આપણી ભેંસને નવડાવીએ છીએ, ત્યાં શું એ ધર્મ છે? તે ધર્મની વાત નથી, સફાઈની વાત છે. હવે ધાર્મિક વ્યક્તિ વિચારે છે કે આ અધર્મ છે અને અધર્મવાળો વ્યક્તિ વિચારે છે કે પાણી લાવવું ક્યાંથી બીજે ક્યાંય તો પાણી મળતું નથી તો ભેંસને ક્યાં નવડાવીએ. જેને આપણે ધર્મ સમજીએ છીએ તેમાં તે પોતાની ભેંસને નવડાવે છે. તમે બદ્રીનાથ અમરનાથ જાવ તો જેટલા આર્મીના માણસો છે તે પોતાની જીપ કે બસ અલકનંદામાં ધોવે છે. આપણને લાગે છે કે ખબર નથી આ જીપ ધોવાની નદી છે કે પાપ ધોવાની નદી છે. અરે ભાઈ! આર્મીને માટે એ જીપ ધોવાની નદી છે અને યાત્રાળુ માટે એ પાપ ધોવાની નદી છે. કહેવાનો અર્થ એ છે કે એ જ દ્રવ્ય કોઈના માટે તે ધર્મ છે અને કોઈના માટે તે ધર્મ નથી પણ. આમ તો પ્રભાકર માંચવેની થોડીક ઉટપટાંગ કવિતા છે પણ તમને સાંભળવામાં ગમશે. તેઓ હિન્દીના ખૂબ વિખ્યાત લેખક થયા છે. એમણે એક બહુ સારી વાત કહી છે આ બાબતમાં કે ‘‘ગાય બોલી બૈલસે, ક્યોં ઘૂરતે હો

ભાઈ! દેખતે નહીં દુનિયા કહતી હૈ મુજે માઇ, બૈલ બોલા ધત્ત રે, મારુઁગા દુલત્ત રે, મૈં ભી ચૌપાયા તૂ ભી ચૌપાઇ.''

ગાય માતા છે કે ચારપગારી છે? કોના માટે માતા છે? ગોભક્તને માટે માતા છે. કોઈ બળદને તમે કહેશો કે તું આને માતા માન, તો તે કહેશે કે ''અમે બંને તો ચૌપાયા છીએ તો પછી શા માટે એને માતા માનું'' જે ગાય માતા છે તે સર્વદેવમયી છે પણ કોના માટે? બધા માટે નહીં.

(કર્તા)

આજે બધાને એક ફિતૂર (ઘેલછા) ચઢ્ઢી ગઈ છે કે અમારે કાંઈક કરવું છે. અમારે જે પણ કાંઈ કરવું હોય તેને અમે ધર્મ સમજીએ છીએ. તે તો આપણા મનુષ્ય હોવાના અહંકારનું દુષ્પરિણામ છે. શાસ્ત્રે તેની વ્યવસ્થા બતાવી છે આ કયા કર્તાને માટે? જેમ તમને એક સામાન્ય ઉદાહરણ બતાવું તો ખ્યાલ આવી જશે. શાસ્ત્ર કહે છે કે આઠ પ્રકારના વિવાહ હોય છે. પ્રજાપત્ય દૈવ અસુર બ્રાહ્મ આર્ષ પૈશાચ રાક્ષસ. આવા ઘણા પ્રકારના વિવાહ હોય છે. શાસ્ત્ર એમ કહે છે કે ક્ષત્રિયને આમાંથી ઘણા પ્રકારના વિવાહની છૂટ છે. બ્રાહ્મણ જો પિશાચ કે રાક્ષસ વિવાહ કરે છે તો ફકત વિવાહ કરવાને કારણે તે બ્રાહ્મણ મટી જાય છે. જ્યારે આપણે કહીએ કે જ્યારે ક્ષત્રિય આવા વિવાહ કરીને ક્ષત્રિય નથી મટી જતો તો બ્રાહ્મણ કેવી રીતે બ્રાહ્મણ મટી જાય. આ તો લોકશાહી છે. આ તો માનવ અધિકારની વાત આવી ગઈ, અહી. જ્યારે ક્ષત્રિયને આ અધિકાર છે તો બ્રાહ્મણને કેમ નહીં? અરે! પરંતુ આપણા શાસ્ત્રોમાં કર્તાને માટે કોઈ કૃત્ય ધર્મ છે બીજા કોઈને માટે એ જ કૃત્ય અધર્મ છે. ક્ષત્રિયને હથીયાર ધારણ કરવા અને પ્રજાનું સંરક્ષણ કરવું ધર્મ છે અને બ્રાહ્મણ પોતાના શરીર ઉપર હથીયાર ધારણ કરે છે તો તે અધર્મ છે, એમ શાસ્ત્ર કહે છે. હવે બતાવો કે હથીયાર ધારણ કરવા ધર્મ છે કે અધર્મ છે? શાસ્ત્ર સ્પષ્ટ આ વાત કહે છે, મનુસ્મૃતિ યાજ્ઞવલ્કયસ્મૃતિ તમે ખોલીને જોઈલો કે ત્રણ પેઢી સુધી જો કોઈ બ્રાહ્મણ બ્રાહ્મણવૃત્તિ (યજન, યાજન, અધ્યયન, અધ્યાપન, દાન, પ્રતિગ્રહ) ન કરીને વૈશ્યવૃત્તિ (કૃષિ, ગોરક્ષા,

વ્યાપાર, વ્યાજ, દાન, અધ્યયન) અથવા બીજી કોઈ વૃત્તિ કરે છે તો તે બ્રાહ્મણ ન રહીને તે-તે વર્ણનો બની જાય છે. હવે બતાવો કે વૈશ્યની જેમ વ્યાપાર-ધંધો કરવો (બ્રાહ્મણનો) ધર્મ છે કે અધર્મ છે? પાછી એ જ વાત આવી ગઈ કે કોઈપણ કર્મ કોઈના માટે ધર્મ છે કે કોઈના માટે અધર્મ છે, આનો નિર્ણય એકાન્તિક નથી કરી શકતા. ધર્મ કયારેય એકાન્તિક નથી હોતો.

અમુક લોકોએ એવું માની લીધું કે અમે જે વાતને ધર્મના રૂપમાં માની લીધી તેનું જે પાલન નથી કરી રહ્યો તે બધા અધર્મી છે. બધા કાફિર છે. ભાઈ! આપણે ત્યાં એવું નહોતું વિચારવામાં આવ્યું. જેમ મૂર્તિપૂજાની વાત તમે જોશો તો તરત સમજમાં આવી જશે કે **''અગ્નૌ ક્રિયાવતાં દેવો''** જે કર્મકાંડી છે એમના માટે અગ્નિમાં બધા દેવતા આવી ગયા. **''અગ્નિમીળે પુરોહિતં, યજ્ઞસ્ય દેવમ્ ૠત્વિજં, હોતારં રત્નધાતમમ્ અગ્નિર્હોતા કવિક્રતુઃ સત્યશ્ચિત્રશ્રવસ્તમઃ દેવો દેવેભિરાગમત્''** (ૠક્. સં.૧।૧।૧) અગ્નિ જ સર્વ દેવ છે પરંતુ તમે ધ્યાન લગાવવા માગો છો તો તમારો દેવ અગ્નિમાં નથી ઉપરના લોકોમાં છે. કેમ કે ધ્યાન લગાવવા માટે ઉપરની ઉડાન ઉડવી પડશે અને એ દિવિમાં દેવ બિરાજમાન છે. **''દિવિ દેવો મનસ્વિનાં યોગીનાં હૃદયે હરિ''** યોગીને માટે મૂર્તિમાં હરિ નથી. યોગીને માટે હૃદયમાં દેવ છે. અને ભક્તને માટે મૂર્તિમાં દેવ છે. તો હવે બતાવો કે દેવ ક્યાં છે? પાછો સવાલ આ જ આવી ગયો. દેવ કયાં છે? પ્રશ્ન એ નથી. પ્રશ્ન એ છે કે દેવ કયાં નથી? દેવ તો સર્વત્ર છે પરંતુ તમે કયાં તેને ભજી શકો છો પોતાના ભક્ત હોવાના કર્તાપણાના સ્વરૂપમાં. તમે નક્કિ કરો કે તમારામાં કયા પ્રકારનું ભજનકર્તૃત્વ છે? કર્મ-કાંડાત્મક ભજનકર્તૃત્વ છે. યોગાત્મક ભજનકર્તૃત્વ છે, ધ્યાનાત્મક મનનાત્મક ભજનકર્તૃત્વ છે. કીર્તનાત્મક ભજનકર્તૃત્વ છે. જે પ્રકારનું તમારૂં ભજનકર્તૃત્વ છે તે પ્રકારથી તમારો દેવ પ્રકટ થાય છે. પ્રશ્ન આ નથી કે દેવ કયાં છે અને કયાં નથી? પ્રશ્ન એ છે કે તમે દેવને કયાં ભજી શકો છો. જેમ **''સર્વં ખલુ ઈદં બ્રહ્મ''** આટલા હજારો વર્ષોથી આપણે આ

કહીએ છીએ કે ભગવાન્ કણ-કણમાં વ્યાપ્ત છે. પરંતુ તેથી કોઇ કુતરાની કે સૂવરની સેવા કરે છે? એક દિવસ કુતરાને કે સૂવરને પધરાવો સિહાંસન ઉપર. તેને ભોગ ધરો. તેની આરતી ઉતારો. તેને પંચામૃત સ્નાન કરાવો. તેનું ચરણામૃત લો. કેમ નથી લેતા? ભગવાન્ ત્યાં નથી શું? છે ત્યાં પણ ભગવાન્. તમે જો એમ કહો છો કે ભગવાન્ ત્યાં નથી તો પછી તે મૂર્તિમાં પણ નથી. આવી વાત નિશ્ચિત સમજી જાવ. જો મૂર્તિમાં ભગવાન્ છે તો તે આ જ સિદ્ધાન્ત ઉપર છે કે તે સર્વત્ર છે, એટલા માટે તે મૂર્તિમાં પણ છે. જે સર્વત્ર છે તે મૂર્તિમાં પણ છે, સૂવરમાં પણ છે, કુતરામાં પણ છે અને ગધેડામાં પણ છે. ગધેડાને સિંહાસન ઉપર પધરાવો, હિંડોળા ઝુલાવો. તે ખૂબ હોંચીહોંચી કરશે. અરે, મૂર્તિવાળો ભગવાન્ તો તમારી સાથે બોલતો નથી, આ તો બોલશે પણ. ફરક કયાં છે? દેવ કયાં છે એ મુદ્દો નથી. જાૂઓ ધ્યાનથી સમજો. તમે દેવને કયાં ભજી શકો છો? પોતાની કર્તૃત્વની મર્યાદાથી, ત્યાં દેવ છે. તે દેવ તમારા માટે ત્યાં પ્રકટ થઇ રહ્યો છે.

(મન્ત્ર)

દેશ કાલ કર્તા દ્રવ્ય મંત્ર, કયા મંત્રથી ભગવાન્નું ધ્યાન ધરવું જોઇએ? કયા મંત્રથી દીક્ષા લેવી જોઇએ? મને બરાબર યાદ છે. હું જોઇ રહ્યો હતો તે દિવસે કે જે દિવસે રાજીવગાંધીનો અગ્નિસંસ્કાર થઇ રહ્યો હતો તે દિવસે વૃંદાવનથી કેટલાક પુરોહિત બોલાવવામાં આવ્યા હતા. અને તેઓ અગ્નિસંસ્કારના મંત્રોને બદલે પુરુષસૂકતમંત્ર બોલી રહ્યા હતા. **“સહસ્રશીર્ષા પુરુષઃ સહસ્રાક્ષઃ સહસ્રપાત્ સ ભૂમિં વિશ્વતો વૃત્વા અત્યતિષ્ઠદ્ દશાંગુલમ્”** (તૈત્તિ. આર.૩।૧૩।૨) એક પુરોહિતે કહ્યું કે “ભાઇ! આ મંત્ર અત્યારે નથી બોલવામાં આવતો (ન બોલી શકાય) તો કહ્યું “તમે ચુપ રહો, ચાલતું હોય તેમ ચાલવા દો.” ટી.વી. માં આ નજારો આવ્યો હતો. એમણે પુરુષસૂકતથી જ એમનો અગ્નિસંસ્કાર કરાવી દીધો. ચાલો આ તો ઠીક વાત છે, બહુ સાધારણ જેવી વાત છે. મારા એક પરિચિત છે, એમણે મને પૂછયું કે “મહારાજ! આપ કોઇ

પૂરોહિતને ઓળખો છો?'' મેં કહ્યું ''હા! ઓળખું તો છું પરંતુ કામ શું છે?'' તેઓ બોલ્યા ''વિવાહ કરાવવાના છે'' મેં એક બે પુરોહિતોને પૂછયું કે ''તમે વિવાહ કરાવો છો'' તો એમણે કહ્યું કે ''આપની આજ્ઞા હોય તો અવશ્ય કરાવીશ'' મેં એ બેયનો મેળાપ કરાવી દીધો. ત્યારે એમના વિવાહમાં જ્યારે મારી પધરામણી થઈ તો તે પુરોહિત લઘુસિધ્દ્ધાન્તકૌમુદીના **''ઈકો યણચિ સ્વાહાઃ એચોઽયવાયાવઃ સ્વાહાઃ એત્યેધત્યૂઠસુ સ્વાહાઃ''** મેં કહ્યું કે ''ભાઈ શું કરી રહ્યા છો આ'' એમણે કહ્યું ''મહારાજ મને વિવાહના મંત્ર તો આવડતા નથી પરંતુ તમે આ વિધિને જાૂઓ એમાં કાંઈ ગડ઼બડ઼ છે?'' મેં કહ્યું ''નહીં, વિધિ તો બરાબર છે'' તો બોલ્યા કે ''જે મંત્ર મેં વાંચ્યા છે એ જ તો બોલીશ.'' મેં કહ્યું કે ''પહેલાં જ મને આ કહેવું હતું ને.'' હવે મારી એવી દૂવિધા થઈ ગઈ કે પરિચિતને કહું તો તેને દુવિધા થઈ જાય કે અ મારા વિવાહ થયા કે ન થયા! અને પૂરોહિતને કહું તો શું કહું મોકલ્યા તો મેં જ હતા. હવે સવાલ એ પેદા થયો કે એ સ્થિતિમાં વિવાહ ધર્મ થયો કે અધર્મ થયો. સંસ્કાર થયો કે અપસંસ્કાર થયો? શું થયું? ધીરજથી આ વાતને સમજો, વિચાર કરો કે ધર્મ આપણે ત્યાં એકાન્તિક નથી હોતો. સંસ્કૃતમાં કોઈ પણ મંત્ર આપણે બોલી દીધો. હવે તે બોલનારાઓને સમજમાં નથી આવતું અને યજમાન પણ આ જ પ્રકારના હોય છે. હું અવાર-નવાર આ વાતને કહેતો રહું છું કે વિવાહમાં જે વરવધૂને બોલવાના મંત્ર હોય છે તે પુરોહિત બોલે છે કે ''આ સુમંગલી કન્યાને હું મારી જીવનસંગિની બનાવવા માટે સ્વીકાર કરું છું.'' તે વર તો વધૂને જોતો રહે છે અને ફકત પૂરોહિત જ આ મંત્ર બોલતો રહે છે. અરે ભાઈ શું લફડું છે? પૂરોહિત છે કે પૂરો અહિત છે? પરંતુ વરનું ધ્યાન તો વધૂને જોવામાં મસ્ત રહે છે અને આ મંત્ર તો પુરોહિત જ બોલી જાય છે. હવે જે મંત્ર વરને બોલવો જોઈતો હતો તેનો કર્તા તો બદલાઈ ગયો. હવે કર્તા જો બદલી ગયો અને મંત્ર જો એટલો સક્ષમ છે તો વધૂ વરની થઈ કે પૂરોહિતની થઈ? મેં એક પુરોહિત સાથે આની ચર્ચા કરી કે ''ભાઈ! તમે વર પાસે તો આ મંત્ર ન બોલાવ્યો તો આ કન્યા હવે તમારી પત્ની થઈ કે એની થઈ?'' તેઓ બોલ્યા કે ''વડીલ

જ્યારે એ કહે છે કે માઇ લોર્ડ મને આ તકલીફ છે, તો તે વકીલની તકલીફ છે કે કલાઇંટ (અસીલ)ની તકલીફ છે?'' મેં કહ્યું ''હા, એ તો સાચી વાત છે.'' આવું થાય છે.

એક વખત એક કારનું એકસીડેંટ થઇ ગયું. કારે એક ગરીબ માણસને ઠોકર મારી દીધી. બિચારો ગરીબ માણસ રોકકકડ કરીને ઊભો થઇ ગયો. પાછળથી એક વકીલ આવી રહ્યા હતા. તેમણે એને પૂછયું ''શું થયું?'' એણે કહ્યું ''શું કરીએ મારા દુર્ભાગ્ય છે'' વકીલે કહ્યું ''નહીં-નહીં, તમારો અધિકાર છે તમને જે ઘાવ લાગી ગયો છે તેના માટે તમે નુકશાનીનો દાવો કરી શકો છો.'' એણે કહ્યું ''પરંતુ હું ગરીબ માણસ છું'' વકીલે કહ્યું ''કાંઇ ચિંતાની વાત નથી, હું તમને પૂરૂ વળતર અપવીશ'' તે પણ રાજી થઇ ગયો. કોર્ટમાં વકીલે એવી દલીલો કરી કે આવી હાનિ થઇ ગઇ, તેવી હાનિ થઇ ગઇ. તે વ્યક્તિ જોર જોરથી રોવા લાગી ગયો. જજે પૂછયું ''રોવો છો શા માટે?'' તે બોલ્યો કે ''મારી આટલી હાનિ થઇ ગઇ એ તો મને પણ ખબર ન હતી. જ્યારે આ વકીલ સાહેબે સમજાવ્યું ત્યારે ખબર પડી.'' વકીલને તો ઘણી બધી હાનિઓ ખબર છે જે કલાંઇટને પણ ખબર નથી હોતી. પુરોહિતે પણ આવું જ કહ્યું. મેં પણ કહ્યું કે મંત્રનો પ્રભાવ આવો પણ થઇ શકે છે! પરંતુ ધ્યાનથી સમજવાની વાત છે કે બધે ઠેકાણે બધા મંત્ર ન વાપરી શકાય. આજકાલ લોકો અગ્નિસંસ્કારમાં ગાયત્રી બોલવા લાગી ગયા છે **''ૐ' ભૂભુર્વસ્વઃ તત્સવિતુઃ વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ''** (ઋક.સં.૩|૬૨|૧૦) અરે તે ભર્ગો દેવસ્ય નથી શવસ્ય ભર્ગ છે, દેવસ્ય ભર્ગ નથી. પરંતુ અત્યારે લોકો બોલે છે તો શું કરવું! સૌથી મજેદાર વાત તો એ છે કે તેમાં પણ હવે રેપ્ સોંગ આવી ગયો છે. ગાયત્રીને રેપ્ મ્યુઝિકની જેમ ગાય છે. અરે આ તે કોઈ મંત્ર છે? ''દિલે નાદાન તુજે હુઆ ક્યા હૈ, આખિર ઈસ દર્દકી દવા ક્યા હૈ?''

આપણે કોઈ પણ મંત્રને ક્યાંય પણ બોલવો ધર્મ સમજીએ છીએ. આપણા શાસ્ત્રની દષ્ટિ એવી ન હતી. આપણા શાસ્ત્રની દષ્ટિ એવી હતી

કે **"મન્ત્રો હીનઃ સ્વરતો વર્ણતો વા મિથ્યાપ્રયુક્તો ન તમર્થમાહ, સ વાગ્વજ્રો યજમાનં હિનસ્તિ યથેન્દ્રશત્રુઃ સ્વરતો અપરાધાત્"** (પાણિનિય શિક્ષા પ્રારંભ-પર) તમે ખોટા સ્વર લગાડયા, ખોટું ઉચ્ચારણ કર્યું, મંત્રનો ખોટી રીતથી તેનો પ્રયોગ કર્યો, કોઈ ખોટા કર્મમાં તમે ખોટો મંત્ર બોલી દીધો. મંત્ર બોલવાથી પુણ્ય નથી થતું. કોઈ કર્મવિશેષમાં મંત્ર ધર્માત્મક હોય છે, કર્તાવિશેષના દ્વારા, કોઈ પ્રસંગવિશેષમાં, કોઈ દેવવિશેષને માટે તે મંત્ર વિહિત છે (નિયત છે), એ જ મંત્ર મંત્ર છે. નહીંતર એ જ શબ્દો માત્ર તેવા શબ્દ જેવા છે, પરંતુ મંત્ર નથી.

તમને કદાચ ખબર હોય તો સર્ વિલિયમ્ હતા, જેમણે સંસ્કૃતની ઉપર બહુ જ રિસર્ચ (સંશોધન) કરી. તેઓ કલકત્તા હાઈકોર્ટમાં જજ હતા. એમણે કોઈક શાસ્ત્રી પંડિત પાસેથી ઘણું બધું શાસ્ત્રનું અધ્યયન કર્યું. અધ્યયન કર્યા પછી અચાનક એમણે શાસ્ત્રીજીને પૂછી લીધું કે ગાયત્રીમંત્ર શું છે? શાસ્ત્રીજીએ કહ્યું કે ગાયત્રીમંત્ર જ્યારે દીક્ષા વિધી થાય ત્યારે જ બતાવી શકીએ છીએ નહીંતર અમે બતાવી ન શકીએ. અમારા માટે નિષેધ (મનાઈ) છે. દીક્ષામંત્ર **"ષટ્કર્ણો ભિદ્યતે મંત્ર"** અમે બતાવી ન શકીએ. હવે વિલિયમે શાસ્ત્ર એટલા ભણી રાખ્યા હતા તેથી છેવટે ગાયત્રીમંત્ર એમને મળી ગયો. ઘણા દિવસો પછી એ જ પંડિતજીનો કેસ કલકત્તા હાઈકોર્ટમાં ચાલ્યો. હવે એ અંગ્રેજ જજ વિલિયમ્ ઓળખી ગયા કે આ એ જ પંડિતજી છે જેઓ મને ભણાવતા હતા. એ જજે હાઈકોર્ટમાં તે ગાયત્રીમંત્ર બોલીને બતાવી દીધો. પછી કહ્યું કે "જૂઓ પંડિતજી તમે ન બતાવ્યો પણ ગાયત્રીમંત્ર તો આ જ છે ને!" પંડિતજીએ કહ્યું કે "નહીં, આ ગાયત્રીમંત્ર નથી" ત્યારે તે બોલ્યો કે "બતાવો તો પછી, ગાયત્રીમંત્ર બીજો કયો છે." પંડિતજીએ કહ્યું કે "એ તો ગંગાજીમાં સ્નાન કરીને જો હું બોલું તો તે ગાયત્રીમંત્ર છે. આ તો કાંઈક ગાયત્રીમંત્ર જેવી ધ્વનિ છે. પરંતુ ગાયત્રીમંત્ર તો નથી." ધ્વનિ અને મંત્રમાં કાંઈક અંતર છે! ધ્વનિ તો એક જેવી હોઈ શકે છે. જો ધ્વનિ તેવી જ છે તો તે મંત્ર છે એવી ભ્રમણામાં ન રહેતા. આપણા શાસ્ત્ર મંત્રોને એકાન્તિક ધર્મ નથી

માનતા. જે મંત્રનો જે કર્મમાં, જે કર્તાના દ્વારા, જે વિધિને અનુસાર, સરખું ઉચ્ચારણ કરવામાં આવ્યું છે, તે અર્થમાં તે મંત્ર છે, નહીંતર એ ધ્વનિ છે પણ મંત્ર નથી. ધ્વનિ એક અલગ વસ્તુ છે, નાદાત્મક ધ્વનિ અને મંત્ર એક અલગ વસ્તુ છે. તમને લાગશે કે બહુ જુની વાતો હું કરી રહ્યો છું. હું જુની વાત નથી કહી રહ્યો એકદમ આધુનિક (અત્યારની) વાત કરી રહ્યો છું.

(કર્મ)

મારી આંખોમાં એક વખત તકલીફ થઈ ગઈ. મને કોઈકે કહ્યું કે બહુ જ મોટું એક આંખનું ઔષધાલય (દવાખાનું) છે તમે ત્યાં જઈને બતાવો. ત્યાં ખૂબ જ સારી સારવાર થાય છે. દોઢ કલાક ત્યાં લાઈન્માં બેઠો ત્યાર પછી મારો નંબર આવ્યો. અનેક દવાઓ તેઓ નાખતા રહ્યા ડાઈલ્યૂટ (દુઃખાવો ઘટાડવા) માટે. જ્યારે મારો નંબર આવ્યો તો ડોકટરે મને જોઈને કહ્યું કે "તમારી આંખના રોગનો હું ડોકટર નથી." હવે હું દોઢ કલાક ત્યાં શા માટે બેઠો? તે બોલ્યો "તે તમે જાણો પરંતુ જે રોગ આંખનો તમને છે તેનો હું ડોકટર્ નથી." હવે જૂઓ આપણે સમજીએ છીએ કે આંખનો ડોકટર્ છે એટલે બધી આંખની બધી તકલીફોનો ડોકટર્ છે. અરે ભાઈ આંખમાં પણ એટલાં સ્પેશલાઈજેશન્ (કોઈ એક જ રોગનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ) થઈ ગયા છે કે કોઈ લેંસના ડોકટર્ છે તો કોઈ કોર્નિયાના ડોકટર્ છે તો કોઈ ચીઆજમના ડોકટર્ છે. શેના ડોકટર્ છે, એ જાણ્યા વગર આપણે કહીએ છીએ કે મહારાજ તમે અમારી આંખ સારી કરી દો. ત્યારે તો ગડ઼બડ઼ થઈ જશે ને!

પહેલાં દાંત દુઃખતો હતો તો દાંત કઢાવી નાખતા હતા. હવે કોઈ કહે કે આંખ દુઃખે છે, અને ડોકટર કહે છે કે આંખ જ કઢાવી નાખો તો તે આંખનો ડોકટર્ છે કે કોણ છે? આપણને પદવી આપવામાં દિકકત થઈ જશે ને પછી! કર્તાનો નિર્ણય આપણે કરવો પડશે. આ આધુનિક વાતો છે કે નહીં! અરે ક્રિમીનલ્ લો ના (ગુનેગારના કાયદાના વકીલની પાસે શોશ્યિલ મેટર (સામાજિક, વહેવારિક વિષય) નો કેસ લઈને જઈશું તો તે

કહેશે કે ‘‘આ મારો વિષય નથી.’’ આપણે સમજીએ છીએ કે વકીલ સાહેબ છે. અરે વકીલ સાહેબ છે તેથી શું થયું? કરવેરાના વકીલ સિવિલ (ખાનગી હકના) કેસ્ નથી લઈ શકતા. એમણે એ વિષયમાં સ્પેશ્યાલાઈઝેશન્ નથી કર્યું. એટલા માટે બધી જગ્યાએ એ વાત આપણને મંજુર છે પરંતુ ધર્મમાં આ વાત મંજુર નથી. કેમ કે આપણે સમજીએ છીએ કે દકિયાનૂસી જૂના વિચાર છે. અહીં કેમ મંજુર કરીએ છીએ! હું થોડાક દિવસ પહેલાં પ્લેન્માં ઇન્દોર ગયો હતો. હવે લોકોને મારો આવો વેશ જોઈને ઉદ્દીપન વિભાવ થતો રહે છે. પ્લેન્ના બે યાત્રી, હું સાંભળી શકુ એવી રીતે બોલી રહ્યા હતા કે ‘‘આ ધર્માચાર્યોએ અને ધર્મગુરુઓ એ ધર્મમાં કર્મકાંડ એટલો વધારી દીધા છે, એટલા ગુંચવાડા વધારી દીધા છે કે લોકોને ધર્મમાત્ર અશ્રદ્ધા થઈ જાય છે.’’ હું સાંભળતો રહ્યો, પરંતુ પ્લેન્માંથી જ્યારે અમે ઉતર્યા તો એરપોર્ટનો દરવાજો બે ડગલા જ દૂર હતો. પરંતુ અમને ત્યાં ચાલીને જવાની છૂટ ન હતી. બસથી જ જવું આવશ્યક હતું. તે બસ એક લાંબુ ચક્કર મારીને પછી ત્યાં આવતી. તેની રાહ જોવામાં લગભગ વીશ મિનિટ અમારી બીજી બગડી. ચાલવાનું અંતર ફક્ત ત્રણ મિનિટનું પણ ન હતું. મેં એ લોકોને પૂછ્યું ધીરેથી કે – ‘‘આ અનુષ્ઠાન (રિચ્યુઅલ) છે કે નહીં? તમારું શું કહેવું છે?’’ બોલ્યા ‘‘હા, આ તો અનુષ્ઠાન છે.’’ મેં કહ્યું કે ‘‘આ અનુષ્ઠાન તમને માન્ય છે તો ધર્મના અનુષ્ઠાનમાં શું તકલીફ આવી ગઈ?’’ આ કેવડું મોટું અનુષ્ઠાન છે કે જે સામે દેખાય છે તેને તમે નથી પકડી રહ્યા અને વીશ મિનિટ તમે અહીં રાહ જોઈ અને પાછી બસ પણ સીધી ન લઈ જઈને, લાંબુ ચક્કર મારીને આપણને દરવાજા પાસે ઉતારશે. કેમ? કેમ કે જો આ રીતે ન લઈ જઈને સીધા લઈ જવામાં જો કોઈ અકસ્માત થયો તો એનો જવાબદાર કોણ થશે? એરપોર્ટ ઓથોરિટી જવાબદાર છે. નુકશાન કોણ ભરશે? આ બધી સાવચેતી એરપોર્ટ ઓથોરિટી લે છે.

(આપણા શાસ્ત્રો ધર્મને ક્યારેય પણ એકાન્તિક નથી માનતા)

આ રીતે આપણા શાસ્ત્રોએ બધી સાવચેતીઓ વર્તેલી છે. દેશ કાલ

કર્તા મંત્ર દ્રવ્ય કર્મની બધી સાવધાની લીધા પછી જ કોઈ ધર્મને કોઈ વિશેષ અર્થમાં ધર્મ માન્યો છે. કોઈ પણ ધર્મને એકાન્તિક નથી માન્યો કે આ ધર્મનું જે પણ પાલન નથી કરતો તે પાપી છે, નરકમાં જશે. એને ભગવાન્ આ ત્રાસ આપશે. એ ધર્મની ખૂબ જ સંકીર્ણદષ્ટિ (વિખરાયેલી દષ્ટિ) એવા પ્રકારની રહી કે જે લોકોએ એમ વિચાર્યું કે જો તમે ધર્મ સમજ્યા એ જ બધા માટે છે. હવે કાલે તો ગધેડો ઉઠીને બોલશે કે તમે હોંચી હોંચી બોલીને ભગવાન્ની આરતી નથી ગાતા તેથી તમે મહાન્ અધર્મ કરો છો તો શું આપણે ભગવાન્ના આરતી હોંચી હોંચી બોલીને ગાઈએ? અરે ગધેડો જો ભગવાન્ની આરતી હોંચી હોંચી કરીને ગાશે તો ભગવાન્ એનાથી પ્રસન્ન થશે પરંતુ આપણે આપણા ભગવાન્ની આરતીને હોંચી હોંચી સ્વરમાં ગાઈશું તો મહાન્ અધર્મ થઈ જશે. આ વાતને સમજવાનો પ્રયત્ન કરો કે દરેક ચીજની કોઈ એક ખાસિયત હોય છે. ફૂલ પણ જો આપણે પકડયું હોય તો તેનો એક અંદાજ હોય છે. એને ડાંડીથી આપણે પકડશું તો ફૂલ તાજું રહેશે અને ફૂલની શોભા બનેલી રહેશે. જો પાંદડીઓથી પકડી લીધું અને દબાવી દીધું તો ફૂલ કુમળાઈ જશે. આ જ રીતે ધર્મને પકડવાનો આપણી ભીતર એક અંદાજ હોવો જોઈએ. જેમ બિલાડી કે સિંહણ પોતાના બાળકોને દાંતોથી પકડે છે તે ખાવા માટે નથી પકડતી પરંતુ બીજી જગ્યાએ લઈ જવા માટે પકડે છે. એટલી ઢીલથી નથી પકડતી કે તે નીકળી જાય અને એટલી કઠોરતાથી નથી પકડતી કે એના દાંત એ બચ્ચાની ડોકમાં ખૂંચી જાય. એનો એક ખૂબ નાજુક અંદાજ હોય છે. એ નાજુક અંદાજથી આપણે ધર્મને પકડવો જોઈએ. ધર્મને એટલી નિષ્ઠુરતાપૂર્વક દાંતથી ન પકડો કે જે આ રીતે નથી પકડતો તે અધર્મ છે, તે કાફિર (પાપી) છે. આ પ્રકારની સંકીર્ણ (ભેળસેળવાળા) વિચાર ઓછામાં ઓછું ભારતમાં ક્યારેય ન હતા.

(ભાગવતની દષ્ટિ ધર્મની બાબતમાં)

ધર્મની બાબતમાં જે કારિકાઓ ભાગવતમાં સમજાવી છે. તે હું તમારે સાથે શેયર્ કરવા (માણવા) માગીશ. આપણે કાયમી ભાગવતની

કથાઓમાં ખોવાઈ જઈએ છીએ કે ભગવાને પછી રાસ કર્યો, ચીરહરણ કર્યા, ગોવર્ધન પર્વત ઉઠાવ્યો. આ કથાઓમાં આપણો ધર્મનો બધો ભાવ ક્યાં હતો તે ભુલી જઈએ છીએ. ભાગવત આપણને ધર્મની બાબતમાં કેટલી ગંભીરતા સમજાવવા માગે છે તેને તમે થોડીક ધીરજથી સાંભળશો તો તમને સમજમાં આવશે કે ધર્મની બાબતમાં ભાગવતના વિચાર શું છે?

(સ્વે સ્વેઽધિકારે... વિપર્યયસ્તુ દોષઃ સ્યાત્)

સૌથી પહેલા ભાગવત એક વાત કહે છે, જેમ લોગો (પ્રતિક) હોય છે, આ પ્રકારથી એક વાત કહે છે **''સ્વે સ્વેઽધિકારે યા નિષ્ઠા સ ગુણઃ પરિકીર્તિતઃ''** (ભાગ.પુ.૧૧|૨૧|૨) દરેક ધર્મમાં કોઈકનો કાંઈક અધિકાર હોય છે. જેનો જે ધર્મને કરવાનો કાંઈક અધિકાર છે, તે અધિકારીને તે ધર્મમાં જો નિષ્ઠા છે, તો ગુણ છે. અને જો તે અધિકારીને તે ધર્મમાં નિષ્ઠા નથી તો તે ગુણ ન હોઈને અવગુણ છે. તે ધર્મ કોઈ બીજાનો ધર્મ હોઈ શકે છે પરંતુ તેમાં તમારી નિષ્ઠા કેમ થઈ? હવે તો તે ગુણ હોવાના બદલે દુર્ગુણ થઈ ગયો. **''સ્વે સ્વેઽધિકારે વા નિષ્ઠા સ ગુણઃ પરિકીર્તિતાઃ વિપર્યયસ્તુ દોષઃ સ્યાત્''** (ત્યાંજ), જે તમારા અધિકારની વાત નથી, તેમાં જો તમારી નિષ્ઠા પેદા થઈ ગઈ તો તે વિપર્યય (વિરુદ્ધપણું, ભ્રમ, ભૂલ, દુર્ભાગ્ય) છે અને દોષ પણ છે.

(નિષ્ઠાનો અર્થ)

એક વાત ધ્યાનથી સમજો કે આજે નિષ્ઠાનો અર્થ પણ આપણને સાચો ખબર નથી. સૌથી પહેલાં છે રૂચિ. કોઈપણ કાર્યમાં આપણી રૂચિ હોવી. રૂચિના કારણે આપણી ભીતર શ્રદ્ધા આવે છે. આપણે સમજીએ છીએ કે કોઈની સામે માથું નમાવવું શ્રદ્ધા છે. આ શ્રદ્ધાનો સાચો અર્થ નથી. માથું નમે કે ન નમે પરંતુ 'શ્રદ્ધા' નો સાચો અર્થ છે કે જેને તમે સરખી રીતથી જાણ્યું નથી તેને સ્વીકારવાની આપણામાં શક્તિ છે કે નહીં? એક વાત ધ્યાનથી સમજો જ્યારે આપણે ટ્રેનમાં બેસી રહ્યા છીએ

ત્યારે આપણને ખબર નથી કે ટ્રેનના ડ્રાઈવરને રાત્રે ઉંઘ આવી જશે કે નહીં! પરંતુ આપણી શ્રધ્ધા છે. આપણે આપણી પથારી કરીને સૂઈ જઈએ છીએ એમ સમજીને કે ડ્રાઈવર આખી રાત ગાડી ચલાવશે. આ શ્રધ્ધા છે. જો તમે તર્ક ઉપર ઉતરી જશો કે જેમ આપણને ઉંઘ આવી રહી છે તેમ ડ્રાઈવરને પણ ઉંઘ કેમ ન આવી શકે? તે સૂઈ શકે છે. તો તે અકસ્માત કેમ ન કરી શકે? હવે તમે આવા વિચારે ચઢી જાવ તો તમે આખી રાત સૂઈ ન શકો. તમે સીટ તો રીઝર્વ કરાવી લીધી પરંતુ તમને ઉંઘ નહીં આવે. જે તમને ગાડીમાં આરામથી ઉંઘ આવી રહી છે. પ્લેનમાં તમે સૂઈ જાવ છો, આનું નામ શ્રધ્ધા છે. જે વાતોનો નિષ્કર્ષ તમે ગણત્રીપૂર્વક નથી લઈ શકતા પરંતુ તેને સ્વીકારવા માગો છો, તેનું નામ શ્રધ્ધા છે. રૂચિના કારણે એ શ્રધ્ધા આવે છે. 'શ્રત્' નો અર્થ થાય છે "શ્રત્ દધાતિ ઈતિ શ્રધ્ધા" એક સત્યનું આપણે આપણી બુધ્ધિમાં આધાન કરીએ છીએ કે અમે ટ્રેનમાં એક બર્થ (સૂવાની જગ્યા) રીઝર્વ કરાવી છે અને એ ડ્રાઈવર આપણને જ્યાં જવાનું છે ત્યાં પહોંચાડશે. આવા વિચારનું નામ 'શ્રધ્ધા' છે. આપણે શ્રધ્ધાને ધર્મની સાથે જોડી દીધી છે. એટલા માટે આપણને શ્રધ્ધાના સીમિત અર્થ સમજમાં આવે છે. શ્રધ્ધાનો અર્થ આટલો સિમિત નથી. ખૂબ જ વ્યાપક અર્થ છે.

જ્યારે હું નાનો હતો ત્યારે મને સમુદ્રસ્નાનો બહુ શોખ હતો. હું અને મારા ફઈનો દિકરો સમુદ્રસ્નાન માટે સાથે જતા હતા. મારા ફઈ હંમેશા મને રોકતા કે "તારા પિતાજીને તો તમે બે દીકરા છો, પણ મારે તો આ એક જ છે. એને શાર્ક ખાઈ ગઈ કે એ દરીયામાં તણાઈ જાય તો શું થશે?" અમારે ત્યાં ફઈને અત્તાજી કહે છે. હું અત્તાજીને કહેતો કે "અત્તાજી, તમે જે ઘરમાં રહો છો તે ભૂકંપમાં પડી જાય તો શું થશે?" તો તેઓ કહેતા કે "તૂં તો બદમાશ છો. જ્યારે તું મારા દીકરાને સમુદ્રસ્નાન કરવા લઈ જાય છે ત્યારે મારા દિલમાં શું વિતે છે!" તે વાત તો હું પણ સ્વીકારું છું કે માના દિલ ઉપર વધારે વીતતી હોય છે. પરંતુ મારી શ્રધ્ધા છે કે અમે સમુદ્રસ્નાન માટે જઈ રહ્યા છીએ અને અમને શાર્ક

નહીં ખાય. કોઈકને શાર્ક ખાઈ જતી તો હશે ને, પરંતુ અમને નહીં ખાય. ‘‘ગિરીથી જીસપે કલ બિજલી, વો મેરા આશિયાં ક્યૂં હો’’.

એવું જ માનીને શા માટે ચાલવું કે શાર્ક ખાઈ જ જશે. જો એવું માનવું છે તો પછી એ પણ માનવું પડશે કે કાલે ભૂકંપ આવશે અને આ આખુય ઘર જે અમે નવું બનાવી રહ્યા છીએ તે પડી જશે અને અમે એની અંદર દબાઈ જઈશું. ડટાઈ જઈશું ત્યારે શું થશે? અરે ભાઈ! કેટલાય ડટાઈ ગયેલા લોકો પણ તો નીકળી જાય છે, એવી શ્રદ્ધા કેમ નથી રાખતા. એક સત્યને સ્વીકારવાનો જુસ્સો, હીમ્મતનું નામ ‘શ્રદ્ધા’ છે. આ વાતને તમે સમજો. જેની તમે પૂરી સંકલ્પના નથી કરી શકતા તે અપરિકલ્પિત સત્યને સ્વીકારવાનો જુસ્સો કે હિમ્મત કે સાહસ છે, એનું નામ શ્રદ્ધા છે. શ્રદ્ધા પછી તે પ્રકારથી જ્યારે તમે જીવન જીવો છો અને તમને કોઈ દુષ્પરિણામ પ્રકટ નથી થતું ત્યારે તમને એક વિશ્વાસ પ્રકટ થાય છે.

આપણે સમજીએ છીએ કે પહેલું પગલું વિશ્વાસ છે તેના પછીનું શ્રદ્ધા છે. આ બિલકુલ ખોટી વાત છે. જ્યારે આપણે વિવાહ કરીએ છીએ ત્યારે આ મારા પ્રત્યે વફાદાર છે. આ શ્રદ્ધા જ તો હોય છે, વિશ્વાસ ક્યાં હોય છે. વિશ્વાસ હોત તો પત્ની ઈન્કવાયરી (તપાસ, પૂછપરછ) જ શા માટે કરત કે પતિદેવ ક્યાં ગયા? ઈન્કવાયરી કરે છે એનો અર્થ આ જ છે કે શ્રદ્ધા છે પરંતુ વિશ્વાસ નથી. જ્યારે પત્ની કોઈ બીજા સાથે વાત કરતી હોય ત્યારે આપણો વિશ્વાસ ક્યાં ખોવાઈ જાય છે? શ્રદ્ધા હોવી એક જુદી વાત છે, જેને આપણે કહી શકીએ છીએ કે, સ્વીકાર કરવો. વિશ્વાસ હોવો સાહસની વાત નથી. રોજરોજની આદતની વાત છે. વિશ્વાસનો અર્થ હું સરળ શબ્દોમાં સમજાવી દઉં. રાતના તમે તમારા બેડરૂમમાં સૂઈ રહ્યા છો. તમે લાઈટ નથી કરી. તમે બાથરૂમમાં જઈને નળ ખોલો છો. લાઈટ કર્યા વગર પણ નળ ક્યાં છે. એ ખબર પડી જાય છે કે નહીં? આ શ્રદ્ધાથી ખબર પડે છે કે વિશ્વાસથી? જ્યારે રોજ તમે નળ ખોલ્યો હોય ત્યારે જ વિશ્વાસ થાય છે કે હાં અહીંયા જ નળ છે. જે શ્રદ્ધાને આપણે રોજેરોજ

જીવીએ છીએ, એ રોજેરોજ જીવવાના કારણે એક વિશ્વાસ પ્રકટ થાય છે અને જ્યારે વિશ્વાસ પ્રકટ થાય છે, તેના કારણે આપણી અંદર એક નિષ્ઠા આવે છે કે હવે આને છોડ઼ીને બીજું કાર્ય નહીં કરીએ. હવે આ વિશ્વાસથી આગળની સ્થિતિ છે નિષ્ઠા. ‘નિષ્ઠા’ એટલે કે ‘નિતરાં સ્થિતિઃ ઈતિ નિષ્ઠા’’ એટલે કે જે વસ્તુમાં આપણી નિતરાં (સતત) સ્થિતિ રહે તેને ‘નિષ્ઠા’ કહેવાય છે. ‘વિશ્વાસ’ નો મતલબ છે જેને કરવામાં આપણો શ્વાસ ઉપર-નીચે ન થાય. જેમ કે રાતના તમે કોઈના ઘરમાં સૂઈ ગયા અને રાતના જો તમારે વગર લાઈટે બાથરૂમ જવું પડયું તો તમારું માથું ફૂટશે જ, કેમ કે તમને વિશ્વાસ છે નહીં. પણ જો તમે રોજ વાપરી રહ્યા છો તો તમારામાં એક વિશ્વાસ પ્રકટશે. ભલે દેખાય કે ન દેખાય, ભલે લાઈટ ચાલી જાય તો પણ તમે બાથરૂમનો દરવાજો ખોલી શકો છો. તે દરવાજો શ્રદ્ધાથી નહીં વિશ્વાસથી ખૂલે છે કેમ કે તે તમે રોજ કર્યું છે. એ વિશ્વાસને કારણે જે નિષ્ઠા પેદા થાય છે એ નિષ્ઠાની વાત અહીં કરી રહ્યા છે. **“સ્વે સ્વેડધિકારે યા નિષ્ઠા સ ગુણઃ પરિકીર્તિતા વિપર્યયસ્તુ દોષઃ સ્યાત્”** (ત્યાંજ) પોતાના અધિકારમાં નિષ્ઠા છે. હવે તમને આ વાત સમજમાં આવી હશે કે પોતાના અધિકારમાં રૂચિની શ્રદ્ધાની વિશ્વાસની વાત અહીં નથી, પોતાના અધિકારમાં નિષ્ઠાની વાતને ભાગવત કહે છે કે કોઈ ધર્મમાં તમારો જે અધિકાર છે અને તેમાં જો તમારી નિષ્ઠા છે તો તે તમારો ગુણ છે અને જો વિપર્યય તમે કરી રહ્યા છો તો તે દોષ છે.

(દ્રવ્યની શુદ્ધિ-અશુદ્ધિનું સંજ્ઞાન)

આ તો એક સામાન્ય વાક્ય છે, પરંતુ જો આનું વિશેષ વાક્ય જોઈએ તો તે કેટલું મજેદાર છે કે **“શુદ્ધ્યશુદ્ધિ વિધીયતે સમાનેષ્વપિ વસ્તુષુ દ્રવ્યસ્ય વિચિકિસાર્થ ગુણદોષો શુભાશુભૌ”**(ભાગ.પુ.૧૧।૨૧।૩) એક જ વસ્તુ શુદ્ધ પણ છે. જે શુદ્ધ છે તે અશુદ્ધ પણ છે અને અશુદ્ધ છે તે શુદ્ધ પણ છે. કેમ? કેમ કે જે કામ તમારે કરવું છે, જેના માટે કરવું છે, તે કામને માટે શાસ્ત્રએ ગુણ-દોષની પરિકલ્પના કરી છે. આ પરિકલ્પના

કેવી રીતે છે, જેવી રીતે 'અદેઙ્ગુણ'' (પા.સૂ.૧।૧।૨) **''અદેઙ્ ચ ગુણસંજ્ઞઃ સ્યાત્''** (વૃત્તિ) તો વૃદ્ધિ શું અવગુણ કે દુર્ગુણ છે? પરંતુ પાણિનિ કહે છે કે **''આદૈચ્ચ વૃદ્ધિસંજ્ઞઃ સ્યાત્''** (પા.સૂ.વૃ.૧।૧।૧) અદેઙ્ જો ગુણ છે તો વૃદ્ધિ શું દુર્ગુણ છે? નહીં વૃદ્ધિ દુર્ગુણ નથી. તેને એક સંજ્ઞા આપી છે. જ્યારે સંજ્ઞા આપી છે તો તેનું તે પ્રકારથી સંજ્ઞાન થાય છે. એક સીધુસાદુ ઉદાહરણ સમજી લો કે તમારું નામ તમારા માતા-પિતાએ જે પણ કોઈ રાખી દીધું. કેટલાક દિવસો સુધી એ નામથી બોલાવ્યા પછી તમારામાં એક નિષ્ઠા પ્રકટ થાય છે. બાળકને જ્યારે તેનું નામ લઈને બોલાવો તો તેને રૂચિ પ્રકટ થાય છે તે ચારેબાજુ જુએ છે કે ખબર નહીં આ લોકો કઈ ધ્વની કાઢી રહ્યા છે! પરંતુ ધીરે-ધીરે તેને એ ખબર પડે છે કે જ્યારે આ લોકો મને જુએ છે ત્યારે આ ધ્વનિ કાઢે છે, તેની અંદર એક શ્રદ્ધા પેદા થાય છે કે કદાચ આ મારું નામ છે. એ જ વાતને એ જ્યારે વારંવાર સાંભળે છે. તેનાથી તે શ્રદ્ધા પછી તેનામાં વિશ્વાસ પેદા થાય છે કે હા આ મારું જ નામ છે. પછી કોઈ બીજો કહે કે આ મારું પણ છે, તો તે કહેશે કે નહીં આ મારૂં નામ છે. આ તેનો વિશ્વાસ છે. તેના પછી તે સૂતેલો પણ હશે ત્યારે પણ તેનું જો નામ બોલશો તો તે જાગી જશે. તેને જો બીજા નામથી પુકારશો તો નહીં જાગે. પરંતુ તેના નામથી બોલાવશો તો તે જાગી જાય છે. કેમ કે તેની અંદર તે સંજ્ઞાની નિષ્ઠા પેદા થાય છે કે આ મારી સંજ્ઞા છે. મારી સંજ્ઞાને કારણે મારું સંજ્ઞાન મને થાય છે. તેમ જે ગુણ-દોષની સંજ્ઞાઓ શાસ્ત્રે નિર્ધારિત કરી છે તે એકાન્તિક નથી.

ઠાકોરજીને આપણે ગોપાલકૃષ્ણ કહીએ છીએ કે નહીં? એક પ્રસિદ્ધ ટૂચકો છે કે ગોપાલકૃષ્ણજીની પત્ની એક ભજનમાં ગયા. ત્યાં ગવાઈ રહ્યું હતું કે રાધેકૃષ્ણ હરે હરે, ગોપાલકૃષ્ણ હરે હરે. એમણે વિચાર્યું કે પતિનું નામ બોલવું એ તો મોટુ પાપ છે. એમણે ગાવાનું શરું કર્યું કે ''રાધેકૃષ્ણ હરે હરે મુન્નીના પપ્પા હરે હરે.'' કેમ કે એમને સંજ્ઞાન હતું કે 'ગોપાલકૃષ્ણ' મારા પતિની સંજ્ઞા છે. એમણે તેવી રીતે જ ગાવાનું શરું

કર્યું. પરંતુ જેમના પતિ ગોપાલકૃષ્ણ નથી એમને તો એ સંજ્ઞાન જ નહીં થાય. તો શાસ્ત્ર જ્યારે આ કહે છે કે ‘‘આ દ્રવ્ય શુદ્ધ છે’’ તો એનું સંજ્ઞાન આપણને થાય છે કે આ દ્રવ્ય શુદ્ધ છે. જ્યારે શાસ્ત્ર કહે છે કે ‘‘આ દ્રવ્ય અશુદ્ધ છે.’’ તો આપણને સંજ્ઞાન થાય છે કે આ દ્રવ્ય અશુદ્ધ છે. એ શાસ્ત્રનિર્ણિત સંજ્ઞાનના કારણે કોઈ પણ દ્રવ્ય શુદ્ધ કે અશુદ્ધ હોય છે. પોતાના સ્વયંમાં ન કોઈ દ્રવ્ય શુદ્ધ છે ન અશુદ્ધ. આ આપણા શાસ્ત્રનો સિદ્ધાન્ત છે.

થોડીક ધીરજ વાપરીને વિચારો કે શાસ્ત્રનો ધર્મની બાબતમાં કેટલો ગંભીર અને કેટલો ઉદાત્ત દૃષ્ટિકોણ છે. કેટલાક લોકો એવું માને છે કે જે અશુદ્ધ છે તે અશુદ્ધ જ છે. કેટલી હદ સુધી કે જે મારા માટે અશુદ્ધ છે તે તમારા માટે પણ અશુદ્ધ છે. અરે આવું થોડું કાંઈ હોય છે! જેમ કાકાની દીકરી આપણા માટે બહેન હોય છે પરંતુ કોઈ બીજા લોકો માટે પત્ની હોય છે. આપણું સંજ્ઞાન બહેનનું છે અને તેમનું સંજ્ઞાન પોતાના વિવાહયોગ્ય સ્ત્રીનું છે. દરેકના સંજ્ઞાન જુદા છે. આપણે તેનાથી એવું નથી માનતા કે કોઈ કાકાની દીકરી સાથે વિવાહ કરે છે એટલા માટે તે પાપી છે. કેમ કે એમના ધર્મે એ પ્રકારનું સંજ્ઞાન ત્યાં નથી કર્યું. એટલા માટે આપણે એવું સમજીને પણ એને પત્થર મારવા નથી જતાં કે તમે તમારા કાકાની દીકરી સાથે વિવાહ કેવી રીતે કરી લીધા! તમે પાપી છો, તમે નરકમાં જશો. અમે પત્થર મારીને તમને મારી નાખશું, કેમ કે આપણને એ સંજ્ઞાન કરાવવામાં આવ્યું છે કે કાકાની દીકરી આપણી બહેન થાય છે. બીજા માટે તે બહેન હોવી જરૂરી નથી. જો એવું હોત તો પશુ-પક્ષી માટે પણ તે બહેન હોવી જોઈતી હતી. પછી તો દરેક પશુ-પક્ષીને મારો. એવું નથી હોતું. જે ધર્મ જેના માટે ધર્મ છે તેના માટે જ તે ધર્મ છે. બીજાને માટે એ જ ધર્મ અધર્મ હોઈ શકે છે, આ વાત આપણા શાસ્ત્રોએ આપણને સમજાવી છે. ધર્મને આ રીતે એકાન્તિક ન માનવો, આ આપણી કેટલી ઉદાત્ત દૃષ્ટિ હતી કે આપણે કોઈપણ એક ધર્મને બધાને માટે નહોતા માનતા.

એનું સ્પષ્ટ પ્રમાણ તમે જૂઓ કે આપણે ત્યાં છ પ્રકારના દેવસંપ્રદાય હતા. શાકત સૌર વૈષ્ણવ ગાણપત્ય શૈવ અને સ્કાન્ધ. આ બધા સંપ્રદાય પોત-પોતાના ધર્મના આરાધ્ય દેવોને પોતાના આરાધ્ય માનતા હતા. પરંતુ કયારેય તેઓએ એવું નથી વિચાર્યું કે જે દેવને અમે અમારા આરાધ્ય નથી માન્યા તે દેવનું ભજન અધર્મ છે, નરકમાં લઈ જનારું છે.

(દેવાર્ચનને માટે મૂર્તિની શુદ્ધિનું સંજ્ઞાન)

જેમ પ્રાણપ્રતિષ્ઠાના મંત્ર તમે તપાસી લો કે જે દેવની તમે પ્રાણપ્રતિષ્ઠા કરો છો તે દેવમાં બધા દેવોની પ્રાણપ્રતિષ્ઠા કરી દેવામાં આવે છે. દેવની પ્રતિષ્ઠા તો બહુ દૂરની કથા છે. પૃથ્વી તેજ જલ વાયુ આકાશ દિશા કાલ આત્મા મન બુદ્ધિ અહંકાર ચિત્ત અને તમામ દેવ આપણે આપણા દેવમાં પ્રતિષ્ઠાપિત કરીએ છીએ. જો તમારા દેવ શિવ છે તો તે શિવમાં પ્રતિષ્ઠાપિત થઈ જાય છે. જો તમારા દેવ વિષ્ણુ છે તો તે વિષ્ણુમાં પ્રતિષ્ઠાપિત થઈ જાય છે. જો તમારા દેવ દેવી છે તો તે બધા દેવ એ દેવીમાં પ્રતિષ્ઠાપિત થઈ જાય છે. આપણા પુરાણો આ પ્રકારના સાહિત્યથી ભરપૂર છે. જો તમે વિષ્ણુપુરાણ વાંચશો તો આ જ વાત મળશે કે શિવ, દેવી, ગણપતિ અન્ય દેવ વિષ્ણુના ભક્ત છે. જો શિવપુરાણ વાંચશો તો તમને લાગશે કે દેવી, વિષ્ણુ, ગણપતિ અને અન્ય દેવ શિવના ભકત છે. જો ગણપતિપુરાણ વાંચશો તો લાગશે કે એ બધા જ દેવતા ગણપતિના ભક્ત છે. કાં તો આ બધા પુરાણ ગપોડા છે કાં તો એમનો અભિપ્રાય શું છે, તે આપણે વિચારવું પડશે. જો અભિપ્રાય જાણવો છે તો ક્યાંથી ખબર પડશે? જ્યાંથી આપણા ઈષ્ટદેવની પ્રતિષ્ઠા થાય છે, ત્યાંથી ખબર પડશે કે જ્યારે આપણા ઈષ્ટદેવની પ્રતિષ્ઠા કરીએ છીએ તો એ પ્રતિષ્ઠામાં બધા દેવોને આપણે ત્યાં જ પ્રતિષ્ઠિત કરી લઈએ છીએ અને આપણે આપણા ઈષ્ટદેવના પ્રત્યે અનન્ય ભક્તિભાવથી ઓતપ્રોત થઈ જઈએ છીએ. આ આપણી સંસ્કૃતિ હતી. આપણે

આપણા દેવમાં બધા દેવ પ્રતિષ્ઠાપિત કરી દીધા. હવે આપણે કોઈ બીજી વસ્તુની અપેક્ષા નથી. આપણા દેવમાં બધા દેવી આવી ગયા. આ એક ભાવના હતી તો જે દેવનું આપણે ભજન નથી કરતા તે પણ આપણા દેવમાં તો છે કે નથી?

એ પ્રાણપ્રતિષ્ઠાવિધિ આપણે જોઈશું તો ખબર પડે છે. આજે તો પુષ્ટિમાર્ગમાં કબાડા થઈ ગયા છે. વૈષ્ણવ લોકો તો એવું વિચારવા લાગી ગયા છે કે મહારાજ ચરણસ્પર્શ તો શું પણ જો હાથ અડાડી દે તો ઠાકોરજી પુષ્ટ થઈ જાય છે. અમારા લોકોની પણ એવી ભ્રમણા થઈ ગઈ છે કે અમે ચરણસ્પર્શ કરી દઈએ તો ઠાકોરજી પુષ્ટ થઈ જાય છે. અરે! શ્રીગુસાંઈજીએ ઠાકોરજી પુષ્ટ કરવાની એક વિધિ લખી છે. પહેલાં પુરુસૂક્તથી એ મૂર્તિને શુધ્ધ કરો. **“પુરુષએવેદં સર્વં યદ્ ભૂતં યચ્ચ ભવ્યમ્ ઉતામૃતત્વસ્યેશાન યદન્નેનાતિરોહતિ”** (પુ.સૂ.૨) એ સૂત્રથી એ મૂર્તિની શુધ્ધિ કરો. તેના પછી તેમાં કૃષ્ણની પ્રતિષ્ઠા કરો. ત્યાં પણ આપણી તે દષ્ટિની ઉદાત્તતાને ભુલાવી નથી, ક્યારેય છોડ઼ી નથી. ભલે તે પુષ્ટિમાર્ગ હોય કે મર્યાદામાર્ગ હોય, ભલે પૂજામાર્ગ હોય કે શૈવમાર્ગ હોય, ભલે શાક્તમાર્ગ હોય કે વૈષ્ણવમાર્ગ હોય. આપણી ભારતીય દષ્ટિમાં એક ઉદાત્તતા રહી છે કે જે દેવની આપણે આરાધના કરી રહ્યા છીએ, તે દેવમાં સર્વદેવ બિરાજમાન છે. એટલા માટે હવે આપણને બીજા કોઈ દેવની આવશ્યકતા નથી. પરંતુ આપણને જો આવશ્યકતા નથી તેથી એનો અર્થ એવો નથી કે કોઈ બીજાને બીજા દેવની આવશ્યકતા નહીં હોય. બીજો કોઈ પોતાના દેવમાં મારા દેવને પ્રતિષ્ઠાપિત કરી શકે છે. પ્રતિષ્ઠાવિધિને તમે તપાસસો તો તમને જણાઈ જશે અને એ જ વાત બધા પુરાણો સમજાવી રહ્યા છે. આ એક આપણું ગૌરવ હતું કે આપણે કોઈ અન્યદેવનું ભજન કરવાવાળાને ક્યારેય પણ નરકગામી નથી માન્યા. આપણે અન્યદેવનું ભજન નથી કરતા, તે આપણા દેવ પ્રત્યે આપણી શરણાગતિ સમર્પણ ભક્તિનો ભાવ હતો. આ કેટલી ઉદાત્તતાની વાત હતી કે જે આપણા દેવને નથી ભજતા તે મૂઢ઼ છે, તે પાપી છે, એવું ક્યારેય આપણે

નથી વિચાર્યું. દેવની વાત છે તો ત્યાં પણ આ જ વાત છે, દ્રવ્યની વાત છે તો પણ ત્યાં આ જ વાત છે. મંત્રની વાત છે તો ત્યાં પણ આ જ વાત છે. જેમ આપણે કૃષ્ણનામને મંત્ર માનીએ છીએ. કોઈ શિવનામને મંત્ર માને છે તેથી આપણે એમ નથી સમજતા કે તે કાંઈક ખોટું કરી રહ્યો છે. તમે પુરુષોત્તમસહસ્રનામ ખોલીને જોઈ લો. શ્રીમહાપ્રભુજીએ પુરુષોત્તમસહસ્રનામમાં 'શિવ' નામ કૃષ્ણનું માન્યું છે. શિવપુરાણ ખોલીને જોઈ લો. કૃષ્ણના ઘણાં નામ શિવના છે. લિંગપુરાણ ખોલીને જોઈ લો, ઘણા બધા વિષ્ણુના નામ શિવના છે. અને બીજા બધા પુરાણો ખોલીને જોઈ લો દરેકે-દરેક પુરાણ આ વાતને સમજાવે છે કે **''ભૂમિરાપોઽનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ, અહંકાર ઈતિયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા''** (ભ.ગી.૭।૪).

ભગવાન્ કૃષ્ણ કહી રહ્યા છે તેથી આપણને લાગે છે કે ભૂમિ જલ તેજ વાયુ આકાશ મન અહંકાર બુદ્ધિ આ કૃષ્ણના રૂપ છે. લિંગપુરાણ ખોલીને જોઈ લો, તો શિવજીને માટે પણ આ જ કહી રહ્યું છે કે **''ભૂમિરાપોઽનલો વાયુઃ''** હવે ઝઘડો કરો કે આ જલ પૃથ્વી તેજ વિગેરે શિવ છે કે વિષ્ણુ છે. અરે ભાઈ! જે શિવભક્ત છે તેના માટે શિવ છે અને જે કૃષ્ણભક્ત છે તેના માટે જલ પણ કૃષ્ણ છે. તેના માટે પૃથ્વી વાયુ અગ્નિ આકાશ મન બુદ્ધિ ચિત્ત અહંકાર, બધું કૃષ્ણ છે. **''સર્વં કૃષ્ણમયં જગત્''** અને જે શિવભકત છે તેના માટે **''સર્વં શિવમયં જગત્''** શિવની બહાર કાંઈ છે નહીં. હવે આ શિવ છે કે કૃષ્ણ છે? આ પ્રશ્ન આપણા માટે પેદા નથી થતો. એ બીજા લોકો માટે પેદા થાય છે કે આપણે સંપ્રદાય ઉભા કર્યા. આપણે સંપ્રદાય ઉભા કરીને ઝઘડા ફેલાવ્યા. અરે આપણે સંપ્રદાય ઉભા કરીને દરેક દેવની એ મહત્તા સ્વીકારી છે કે દરેક દેવનો ભક્ત પોતાના દેવની આરાધનામાં એટલો તન્મય બની શકે છે કે લોક અને દેવ બધાને ભૂલીને તે પોતાના દેવનો આશિક બની જાય, મજનુ બની જાય. તેને બીજું કાંઈ સમજમાં ન આવે.

એમ કહેવાય છે કે એક મુલ્લાજી રસ્તામાં નમાજ પઢી રહ્યા હતા.

ત્યાં તેની આગળથી મજનૂ પસાર થઈગયો તેથી મુલ્લાજીને ખૂબ ગુસ્સો આવ્યો અને તેણે કહ્યું કે ‘‘તને ખબર નથી કે હું અહીં નમાજ પઢી રહ્યો છું અને તું મારી આગળથી પસાર થયો’’ મજનૂએ કહ્યું કે ‘‘તમે નમાજમાં કોને યાદ કરી રહ્યા હતા.’’ મુલ્લાજીએ કહ્યું ‘‘હું મારા અલ્લાહને યાદ કરી રહ્યો હતો.’’ મજનૂએ કહ્યું ‘‘માફ કરજો, હું મારી લૈલાને યાદ કરી રહ્યો હતો, મને ખબર જ નહોતી કે તમે રસ્તામાં બેઠા છો.’’ તો આ વાત છે. આપણે આ વાતને માનીએ છીએ. આપણે આપણા દેવના મજનૂ છીએ. આપણે આપણા દેવના મુલ્લા નથી. ફરક માત્ર આટલો છે. આપણે પોતાના દેવના મજનૂ બનાવવા ઈચ્છયા છે, લોકોને મુલ્લા બનાવવા નથી ઈચ્છયા. મુલ્લાને એ ભાન રહે છે કે અલ્લાહની નમાજ પઢી રહ્યો છું અને સામેથી મજનૂ કેમ નીકળ્યો! મજનૂને એ ભાન નથી રહેતું કે જ્યારે તે લૈલાને શોધી રહ્યો છે ત્યારે કોણ સામે છે, કોણ પાછળ છે, કોણ આગળ છે, તેના માટે **‘‘સર્વં લૈલામયં જગત્’’** થઈ જાય છે. તેનું નામ મજનૂ છે. આ આપણી દૃષ્ટિની ઉદાત્તતા હતી. તે આપણે ભૂલી ગયા એટલા માટે ઘણાં બધા ગોટાળાઓ આપણા ધર્મોમાં બીજા લોકોના આક્ષેપના કારણે અને ખૂદના અવિશ્વાસને કારણે ફેલાય છે. પરંતુ આપણા વિશ્વાસને ઢંઢોળી, આપણા શાસ્ત્રવચનોને ઢંઢોળો, આ બધી વાત એકદમ નિહાયત સ્પષ્ટ છે. એટલા માટે ભાગવત આ સમજાવે છે કે **‘‘શુદ્ધ્યશુદ્ધિ વિધીયેતે સમાનેષુ અપિ વસ્તુષુ, દ્રવ્યસ્ય વિચિકિત્સાર્થં ગુણદોષાં શુભાશુભૌ’’** (ભાગ.પુ.૧૧।૨૧।૩)

(ભગવાન્‌ના બધા નામ-રૂપની વિષમતા ધર્મના માટે છે)

‘‘વેદેન નામારૂપાણિ વિષમાણિ સમેષ્વપિ ધાતુષુ ઉદ્ધવ કલ્પ્યન્તે એતેષાં સ્વાર્થસિદ્ધયે’’ (ભા.પુ.૧૧।૨૧।૬) ભાગવત એ સમજાવવા માગે છે કે ભગવાન્ તો સર્વનામ સર્વરૂપ છે, **‘‘સર્વાણિ રૂપાણિ વિચિત્ય ધીરો, નામાનિ કૃત્વા અભિવદન્ યદ્ આસ્તે’’** (ચિત્યુપ.૧૨।૭) બધા નામ-રૂપોને ધારણ કરીને એ પરમાત્મા પ્રકટ થયો છે. પરંતુ આપણે

ભજનને માટે આપણું કોઈ એક નામ, કોઈ એક રૂપ પસંદ કર્યું છે અને જે નામ રૂપને આપણે ભજનને માટે પસંદ કર્યું છે આપણે એ નામ-રૂપના મજનૂ છીએ. એ નામ-રૂપના મુલ્લા નથી. એટલા માટે વેદશાસ્ત્રએ **"નામરૂપાણિ વિષમાણિ સમેષ્વપિ"** સમાન રૂપોમાં વિષમતા પ્રકટ કરી છે. વિષમતા એટલા માટે પ્રકટ કરી છે કે આપણે મજનૂ બની શકીએ. બધાને ભૂલીને આપણી લૈલાને પકડી શકીએ, શોધી શકીએ. એટલા માટે નહીં કે આપણી લૈલાને છોડ઼ીને મુલ્લા સાથે ઝઘડીએ. જ્યારે આપણે મુલ્લા સાથે ઝઘડી રહ્યા છીએ ત્યારે આપણે પણ મજનૂ નથી. એટલા માટે હું એક વાત ઘણી વખત કહું છું કે ભક્ત હોવું જેટલી સારી વાત છે. ભક્તિવાદી હોવું એટલી જ ખતરનાક વાત છે. હિન્દુ હોવું જેટલી સારી વાત છે, હિન્દુવાદી હોવું એટલી જ ખતરનાક વાત છે. મુસલમાન હોવું જેટલી સારી વાત છે. ઈસ્લામવાદી હોવું એટલી જ ખતરનાક વાત છે. કેમ કે આપણું ધ્યાન લૈલાને બદલે કોઈ મજનૂ ઉપર સ્થિર થાય છે. અમે જેની નમાજ઼ પઢી રહ્યા છીએ તેને આ કેમ નથી શોધી રહ્યો! અરે તમને જે પસંદ આવે છે તેને તમે શોધો તમારી નમાજ઼માં. અમને જે પસંદ આવે છે અમે તેને શોધશું. "કવિ ઠાકુર પ્રીત કરી હૈ ગોપાલસોં ટેરે કહોં સુનિ ઉંચે ગલે. હમેં નીકી લગી સો કરી હમનેં, તુમ્હે નીકી લગી ન લગો તો ભલે."

એટલો વિશ્વાસ આપણી અંદર હોવો જોઈએ. એટલી નિષ્ઠાથી જ્યારે આપણે આપણા ઈષ્ટદેવની આરાધના કરીએ છીએ ત્યારે પછી કોઈ અધર્મ નથી રહી જતો, આ વાતને સમજો. આપણે કોઈ સંકીર્ણ વિચારના નથી. આપણા વિચારોની ઉદાત્તતા જ આ વાતમાં નિહિત છે કે **"આત્મવત્ સર્વભૂતેષુ યઃ પશ્યતિ સ પંડિતઃ"** આપણે આત્મરૂચિના અનુસાર બીજાની રૂચિને માન્ય રાખીએ છીએ. આપણે આપણી આત્મશ્રદ્ધાના અનુસાર પર-શ્રદ્ધાને માન્ય રાખીએ છીએ. આપણે આપણા આત્મવિશ્વાસને અનુસાર પર-વિશ્વાસને માન્ય રાખીએ છીએ, અને આપણે આપણી આત્મનિષ્ઠાની સાથે પર નિષ્ઠાને માન્ય રાખીએ

છીએ. **‘‘સ્વે સ્વે અધિકારે યા નિષ્ઠા સ ગુણઃ પરિકીર્તિતઃ’’** (ભાગ.પુ.૧૧।૨૧।૨) પોત-પોતાના અધિકારમાં જે નિષ્ઠા છે તે ગુણ છે **‘‘વિપર્યયસ્તુ દોષઃ સ્યાત્’’** (ત્યાંજ) આ વાત ભાગવત આપણને ધર્મના સંબંધમાં સમજાવવા માગે છે. જે દેશ કાલ કર્તા દ્રવ્ય મંત્રમાં આપણો અધિકાર છે તેમાં નિષ્ઠા હોવી આપણો ગુણ છે. તેમાં નિષ્ઠા ન હોઈને ગામ સાથે ઝઘડવું આપણો ધર્મ નથી.

(દ્રવ્યની શુદ્ધિ-અશુદ્ધિનો પ્રકાર)

એટલા માટે ભાગવત આપણને સમજાવે છે કે **‘‘દ્રવ્યસ્ય શુદ્ધયશુદ્ધિ ચ દ્રવ્યેન વચનેન ચ’’** કોઈ દ્રવ્ય શુદ્ધ કેવી રીતે થાય છે, કોઈ દ્રવ્ય અશુદ્ધ કેવી રીતે થાય છે, તો ખૂબ સારી વાત ભાગવત આપણને સમજાવી રહ્યું છે કે દ્રવ્યની શુદ્ધિ ક્યારેક દ્રવ્યથી થાય છે, ક્યારેક વચનથી થાય છે. કેટલા પ્રકારથી દ્રવ્યની શુદ્ધિ કરી શકાય છે, કેટલી પ્રકારથી દ્રવ્ય અશુદ્ધ થાય છે, તેનું પુરેપુરું વર્ણન ભાગવત કરે છે કે **‘‘દ્રવ્યસ્ય શુદ્ધયશુદ્ધિ ચ [૧]દ્રવ્યેણ [૨]વચનેન ચ, [૩]સંસ્કારેણાર્થ [૪]કાલેન [૫]મહત્ત્વા[૬]લ્પતયાથવા. [૭]શકત્યાઽશકત્યાથવા [૮]બુદ્ધયા [૯]સમૃદ્ધયા ચ યદાત્મને, અઘં કુર્વન્તિ હિ યથા દેશાવસ્થાનુસારતઃ’’** (ભાગ.પુ.૧૧।૨૧।૧૦-૧૧)

(દ્રવ્યેણં = દ્રવ્યથી શુદ્ધિ)

કોઈપણ દ્રવ્યની શુદ્ધિ અને અશુદ્ધિ કયા-કયા પ્રકારોથી થાય છે? ભાગવત કહે છે કે જેમ આપણા ખાવાના વાસણ છે, તે એઠાં થઈ ગયા તો તે માંજવાથી શુદ્ધ થાય છે. હવે તે માંજવાથી કેવી રીતે શુદ્ધ થાય છે? તો શાસ્ત્રે એવું વિધાન કર્યું છે કે જે એઠાં વાસણ છે, જે તેમાં લાગી ગયેલી ગંધ અને લેપ (ચોંટી ગયેલું) છે તે જે દ્રવ્યથી દૂર થતા હોય તેનાથી તેને દૂર કરી દો, તો તે વાસણ શુદ્ધ છે. એવું માનવામાં આવે છે કે કે દરેક દ્રવ્યની એક પ્રકૃતિ છે. એ પ્રકૃતિમાં જો કોઈ વિકૃતિ પેદા થઈ તો તે

અશુદ્ધ માનવામાં આવે છે. હવે જૂઓ જ્યારે દુધને દહીં જમાવવા માટે જ્યારે આપણે દહીં નાખીએ છીએ ત્યારે એ વિકૃતિને વિકૃત નથી માનવામાં આવી. પરંતુ ખાવાના વાસણમાં જો તેલ ચોંટી ગયેલું રહી ગયું તો એને વિકૃત માનવામાં આવેલું છે કેમકે એ વાસણની પ્રકૃતિ તેલવાળી ન હતી ને! તેથી તે ચીકણું થઈ ગયું તો તે અશુદ્ધ થઈ ગયું. તે ચીકાશને તમે કાઢી નાખી તો તે શુદ્ધ થઈ જાય છે. એટલા માટે શાસ્ત્ર કહે છે કે **''અમેધ્યલિપ્તં યદ્ યેન ગંધ લેપં વ્યપોહતિ, ભજતે પ્રકૃતિં તસ્ય તત્ શૌચં તાવદ્ ઈષ્યતે''** (ભાગ.પુ.૧૧।૨૧।૧૩) કોઈ પણ અશુદ્ધ વસ્તુથી કોઈ વસ્તુ લેપાયેલી છે, તે ગંધ હોય કે લેપ હોય, તેને કાઢી નાખો અને તેની પ્રકૃતિરૂપમાં તે વસ્તુ જો પાછી આવી જાય છે તો તે વસ્તુ શુદ્ધ છે.

('વચનેન' = વચનથી શુદ્ધિ)

''વચનેન ચ'' ભાગવત કહે છે ઘણાં દ્રવ્યોની શુદ્ધિ, દ્રવ્યથી પણ આવશ્યક નથી, તે વચનથી પણ શુદ્ધ થઈ શકે છે. જેમ આપણે ત્યાંનું ઉદાહરણ લઈએ તો સેવામાં કોનો અધિકાર છે? જેને શરણાગતિની દીક્ષા છે કે જેને બ્રહ્મસંબંધની દીક્ષા છે. તે વચન જ તો છે ને! કાનમાં **''શ્રીકૃષ્ણઃ શરણં મમ''** વચન કહેવાથી તે શુદ્ધ થઈ ગયો, વચન નથી કહ્યું તો તે અશુદ્ધ છે. હવે તે શુદ્ધ છે કે અશુદ્ધ છે? આને લઈને કોઈ ગામમાં નીકળી જાય કે દરેક વસ્તુની શુદ્ધિ અમે **''શ્રીકૃષ્ણઃ શરણં મમ''** બોલીને કરશું. અરે ભાઈ દરેક વસ્તુની શુદ્ધિ **''શ્રીકૃષ્ણઃ શરણં મમ''** થી નહીં થાય. કાલે તો તમે ભેંસની પણ શુદ્ધિ આ મંત્રથી કરશો! ''બીન બજાવે ભેંસકુ, ભેંસ ખડી બગુરાય.'' ભેંસની આગળ ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' બોલવાથી ભેંસ શુદ્ધ નહીં થાય. કેમ કે તે જેના માટે વિધાન કરવામાં આવ્યું છે, તે વચનથી તે શુદ્ધ છે. જેમ ગાયત્રી બોલવાથી દરેક વ્યક્તિ શુદ્ધ કે બ્રાહ્મણ નથી થતા. કોઈ વચનથી કોઈ શુદ્ધ થાય છે કોઈ વચનથી કોઈ અશુદ્ધ થાય છે. જ્યારે પણ કોઈને મુસલમાન બનાવવાનું થતું હતું તો તેના કાનમાં આ કલમા બોલી દેવામાં આવતા હતા ''લા ઈલાહ

ઈલ્‌લ્લિલાહ, મોહમ્મદ રસૂલિલ્લાહ'' તેનાથી હિન્દુ માની લેતા હતા કે આના કાનમાં કલમા બોલી દીધા, બસ એ મુસલમાન થઈ ગયો. વચનથી અશુદ્ધ થઈ ગયો. અરે ''લા ઈલાહ ઈલ્‌લિલાહ'' એટલે કે બીજો કોઈ અલ્લાહ નથી, અલ્લાહ એક છે, શું આપણને આ માન્ય નથી શું? **''એકમેવાદ્વિતીયં બ્રહ્મ''** (છાન્દો.ઉપ.૬।૨।૩) આ તો આપણે મોહમ્મદ સાહબની પહેલાંથી કહેતા આવતા હતા. હવે ''મોહમ્મદ રસૂલિલ્લાહ'' આપણે ક્યારે ઈન્કાર કર્યો હતો કે મોહમ્મદ અલ્લાહના રસૂલ નથી હોઈ શકતા. આપણે તો હર વખત આ કહેતા આવ્યા હતા કે **''આચાર્યચૈત્યવપુષા સ્વગતિં વ્યનક્તિ''** (ભાગ.પુ.૧૧।૨૯।૬) આચાર્યના ચૈત્યવપુથી આપણી ગતિ પ્રકટ કરે છે. દેવતા પોતે આ કહે છે કે ''અમે અમારો કોઈક ઉપદેશ તમને સમજાવી શકીએ છીએ પરંતુ સ્વરૂપ શું છે સાચું, એ અમે નહીં સમજાવીએ, એ તમને આચાર્ય સમજાવશે. **''આચાર્યાદ્ધૈવ વિદ્યા વિદિતા સાધિષ્ઠં''** (છાન્દો.ઉપ.૪।૯।૩) હવે ત્યાં કોણ આચાર્ય છે? મધ્વાચાર્ય શંકરાચાર્ય પરંતુ આજે તો તે કોઈ પણ મોજૂદ નથી. તમને જે પણ આચાર્ય મળી ગયા, તેઓ જે પણ તમને બ્રહ્મનો ઉપદેશ આપે છે, અલ્લાહનો ઉપદેશ આપે છે તે તમારા આચાર્ય છે. જો મોહમ્મદ સાહબ અલ્લાહના ઉપદેશક આચાર્ય થતા હોય તો તેમાં ભારતીય ચિંતનને આપત્તિ નથી થઈ શકતી તો આ કલમાના કોઈ પણ હિસ્સાથી આપણા ધર્મને આપત્તિ નથી, આ નિશ્ચિત છે. કેમ આપત્તિ નથી? કેમ કે અલ્લાહે મોહમ્મદ સાહબના દ્વારા કાંઈક પ્રકટ કર્યું છે, એ જ વાત તો મોહમ્મદ સાહબ કહી રહ્યા છે તો તે આચાર્ય છે. પાણિનિ તો સ્પષ્ટ એ કહે છે કે **''નૃત્તાવસાને નટરાજરાજો નનાદ ઢક્કા નવપંચવારમ્ ઉદ્ધર્તુકામઃ સનકાદિ સિદ્ધાન્ એતદ્ વિમર્શે શિવસૂત્ર જાલમ્''** (પા.મા.સૂનંદિકેશ્વરકૃત વ્યાખ્યા)

પાણિનિ આચાર્ય છે કે નહીં? ભાષ્ય ખોલીને જોઈ લો પતંજલિનું. પાતંજલિ સ્પષ્ટ આ કહે છે કે પાણિનિ આચાર્ય છે. જેને આધિદૈવિક જે જ્ઞાન પ્રાપ્ત થયું, તે જ્ઞાન જો બાંટી રહ્યા છે તો તે 'આચાર્ય' છે. જેમને

અલ્લાહનું જ્ઞાન મળ્યું છે, તે અલ્લાહનું જ્ઞાન બાંટી રહ્યા છે. આપણને કોઈ આપત્તિ નથી. એમને જો આપણા આચાર્યોથી આપત્તિ થતી હોય તો આપણે શું કરી શકીએ છીએ?

“યા રબ વો ન સમજે હૈં ન સમજેંગે મેરી બાત” કેવી રીતે આપણે સમજાવીએ કે તમે સમજો, બસ વાત આટલી જ છે. તમારી વાત અમને તો સમજાઈ રહી છે. પરંતુ અમારી વાત તમને ન સમજાતી હોય તો શું કરીએ? અમે તો આ જ સમજીએ છીએ કે તમારા રૂપમાં ભગવાન્ કાંઈક બીજી લીલા કરી રહ્યા છે! ખબર નહી શું લીલા કરી રહ્યા છે કે જે અમે સમજી નથી શકતા. પરંતુ અમારી આ શ્રદ્ધા છે કે તે પણ ભગવાનની એક લીલા જ છે. આ તો અમે માનીએ જ છીએ. જૂઓ કે વચનથી પણ શુદ્ધિ થાય છે. વચનથી અશુદ્ધિ પણ થાય છે. જેમ ઈસ્લામમાં ત્રણ ‘તલાક’ કહી દેવાથી સ્ત્રી પત્ની સહ સંભોગાર્થ અશુદ્ધિ થઈ જાય છે.

(‘સંસ્કારેણ’ = સંસ્કારથી શુદ્ધિ)

સંસ્કારથી પણ શુદ્ધિ થાય છે. જેમ અરીસાને પોંછીને સાફ કરી દીધો તો મોઢું જોઈ શકાય છે. વિવાહના સંસ્કાર કે યજ્ઞોપવિતના સંસ્કારદ્વારા સ્ત્રી-પુત્ર વૈદિક કર્મોના અનુષ્ઠાનમાં સહભાગી થવા માટે શુદ્ધ થઈ જાય છે. જેમ પ્રાણપ્રતિષ્ઠાસંસ્કારથી દેવમૂર્તિ પૂજા-આરાધનાર્થ શુદ્ધ થઈ જાય છે.

(‘કાલેન’ = કાલથી શુદ્ધિ)

ભાગવતની વાત જૂઓ કે ઘણા બધા દ્રવ્ય એવા છે કે જેની ન દ્રવ્યથી શુદ્ધિ થાય છે, ન વચનથી શુદ્ધિ થાય છે, ન સંસ્કારથી શુદ્ધિ થાય છે પરંતુ થોડો સમય વીતિ જાય તો પોતાની મેળે તે શુદ્ધ થઈ જાય છે. તમને નવાઈ લાગશે કે એવું કેવી રીતે થાય? પરંતુ માનો કે શહેરમાં ક્યાંક કોઈ સ્મશાન હતું જ્યાં વરસોથી શબ બાળવા બંધ થઈ ગયા. કોઈને યાદ પણ નથી રહ્યું કે અહીં કયારેક શબ બાળવામાં આવતા હતા. સ્મશાનભૂમિ

અશુદ્ધ હોય છે પરંતુ લાંબો સમય વીતી જવાથી તે ભૂમિ પોતાની મેળે શુદ્ધ થઈ જાય છે. હવે કોઈ ઐતિહાસિક અન્વેષણ કરીને શોધી કાઢે કે ચારસો-પાંચસો વર્ષ પહેલાં અહીં શબ બાળતા હતા. જ્યારે બાળતા હતા ત્યારે તે ભૂમિ અશુદ્ધ હતી પરંતુ હવે નથી, **''કાલેન શુદ્ધિ''** થઈ ગઈ, આ સમજો કે આપણા ધર્મના કન્સેપ્ટ્માં કેટલી ઉદાત્તતા છે કે કઈ-કઈ રીતે અશુદ્ધિ થાય છે અને કઈ-કઈ રીતથી શુદ્ધિ થાય છે. આ વાતનો પહેલાં ભાગવત ખુલાસો કરે છે કે આ બધું સંજ્ઞાન છે. આ બધી દ્રવ્યની સંજ્ઞા છે. **''અદેઙ્ગુણઃ વૃદ્ધિરાદૈચ્ચ ઈકોયણચિ''** આ બધી સંજ્ઞા છે, આનું સંજ્ઞાન આપણને હોવું જોઈએ. અરે ભાઈ! જાનવરને કુતરાને આપણે 'ટોમી' 'ટોમી' કહીને સમજાવી દઈએ છીએ, તેને પણ સંજ્ઞાન થઈ જાય છે. તો પછી આપણને કેમ નથી થતું? કેમ આપણે એવું નથી માનતા કે આ સંજ્ઞા ન હોઈને હકીકતમાં દ્રવ્ય અશુદ્ધ છે. પછી આપણને ગભરાટ થાય છે કે આ દ્રવ્ય અશુદ્ધ છે. અરે! એ દ્રવ્યનું સંજ્ઞાન પહેલાં અપેક્ષિત છે. આપણે સંજ્ઞાન તો કરતા નથી અને દ્રવ્ય ઉપર બધો ભાર આપી દઈએ છીએ. દ્રવ્ય કોઈ ન શુદ્ધ છે ન અશુદ્ધ છે. દ્રવ્યને તો આ બધી વિધિઓથી શુદ્ધ કે અશુદ્ધ કરી શકાય છે.

(દ્રવ્યની શાસ્ત્રોક્ત શુદ્ધિ-અશુદ્ધિના સંજ્ઞાનથી વિપરિતસંજ્ઞાન)

પુષ્ટિમાર્ગનો એક કેન્સર્ રોગ છે કે કુવાનું જલ શુદ્ધ હોય છે અને નળનું જલ અશુદ્ધ હોય છે. શ્રીમહાપ્રભુજીને પૂછો તમે તો આપ કહે છે કે ''અશુદ્ધ જલ કેવું કે જેમ કુવાનું'' કેમ કે મહાપ્રભુજીના સમયમાં નદી તળાવમાં પ્રદુષણ નહોતું થયું. મહાપ્રભુજી કહે છે કે કુવામાં પ્રદુષણ હોઈ શકે છે. કોઈ કોગળા કરી શકે છે, કોઈ કપડા ધોઈ શકે છે. કોઈએ તે જલની ગરિમા ન નિભાવી તો તે જલ પ્રદુષિત થઈ શકે છે. અને શ્રીમહાપ્રભુજી કહે છે કે તેની પાળ ઉપર થૂંકીને કે કોઈ બીજી ગરબડ કરીને તો કુવાનું જલ અશુદ્ધ છે. આપણે પુષ્ટિમાર્ગીઓ કુવાને પકડીને બેઠા છીએ કે કુવો જોઈએ, કૃષ્ણ ડૂબી જાય તો ભલે ડૂબે. આ કેવા પ્રકારની

આપણી અક્કલ થઈ ગઈ છે કે આપણને કાંઈ સમજાતું જ નથી!!!

''યા ઈલાહિ યે માજરા કયા હૈ,
દિલે નાદાં તુઝે હુઆ કયા હૈ?
આખિર ઈસ દર્દકી દવા ક્યા હૈ?''

છેવટે આ દર્દની દવા કયાંથી શોધવી? મહાપ્રભુ તો ત્યાં સુધી કહે છે કે કુવાનું જલ તમારા માટે અશુદ્ધ હશે પરંતુ કૃષ્ણને માટે તો બધી વસ્તુ ચાલી શકે છે તેથી કુવાનું જલ વાપરો. કુવાના જલની મહાપ્રભુજીએ આજ્ઞા નહીં, છૂટ આપી છે. આપણે એ કુવાને એવો પકડી લીધો કે કૃષ્ણને છોડી દઈશું, સેવા નહીં કરીએ જો કુવાનું જલ નથી તો. પછી ભલે ગટરનું પાણી ભળી ગયું હોય તો પણ કુવાના જલથી જ સેવા કરશું, નળના જલથી નહીં કરીએ. નળનું જલ અશુદ્ધ હોય, કયાં છે એ વચન શાસ્ત્રોમાં એ તો બતાવો. શાસ્ત્ર કહી રહ્યું છે કે વચનથી શુદ્ધિ અશુદ્ધિ હોય છે, તો બતાવો આ વચન કયાં છે શાસ્ત્રમાં કે નળનું જલ અશુદ્ધ છે. કેમ કે એ જમાનામાં જ્યારે નળ જ નહોતા તો વચન કયાંથી આવશે!

એક વાત બતાવું તમને કે ધર્મની બાબતમાં આપણે ત્યાં કેવી ધારણાઓ થઈ ગઈ છે કે શાસ્ત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે નાવમાં જ્યારે પણ આપણે નદી પાર કરવી છે તો બ્રાહ્મણ અને શૂદ્રમાં છુઆછૂત નથી માનવામાં આવતી. આપણે રેલગાડીને છોવાયેલ માનીએ છીએ કે આપણે રેલમાં બેઠા એટલે છોવાઈ ગયા. કહે છે કે રેલમાં લોકો નોન-વેજ્ ખાય છે તેથી એમને અડકી જવાના લીધે આપણે છોવાઈ જઈએ છીએ. નોન્-વેજ્ ખાનારા લોકો જો પ્લેનમાં કે બસમાં આપણી પાસે બેસી જાય તો છોવાઈ જશું કે નહીં? પરંતુ નહીં! વાત મનમાં ઠસાવી લીધી છે કે બસમાં બેસવાથી ન છોવાઈએ પણ રેલમાં બેસવાથી છોવાઈ જઈએ. હવે એક વાત સમજો કે જો માંસાહાર ખાનારાથી છોવાઈ જતા હોઈએ તો તમારા ઘરમાં ગરોડી આટલા કીડા-મચ્છર ખાઈ જાય છે તો તમારી દીવાલ છોવાઈ ગઈ કે ન છોવાઈ ગઈ? તમે એને કેવીરીતે સમજાવશો કે ''અમારા ઘરમાં ફરો નહીં. અમે પાકી મરજાદ લીધી છે. નોન-વેજ્

ખાવાવાળાને અમે અછૂત માનીએ છીએ.'' એને આ કહી તો જૂઓ. તમે લાઈટ બંધ કરશો તો રાતે અંદર આવી જશો. આપણને આ વાત સમજાતી જ નથી કે શું છે આ બધું? ધર્મને અનુસરવામાં આ શું ચક્કર થઇ ગયું છે! ધર્મપુરુષાર્થને જીવવામાં કેમ આપણી બુદ્ધિ બેર મારી ગઇ છે, એ આપણને નથી સમજાતું. શાસ્ત્ર કયા પ્રકારથી એને સમાયોજિત કરી રહ્યું છે અને આપણે એને કયા પ્રકારથી નિયોજિત કરી રહ્યા છીએ!!!

શ્રીગુસાંઈજીનો એક પ્રસંગ તમને બતાવું. બહુ મજેદાર પ્રસંગ છે. શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીની પાગ રંગવા માટે કોઈને રંગારા પાસે મોકલ્યો. તે વ્યક્તિ ત્યાં જઈને એમજ પાછો આવી ગયો. શ્રીગુસાંઈજીએ પૂછયું કે શ્રીનાથજીની પાગ રંગાવીને કેમ ન લાવ્યા? એણે કહ્યું કે તે મોઢામાં રંગ ભરીને કોગળા કરી રહ્યો હતો રંગવા માટે. શ્રીગુસાંઈજીએ કહ્યું કે ''મેં તને રંગારા પાસે પાગ રંગાવા માટે મોકલ્યો હતો કે તે પાગ કેવી રીતે રંગે છે એ જોવા માટે? એ રંગારાનો વિષય છે, તે તારો વિષય નથી.'' વાત ધ્યાનથી સમજો કે છોવાય ક્યારે છે? જો 'આપણે' શ્રીનાથજીની પાગ ઉપર કોગળા કરીએ ત્યારે તે છોવાઈ જાય છે. રંગારો જો કોગળા કરી રહ્યો છે તો નથી છોવાતી. ખેડુત જો પોતાના ખેતરમાં ઘઉં ઉપર રોટલા ખાય છે તો શું ઘઉં જૂઠણ થઇ જાય છે? નથી થતાં પરંતુ જો આપણે ખાઈએ તો જૂઠણ પાપ છે. આ અલગ-અલગ સંજ્ઞાન છે. ઘઉંનો એમાં કોઈ ભેદ નથી. પરંતુ આપણું એ સંજ્ઞાન છે કે આ છોવાયું છે અને આ નથી છોવાયું. આ શાસ્ત્રના આધારે જ નક્કી કરવું પડશે કે આ વસ્તુ છોવાઈ ગઈ અને આ વસ્તુ નથી છોવાણી. આપણે દ્રવ્યને પકડીને માની લીધું કે આ દ્રવ્ય શુદ્ધ છે અને આ દ્રવ્ય અશુદ્ધ. પુષ્ટિમાર્ગમાં બ્રહ્મથી પણ વધારે વ્યાપક એક ધારણા છે કે કોરૂં કપડું શુદ્ધ છે. હું મીલમાં જોઈને આવ્યો કે કપડુ ત્યાં પચાસોવાર મટન્ટેલોંથી ધોવામાં આવે છે. કોરા કપડાથી અશુદ્ધ બીજું કોઈ કપડું દુનિયામાં અશુદ્ધ નથી હોતું. પણ આપણે કહીએ છીએ કે કોરા કપડા પહેરીને આપણે છોવાતા નથી. ધોયેલા કપડાથી છોવાઈ

ગયા છોવાઈ ગયા છોવાઈ ગયા. આમ છછૂંદરોથી પણ વધારે આપણે છૂ છૂ કરતા રહીએ છીએ. આ બધું શું થઈ ગયું છે? થોડુંક શાંતિથી વિચારો કે ધર્મપુરુષાર્થનું સમાયોજન આપણે કઈ રીતે કરી રહ્યા છીએ અને કઈ રીતે અનિયોજિતરૂપમાં આપણે ધર્મનો દૂરૂપયોગ કરી રહ્યા છીએ, એ આપણને નથી સમજાતું. કોઈ લોકોનો કોઈક સ્વાર્થ હશે, કોઈ લોકોની કાંઈક અજ્ઞાનતા અથવા મૂઢતા હશે પરંતુ આ બધી વાતો સાથે ધર્મને કોઈ લેવા-દેવા નથી.

ધર્મને લેવા-દેવા છે **“વેદપ્રણિહિતો ધર્મો”** (ભાગ.પુ.૬।૧।૪૦) શાસ્ત્ર જે કહે છે તે ધર્મ છે. શાસ્ત્ર જે નથી કહેતું તે ધર્મ નથી. શાસ્ત્ર જેની સંજ્ઞા ‘ધર્મ’ કરે છે **“ઈકો યણચિ”** ની (પા.સૂ.૬।૧।૭૭) ની જેમ, જ્યાં **‘યણં’** સંજ્ઞા નથી કરતું ત્યાં ‘યણ’ સંજ્ઞા નથી. જ્યાં શાસ્ત્ર ‘ગુણ’ સંજ્ઞા કરે છે ત્યાં ‘ગુણ’ છે જ્યાં નથી કરતું ત્યાં ગુણ સંજ્ઞા નથી. આ રીતે ધર્મની બાબતમાં પણ છે. વસ્તુ સાથે ધર્મ-અધર્મને કાંઈપણ લેવા-દેવા નથી.

(મહત્વ અથવા અલ્પતયા)

ભાગવતકાર કહી રહ્યા છે **“મહત્ત્વાલ્પતયા અથવા”** (ત્યાંજ) એકજ વસ્તુ જો વધારે પ્રમાણમાં છે તો નથી છોવાતી, અને જો ઓછા પ્રમાણમાં છે તો છોવાઈ જાય છે. આપણા પુષ્ટિમાર્ગીય ઉદાહરણથી હું તમને સમજાવું. કોઈએ પાણી ઢોળ્યું, જે પોતે છોવાયેલો છે. તમારો એ પાણીમાં પગ પડી ગયો તો છોવાઈ ગયા, છોવાઈ ગયા રાડ઼ારાડ઼ી થઈ જાય છે. કેમ કે પાણી ત્યાં પડયું હતું તો તમે તેમાં કેમ પગ મૂકી દીધો! હવે વરસાદમાં તો બધી જમીનમાં પાણી પડયું છે. એમાં બધાના પગ પડે છે તો શું છોવાઈ જાય છે? નથી છોવાતું. કેમ કે તે અલ્પ નથી. એટલા માટે શાસ્ત્રમાં આ વાતનો બહુ મજેદાર ખુલાસો આવ્યો કે જો નદીમાં પૂર આવી જાય અને ગટરનું પાણી અને નદીનું પાણી એકમેક થઈને તમારા ઘરમાં આવી જાય તો ઘર છોવાઈ જશે કે નહીં? શાસ્ત્ર કહે છે કે નથી

છોવાણું, કેમ કે અલ્પ પ્રમાણમાં નથી થયું. મહત્ત્ પ્રમાણમાં થયું છે. શાસ્ત્ર કહે છે કે જ્યારે શહેરમાં જનસમ્મર્દ = મેળો થયો હોય જેમાં હજારો લોકોની મેદની થઈ ગઈ હોય અને તેમાં તમે કહો કે ‘‘હું અપરસમાં છું, મને અડતા નહીં’’ અરે, જ્યાં ચાલવાની જગ્યા નથી ત્યાં તમારા માટે કોઈ કેવી રીતે જગ્યા ખાલી કરશે! મેળાવડામાં માણસ નથી છોવાતો આ શાસ્ત્રની સ્પષ્ટ આદેશ છે. અમારે ત્યાં મુંબઈમાં, ટ્રેનમાં પણ આ જ હાલત છે. ગુજરાતમાં એક શાહબુદ્દીન રાઠોડ છે, તે બધાને હસાવે છે. એમણે ટ્રેનની બાબતમાં એક ખૂબ સરસ કટાક્ષ કર્યો છે. તે પૂછે છે કે આ મુંબઈની ટ્રેનોમાં હેન્ડલ શા માટે લટકાવવામાં આવે છે. કોઈએ જવાબ આપ્યો કે ‘‘કોઈ પડી ન જાય એટલા માટે’’ એણે કહ્યું કે ‘‘પણ ટ્રેનમાં પડવાની જગ્યા ક્યાં છે એ તો દેખાડો!’’ ભગવાન્ ગીતામાં કહે છે કે **‘‘પ્રકૃતે ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ અહંકાર-વિમૂઢાત્મા ‘કર્તા-અહમ્’ ઈતિ મન્યતે’’** (ભગ.ગી.૩।૨૭) આ ગીતાનું સત્ય તમે મુંબઈની ટ્રેનમાં બેસો એટલે સમજાઈ જાય છે. ન તો તમે તમારી ઈચ્છાથી ચઢી શકો છો, ન તમારી ઈચ્છાથી ઉતરી શકો છો, ન તમારી ઈચ્છાથી ઉભા રહી શકો છો. તમે સોગંદ ખાઈને જાઓ કે હું ક્યારેય મારી પત્ની કે પ્રેમીકાથી છૂટ્ટો નહીં પડું તો પણ એ ભીડમાં તમે સાથે રહી નથી શકતા, છૂટ્ટા પડશો જ. જેવી રીતે ડેમમાંથી પાણી છૂટે છે તેમ ત્યાં માણસો છૂટે છે, પછી પડવાની જગ્યા ક્યાં છે. આ રીતના મેળાવડામાં આપણે કહીએ કે ટ્રેનમાં બેસવાથી માણસ છોવાઈ જાય છે, બસમાં નહીં. શાસ્ત્રનું વચન ક્યાં છે બતાવો. તે જમાનામાં મુસાફરીના વાહન નાવમાં નહોતા છોવાતા, એવું શાસ્ત્ર કહે છે તો ટ્રેન પણ તો એક મુસાફરીનું વાહન છે. તેમાં આપણને છોવડાવી લીધા કેમ કે ટ્રેનમાં કોઈક નોન-વેજ્ ખાય છે. માનો કે કાગડાએ તમારા ઘર ઉપર કાંઈક નાખી દીધું તો શું તમારું ઘર છોવાઈ નહીં જાય. હવે આખું ઘર કરો ખાસા. આ બધી વાતો ઉપર આપણે ક્યારેય કોઈ વિવેક-વિચાર ન કર્યો. સમજ્યા વિચાર્યા વગર કાંઈક આપણી ઈચ્છાથી ધર્મનું અનિયોજિત (આડેધડ) પાલન કરી રહ્યા છીએ.

(કર્તાની શુદ્ધિનો પ્રકાર : ''સ્નાનદાનતપોઽવસ્થા વીર્યસંસ્કારકર્મભિઃ મત્સ્મૃત્યા ચાત્મનઃ શૌચમ્...આદિ'')

હવે દ્રવ્ય પછી કર્તાની શુદ્ધિની બાબતમાં શાસ્ત્ર શું કહે છે? કર્તાની સ્નાન દાન તપ દ્વારા અવસ્થાના અનુસાર શુદ્ધિ થાય છે. અવસ્થા અનુસાર કેવી રીતે શુદ્ધિ થાય છે? શાસ્ત્ર કહે છે કે બાળક બાલ્યાવસ્થાના કારણે છોવાતું નથી. રોગી વ્યક્તિ રોગાવસ્થાના કારણે છોવાતો નથી. આપણે જો સ્વસ્થ છીએ તો છોવાઈએ છીએ, આપણે જો મેચ્યોર્ડ (પરિપક્વ) છીએ તો છોવાઈ જઈએ. બાળક ઈમ્મેચ્યોર્ડ્ (અપરિપક્વ) છે એટલા માટે નથી છોવાતું. અવસ્થાના કારણે કોઈ વસ્તુ શુદ્ધ છે કોઈ વસ્તુ અશુદ્ધ છે. કોઈ ધર્મ શુદ્ધિ અશુદ્ધિનો એકાન્તિક નથી, અનેકાન્તિક છે. જે શુદ્ધ છે એ જ અશુદ્ધ છે અને જે અશુદ્ધ છે એ જ કોઈ અર્થમાં (પરિસ્થિતિમાં) શુદ્ધ હોઈ શકે છે. આ દષ્ટિની વ્યાપકતાનો કયારેક તો વિચાર કરો! કયારેક તો વિચાર કરો કે આપણી ધર્મની બાબતમાં દષ્ટિ કેટલી વ્યાપક અને ઉદાત્ત હતી! **''સ્નાનદાનતપોઽવસ્થા-વીર્યસંસ્કારકર્મભિઃ''** (ભા.પુ.૧૧|૨૧|૧૪) જે શુદ્ધિના કર્મ બતાવવામાં આવ્યા છે તે શુદ્ધિના કર્મની જો તમારી પાસે સામર્થ્ય નથી તો તે શુદ્ધ છે અને જો સામર્થ્ય છે તો અશુદ્ધ છે. આપણે ત્યાં વાર્તા-પ્રસંગમાં આવે છે કે બે યાત્રી વ્રજમાં આવી રહ્યા હતા અને એમની મેંડમાં કુતરો ઘૂસી ગયો તો શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે જે ફરીથી રસોઈ બનાવી શકે છે એમનું છોવાઈ ગયું અને જે ફરીથી રસોઈ નથી બનાવી શકે એવો તેનું નથી છોવાણું. આવું કેવી રીતે થઈ શકે છે! આપણે આ વાત ઉપર ધ્યાન નથી આપતા કે શ્રીગુસાંઈજીએ કઈ (શાસ્ત્રની) વાતના આધારે છોવાયેલું માન્યું અને કઈ વાતના આધારે ન માન્યું. આપણે આ વાત ઉપર ધ્યાન અતિશય વધુ દઈએ છીએ કે કુતરૂ છોવડાવી ગયું. જાણે કે કુતરું કોઈ ભગવાનનું રૂપ ન હોઈને શૈતાનનું રૂપ હોય! કુતરું પણ ભગવાનનું રૂપ છે. આપણે ત્યાં કોઈ શૈતાન છે જ નહીં **''એકમેવાદ્વિતીયં''** (છાંદો.ઉપ.૨|૧) પરંતુ જે ફરીથી રસોઈ બનાવી શકે છે તેને એ સંજ્ઞાન

કરાવવામાં આવ્યું છે. કુતરો અમેધ્ય (અપવિત્ર) છે. જો તે તમારા ચૌકા (મેંડ)માં ઘૂસ્યો તો છોવાઈ ગયું. અને જે શુધ્ધ નથી કરી શકતો એને કહ્યું કે તારે શુદ્ધિની જરૂર નથી, તું આનંદથી કર. આ જે જીવિતપણું છે ધર્મના પાલનમાં, એ કોઈ મેકેનીકલ્ રિલીજન્ (યાંત્રિક કે મૌલિકતા વિનાનો) નથી. આ લાઈવલી રીલીજન્ (જીવિત ધર્મ) છે. જીવવાની એક કલા છે.

આપણે ત્યાં ધર્મ જીવન જીવવાની એક કલા હતી. જો ધર્મને કલા તરીકે જીવશો તો ધર્મ કેટલો સુખદ શુભ અને સુંદર છે તે આપણને સમજાશે. પરંતુ જ્યારે આપણે ધર્મને ઓટોમેટીક મશીનની જેમ જીવીએ છીએ ત્યારે તો તે ધર્મ દુઃખદ અશુભ અને અસુંદર બની જાય છે. એ ધર્મપુરુષાર્થ છે. એમાં કોઈ શંકા નથી પરંતુ આપણે જીવનમાં ધર્મપુરુષાર્થનું સમાયોજન નથી કરી શકતા મેનેજમેન્ટ્ (વ્યવસ્થા-સંચાલન) નથી કરી શકતા કે જેના કારણે એ ધર્મ અર્થ કામ મોક્ષ અને ભક્તિ બધામાં સહાયક બની જાય. આપણો ધર્મ કયાંક ને ક્યાંક આપણી ભક્તિમાં બાધક બને છે કેટલી હદ સુધી છોવાઈ ગયું, છોવાઈ ગયું, છોવાઈ ગયું. ભક્તિ નહીં કરો તો ચાલશે પણ ધર્મ કરવો ખૂબ જ જરૂરી છે. ત્યારે તો ધર્મને બદલે અધર્મ થઈ ગયો કેમ કે ભાગવત અને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય અનુસાર ધર્મ અર્થ કામ મોક્ષના ભક્તિના અંગરૂપે અનુષ્ઠાન કરવા જોઈએ. ભક્તિને ધર્મ અર્થ કામ મોક્ષના અંગરૂપે કરવાનું આપણે ત્યાં ફ્રેમવર્ક (આધારભૂત માળખું, બંધારણ, મર્યાદા) નથી. આ રીતથી ભક્તિ નથી કરી શકાતી, એ આપણે નથી કહેતા. જે અર્થપુરુષાર્થી છે તે અર્થપુરુષાર્થમાં ભક્તિની પ્રતિષ્ઠા કરી શકે છે. જેમ શિવભક્ત, પોતાની શિવની મૂર્તિમાં કૃષ્ણની પ્રતિષ્ઠા કરી શકે છે. જેમ વિષ્ણુભક્ત, વિષ્ણુમૂર્તિમાં શિવની પ્રતિષ્ઠા કરી શકે છે. તેવી રીતે જે અર્થપુરુષાર્થી છે તે પોતાના અર્થપુરુષાર્થમાં ભક્તિની પ્રતિષ્ઠા કરી શકે છે. પરંતુ જે ભક્તિપુરુષાર્થી છે તેને અર્થપુરુષાર્થમાં ભક્તિની પ્રતિષ્ઠા કરવી અધર્મ છે અને અર્થપુરુષાર્થની ભક્તિમાં પ્રતિષ્ઠા કરવી ધર્મ છે. આ આપણી ચારેય-પાંચેય પુરુષાર્થના સમાયોજનની ઈનસાઈટ્ (સૂક્ષ્મદષ્ટિ, સમજ) હતી. એ

ઈન્સાઈટ્ આજે આપણી અંદરથી ક્યાંક ખોવાઈ ગઈ છે અને તેના કારણે ખૂબ જ તકલીફ વધી ગઈ છે. એ જીવન જીવવાની એક કલા ન રહીને એક ત્રાસ, એક યંત્રણાનું રૂપ લઈ ચુકી છે.

(મન્ત્ર)

મંત્રની બાબતમાં ભાગવત કેટલી સુંદર વાત સમજાવે છે કે **"મંત્રસ્ય ચ પરિજ્ઞાનં"** (ભા.પુ.૧૧।૨૧।૧૫) મંત્ર બોલવો એ મંત્ર નથી, મંત્રનું પરિજ્ઞાન હોવું જોઈએ. આ મંત્રના દેવતા કોણ છે? આ મંત્ર કોણ બોલી શકે છે? આ મંત્રને કયાં બોલવો જોઈએ? રાજીવગાંધીના અગ્નિસંસ્કારમાં પુરુષસૂકત ન બોલી શકાય. અગ્નિસંસ્કારના અલગ મંત્ર છે. અને ખરેખર એટલા સુંદર સુંદર મંત્ર છે. આજે તો આપણું હિન્દુઓનું દુર્ભાગ્ય છે કે આપણે અગ્નિસંસ્કાર નથી કરતા મડદાને ફકત બાળીએ છીએ. ભારતીય પદ્ધતિમાં શબદાહ સંસ્કાર છે. મડદાને બાળવું નહીં. હું આ વાતને હૃદયપૂર્વક માનું છું કે મડદાને બાળવું હોય તો ઈલેકટ્રીક સ્મશાન ખૂબ સારું છે. હજાર ગણું વ્યાજબી છે. પરંતુ અગિનસંસ્કાર કરવો હોય તો ઈલેકટ્રીક સ્મશાન વ્યાજબી નથી. પરંતુ આપણે ઉલટોક્રમ ચલાવીએ છીએ કે સંસ્કાર સમજીને તેમાં બાળીએ છીએ. સંસ્કાર સમજીને બાળી નથી શકાતું. તમને ખબર હોવી જોઈએ કે જ્યારે શબને આપણે સ્મશાન લઈ જઈએ છીએ ત્યારે તેની આગળ એક હાંડી જાય છે. તે અગ્નિ કઈ હતી કે જે આપણા ઘરમાં દેવના રૂપમાં બિરાજમાન આરાધિત અગ્નિ હતી. અને **"અગ્ને નય સુપથા રાયેઽસ્માન્"** (ઋકસં. ૨।૫।૧૦।૧) હે અગ્નિ તું અમને આગળ સુપથ પર લઈ જા. જીવનભર તે અમારું માર્ગદર્શન કર્યું છે. હવે જીવન પછીનો માર્ગ પણ જે અમારા માટે સુપથ છે તેના ઉપર લઈ જા. અગ્રણી તું છે અગ્રે નયતિ ઈતિ, કસ્માદ્ અગ્નિ, અગ્રે નયતિ ઈતિ 'અગ્નિ' આગળ લઈ જનારી જે અગ્નિ છે તે જાય છે. આજકાલ તો ઘાસલેટથી બાળે છે, કોઈ દેવની અગ્નિ તો છે નહીં. હા જો **'સર્વં ખલુ ઈદં બ્રહ્મ'** ની દષ્ટિથી અગ્નિ માનવો છે તો

પછી ઈલેકટ્રીક સ્મશાન શું ખરાબ છે? ફોકટમાં દુનીયામાં લાકડા ખતમ કરીને પર્યાવરણને શા માટે દૂષિત કરો છો! જો સંસ્કાર કરવો છે તો તેનું કોઈ ઔચિત્ય (ઉચિતપણું-યોગ્યતા) છે. બાળવું છે તો કોઈ ઔચિત્ય નથી. આ વાત આપણે સમજવી જોઈએ. સંસ્કારના મંત્ર એટલા સુંદર છે કે એ મંત્રોને કોઈ સમજી લે તો મરવાની ઈચ્છા થઈ જાય. એટલા સરસ મંત્ર છે. જેમ તાજમહાલ માટે એક અંગ્રેજ કવિયત્રીએ કહ્યું હતું કે જો મારો પ્રેમી આવો તાજમહેલ મારા માટે બનાવે તો મને મરવું ગમશે. અગ્નિસંસ્કારના મંત્રમાં એમ કહે છે કે **‘‘અક્રોધેન ક્રોધં, સેતુન્ તર દુસ્તરાન્’’** (સેતુસામ) આ મૃત્યુ શું છે? તો સમજાવે છે કે જીવન અને જીવન પછીની જે અવસ્થા છે તેની વચ્ચેનો એક સેતુ છે. અને સેતુ (પુલ)ને આપણે કેવી રીતે પાર કરવો છે, અક્રોધના સેતુથી ક્રોધના આ હિસ્સાને પાર કરી જવો છે. **‘‘દાનેન અદાનં અકામેન કામં સેતુન્ તર દુસ્તરાન્’’ ‘‘દાનેન અદાનં સેતુન્તર દુસ્તરાન્’’** એટલે કે આ જન્મમાં તો કદાચ દાન આપવાનું ભૂલી ગયો હોઈશ. તેં તારું જીવન અદાનમાં વિતાવ્યું હશે. હવે તું એ અવસ્થામાં આગળ જા કે જ્યાં દાન આપીને પોતાનું જીવન શુભ બનાવીશ. આ જન્મમાં તું અક્રોધ કરવાનું ભૂલી ગયો હોઈશ, કેટલાય લોકો ઉપર ક્રોધ કર્યો હશે, જા અલવિદા હવે આગળ તું ક્રોધ ન કરતો. આ પ્રકારની શુભકામનાથી આપણે મરનારને અલવિદા કહીએ છીએ. **‘‘સેતુન્ તર દુસ્તરાન્’’** આપણે ગાન કરીએ તો મરવામાં મજા આવે, એવા-એવા મંત્ર છે. આપણે વિવાહના મંત્ર સાંભળીએ તો વિવાહ કરવામાં મજા આવે. પરંતુ આજકાલ વરરાજા તો ક્યાંક બીજે જ જોતા રહે છે અને મંત્ર તો પુરોહિત (બ્રાહ્મણ) બોલી જાય છે. પછી આપણે કહીએ કે વિવાહ-સંસ્કાર થયો, ક્યાં થયો સંસ્કાર! આ તો કાંઈક બીજો જ ગડ઼બડ઼ાધ્યાય થઈ ગયો. એ જ વાત બતાવી રહ્યા છે કે **‘‘મંત્રસ્ય ચ પરિજ્ઞાનં’’** મંત્રનું પરિજ્ઞાન હોવું મંત્ર છે. એક વાત ધ્યાનથી સમજો કે **‘‘મંત્રસ્ય ચ પરિજ્ઞાનં’’** મંત્રનું પરિજ્ઞાન હોવું મંત્ર છે. એક વાત ધ્યાનથી સમજો કે **‘‘અપરિજ્ઞાનનષ્ટેષુ મંત્રેષુ’’** (કૃષ્ણાશ્રય) શ્રીમહાપ્રભુજી કહી

રહ્યા છે, જૂઓ મૂલ અહીં છે. **‘‘મંત્રસ્ય ચ પરિજ્ઞાનં’’** શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે **‘‘અપરિજ્ઞાનનષ્ટેષુ મંત્રેષુ અવ્રતયોગિષુ, તિરોહિતાર્થ દેવેષુ કૃષ્ણએવ ગતિર્મમ’’** (કૃષ્ણાશ્રય-૫) મંત્રનું પરિજ્ઞાન જ મંત્ર છે. અપરિજ્ઞાન મંત્ર, મંત્ર નથી ધ્વનિ છે કે જે વિલિયમની સામે વાત કહી હતી.

(કર્મશુદ્ધિનો પ્રકાર)

કર્મ કેવી રીતે શુદ્ધ થશે? ભાગવત કહે છે કે કર્મ જ્યારે પણ આપણે આપણા સંકલ્પથી વિકલ્પથી કે કામથી આવી-આવી વૃત્તિઓથી કર્મ કરશું, કેમ કે આપણી પાસે કોઈ બીજો ઉપાય નથી. જ્યારે આપણે કર્મ કરશું ત્યારે આપણી આ વૃત્તિઓ સાત્ત્વિક રાજસ તામસ હોવાના કારણે ક્યાંક ને ક્યાંક કાંઈક ને કાંઈક તકલીફ તો પેદા કરશે. જે પણ કાંઈ તકલીફ આપણા કર્મમાં પેદા થઈ હોય, તે બધી તકલીફોને કારણે જે અશુદ્ધિ કર્મમાં આવી છે, એને બુદ્ધિથી ભગવદર્પણ કરી દો તો કર્મ શુદ્ધ થઈ જાય છે. **‘‘યસ્ય સ્મૃત્યા ચ નામોકત્યા તપોયજ્ઞક્રિયાદિષુ ન્યૂનં સંપૂર્ણ તાં યાતિ સદ્યો વન્દે તમ્ અચ્યુતમ્’’** સમર્પણ કરી દીધું તો શુદ્ધિ થઈ ગઈ. તો **‘‘કર્મશુદ્ધિઃ મદર્પણમ્’’** ભગવદ્ અર્પણ જ કર્મની શુદ્ધિ છે. આપણે પુષ્ટિમાર્ગીય સમજીએ છીએ કે આપણે ત્યાં સમર્પણ કોઈ અલગ દીક્ષા છે. એક વાત ધ્યાનથી સમજો કે સમર્પણ આપણે ત્યાં અલગ દીક્ષા નથી. **‘‘કર્મશુદ્ધિ મદર્પણમ્’’** જે કાંઈ આપણું છે, દારાગાર પુત્ર વગેરે, તે બધાને ભગવદ્ અર્પણ કરવા કર્મની શુદ્ધિ છે. કયા કર્મની શુદ્ધિ? જીવનના કર્મની આ શુદ્ધિ છે. કેમકે જીવનના આ બધા અહંતામમતાસ્પદ સંભાર (સાધન-સામગ્રી, સમૂહ) છે. જે સંભારોને લઈને આપણે જીવી રહ્યા છીએ. અને આને જીવવા માટે જેટલાં પણ કર્મ આપણે કરી રહ્યા છીએ. પુત્ર, પત્ની, ઘર, ઈષ્ટજન, આપ્તજનના, એમના કારણે કાંઈકને કાંઈક અશુદ્ધિ થઈ રહી છે. પરંતુ જ્યારે આ બધાને આપણે ભગવાન્‌ને અર્પણ કરી રહ્યા છીએ જેમ **‘‘ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના**

ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્ તદ્‌વદત્રાપિ ચૈવ હિ'' (સિ.૨૯.૮) કર્મને જ્યારે ભગવદ્ અર્પણ કરી દીધું તો તે બધા શુદ્ધ થઇ ગયા. આનાથી જન્મતાં જે પણ કર્મ છે તે ભગવદ્ અર્પિત થવાથી શુદ્ધ થાય છે. આ પ્રકાર કર્મની શુદ્ધિનો પ્રકાર બતાવ્યો.

''ગુણદોષાર્થનિયમસ્તદ્‌ભિદામેવ બાધતે'' (ભા.પુ.૧૧।૨૧।૧૬) ભાગવત સમજાવે છે કે ગુણદોષના જે નિયમન અમે કર્યા છે તે એટલા માટે નથી કર્યા કે કાંઈ કર્મમાં, કોઈ કાલમાં, કોઈ કર્તામાં કે કોઈ દ્રવ્યમાં, કોઈ દેશમાં, કોઈ મંત્રમાં કોઈ ગુણકેદોષ છે. પરંતુ એમાં જે તમારી ભેદદષ્ટિ છે, તેને તોડવા માટે અમે આ ગુણદોષ એમાં બતાવી રહ્યા છીએ. હકીકતમાં ધર્મનું જે પરમ પ્રયોજન છે તે એ નથી કે કોઈ શુદ્ધ છે કે અશુદ્ધ છે. ધર્મનું પ્રયોજન છે કે તે તમને આ પ્રકારથી જીવન જીવવાની પ્રણાલી શિખવાડે કે જેનાથી આ તમારી જે ભેદદષ્ટિ છે તેનાથી તમે ઉંચે જઈ શકો. તે ઉંચે જવાની તરકીબ શું છે? જેમ મનોવિજ્ઞાનમાં એવું બતાવવામાં આવે છે કે ઘણી વખત આપણા હૃદયમાં કોઈ વાત ઘુંટાતી રહે છે તો ક્યારેક તે મોઢામાંથી નિકળી પણ જાય છે. અને જ્યારે તે મોઢામાંથી નીકળવા લાગે છે ત્યારે તેના ઉપર આપણું નિયંત્રણ નથી રહેતું. જ્યારે કોઈ નિયંત્રણ નથી રહેતું ત્યારે તેનો મનોવિજ્ઞાનમાં એક ઉપાય બતાવવામાં આવ્યો છે કે તે ભૂલની વાતને કોન્સિયસલી્ (સભાનપૂર્વક) વારંવાર કરો તમારું તેના ઉપર નિયંત્રણ આપોઆપ આવી જશે. જ્યારે વારંવાર તેમ કરશો ત્યારે મસ્તકના ઈનવોલેંટરી (અનૈચ્છિક) ભાગમાંથી નીકળીને વોલન્ટરી (સ્વૈચ્છિક) ભાગમાં આવી જશે અને એના ઉપર આપણું નિયંત્રણ આવી જશે. એકદમ એ જ મોડલ્ (નમુનો, આદર્શ, દાખલો) ભાગવત આપણને સમજાવે છે, કે આપણે ભગવાન્‌ની એકતામાં. અદ્વિતીયતામાં ઘણા બધા ઈનવોલેંટરીલી્ ભેદ અવિદ્યાને કારણે ઉભા કર્યા છે. હવે વિદ્યાથી વોલેંટરીલી જીવી લો તો એના ઉપર તમારું નિયંત્રણ આવી જશે. જેમ એક વાત સમજો કે બાળકનો હાથ એની મેળે ઉપડી જાય છે. એનીમેળે બાળક પગ હલાવવા લાગી જાય છે. જ્યારે

આપણે ઈચ્છાપૂર્વક ચલાવવા લાગીએ છીએ ત્યારે તેના ઉપર આપણું નિયંત્રણ આવી જાય છે. જ્યારે એ જ પગને આપણે ઈચ્છાપૂર્વક નથી ઉપાડતા ત્યારે એ બધા ફંકશન (વસ્તુના નિયોજિત કાર્ય) અનૈચ્છિક હોય છે. જેમ કે એક બહુ પ્રસિદ્ધ ટૂચકો છે ભરતપુરના રાજાની બાબતમાં કે એક અંગ્રેજ અફસરે એ રાજાને કહ્યું કે ''રાજા સાહેબ તમારે ત્યાં એક એક શબ્દને બે વખત બોલે છે જેમ કે રાજન-બાજન પાણી-બાણી'' રાજાએ કહ્યું કે ''એવું તો કોઈક ગંવાર-સંવાર જ બોલે છે, બધા નથી બોલતા.'' હવે કહો કે આને કેવી રીતે નિયંત્રણમાં લાવવું. ''બધા નથી બોલતા, કોઈક ગંવાર-સંવાર જ બોલે છે.'' વાત તો પાછી ત્યાં ને ત્યાંજ આવી ગઈને! જે હોય છે તે આ પ્રકારથી અનૈચ્છિક પ્રકટ થાય છે. પરંતુ તમે જો સો વખત ગંવાર-સંવાર બોલશો તો તે અનૈચ્છિક હોવાને બદલે આપણી ઐચ્છિક મેકેનિજમ (પ્રક્રિયા)માં આવી જશે અને ત્યાર પછી તમે જો ગંવાર બોલશો તો સંવાર નહીં નીકળે. આ સાઈકોલોજીની ટ્રીટમેન્ટ (માનસિક સારવાર) ની એક તરકીબ બતાવવામાં આવે છે કે અનૈચ્છિક થતી ભૂલને જો ઐચ્છિક જીવી લેશો તો ભૂલ થતી બંધ થઈ જશે. ધ્યાન રાખો કે ઐચ્છિક જીવી રહેલી ભૂલને વારંવાર કરશો તો તે વધારે ને વધારે તીવ્રતાસહિત થવા લાગશે. ખોટા અર્થમાં ન સમજી લેતા મને નહીંતર તમે શરાબ પીતા હશો તો કાલથી તમે કહેશો કે ''અચ્છા શ્યામમનોહરજીએ કહી દીધું કે ઐચ્છિક શરાબ પીવાથી અનૈચ્છિક શરાબ પીવાની ટેવ નીકળી જાય છે.'' મારો મતલબ એ નથી. મારો મતલબ છે કે જે અનૈચ્છિક ભૂલ થઈ રહી છે તેને જો દશ-પંદર વખત ઐચ્છિક કરી લેશો તો તેના ઉપર તમારું ઐચ્છિક નિયંત્રણ આવી જાય છે. આ મનોવિજ્ઞાનની એક પ્રક્રિયા છે અને એ જ પ્રક્રિયા અહીં બતાવવામાં આવી છે.

ભાગવત આનો આ રીતથી અહીં નિષ્કર્ષ કાઢે છે કે **''ફલશ્રુતિઃ ઈયં નૃણાં ન શ્રેયો રોચનં પરં, શ્રેયોવિવક્ષયા પ્રોક્તં યથા ભૈષજ્યરોચનમ્''** (ભા.પુ.૧૧।૨૧।૨૩) કર્મવિધિની ધર્મવિધિની જેટલી પણ ફલશ્રુતિ

બતાવવામાં આવી છે કે આ કર્મ કે ધર્મને કરવાથી આ ફલ તમને મળશે, એ તો એકદમ એવું છે કે જેમ કડવી દવાના ઉપર મીઠાશનો લેપ ચડાવવામાં આવે છે કે જેનાથી તે આપણા ગળે ઉતરી જાય, તેવી જ રીતે આ છે. આપણને સૌથી વધુ કડવાશ એ લાગે છે કે આપણે ભગવાન્ની એકતા, ભગવાન્ની એકમેવાદ્વિતીયતા, ભગવાન્ની સર્વવ્યાપકતાને આપણે કડવાશની જેમ માની રહ્યા છીએ. સ્વીકારી નથી શકતા તેથી તેમાં આ મીઠાશ લગાવી દીધી છે કે સારૂં તમે ભગવાન્ને સર્વવ્યાપક નથી માની રહ્યા તો તમે ભગવાન્ને ક્યાં જોઈ શકો છો, તમે ત્યાં જ જુઓ. હવે કાલથી તેને બીજે ક્યાંય ન જોતા. એમ સમજો કે ઐચ્છિક જોવાની મનાઈ કરી છે કે નહીં જોતા. આ આપણને હવે આધાર મળશે કે આ જો ભગવાન્ છે તો આ જ ભગવાન્ બધી જગ્યાએ છે, બધી જગ્યાએ વ્યાપક છે. કૃષ્ણમાં જો સર્વવ્યાપકતા છે, બધા દેવ એમાં બિરાજમાન છે તેથી અમે કોઈ બીજા દેવતાને નહીં ભજીએ. **“અન્યાશ્રયો ન કર્તવ્યઃ, સર્વથા બાધકસ્તુ સઃ”** ઐચ્છિક તમે અન્યાશ્રય ન કરો તેથી આપમેળે તમને અન્યથાનો ભાવ નિવૃત્ત થઈ જશે. પૂરી ઈનસાઈટ્ આ પ્રકારની છે. એ ઈનસાઈટ્ને નહીં સમજવાને કારણે આપણે ઘણા કબાડા કરીએ છીએ અને એટલા માટે ભાગવત કહે છે કે **“ફલશ્રુતિરિયં નૃણાં ન શ્રેયો રોચનં પરમ્, શ્રેયોવિવક્ષયા, પ્રોક્તં યથા ભૈષજ્યરોચનમ્”** (ભા.પુ.૧૧।૨૧।૨૩) જેમ કડવી દવાને મીઠા લેપ ચડાવીને આપણે ખવડાવીએ છીએ એ જ પ્રકારની પોલિસી (નીતિ) આપણા શાસ્ત્રોએ ધર્મના સમાયોજનમાં અપનાવી છે.

મહાપ્રભુ આપણા ઉપર એવી કૃપા કરે કે ધર્મપુરુષાર્થને આ પ્રકારથી સમાયોજિત કરવાનું અથવા મેનેજ્ (સંચાલન) કરવાનું આપણામાં સામર્થ્ય જાગૃત થાય એટલા માટે આચાર્યના આશ્રયપદનું ગાન કરીને આજના વિષયનો ઉપસંહાર અહીં રાખશું. હજુ અર્થ કામ મોક્ષ આપણા બાકી છે. આપણે પૂરો પ્રયત્ન કરશું કે બાકીના દિવસોમાં આપણે તેને પૂરા કરશું. પરંતુ કેમ કે ધર્મના કબાડા વધારે પડતા છે એટલા

માટે ધર્મનું વિસ્તારથી મેં વિવેચન કર્યું. કેમ કે ખબર નથી કે ભક્તિ ધર્મ છે કે ધર્મ ભક્તિ છે. અર્થ ભક્તિ છે કે ભક્તિ અર્થ છે. કામ ભક્તિ છે કે ભક્તિ કામ છે. એટલા માટે ધર્મની પહેલાં આ જો આપણે સમજી લઈએ તો બધી વાત આપણને એક પાયાના પત્થરની જેમ સ્થિર થઈ જશે. એટલા માટે મેં આમાં આટલો સમય લીધો. આચાર્યચરણનું આશ્રયપદગાન કરીને આપણે આજના વક્તવ્યનું સમાપન કરશું.

***

પ્રકરણ-૪

(પ્રશ્નોત્તર)

પ્રશ્ન : જ્યારે બધું પ્રભુકૃપાથી થાય છે તો પુષ્ટિભક્તિ પ્રભુકૃપાથી મળશે કે નહીં?

ઉત્તર : જુઓ એવું છે કે આપણા શરીરનાં પ્રત્યેક અંગમાં જ્યારે રક્તપરિભ્રમણ બરાબર થતું હોય ત્યારે જ અંગ પણ બરાબર સંચાલિત થાય છે અને રક્તપરિભ્રમણ માટે આપણી પાસે કોઈ વ્યવસ્થા નથી. જેમ આપણે આપણી ઈચ્છાથી રક્તપરિભ્રમણને શરૂ અથવા બંધ નથી કરી શકતા.

આત્મહત્યા કરવા જો ઈચ્છીએ તો વાત જુદી છે પરંતુ રક્ત આપમેળે જ ચાલતું રહે છે. પરંતુ જે પોતાની મેળે ચાલતું રક્તપરિભ્રમણ છે, તેના ઉપર આપણે નિયંત્રણ તો કરી શકીએ છીએ. કેવી રીતે? અંગપરિભ્રમણ દ્વારા તે કરી શકીએ છીએ. હવે જુઓ આ અન્યોન્યાશ્રિત વાત થઈ ગઈ. અંગસંચાલન થાયછે રક્તપરિભ્રમણથી અને રક્તપરિભ્રમણ નિયંત્રણ થાય છે અંગપરિભ્રમણથી. આ એવી અન્યોન્યાશ્રિત વાત પુષ્ટિભક્તિમાં છે અને 'પુષ્ટિ' એટલે કૃપા. પુષ્ટિ સંચાલિત થાય છે તમારી ભક્તિના સંચાલનથી અને ભક્તિ સંચાલિત થાય છે પુષ્ટિના સંચાલનથી. હવે આ બંનેનો અન્યોન્યાશ્રિત ભાવ છે તેને તોડીને જો મને પૂછો કે બધું જ કાંઈ પુષ્ટિથી થાય છે તો આપણે ભક્તિ કરવાની શું આવશ્યકતા છે? તો જો બધું જ કાંઈ રક્તપરિભ્રમણથી થાય છે તો આપણે અંગસંચાલનની શું આવશ્યકતા છે? ન કરો અંગસંચાલન. થોડાક દીવસ પછી તે અંગ નબળા પડી જશે. જે લોકો નિરંતર પગ લટકાવીને ખુરશી ઉપર બેસી રહે છે એમનું પગમાં રક્તસંચાલન મંદ થઈ જાય છે અને ઘણી જાતની તકલીફો થઈ જાય છે. આ તમે પોતે અનુભવ કરી શકો છો. જે લોકો જોગિંગ્ કે વોકિંગ્ નથી કરતા એનું હૃદય સમાન રીતે પંપિંગ નથી કરતું. હવે તે પંપિંગ થાય છે કેવી રીતે? જો શરીરશાસ્ત્રને તમે પૂછશો તો એનો

સ્પષ્ટ અભિપ્રાય છે કે જ્યારે તમારે જોગિંગ કરવાની થાય છે ત્યારે તમારા હૃદયને વધારે રક્ત ત્યાં પંપ કરવું પડે છે. હવે આ તો પાછી અન્યોન્યાશ્રિત વાત થઈ ગઈ. ઘર ક્યાં તો બગીચાની સામે. બગીચો ક્યાં, ઘરની સામે. બંને ક્યાં, સામ-સામે. હવે તમે આ બંનેને તોડીને બતાવવાનું પૂછો તો વ્યવસ્થા તુટી જાય છે. જો તમે ચાલુ રાખશો તો જ તે ચાલુ રહેશે. તો કૃપા સંચાલિત થતી રહેશે જો તમે ભક્તિસંચાલિત કરતા રહ્યા તો અને ભક્તિસંચાલિત થતી રહેશે જો તમારામાં કૃપાનું સંચાલન થતું રહ્યું તો. ભક્તિથી કૃપા મળશે અને કૃપાથી ભક્તિ આ બંને અન્યોન્યાશ્રિત છે.

પ્રશ્ન : બધું જ કાંઈ પ્રભુકૃપાથી થાય છે તેથી આ સિદ્ધાન્તનો કોઈ એવો અર્થ કાઢે કે ત્યારે પછી ભક્તિ કરવાની શું આવશ્યકતા છે?

ઉત્તર : સિદ્ધાન્ત ચોક્કસ કાઢી શકાય છે પરંતુ, તે વાત પછી ત્યાંજ સીમિત નહીં રહે. તે અંગ સંચાલન ઉપર અને રક્તપરિભ્રમણ આ બંને ઉપર પણ આવશે. હવે જુઓ જેમ વાણીનું સંચાલન થાય છે બુદ્ધિ અને મનના સંચાલનથી. અને બુદ્ધિ-મનનું સંચાલન થાય છે વાણીના સંચાલનથી. જ્યારે પણ બાળક બોલવા જાય ત્યારે તેને બોલવા જ ન દો. તમે એને કહો કે ''ચૂપ રહે'' તો તેનાથી તેની બુદ્ધિ પણ ધીરે-ધીરે કામ કરવાનું બંધ કરી દેશે. આપણને પુષ્ટિમાર્ગીઓને એમ સમજાવવામાં આવ્યું છે કે મહારાજશ્રી પધારે ત્યારે કાંઈ બોલો નહીં. મહારાજશ્રીની સામે બોલશો તો આપશ્રીને પરિશ્રમ પડશે. એ પરિશ્રમ પડી જવાની બીકના કારણે અમારા લોકોમાં બુદ્ધિનું સંચાલન ઓછું થઈ ગયું અને તમારા લોકોમાં પણ બુદ્ધિનું સંચાલન બંધ થઈ ગયું. તમારામાં અને અમારામાં બુદ્ધિનું સંચાલન થતું રહે તેના માટે વાણીના સંચાલનની આવશ્યકતા છે. વાણીનું સંચાલન થશે તો બુદ્ધિનું સંચાલન થશે. પછી તે બુદ્ધિ વાણીનું સંચાલન કરશે. આ અન્યોન્યાશ્રિત વાત છે. તેને છૂટી પાડીને જ્યારે તમે સવાલ કરશો તો બંને જ બંધ થઈ જશે. ફક્ત એક નહીં તુટે. તમારે ત્યાં

જબલપુરમાં આ રિવાજ હોય કે નહીં પરંતુ જન્માષ્ટમીને દીવસે આપણે ઠાકોરજીની સામે ફુદડ઼ી ફરીએ છીએ. તેમાં બંને હાથ એકબીજાના પકડીને ફરે છે. તેમાં જ્યારે એક છોડી દે છે ત્યારે બંને જ પડે છે. પરંતુ જો બંને વ્યક્તિ પકડીને ફરે તો ગમે તેટલા નમી જાય પરંતુ બંને એકબીજાના હાથ ઉપર ટકયા રહે છે. તેમ આ કૃપા અને ભક્તિની ફુદડ઼ી છે. આ નિયતિ અને પુરુષાર્થની ફુદડી છે. આ વાણી અને બુદ્ધિની ફુદડ઼ી છે. આ ચાલતી રહેશે તો નંદમહોત્સવ થતો રહેશે અને કોઈ એકે પણ છોડી દીધો તો નિશ્ચિત સમજો કે બંને પડશે.

પ્રશ્ન : કાલે આપે ધર્મ તથા કાલની બાબતમાં સમજાવ્યું હતું. તો શું આપણા ધાર્મિક વિધાનો નિયમોમાં કાલને ધ્યાનમાં રાખીને સંશોધનનું પ્રાવધાન છે?

ઉત્તર : થોડીક ગંભીરતાપૂર્વક આ પ્રશ્નને વિચારવાની જરૂર છે. કાલે મેં જે વાતને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, તે એ હતી કે ભારતીય આર્ષ પ્રજ્ઞાની આ એક વિશેષતા રહી છે કે આપણે ધર્મને ક્યારેય એકાંતિક નથી માન્યો. તમે જૈન નથી એટલે મોટા ભાગે એકાન્તિક શબ્દ તમને બહુ સમજવો કઠિન લાગતો હશે. જૈનોનો તો અનેકાંતિકવાદ જ છે. તે લોકો એકાન્તિક શબ્દથી વધારે પરિચિત છે પરંતુ આ કોઈ જૈન શબ્દ નથી. એકાંતિકનો અર્થ થાય છે કે જેમ કોઈ એક ધર્મ છે અને એ ધર્મનો કોઈ વિકલ્પ નથી. બધાને માટે તે જ ધર્મ છે. તો તે ધર્મ એકાન્તિક થઈ ગયો જે એ ધર્મનું આચરણ નથી કરતો તે અધર્મી થઈ ગયો તો તે એકાન્તિક ધર્મ થઈ ગયો.

હું જ્યારે આ કહી રહ્યો છું કે આપણી આર્ષ પ્રજ્ઞાનો ઉત્કર્ષ માત્ર એમાં જ છે કે ધર્મને ક્યારેય એકાન્તિક નથી બનાવ્યો, તેનાથી મારો અભિપ્રાય આ હતો કે આપણે ત્યાં ધર્મના નામે જે કાંઈ પણ શાસ્ત્રના આદેશ છે, તે કોઈ પણ આદેશ એવા નથી કે જે બધાના માટે હોય. તે તે-

તે અધિકારી માટે છે. જે જે ધર્મને પાળવાનો અધિકારી છે તે અધિકારીને માટે છે અને જે અધિકારીને એ ધર્મનો કર્તવ્યતયા ઉપદેશ આ અર્થમાં આપવામાં આવ્યો છે કે કયા દેશમાં તેના માટે શું ધર્મ છે, ક્યા દેશમાં તેના માટે શું અધર્મ છે. કયા કાલમાં તેના માટે શું ધર્મ છે? ક્યા કાલમાં તેના માટે શું અધર્મ છે. તેનું ઉદાહરણ મેં તમને સમજાવ્યું હતું કે બ્રાહ્મણ જો સંન્યાસી કે બ્રહ્મચારી છે તો ભિક્ષા માંગવી એના માટે ધર્મ છે અને જો તે ગૃહસ્થ છે તો ભિક્ષા માંગવી એના માટે ઘોર અધર્મ છે. એક બ્રાહ્મણને માટે કાલભેદથી ભિક્ષા માંગવી ધર્મ પણ છે અને અધર્મ પણ છે. ક્ષત્રિયને માટે યુદ્ધમાં હિંસા કરવી ધર્મ છે. આખી ગીતા જો આપણે જોઈએ તો દરેક જગ્યાએ ભગવાન્ એ કહી રહ્યા છે કે **"મયા હતાઃ ત્વં જહિ મા વ્યથિષ્ઠા"** (ભ.ગી.૧૧।૩૪) મેં તો એમને મારી જ રાખ્યા છે. તૂં હવે એને માર. તો શું ભગવાન્ અહિંસા છોડીને અધર્મનો ઉપદેશ આપી રહ્યા છે! ના એવું નથી. આપણી આર્ષ પ્રજ્ઞાનો ઉત્કર્ષ આમાં જ છે કે ક્ષત્રિયને માટે જે ધર્મ છે તે બીજાઓ માટે અધર્મ પણ થઈ શકે છે. આ કોઈ એવી નવીન વાત નથી કે જેને સમજવામાં આપણને તકલીફ હોવી જોઈએ. કોઈ આર્મીનો સૈનિક કોઈ દુશ્મનને મારે છે તો એને પરમવીરચક્ર મળે છે અને તમે કોઈને મારી નાખો તો તમને ફાંસી મળે છે. તો કોઈને મારી નાખવો ધર્મ છે કે અધર્મ? ભાઈ! કોઈના માટે ક્યાં ધર્મ છે અને ક્યાં અધર્મ છે? તે કાલ દેશ અધિકારભેદથી અલગ જ વ્યવસ્થા હોઈ શકે છે. આ બધા જે નિયમ છે તેને આપણે એ સ્પિરિટ્ (કાયદા વિ.ની પાછળનો ભાવ, હેતુ, સાચો અર્થ) માં નથી લેતા, એના કારણે આપણને ગેરસમજ થઈ જાય છે. તમને એક સરળ ઉદાહરણ આપું. જેમ ફુટબોલમાં બોલને પગથી મારવો ગોલ્ કરવાનું સૌથી મોટું સાધન છે. ક્રિકેટમાં પગથી મારવો એલ.બી.ડબલ્યું. આઉટ થવું છે. રન કેમ ન થયો? કેમ કે તમે એલ.બી.ડબલ્યુ. આઉટ થઈ ગયા. તો પગથી બોલ્ને મારવો જીતવું છે કે હારવું છે, એ તો તે રમતોના નિયમ તમને બતાવશે. એ જેમ ખેલના નિયમ છે તેવી જ રીતે આખી સૃષ્ટિને તમે ભાવાભાવથી જોશો તો જેટલાં

પણ ધર્મોના વિધિ-નિષેધ છે તેમાં આ પ્રકારનો ભેદભાવ દેખાશે. તમને ભગવાન્‌ના ખેલના નિયમ લાગશે કે ભગવાને કેટલા મજેદાર ખેલના નિયમ બનાવી દીધા છે કે કોઈના માટે મૂર્તિપૂજા કરવી ધર્મ છે, કોઈના માટે મૂર્તિપૂજા કરવી અધર્મ છે. કોઈના માટે કાકાની દીકરી સાથે વિવાહ ધર્મ છે કોઈના માટે અધર્મ છે. આ બધા એના ખેલના નિયમ છે. આ ખેલના નિયમોને જો આપણે તેના મેદાનમાં ખેલી રહ્યા છીએ. જેમ ક્રિકેટના મેદાનમાં તમે ખેલી રહ્યા છો તો તમારે ક્રિકેટના નિયમ પાળવા પડશે. ફુટબોલ્‌ના મેદાનમાં ખેલી રહ્યા છો તો ફુટબોલ્‌ના નિયમ પાડવા પળશે. હવે સદ્‌ભાગ્ય માનોં કે દુર્ભાગ્યિ માનોં પરંતુ એના મેદાનમાંથી આપણે બહાર નથી નિકળી શકતા. આ વાતની એક તકલીફ છે. ખેલના જે નિયમ બનાવી રાખ્યા છે. તેમાં આપણે સંશોધન નથી કરી શકતા પરંતુ ખેલી તો શકીએ છીએ. આ મારો સમજાવવાનો હેતુ હતો. મારો સમજાવવાનો હેતુ આ ન હતો કે ‘‘ધર્મ કાલસાપેક્ષ છે તેથી આપણે તેમાં સંશોધન કરી શકીએ છીએ કે નહીં.’’

સંશોધન રમનારો નથી કરી શકતો. સંશોધન ક્રિકેટબોર્ડ કરે છે. જેમ તમને લોકોને ખ્યાલ હશે કે પહેલાંના જમાનામાં પાંચ દિવસની ક્રિકેટ થતી હતી. હવે એમણે સંશોધન કર્યું છે તો પચાસ ઓવર્‌ની ક્રિકેટ રમવામાં આવે છે. ખેલાડીને તો એ સંશોધિત નિયમના અનુસાર પોતાનો પુરુષાર્થ દેખાડવો પડે છે. હવે કોઈ ખેલાડી મેદાનમાં આવીને કહે કે મારે ઘણી જગ્યાએ રમવા જવાનું છે તો આને હવે પાંચ ઓવર્‌ની જ રમત કરી દો. પછી બીજો કોઈ કહેશે કે મારે તેનાથી પણ વધારે ઉતાવળથી જવાનું છે તો એક ઓવર્‌ની જ ક્રિકેટ કરી દો. તો તે ક્રિકેટને બદલે કોઈ જુદી જ કક્ષા થઈ જશે.

સંશોધનનો નિયમ રમનારના હાથમાં નથી. ક્રિકેટબોર્ડના હાથમાં છે. પરમાત્માએ કાલ કર્મ પ્રકૃતિ પુરુષ સ્વભાવ નું બોર્ડ ઘડયું છે તે આ સંશોધનો કરે છે. આપણે એમાં કાંઈ નથી કરી શકતા. આપણે રમી શકીએ છીએ, જીતી શકીએ છીએ, હારી શકીએ છીએ પરંતુ એના ખેલના

નિયમમાં ફેરફાર નથી કરી શકતા. એક એટલી સરસ અને મજેદાર વાત છે કે કોઈ તમને કમ્પેલ્ (જબરદસ્તી) નથી કરતું કે તમારે ક્રિકેટ જ રમવાની છે. તમારે ક્રિકેટ રમવી છે તો ક્રિકેટ રમો, ફુટબોલ રમવું છે તો ફુટબોલ રમો, હોકી ખેલવી છે તો હોકી ખેલો. ક્રિકેટ રમતા-રમતા અચાનક તમારી અંદર હોકી રમનારનો સ્વભાવ જાગી જાય અને મેદાનમાં બોલ ફેંકવાના બદલે તમે દોડવા લાગી જાવ તો વિચારો કે કેવું દ્રશ્ય ઉભું થઈ જશે! જો હોકી યાદ આવી ગઈ તો થોડોક એના ઉપર કાબુ રાખો અને જે રમત રમી રહ્યા છો પહેલાં એના નિયમોંના અનુસાર સરખી રીતે રમો. આ મારો મતલબ હતો.

પ્રશ્ન : પુષ્ટિમાર્ગમાં પ્રભુને જગાવવાથી પોઢાડવા સુધીનો ક્રમ નિર્ધારિત છે તો આજની દિનચર્યામાં નોકરી-ધંધાના સમય અનુસાર સેવાક્રમ પણ મોડિફાઇ (હળવો, ફેરફારીત) થઈ જાય છે. શું આ માન્ય છે કે પછી એનાથી પ્રભુને શ્રમ થાય છે, એ સમજાવશો.

ઉત્તર : સૌથી પહેલી વાત તો હું એ કહેવા માંગીશ કે મારા પિતાજી દીક્ષિતજી મહારાજ હૃદયના દરદી હતા, બ્લડપ્રેશરના દરદી હતા અને એમના બંને પગમાં કેન્સર્ હતું. તેમ છતાં પણ મુંબઈમાં ભુલેશ્વરથી પાર્લા એટલે લગભગ બાર માઈલ પ્રવચન કરવા પધારતા હતા. સાધારણ વાત છે કે હાઈ બ્લડપ્રેશર્ના દરદી હતા તેથી તકલીફ પણ થતી હતી. પ્રવચન સાંભળનારાઓમાંથી કેટલાંક લોકોને બહુ સહાનુભૂતિ પ્રકટ થઈ અને એમણે આવીને વિનંતી કરી કે આ પ્રકારના પ્રવચન કરવામાં આપને બહુ પરિશ્રમ પડે છે તેથી આપને અમારી વિનતી છે કે આપ પ્રવચન બંધ કરો. અમારા પિતાજીએ એક બહુ સુંદર વાત કહી કે ‘‘હું જન્મ્યો એ પણ એક પરિશ્રમ હતો અને જીવ્યો એ પણ એક પરિશ્રમ છે. આટલા પરિશ્રમ તો હું લઈ રહ્યો છું તો તમે કેવળ સાંભળવાનો પરિશ્રમ કેમ નથી લઈ શકતા, એ પહેલાં મને બતાવો. તમને સાંભળવામાં શું તકલીફ છે.

જ્યારે પ્રભુ આપણા ઘરમાં પધારે છે, એ સર્વવ્યાપી છે છતાં પણ આપણા ઘરમાં નાનકડા રૂમમાં પધારે છે. તો એને શું પરિશ્રમ નહીં પડતો હોય? તમે આટલા સંકોચાઈને તો જૂઓ. પ્રકૃતિએ ઉંદરને એ સામર્થ્ય આપ્યું છે કે પોતાના શરીર કરતાં નાના ભોંણમાં તે ઘુસી શકે છે. તમે તમારા શરીર કરતાં નાના ઘરમાં રહીને તો જુઓ! પ્રભુ આટલા વ્યાપક છે તેથી એમને આપણા નાનકડા ઘરમાં પધારવામાં પોઢાડી રહ્યા છીએ તો એમાં પણ તો તેને કાંઈક પરિશ્રમ તો થતો જ હશે. જે વિશ્વંભર છે તેને તમે કહી રહ્યા છો કે અમે આપને ભોગ ધરશું. આ તો ભગવાન્‌ની કૃપા છે કે ભગવાન્‌ને અહંકાર નથી. કોઈ પણ જે ગામને જમાડે છે તેને જમાડો તો કેટલો આહત (ઘવાયેલો) થઈ જશે. ભગવાન્‌ને અહંકાર નથી એટલા માટે આપણે કહીએ છીએ કે “પ્રભુ આપ આરોગો” તેથી ભગવાન્ કહે છે કે “ચાલ તું મને આરોગાવી રહ્યો છે તો હું આરોગીશ.” ભગવાન્ કે જે બધાને સુવડાવે-જગાવે છે એને થોડોક પણ અહંકાર હોત તો બે લાફા મારત અને કહેત કે “હું તને સુવડાવું છું કે તું મને સુવડાવીશ? પરંતુ ભગવાન્‌માં અહંકાર નથી એટલા માટે ભગવાનને પરિશ્રમ થતો હશે તો પણ પરિશ્રમ નથી માનતા.

મારા એક મિત્ર છે જયપુરમાં રાધેશ્યામજી. એમની એક વાત મને ખૂબ જ સાચી લાગી. એમના જીજાજીએ એમને એક દિવસ આવીને કહ્યું કે “અમારે પુષ્કરસ્નાન કરવા જવું છે. તમને તકલીફ તો થશે તમારી ગાડી આપવામાં.” એમણે કહ્યું કે “તમે એ કેમ વિચાર્યું કે એ તકલીફ લેવામાં મને આનંદ નહીં આવે. તકલીફ તો ચોક્કસ થશે તમને કાર આપવામાં.”

કોઈ પણ બાળકને દુધ પીવડાવવામાં માંને કેટલી તકલીફ થતી હશે એ તો આપણે દુધ પીવડાવતા નથી એટલે આપણને ખબર નથી પડતી. કોઈ બાળકના લાલન-પાલનમાં માને કેટલી તકલીફ થાય છે. એ તકલીફ ઉઠાવવામાં માંને કેટલો આનંદ આવે છે એ વિચારો. કેટલીક તકલીફ એવી હોય છે કે જેને લેવામાં આનંદ આવે છે અને કેટલીક તકલીફ એવી હોય છે જેને આપવામાં આનંદ આવે છે. હોળીમાં તમે કોઈનો ચહેરો લાલ-

પીળો-લીલો કરી દો તો તમને તે તકલીફ આપવામાં આનંદ આવે છે કે નહીં? વગર હોળીએ કોઈ એવું કરે તો મારામારી થઈ જશે. કેટલીક તકલીફ એવી હોય છે કે જેને લેવામાં અને દેવામાં બંનેમાં આનંદ આવે છે. કેટલીક તકલીફો એવી હોય છે, જેને લેવા-આપવામાં બંનેમાં કલહ થઈ જાય છે. વિવેક તો માણસે પોતાની બુદ્ધિથી વાપરવો પડશે. હવે ભક્તિને કારણે થતી તકલીફ લેવામાં ભગવાનને જો આનંદ આવે છે તો આપણે એનાથી કેવી રીતે ભગવાન્‌ને વંચિત રાખવા? સવાલ આપણો એ છે? એ આનંદથી વંચિત ભગવાન્‌ને રાખવાનો અધિકાર આપણને કોણે આપ્યો, પહેલાં એ ખુલાસો કરો. હવે કોઈ બાળક જો પોતાની માને કહે કે ''મા, મારા લાલન-પાલનમાં તને ખૂબ શ્રમ થશે તેથી કાલથી હું કોઈ બીજા પાસે લાલન-પાલન કરાવીશ.'' અને તો શું અનાથાશ્રમમાં ભરતી થઈશ! એ તકલીફ દેવામાં અને લેવામાં સંતતિ અને માં, બંનેને આનંદ આવે છે.

સેવા કરવામાં ઠાકોરજીને કાંઈક શ્રમ થાય છે. વ્યર્થમાં આપણને લોકો ડરાવી દે છે કે ''પરિશ્રમ થઈ ગયો, પરિશ્રમ થઈ ગયો.'' અરે, એ પરિશ્રમ લેવામાં એ પ્રભુને આનંદ આવે છે તો ''મિયાં બીબી રાજી તો ક્યા કરેગા કાજી?'' આ વાતને કેમ નથી સમજતા કે જ્યારે દેવાવાળો રાજી છે, લેવાવાળો રાજી છે તો વ્યર્થમાં આપણે આપણી બુદ્ધિનો વઘાર શા માટે લગાવીએ છીએ. અરે પરિશ્રમ થઈ રહ્યો છે તો એને લેવામાં આનંદ આવી રહ્યો છે કે નહીં, એમ વિચારો ને! હિમાલય ઉપર પહાડ ચડવામાં કેટલી તકલીફ છે. કયારેક ચઢીને તો જુઓ! પર્વતારોહીને ઓક્સિજન નથી મળતો, બેભાન થઈ જાય છે, પગમાં બરફના છાલા પડી જાય છે પરંતુ એ તકલીફ લેવામાં એને કેટલો આનંદ આવે છે! એ તો કોઈ પર્વતારોહી હોય, એ જ તે આનંદનો અનુભવ કરી શકે છે. આપણે અનુભવ નથી કરી શકતા. જો કોઈ શિષ્ય ગુરૂને સવાલ પૂછે તો એવું થોડું છે કે ગુરુને પરિશ્રમ નથી થતો! પરંતુ એ પરિશ્રમમાં આનંદ લેવાની તૈયારી ગુરુની નથી તો તેને ગુરુપદ ઉપરથી રાજીનામું આપવું જોઈએ. કેમ

કે શિષ્યની જિજ્ઞાસાના સમાધાનની તકલીફ લેવા માટે તે તૈયાર નથી.

જ્યારે ભક્તિથી તમે પ્રભુને કોઈ તકલીફ દઈ રહ્યા છો તો ઠાકોરજીને પણ તકલીફ થતી હશે. કેમ નહીં થતી હોય પરંતુ એ તકલીફ લેવામાં અને દેવામાં એ તકલીફ લેવામાં એને મજા આવે છે. ચિત્તમાં આવી આસ્વસ્તતા હશે તો કોઈ તકલીફ નથી. અને હોય પણ તો તે તકલીફ આનંદની તકલીફ છે, દુઃખની તકલીફ નથી.

પ્રશ્ન : દર્શનભક્તિ અને સકામભક્તિ કરતા-કરતા ક્યારેય આપણે નિષ્કામભક્તિ સુધી પહોંચી શકીએ કે નહીં?

ઉત્તર : જ્યાં સુધી ભગવાન્નો સવાલ છે ત્યાં ભગવાન્ને માટે એક વાત સ્પષ્ટ સમજો કે થિયોરિટિકલી્ (તાત્ત્વિક રીતે) ભગવાન્ સુધી પહોંચવું એ આપણા ભીતર ભરેલ, ભગવાન્ દ્વારા કરવામાં આવેલ એક પ્રોગ્રામિંગ (કાર્ય પદ્ધતિ) છે. જેના કારણે આપણને લાગે છે કે આપણે ભગવાન્ સુધી પહોંચી રહ્યા છીએ. હકીકતમાં કોઈ વ્યક્તિ ભગવાન્ સુધી પહોંચતી નથી, પહોંચી શકતી નથી. ભગવાન્ બધા પાસે પહોંચી શકે છે. **"ગોપ્યઃ કામાદ્, ભયાત્ કંસઃ દ્વેષાત્ ચૈદ્યાદયો નૃપાઃ | સમ્બન્ધાદ્ વૃષ્ણયઃ સ્નેહાદ્ યૂયં ભક્ત્યા વયં વિભોઃ"** (ભા.પુ.૭|૧|૩૦) ભગવાન્ જેમની પાસે પહોંચવા માગે છે તેની પાસે પહોંચે છે.

એક-બીજાની પાસે પહોંચવા માટે ઘણા બધા મોડેલ્ (નમુના) છે. જેની પાસે આપણે પહોંચવું છે તે એરપોર્ટના કન્વેયરબેલ્ટના પેટર્નમાં વિચારીએ તો આપણને એવું લાગે છે કે આપણે સામાન સુધી પહોંચી ગયા. ઘણી વખત એવું પણ લાગે છે કે સામાન આપણા સુધી પહોંચી ગયો. કયારેક બંને એકબીજાની પાસે પહોંચતા હોય તેવું લાગે છે. એક-બીજા પાસે પહોંચવાના જેટલા મોડેલ છે તે ભગવાન્ના હાથમાં તો સહજ ઉપલબ્ધ છે. પરંતુ આપણા હાથમાં એક પણ મોડેલ ઉપલબ્ધ નથી, સિવાય કે આપણી પ્રોગ્રામિંગ એવી છે કે જે પણ કાંઈ બની રહ્યું છે તેમાં

આપણને એવું લાગે છે કે અમે પણ કાંઈક કરી રહ્યા છીએ, ક્યાંક પહોંચ્યા છીએ.

જેવી રીતે સ્વીમિંગપુલ્માં ડાઈવ્ લગાવીએ છીએ તો તે આપણે સ્વીમિંગપુલ્માં નીચેની તરફ કૂદી રહ્યા છીએ. કે પછી ગુરુત્વાકર્ષણ ત્યાં કામ કરી રહ્યું છે, શું નિર્ણય કરશું? જો ગુરુત્વાકર્ષણના હિસાબથી તમે વિચારો, તો તમે ડાઈવ્ લગાવવાના કારણે નથી પહોંચી રહ્યા, કેવળ ગુરુત્વાકર્ષણના કારણે ત્યાં પહોંચી રહ્યા છો. જો તમે એ દષ્ટિથી જોઈ રહ્યા હો કે અમે થોડીક વખત જંપિંગ્બોર્ડ ઉપર જંપ કર્યો અને પોજિશન લીધી અને અને ડાઈવ્ લગાવી તો તે આપણો પ્રયાસ લાગશે. પરંતુ એક વાત ધ્યાનથી સમજો કે જો પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ ન હોય અને તમે અંતરિક્ષમાં આ રીતે ડાઈવ લગાવો તો તમે નીચે જવાના બદલે સીધા (ઉપર) જવા લાગશો. તો આપણે પહોંચી રહ્યા છીએ કે કોઈ આપણા સુધી પહોંચી રહ્યું છે, આ નિર્ણય કરવો આપણા પોતાના હોવાના અહેસાસ ઉપર નિર્ભર કરે છે. જ્યાં કોઈ પણ વ્યાપક તત્ત્વ આપણા સંદર્ભમાં આવી ગયું અને જ્યારે આપણે તેની અંદર જ છીએ તો કેવી રીતે આપણે તેના સુધી પહોંચશું? કોઈ પણ મોડેલ્થી આપણે તેના સુધી પહોંચી નથી શકતા, કેમ કે આપણે પહોંચેલા જ છીએ, આપણે તેની અંદર જ છીએ. પરંતુ ભીતર એ પ્રકારની પ્રોગ્રામિંગ્ છે કે તમે ત્રણ માળ ઉંચા જંપિંગ્ બોર્ડ ઉપર ચઢી શકો છો, થોડોક વખત ઉછળ-કુદ કરી શકો છો અને પછી લોન્ગ્ ડાઈવ્ લગાવીને સ્વીમિંગ પૂલમાં કૂદી શકો છો. જ્યારે તમે આવું કરી શકો છો તો એ પ્રોગ્રામિંગના કારણે તમને એવું લાગે છે કે તમે તમારા પ્રયાસ અને ટેકનીક્ (આવડત) ને કારણે એક સારી ડાઈવ્ લગાવી. પરંતુ ગુરુત્વાકર્ષણની શક્તિ જ તમને નીચે પહોંચાડી રહી છે. જો તે ન હોત તો ડાઈવ્ લગાવ્યા પછી તમે કઈ દિશામાં જાત તે સમજવું મુશ્કેલ છે.

જ્યાં ભગવાન્નો પ્રશ્ન આવી ગયો કે આપણે ભગવાન્ સુધી પહોંચી શકીએ છીએ કે નહીં? આ આપણે ત્યારે જ સમજી શકીએ છીએ

કે જ્યારે ભગવાન્નું સ્વરૂપ આપણને સમજાઈ જાય. ભગવાન્ની પાસે તો આ મોડેલ્ના બધા વિકલ્પ છે પરંતુ આપણી પાસે એક પણ વિકલ્પ મૌજૂદ નથી સિવાય કે આપણી પ્રોગ્રામિંગના હિસાબથી જે ખેલના નિયમ ઘડયા છે તે નિયમોનું પાલન કરીને આપણે આપણો પુરુષાર્થ કરીએ.

હું મારી જ વાત તમને બતાવું કે એક ભાઈએ મને પૂછયું કે કયારેક તમે ઉર્દૂ શેયર બોલો છો, ક્યારેક ફારસી બોલો છો, ક્યારેક વ્રજભાષાની કવિતા બોલો છો, ક્યારેક અંગ્રેજી બોલો છો. તમે આટલું બધું ક્યારે ભણ્યા? અરે ભાઈ! હું ક્યારેય આ બધું ભણ્યો જ નથી. અમારા દાદાજી બોલતા હતા તેથી મને પણ આવડી ગયું અને હું પણ બોલવા લાગ્યો. હવે તમે તે વાત તો કયારેય જોઈ નથી. મેં એ વાત બચપણથી સાંભળી છે તેથી મને યાદ આવી જાય છે એટલે હું બોલી દઉં છું. સાંભળવાવાળા છેતરાઈ જાય છે કે ખબર નથી પડતી કેટલું ભણ્યા હશે? અને સાંભળીને તમે નર્વસ્ (ડરપોક, ઉત્તેજિત) થઈ જાવ છો કે આટલું જ્ઞાન છે તો આની સામે સવાલ કેવી રીતે કરવો? અરે ભાઈ, એ જ્ઞાન મારું નથી! ત્યાં સાંભળ્યું હતું, હવે નિકળી રહ્યું છે. પરંતુ થોડાક દિવસ મારી એવી પ્રશંસા કરો તો મનમાં મને પણ એવું લાગશે કે "હાં! બધા પાસે આવું જ્ઞાન નથી મારી પાસે છે." પરંતુ જ્યારે હું મારો ભુતકાળ જોઉં છું તો મને ખ્યાલ આવે છે કે મને બધી એ જ વાત યાદ છે જે દાદાજીએ મારી સામે કહી હતી. ભણેલું થોડું છે, જે સાંભળ્યું છે તે મોઢામાંથી નિકળી રહ્યું છે. સાંભળ્યું છે તે બુદ્ધિમાં સ્ટોર્ (જમા) થઈ ગયું છે અને તે બહાર પણ આવી રહ્યું છે. ઘણા લોકોને ભ્રમણા છે કે જમીનમાં પાણી પેદા થાય છે. જમીનમાં પાણી પેદા નથી થતું, જમીન તો પાણીને સ્ટોર કરે છે. જ્યારે શરૂઆતમાં બોરિંગપંપ લાગ્યા ત્યારે પાણી દશ-વીસ ફુટ ઉપર જ હતું. બધાએ વિચાર્યું કે જમીન પાણી પેદા કરે છે તો ખેંચો પાણી. બીજાએ ચાલીશ ફૂટ ઉપર લગાડયા કેમ કે કોઈએ વીસ ફુટ ઉપર લગાડયો હતો તે વીસ ફુટ ઉપર પાણી આવવું બંધ થઈ ગયું. હવે એ દેકારો થયો કે વીસફુટ ઉપર જમીને પાણી પેદા કરવાનું બંધ કરી દીધું. અરે કોઈએ બાજુમાં

ચાલીસ ફુટ ઉપર લગાડયો છે! હવે લોકોએ ચડસા-ચડસીમાં એંસી ફુટ ઉપર પંપ લગાડી દીધા તો ચાલીસ ફુટવાળા બંધ થઈ ગયા. જમીન પાણી પેદા નથી કરતી એ તો ફકત સ્ટોર કરે છે. જ્યારે પાણી સ્ટોર્ નથી તો જમીન શું કરશે? આવી જ રીતે કૃપાનો વરસાદ આપણાં ભીતર સ્ટોર થઈ રહ્યો છે જેને આપણે ભક્તિના પંપથી ખેંચી શકીએ છીએ જો આપણી ભીતર મહેસૂસ કરી રહ્યા છીએ તો. પરંતુ તેને જો પંપ લગાવીને વધારે ખેંચશો, તો અંદર કમી આવી જશે. આ પણ આપણે સમજવું જોઈએ. જે વાત સહજતાથી ઉપલબ્ધ છે. ''સહજ પ્રીત ગોપાલ હિ ભાવે!'' કુવામાંથી આ તકલીફ કેમ નહોતી આવતી? કેમ કે કુવામાંથી આટલું વધારે પાણી આપણે ખેંચતા નહોતા. પંપથી પાણી ખેંચવામાં આપણને તો કોઈ જોર નથી પડતું અને એટલા માટે આડેધડ આપણે પાણી વાપરતા રહીએ છીએ, પછી પાણીની કમી આવી જાય છે એ વાત ધ્યાનથી સમજો કે જમીન પાણી પેદા નથી કરતી. તે ફકત સ્ટોર કરે છે અને તે સ્ટોર કરવાના જમીનના કેટલાક રસ્તા છે. જેમ તમે વૃક્ષ સંરક્ષિત કર્યા તો જમીન પાણી સોખશે અને ન કર્યા તો નહીં સોખે. બધી વ્યવસ્થા અન્યોન્યાશ્રિત છે. એમાં કોઈ એવો અહંકાર કરે કે આ બધું મારા લીધે થઈ રહ્યું છે તો તે સત્યાનાશનો હેતુ હોય છે. જ્યારે આપણે અન્યોન્યાશ્રિત રહીએ છીએ, ભગવાન્ ભકત ઉપર ભકત ભગવાન્ ઉપર, વ્યક્તિ સમાજ ઉપર સમાજ વ્યક્તિ ઉપર તો તે સ્થિતિમાં અહંકારનો પ્રશ્ન જ ઉભો નથી થતો. બધા કામ બરાબર ચાલતા રહે છે. જેમ પ્રાણી વૃક્ષ ઉપર, વૃક્ષ પ્રાણી ઉપર શ્વાસોચ્છવાસથી એક-બીજા ઉપર નિર્ભર છે. આ બધા અન્યોન્યાશ્રિત છે. જ્યાં સુધી આ અન્યોન્યાશ્રિતનો ભાવ આપણો સ્થિર રહેશે, ત્યાં સુધી આપણી આ બધી વ્યવસ્થા બરાબર રીતે ચાલતી રહેશે. એ કુદડીમાં એકે પણ હાથ છોડી દીધો તો બંને પડશે. આ સમજવું જોઈએ.

આ વાતને સમજવી જોઈએ કે સકામભક્તિ જમીનમાંથી પંપ દ્વારા પાણી કાઢવા જેવી છે. અને નિષ્કામભક્તિ કૃપાને પંપ દ્વારા ખેંચવાની

ભક્તિ નથી. પરંતુ ઈકોલોજી સિસ્ટમ્‌ને સુસ્થિત રાખવાની ભક્તિ છે. તમે એને સુવ્યવસ્થિત રાખો કે એ જમીનમાં પાણીનો સંચય કેમ થાય! તો જમીન તમને પાણી આપતી રહેશે. આ બધું અન્યોન્યાશ્રિત છે.

તમને પ્રવચન જો હજુ પણ અઘરું લાગતું હોય તો હવે મને આનાથી વધારે સરળ કરવાનું ન કહેતાં, મને એ કહો કે આ વાતનો ખુલાસો હજુ વધારે કરો. કેમ કે વ્યયામશાળામાં જાવ છો અને સરળ કરવાનું કહો છો ત્યારે વ્યાયામશાળાનું નુકશાન નથી થતું, તમારું નુકશાન થાય છે.

એક મજેદાર વાત બતાવું તમને. અમે જયપુર કોઈને ત્યાં ગયા તો ત્યાં એક ભાઈની ફાંદ એટલી મોટી કે જો પગ આગળ રાખીને બેસે તો પગના અંગુઠા ઢંકાઈ જાય. તેઓ સીડી ચડ઼ીને મને મળવા આવ્યા તો હાંફી રહ્યા હતા. મેં ભુલથી પૂછી લીધું કે ‘‘તમને સીડ઼ી ચડ઼વામાં બહુ તકલીફ પડ઼ી.’’ તેઓ બોલ્યા કે ‘‘મહારાજ! શું તમે એમ સમજો છો કે તમે જ સ્વસ્થ છો અમે સ્વસ્થ નથી?’’ મેં કહ્યું કે ‘‘નહીં! મારું એવું તાત્પર્ય નથી. તમારો શ્વાસ ફૂલી રહ્યો છે, એટલે પૂછી રહ્યો છું.’’ તેઓ બોલ્યા ‘‘કેમ તમે સમજો છો કે તમે જ વ્યાયામ કરો છો, અમે નથી કરતા?’’ હવે જ્યારે કોઈ માણસનું પેટ આટલું મોટું હોય કે બેસે ત્યારે પગ ઢંકાઈ જતા હોય તો મને પણ જીજ્ઞાસા થઈ કે આ વ્યક્તિ કેવો વ્યાયામ કરતા હશે? મેં પૂછ્યું, ‘‘તમે શું વ્યાયામ કરે છો તે મને પણ કહો કે જેથી ક્યારેક મારી સ્થિતિ આવી થઈ જાય તો હું પણ તે કરી શકું?’’ એમણે હાથની આંગળીઓ હલાવીને કહ્યું કે ‘‘હું આ વ્યાયામ કરું છું.’’ મેં વિચાર્યું ‘‘ધન્ય હો પ્રભુ’’ તો બોલ્યા ‘‘તો શું પગ હલાવવા એ જ વ્યાયામ છે, આંગળી હલાવવી વ્યાયામ નથી?’’ મેં કહ્યું ‘‘ભૂલ થઈ ગઈ માફ કરો હવે હું ભૂલેચુકે ક્યારેય પણ નહીં પૂછું કે તમને શ્વાસ કેમ ચઢ઼ી ગયો.’’ વ્યાયામ તો બધા છે, સકામભક્તિ પણ અને નિષ્કામભક્તિ પણ. પરંતુ સકામભક્તિથી ફાંદ વધી જાય છે અને પછી તે કૃપાની નિષ્કામભક્તિથી ઘટતી નથી, આ વાત તો નક્કી છે. તો આ વાત સમજવી જોઈએ. કેમ કે

કાલે જ મેં એવું સમજાવ્યું હતું કે **"આર્તો જિજ્ઞાસુઃ અર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ!"** (ભ.ગી.૭।૧૬) એટલા માટે હું એવું તો નથી કહેતો કે સકામભક્તિ ભક્તિ નથી તે પણ ભક્તિ તો છે પરંતુ તે નિષ્કામભક્તિ સુધી પહોંચશે એની શક્યતા બહુ ઓછી છે. કેમ કે એક વખત ફાંદ વધવાની શરૂ થઈ જાય છે તો તેનાથી વ્યાયામ ઓછો થવાનો શરૂ થઈ જાય છે. જ્યારે વ્યાયામ ઓછો થવાનું શરૂ થઈ જાય છે ત્યારે ફાંદ વધારે વધવાની શરૂ થઈ જાય છે. પછી તેનાથી વ્યાયામ ઘણો ઓછો થાય છે. છેલ્લે વ્યાયામને નામે આપણી પાસે એટલું જ રહી જાય છે કે ફક્ત આંગળીઓ હલાવી શકીએ છીએ. તમે કોઈને ધમકાવી શકો છો કે "શું તમે જ વ્યાયામ કરો છો અમે નથી કરતાં!" વાત તો સાચી છે વ્યાયામ તો બધા કરે છે પરંતુ આ પ્રકારના વ્યાયામની ફાંદ ઉપર શું અસર થશે એ વાત નિશ્ચિત નથી. આ રીતના વ્યાયામથી ફાંદ ઉપર તો કોઈ પ્રભાવ નહીં પડે. આટલી વાત આપણે સમજવી જોઈએ કે સકામભક્તિ નિષ્કામભક્તિ સુધી પહોંચશે? તે પગ હલાવવાનો વ્યાયામ નથી માત્ર હાથની આંગળીઓ હલાવવા જેટલો વ્યાયામ છે. જે કાંઈપણ સકામ ભક્તિથી આપણે કરી રહ્યા છીએ, ફૂલ પણ ચઢાવી રહ્યા છીએ. કીર્તન પણ કરી રહ્યા છીએ પરંતુ યાદ રાખો કે એનાથી કામનાની ફાંદ ઘટવાની નથી. કામનાની ફાંદ વધતી જ જશે. કેમ કે ભાગવત કહે છે કે **"ન જાતુ કામ કામાનામ્ ઉપભોગેન શામ્યતિ હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવાભિવર્ધતે"** (ભા.પુ.૯।૧૯।૧૪) કામોને સંતુષ્ટ કરવાથી કામ ક્યારેય સંતુષ્ટ થતો નથી. એક વખત સંતુષ્ટ કરો તો ફરી બીજી વખત પેદા થઈ જાય છે. કામ પેદા થવો કોઈ ખરાબ વાત નથી પરંતુ ભક્તિને એમાં સંડોવવી એ થોડીક ફાંદ ફુલાવવા જેવી વાત છે. ફોકટમાં હાર્ટએટેક્‌ને નોતરવા જેવી વાત છે. હાર્ટએટેક્‌નો મારો અર્થ છે કે ભક્તને માટે હૃદયમાં ભક્તિ ન હોવી. જીવાત્માની ભીતર પરમાત્માને માટે હૃદયમાં ભક્તિ ન હોવી, ભક્તિમાર્ગમાં સૌથી મોટો હાર્ટએટેક્ છે. તે જ્યારે નિષ્કામભક્તિ કરશું તો હાર્ટએટેક્ નહીં આવે પરંતુ તે જ જ્યારે સકામભક્તિ કરશું તો એટેક્‌ની

શક્યતા ઘણી છે.

અમારા પિતાજીના એક સારા સ્નેહી હતા. એમને હાર્ટએટેક્ આવી ગયો! મને થયું કે પિતાજીના આટલા સારા સ્નેહી છે તેથી મારે ખબર પૂછવા જવું જોઈએ. હું ખાસ એમને ખબર પૂછવા હોસ્પિટલ્માં ગયો. એમણે મને કહ્યું કે ''ખબર નહીં મહારાજ કે આ ડોકટર્ તો મને બચાવશે કે નહી પરંતુ આપ આવી ગયા છો તો રાસપંચાધ્યાયીના પાઠ મારી સામે કરો.'' મેં કહ્યું ''એ પાઠનો આ તકલીફ સાથે શું સંબંધ?'' એમણે કહ્યું કે રાસપંચાધ્યાયીના છેલ્લા શ્લોકમાં લખ્યું છે કે **''હૃદરોગમ્ આશુ અપહિનોતિ અચિરેણ ધીરઃ''** (ભા.પુ.૧૦।૩૩।૪૦) આ બધા હૃદયનારોગને મટાડી દે છે. મેં કહ્યું ''મને તો પાઠ આવડતો નથી. કેમકે એ હૃદ્રોગ કોઈ બીજો હૃદ્રોગ છે એ સકામભક્તિનો હૃદ્રોગ છે અને આપને જે એટેક્ આવ્યો છે તે ઘી ખાવાનો છે.'' તેઓ બોલ્યા ''આપ આવ્યા છો તો એક પાઠ તો કરીને જ જાવ.'' મેં કહ્યું ''મને આવડતો જ નથી.'' ત્યાં હોસ્પિટલ્માં બેસીને રાસપંચાધ્યાયી પાઠ ક્યાં કરૂ? અને કર્યા પછી માનો કે એમનો રોગ દૂર ન થાય તો અલાય બલાય મારે માથે આવી જાય. આ મહારાજપણાંનો ધંધો બહુ જોખમી ધંધો છે. ખબર નહીં ક્યારે કોઈ કઈ માંગણી કરી દે, કાંઈ ખબર ન પડે. આ હાર્ટએટેક્ આવે એ હૃદ્રોગનો કોઈ સંબંધ નથી. પરંતુ લોકો કહે છે કે આવી ગયા છો તો પાઠ કરીને જાવ.

સરળ ભાષામાં હું તમને સમજાવી રહ્યો છું કે સકામભક્તિથી સહેલાઈપૂર્વક ભગવાન્ની નિષ્કામભક્તિ સુધી ન પણ પહોંચી શકાતું હોય પરંતુ એક વાત આ પણ સાચી છે કે જો ભગવાન્ને કોઈ કામનાવાળા સુધી પહોંચવું છે તો! તો એમના માટે કોઈ પણ દરવાજા બંધ નથી. જે પણ દ્વારથી તે પહોંચવા માગે તે ભક્ત સુધી પહોંચી શકે છે. કામનાથી, ક્રોધથી, ભયથી, લોભથી, ભગવાન્ કોઈપણ દ્વારથી આપણા સુધી પહોંચી શકે છે. ભગવાન્ એ દ્વારથી આપણા સુધી પહોંચી શકે છે. એટલા માટે આપણે એ દ્વારથી ભગવાન્ને શોધવા જઈએ તો સમજી લો કે એ

થોડું મુશ્કેલ છે. ભગવાન્ એ દ્વારથી આપણા સુધી આવી શકે છે પરંતુ આપણે એ દ્વારથી ભગવાન્ પાસે મળવા નથી જઈ શકતા. ભગવાન્ સુધી પહોંચવાનો કમસે કમ પુષ્ટિમાર્ગમાં તો એક જ માર્ગ છે અને તે છે નિષ્કામભક્તિનો.

***

પ્રકરણ-૫

(સ્વભાવથી ભક્તિસુધીનું સમાનાન્તરીકરણ બ્રાહ્મિકલીલા ભાગવતીલીલાથી)

(બ્રાહ્મિકસ્વરૂપ અને બ્રાહ્મિકલીલા)

અત્યાર સુધી ધર્મ અર્થ કામ મોક્ષ આ ચતુર્વિધ પુરુષાર્થ અને પંચમ ભક્તિ પુરુષાર્થ આ પાંચેય પુરુષાર્થના સંદર્ભમાં આ બધા વિષયના વિસ્તારનું વિવેચન મેં તમારી સમક્ષ કર્યું. હવે તમે પ્રશ્ન પૂછશો તો મને પણ ખબર પડશે કે તમે કેટલું સમજ્યા છો અને હું પણ સમજી શકું કે હું કેટલું સમજાવી શકયો. પરંતુ જ્યારે તમે પ્રશ્ન નથી પૂછતા તો વનવે ટ્રાફિક્ મારે ચલાવવાનો છે તો એક વાત મારે કહેવી પડશે કે આજની તારીખમાં આ ધર્મ અર્થ કામ અને મોક્ષ આ શબ્દોના સ્વારસ્યને ઘણા જ સીમિત અર્થમાં ગ્રહણ કર્યા છે.

જે સીમિત અર્થમાં આપણે આ શબ્દોના સ્વારસ્યને ગ્રહણ કરી રહ્યા છીએ તે આપણા શાસ્ત્રોમાં આ બધા જ શબ્દો એટલા સીમિત મર્યાદામાં જ બંધાયેલા નથી. આના અર્થોનો વિસ્તાર કેટલો છે તેનો અંદાજ જો આપણે કાઢવો હોય તો તેના પહેલાં એક વાત આપણે સમજવી પડશે. તે આખી એક વ્યવસ્થાની વાત છે અને તે આ પ્રકારથી છે કે જેમ ઉપનિષદ્‌માં આ પૂછવામાં આવે છે કે “બ્રહ્મ શું છે?” તો એને ઉપનિષદ્ બે પ્રકારથી સમજાવે છે કે બ્રહ્મ **‘સચ્ચિદાનંદ’** છે. **‘સત્યંજ્ઞાનમનન્તમ્’** (તૈત્તિ.ઉપ.૨।૧।૧) છે. આ એવું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. ઉપનિષદ્ એવી રીતે પણ સમજાવે છે કે **“યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે, યેન જાતાનિ જીવન્તિ યત્ પ્રયન્તિ અભિસં વિશન્તિ તદ્ વિજિજ્ઞાસ્વ તદ્ બ્રહ્મ”** (તૈત્તિ.ઉપ.૩।૧) **“સત્યંજ્ઞાનમનન્તમ્”** ને સ્વરૂપલક્ષણ અથવા એશેન્શયલ્, ડેફિનેશન્ કહ્યું છે અને **“યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે...”** ને કાર્યલક્ષણ અથવા

ફન્કશનલ્ ડેફિનેશન્ કહ્યું છે. એટલે કે તે શું છે અને તે શું કરે છે. બ્રહ્મ શું કરે છે. જ્યારે આ પ્રશ્ન આવે છે તો ઉપનિષદ્ કહે છે કે જ્યાંથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, જ્યાં સ્થિત થાય છે, જ્યાં લય થાય છે તેને બ્રહ્મ સમજો. બ્રહ્મ શું છે? તેના ખુલાસામાં ઉપનિષદ્ કહે છે કે "જે સત્ય છે, જે ચિત્ત છે અને જે અનન્ત છે તે બ્રહ્મ છે." આ બ્રહ્મને જોવાનો એક દૃષ્ટિકોણ છે.

(ત્રિવિધ બ્રાહ્મિકલીલાનો દશવિધલીલામાં ભાગવત દ્વારા વિસ્તાર)

ભાગવતે એ ઉત્પત્તિ-સ્થિતિ-લયમાં આ ત્રણમાં પરિસીમિત ન કરીને દશમાં વિસ્તાર કર્યો. સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઉતિ મન્વન્તર ઈશાનુકથા નિરોધ મુક્તિ અને આશ્રય. આમ દશવિધ લીલાના રૂપમાં એનો વિસ્તાર કર્યો. જો બ્રહ્મની ઉત્પત્તિ સ્થિતિ લય અને સત્યંજ્ઞાનમનન્તા, આ ચારને જ્યારે આપણે જોઈએ છીએ તો ભાગવત તેનું આ રીતથી વિભાજન કરે છે કે જેને ઉપનિષદ્ 'ઉત્પત્તિ' કહે છે, બ્રહ્મની પરિભાષાના રૂપમાં, તેને ભાગવત કહે છે કે સર્ગ અને વિસર્ગ છે. જેને ઉપનિષદ્ 'સ્થિતિ' કહે છે એટલે કે જગત જેમાં સ્થિત છે, તેને ભાગવત સ્થાન પોષણ ઉતિ મન્વન્તર ઈશાનુકથા અને નિરોધ ના રૂપમાં સમજાવે છે. એટલે કે બ્રહ્મની જગત્ ઉત્પન્ન થાય છે, તેની બે બારીકિઓ ભાગવત સમજાવે છે કે ઉત્પત્તિ સર્ગ છે એટલું જ નહીં વિસર્ગ પણ છે. બ્રહ્મમાં જગત્ સ્થિત છે, એ સ્થિતિની છ બારીકિઓ ભાગવત સમજાવવા માગે છે, કે જગત્ એમાં સ્થિત છે, તે સ્થાન છે, તે જગત્નો પોષણકર્તા છે, જગત્માં અલગ-અલગ પ્રકારના ઝુકાવ પેદા કરે છે, અલગ-અલગ પ્રકારના ધર્મ પેદા કરે છે, ધર્મ પેદા કરે છે એટલું જ નહીં ભક્તિ પણ પેદા કરે છે. આ બધામાં એક ક્રમ છે. જેમ ઉત્પત્તિ સ્થિતિ લયમાં એક ક્રમ છે કે જે ઉત્પન્ન થયું છે એ જ તો સ્થિત થશે. એ જ રીતથી જેનો સર્ગ અને વિસર્ગ થયો છે એનું જ સ્થાન, એનું જ પોષણ એમાં કોઈ ઈન્કલીનેશન્, એમાં જ કોઈ ધર્મ અને ધર્મ પછી તેમાં કોઈ ભક્તિનું ફંકશન્ પેદા થશે.

અને તેના પછી ભગવાન્‌માં નિરુદ્ધ થવાનું જેને આપણે દશમસ્કન્ધની લીલા કહીએ છીએ તે લીલા ભાગવતમાં સ્થાન એટલે સ્થિતિના રૂપમાં સમજાવી છે. ત્યાર પછી પાછા ફરવાનો જે ક્રમ છે તેના ઉપનિષદ્ પણ બે ભેદ બતાવે છે કે કાં તો મુક્ત થઈને જીવ પાછો ફરી શકે છે અથવા પ્રલય પછી પાછો જીવ ફરીને આવી જાય છે. જેમ માટીથી આપણે એક ઘડો બનાવ્યો અને એને ફોડીને ચૂર્ણ કરી નાખ્યો તો ફરીથી તે માટીમાં સમાઈ ગયો. એ જ પ્રકારથી બ્રહ્મનો નામ રૂપ કર્મનો વિસ્તાર છે તે બધો બ્રહ્મમાંથી પ્રકટ થયો છે અને કોઈ એક બિન્દુ ઉપર જઈને તે ફરી બ્રહ્મમાં વિલીન થઈ જનારો છે. તેને ભાગવત કહે છે કે આ મુક્તિ અને આશ્રયલીલા છે. તે આશ્રયના પણ બે રૂપ ભાગવત સમજાવે છે. એક સ્વરૂપ રૂપી આશ્રય અને એક લીલાને એબ્સોર્બ કરવા રૂપ આશ્રય.

(બ્રહ્મ જ અભિન્ન નિમિત્તોપાદાન કારણ છે અને અવિકૃતતયા સૃષ્ટિરૂપ કાર્ય પણ થયું છે)

‘‘દેવાઃ મનુષ્યાઃ પશવઃ પક્ષિવૃક્ષસરીસૃપાઃ, રુપમ્ એતદ્ અનન્તસ્ય વિષ્ણોઃ ભિન્ન ઈવ સ્થિતમ્ દ્રષ્ટવ્યમ્ આત્મવદ્ વિષ્ણુઃ યતોઽયં વિશ્વરૂપધૃક્ એવં જ્ઞાતે સ ભગવાન્ અનાદિ પરમેશ્વરઃ પ્રસીદતિ અચ્યુતઃ તસ્મિન્ પ્રસન્ને ક્લેશઽસંક્ષયઃ’’ (વિ.પુરા.૧।૧૯)

પરંતુ ભાગવત આ બધી વાતોને જે ઉપનિષદ્‌માં ત્રણ પ્રકારથી સમજાવી, તેને નવ પ્રકારથી સમજાવે છે અને આશ્રય સમજાવે છે. તેના સિવાય એક વાત બીજી કહેવી છે કે જે બધાને પલ્લે નથી પડતી. કેટલીય વખત ભાગવતે એક પ્રકારથી નહીં અનેક પ્રકારથી આને સમજાવી છે. અને નિરંતર સમજાવી છે. ખબર નહીં કે શું વાત છે કે માણસ જે સાંભળવા માગે છે એ જ સાંભળે છે અને જે નથી સાંભળવા માગતો તે નથી સાંભળતો. ભાગવત તેમાં એક ખાસ વાત એ સમજાવવા માગે છે કે બ્રહ્મમાંથી જગત્ ઉત્પન્ન થઈ રહ્યું છે. પ્રશ્ન ત્યાં એ નથી કે જે ‘નથી’ તે ઉત્પન્ન થઈ રહ્યું છે કે જે ‘છે’ તે ઉત્પન્ન થઈ રહ્યું છે? જો આપણે

ઉત્પત્તિનું મોડેલ્ (નમુનો) બાળક અને માતાના ગર્ભનો વિચારીએ તો બાળક માતાના ગર્ભમાં હોય છે અને ઉત્પન્ન થાય છે. આ એક મોડેલ્ છે અને માટી અને ઘડાનું મોડેલ્ વિચારીએ તો એવું જોવામાં નથી આવતું કે આ ઘડો ખરેખર માટીમાં હતો અને તેના કારણે પેદા થયો. ઘડો તો પેદા થાય છે કુંભારના કોઈ પ્રયાસથી. માટીને કોઈ રૂપમાં ઢાળવાના કુંભારના પ્રયાસથી ઘડો બને છે. માટીમાં ઘડો છુપાયેલો નથી હોતો. પરંતુ ધ્યાનથી સમજો કે જેમ ખાણમાંથી હીરો નિકળે છે, સોનું નિકળે છે, તે પેદા થાય છે પરંતુ તે ખાણમાં હોય છે અને તેમાંથી તે બહાર નિકળે છે. આ ખૂબ જ વિચારણીય વિષય રહ્યો છે. શરૂઆતથી જ આ સૃષ્ટિ બ્રહ્મમાં હતી જેમ બાળક માતાના પેટમાં હતું અથવા તો આ (સૃષ્ટિ) ઘડવામાં આવી છે, જેમ કુંભાર માટીમાં ઘડો ઘડે છે. જ્યારે આ બંને મોડેલ્ સૃષ્ટિની રચનાની સામે આવ્યા ત્યારે કેટલાય તાર્કિકોએ આ તર્ક આપવો શરૂ કર્યો કે જ્યારે મોજૂદ જ હતું તો ઉત્પન્ન કરવાની આવશ્યકતા શું હતી અને ન હતું તો બ્રહ્મમાં અપૂર્ણતા હતી. કારણ કે કોઈ પણ કુંભાર માટીમાંથી ઘડો શા માટે પેદા કરે છે? કેમ કે ઘડાને ઘડશે, કોઈ એને ખરીદશે, તો તેની રોજી-રોટી ચાલશે. એ રોજી-રોટી ચલાવવા માટે તે માટીમાંથી ઘડો પેદા કરે છે. પ્રશ્ન એ ઉભો થાય છે કે બ્રહ્મને પોતાની કોઈ રોજી-રોટી ચલાવવી છે! આ બંનેમાં અંતર છે. આ વાત ઉપર ધ્યાન આપો કે જો આ બધી સૃષ્ટિ બ્રહ્મમાં પહેલાં જ હતી તો પેદા થયા પછી પણ બ્રહ્મથી બહાર તો હોઈ નથી શકતી. પેદા થયા પહેલાં બ્રહ્મમાં હતી અને પેદા થયા પછી પણ બ્રહ્મમાં જ છે તો પેદા કરવાની આવશ્યકતા કઈ છે? જ્યારે આ પ્રશ્ન સામે આવે છે તો લોકોની બુદ્ધિ બેર મારી જાય છે કે આનો જવાબ શું? જ્યારે જવાબ નથી મળતો ત્યારે કેટલાંક લોકો કહે છે કે જગત્ પેદા થતું જ નથી અને આપણી બધી ભ્રમણા છે. કેટલાંક લોકો એમ વિચારે છે કે આ સૃષ્ટિ પેદા થતી જ નથી પરંતુ આપણને લાગે છે કે પેદા થઈ રહી છે. કેટલાંક લોકો એમ પણ વિચારે છે કે જગત્ પેદા તો થયું પરંતુ તે પછી ગોટાળો થઈ ગયો. પરંતુ જો આ પેદા થવામાં ગોટાળો માનશું તો બ્રહ્મમાં પણ ગોટાળો માનવો પડશે. કેમ કે જે જગત્ છે તેમાં ઘણો બધો ગોટાળો

જોવા મળે છે. એક સીડ઼ી ચઢ઼વા ઉતરવામાં પણ ગોટાળા છે, પગ લપસી શકે છે. લફરા તો બધી જગ્યાએ છે. આવા સામાન્ય લફરા બ્રહ્મમાં પણ છે શું ? જો નથી તો વાત સ્પષ્ટ થઇ ગઇ કે આ સૃષ્ટિ બ્રહ્મમાં ન હતી. ત્યારે તો પછી કાંઇક ગડ઼બડ઼ થઇ ગઇ ને!

શ્રીમહાપ્રભુજીએ ભાગવતના કેટલાય પેસેજોને અવલોકન કરીને એ નિર્ધારિત કર્યું કે આ બધાનો જવાબ આ રીતથી વિચારવાથી નહીં આવે. આ બધાનો જવાબ આ વાતથી આવી શકે છે કે બ્રહ્મ કુંભાર પણ છે બ્રહ્મ માટી પણ છે. માટી પણ બ્રહ્મ છે કુંભાર પણ બ્રહ્મ છે અને જે ઘડો ઉત્પન્ન થયો છે તેમાં માટીના પણ ગુણ છે અને કુંભારના બધા નહીં પણ થોડાક ગુણ છે. ક્યા ગુણ કુંભારના ઘડામાં આવે છે? ઘડામાં કુંભારના ઘડાને પેદા કરવાવાળા ગુણ નથી આવતા પરંતુ કુંભારના મનમાં જે ઘડાનો આકાર હતો, તે બધા ગુણ ઘડામાં આવે છ઼ે. કુંભારે જે વિચાર્યું હતું કે મારે આવો ઘડો બનાવવો છે, તે શેપ્ કુંભારની અંદર દિમાગમાં હતો અને એકઝીક્યૂટ્ થઇને બહાર ઘડામાં આવી જાય છે. થોડાક કુંભારના ગુણ ઘડામાં આવી રહ્યા છે અને થોડાક માટીના ગુણ પણ ઘડામાં આવી રહ્યા છે. માટીના ક્યા ગુણ ઘડામાં આવી રહ્યા છે? કુંભારના મનમાં જે આકાર ફંક્શન્ (નિયોજિત કાર્ય) ની પરિકલ્પના હતી તે પરિકલ્પનાના ઘડામાં પાણી નહોતું ભરી શકાતું. પાણી તો માટીના ઘડામાં જ ભરી શકાય છે. જો કલ્પનાના ઘડામાં જ પાણી ભરવું છે તો પછી પાણી પણ કલ્પનાનું જ હોવું જોઇએ. સાચું પાણી કલ્પનાના ઘડામાં ન ભરી શકાય. સાચું પાણી ભરવું છે તો આપણને માટીનો ઘડો જ જોઇએ. એટલા માટે મહાપ્રભુ એમ કહે છે કે આ સૃષ્ટિરૂપ ઘડાની માટી પણ બ્રહ્મ છે અને તેનો કુંભાર પણ બ્રહ્મ છે.

(ઔપનિષદિક બ્રહ્મ અથવા ભાગવતોક્ત ભગવાન્ કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ અને ભવિતુમ્ અભવિતુમ્ અને અન્યથાભવિતું સમર્થ છે.)

જો આટલી વાત આપણે સમજી જઇએ કે આ સૃષ્ટિનો કુંભાર અને

માટી બંને જ બ્રહ્મ છે તો મહાપ્રભુ વલ્લભાચાર્ય એક વાત આના નિષ્કર્ષની બાબતમાં કહે છે કે આ સ્થિતિ, ચાહે આપ બ્રહ્મ માનો, અલ્લાહ માનો, યહોબા માનો, બુદ્ધ માનો અથવા કર્મના નિયમ માનો તો જ્યાંથી પણ આ સૃષ્ટિ પેદા થઈ છે, તે કોઈ પણ તત્ત્વ હોય, પરંતુ આ સૃષ્ટિમાં જે કાંઈ જોવામાં આવી રહ્યું છે તે જોવામાં આવી રહેલા રૂપમાં તેના કર્તાનું અને તેના મટીરિયલ કોઝ્ નું (ઉપાદાન કારણ) કોન્ટ્રીબ્યુશન્ છે, એ તો માનવું પડશે. જ્યારે આ બંનેનું કોન્ટ્રીબ્યુશન્ આપણે માની લીધું તો તેનો પણ એક નિષ્કર્ષ નિકળે છે. તે કર્તાને આપણે કર્તુમ્ અકર્તુમ્ અને અન્યથાકર્તું સમર્થ માનવો પડશે. જેમ કુંભાર ઘડો બનાવવા ઈચ્છે તો ઘડો બનશે. ન બનાવવા ઈચ્છે તો નહીં બને. આ તેની કર્તુમ્ કે અકર્તુમ્ સામર્થ્ય થયું. કુંભાર જો ગોળને બદલે લાંબુ કે ચોરસ માટલું બનાવવા ઈચ્છે તો લાંબુ કે ચોરસ પણ માટલું બની શકે છે. આ 'કર્તું સમર્થ' મતલબ કે બનાવવા ઈચ્છે તો બનાવી શકે છે. 'અકર્તું સમર્થ' નો મતલબ કે ન બનાવવા ઈચ્છે તો નહીં બનાવે. અને 'અન્યથા કર્તું સમર્થ' તો મતલબ કે ગોળને બદલે લાંબું કે કોઈપણ આકારનું પણ બનાવી શકે છે. આ ત્રણેય સામર્થ્ય આપણે કુંભારમાં માનવું પડશે. અને આ જ ત્રણેય સામર્થ્ય આપણે માટીમાં પણ માનવી પડશે કે જેમ માટીનું માટલું બની શકે છે તો તે તેનો શકોરો કોડીયું હાથી ઘોડો બની શકે છે. તો બનવાનું (ભવિતું સામર્થ્ય), ન બનવાનું (અભવિતું સામર્થ્ય) અને કાંઈક બીજું પણ બનવાનું સામર્થ્ય (અન્યથાભવિતું સામર્થ્ય) માટીમાં પણ છે અને કરવાનું નહીં કરવાનું અને અન્યથા (બીજા પ્રકારથી) કરવાનું સામર્થ્ય કુંભારમાં પણ છે. આ સામર્થ્ય આપણે એ બંનેમાં માનવી પડશે. હવે તમે તેને 'બ્રહ્મ' નામ ન આપીને ભ્રમ માયા અલ્લાહ ગોડ્ કોઈ પણ નામ આપી દો પરંતુ જેણે આ બનાવ્યું છે તેનામાં આ સામર્થ્ય તો તમારે સ્વીકારવી જ પડશે. જો તમે એટમ્ નામ આપી દો તો એટમ્માં પણ આ સામર્થ્ય માનવી પડશે. જરૂરી નથી કે આપણે તેને એટમ્ નામ ન આપી શકીએ. તે એટમ્ આવી રીતે પણ બની શકતો હતો, તેવી રીતે પણ બની શકતો હતો, અને કાંઈ જ ન બનવું હોય તો તે પણ થઈ શકે છે જેને

મેકસપ્લાંક્ પહેલી વખત કહ્યું કે લાઈટ્નો બિલ્કુલ અનપ્રડિકટેબલ્ કોર્સ છે કે તે ક્યારેક સીધી ચાલે છે, ક્યારેક પોતાના રસ્તાથી હટીને પણ ચાલે છે. મોશન્ના જે સિદ્ધાન્ત છે તેને લાઈટ્ સંપૂર્ણ રીતથી ફોલો (અનુસરણ) નથી કરતી. ઘણા બધા પ્રયોગો પછી એ સાબિત થયું કે લાઈટ્નો એક બીમ જો આપણે સીધો નાખીએ તો બધી લાઈટ્ સીધી જવી જોઈએ. પરંતુ કેટલીક લાઈટ્ના એવા બદમાશ પાર્ટીકલ હોય છે કે તે આડ઼ા જવા લાગે છે. લાઈટ્માં પણ ગન્તુમ્ અગન્તુમ્ અન્યથાગન્તું સામર્થ્ય છે. વિજ્ઞાન પણ તો આ વાત માને છે. લાઈટ્ના પાર્ટીકલ્ના જે વ્યવહાર છે તે પણ તો અનપ્રેડિકટેબલ્ છે ! એ જ કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુ સામર્થ્યની વાત છે.

(કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુંની પરિસીમિત સામર્થ્ય જીવમાત્રમાં છે)

તે સામર્થ્ય જે સૃષ્ટિના કર્તામાં છે, એટલે કે જે સામર્થ્ય સૃષ્ટિના કારણ અને ઉપાદાનમાં છે તે સામર્થ્ય એક નાના સ્કેલ ઉપર આપણા બધામા છે. આ સામર્થ્ય સુર્યના પ્રકાશમાં છે એવું જ નથી, એ સામર્થ્ય આ ટ્યુબલાઈટ્માં પણ છે. એક નાનકડી મીણબત્તીના પ્રકાશમાં પણ એ જ સામર્થ્ય છે. વિજ્ઞાને અનેક પ્રયોગો કર્યા પછી એ સિદ્ધ કરીને બતાવ્યું કે એક લાઈટનો પાર્ટીકલ્ બીજી લાઈટના પાર્ટીકલ સાથે મળીને કયારેક બમણી લાઈટ પ્રોડયૂસ કરે છે અને કયારેક બંને પાર્ટીકલ મળીને અંધારૂ કરી દે છે. હવે બે લાઈટ્ મળી તો અજવાળું વધારે થવું જોઈતું હતું, અંધારૂ કેવી રીતે થઈ ગયું? તેના જવાબમાં કહે છે કે આ અનપ્રેડિકટેબલ છે. આ અનપ્રેડિકટેબલને આપણે ત્યાં 'કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુ સામર્થ્ય' કહે છે. નામ તો આપણી સમજણ અનુસાર કાંઈ પણ આપી દો પરંતુ આ સામર્થ્ય તો તમારે માનવું જ પડશે. એ સામર્થ્ય જેવી રીતે મેગા સ્કેલ્ (મોટા વિસ્તાર) ઉપર છે, એ જ સામર્થ્ય મિની સ્કેલ્ (નાના વિસ્તાર) ઉપર પણ છે. એ સામર્થ્ય આપણે જીવોમાં પણ છે. આપણે ભક્તિ કરી શકીએ છીએ જો કરવી હોય તો. ભક્તિ ન કરવી હોય તો નથી

પણ કરી શકતા અને નિષ્કામભક્તિને બદલે સકામભક્તિ કરવી હોય તો તે પણ કરી શકીએ છીએ. સકામ ન કરવી હોય અને ભક્તિનો ધંધો જ કરવો હોય તો તે પણ કરી શકીએ છીએ. કોણ રોકી શકે છે આપણને? ભગવાન્ ક્યારેય પણ આ વાતનું ઓબ્જેકશન્ (વાંધો) નથી લેતા કે તમે મારો ધંધો શા માટે કરો છો! કેટલો સરળ સ્વભાવ છે ભગવાન્નો! તમારો કોઈ ધંધો કરે તો તમે તરત જ ફરીયાદ કરશો પરંતુ ભગવાન્ કાંઈ નથી કરતા. કેમ કે ભગવાને આપણને કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું સામર્થ્ય આપ્યું છે કે તમે મારો ઉપયોગ કરો, અનુપયોગ કરો કે દુરુપયોગ કરો. જે કરવું હોય તે કરો. હું તમારા માટે દરેક વાત માટે મોજુદ છું. આઈ એમ અવેલેબલ્ ટુ યૂ ઈન ઓલ્ રીસ્પેક્ટ એવરિવ્હેર્, ધ વે યૂ વોન્ટ્ ટુ યૂજ મી. યૂઝ મી, મીસ્યૂઝ મી ઓર ડૂ નોટ યૂઝ મી. યૂ આર ફ્રી. તમે સ્વતંત્ર છો પરંતુ એ સ્કેલ ઉપર નહી પણ એક મિની સ્કેલ ઉપર. તમે કેટલી હદ સુધી દુરુપયોગ કરશો? કેમ કે પાંજરામાં રાખેલો એક પોપટ ચાલી શકે છે કે નહી? ચાલી શકે છે, ફરી શકે છે, ઉપર નીચે જઈ શકે છે. તેની પાસે પણ કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું બધુ સામર્થ્ય છે. પરંતુ તે સામર્થ્ય પિંજરાની અંદર જ વાપરી શકે છે. પિંજરાની બહાર તે નથી વાપરી શકતો.

(જીવની પિંજરારૂપી પરિસીમા કાલ કર્મ સ્વભાવ પ્રકૃતિ પુરુષ છે)

એ જ રીતે જીવ પાસે પણ બધું સામર્થ્ય મોજુદ છે અને આ જીવાત્માને જે કાલ કર્મ સ્વભાવ પ્રકૃતિ પુરુષના પિંજરામાં રાખવામાં આવેલો છે એ પિંજરાની અંદર પોતાનું સામર્થ્ય વાપરી શકે છે. તેની બહાર તો તે કાંઈ પણ નથી કરી શકતો, એ પિંજરાની અંદર જ પોતાનું સામર્થ્ય કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું વાપરીને એ વિચારે છે કે ‘‘હું આ ભક્તિ કરીશ, તે ભક્તિ નહીં કરૂં. હું હિન્દુ નહીં મુસલમાન કે ઈસાઈ બનીશ. અરે આ બધી ભગવાન્ની કથા બેકાર છે, હું તો જૈન બૌદ્ધ બનીશ.’’ આ બધું સામર્થ્ય આપણી પાસે મૌજુદ છે. આ બધી સામર્થ્ય આપણને મિની સ્કેલ્ ઉપર આપવામાં આવી છે. પરંતુ એક નાનકડી

મુશ્કેલી છે કે તમને બે પગ આપ્યા છે, તેમાં પહેલાં જમણો પગ ઉપાડવો કે ડાબો પગ ઉપાડવો, એ તમારી ઈચ્છાની વાત છે. એક વાર ઉપાડી લીધો તો બીજો પગ ઉપાડવાની સામર્થ્ય તમારામાં નથી. બસ ત્યાં તમારો સ્કેલ્ સમજાઈ જાય છે. હવે તમે બીજો પગ ઉપાડી નથી શકતા. તમે કૂદકો મારી શકો છો પરંતુ પગ ઉપાડી નથી શકતા. પરંતુ કુદકો મારીને પડવું એ તમારૂં લાજમી છે. એ જ ભયને કારણે તમે બીજો પગ નથી ઉપાડતા.

પ્રકૃતિના ત્રણે ગુણોની સામ્યાવસ્થા ભગવાન્ છે, આ ગુણોના કારણે ગુણવાળી પ્રત્યેક વસ્તુના સ્વભાવિક ગુણ પણ ભગવાન્ છે તથા બધી સૂક્ષ્મવસ્તુઓમાં સૂક્ષ્મતમ જીવ પણ ભગવાન્ છે. ''ગુણાનાં ચાપ્યહમ્ સામ્યં ગુણિનિ ઔત્પત્તિકો ગુણઃ ગુણાનામપિ અહં સૂત્રં મહતાં ચ મહાન્ અહં, સૂક્ષ્માણામપિ અહં જીવઃ'' (ભાગ.પુરા.૧૧।૧૬।૧૦)

મિની સ્કેલ્માં આપણી અંદર મેગા સ્કેલ્વાળી બધી સામર્થ્ય ઉપલબ્ધ છે. જે પ્રકારનું ફંક્શન્ થઈ રહ્યું છે, એ જ માઈક્રોસ્કેલ્ ઉપર બધું જ આપણામાં મૌજુદ છે. બ્રહ્મના બધા ગુણ, એવો કોઈ ગુણ નથી જે આપણી અંદર માઈક્રોસ્કેલ્ ઉપર ન હોય. હવે જ્યારે ધર્મ અર્થ કામ મોક્ષ અને ભક્તિ ના પુરુષાર્થના સમાયોજનનો આપણે વિચાર કરી રહ્યા છીએ તો માઈક્રોસ્કેલ્ ઉપર આપણી અંદર કેટલી સામર્થ્ય મૌજુદ છે, એ સામર્થ્યો ઉપર થોડી નજર કરવાની આવશ્યકતા છે તેથી આપણે આ ચારેયનું સમાયોજન સરળ રીતથી કરી શકીએ. બીજુ હું તમને યાદ અપાવી દઉં કે જે કાંઈ પણ સમાયોજન આપણે કરશું તે પિંજરાની અંદર જ થશે, બહાર નહીં થાય. પરંતુ એ પિંજરાની અંદર આપણે સમાયોજન કરી શકીએ છીએ, કરી શકીએ છીએ અને કરી શકીએ છીએ. જેમ પિંજરામાં બંધાયેલો પોપટ ઘણું બધું કામ કરી શકે છે. કેટલી હદ સુધી કરી શકે છે કે જો તમે પિંજરામાં આંગળી નાખી તો તે તમને કરડી શકે છે. તમે તમારો ગાલ પિંજરાની દીવાલ ઉપર લગાવી દો તો તે તમને વહાલ પણ કરી શકે છે. તે જ રીતે આપણે ભગવાન્ને કરડી પણ શકીએ છીએ

અને વ્હાલ પણ કરી શકીએ છીએ. આટલી કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું સામર્થ્ય ભગવાને આપણી અંદર ભરેલી છે. આ વાત આપણે સરખી રીતે સમજવી પડશે, ધર્મ અર્થ કામ મોક્ષ અને ભક્તિના સમાયોજનના પરિપ્રેક્ષ્યમાં.

(સ્વભાવજા ક્રિયા વસ્તુઓમાં ગુણધર્મરૂપા હોય છે. ઉત્પત્તિ અહીં ધર્મરૂપ હોય છે, સ્થિતિ અર્થરૂપ, લયઃ કામરૂપ અને આનું સનાતન ચક્ર દ્રવ્યસ્વરૂપ મુક્તિ છે)

જે વાત હું તમને સમજાવવા માગી રહ્યો છું તે એ છે કે આગ જલે છે, હવા ચાલે છે, પાણી વહે છે. તે આપણે શા માટે કહેશું કે આગનું જલવું, પાણીનું વહેવું, હવાનું ચાલવું એનો સ્વભાવ છે, માનો કે આગ કોઈને બાળી નાખે તો આગ વિરૂદ્ધ કોઈ પોલીસમાં ફરીયાદ દાખલ કરે છે? હવાએ કોઈને ઉડાડી દીધો તો કોઈ અપહરણની ફરીયાદ નોંધાવે છે? પાણીએ કોઈને વહાવી દીધો કે ડૂબાડી દીધો તો કોઈ પાણીની વિરૂદ્ધ થાણામાં ફરીયાદ દાખલ કરે છે? કોઈ આવું કેમ નથી કરતું કેમ કે તે એમનો સ્વભાવ છે. તમે તેના સ્વભાવના શિકાર બની ગયા તો તે તેના સ્વભાવ મુજબ કરી દેશે અને જો શિકાર ન બન્યા તો નહીં કરે. તેના સ્વભાવનો ઉપયોગ કેવી રીતે કરવો? કરવો કે ન કરવો અથવા ઉલ્ટી રીતે કરવો તે તમારા હાથમાં છે. તેનો પોતાનો સ્વભાવ ઉપર કાબૂ નથી. પાણી વહી રહ્યું છે તો વહેશેજ અને વહાવશેજ. હવા ચાલી રહી છે ચાલી રહી છે, ઉડાડી પણ શકે છે. આગ જલી રહી છે તો જલાવી પણ શકે છે. કેમ કે વહેવું-વહાવવું, ચાલવું-ચલાવવું, જલવું-જલાવવું એ વસ્તુઓના સ્વભાવ છે. આપણે એમ નથી કહેતા કે આપણે એના સમર્થનમાં અથવા વિરોધમાં કાંઈ કરી શકીએ છીએ. તેના સ્વભાવનો સદુપયોગ અનુપયોગ અને દુરુપયોગ ત્રણેય કરવાનું સામર્થ્ય પ્રભુએ આપણને આપ્યું છે, ભલે તે સામર્થ્ય મિની સ્કેલ્ ઉપર જ કેમ ન હોય.

(ઇતરોપાધિકી ક્રિયા પ્રભાવરૂપ હોય છે. તેના કારણે આગન્તુક ગુણધર્મોનું ઉત્પાદન ધર્મરૂપ હોય છે, સ્થાપનમ્ અર્થરૂપ, વિલાપનં કામરૂપ, નૂતનોત્પાદન મુક્તિરૂપ હોય છે)

હવે આ સ્વભાવ પછી દરેક વસ્તુ ઉપર કોઈ બીજી વસ્તુના પ્રભાવથી પણ કેટલીક ક્રિયા ઉત્પન્ન થાય છે. જેમ કે હવા આ રૂમમાં ભરાયેલી છે પરંતુ આપણને તેનો અનુભવ નથી થતો પરંતુ કોઈ પંખી કે બ્લોઅર્ આ રૂમમાં લગાડી દે તો તેનો પ્રભાવ પડે છે. તે એટલી તાકાતથી આપણી તરફ આવે છે કે જે અનુભૂત નહોતી થતી, તે આપણને અનુભૂત થવી શરૂ થઈ જાય છે. એ જે હવામાં પોતાની અનુભૂતિ કરાવવાનો જે અહેસાસ છે. અથવા જેમ હવાનું તાપમાન બહારનું જે હોય તે હોય, પરંતુ આપણે એરકન્ડીશન અથવા એરકૂલર લગાડી દઈએ તો તે હવાને ઠંડી કરી દે છે. એટલી હદ સુધી ઠંડી કરી દે છે કે બહારની હવા ઠંડી નથી છતાં પણ તેના દ્વારા આવતી હવા આપણને ઠંડી લાગે છે. હવાનું ઠંડુ થઈ જવું અને આપણા સુધી એ ઠંડકને પહોંચાડવું એ હવાનો સ્વભાવ નથી પરંતુ હવા ઉપર પડેલો પ્રભાવ છે. કેટલીક ક્રિયાઓ પ્રભાવથી પણ પેદા થાય છે. પ્રભાવથી જે ક્રિયા પેદા થાય છે, તેની જવાબદાર એકલી તે વસ્તુ નથી પરંતુ જેનો પ્રભાવ તેના ઉપર પડયો છે તે વસ્તુ પણ એ ક્રિયાની જવાબદાર છે. સ્વભાવથી જે ક્રિયા પેદા થાય છે તેમાં કોઈ જવાબદાર નથી કેમ કે તે તો તે વસ્તુનો સ્વભાવ છે તેમાં કોઈ કાંઈ નથી કરી શકતું.

(પ્રાણીના જ્ઞાન ઈચ્છા અને પ્રયત્નથી પેદા થનારી ક્રિયા 'કર્મ' કહેવાય છે. કર્મમાં પ્રયત્ન ધર્મરૂપ હોય છે જ્ઞાન અર્થરૂપ, ઈચ્છા કામરૂપ અને સન્તુષ્ટિ કે અસન્તુષ્ટિ મુક્તિ અથવા બન્ધનરૂપ થઈ જાય છે)

તેના પછી એક સ્થિતિ આવે છે. આ સ્વભાવ અને પ્રભાવના એકબીજા સાથે મળવાથી આપણી અંદર એક ચેતના પ્રકટ થાય છે અને

તેનાથી જ્ઞાન ઇચ્છા અને પ્રયત્ન આપણે કરવા લાગી જઇએ છીએ. જ્યારે આપણે જ્ઞાન દ્વારા જાણી રહ્યા છીએ, પછી કાંઇક ઇચ્છા કરી રહ્યા છીએ અને એ ઇચ્છાની પૂર્તિ માટે કોઇક પ્રયત્ન કરી રહ્યા છીએ, તેનાથી જે ક્રિયા પેદા થાય છે તેને આપણે ક્રિયા ન કહીને 'કર્મ' કહીએ છીએ. કર્મ જે જ્ઞાન ઇચ્છા પ્રયત્ન વિના પેદા થયું તેને 'ક્રિયા' કહીએ છીએ. તે કાં તો સ્વભાવથી પેદા થાય છે કાં તો પ્રભાવથી. જેમ આપણા શરીરના ઉદાહરણથી તમે જુઓ તો જે રક્તપરિભ્રમણ આપણા અંદર થઇ રહ્યું છે, તે જ્ઞાન ઇચ્છા પ્રયત્નથી થઇ રહ્યું છે કે પોતાના સ્વભાવથી થઇ રહ્યું છે? એ તો સ્વભાવથી થઇ રહ્યું છે. શરીરનો એ સ્વભાવ છે પરંતુ બીજી રીતથી જૂઓ કે આ શરીરનો સ્વભાવ પણ પૃથ્વીના ગુરુત્વાકર્ષણથી પ્રભાવિત છે, કે હવાના દબાણથી? જો તમે અંતરિક્ષમાં ચાલ્યા જાવ તો આ રક્તપરિભ્રમણ મૃત્યુનું કારણ બની શકે છે. જે રક્તપરિભ્રમણ પૃથ્વી ઉપર આપણને જીવતા રાખવાનું કારણ છે એ જ રક્તપરિભ્રમણ બહારી અંતરિક્ષમાં આપણા મૃત્યુનું કારણ બની જશે. જીવનનું કારણ કોઇક પ્રભાવના કારણે છે અને મરણનું કારણ પણ કોઇક બીજા પ્રભાવના કારણે થશે. આપણે સમજીએ છીએ કે આપણે આપણા પ્રયત્નથી આ કામ નથી કરતા માત્ર સ્વભાવ અને પ્રભાવથી આ બધા કામ આપણી અંદર ચાલી રહ્યા છે. કર્મ કયુ? જેમ રક્તપરિભ્રમણ થઇ રહ્યું છે પરંતુ તમે હલનચલન શરૂ કરી દીધું તો રક્તપરિભ્રમણ વધી જાય છે. જ્યારે તમે ગુસ્સે થાવ છો ત્યારે તમારૂં લોહી આંખોમાં આવી જાય છે. જ્યારે તમે વધારે ગુસ્સે થાવ છો તો માથું ભારે કેમ બની જાય છે? આપણે સમજીએ છીએ કે ગુસ્સે થવાને લીધે માથું ભારે થયું. ખરેખર તો ગુસ્સે થવાને લીધે માથું ભારે નથી થયું. જો ગુસ્સે થવાને કારણે માથું ભારે થતું હોય તો દરેક શિકારી પશુનું માથું ભારે રહેવું જોઇએ. પરંતુ આપણું માથું કેમ ભારે થઇ જાય છે, ગુસ્સો થવાને લીધે. કેમ કે જે ગતિનું રક્તપરિભ્રમણ સહન કરવા માટે આપણું મગજ તૈયાર નથી, તેનાથી વધારે ગતિથી આપણું રક્તપરિભ્રમણ ત્યાં થાય છે તેને આપણે હાઇ બ્લડપ્રેશર્ કહી દઇએ, લો બ્લડપ્રેશર્ કહી દઇએ. તે પ્રેશરનું ઓછા વત્તાપણું જ આપણું માથું ભારે

કરે છે. કેમ કે મગજની નસોંનો એક સ્વભાવ છે કે કેટલા પ્રેશર્‌ને તે સહન કરી શકે છે. ક્રોધથી આપણું માથું આ જ કારણથી ભારે થઈ જાય છે.

કેટલાક લોકો સમજે છે કે આપણને ઉંઘ આવે છે. પરંતુ ખબર હોવી જોઈએ કે ઉંઘ આપણને એટલા માટે આવે છે કે જ્યારે આપણે ખોરાક ખાઈએ છીએ ત્યારે લોહીનો સંચાર પેટની તરફ જાય છે. માથામાં લોહીનો સંચાર થોડો ઓછો થઈ જાય છે. તેનાથી ત્યાં ઓક્સિજન્ ઓછો થાય છે. તેથી આપણને ઉંઘ આવે છે. આપણી અંદર એક વ્યવસ્થાના રૂપમાં કેટલી સરસ વાત ભરાયેલી છે. આપણે કહીએ છીએ કે અમે સુવા ઈચ્છીએ છીએ. આ કર્મ છે કે સ્વભાવ છે કે પ્રભાવ છે. આપણા અહંકારની દ્રષ્ટિથી તો આપણે એ જ વિચારીએ છીએ કે અમે સુઈ જવા માગીએ છીએ. રક્તપરિભ્રમણની દ્રષ્ટિથી જૂઓ તો એ પ્રભાવ છે. ખાવાના કારણે મગજમાં રક્તપરિભ્રમણ ઓછું થઈ જવાને કારણે. લોહીની કમી થવાના કારણે મગજ કહે છે કે કામ કરવાનું બંધ કરવું જોઈએ. શરીરમાં આવી વ્યવસ્થા છે કે તેની સ્વિચ ઓફ્ થઈ જાય છે.

પ્રાણીશાસ્ત્રમાં એક બહુ મજેદાર વાત છે. જેમ માછલીઓને ઉંઘ નથી આવતી, આખી રાત તે આમ-તેમ ફરતી રહે છે. પૃથ્વી ઉપર શા માટે ઉંઘ આવે છે તેનું અન્વેષણ વૈજ્ઞાનિકોએ ચકલીઓ ઉપર કર્યું. તેમણે જોયું કે માદા પક્ષી પોતાના બચ્ચાઓની રક્ષા કેવી રીતે કરે છે. પેદા તો તે કરી દે છે પરંતુ એની સુરક્ષા શું? ચકલીઓના બચ્ચા એવા બેવકૂફ હોય છે કે બોલ્યા વગરના રહેતા નથી તો રાતના અંધારામાં જો તે બોલે તો શિકારી પક્ષી એમને ખાઈ શકે છે તેથી પ્રકૃતિએ એવી વ્યવસ્થા કરી દીધી કે ઉંઘ આવવાના કારણે એમનું રાતમાં બોલવાનું બંધ થઈ જાય છે. આ ઉંઘ આવવાનું કારણ છે. પ્રકૃતિએ એમની સુરક્ષા માટે આવી વ્યવસ્થા કરી દીધી છે. જો તેઓ બોલશે જ નહીં તો શિકારી પક્ષી ને ખબર કેવી રીતે પડે? દિવસ થતાં જ તેઓ ફરીથી ચીં ચીં શરૂ કરી દે છે. કેમ કે એમને ખબર છે કે માં ખાવાનું લાવશે. આ પ્રકારથી વ્યવસ્થા કરી છે. હવે આપણે આપણા અહંકારથી સમજીએ છીએ કે આપણે કરી રહ્યા છીએ.

પરંતુ સમજી નથી શકાતું કે આપણે કરી રહ્યા છીએ કે આપણી પાસેથી પ્રકૃતિ કામ કરાવી રહી છે. સતત આપણી અંદરથી પ્રશ્ન થતો રહે છે કે આપણે ભક્તિ કરી રહ્યા છીએ કે કૃપા આપણી પાસે ભક્તિ કરાવી રહી છે. અરે ભાઈ! ઉંઘ આપણને આવી રહી છે કે ઉંઘ આપણી અંદર લાવવામાં આવી રહી છે! જ્યારે લાવવામાં આવી રહી છે છતાં પણ આપણે માનીએ છીએ કે આપણે સૂવા ઈચ્છીએ છીએ. પરંતુ જ્યારે આપણે સૂવા માગીએ છીએ ત્યારે ખરેખર તો આપણે સૂવા નથી માગતા. આપણા શરીરની અંદર સરવાઈવલ્‌ની સિસ્ટમ્ ઉંઘ લાવી રહી છે. કેમ કે આખી રાત પણ જો ગડબડ કરશો તો કોઈક ને કોઈક ખાઈ જ જશે. આ પ્રકૃતિ દ્વારા આપવામાં આવેલી એક સરવાઈવલ્ કિટ્ છે. એટલા માટે જ્યારે આપણે ચુપ થઈને સૂઈ જઈએ છીએ તેથી આપણો કોઈ શિકાર નથી કરતું.

કોઈ શ્રીમતીજીને બોલવાની બહુ આદત હતી. એટલી હદ સુધી એ આદત વધી ગઈ કે તે પતિને બોલવા જ નહોતા દેતા. તેથી બિચારા પતિનો સ્વભાવ ચૂપ રહેવાનો થઈ ગયો. જ્યારે બોલવા જ નથી દેતી તો બોલીને શું ફાયદો? છેવટે એ સ્વભાવ વધીને એકાન્તિક સ્વભાવ બની ગયો અને બોલવાનું તદ્દન જ બંધ થઈ ગયું. પત્ની પૂછે તો પણ જવાબ ન આપે. ત્યારે પત્ની ગભરાઈ ગઈ કે આનો શું ઈલાજ કરવો ત્યારે એમણે ડોકટરની સલાહ લીધી એ બોલવાનું બંધ થઈ જવાનું શું કારણ છે? કાંઈ પણ પૂછે તો જવાબ જ નથી આપતા. ડોકટરે આવીને તપાસ કરી તો બધા ફંકશન (ક્રિયા) તો બરાબર ચાલી રહી છે. તો કેમ નથી બોલી રહ્યા? ડોકટરે કહ્યું કે હોસ્પિટલે લઈ જઈને ચેક કરવું પડશે. ત્યારે પતિને મુંઝવણ થઈ ગઈ કે ક્યાંક વ્યર્થમાં હોસ્પિટલમાં દાખલ ન કરી દે. એમણે કહ્યું કે ''સાંભળો, સાંભળો મારે હોસ્પિટલ્ નથી જવું'' પત્નીએ કહ્યું ''ચુપ રહો, ડોકટરને તમારાથી વધારે ખબર પડે છે.'' હવે કહો બોલવા જ ન દેતો શું કરે બિચારો પતિ, ક્યાં જાય! એક તો બળજબરીથી હોસ્પિટલ્‌માં દાખલ કરાવી રહ્યા છો. અને જ્યારે તે બોલવાનું શરૂ કરી

રહ્યો છે ત્યારે ચુપ કરી દો છો કે તમારા કરતાં ડોકટર્‌ને વધારે ખબર પડે છે.

ક્યારેક એવું પણ થાય છે કે કોઈના કહેવાના કારણે પણ આપણે ચૂપ થઈ જઈએ છીએ. આપણે સમજીએ છીએ કે આપણી ક્રિયાથી આપણે ચૂપ છીએ પરંતુ કોઈ બીજાનો પ્રભાવ આપણા ઉપર પડી રહ્યો છે. ચૂપ રહેવા માટે હું તમારા લોકોની વાત કરી રહ્યો છું. ‘‘ચૂપ રહો. મહારાજશ્રીને સવાલ નહીં કરો.’’ હું ડોકટર્‌ને નહીં બોલાવું. એટલા આશ્વસ્ત રહો. કેટલીક ક્રિયાઓ જ્ઞાન ઈચ્છા પ્રયત્નથી પેદા થાય છે. એને આપણે કર્મ નથી કહેતા. કેટલીક ક્રિયાઓ જ્ઞાન ઈચ્છા પ્રયત્નથી પેદા થાય છે, તે આપણું ‘કર્મ’ કહેવાય છે. જેવી રીતે એ પતિ ચૂપ હતો તે તેના ઉપર થનારો પ્રભાવ હતો, સ્વભાવ ન હતો. કેમ કે બોલવા જ ન દે તો બોલીને ફાયદો શું? સ્વભાવ તો હશે થોડું ઘણું તેના બોલવાનો. પરંતુ હોસ્પિટલ્ જવાના વિરોધમાં તે બોલ્યો, તે તેનું કર્મ હતું કેમ કે જ્ઞાન ઈચ્છા પ્રયત્નને કારણે તે બોલ્યો હતો.

(‘વ્યવહાર’ = કોઈ બીજાને ઉદ્દેશ્ય બનાવીને અથવા બીજાને સાધન બનાવીને અથવા બીજાના પ્રયોજનની પૂર્તિને માટે કરવામાં આવતું કર્મ વ્યવહાર બની જાય છે)

જ્યારે કર્મના રૂપમાં કોઈ ક્રિયા પ્રકટ થઈ રહી છે ત્યારે એક આગળનું કદમ આવે છે. જો કર્મનો સંબંધ સીધો મારી સાથે છે તો તે વ્યવહાર નથી. પરંતુ હું કોઈ એવું કર્મ કરૂં કે જેના પ્રભાવક્ષેત્રમાં તમે પણ સામેલ હો ત્યારે તેને કર્મ ન કહીને ‘વ્યવહાર’ કહેવાય છે. જેમ કે હું બોલી રહ્યો છું, હવે આ મારૂં કર્મ છે કે વ્યવહાર છે? કર્મ ક્યારે થાય કે જ્યારે હું મારા જ્ઞાન ઈચ્છા પ્રયત્નથી બોલતો હોઉં. પરંતુ જ્યારે હું એમ વિચારી રહ્યો છું કે મારે આ વાત તમને સંભળાવવી છે, ત્યારે મારૂં એ બોલવું કર્મ ન થઈને વ્યવહાર થઈ ગયો. જેમ સ્વભાવમાં કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું

સામર્થ્ય મૌજૂદ હોય છે. પ્રભાવથી પેદા થનારી ક્રિયામાં પણ કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું સામર્થ્ય કોઈ નેનો સ્કેલ્ માં આપણામાં મૌજૂદ છે. એ જ રીતે વ્યવહારમાં પણ આપણી અંદર એક મિની સ્કેલ્માં કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું સામર્થ્ય મૌજૂદ છે. જો હું વ્યવહાર કરવા ઈચ્છું તો કરૂં, ન ઈચ્છુ તો ન કરૂં અને કોઈ બીજા પ્રકારથી કરવા કરવા ઈચ્છું તો પણ કરી શકું. આ વ્યવહારમાં કોઈ બીજાને પોતાના અનુકૂળ બનાવવો ધર્મરૂપ હોય છે. એટલા માટે એકબીજાનું અવલંબન અર્થરૂપ બની જાય છે. સ્વાર્થ કે પરાર્થ સિદ્ધ કરવો કામરૂપ બની જાય છે. પોતાની કે બીજાની તુષ્ટિ મુક્તિરૂપા અને અસન્તુષ્ટિ બન્ધનરૂપા બની જાય છે.

(‘નીતિ’ = જે વ્યવહાર આપણા કોઈ વ્યક્તિ કે પોતાના કે સમુદાયના પ્રતિકૂલ હોય તેને બીજી કોઈ વ્યક્તિ કે સમુદાયની સાથે આચરણ ન કરવું નીતિ છે)

જ્યારે આપણી અંદર આ સહાનુભૂતિ પેદા થઈ જાય કે જે પ્રકારનો વ્યવહાર મને સારો નથી લાગતો તે પ્રકારનો વ્યવહાર હું કોઈ બીજાની સાથે ન કરૂં, તો તે વ્યવહાર ન કહેવાઈને ‘નીતિ’ કહેવાય છે. હવે જૂઓ નીતિમાં સ્વભાવ કર્મ પ્રકટ નથી થઈ રહ્યા એવી વાત નથી, બધી વાતો છે પરંતુ તે સ્વભાવ ધીરે-ધીરે હવે નીતિ બની ગયો છે. નીતિમાં પણ કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું સામર્થ્ય છે. જો નીતિને તમે ઈચ્છો તો વરતો, ન ઈચ્છો તો ન વરતો અને એ નીતિને તમે કોઈ ખોટા અર્થમાં પણ વરતી શકો છો. જેમ કે ડેમોક્રેસી (લોકશાહી)ની બાબતમાં નેતા લોકો કહી રહ્યા છે કે ડેમોક્રેસીનું સ્ટ્રકચર (માળખું) સંભાળો પરંતુ તેના ફાઉન્ડેશન્ (પાયા)ની બાબતમાં અમને પ્રશ્ન ન કરો કેમ કે કરપ્શન (ભ્રષ્ટાચાર) તો ચાલશે જ. આ તો અમને આઝાદીની સાથે મળેલી કરપ્શન્ની આઝાદી છે. ફાઉન્ડેશન્ની વાત નહીં કરો. આ જે આપણું ડેમોક્રેસીનું સ્ટ્રકચર છે તે સૌથી પહેલાં એને સંભાળો. ડેમોક્રેસીની શ્રેષ્ઠ રાજ્યપ્રણાલી હોવાનું ઠોસ (નક્કર) પ્રમાણ એ છે કે જનતા કરતાં વધારે ભ્રષ્ટ નેતા નથી હોઈ શકતા.

કેમ કે જેટલા ભ્રષ્ટાચારી નેતાને જનતા ચુંટે છે તેનાથી તે ભ્રષ્ટ ન હોય તો ચૂંટે શા માટે? હવે જૂઓ વાત તો આ નીતિની જ છે ને! પરંતુ આ નીતિનો અન્યથાકર્તું પ્રયોગ છે. નીતિને પણ આપણે શંભુદાદાની જેમ આમ-તેમ ડગમગાવી શકીએ છીએ શંભુદાદા જાણો છો? તે એક રમકડું આવતું હતું પહેલાં. તેને જે બાજુ નમાવો તે નમી જતું હતું પણ પાછું પોતાની મેળે સીધું થઈ જતું હતું. તો નીતિમાં પણ આપણને એ સામર્થ્ય ઉપલબ્ધ છે.

(‘ધર્મ’ = શ્રુતિ સ્મૃતિ સદાચાર અને જે પોતાને પ્રિય હોય એ ચારેયને જોડીને પોતાના કર્મને નિર્ધારિત કરવાથી ‘ધર્મ’ કહેવા લાયક બને છે)

નીતિના પછી જ્યારે આપણે એમ કહીએ છીએ કે નીતિ તો અમારા અંદરોઅંદરના વ્યવહારની વાત છે પરંતુ ભગવાન્‌ની અમારી પાસે શું અપેક્ષા છે? તેનાથી જાણીને આપણે ભગવાન્ સાથે વ્યવહાર કરશું તો કોઈ ને કોઈ શાસ્ત્ર વચ્ચે આવે છે કે આ પ્રકારનું કાર્ય સારૂં છે, આ પ્રકારનું કાર્ય ખરાબ છે. આ કાર્યને પણ કરવું, ન કરવું કે બીજી રીતથી કરવું તે સામર્થ્ય તમારામાં છે પરંતુ શાસ્ત્ર ત્યાં આવીને નીતિથી આગળનું પગલું ‘ધર્મ’ બતાવી દે છે. એ ધર્મમાં પણ આ જ ત્રણે સામર્થ્ય મૌજૂદ છે કે ચાહો તો તમે ધર્મ કરો, ચાહો તો ધર્મ ન કરો અને ચાહો તો અધર્મની રીતે એ ધર્મને કરો અથવા અધર્મને તમે ધર્મની રીતે કરો. એ સામર્થ્ય ત્યાં પણ તમારી મૌજૂદ છે.

આ વાત હું તમને ક્યાંક બીજે લઈ જવા માટે નથી કરી રહ્યો, પરંતુ સમાયોજન કેવી રીતે થાય છે અને સમાયોજન કરવા માટે આપણી પાસે કેટલી સગવડતા-સરળતા છે અને કેટલા-કેટલા એના પર્સપેક્ટિવ્ (આયામ) છે, તે હું તમને સમજાવી રહ્યો છું. હું આપણા મૂળ મુદ્દા ઉપર જ સ્થિર છું. એ સામર્થ્ય ત્યાં પણ આપણને ઉપલબ્ધ છે. જેમ કે ધર્મશાસ્ત્રથી આપણે સમજી લીધું કે આ આપણું કર્તવ્ય છે, આ આપણું કર્તવ્ય નથી. તે સમજી લીધા પછી પણ આપણું સ્વાતંત્ર્ય છે, કર્તુમ્

અકર્તુમ્ અન્યથાકર્તું, તે આ લેવલ્ ઉપર પણ આપણી અંદર મૌજૂદ રહે છે.

એક વાત ધ્યાનથી સમજો કે ધર્મ કેવળ શરીરને લક્ષ્યમાં રાખીને નથી કહેવામાં આવ્યો. ધર્મ શરીર અને આત્મા બંનેને લક્ષ્યમાં રાખીને કહેવામાં આવ્યો છે. નીતિ આત્માને લક્ષ્યમાં રાખીને નથી કહેવામાં આવી. કેમ કે નીતિનું મૌલિક સૂત્ર શું છે? **"આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્"** આત્માને જે પ્રતિકૂલ છે એવું કોઈ પણ કામ તમે બીજા પ્રત્યે ન કરો. હવે આ અનુકૂળતા અને પ્રતિકૂળતાનો બધો સંબંધ કેવળ આપણા શરીર સાથે છે. આત્મા સાથે તેનો કોઈ સંબંધ નથી. કેમ કે આત્માને ન તો કાંઈ પ્રતિકૂળ છે કે ન તો કાંઈ અનુકૂળ છે. આત્મા તો તટસ્થ છે, **"સાક્ષી ચેતા કેવલો નિર્ગુણસ્ચ"** (શ્વેતા.ઉપ.૬।૧૧) કેમ કે આત્માને જો કાંઈક પ્રતિકૂળ હોય તો પછી આત્મા વૃક્ષયોનિ શા માટે લેત? અને કોઈ પણ વૃક્ષને પૂછી લો કે શું તેનું કપાવું તેને પસંદ આવે છે? જેમ આપણને કપાવું પસંદ નથી આવતું તેમ વૃક્ષને પણ કપાવું પસંદ નથી આવતું. તો આત્મા શા માટે વૃક્ષયોનિમાં જતો! આત્માને આ અનુકૂળતા અને પ્રતિકૂળતા સાથે કાંઈ લેવા-દેવા નથી. એ તો ગમે ત્યાં જઈ શકે છે.

હું એક મારા આત્માની વાત વારંવાર કહેતો રહું છું કે એક વખત મારી પધરામણી થઈ. પધરામણીમાં કોઈ મને કેસરીસ્નાન કરાવે એનાથી વધારે ખરાબ વાત મને કોઈ નથી લાગતી. આમ તો પધરામણીમાં જ મને કંટાળો આવે છે, બહુ જ ત્રાસ થાય છે. પણ એમાંય જો કેસરીસ્નાન કરે તો ત્રાસની પરાકાષ્ઠા થઈ જાય છે. એ પધરામણીમાં કેસરીસ્નાનની બધી તૈયારી શરૂ થઈ ગઈ. આમ તો ગોસ્વામીનો ધંધો જ ખરાબ છે, કેમ કે હું ના પાડું તો એમનું હૃદય દુઃખી થાય અને હા કહું તો મારૂં હૃદય દુઃખી થાય. મનમાં ખૂબ જ અંતરદ્વન્દ થઈ ગયો કે શું કરવું? ખૂબ પ્રેમથી મેં એમને કહ્યું કે મને આ કેસરીસ્નાન ગમતું નથી. તો એમણે એટલી મોટી બ્રહ્મજ્ઞાનની વાત કહી દીધી કે "તમે એવો અહંકાર કર્યો જ કેમ કે આ પગ તમારા છે? આ પગ તો અમારા છે." મેં વિચાર્યું કે "હવે તો ખરાબ રીતે

ફસાઈ ગયા.'' બ્રહ્મજ્ઞાનની વાત તો એમની સાચી છે. કેમ કે **''અહંકારવિમૂઢાત્મા કર્તાહમ્ ઈતિ મન્યતે''** (ભગ.ગીતા.૩।૨૭) આપણા પગને આપણા માનવા અહંકાર છે. આ જ તો ભગવાન્ ગીતામાં કહી રહ્યા છે કે આ મિથ્યા અહંકાર છે. એમણે કહ્યું કે ''આપ એવી વાત કરો જ કેમ છો. ચારે બાજુ બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપો છો અને એમ કહો છો કે આ પગ આપના છે? કેવી રીતે માની લીધું કે આ પગ તમારા જ છે? આ પગ અમારા પણ છે.'' હવે આમાં શું કરવું મેં કહ્યું કે ''કરાવો કેસરીસ્નાન, જે કરવૂં હોય તે કરો.'' અમારી પણ કોઈ સાડા-સાતીની દશા છે કે અમને પધરામણીમાં લાગી જાય છે. પરંતુ શું કરવું આ ગોસ્વામીનો ધંધો જ ખરાબ છે. હવે દુકાન ઉપર બેસી ગયા છીએ તો માલ વેંચવો જ પડશે. આ લાચારી છે.

મારો કહેવાનો અર્થ છે કે આ રીતે નીતિ અને ધર્મ બંનેનો જ દુરપયોગ થઈ શકે છે. પરંતુ જે વાત આમાં સમજવા લાયક છે તે છે કે આ આખી સિસ્ટમ્ (વ્યવસ્થા)માં નીતિ જ્યાં પણ છે તે આપણા દેહ સાથે સંબંધિત વાત છે. ધર્મમાં એ આવીને પહેલી વાર દેહ અને દેહથી આગળ જઈને આત્માને સમ્મિલિત કરવામાં આવ્યો. તેમાં બતાવવામાં આવ્યું કે આત્માની દષ્ટિથી કેવી ક્રિયા આપણે કરવી જોઈએ અને કેવી ક્રિયા ન કરવી જોઈએ.

(ભક્તિનું ઉદ્ગમ (મૂળ ઉત્પતિ) સ્થાન ન દેહ ન આત્મા છે પરન્તુ પરમાત્મા છે)

પરંતુ જ્યારે પંચમ પુરુષાર્થ ભક્તિની વાત આવી, તો એકદમ સ્પષ્ટ રૂપથી કોઈ શિલાલેખ પર લખી લો કે તેમાં દેહ અને આત્માનો રોલ્ (હિસ્સો) છે પરંતુ તેનો દેહ અને આત્માથી ઉદ્ગમ નથી. ભક્તિક્રિયાનું ઉદ્ગમ પરમાત્માથી થાય છે. જીવાત્મા અને પરમાત્માની વચ્ચે જે ક્રિયા થવી જોઈએ, એ ક્રિયાને ભક્તિ કહેવામાં આવી છે. આજે આપણે એવું

સમજીએ છીએ કે ભીડ ભેગી કરવાનું નામ ભક્તિક્રિયા છે અરે આ ભક્તિક્રિયા નથી ભગતિક્રિયા છે. ‘‘ભગત જગત્કો ઠગત હૈ, ભગત હું જગ ઠગ જાય, ભગત જગત્ જો ન ઠગે તહાં ભગત કાહે ફંસ જાય!’’

આ મોટા બ્રહ્મજ્ઞાનની છે. સાધારણ વાત નથી. આ જગત્માં ભગત ફસાઈ છે શા માટે? કેમ કે તે ભક્ત નથી ભગત છે, ભાગી રહ્યો છે. ભાગવાવાળો માણસ વધારે પડે છે, ચાલવાવાળો ઓછો પડે છે. આપણે સંસારથી ભાગીએ છીએ એટલા માટે પડીએ છીએ. સાવધાનીપૂર્વક સંસારમાં પગલા ભરીને ચાલીએ તો પડવાનું કોઈ કારણ નથી. પરંતુ આપણને એકદમ ભગતિનો કોઈક આવેશ આવે છે. ‘‘ભાવ ભગત ભાદોં નહી આવત હી ગહરાય, ગહરાઈ તબ જાનિયે જબ જયેષ્ઠ માસ ઠહરાય.’’

જ્યારે આપણે ભાગવાનું શરૂ કરીએ છીએ ત્યારે પડી જઈએ છીએ. આપણે ભાગીએ નહીં અને ભક્તિમાં એક-એક પગલું સંભાળી-સંભાળીને ચાલીએ તો ભગત જગત્ને ઠગી જ નથી શકતો. અને ન તો જગત્ ભગતને ઠગી શકે છે. પરંતુ જ્યારે આપણે ભક્તિમાં ભાગવાનું શરૂ કરીએ છીએ ત્યારે તે ભક્તિ ન રહીને ‘ભગતિ’ બની જાય છે. પછી તે ભગતિ પણ બની જશે અને દુર્ગતિ પણ બની જશે. એ ભક્તિમાંથી જ આ શાખાઓ ફૂટતી રહે છે. આ રહસ્ય ધ્યાનથી સમજો કે ભક્તિ, જીવાત્મા અને પરમાત્માની વચ્ચે પેદા થનારો કોઈક પ્રકારનો એક સંવાદ છે. તે આપણા દેહથી દેહનો કે આત્માથી આત્માનો પેદા થનારો સંવાદ નથી. સ્વભાવ પ્રભાવ કર્મ વ્યવહાર નીતિ સુધીની રેંજ (વિસ્તાર) માં આવતી વાત દેહની વાત છે. જ્યાં ધર્મ આવે છે ત્યાં આત્મા આવે છે. પરંતુ જ્યાં ભક્તિ આવે છે ત્યાં આત્માની ઉપરની એક સ્ટેજ્ (સ્થાન) આવે છે જ્યાં જીવાત્મા પરમાત્માની સાથે તેના પ્રત્યે કોઈ પ્રકારનો એક વ્યવહાર કરવા માગે છે. પરમાત્મા જીવાત્મા સાથે જે પ્રકારનો સંવાદ કરવા માગે છે તેને આપણે ‘કૃપા’ અને ‘ભક્તિ’ કહીએ છીએ. આ વાત સરખી રીતે સમજી લો. આવો ઓર્ડર્ (ક્રમ) આ પ્રકારથી છે અને આ

ઓર્ડર્માં દરેક કદમ ઉપર કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું સામર્થ્ય પોપટના પાંજરા જેટલી ઉપલબ્ધ છે. આપણે આનંદથી તેને વાપરી શકીએ છીએ. નથી વાપરી શકતા એવી વાત નથી.

(સ્વભાવથી ધર્મસુધીની સમાનાન્તર જતી વાત ભાગવતની લીલાથી)

આની સાથે એક વાત બીજી સમજો કે આ જેટલા પણ સ્ટેપ્ (પગથીયા) મેં તમને ગણાવ્યા તે ભગવાન્ની સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઉતિ મન્વન્તર ઈશાનુકથા નિરોધ મુક્તિ અને આશ્રયના સમાનાન્તર જતી વાત છે. જેમ કે સ્વભાવ સર્ગલીલા છે. પ્રભાવ વિસર્ગલીલા છે. વિસર્ગલીલાનો કોઈ પણ પ્રસંગ તમે ખોલીને જોઈ લો કે દરેક પદાર્થ બીજા પદાર્થને કેવી રીતે પ્રભાવિત કરે છે, એ લીલા છે. હવે સ્થાનની વાત સમજો. કોઈ પણ માણસ સ્થિત કેવી રીતે થાય છે? પોતાના જ્ઞાન ઈચ્છા અને પ્રયત્નથી. તો સ્વભાવ કે પ્રભાવમાં જ્યારે કર્મ ઉપસ્થિત થાય છે, તે આપણા જીવાત્માનું સ્થાન છે. એટલા માટે તુલસીદાસજી પણ કહે છે કે "કર્મ પ્રધાન વિશ્વ કર રાખા, જો જસ કરહિ સો તસ ફલ ચાખા." સ્થાન આપણા કર્મથી નિર્ધારિત થઈ રહ્યું છે. એ ભગવાન્ની સ્થાનલીલાના સમાનાન્તર આવી રહેલી વાત છે. પોષણ શું છે? એ વ્યવહાર છે કેમ કે જ્યારે વ્યવહાર થશે તો એકબીજાનું પોષણ થશે. શા માટે થશે? મને એક સુંદર ઉદાહરણ યાદ આવી ગયું. જ્યારે હું બનારસ ભણતો હતો ત્યારે બનારસની ગલીઓમાં આ માહાત્મ્ય જોયું કે વરરાજા ઘોડા ઉપર બેસીને આવે છે. બેંડવાજાવાળા જોર-જોરથી બેંડ વગાડી રહ્યા છે. એટલામાં શેરીની બીજી બાજુથી એક ભેંસ આવી અને તે બેંડવાજાનો અવાજ સાંભળીને ભડકી જાય છે. બધા જાનૈયા આમ-તેમ વેર-વિખેર થઈ જાય છે. પરંતુ વરરાજાની કે પોતાના વરરાજા હોવાનો અહંકાર હોવાના કારણે એ ઘોડા ઉપરથી ઉતરે તો વરરાજા શેના! અને ભેંસને એ ખબર ન પડે કે આ વરરાજા છે. તે ભાગીને સીધી ઘોડા સાથે ભટકાઈ. હવે વરરાજા ઉંચા-નીચા થાય કે ક્યાં જાઉં કેવી રીતે બચું? બધા જાનૈયાઓ મને એકલો મુકી જતા રહ્યા. કેમકે શેરીઓ એટલી સાંકડી છે કે ભેંસ તો

ભટકાયા વગર જાય ક્યાં? હશે વરરાજા કોઈ વધૂ માટે, પરંતુ ભેંસને માટે તો એ વરરાજા નથી. જ્યારે પણ કોઈ ભેંસ આવતી હતી ત્યારે બારાત જોવામાં મને ખૂબ આનંદ આવતો હતો. બનારસમાં ભેંસનું અદ્‌ભુત માહાત્મ્ય છે **''સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા''** (ભગ.ગીતા ૨।૫૪) નિર્દ્વંદ તે વરરાજાના ઘોડા સાથે ભટકાઈ જતી હતી. એક વાત સમજો કે આ જે વ્યવહાર છે આપણો. આ વ્યવહારમાં સાધન ઉપલબ્ધ છે. પરંતુ જ્યારે વ્યવહાર આપણે કરી રહ્યા છીએ ત્યારે એક-બીજાનું પોષણ આપણે કરી રહ્યા છીએ.

અને નીતિ વ્યવહારની ઉપર આવે છે, એ નીતિ શું છે? **''ઉતયઃ કર્મ સદ્‌વાસના અસદ્‌વાસના યા મિશ્રિતવાસના''** આપણી અંદર વ્યવહાર કરતી વખતે એક સદ્‌વાસના પેદા થાય છે કે આપણી અંદર કોઈ વસ્તુ આપણને તકલીફ આપી રહી છે, તે કોઈ બીજાને પણ તકલીફ આપશે. જેનાથી મને તકલીફ થાય છે એવું કામ જો હું કરૂં તો તેવું કામ મારા વિરૂદ્ધ પણ કોઈ કરી શકે છે. જ્યારે સદ્‌વાસના આપણી અંદર જાગે છે ત્યારે આપણને નીતિનો બોધ થાય છે કે એવૂં કામ મારે ન કરવું જોઈએ.

તેના પછી આગળનું જે આવે છે તે છે ધર્મ. **''મન્વન્તરઃ સદ્‌ધર્મઃ''** ત્યાં ધર્મ આવે છે કે શાસ્ત્રના હિસાબથી આપણે શું કરવું જોઈએ, શું ન કરવું જોઈએ. ત્યાર પછી નવમા સ્કન્ધનો વિષય ભક્તિ છે. એ ભક્તિ નિરોધ સુધી પણ પહોંચી રહી છે. તેના પછી મુક્તિ અને આશ્રય આવે છે.

તમે તેને આમ પણ સમજી શકો છો કે જ્યાંથી નિરોધ મુક્તિ અને આશ્રયની વાત આવે છે ત્યાંથી પછી ભગવત્સ્વરૂપની વાત આવે છે, જેને 'સચ્ચિદાનંદ' કહેવામાં આવી રહ્યું છે. તે સત્ પણ છે, તે ચિત્ પણ છે અને આનંદ પણ છે. સૃષ્ટિનું કોન્સ્ટીટયુશન છે તે મેગા સ્કેલ્ (વિશાળ રૂપમાં) છે. એ જ માઈક્રોસ્કેલ ઉપર (સૂક્ષ્મ રૂપમાં) આપી અંદર રિપ્રોડયૂસ્ કરવામાં આવેલ છે, ક્લોન્ કરવામાં આવ્યું છે. આપણે બધા તેના રિક્લોન્ડ્ સ્વરૂપ છીએ.

આપણી અંદર બધા લીલાના સ્ટેજીજ્ છે અને આપણે પણ આ વિવિધ રૂપ ક્રિયા-કલાપોના સ્વભાવથી પ્રભાવથી જ્ઞાનઈચ્છાપ્રયત્નથી વ્યવહારથી નીતિથી ધર્મથી કે ભક્તિથી આપણી અંદર ક્રિયા પણ ઉત્પન્ન થઈ રહી છે, આ વિવિધ રૂપમાં થતી ક્રિયાઓમાં આપણે એ સારી રીતે સમજી શકીએ છીએ કે તે ભગવાન્‌ની લીલાના જ કોઈ આપણી અંદર રિફ્લેકશન્ (પરાવર્તન) કે રિપ્રોડકશન થઈ રહ્યા છે. એટલા માટે જ જ્યાંથી ભગવાન્‌નું સચ્ચિદાનંદ સ્વરૂપ છે ત્યાંથી આપણે ત્યાં લીલાની વાત શરૂ થઈ જાય છે. જ્યારે તમને ઉપર કહેલા આ બધા રૂપોમાં સચ્ચિદાનંદનો અનુભવ થાય, બોધ થાય તો તમને બ્રહ્મનો બોધ થઈ રહ્યો છે, સ્વરૂપનો બોધ થઈ રહ્યો છે. જ્યારે આનો બોધ નથી થઈ રહ્યો ત્યારે શું થાય છે કે દરેક વખતે આ જ અનુભવ થાય છે કે આ તો મારા સ્વભાવથી થઈ રહ્યું છે. આ તો મારા ઉપર પડેલા પ્રભાવથી થઈ રહ્યું છે. જેમ કે મારા ગાલ ઉપર કોઈએ થપ્પડ મારી અને મારા મોઢામાંથી ગાળ નિકળી ગઈ. ગાળ દેવાનો મારો સ્વભાવ નથી. પરંતુ થપ્પડ પડશે તો ગાળ નિકળી જશે. તેથી જે ગાળ નિકળી છે તે થપ્પડના પ્રભાવથી નિકળી છે. કયારેક આપણે ગાળ દઈએ છીએ આ નિતીને કારણે કે એણે મને કેમ ગાળ દીધી. આ શું વ્યવહાર છે! આ એક નાનકડા ઉદાહરણથી પણ આ આખી વાત સમજાવી શકાય છે.

અમારા એક પરિચિત હતા. એમનો સ્વભાવ જ ગાળો દેવાનો હતો. દરેક વાતમાં મોઢામાંથી ગાળ નિકળી જતી હતી. તેઓ પોતાના માલિકને પણ ગાળો આપતા રહેતા હતા કે "શું તમે કુતરાની જેમ ભસી રહ્યા છો. અરે અરે ભૂલ થઈ ગઈ. તમે તો મારા માલિક છો." આ શું છે? એમના કોઈ જ્ઞાન ઈચ્છા કે પ્રયત્ન નથી. માલિકને ગાળ દેવામાં. પરંતુ ગાળ દેવાનો સ્વભાવ જ થઈ ગયો છે. એ સ્વભાવ માલિકની સામે પણ પ્રકટ થઈ જાય છે.

કોઈક સ્વભાવથી, કોઈક પ્રભાવથી, કોઈક જ્ઞાનેચ્છાપ્રયત્નથી, કોઈક નિતીથી ગાળ નિકળે છે. આને કોઈ બીજા પ્રકારથી ચૂપ નહોતા કરી

શકાતા. ગાળ આપીને જ ચૂપ કરાવી શકાય છે. ક્યારેક આપણે નીતિથી ગાળ દઈએ છીએ. કોઈક ગાળો આપણે ધર્મથી આપીએ છીએ. જેમ કે કોઈને આપણે 'કાફિર' કહીએ છીએ, કોઈને 'પ્રવાહી જીવ' કહીએ છીએ. કોઈને 'આસુરી જીવ' કહીએ છીએ. કોઈને 'નરકગામી પાપી' કહીએ છીએ. આ બધું શું છે? ધર્મના ભાવથી નિકળેલી ગાળો છે. કોઈપણ એક ઉદાહરણમાં તમે આ બધી જ વાતોને સમજી શકો છો. ચાહે તે ગાળ દેવાની વાત હોય કે કર્મ અથવા પૂજાની વાત હોય. બધી જગ્યાએ એ જ સિસ્ટમ્ છે. સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઉતિ મન્વન્તર ભક્તિ નિરોધ મુક્તિ અને આશ્રયની. આપણે ભક્તિથી પણ ગાળ દઈ શકીએ છીએ. ''હરિ કારો રી હરિ કારો, યે દ્વે બાપન બિચ વારો.'' આ ''દ્વે બાપન બિચ વારો'' ગાળ નથી તો શું છે? આ ક્યા પ્રકારની ગાળ છે? આ ન સ્વભાવની ગાળ છે, ન પ્રભાવની ગાળ છે, ન જ્ઞાન ઈચ્છા પ્રયત્નની ગાળ છે ન આ નીતિની ગાળ છે, ન તો આ ધર્મની ગાળ છે. કોઈ શાસ્ત્રમાં નથી લખ્યું કે ભગવાન્‌ને આ પ્રકારની ગાળ આપી શકાય છે. પણ ભાઈ પ્રેમ આવી રહ્યો છે, સ્નેહ આવી રહ્યો છે, ભક્તિ આવી રહી છે તેથી ગારી ગાઈ રહ્યા છીએ. ''ઢીઢ ભયે તુમ લંગર ફિરત હો'' તો ''ઢીઢ'' જે છે તે ભક્તિની ગાળ છે. દરેક વાતમાં સૃષ્ટિમાં જે મેગા સ્કેલ્ ઉપર ચાલી રહ્યું છે એ જ અહીં માઈક્રો સ્કેલ્ ઉપર ચાલી રહ્યું છે. આપણે એ જ લીલાને માઈક્રો સ્કેલ્ ઉપર જીવી રહ્યા છીએ, કે જે લીલાને બ્રહ્મ મેગા સ્કેલ્ ઉપર જીવી રહ્યો છે. કેમ કે આપણે બ્રહ્મના અંશ છીએ, તેથી જ માઈક્રો સ્કેલ્ ઉપર આપણે પણ એ જ લીલાને જીવી રહ્યા છીએ. પરંતુ એ લીલાભાવ જાગવો મુશ્કેલ છે. લીલાભાવ જાગે તો બધી વાત સમજાઈ જશે. બધી વાતોનું સમાધાન આપણને મળી જાય છે. અને જો લીલાભાવ ન જાગે તો એ બધી વાત આપણને આપણા અહંકારથી ઉત્પન્ન થતી લાગે છે. અને ત્યારે એ વાતનું સમાધાન આપણને નથી મળતું કે એણે અમને કાફિર કહ્યા તો આપણે પણ એને પાપી કહેશું, મ્લેચ્છ કહેશું, યવન કહેશું. આ બધી ધર્મના ભાવથી આપવામાં આવેલી ગાળો છે. વાત સમજાઈ ગઈ ને! ન તમે એના બાપનું કાંઈ બગાડ્યું છે, ન એણે તમારા બાપનું કાંઈ

બગાડયું છે. પરંતુ ધર્મભાવથી આપણને ગાળ સૂઝે છે.

ઘણા પ્રકારથી આ બધી લીલા આપણી અંદર કામ કરી રહી છે. જે વાત હું તમને સમજાવવા માગી રહ્યો છું તે એ છે કે ધર્મ અર્થ કામ મોક્ષ અને ભક્તિ આ જે પાંચ પુરુષાર્થ છે તે શાસ્ત્રમાં બધા સ્ટેપ્સમાં મૌજૂદ છે. કેટલાંક સ્વાભાવિક ધર્મ છે, કેટલાક સ્વાભાવિક અર્થ છે. કોઈક સ્વભાવિક કામ છે, કેટલાક સ્વાભાવિક મોક્ષ છે. કેટલાક પ્રભાવથી પેદા થનાર ધર્મ છે, કેટલાક પ્રભાવથી થતા અર્થ છે. કેટલાક પ્રભાવથી પેદા થનારા કામ છે કેટલાક પ્રભાવથી પેદા થનાર મોક્ષ છે. કેટલાક જ્ઞાન ઈચ્છા પ્રયત્નથી પેદા થનારા ધર્મ અર્થ કામ મોક્ષ છે. એ જ રીતે ધર્મથી પેદા થનારા ધર્મ અર્થ કામ મોક્ષ. એ જ રીતથી ભક્તિથી પેદા થનારા ધર્મ અર્થ કામ મોક્ષ છે. તે ધર્માર્થિકામમોક્ષના સમાયોજનની જ્યારે આપણે વાત કરી રહ્યા છીએ ત્યારે અતિશય વિસ્તારપૂર્વક આપણે ત્યાં આ બધી વાતો વિચારવામાં આવેલી છે. આપણે જો શાસ્ત્ર જોઈએ તો આ બધી વાતો આપણે અહીં મળે છે અને જો શાસ્ત્રો ન જોઈએ તો કાંઈ જ નથી મળતું. તેથી શાસ્ત્રો આપણે જોવા જોઈએ.

‘‘શાસ્ત્રમ્ અવગત્ય મનોવગ્દૈહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ’’ (શાસ્ત્રાર્થ પ્રકરણ-૪ પ્રકાશ)

***

પ્રકરણ –૬

(પ્રશ્નોત્તર)

પ્રશ્ન : જો બધી વસ્તુનું ઉદ્‌ગમ બ્રહ્મથી છે તો મનુષ્યની દોષવૃત્તિ કામ ક્રોધ વિ. નું ઉદ્‌ગમ ક્યાંથી માનવું? બ્રહ્મમાંથી ન હોય એવું તો હોઈ ન શકે અને જો છે તો તેને દોષરૂપ શા માટે માનવા?

ઉત્તર : શુદ્ધિ અને અશુદ્ધિની બાબતમાં મેં મારા પ્રવચનમાં શરૂઆતમાં જ જલના ઉદાહરણથી એક વાત બતાવી હતી કે થોડું જલ અશુદ્ધ થઈ જાય છે અને એ જ જલ વધારે જથ્થામાં હોય તો અશુદ્ધ નથી રહેતું. તેમાં મેં વરસાદનું અને હાથથી જલ ઢોળાય તેનું ઉદાહરણ આપ્યું હતું. શક્તિ અશક્તિથી કોઈ વસ્તુ શુદ્ધ અશુદ્ધ બને છે. સંસ્કાર દ્રવ્યથી વસ્તુ શુદ્ધ અશુદ્ધ થાય છે. આપણી વિચારશક્તિ એટલી સંકુચિત છે કે આપણે એક જ પ્રકારથી વિચારીએ છીએ. એક પ્રસિદ્ધ ઉદાહરણ ભાગવતમાં એકાદશ સ્કન્ધમાં એ બતાવવામાં આવ્યું છે કે કોઈપણ પાર્થિવ દ્રવ્યમાં કોઈ પ્રકારની અશુદ્ધિ, જેમ કે ગંધ કે લેપ થઈ જાય તો તેને માટી શુદ્ધ કરીએ છીએ. માટીથી કોઈ ચીજની અશુદ્ધિ થઈ જાય તો તેને જલથી શુદ્ધ કરીએ છીએ. જલમાં કોઈ અશુદ્ધિ થઈ જાય તો શુદ્ધિ હવા અને પ્રકાશથી થાય છે. હવાનો સ્વભાવ છે કે તે જલને ઉડાડી દે છે ત્યારે તે કચરો નથી ઉડાવતી પ્રકાશ પણ કેવળ વરાળ જ ઉઠાવે છે કચરો નથી ઉઠાવતો. એટલા માટે આપણે સારી રીતે જાણીએ છીએ કે દરીયાનું ખારૂં પાણી પણ વરાળ બનીને ઉડવાથી મીઠું બની જાય છે, ખારૂં નથી રહેતું.

પદાર્થની શુદ્ધિ અને અશુદ્ધિ પરસ્પર નિર્ભર છે. તેમાં ક્યો શુદ્ધ કરનારો પદાર્થ છે અને ક્યો અશુદ્ધ કરનારો પદાર્થ છે, આ પ્રભેદ નથી. જે પણ એક પદાર્થ અશુદ્ધ થઈ ગયો તેને કોઈ બીજા પદાર્થથી શુદ્ધ કરવાનું વિધાન છે. જેમ કે કપડામાં માટીનો ડાઘ લાગી ગયો તો તેને પાણીથી

ધોઈને આપણે શુદ્ધ કરી લઈએ છીએ. જો સાદા પાણીથી ન થાય તો થોડાક ગરમ પાણીથી પણ કરી લઈએ છીએ. તો તેમાં પાણીની સાથે અગ્નિનો પણ રોલ આવી ગયો. પરંતુ અગ્નિથી કપડાને શુદ્ધ નથી કરી શકાતું કેમ કે બળી જશે. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ એક બહુ સુંદર વિધાન કર્યું છે કે મોટા ભાગે એવું થાય છે કે જેમને શુદ્ધ કરવાની રીત નથી આવડતી તેઓ દ્રવ્યનો જ નાશ કરી નાખે છે. અને જેમને રીત આવડે છે તે કોઈ એક દ્રવ્ય (પદાર્થ)ને કોઈ બીજા દ્રવ્યથી અથવા બીજા કોઈ પ્રકારોથી તેને શુદ્ધ કરી લે છે. જેમ કે આપણે ત્યાં વાસણ અશુદ્ધ થઈ ગયું તો તેને અગ્નિમાં તપાવી લો તો શુદ્ધ થઈ જાય છે. હવે જો કોઈ ઝંડાધારી (જડ઼બુદ્ધિવાળા)ને કહી દો કે અગ્નિમાં તપાવવાથી શુદ્ધ થઈ જાય છે અને તે કપડાને પણ અગ્નિથી શુદ્ધ કરે, ત્યારે તો કપડું જ બળી જશે અને માનો કે શરીર જ અશુદ્ધ થઈ ગયું તો અગ્નિમાં તપાવવાથી શુદ્ધ થોડું થશે, નાશ થશે. ત્યાં મહાપ્રભુજીએ એક બહુ જ મજેદાર વિધાન કર્યું છે **"આર્તાઃ સ્મ પ્રસિદ્ધયા ઈતિ સ્માર્તા"** દરેક વસ્તુનો નાશ કરી દે છે પરંતુ શુદ્ધ નથી કરતા. હવે સ્માર્તમાં આપણે જો 'ત' ની જગ્યાએ 'ટ' લગાવીએ તો સ્માર્ટ પણ થઈ શકે છે. તેમ ઘણા લોકો સ્માર્ટ પણ હોય છે કે જે શુદ્ધ કરવાના બદલે નાશ જ કરી દે છે.

મુખ્ય મુદ્દો સમજવાનો અહીં એ છે કે એ જ કામ ક્રોધ લોભ મોહ મદ મત્સર કોઈ એક સંદર્ભમાં ગુણ પણ બની શકે છે અને એ જ કોઈ બીજા સંદર્ભમાં દોષ પણ બની શકે છે. પુરાણ ખોલીને જોઈ લો કે જેટલા ઋષિ-મુનિ જેટલા નારાજ થતા હતા તેટલા સાધારણ માણસ નારાજ નહોતો થતો. હાલતાં ચાલતાં ઋષિ-મુનિ ગુસ્સે થઈ જતા હતા. પરંતુ એમના ગુસ્સે થવાની કથામાં દરેક વખતે એ વાત તમને મળશે કે જ્યારે પણ તેઓ ક્રોધિત થયા ત્યારે કોઈનું ભલું થયું. જ્યારે તેઓ ક્રોધિત થયા ત્યારે કોઈનું બુરૂં નથી થયું. તો કોણ ગુસ્સે થઈ રહ્યું છે, ક્યા કારણથી ગુસ્સે થઈ રહ્યા છે, શા માટે ગુસ્સે થઈ રહ્યા છે, પ્રયોજન શું છે? આ બધી વાતોથી ગુણ અને દોષની વિવેચના થાય છે. કેટલાક લોકો આપણા

ભગવાન્ માટે એવું કહે છે કે તમારા પુરાણોમાં ભગવાન્ની વાર્તાઓમાં કામ ક્રોધ લોભ મોહ મદ મત્સર જોવામાં આવે છે એટલા માટે તે ભગવાન્ નથી. અમારા ભગવાન્માં આ દોષ જોવામાં નથી આવતા. એટલા જ માટે અમારા ભગવાન્ તમારા ભગવાન્ની સરખામણીમાં વધારે શુદ્ધ છે. આ વિધાન તો સ્વયં ઈર્ષ્યાને કારણે કરવામાં આવેલું વિધાન છે. કેમ કે ઈર્ષ્યા કે અસૂયાનો અર્થ શું? એનો અર્થ એ છે કે કોઈ બીજામાં દોષ જોવા અને પોતાનામાં ગુણ જોવા. તો તમે પોતાના ભગવાન્માં ગુણ જોઈ રહ્યા છો અને બીજાના ભગવાન્માં દોષ જોઈ રહ્યા છો આ અસૂયા અથવા ઈર્ષ્યા નથી શું? જ્યારે વિધાન કરાવવાવાળામાં આવી ઈર્ષ્યા બોલી રહી છે તો તે આ વાત કેવી રીતે કહી શકે છે. એટલા માટે ભાગવતે એક બહુ સુંદર વિધાન કર્યું છે કે **"કામં દહન્તિ કૃતિનો નનુ રોષદૃષ્ટ્યા રોષં દહન્તમુત તે ન દહન્તિ અસહ્યમ્"** (ભાગ.પુરા.૨।૭।૭) તમે કહો છો કે કામ બહુ જ ખરાબ છે, અને તમે રોષથી કામને બાળી નાખ્યો પરંતુ રોષ પણ તો એટલો જ ખતરનાક છે ને! **"રોષદ્રષ્ટ્યા રોષં દહન્તમુત તે ન દહન્તિ અસહ્યં સોઽયં યદન્તરમલં પ્રવિશન્ બિભેતિ કામઃ કથં નુ પુનઃ અસ્ય મનઃ ક્ષયેત્?"** (ત્યાંજ) આ અન્તરમલ છે જે ભીતર આવીને આપણને બાળી રહ્યો છે તેને કેવી રીતે શાંત કરવો જોઈએ, પ્રશ્ન આ છે. પ્રશ્ન એ નથી કે કામ ક્રોધ લોભ મોહ મદ માત્સર્ય આ દોષ છે કે નથી. ક્યાં તે દોષ છે, ક્યાં તે દોષ નથી? કયા સંદર્ભમાં એ દોષ છે અને કયા સંદર્ભમાં એ દોષ નથી. કયા પ્રયોજનથી એ દોષ છે અને ક્યા પ્રયોજનથી એ દોષ નથી. જેવી રીતે માં પોતાના બાળકને સુધારવા માટે થોડો ગુસ્સો કરતી હોય, થોડુંક ખીજાતી હોય તો એ ક્રોધ છે કે નહીં! પરંતુ માં ક્રોધ કરે ત્યારે કોઈ શાન્ત મુનિ ત્યાં પહોંચી જાય અને કહે કે બાળક ઉપર ક્રોધ નહીં કરો. હવે બાળક તોફાન કરી રહ્યો છે અને ક્રોધથી એનો સંસ્કાર નહીં કરીએ તો બાળક વધારે ગિલિંડર્ (બદમાશ) બની જશે. અને જ્યારે તે ઉપદ્રવ કરવા માંડશે ત્યારે તેનો જવાબદાર કોણ બનશે. તેથી તે વખતે માં નું ક્રોધિત થવું દોષ નહીં અદોષ છે. બાળકના વિકાસ માટે તે જરૂરી છે.

કામ ક્રોધ લોભ મોહ મદ માત્સર્ય આ બધા દોષ છે પરંતુ કોઈક સંદર્ભમાં એ દોષ છે. કોઈક સંદર્ભમાં એ દોષ નથી. કોઈક પાત્રમાં એ દોષ છે, કોઈક પાત્રમાં એ દોષ નથી, એટલા માટે ઉપનિષદ્ જો તમે જોશો તો ભગવાન્‌માં સૌથી પ્રથમ કામ જ પેદા થયો છે. **"કામઃ તદગ્રે સમવર્તતાધિ"** (ઋ.અ.૮।૭।૧૭, તૈત્તિ.આ.૧।૨।૩।૧). સૌથી પહેલો કામ ભગવાન્‌માં પેદા થયો. ત્યાર પછી આપણામાં પેદા થયો. પરંતુ ભગવાન્‌ના કામમાં અને આપણા કામમાં અંતર શું છે? ભગવાન્ **'સત્યકામ'** છે. સત્યકામનો મતલબ શું કે જ્યારે જે વસ્તુની કામના કરે છે તે વસ્તુ સામે પ્રકટ થઈ જાય છે. આપણે કામના કરતા રહીએ છીએ અને સામે રાખવામાં આવેલી વસ્તુ પણ ગાયબ થઈ જાય છે અને આપણને ખબર પણ નથી પડતી, અને તે આપણને પરેશાન કરે છે એ જ કામ આપણા માટે દોષરૂપ બની જાય છે. કેમકે આપણે કામના કરતા રહીએ છીએ અને વસ્તુ ગાયબ થઈ જાય છે અને અંતમાં ગાયબ થનારી વસ્તુનું કાંઈ નથી બગડતું પરંતુ આપણે બગડી જઈએ છીએ. ત્યારે તે કામ ત્યાં દોષરૂપ બની જાય છે. કેમ કે એ કામને આપણે સહન નથી કરી શકતા, એ કામને આપણે કાબૂમાં નથી રાખી શકતા. જેનાથી કાબૂમાં રહી શકે છે તેના માટે કામ, દોષ નથી. જે ક્રોધ ઉપર કાબૂ મેળવી શકે છે તેના માટે ક્રોધ દોષરૂપ નથી. એક ક્રોધનું બીજ કેટલાય પ્રકારથી વિકસી શકે છે, તેનો ઈતિહાસ બતાવી રહ્યો છું. અમારા દાદાજીએ એક વખત ઘણા બધા પુસ્તકો પ્રસન્ન થઈને અમને આપી દીધા કે "લો બેટા આ તમે રાખો" હવે તેઓ કહી રહ્યા હતા કે "આ પુસ્તકને આવી રીતથી રાખજો, તે પુસ્તકને તેવી રીતે રાખજો." હવે એ મુજબ હું તેને ગોઠવીને રાખી રહ્યો હતો. તે વખતે એક મારા અધ્યાપક શાસ્ત્રીજી પણ મારી સાથે હતા. એમણે કહ્યું કે – "આને આમ ન રાખો, તેમ ન રાખો, આમ રાખો." હવે મારા એ વિદ્યાગુરૂ અને બીજી બાજુ મારા પિતાજી પણ અને વિદ્યાગુરૂ પણ, તો કોની વાત માનું. હું કન્ફ્યુઝ્ થઈ ગયો (મુંઝાઈ ગયો). મારા મોઢામાંથી બોલાઈ ગયું કે "ગુરૂજી તે દાદાજી એમ કહી રહ્યા છે કે

આ પુસ્તકોને આવી રીતથી રાખો.'' હવે તે ગુરૂજી એકદમ ક્રોધિત થઈ ગયા. ભલે ક્રોધિત થઈ ગયા ત્યાં સુધી તો કાંઇ વાંધો નહોતો કેમ કે ગુરૂનો અધિકાર છે ક્રોધિત થવાનો. પરંતુ ગુસ્સાથી ધ્રુજવા લાગી ગયા. મેં કહ્યું ''આપ આટલો ક્રોધ કરશો તો આપના સ્વાસ્થ્ય ઉપર ખરાબ અસર પડશે.'' તમે નહીં માનો કે હું જ્યાં સુધી એમની પાસે પહોંચ્યો ત્યાં સુધીમાં ગુરૂજીનો દેહ છૂટી ગયો. હવે જૂઓ ક્રોધ કરવો ખરાબ વાત નહોતી. પરંતુ આટલી નાની વાતમાં આટલો ક્રોધ આવી જાય છે ભલે એક ખોટું કામ તો થઈ ગયું પરંતુ એ પછી અમારા મોટામંદિરમાં બધા લોકોને એક વધારે ભ્રાંતિ થઈ ગઈ કે ગુરૂજી ભૂત થઈ ગયા, કેમ કે આ રીતે એમનો દેહ છૂટી ગયો એટલે. હવે એ ભ્રાંતિને કારણે રાત્રે કોઈ ખાટલા ઉપરથી પડી જતા ત્યારે એમ થતું હતું કે ગુરૂજીએ પછાડી દીધો. હું કહેતો હતો કે ''આવું થોડું હોય છે. ઠીક છે થોડાક ક્રોધિત થઈ ગયા હતા પરંતુ ખાટલા ઉપરથી પછાડવામાં એમને શું લાભ થશે? કોઈને પછાડવાથી એમને શું લાભ થશે?'' રાત્રિના કોઈક કોઈકના કપડા નીકળી જવા લાગ્યા. સવારે તેઓ કપડા વગરના થઈ જાય ત્યારે કહેતા કે ''ગુરૂજીનું ભૂત રાતના કપડા કાઢી ગયું'' અરે ભાઈ, ગુરૂજી ભલા હતા, વિદ્વાન હતા તો તેઓ આવું શા માટે કરે! પરંતુ શું છે કે બધાને ભ્રમણા થઈ ગઈ. પાછળથી ખબર પડી કે ભૂત આવશે એવી ભ્રમણામાં જાતે જ ગબડી જતાં હતા અને વિચારતા કે ગુરૂજીએ આવું કર્યું છે. એક ક્રોધની પરંપરાથી આ વાર્તા કેટલી દુઃખાત્મક આગળ વધી ગઈ! એક તો છત ઉપર સૂઈ રહ્યો હતો ત્યારે મુંડેરની આ તરફ ગબડી ગયો અને કહેવા લાગ્યો કે ''ગુરૂજીનું ભૂત આવ્યું હતું અને ગબડાવી ગયું'' મેં કહ્યું કે ''એ તો સારૂં થયું ને! ગુરૂજી સમજદાર હતા કે પેલી બાજુ ન ગબડાવ્યો, નહીંતર તો છતની નીચે જ આવત. આમાં તો ગુરૂજી માટે ધન્યવાદ માનવા જોઈએ!'' જેમ એટમ્‌નો વિસ્ફોટ થાય છે તેનાથી શહેરના શહેર બરબાદ થઈ જાય છે તેમ એક ક્રોધથી ત્રણ-ચાર મહીના સુધી બરબાદી થઈ અને એ દાસ્તાન ચાલતી રહી. રોજ સવારે એક દાસ્તાન સાંભળવા મળતી હતી કે ગુરૂજીના ભૂતે આવું કર્યું. ખરેખર એ કામ ગુરૂજી નહોતા કરી રહ્યા

પરંતુ ગુરૂજી ભૂત થઈ ગયા છે એ વાતથી બધા લોકો સેલ્ફ્ હિપ્નોટાઈજ્ થઈ ગયા હતા.

કોઈનો ક્રોધ આવો નેગેટીવ્ હોય છે અને કોઈનો ક્રોધ પોઝિટિવ રિઝલ્ટ્ આપે છે. કામ ક્રોધ લોભ મોહ મદ માત્સર્ય આ બધાની સાથે આ જ કથા છે કે જો તમે તેને નિયંત્રણમાં રાખો છો તેના કારણે જો તમે કોઈને સુધારી શકો છો તો તે દોષ હોવા છતાં ગુણરૂપ બની જાય છે. **"ક્વચિદ્ દોષોપિ ગુણઃ સ્યાત્ ક્વચિદ્ ગુણોપિ દોષઃ સ્યાત્ સ્વભાવો યાદૃશો યસ્ય સવૈ સ્યાદ્ દુરતિક્રમઃ 'દુષ્' ધાતોર્ગુણાદેશે દોષઃ સ્યાદ્ નાત્ર સંશયઃ"** સ્વભાવ દુરતિક્રમ હોય છે. દુષ્ ધાતુને ગુણનો આદેશ કરો તો દોષ બને છે. ગુણનો આદેશ કર્યો તો પણ દોષ બન્યો ને! ગુણ તો ન બન્યો. દુષ્‌ને ગુણાદેશ કરવાથી 'દોષ' બને છે. 'ઉ' નો ગુણ 'ઓ' થાય છે. જેમ કે 'સૂર્ય+ઉદય' = સૂર્યોદય અને સંસ્કૃતમાં ગુણ કહેવામાં આવે છે. 'ઉ'નું 'ઓ' થઈ જવું 'ગુણ' કહેવાય છે. તો 'દુષ્' ધાતુને ગુણાદેશ એટલે કે 'ઓ' લગાવવાથી પણ તે 'દોષ' બની જાય છે. મૂળ વાત એ છે કે જ્યાં તે પ્રકટ થવો જોઈએ તે ત્યાં પ્રકટ થાય છે, જેને માટે તે પ્રકટ થવો જોઈએ તેને માટે તે પ્રકટ થાય છે, જે પ્રકારથી પ્રકટ થવો જોઈએ, તે પ્રકારથી પ્રકટ થાય છે તો તે દોષ પણ ગુણ બની શકે છે.

હું વારંવાર એક વાત કહું છું કે જેટલા પુર આવે છે તે આપણને બહુ મોટો દોષ લાગે છે. હવે આજકાલ તો ઈકોસિસ્ટમ્‌ની વ્યવસ્થા બદલાઈ રહી છે. પરંતુ પ્રાચીનકાળની હું વાત કરી રહ્યો છું અને તે અત્યારે પણ ઘણા અર્થમાં તો તે ચાલુ જ છે. જ્યારે પણ નદીમાં પુર આવે છે ત્યારે તેનાથી નદીના કાંઠાની ભૂમિ ઉપજાઉ બની જાય છે. ઘરો તો તણાઈ જાય છે પરંતુ જમીન ઉપજાઉ બની જાય છે. હવે તે ગુણ છે કે દોષ છે? એવું લાગે છે કે નદી આપણા ઉપર બહુ ક્રોધિત થઈ ગઈ છે, અમારા ઘર તણાવી દીધા. અરે ભાઈ! ઘરમાં રહ્યા કરશો અને જમીન બીનઉપજાઉ થઈ ગઈ તો ખાશો શું? નદી એને કેવી રીતે વ્યવસ્થિત કરે છે કે બે-ચારના ઘર ભલેને તણાઈ જાય પરંતુ જે બચ્યા છે તેને ખાવા

માટે અનાજ તો મળતું રહે. તો ક્યાંક ગુણ પણ દોષ બની જાય છે અને ક્યાંક દોષ પણ ગુણ બની જાય છે. આ વોલેરિક્ ઈરપ્શન્ (......) થી લાવારસ નિકળે છે તેમાં પણ જમીન ખૂબ જ ઉપજાઉ બની જાય છે. શરૂઆતમાં બધું બળી જાય છે પરંતુ અંતમાં તેનાથી પણ જમીન ઉપજાઉ બને છે. જમીન એકદમ નવી, ઉર્વરક (ઉર્જાશીલ) બની જાય છે. તો શું દોષ છે અને શું ગુણ છે, તેનો નિર્ણય આપણી ફુટપટ્ટીથી માપીને આપણે નથી કરી શકતા. આ વાત આપણે સમજવી જોઈએ કે મોટા સ્કેલ્ ઉપર એ જ વસ્તુ ગુણ બની જાય છે અને નાના સ્કેલ્ ઉપર એ જ વસ્તુ દોષ બની જાય છે. નાનું બાળક જ્યારે તોતડું બોલે તો ગુણ લાગે છે અને કોઈ મોટી ઉંમરનો માણસ જો તોતડું બોલે તો હસવું આવશે. તો ક્યાં તે દોષ છે, ક્યાં તે ગુણ છે? એ આપણે સમજવું પડશે. ભગવાન્ જોકે બધા દોષોનું મૂળ છે તો પણ ત્યાં તે દોષ નથી ગુણ છે. એ જ ગુણ અહીંયા દોષરૂપ બની જાય છે આ આપણે સમજવું પડશે. કેમ કે એને પચાવવાનું સામર્થ્ય આપણામાં નથી. જેમ કે ભીમનો જેટલો ખોરાક હતો તે ભીમને માટે ગુણ હતો. પરંતુ એટલો ખોરાક જો આપણે ખાઈ લઈએ તો ‘ચલન ચહત અબ કૃપાનિધાના’ થઈ જાય. એટલા ખોરાકને પચાવવાનું સામર્થ્ય આપણામાં નથી તેથી તે વાત આપણા માટે દોષરૂપ બની જાય છે.

ભાગવત આ વાતનો ખુલાસો કરે છે કે **“વેદેન નામરૂપાણિ વિષમાણિ સમેષ્વપિ, ધાતુષુ ઉદ્ધવ! કલ્પ્યન્તે એતેષાં સ્વાર્થસિદ્ધયે”** (ભાગ.પુરા.૧૧।૨૧।૬) બધું જ સમાન હોવા છતાં પણ કોઈકને દોષ બતાવવામાં આવ્યો છે અને કોઈકને ગુણ બતાવવામાં આવ્યો છે. એટલા માટે જેમ ગઈકાલે મેં તમને સમજાવ્યું હતું કે દડાને પગથી મારવો ફુટબોલની રમતમાં ગુણ છે અને એ જ વાત ક્રિકેટમાં દોષ છે. દડાને પગથી મારવો ગુણ છે કે દોષ છે તેને આપણે પોતાની મેળે નક્કી નથી કરી શકતા. એ તમારે જોવું પડશે કે કઈ રમતની તમે વાત કરી રહ્યા છો. કોઈક રમતમાં તે ગુણ પણ હોઈ શકે છે અને કોઈક રમતમાં તે દોષ પણ હોઈ શકે છે. જેમ કે હોકીની રમતમાં દડાને હોકીથી લઈને દોડવું ગુણ છે

અને ક્રિકેટમાં એ જ દોષ છે તો સ્વયં પોતાનામાં કોઈ પણ વસ્તુ ગુણ કે દોષ નથી. કોઈક અપેક્ષાથી તે ગુણ છે અને કોઈક અપેક્ષાથી તે દોષ છે. જેમ હાથીનું વિશાળ શરીર હોવું હાથીને માટે ગુણ છે અને આપણે હાથીના જેવા વિશાળ શરીર બની જઈએ તો એ જ વાત દોષ છે.

તમને કદાચ ખબર હોય કે નહીં કેરળમાં એક વિચિત્ર રોગ છે જેને 'હાથીપગા' નો રોગ કહેવાય છે. તેમાં હાથીના જેવો પગ થઈ જાય છે. હાથીના જેવો પગ હોવો હાથીને માટે ગુણ છે અને માણસમાં હાથીના જેવો પણ હોવો એક રોગ છે, દોષ છે. આપણે ત્યાં 'સૂર્પણખા' કહીએ છીએ ને! તેને સૂપ જેવા નખ હતા. તે દોષ હતો પરંતુ કોઈકમાં તે ગુણ પણ હોઈ શકે છે. આ વાતને આપણે સમજવી જોઈએ કે ગુણદોષની બાબતમાં આ જાતનો નિરપેક્ષ દષ્ટિકોણ રાખવો તે એક સંકીર્ણ મનોવૃત્તિ છે. દરેક વખતે આપણે એ વસ્તુનો સંદર્ભ, એનું પાત્ર, તેનો પ્રયોગ તેનું પ્રયોજન આ બધાથી ગુણ-દોષનું નિર્ધારિણ કરવું જોઈએ. અમથે અમથા આપણે એ આક્ષેપ કરી દઈએ છીએ કે વિષ્ણુ ભગવાન્‌ના હાથમાં ચાર આયુધ છે તેથી તે હિંસક દેવ છે. અરે આમ વિચારો કે જો આપણે શાંત મુદ્રામાં આયુધ ઉઠાવ્યા વિના, બેસીને મનમાં વિચારી રહ્યા છીએ કે મારો વિષ્ણુને, તો આ દોષ છે કે નહીં? અને ચાર આયુધ રાખીને પણ કોઈને મારતા ન હો અને પાલન કરતા હો તો ગુણ છે. ગુણ શા માટે છે? કેમકે તે ભક્તવિરોધીને ડરાવવા માટે છે.

એક આંધળો લાલબત્તી લઈને જઈ રહ્યો હતો તો કોઈએ પૂછ્યું કે "ભાઈ આંધળા થઈને હાથબત્તી રાખવાથી ફાયદો શું? તેણે કહ્યું "ભાઈ! લોકો મારાથી ન ભટકાઈ જાય એટલા માટે હાથબત્તી લઈને ચાલું છું." હવે કહો કે હાથબત્તી લઈને ચાલવું ગુણ થયો કે દોષ! આપણે સમજીએ છીએ કે દોષ છે જ્યોર આંધળાને દેખાતું જ નથી ત્યારે હાથબત્તી લઈને ચાલવું હાથબત્તીનો વેડફાટ છે એટલા માટે દોષ છે. તે દોષ નથી ગુણ છે કારણ કે પ્રયોજન શુદ્ધ છે કે જેનાથી કોઈ મારી સાથે ટકરાઈ ન જાય. અંધારામાં તેને ખબર પડે કે મારી સામે કોઈક છે. આ પણ એક સાવધાની

તો રાખવી પડશે ને!

પ્રશ્ન : જીવમાં સ્વભાવ, પ્રભાવ, વ્યવહાર, કર્મ, નીતિ, ધર્મ, વિગેરે બ્રહ્મના અંશરૂપ છે તો બ્રહ્મનો સ્વભાવ, બ્રહ્મ ઉપર પડતો પ્રભાવ, એનો વ્યવહાર વગેરેને કેવી રીતે સમજવા?

ઉત્તર : બ્રહ્મનો સ્વભાવ મેં જેમ બતાવ્યું કે સચ્ચિદાનંદ હોય છે. બ્રહ્મ ઉપર થતો પ્રભાવ કેવી રીતે થાય છે. તો ધ્યાનથી સમજો કે બ્રહ્મ જો ''એકમેવાદ્વિતીય'' છે તો તેનામાં ભક્ત અને ભગવાન્‌ના ભેદ તો હોઈ નથી શકતા. જે પોતે એકલો છે તો તેનામાં ભક્ત અને ભગવાન્‌ના ભેદ થશે કેવી રીતે? ભક્ત અને ભગવાન્‌નો ભેદ હોવા માટે એક ભક્ત હોવો જોઈએ એક ભગવાન્ હોવો જોઈએ, હવે જ્યારે ભક્તિની વાત આવી રહી છે અને બ્રહ્મમાં ભેદ હોઈ નથી શકતો, ભક્ત અને ભગવાન્‌નો, ત્યારે ભક્તિ સંભવ જ નથી. હવે સંભવ નથી તો નથી પરંતુ બ્રહ્મ જો બે રૂપ ધારણ કરી શકે છે કે એક રૂપમાં તે ભગવાન્ બની જાય અને બીજા રૂપમાં તે ભક્ત બની જાય તો તે વખતે તેણે જે ભક્તનું રૂપ ધારણ કર્યું તે રૂપ જો ભગવાન્‌ને ભજવાના બદલે તે શૈતાનને ભજવા લાગી જાય તો તે દોષરૂપ છે અને ભગવાન્‌ને ભજવા લાગી જાય તો બ્રહ્મઉપર પડેલો તે ભક્તનો પ્રભાવ છે કે નથી? સંસ્કૃત ભાષાના હિસાબથી ભગવાન્ પોતાનામાં આવી ઈકાઈ નથી. કેમકે જેને ભજી શકાય, જેના ગુણ ભજવા લાયક હોય એ ગુણોને 'ભગ' કહેવામાં આવે છે. અને જેમાં આવા ગુણ હોય તેને 'ભગવાન્' કહેવામાં આવે છે. એને જે ભજતો હોય તેને 'ભક્ત' કહેવામાં આવે છે તો ભજનની પ્રક્રિયાના પ્રભાવવશ બ્રહ્મ ભગવાન્ બને છે જો આપણે ભજન ન કરતા હોઈએ તો તે ભગવાન્ નથી અને જો તે ભગવાન્ નથી તો આપણે ભક્ત ક્યાંથી થશું! આ અન્યોન્યાશ્રિત વાત છે.

એક વખત અમે મથુરાથી મુંબઈ આવી રહ્યા હતા ત્યારે એક આર્મીના ઓફિસર એક સરદારજી પણ અમારા ડબ્બામાં હતા. એમણે અચાનક મને પ્રશ્ન કર્યો કે ''તમારો ક્યો ધર્મ છે?'' મેં કહ્યું કે ''અમારો

ભક્તિમાર્ગ ધર્મ છે'' તેઓ બોલ્યા કે ''મૂર્તિપૂજા કરવાનો!'' મેં કહ્યું ''હા'' ત્યારે તેઓ બોલ્યા કે ''મોહમ્મદ ગઝનવીએ સોમનાથનું લિંગ તોડયું ત્યારે તમારા ભગવાન્ ક્યાં ચાલ્યા ગયા હતા!'' મેં કહ્યું કે ''ત્યારે અમારા ભગવાન્ તલવારમાં ચાલ્યા ગયા હતા. ભગવાન્ તો બધી જગ્યાએ બિરાજે છે ને ! ક્યારેક તેઓ શિવલિંગ બિરાજિત છે ત્યારે તેઓ પૂજા કરાવે છે. ક્યારેક તેઓ તલવારમાં બિરાજે છે ત્યારે તેઓ આ શિવલિંગને તોડાવી નાખે છે. ક્યારેક તેઓ તલવારમાં બિરાજે છે ત્યારે તેઓ આ શિવલિંગને તોડાવી નાખે છે. એમાં ગભરાવાની વાત શું છે? શું ભગવાન્‌ને આપણે એમ કહી શકીએ છીએ કે 'રજા સિવાય અંદર પ્રવેશવાની મનાઈ છે' તેથી તમે તલવારમાં પ્રવેશી નહીં શકો ખાલી શિવલિંગમાં જ પુરાઈને રહેજો.'' શિવનું સ્વરૂપ સંહારનું છે. જ્યારે લિંગમાં બિરાજે છે ત્યારે આપણા અજ્ઞાનનો, આપણા પાપોનો સંહાર કરે છે. અને જ્યારે તલવારમાં બિરાજે છે ત્યારે શિવલિંગનો પણ સંહાર કરી દે છે. કરે છે તો સંહાર શિવજી જ. જ્યાં પણ સંહાર થઈ રહ્યા છે તે શિવલીલા છે. હવે તેઓ સંહારલીલા ક્યાં બિરાજીને કરે, એ તો એમના મનની વાત છે ને! તો એક વાત ધ્યાનથી સમજો કે 'ભગવાન્' શબ્દ ભજવાથી ભગવાન્ થાય છે. ન ભજયા તો ભગવાન્ નથી.

મારો એક ખૂબ જ પ્રિય સૂફી શાયર છે. હું વારંવાર એનું ઉદાહરણ આપતો રહું છું. એનું નામ સર્મદ છે, જેને ઔરંગઝેબે જામા મસ્જીદની સીઢિઓ ઉપર કતલ કરી હતી. એ સર્મદ એમ કહે છે કે –

''હક઼ ત્આલા ચે કર્દ પૈદા મારા,
મા પૈદા કરદેમ હક઼ ત્આલારા,
ઈંસાફ઼ બકૂન કીસ્ત રુતબે બુલંદ,
ઉ અદના આફ઼ીન વ મા આલારા.''

તમે લોકો બધા કહી રહ્યા છો કે ''હક઼ ત્આલા'' (પરમાત્મા) એ મને પેદા કર્યો. તમારો એ વિચાર ખોટો છે કેમ કે મેં હક઼ ત્આલાને પેદા કર્યા છે. ત્યાર પછી તે એક બહુ મોટી વાત કહે છે કે ''ઈંસાફ઼ બકૂન કીસ્ત

રુતબે બુલંદ’’ પેદા કરવાવાળામાં રુતબા કોનો મોટો છે, તેનો કે મારો? કેમ કે એણે તો મારા જેવી નાચીજ઼ પેદા કરી અને મેં તો એના જેવો અલ્લાહ પેદા કર્યો છે. એણે તો મારા જેવો અદના આફ્રીન પેદા કર્યો છે અને મેં તો તેને ભજીને તેના જેવો ભગવાન્ બનાવી દીધો છે. એક વાત ધ્યાનથી સમજવાની છે કે ભગવાન્ સ્વયં પોતાનામાં નથી હોતા પરંતુ ભક્તના દ્વારા બ્રહ્મની ઉપર પડેલો પ્રભાવ ભગવાન્ છે. બ્રહ્મ ઉપર પણ તો આપણા ભજનનો પ્રભાવ પડે જ છે ને! આપણા ભજનના પ્રભાવથી બ્રહ્મ ભગવાન્ બને છે. આપણા ભજનનો પ્રભાવ ન પડે તો ભગવાન્ બિચારો બ્રહ્મ જ રહી જાય છે. કોઈ ભજતું જ નથી તો શું કરે?

પ્રશ્ન : શું બ્રહ્મના પણ કોઈક ધર્મ અર્થ વગેરે પુરુષાર્થ હોય છે?

ઉત્તર : ભાગવતમાં સર્ગ વિસર્ગ વગેરે લીલાઓમાં ધર્મ અર્થ કામ મોક્ષની વ્યવસ્થા સ્વયં બતાવવામાં આવી છે. તે આપણા પુરુષાર્થ નથી, એના પુરુષાર્થ છે. કેમ કે સિસ્ટમ્ પ્રોવાઈડર્ (વ્યવસ્થા આપનાર) એ છે અને સિસ્ટમ્‌ના યૂઝર્ (વ્યવસ્થાને વાપરનાર) આપણે છીએ. સિસ્ટમ્ પ્રોવાઈડર્ અલગ હોય છે અને સિસ્ટમ્ યૂઝર્ અલગ હોય છે. જેમ કે અંગ્રેજોએ અહીં એક રેલની સિસ્ટમ્ પ્રોવાઈડ્ કરી અને આપણે લોકો તેને યૂઝ઼ કરી રહ્યા છીએ. તેવી જ રીતે ધર્મ અર્થ કામ મોક્ષના સિસ્ટમ્ પ્રોવાઈડર એ છે. તે એના ધર્મ અર્થ કામ મોક્ષ થયા કે નહીં? એ સિસ્ટમ્‌ના યૂઝર આપણે છીએ. કોમ્પ્યુટરમાં પણ એક સિસ્ટમ્ પ્રોવાઈડર્ હોય છે અને એક સિસ્ટમ્ યૂજર હોય છે તો આ પ્રકારથી બ્રહ્મના પણ ધર્મ અર્થ કામ મોક્ષ કેમ ન હોઈ શકે? પરંતુ તે આ અર્થમાં નહીં થાય જે અર્થમાં તે આપણા માટે છે કેમ કે આપણે તે સિસ્ટમ્‌ને યૂઝ કરી રહ્યા છીએ અને એ સિસ્ટમ્‌ના પ્રોવાઈડર્ છે.

પ્રશ્ન : આપે સમજાવ્યું કે સ્વભાવ પ્રભાવ કર્મ વ્યવહાર નીતિ ધર્મ ભક્તિના દ્વારા ધર્મ અર્થ કામ મોક્ષરૂપ લીલા સમજમાં આવી શકે છે પરંતુ

વાર્તાઓમાં આવી પ્રક્રિયા નથી દેખાતી. તેથી વાર્તાઓમાં આની સંગતિ કેવી રીતે થશે?

ઉત્તર : ચોરાસી બસ્સો બાવન વૈષ્ણવોની વાર્તા, એક સિદ્ધાંતને સમજાવવા માટે આપવામાં આવેલ વાસ્તવિક ઉદાહરણ છે. કલ્પિત ઉદાહરણ નથી. એવા ઉદાહરણ કે જેને જીવનમાંથી પસંદ કર્યા છે. કોના જીવનમાંથી ? કે જે લોકોએ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના ઉપદેશોને સ્વીકાર્યા અને એને જીવ્યા. એ ઉપદેશોને જીવવાના કારણે એમના જીવનમાં ક્યા પ્રકારની સમસ્યા ઉભી થઈ અને કયા પ્રકારથી સમાધાન થયા અને કેવી રીતે એ સમસ્યા કાં તો વિકરાલ બની ગઈ અથવા કેવી રીતે એ સમસ્યા હલ થઈ ગઈ, આ બધી વાતોના ઉદાહરણ વાર્તા છે. જો આ વાર્તાઓમાં દરેક વાત આપણે શોધવા જશું તો એ આપણી ખોટી અપેક્ષા થશે. દરેકે દરેક વાર્તા મહાપ્રભુના કોઈકને કોઈક સિદ્ધાંતના ઉદાહરણ છે. જ્યાં જે વાર્તામાં મહાપ્રભુના સિદ્ધાંતના ધર્મ અર્થ કામ મોક્ષના ઉદાહરણ છે, ત્યાં તે વાર્તામાં તમને ધર્મ અર્થ કામ મોક્ષની વ્યવસ્થા મળશે. દરેક જગ્યાએ તમને ધર્માર્થકામમોક્ષની વ્યાખ્યા નહીં મળે. થોડીક દષ્ટિ રાખવી પડશે કે કયા પ્રકારની ભક્તિ અથવા શરણાગતિ. ભક્તિમાર્ગીય ધર્મ કે ભક્તિમાર્ગીય અર્થ, ભક્તિમાર્ગીય કામ કે ભક્તિમાર્ગીય મોક્ષને કઈ વાર્તામાં કેવી રીતે બતાવવામાં આવ્યા છે! તે એક નહીં અનેક વાર્તાઓમાં બતાવવામાં આવ્યા છે. પરંતુ ધર્મનો અર્થ (વ્યાખ્યા) જો આપણે એક સીમિત અર્થમાં લઈ લઈએ તો મળવું મુશ્કેલ છે. પરંતુ એ ભક્તિમાર્ગીય ઉપદેશને જીવવાની કલા શિખવાડનારી વાર્તા છે, જેમણે એ જીવનને જીવવાની કલા ભકિતમાર્ગના અનુસાર વિકસિત કરી. આજના સમયમાં અપરસનો પ્રચલિત બવંડર, એના સંદર્ભમાં શું ધર્મ છે અને શું અધર્મ છે, તે માટે વાઘાજી રાજપૂતનું ઉદાહરણ જોઈ લો તો સમજાઈ જશે કે ધર્મનું સ્વરૂપ શું છે? વાઘાજી રાજપૂતના ઠાકોરજી શ્રીનવનીતપ્રિયાજી હતા અને તેઓ મુગલસેનામાં સૈનિક પણ હતા. આપણે લોકો સમજીએ છીએ કે તેઓ ભ્રષ્ટ થઈ ગયા, છોવાઈ ગયા કેમ કે તેઓ મુગલસેનામાં સૈનિક હતા

અને એમના સંપર્કમાં હતા એટલા માટે. આ બધી વાત તો સાચી છે પરંતુ સેનામાં કવાયત કરતાં-કરતાં એમને યાદ આવ્યું કે સેનામાં કવાયત કરવાની ઉતાવળમાં તેઓ પોતાના ઠાકોરજીને કોરી રોટલી ભોગ ધરીને આવ્યા છે. આ વાતથી તેઓ એટલા વિહ્વળ થઈ ગયા કે સેનાનું કામ છોડીને કવાયતમાંથી સીધા આવીને એમણે પગરખાં ઉતાર્યા વગર શ્રીનવનીતપ્રિયાજીની રોટલી ઉપર ઘી ચોપડી દીધું. તે વખતે પણ આ જ પ્રશ્ન પેદા થયો હતો કે ''આ તો ભ્રષ્ટ છે, અનાચારી છે. આને ત્યાં પ્રસાદ ન લેવો જોઈએ.'' આવી વાતોથી નવનીતપ્રિયાજી અને શ્રીગુસાંઈજી નારાજ થઈ ગયા. કેમ કે એમણે અનાચાર કરવા માટે અનાચાર નહોતો કર્યો, પ્રભુના સુખના વિચારથી અનાચાર કર્યો હતો. આ પુષ્ટિમાર્ગીય ધર્મ છે તો ધર્મપુરુષાર્થની કથા આવી કે નહીં? ધર્મપુરુષાર્થના અંતર્ગત પુષ્ટિમાર્ગમાં કેવા પ્રકારનો વિવેક હોવો જોઈએ? જ્યાં પ્રભુના સુખનો વિચાર સર્વોપરિ હોય અને આપણા સુખનો વિચાર સર્વોપરિ ન હોય, એ પુષ્ટિમાર્ગીય ધર્મ છે.

આજકાલ લોકો બહુ ઝઘડો કરે છે કે તિલક નથી કર્યું તો પુષ્ટિમાર્ગીય કેવી રીતે? વાર્તા વાંચો કે એક વૈષ્ણવ તિલક લગાવીને જઈ રહ્યા હતા તો ઠાકોરજીએ કહ્યું કે ''તિલક તો પોંછીલે'' તેઓ તિલક શા માટે નહોતા કરતા? તેનો અર્થપુરુષાર્થ સાથે કેવો સંબંધ છે જૂઓ? એમણે ત્યાં કહ્યું છે કે ''જો હું તિલક કરીને જાઉં અને કોઈ મને વૈષ્ણવ જાણીને નોકરી આપે, એવી મજુરી નથી જોઈતી. મને માણસના રૂપે, મજુરના રૂપે જો મજુરી મળતી હોય, તો એવી નોકરી મારે કરવી છે. વૈષ્ણવના રૂપે મારે મજુરી નથી કરવી. એટલા માટે જ્યારે પણ મજુરી કરવા જતાં ત્યારે તિલક પોંછીને જતા હતા. તિલક પોંછવું એ તો આપણે ત્યાં અપરાધ છે. ગોકુલનાથજીની વાર્તા આ વાતનું પ્રમાણ છે. ગોકુલનાથજી કાશ્મીર સુધી પધાર્યા આ વાતને કહેવા માટે કે અમે તિલક નહીં પોછીએ, એ પણ એંસી વર્ષની ઉંમરમાં, હવે જૂઓ એક કથા તે છે અને એક કથા આ છે કે તેઓ તિલક જાતે પોંછીને જતા હતા. એક દીવસ

પોંછતા ભુલી ગયા તો ઠાકોરજીએ કહ્યું કે "તું તિલક પોંછવાનું ભુલી ગયો છે, જલ્દીથી પોંછી લે." આમાં જૂઓ ધર્મપુરુષાર્થ પણ આવી રહ્યો છે અને અર્થપુરુષાર્થ પણ આવી રહ્યો છે કે નહીં?

હિંદુસ્તાન-પાકિસ્તાનના ભાગલા પછી સિંધથી ડો. પરમાનંદ મુંબઈ આવ્યા. તેઓ ભાડાનું મકાન શોધતા હતા. એક વૈષ્ણવ મકાનમાલિકે એમના માથામાં તિલક જોઈને કહ્યું "તમે વૈષ્ણવ છો એટલે જરૂર આપીશ." ડો. પરમાનંદે કહ્યું "મકાન ભાડે રાખવા માટે મારૂ તિલક નહીં વેંચુ" બીજી જગ્યાએ શોધવા નીકળી ગયા!

કામ પુરુષાર્થ પણ આવે છે. ડોકરીના દીકરા મરી ગયા અને તે બહુ વિલાપ કરીને રોવા લાગી. ઠાકોરજીએ એને કહ્યું કે "તું આટલો વિલાપ કરે છે, મને કષ્ટ થાય છે" આપણે સમજીએ છીએ કે સંસારમાં કેટલી લિપ્ત જીવ હશે! ભગવાન્ તો ગીતામાં કહી જ રહ્યા છે કે **"જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ ધ્રુવં જન્મ મૃતસ્ય ચ, તસ્માદ્ અપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમ્ અર્હસિ"** (ભગ.ગીતા ૨।૨૭) જે પેદા થાય છે તે ક્યારેક ને ક્યારેક તો મરશે. જે મરે છે તે ક્યારેક ને ક્યારેક તો પેદા થશે. એમાં રોવા-કકળવાની શું જરૂર છે? આટલો જે સામાન્ય સિદ્ધાંત હતો તેને ડોકરી ઠાકોરજીની સેવા કરવા છતાં કેમ ન સમજી શકી? ડોકરીનો જવાબ જૂઓ કેવો મજેદાર છે? એ કહે છે કે "હું એટલા માટે નથી રોઈ રહી કે મારા બાળક મરી ગયા. પરંતુ મારા બાળકોની સાથે આપ ખેલતા હતા હવે આપ કોની સાથે ખેલશો, એ તો ખુલાસો કરો." તેને તેના બાળકોની કામના છે. પરંતુ એ કામપુરુષાર્થે ભક્તિનું રૂપ કઈ રીતે લીધું!

ધર્મ અર્થ કામ અને મોક્ષ બધી વાર્તાઓમાં મળશે પરંતુ એ દૃષ્ટિથી આપણે જોઈશું તો મળશે. "જિન ખોજાં તિન પાઈયાં, ગહરે પાની પેંઠ" સંસ્કૃતમાં એક બહુ મજેદાર શ્લોક છે કે જ્યારે રામસેતુ બન્યો ત્યારે બધા વાનરો લંકા પહોંચી ગયા પરંતુ કોઈ વાનરને સમુદ્રની ઉંડાઈ કેટલી છે તે ખબર ન પડી. એ તો કોઈક ડુબકી લગાવે એને જ ખબર પડે છે. **"અબ્ધિઃ લંઘિતમેવ વાનરભટૈઃ કિન્તુ અસ્ય ગંભીરતામ્ આપાતાલ-**

નિમગ્નપીવરતનુ: જાનાતિ મંથ્રાચલ:'' મંદરાચલને ખબર પડે છે કેમકે એને સમુદ્રમાં ડૂબાડીને સમુદ્રનું મંથન કરવામાં આવ્યું. સમુદ્ર કેટલો ઊંડો છે તે તો જે ડૂબશે એને જ ખબર પડશે. જે પાર કરે છે તેને ખબર નથી પડતી. મોટાભાગે આપણે ભક્તિમાર્ગને પાર કરી જઈએ છીએ. ભક્તિના સરોવરમાં ડૂબતા નથી. એટલા માટે આપણને ભક્તિમાર્ગના સરોવરની ઊંડાઈની ખબર પડતી નથી. પાર કરવામાં આપણે પ.ભ., પ.પૂ. કેટલાં-કેટલાં વિશેષણ ધારણ કરી લઈએ છીએ અને લોકો કહે છે કે ''આ તો ભક્તિસાગરના પાર ઉતરી ગયા છે.'' અરે પણ પાર ઉતરી ગયા પરંતુ ઊંડાઈની ખબર પડી કે નહીં? એ તો ડૂબ્યા નથી તો કેવી રીતે ખબર પડશે? આ એક રહસ્ય છે. આ આપણું રહસ્ય છે. અમે લોકો પરમ પૂજ્ય બની જઈએ છીએ અને તમે લોકો પરમ ભગવદીય બની જાઓ છો જાણે કે અમારામાં કોઈ ભગવદીયતા જ નથી અને તમારામાં કાંઈ પૂજનીયતા જ નથી. શુદ્ધાદ્વૈતમાં પણ આ પ્રકારનો કોઈ દ્વૈતવાદનું લફરૂં છે.

વાત આમાં સમજવાની એ છે કે પ.પૂ. કે પ.ભ. બનવાથી ભક્તિમાર્ગની ઊંડાઈની ખબર નથી પડતી. હાં ભક્તિના સાગરમાં જો આપણે ડૂબકી લગાવીએ તો જરૂર ઊંડાઈની ખબર પડશે.

પ્રશ્ન : શું લાલાની સેવા કરવા માટે એને પુષ્ટ કરવા જરૂરી છે? શું આપણી સેવા અને ભાવનાથી લાલાને સ્વયં પુષ્ટ ન કરી શકીએ?

ઉત્તર : થોડોક રોલ બદલીને જુઓ કે શું સાથે રહેવા માટે લગ્ન કરવા જરૂરી છે? શું લગ્ન કર્યા વિના આપણે સાથે ન રહી શકીએ? કેમ નથી રહી શકતા? મનુષ્ય સિવાયના બધા જાનવર વગર લગ્ન કર્યે જ સાથે રહે છે. આનંદથી સાથે રહી શકો છો. બાળકો પણ પેદા થશે, સંસાર પણ ચાલશે અને ક્યારેય છૂટાછેડા માગવાની જરૂર નહીં પડે. લગ્ન થયા હોય તો છુટાછેડા માગવાની જરૂર પડે છે. લગ્ન કર્યા વિના સાથે રહેશો, તો જો ઝઘડો થાય તો તું તારા રસ્તે હું મારા રસ્તે. આમાં ઘણા ફાયદા છે પરંતુ

નુકશાન એક છે. તેમાં અવ્યવસ્થા ફેલાઈ જાય છે. કેટલી હદ સુધી અવ્યવસ્થા ફેલાઈ જાય છે તેનું એક નાનકડું ઉદાહરણ આપું. તમે ખબર નહી સાંભળ્યું હોય કે નહીં પરંતુ સાંઈઠના દશકામાં એક અમેરિકાની બહુ પ્રખ્યાત હિરોઈન હતી માર્લિન્ મોનરો. તેનો બાપ કોણ હતો તે એને ખબર ન પડી કેમકે તે પોતાની માની કુંવારી અવસ્થામાં પેદા થઈ હતી. જ્યારે એણે નિશાળમાં એડમિશન્ લીધું ત્યારે એની બધી કલાસની છોકરીઓ તેને તેના પિતાનું નામ પૂછતી હતી. એ બધાની વચમાં તેને શરમાવું પડતું હતું કેમકે તેને તેના પિતાના નામની ખબર નહોતી. એ શર્મિંદગીને કારણે તેનામાં પોતાના પિતાને શોધવાની ઉગ્રતા એટલી વધી ગઈ કે પોતાની યુવાવસ્થામાં પોતાના પ્રત્યેક પ્રેમીમાં પોતાના પિતાને શોધતી હતી. તેનો દરેક પ્રેમી પોતાનું માથું પછાડતો હતો કે ''કાં તો હું પિતા બની શકું છું કાં પ્રેમી. બન્ને એક સાથે કેવી રીતે બની શકું!'' આ ચક્કરમાં એણે પાંચ-છ પ્રેમી બદલ્યા. એમાંથી એક કેનેડી પણ હતા. જે અમેરિકાના પ્રમુખ પણ હતા. જ્યારે અંતમાં એને લાગ્યું કે કોઈ પણ પિતારૂપ પતિ મને મળી નહીં શકે ત્યારે એણે નિશ્ચય કર્યો કે હવે મારે આત્મહત્યા કરવી જોઈએ. એણે આપઘાતની ગોળીઓ ખાઈને જોન્ કેનેડીને ફોન કર્યો કે ''હું જઈ રહી છું.'' કેનેડી કાંઈ જ ન બોલ્યા. કેમકે એ વખતે એ પ્રમુખ હતા અને ત્યાં જાય તો કોઈ સ્કેન્ડલ્ માં ફસાઈ જાય. આ રીતે એનો અતિ દુઃખદ અંત થયો.

આર્થર્ મિલર્ જેવો જબરદસ્ત સ્કોલર્ થયો છે. તેણે આ આખા ઘટનાક્રમને 'આફટર્ દ ફોલ્' માં એટલી સુંદર રીતથી ચિત્રિત કર્યો છે! તેણે આ એક નાટક લખ્યું છે. તમે વાંચજો કયારેક. આપણે પણ પરેશાન થઈ જઈએ છીએ કે એક નાનકડી ભુલથી કેટલી અવ્યવસ્થા ફેલાઈ ગઈ, અને આજે આટલા વર્ષો વિત્યા હોવા છતાં પણ અમેરિકામાં એ સ્કેન્ડલ્ના કોઈ ને કોઈ ચેપ્ટર્ (પ્રકરણ) બહાર આવતા રહે છે. ભુલ એક બહુ નાનકડી હતી પરંતુ એના દુઃખરૂપ ચેપ્ટર્ પણ નિકળે છે. એ દરેક પતિમાં પિતા શોધતી રહી. એક નાદાન બાળકીને પોતાની સ્કૂલમાં પિતાનું

નામ ખબર ન હોવાના કારણે કેટલી દુર્વ્યવસ્થા થઈ અને આખા દેશને પણ એમાં સામેલ થવું પડયું. આપણે કયારેક વાંચીએ તો આપણી પણ આંખો ભરાઈ આવે. એટલી એની દુઃખદ કથા છે. લોકો એને બદનામ કરે છે કે એણે પોતાના આટલા પ્રેમી બદલ્યા. પરંતુ એ કથાનું શું કે જે એનો પિતા સામે ન આવ્યો એને પેદા કરીને. એ પ્રકારની તકલીફ ઉભી ન થાય એટલા માટે એમ કહેવામાં આવે છે કે ઠાકોરજી પુષ્ટ કરો. અને પુષ્ટ કરેલા ઠાકોરજી કોઈકને માથે બિરાજવા જોઈએ કે જેનાથી એવી અડચણ ન આવે કે પિતા કોણ છે? આપણા ઠાકોરજી કોઈ બીજા ઠાકોરજીને મળે અને પૂછે કે કોણ પાપા છે ત્યારે શરમાય નહીં અને સેવા કરનારમાં એ મહારાજ શોધે અને મહારાજમાં સેવા કરવાવાળો શોધે. છેવટે ઠાકોરજી પણ દુઃખી થઈને કહે કે હવે તો આ દુનિયામાંથી જવામાં જ ફાયદો છે. ''તેરી દુનિયામેં દિલ લગતા નહીં વાપસ બુલા લે, મેં સજદેમેં ગિરા હૂં મુઝકો એ માલિક ઉઠા લે.'' આવી કોઈ દુર્ઘટના ન થઈ જાય એટલા માટે પુષ્ટ કરાવવા જરૂરી છે.

ભગવાન્‌ની એ લાચારી નથી. ધ્યાનથી સમજો કે મહાપ્રભુનો સ્પષ્ટ આદેશ છે કે **''કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્, શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્''** (ત.દી.નિ.૨।૨૨૯) જે કૃષ્ણસેવાપરાયણ હોય, જે દંભ વગેરેથી રહિત હોય, જે ભાગવતના તત્ત્વના જાણકાર હોય, તેની પાસેથી પુષ્ટ કરાવીને ઠાકોરજીની સેવા કરો. પરંતુ આવા ગુરૂ ન મળતા હોય તો **''તદ્‌ભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્ પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતમ્''** (ત.દી.નિ.૨।૨૩૦) કૃષ્ણસેવા કરો કેમ કે અંતે ગુરૂ કૃષ્ણસેવાને માટે છે. કૃષ્ણસેવા ગુરૂને માટે નથી.

હું અવાર-નવાર એક વાત કહેતો રહું છું કે ડોકટર્ ને મળવા માટે બિમાર નથી પડવું. બિમાર પડી જઈએ છીએ એટલા માટે આપણને ડોકટર્ જોઈએ. ડોકટર્ જોઈએ એટલા માટે બીમાર થઈએ તો એનાથી ઘણા બધા કૌભાંડ થઈ જશે. કોઈક કેન્સરસ્પેશ્યાલીસ્ટ્ હશે તો આપણે કેન્સરના રોગી થવું પડશે. કોઈ ટી.બી. ના સ્પેશ્યાલિસ્ટ્ હશે તો આપણે

ટી.બી.ના દર્દી બનવું પડશે. ડોકટર્‌ની અપેક્ષાથી બીમાર થવાની આવશ્યકતા નથી. બીમાર પડી જઈએ ત્યારે ડોકટર્‌ની આવશ્યકતા છે. આપણી બીમારી એ છે કે ભક્ત હોવા છતાં આપણે કૃષ્ણની સેવા નથી કરી રહ્યા તેથી ડોકટરની જરૂર છે, કોઈ ગુરૂની જરૂરીયાત છે. ગુરૂની જરૂરીયાત છે એટલા માટે આપણે કૃષ્ણની સેવા નથી કરવી, બ્રહ્મસંબંધ નથી લેવાનું. મનમાં સ્પષ્ટપણે આ વાત સમજી જાઓ કે કૃષ્ણસેવાર્થ ગુરૂ છે, ગુરૂને માટે કૃષ્ણસેવા નથી. વલ્લભસંપ્રદાયની જો કોઈ વિશેષતા રહી છે તો આ જ રહી છે કે વલ્લભસંપ્રદાયે કયારેય શિષ્ય નથી બનાવ્યા, સેવક બનાવ્યા, અને સેવક ઠાકોરજીના બનાવ્યા. (ઠાકોરજીની સેવા કરે તેનું નામ સેવક). બ્રહ્મસંબંધ લીધા પછી અમે એમ નથી કહેતા કે આ અમારો શિષ્ય બન્યો. અમે કહીએ છીએ કે સેવક બન્યો. લોકોમાં ખોટી ધારણા ઠસાઈ ગઈ છે કે મહારાજશ્રીનો સેવક બન્યો. અરે મહારાજશ્રીનો સેવક તો અમારો ધોબી પણ હોઈ શકે છે. ધોબી જે અમારા કપડા ધોતો હોય તો તે શું અમારો સેવક નહીં થાય? એ તો વગર બ્રહ્મસંબંધે પણ થઈ શકે છે. મહારાજશ્રી જો એક કુતરો પાળી લે તો કુતરો પણ તો મહારાજશ્રીનો સેવક છે. તેના માટે બ્રહ્મસંબંધની આવશ્યકતા નથી. બ્રહ્મસંબંધની આવશ્યકતા છે કૃષ્ણસેવા માટે અને એ બ્રહ્મસંબંધમાં, કૃષ્ણસેવામાં કોઈ અવ્યવસ્થા ન ફેલાઈ જાય તેના માટે એક મહારાજની જરૂરીયાત છે. જેમ કે બેંકમાં એક કલાર્કની જરૂરીયાત છે, તે શા માટે? કેમકે પૈસા જમા કરવામાં અને ઉપાડવામાં કોઈ અંધાધુંધી ન ફેલાઈ જાય. હવે બેંકનો કલાર્ક જ જો અંધાધુંધી ફેલાવવા લાગી જાય તેથી તો અત્યારે એ.ટી.એમ. ની વ્યવસ્થા આવી. **"તદ્‌ભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્"** કલાર્ક જો બદમાશી કરવા લાગી જાય તો એ.ટી.એમ.માં તમારું ખાતું ખોલાવી લો. તો સમજી લો કે એ.ટી.એમ. 'સ્વયંવાપિ' છે તો ગુરૂની એટલા માટે આવશ્યકતા છે કે તે તમને કૃષ્ણસેવામાં પ્રવર્તિત કરે. ગુરૂની એટલા માટે આવશ્યકતા નથી કે ગુરૂ હોવા જરૂરી છે. ગુરૂ અને શિષ્ય બંનેનું કૃષ્ણસેવાપર હોવું જરૂરી છે.

પ્રશ્ન : કેટલાક ધર્મોમાં કહ્યું છે કે જન્મ-મરણ એક જ વખત થાય છે. શું આ સત્ય છે? અને જો આ સત્ય છે તો શું ઇચ્છામુજબ જીન્દગી વ્યતીત ન કરી શકાય?

ઉત્તર : આ પ્રશ્ન મને સ્પષ્ટ નથી થઇ રહ્યો. હું જો માની પણ લઉં કે જન્મ મરણ એકજ વખત થાય છે, વારંવાર નથી થતા તો જેમ કોઇ એક વખત હોસ્પિટલમાં દાખલ થાય છે તો ઇચ્છાપૂર્વક ઇલાજ કરવો યોગ્ય છે કે ડોકટર પાસે ઇલાજ કરાવવો યોગ્ય છે. એવું થોડું છે કે જો વારંવાર દાખલ થઇએ ત્યારે જ ડોકટર પાસે ઇલાજ કરાવવો જોઇએ. અને જો એક જ વખત દાખલ થવાનું હોય તો પોતાની મેળેજ ઇલાજ કરી લો. ઇચ્છાનો રોલ મને આમાં સમજાઇ નથી રહ્યો કે એક જ વખત જો જન્મતા હોઇએ તો ઇચ્છાપૂર્વક જીવી શકીએ કે નહીં? બતાવો કે ઇચ્છાપૂર્વક આપણો ઇલાજ કરવો જોઇએ કે ડાઇગ્નોસિસ્પૂર્વક કરવો જોઇએ? ફક્ત એક જ વખત હોસ્પિટલ્માં દાખલ થવાનું છે તો ઇચ્છાપૂર્વક તમારો ઇલાજ કરાવશો કે ડોકટરના ડાઇગ્નોસિસ્ના હિસાબથી તેની સલાહ મુજબ ઇલાજ કરાવશો! આપણા જન્મને પણ આ પ્રકારથી માનીને ચાલો તો એમાં ઇચ્છાનો પ્રશ્ન જ ક્યાં આવે છે? પ્રશ્ન ફકત આમાં સીધોસાદો એ છે કે એક વખત જન્મ થતો હોય કે પછી અનેક વખત થતો હોય પરંતુ આપણી ઇચ્છા મુજબ જ જો વ્યતિત કરવા માગશું તો બધાની ઇચ્છાઓ અંદરોઅંદર ટકરાશે. જેમ તમારું મન છે કે તમે તમારી ઇચ્છાથી જીવન વ્યતિત કરશો. કાલે તમે રસ્તા ઉપર જઇ રહ્યા અને કોઇ ગુંડો મળી ગયો અને એની ઇચ્છા થઇ ગઇ કે તે તમારી હત્યા કરી દે. હવે તમે કહી રહ્યા છો કે હું જન્મ ઇચ્છાપૂર્વક વ્યતીત કરીશ અને તે પણ કહી રહ્યો છે કે હું જન્મ મારી ઇચ્છાથી વ્યતીત કરીશ અને હું તો તમારી હત્યા કરવા ઇચ્છું છું. હવે તમે તેને ના કેવી રીતે કહેશો કેમકે તમે તો સિદ્ધાંત બનાવી દીધો છે કે અમે ઇચ્છાપૂર્વક જીવન વ્યતીત કરશું. તો હવે આનુ નિયામક તથ્ય ક્યાંથી લાવવું! પ્રશ્ન એ નથી કે ઇચ્છાપૂર્વક વ્યતીત કરવું. પ્રશ્ન એ છે કે આપણે સમાજમાં જીવી રહ્યા છીએ ત્યારે

આપણી ઈચ્છા, બીજાની ઈચ્છા અને બધાની ઈચ્છાને સમજીને જીવન વ્યતીત કરવું જોઈએ. ફક્ત આપણી જ ઈચ્છાપૂર્વક જીવન વ્યતીત થઈ જ નથી શકતું. એક વાત ધ્યાનથી સમજો કે આપણે સમજીએ છીએ કે આપણે બહુ બુદ્ધિશાળી છીએ એટલે આપણી ઈચ્છાપૂર્વક જીવન વ્યતીત કરીશું. કોઈ જાનવર પોતાની ઈચ્છાપૂર્વક જીવન વ્યતીત નથી કરતા. કોઈ ચકલી જ્યારે ડાળી ઉપર બેસે છે ત્યારે તે પોતાની ઈચ્છાથી નથી બેસતી. બરાબર એ જોતી રહે છે કે કોઈ કાગડો તો નથી આવી રહ્યો! એક ચોક્કસ અંતરથી તે પાસે આવ્યો કે ફરૂર્ તે બીજી ડાળી ઉપર બેસી જાય છે. તે એમ નથી કહેતી કે મારી ઈચ્છા આ ડાળી ઉપર બેસી રહેવાની છે તેથી હું આના ઉપર જ બેસી રહીશ. તે પોતાની દૂરી બરાબર નિયમિત રાખે છે. ખબર નહીં અહીંયા લખે છે કે નહીં પરંતુ મુંબઈમાં ઘણી કારો ઉપર લખેલું જોયું છે 'કીપ સેફ્ ડીસ્ટેન્સ્, ડૂ નોટ કીસ્' તો આપણી ઈચ્છા અને બીજાની ઈચ્છાનેં સેફ્ ડિસ્ટેન્સ્ જીવવું, જીવન જીવવાની સૌથી સરળ કલા છે. જ્યારે આપણે આપણી ઈચ્છાથી જીવન વ્યતીત કરીએ છીએ ત્યારે કોઈક ને કોઈક તો ટકરાશે. ફક્ત આપણી ઈચ્છાથી જીવન વ્યતીત નથી થતું. આપણી ઈચ્છા, બીજાની ઈચ્છા અને બધાની ઈચ્છાનો ખ્યાલ રાખીને જ જીવન વ્યતીત થાય છે.

પ્રશ્ન : જે વ્યક્તિ ઈમાનદારીથી પૈસા કમાય છે, એ તો ફક્ત મહેનત જ કરે છે અને જે લોકો બેઈમાનીથી કમાય છે તેઓ જલસાથી જીવે છે. આવું કેમ?

ઉત્તર : હું માનું છે કે જલસાથી જીવન વ્યતીત કરતા હશે પરંતુ પોતાના ભાવ વિચાર અને ચેતના છે તેને જલસા-આનંદથી વ્યતીત નહીં કરતા હોય. ક્યાંકને ક્યાંક અંદરથી તેઓ ખૂબ જ દુઃખી છે. જો તેઓ દુઃખી ન હોત તો બેઈમાની કરત શા માટે? જે લોકો બેઈમાન નથી તેઓ ભીતરથી ખૂબ જ સુખી છે. હાં! બહારથી દુઃખી લાગે છે. દરેક ફળની સાથે પણ આ જ કથા છે કે જે ફળ ભીતરથી ખૂબ જ મજબૂત છે તે

બહારથી ખૂબ જ નરમ હોય છે અને જે અંદરથી નરમ છે તે બહારથી ખૂબ જ મજબૂત હોય છે, ભીતર એની પાણી જ મળે છે. બહારથી બહુજ કડક છે. તો આ જીવનનું પણ કાંઈક આ પ્રકારનું ચક્કર છે કે જે બહારથી બહુ પ્રસન્ન દેખાય છે તે ભીતરથી એકદમ તુટેલા હોય છે. અને જે ભીતરથી જે મજબુત હોય છે તેના બહારથી તુટવાથી કાંઇ ફરક નથી પડતો. આવા ચક્ર તો કેટલાય આવે જાય છે આ વાત સમજવી જોઈએ.

***

પ્રકરણ-૭

(સ્વભાવાદિ ક્રિયાનું સ્વરૂપ, સ્વભાવાદિજન્ય ક્રિયામાં ધર્માદિનું સમાયોજન અને પુષ્ટિભક્તિપુરુષાર્થમાં ધર્માદિનું સમાયોજન)

(બ્રહ્મ અને સૃષ્ટિનું સમાનાંતરીકરણ)

આપણે હવે આજના વિષય ઉપર આવીએ છીએ. કાલે જે હું તમને સમજાવી રહ્યો હતો તે વાત એ હતી કે ભગવાન્‌ની સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઉતિ મન્વન્તર ઈશાનુકથા નિરોધ અને મુક્તિરૂપ જે લીલાઓ છે અને જે એ લીલાઓને કરવાનું ભગવાન્‌નું આશ્રયભૂત સ્વરૂપ છે, સર્વવિદ્ લીલાવિદ્ જે સ્વરૂપ છે તેના સમાનાંતર જીવના આ કર્મ વ્યવહાર નીતિ તેમજ ધર્મના ક્રિયા-કલાપોનું સમાનાંતરીકરણ છે. જ્યારે પણ આપણે સમાનાંતરની વાત કરીએ છીએ ત્યારે રેલગાડીના બે પાટા દિમાગમાં આવે છે જે એક-બીજાના સમાનાંતર ચાલે છે. એક પાટાની લાઈન એમાંથી વળે છે ત્યારે બીજી લાઈન પણ તેના અનુસાર વળી જાય છે. આ એક મોડેલ્ છે સમાનાંતર હોવાનું કે જ્યાં બે લાઈન હોય છે, એક નથી હોતી.

બ્રહ્મ અને બ્રહ્મની સૃષ્ટિમાં આ પ્રકારનું સમાનાંતરીકરણ નથી. તે એકમાં પેદા થયેલું સમાનાંતરીકરણ છે. આ એની ખુબસૂરતી છે. જો આ ખુબસૂરતીને સમજવી હોય તો સૌથી સારૂં મોડેલ્ મોર્ડન્ બાયોલોજિકલ્ સેલ્ છે. બાયોલોજિકલ્ સેલ્‌ની પ્રકૃતિ ઉપર તમે ધ્યાન આપો તો તમને ખબર પડશે કે દરેક બાયોલોજિકલ્ સેલ્ બીજા સેલ્‌ની સમાનાંતર ચાલે છે. યાને કે કેટલાક વર્ષો પહેલા સુધી લોકોની ધારણા હતી કે આખું એક પ્રાણી સ્પર્મ ના રૂપમાં ડેવલપ્ થયેલા સેલ્ થી જ ડેવલપ્ થઈ શકે છે. પરંતુ અત્યારે હાલમાં જ વૈજ્ઞાનિકોએ કાનમાંથી સેલ્ કાઢીને તેને ક્લોનિંગ્ કરીને એમણે એક મેંઢાને પેદા કર્યો. હવે કાનમાં તો સ્પર્મનો કોઈ સેલ્

પણ નથી. પરંતુ દરેક સેલ્ એક-બીજા સેલ્ની સમાનાંતર ચાલી રહ્યો છે. કેમકે દરેક સેલ્માં બધા જ જેનેટિક્ ઈન્સ્ટ્રકશન એનકોડેડ્ છે. અને એના આધારે એક બકરીના કાનમાંથી એક સેલ્ લઈને એક આખી બકરીને બનાવી શકાય છે. આ કથા વૃક્ષમાં પણ મૌજૂદ છે. જરૂરી નથી કે તમે બીજ જ વાવો. તમે એક ટહની (કલમ) વાવી દો. એ ટહનીમાંથી આખું વૃક્ષ બની જશે. તેમાં ફલ બીજ ફૂલ બધું જ નિકળશે. પરંતુ જ્યારે વૃક્ષથી આ કથા આગળ વધે છે ત્યારે તે અટકી જાય છે. તેની આગળની કથામાં ફકત સ્પર્મ અને ઓવમ થી જ રિપ્રોડક્શન્ થઈ શકે છે. કોઈપણ બીજી વસ્તુથી આ પ્રક્રિયા નથી થતી. આપણા પુરાણોમાં આ વાત આવે છે કે એણે પોતાના હાથે બાળક પેદા કરી દીધા. આપણે બધા સમજીએ છીએ કે પુરાણ તો ગપગોળા છે પરંતુ વૈજ્ઞાનિકો તો હવે તે બધી વાત જ કરી રહ્યા છે. ક્યાંયથી પણ કોઈપણ પેદા થઈ રહ્યું છે. આપણા પુરાણોને આપણે ગપગોળા માનીએ છીએ પણ હવે વિજ્ઞાનને ગપગોળા માનો. આપણને તાર્કિક હોવાનો અહંકાર પેદા થઈ ગયો છે. પુરાણ બધા ગપગોળા છે. પુરાણમાં આ બધી કથાઓ ઉપલબ્ધ છે. હમણાં તો આપણા અંગોના ટ્રાંસપ્લાન્ટ્ કરવાની કથા ચાલી રહી છે. ક્યારેક કિડની ક્યારેક ગોઠણની ઢાંકણી ટ્રાંસપ્લાન્ટ્ કરાવે છે. આપણે તેને અસત્ય નથી માની રહ્યા પરંતુ મહાદેવજીએ પાર્વતીજીના બાળક ઉપર હાથીનું મુખ ટ્રાંસપ્લાન્ટ્ કરી દીધું તો આપણે કહીએ છીએ કે પુરાણની કથા ગપ્પા છે. કેવા પ્રકારની આપણી શ્રદ્ધા છે! એક અંધશ્રદ્ધા છે કે આપણે આપણી કથાઓને ગપગોળા માનીએ છીએ અને આ આધુનિક કથાઓને સત્ય માનીએ છીએ. અકબર ઈલાહબાદીએ એક બહુ મજેદાર શેર કહ્યો છે કે ''હમ ઈન કિતાબેંકો કાબિલે જપ્તી સમજતે હૈ, કિ જિનકો પઢ઼કે બેટે બાપકો ખપ્તી સમજતે હૈં''

આપણે એવા જ છીએ કે આપણે આપણા પૂર્વજોને ગપ્પા મારનારા સમજીએ છીએ અને આપણે અધિક બુદ્ધિમાન છીએ એમ સમજી રહ્યા છીએ. બધા અંગો ટ્રાંસપ્લાન્ટ થઈ રહ્યા છે એને સાચું

માનીએ છીએ. કિડની કોર્નિયા હાર્ટ ટ્રાંસપ્લાન્ટ થઈ શકે છે. બ્લડ ટ્રાંસફ્યૂઝન થઈ શકે છે પરંતુ આપણા પુરાણોમાં જ્યારે આવી કથા આવે છે ત્યારે આપણે કહીએ છીએ કે આ તો બધા ગપ્પા છે. આપણે પણ કાબિલે જમ્રી છીએ કે આપણા વડવાઓને ખમ્રી સમજીએ છીએ. અરે ભાઈ! બાપને ખમ્રી ન સમજો કેમકે ખમ્રી બાપની ઔલાદ પણ ખમ્રી હોય છે.

એક વાત ધ્યાનથી સમજો કે આ કોઈ ખાલી કથાઓ નથી પરંતુ જે એક સેલ્યુલર્ સમાનાન્તરીકરણ છે એની એવી એક પોતાની ખુબસૂરતી છે કે એક હોવા છતાં પણ **"એકોહં બહુસ્યામ્"** ના મોડેલ્‌ને માન્ય કરે છે. અને એમાં આ કેટલી ખુબસૂરત વાત છે કે **"સર્વભવનસામર્થ્ય"** એ સેલ્‌માં હોવા ઉપરાંત પણ જે સેલ્‌ને લીલાનો જે રોલ્ સોંપવામાં આવ્યો છે એ જ રોલ્‌માં સ્થિત છે. સાયન્સના હિસાબથી એક વાત સમજો કે પ્રતિદિન કરોડો નવા સેલ્ બનતા રહે છે. આપણા શરીરની પ્રક્રિયા કાંઈક એવી છે. તમે હળવેથી તાલી પાડ઼ી તેનાથી શરીરના પંદર વીસ લાખ સેલ્ ખતમ થઈ જાય છે. અને તુરતજ ત્યાં નવા સેલ્ પેદા થવાના શરૂ થઈ જાય છે. આ બધા કામ ખૂબ જ ઝડપથી થાય છે. આટલી ઝડપથી થવા છતાં પણ જુઓ કે આ કેટલી ખુબસૂરત વાત છે કે કાનના સેલ્ ક્યારેય આંખ પેદા નથી કરતા અને આંખના સેલ્ ક્યારેય કાન નથી પેદા કરતા. નાકના સેલ્ પગ નથી ઉગાડવા લાગતા. જો આવું થાય તો ભયંકર સ્થિતિ પેદા થઈ જાય. તો દરેક સેલ્‌નો પોતાનો એક રોલ્ છે. જેમ કે આપણે ત્યાં કહ્યું છે કે કોઈને દૈવી જીવ બનાવ્યા છે, કોઈને આસુરીજીવ બનાવ્યા છે, કોઈને પ્રવાહી, કોઈને મર્યાદા, કોઈને કર્મી, જ્ઞાની કે ભક્ત બનાવ્યા છે. કોઈને સંસારી, કોઈને ભૂત-પ્રેત, કોઈને બ્રાહ્મણ, કોઈને વૈશ્ય વગેરે-વગેરે બનાવ્યા છે. જેને જે રોલ આપ્યો છે એ જ રોલ્‌માં તે સ્થિત છે.

હવે તમે બાયોલોજિકલ સેલ્ ન લઈને બ્રાહ્મિક સેલ્ લઈલો તો પ્રત્યેક બ્રાહ્મિક સેલ્‌માં એ સામર્થ્ય મૌજૂદ છે કે તે બધું જ બની શકે છે. પત્થરની મૂર્તિ ભગવાન્ બની શકે છે. એ બ્રાહ્મિક સેલ્‌માં એ

પોટેન્સિયાલિટી (સામર્થ્ય) મૌજૂદ છે. પરંતુ લીલામાં જેને જે રોલ્ આપવામાં આવ્યો છે તે જ રોલ્ અદા કરે છે, બીજા રોલ્ અદા નથી કરતા અને જો તમારામાં સામર્થ્ય છે તો તેને કાઢી પણ શકાય છે. નથી કાઢી શકાતું એવી વાત નથી. જેમ ક્લોનિંગ્ કરીને કાનના સેલ્થી આખો મૈઢ़ा પેદા કરીને બનાવી દીધો. હવે લોકો રોતા રહે કે કાનથી પેદા ન થાય. આ તો પુરાણોના ગપ્પા છે. અરે, ગપ્પા નથી તમારી સામે તે પેદા કરીને બતાવી રહ્યા છે. હવે આનું શું કરશો? આ તથ્યને સમજો કે જે બાયોલોજીકલ્ સેલ્ છે તેમાં એક-બીજા સેલ સાથે સમાનાંતરીકરણ છે. અને બંને પોત-પોતાના કામમાં લાગેલા છે એક-બીજાનું કામ કરવાનું સામર્થ્ય હોવા છતાં પણ. બંને સેલ્ એક જ છે. **''એકમેવ અદ્વિતીયમ્ તદ્ એક્ષત્ બહુસ્યાં પ્રજાયેય''** (છાંદો.ઉપ.૬।૨।૩) તેના કારણે તે એક અલગ રોલ્ એણે લઈ લીધો.

તમારે ત્યાં તો જય-જય શ્રીગોકુલેશવાળા છે નહીં. ગુજરાતમાં આ સંપ્રદાયના ઘણાબધા અનુગામી છે. ત્યાં એક બહુ મજેદાર કિસ્સો છે. ખાલેખાલી એક માણસ ઝાંઝ લઈ લે છે અને ગાવા માંડે છે કે ''મારો ધની ગોકુલેશ'' અને બીજો માણસ બીજા ઝાંઝ લઈને ગાવા માંડે છે કે ''મારો ધની વિટ્ઠલેશ'' હવે તે બે પાર્ટીઓ બની જાય છે અને પૂરા જોશમાં એક સ્પર્ધા જેવું થવા લાગે છે જેનાથી બંનેમાં પૂરો જોશ આવી જાય છે. આ એક સમાનાંતરીકરણ છે. બંને જ જૈ જૈ શ્રીગોકુલેશ છે પરંતુ એક ઝાંઝમાં ''મારો ધની ગોકુલેશ'' બોલે છે અને બીજો ''મારો ધની વિટ્ઠલેશ'' કહે છે. આ શું છે કે એક પ્રકારનું સેલ્નું વિભાજન છે. પોતે પોતાને આ પ્રકારથી બેમાં વિભાજિત કરો અને વિભાજન કરીને તમે આ પ્રકારનો ખેલ શરૂ કરી દો.

ઘણી વખત લોકોના હાથ કમજોર બની જાય છે એના કમજોર હાથમાં ફરીથી શક્તિ લાવવાનો ઉપાય શું છે? તે એ છે કે એ કમજોર હાથને બીજા હાથથી જોરથી ખેંચો. તેનાથી કમજોર હાથમાં ખેંચાણથી શક્તિ ફરીથી આવવાની શરૂ થઈ જાય છે અને એ પ્રક્રિયામાં કોઈ જોખમ

પણ નથી. કેમકે **“દ્વિતીયાદ્ વૈ ભયં ભવતિ”** (બૃહ.ઉપ.૧।૪।૨) તમે તમારા હાથથી તમારા હાથને ખેંચી રહ્યા છો. તેનાથી બંને હાથોમાં તાકાત આવી જશે. આ જ વાતમાં જો બીજો કોઇ હાથ ખેંચે તો થોડીક પણ શક્તિની હેર-ફેર થઇ તો બહુ ગડ઼બડ઼ થવાની સંભાવના રહે છે. ક્યારેક નસ ચટકી જાય છે, ક્યારેક હાથનું હાડકું ઉતરી જાય છે. પરંતુ જ્યારે એજ વસ્તુ આપણે આપણા હાથથી કરીએ છીએ ત્યારે બંને હાથોમાં શક્તિ આવી જાય છે. જે નર્વ્સ (જ્ઞાનતંતુ) મજબૂત કરવાનો સિદ્ધાંત ડોકટર્ કોઇક આવી રીતે બતાવે છે. આ હાથને તે તરફ ખેંચવાનું કોણ કહી રહ્યું છે? આ દિમાગ. અને તે હાથને આ તરફ ખેંચવાનું કોણ કહી રહ્યું છે? એ પણ આ જ દિમાગ. એક જ દિમાગ બે પ્રકારથી આદેશ આપી રહ્યું છે. એકને કહી રહ્યું છે તેને આ બાજુ ખેંચો અને બીજાને કહી રહ્યું છે કે તેને તે બાજુ ખેંચો. જ્યારે બંને એક-બીજાને ખેંચે છે ત્યારે બંને હાથ મજબૂત થઇ જાય છે. દીમાગ બંનેની વચ્ચે બે નથી, એક જ છે. આ સિદ્ધાંત આ પ્રકારના સમાનાંતરીકરણનો છે.

બ્રહ્મની [૧]સર્ગ [૨]વિસર્ગ [૩]સ્થાન [૪]પોષણ [૫]ઉતિ [૬]મન્વન્તર [૭]ઈશાનુકથા [૮]નિરોધ રૂપી લીલાના સમાનાંતર આપણી અંદર [૧]સ્વભાવ [૨]પ્રભાવ [૩]કર્મ [૪]વ્યવહાર [૫]નીતિ [૬]ધર્મ [૭]ભક્તિ અને [૮]લીલાનું એક સમાનાંતરીકરણ ચાલી રહ્યું છે. તેનું કેન્દ્ર એક છે. કેન્દ્ર બે નથી. જેમ બંને હાથની તાકાત લગાવવાનું કેન્દ્ર એક જ છે. પરંતુ એક જ કેન્દ્ર હોવા છતાં પણ બંને એક-બીજાની વિરૂદ્ધ તાકાત લગાવવાનું કામ કરી રહ્યા છે. આ તેના વિરૂદ્ધ કામ કરી રહ્યો છે અન તે આના વિરૂદ્ધ કામ કરી રહ્યો છે. આપણે કહીએ છીએ કે જ્યારે બ્રહ્મ એક છે તો વિરોધ કેવી રીતે હોઇ શકે છે? જ્યારે બ્રહ્મ એક છે તો દેવ અને અસુરોના ઝઘડા કેવી રીતે થઇ શકે છે? આ રીતે ઝઘડા થઇ શકે છે. બ્રહ્મને પોતાનો વ્યાયામ કરવો છે, જોવું છે કે કયા હાથમાં વધારે બળ છે. તે આસુરીશક્તિથી, દૈવીશક્તિને ખેંચે છે અને દૈવીશક્તિથી આસુરીશક્તિને ખેંચે છે અને આ પ્રકારની ક્રીડા કરવા માટે બ્રહ્મની પોતાની લીલાનન્દની શક્તિ વધી જાય છે. જ્યારે તમે આ દ્રષ્ટિથી

જોશો કે મેક્રો લેવલ્ ઉપર તો તે તરફ સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઉતિ મન્વન્તર ઈશાનુકથા અને નિરોધ છે અને આ તરફ માઈક્રો લેવલ્ ઉપર આપણે પણ સ્વભાવ પ્રભાવ વગેરે પ્રકટ કરી રહ્યા છીએ. કોના ઉપર આ બધું કરી રહ્યા છીએ? બ્રહ્મ ઉપર જ તો કરી રહ્યા છીએ. આપણે બ્રહ્મની સામે કાંઈક આપણો સ્વભાવ પ્રકટ કરી રહ્યા છીએ. બ્રહ્મ આપણા ઉપર કાંઈક પોતાનો પ્રભાવ પ્રકટ કરી રહ્યો છે. અને આપણે કાંઈક આપણો પ્રભાવ પ્રકટ કરી રહ્યા છીએ બ્રહ્મ ઉપર. બ્રહ્મ આપણી સાથે કાંઈક વ્યવહાર કરી રહ્યો છે આપણે પણ કાંઈક વ્યવહાર પ્રકટ કરી રહ્યા છીએ બ્રહ્મ સાથે. એક સમાનાંતરની પ્રક્રિયા ચાલી રહી છે.

અને આ પ્રક્રિયામાં આપણા ધર્મ અર્થ કામ મોક્ષનું સમાયોજન કેવી રીતે કરવું? જ્યાં સુધી આપણે આનો સોર્સ (કેન્દ્ર) નહીં જાણી શકીએ ત્યાં સુધી આનું સમાયોજન સરખી રીતથી નથી થઈ શકતું. આ મારા પ્રવચનનો મૂલ વિષય હતો જે પણ કાંઈ મેં તમને આ ત્રણ દિવસોમાં સમજાવ્યું તે ફક્ત આ વાતની ભૂમિકા હતી. મહાપ્રભુજી કૃપા કરશે તો આજે આ વિષયને પૂરો કરવાનો પ્રયાસ કરશું. કદાચ અધૂરો પણ રહે તો ફરીથી શરૂ કરીશું. ‘‘હમ અધૂરેં અધૂરા હમારા સૃજન, પૂર્ણ તો બસ એક પ્રેમ હી હૈ યહાં.’’ નીરજ કહે છે કે ‘‘દેખતી હી દર્પણ રહો તુમ અગર પ્યારકા યે મુહ્રત નિકલ જાયગા.’’ આપણે પ્રેમ રાખવો જોઈએ વિષય સાથે. વિષય અધૂરો રહી જાય તો કોઈ ચિંતાની વાત નથી. વિષય સાથે પ્રેમ પ્રકટ થવો જોઈએ. વિષયને કહેવા સાંભળવા અને વિચારવામાં પ્રેમ પ્રકટ થવો જોઈએ. આ વિષયને જીવવામાં આપણો પ્રેમ પ્રકટ હોવો જોઈએ. ‘‘હમ અધૂરે અધૂરા હમારા સૃજન પૂર્ણ તો બસ એક પ્રેમ હી હૈ યહાં.’’ વિષય અધૂરો રહે તેની ચિંતા નહી કરતા, વિષય ઉપર પ્રેમ કરશો તો બસ કાર્ય થઈ જશે. સાંભળવા વિચારવા સમજવા જીવવાનો પ્રેમ પ્રકટ હોવો સૌથી મોટી વાત છે. પ્રેમ પરિપૂર્ણ હોય છે બાકી તો બધી વાત અધૂરી છે. કોશિષ તો કરીશ હું પૂરૂ કરવાની પરંતુ જેવી રીતથી મેં વિચાર્યું હતું તેવી રીતથી તે ચાલ્યું નહીં પરંતુ છતાં પણ પ્રયાસ કરશું.

(સ્વભાવથી પેદા થનારી ક્રિયા વસ્તુઓમાં એનો ગુણધર્મ બની જાય છે)

સ્વભાવ શું હોય છે? એ બાબતમાં મેં પરિચયના રૂપમાં તો ઘણીબધી વાતો સમજાવી પરંતુ સ્વભાવ શબ્દની પહેલા વ્યુત્પતિ સમજો. બોલચાલની ભાષામાં આપણે એમ કહીએ છીએ કે આનો ક્રોધી સ્વભાવ છે. આનો ખુશદિલ સ્વભાવ છે. આનો ઈર્ષ્યાનો સ્વભાવ છે વિ. વિ. સ્વભાવોના આ અર્થને આપણે સ્વભાવ માનીને ચાલીએ છીએ. 'સ્વભાવ' નો મૂલ અર્થ છે કે જે વસ્તુ છે, તેના હોવાનું સ્વરૂપ કે તે ક્યા રૂપમાં છે, તે એનો સ્વભાવ છે. વસ્તુ જે છે તેના હોવામાં કોઈ એક વિશેષતા છે. તેના હોવાની વિશેષતા છે, તે એ વસ્તુનો સ્વભાવ છે. જેમ કે હું લાંબો છું તો મારા શરીરનો સ્વભાવ લંબાઈ છે. કોઈ ઠીંગણો છે તો તેના શરીરનો ઠીંગણા હોવાનો સ્વભાવ છે. તે સ્વભાવ તેણે કોઈ પ્રક્રિયા દ્વારા પ્રકટ નથી કર્યો. તેના શરીરનાં અવયવોમાં રહેલો તે સ્વભાવ છે કે આટલી લંબાઈ તે પ્રાપ્ત કરશે. આપણે જાણીએ છીએ કે દરેક વૃક્ષનો એક સ્વભાવ હોય છે કે તે કેટલું લાંબુ થશે. નારિયેલનું વૃક્ષ કોઈ એક લંબાઈને પ્રાપ્ત કરે છે, આંબો એ લંબાઈને પ્રાપ્ત નથી કરતો. આંબાના વૃક્ષનો સ્વભાવ ફેલાવાનો હોય છે. જ્યારે કે નારિયેલના વૃક્ષનો સ્વભાવ ઉપર વધવાનો હોય છે. નાના-નાના ગુલ્મ હોય છે, એનો કાંઈક જુદો સ્વભાવ હોય છે તો છોડનો પોતાનામાં જૂદો સ્વભાવ હોય છે. મતલબ કે તેના હોવાનું સ્વરૂપ શું છે? તેને આપણે સ્વભાવ કહીએ છીએ. આપણે ત્યાંની ધાર્મિક પરિભાષામાં આપણે આ રીતે સમજી શકીએ છીએ કે ભગવાને જ્યારે સૃષ્ટિ પ્રકટ કરી તે કાંઈક જડ઼ અને ચેતન સ્વભાવની પ્રકટ કરી. કોઈ વસ્તુને જડ઼ સ્વભાવની બનાવી અને કોઈને ચેતન સ્વભાવની બનાવી. જ્યારે કોઈ જડ઼ વસ્તુને જોઈએ છીએ ત્યારે આપણને લાગે છે કે આમાં ચેતના નથી. કોઈ ચેતન વસ્તુને જોઈએ છીએ તો આપણને લાગે છે કે આમાં જડ઼તા નથી. આ એના સ્વભાવ છે. આ સ્વભાવના કારણે જે પણ ક્રિયા પ્રકટ થાય છે, એ ક્રિયાઓને આપણે 'સ્વભાવિક ક્રિયા' કહીએ

છીએ. જેમ કે આપણે આ સમજીએ છીએ કે પૃથ્વીનો સ્વભાવ ઠોસ (નક્કર) હોવાનો છે. જલનો સ્વભાવ તરલ (વહેવાનો) હોવો છે. વાયુનો સ્વભાવ ન ઠોસ હોવાનો છે, ન તરલ હોવાનો છે, તેનો વાયવીય સ્વભાવ છે, (ગેસિયસ્) છે. આ સ્વભાવોના પ્રકાર છે.

આ સ્વભાવોના કારણે જે ક્રિયાઓ પ્રકટ થાય છે તેને આપણે 'સ્વાભાવિક ક્રિયાઓ' કહીએ છીએ. કેમ કે તે કોઈ બહારથી લીધેલી ક્રિયાઓ નથી. પરંતુ તે તેના સ્વભાવમાં પ્રકટ થતી ક્રિયા છે. લિહાજા જે ક્રિયા પ્રકટ થઈ રહી છે તેમાં એ તફાવત કરવો અઘરો પડી જાય છે કે આ ક્રિયા પોતાના જ્ઞાન ઈચ્છા પ્રયત્નથી કરી રહ્યો છે. કે કોઈ બીજા પ્રભાવને કારણે કરી રહ્યો છે કે નીતિની જે સંવેદનશીલતા છે કે **"આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્"** તેના કારણે આ પ્રભાવ પ્રકટ થઈ રહ્યો છે. અથવા કોઈ શાસ્ત્રને દ્રષ્ટિમાં રાખીને જેને આપણે ધર્મ કહી રહ્યા છે, તેનાથી કરી રહ્યો છે **"તસ્માત્ શાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ, જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમ્ ઈહ અર્હસિ"** (ભગ.ગીતા ૧૬।૨૪)

કોઈ શાસ્ત્રને દષ્ટિમાં રાખીને કે કોઈ કોન્સ્ટીટ્યૂશન્ (બંધારણ) કે લૉ (કાયદા)ની ચોપડીને દષ્ટિમાં રાખીને કોઈ કામ કરી રહ્યું છે. સ્વભાવથી પ્રકટ થતી ક્રિયામાં આ બધી વાતો ગૌણ થઈ જાય છે અને એટલા માટે ત્યાંથી જે પણ ક્રિયાઓ પ્રકટ થાય છે, તેમાં આપણે વ્યક્તિને ગુનેગાર નથી માનતા. તેનું સૌથી સુંદર ઉદાહરણ અષ્ટાવક્રનું આવે છે. અષ્ટાવક્ર જ્યારે જનકની પાસે ગયા અને ત્યાં બધાને હસવું આવી ગયું ત્યારે અષ્ટાવક્રએ પૂછ્યું કે "કોના ઉપર હંસી રહ્યા છો, તમે દેહના સ્વભાવ ઉપર હંસી રહ્યા છો કે આત્માના સ્વભાવ ઉપર હંસી રહ્યા છો. તમને કોના ઉપર હસવું આવી રહ્યું છે!" આ જ પ્રકારનો સ્વભાવ જડ઼ભરતના પ્રસંગમાં પ્રકટ થયો છે. રહૂગણ જ્યારે પાલખીમાં જઈ રહ્યા હતા અને ત્યાં જડ઼ભરત પણ એ પાલખીને ઉપાડી રહ્યા હતા. બાકીના બધા કહાર (પાલખી ઉપાડવાવાળા) સાવધાની પૂર્વક લઈ જઈ રહ્યા હતા અને જડ઼ભરત સ્વભાવવશ, સરખી રીતે નહોતા ચાલી રહ્યા. રાજાને

ગુસ્સો આવ્યો કે ‘‘તેં સરખું ખાધું નથી શું?’’ જડ઼ભરતજીએ કહ્યું ‘‘ખાય તો દેહ છે, આત્મા તો ખાતો નથી તો હું કેવી રીતે ખાઉં’’ હવે જડ઼ભરતમાં આ ક્રિયા કયા કારણે પ્રકટ થઈ રહી છે? બહારવાળા તો સમજશે નહીં. એ તો સમજશે કે આ પાખંડી છે, કામચોર છે. પરંતુ હકીકતમાં તો તે ક્રિયા એમના સ્વભાવથી પ્રકટ થઈ રહી છે.

એ જ પ્રકારથી કોઈનો ભક્તિનો સ્વભાવ હોય છે. જે વાઘાજી રાજપૂતની વાત મેં કહી કે જોડા પહેરીને, મ્લેચ્છોનો સ્પર્શ કરીને, સ્નાન કર્યા વગર ઠાકોરજીની સખડીની સેવામાં ઘી સમર્પી દીધું, ઘણુંબધું છૂ છૂ થઈ ગયું કે નહીં? તે ક્યા સ્વભાવના કારણે કર્યું આ વાતથી નક્કી કરવું પડશે. જે સ્વભાવના રેફરેંસ્માં કર્યું તેમાં તેને અધર્મ માનવામાં ન આવ્યો. જો તે સ્વભાવ નથી અને કોઈ બીજા સ્વભાવના રેફરેંસ્માં કરે છે તો તે ક્રિયા અધર્મ છે. ધર્મનું સમાયોજન કેવી રીતે થાય છે? જેમકે શ્રીગુસાંઈજીએ કહ્યું કે જો તેની પાસે બીજી વખત રસોઈ બનાવવાની સુવિધા નથી તો મેંડમાં કુતરૂ ઘુસી ગયું તો શું થયું? કુતરું પણ બ્રહ્મ છે, નહીં છોવાય. ભોગ ધરીને આનંદથી લો. જૂઓ આ સમાયોજન છે, મેનેજમેન્ટ ઓફ્ ધર્મ (ધર્મની વ્યવસ્થા) છે. આપણે અસમાયોજીત ધર્મ પાલન કરીએ છીએ. આવશ્યકતા, એ ધર્મનો સ્રોત કે ફંકશન્ (કાર્ય) શું છે, આને જાણવાની છે. જ્યારે આ વાતનો આ વાતોની સાથે વિચાર કરીને આપણે નિર્ધારિણ કરીએ તો તેનું સમાયોજન સારી રીતથી થઈ શકે છે.

મને એક ફિલ્મની વાત યાદ આવી ગઈ. અમેરિકામાં એક ફિલ્મ બની જેમાં ચિંપાંજી વાંદરાઓને ફાઈટર્ જેટ્ ઉડાડવાની તાલીમ આપે છે. એમની સમજ એવી હતી કે જો ચિંપાંજીને ફાઈટર્ પ્લેન્ ઉડાડ઼તા આવડી જાય અને કોઈ એક્સીડેંટ્ પણ થઈ જાય તો વાંદરો જ મરશે, માણસ તો બચી જશે. હવે જૂઓ આ માનવતાનો વિકાસ છે કે હ્રાસ (નાશ) છે, આ વિચારો એક દષ્ટિથી વિચારીએ તો લાગે છે કે વાંદરાઓનો બહુ જ વિકાસ છે કેમ કે એમને ફાઈટર્ વિમાન ઉડાડવાની તાલિમ આપી રહ્યા છે. પરંતુ

માનવીય નીતિ અને સંવેદનાની દૃષ્ટિથી જોઈએ તો તમે (માણસ) મરવા નથી માગતા એટલા માટે બીજાને (પ્રાણિને) મરાવી નાખવા માગો છો. તમને કદાચ વાંદરા આવી રીતે પકડીને મરાવી નાખવા માગે તો તમને ગમશે? બીજાને મારવાનું આપણને ગમે છે પરંતુ કોઈ આપણને મારે તો ગમશે? નથી ગમતું. તો ક્યાં અધર્મ છે, ક્યાં ધર્મ છે આનો નિર્ણય કેવી રીતે લેશું? વાંદરાને ફાઈટર્ જેટ્‌ની તાલીમ આપવી એનો સ્વભાવ છે કે જેમ એ વિકસિત થયો તેમ બધા વાંદરાઓ વિકસિત થઈ જશે અથવા આ માનવનો કલકયુલેટેડ્ (ગણત્રીપૂર્વકનો) વ્યવહાર છે કે મરે તો વાંદરો મરે અને હું ન મરું. હવે કહેવા માટે કહેવામાં આવે છે કે વાંદરાઓને આટલા બધા શિક્ષિત કર્યા જેટલા આજ સુધી કોઈએ નથી કર્યા. આ વૈજ્ઞાનિક વિકાસ થયો ને! પરંતુ નીતિનો નાશ થઈ ગયો, અનીતિ થઈ ગઈ. આ રીતથી આપણે નિર્ણય લેવો પડશે કે સમાયોજનની મર્યાદાથી કે ક્યાંથી તે ક્રિયા પ્રકટ થઈ રહી છે? સ્વભાવથી પ્રકટ થઈ રહી છે કે તે પ્રભાવથી પ્રકટ થઈ. એ ફિલ્મમાં એક ખૂબ જ સારી વાત બતાવી છે કે જ્યારે વાંદરા સરખી રીતે પ્રશિક્ષિત થઈ જાય છે ત્યારે એક દિવસ વાંદરા પ્લેન્‌ને હાઈજેક કરીને લઈ જાય છે. એક વાંદરો બધા વાંદરાને પ્લેન્‌માં બેસાડીને પ્લેન્‌ને હાઈજેક્ કરીને લઈ જાય છે. અને આર્મી જ્યાં સુધીમાં સમજે ત્યાં સુધીમાં તો તે ઉડાવીને લઈ જાય છે. હવે આખી અમેરિકાની ફોર્સ (સેના) એ પ્લેન્‌માં બેઠેલા વાંદરાઓને પકડવામાં ભાગી જાય છે. હવે તાલીમ લેવાના કારણે વાંદરાઓ સમજી જાય છે કે રહસ્ય શું છે? હવે તેમણે જોયું કે તેઓ ચારે તરફથી ઘેરાઈ ગયા છે ત્યારે એમણે એક તળાવમાં ડાઈવ લગાવી દીધી અને સૌથી પહેલા તો એમણે આર્મી ડ્રેસ ઉતારીને ફેંકી દીધો અને ઝાડવાઓ ઉપર ચઢી ગયા. હવે ઓળખી લો કે એ વાંદરો તાલીમ આપેલો છે કે તાલીમ આપ્યા વિનાનો છે. હવે કેવી રીતે ઓળખાય, બધા વાંદરાઓ તો એકસરખા જ દેખાય છે. તેઓ પ્લેન્ એ વિસ્તારમાં લઈ ગયા. જ્યાં બધા વાંદરાઓનું જંગલ હતું. હવે તાલીમ આપી છે એટલે આટલું તો વાંદરો પણ સમજશે ને! ત્યાં સૌથી પહેલી પોતાની ચતુરાઈ બતાવી કે મનુષ્યની ચતુરાઈનું પગરખું મનુષ્યના માથા ઉપર મારીને

બતાવી દીધું. જેવા તે છૂટયા, એમણે પોતાની ભાષા બોલવી શરૂ કરી દીધી, એ બધી વાતો (ભાષા) જે ટ્રેનિંગમાં શિખવાડી હતી તે એમણે છોડી દીધી. જેમ પોપટને જેટલો સમય પાંજરામાં રાખીએ એટલો સમય જ તે મિઠ્ઠૂ મિઠ્ઠૂ કરે છે. જેવો તે પિંજરામાંથી છૂટયો તેવો જ તે ટેં-ટેં જ કરવા લાગી જાય છે. કેમ કે એને લાગે છે કે આજે મારી સ્વતંત્રતા જાહેર થઈ ગઈ.

આ રહસ્યને સમજો કે કોઈ પણ ક્રિયા જે પ્રકટ થઈ રહી છે તે ચાહે સ્વભાવથી પ્રભાવથી, જેમ પોપટ જે રામ નામ બોલી રહ્યો છે તે સ્વભાવથી બોલી રહ્યો છે કે પ્રભાવથી બોલી રહ્યો છે? એ તો પ્રભાવથી બોલી રહ્યો છે કેમ કે રામ બોલવા માટે આપણે તેને લલચાવીએ છીએ. જ્યારે રામ બોલીશ ત્યારે ખાવાનું મળશે. આપણે આપણી બેવકૂફીથી સમજીએ છીએ તે રામ બોલી રહ્યો છે. અરે એજે રામ બોલી રહ્યો છે એનો અર્થ રામ (ભગવાન) નથી જામફળ કે મરચું છે. તે આ અર્થમાં રામ રામ કરે છે. લાવો ભાઈ રામ = જામફળ કે મરચું. આપણે એમ માનીએ છીએ કે આપણે તેની પાસે રામ રામ બોલાવીને બહુ મહાન ઉત્કર્ષ સિદ્ધ કરી લીધો. આપણે પોપટને પણ રામ રામ બોલવાનું શિખવાડી દીધું. અમે મહારાજ લોકો પણ પોપટની જેમ શ્રીકૃષ્ણઃ શરણં મમ બોલાવીને કેટલાય લોકોને બોલતા કરી દઈએ છીએ. પરંતુ મતલબ કાંઈક બીજો જ હોય છે તેનો. તેનો ન શ્રીકૃષ્ણ મતલબ હોય છે કે ન શરણ કે ન મમ, કાંઈ પણ મતલબ નથી હોતો એનો. અરે અર્થ પણ સમજાવ્યો હતો કે નહીં તેનો? મતલબ તો સમજાવવો જોઈએ ને! મતલબ નહીં સમજે તો તે કાંઈક બીજો જ મતલબ સમજશે ને! જેવી રીતે પોપટ કાંઈક બીજો જ મતલબ સમજે છે. પણ જ્યારે પોપટ પિંજરામાંથી છૂટી જાય છે ત્યારે પછી ટેં-ટેં કરે છે, તે ક્રિયા સ્વભાવથી કરે છે. બસ વાતમાં અહીં ફરક પડી જાય છે અને એ જ ટેં-ટેં માં જ્યારે તે કોઈ ક્રિયા કરે છે અને તેના અવાજમાં જે બદલાવ આવે છે તેમાં એનો સ્વભાવ પણ પ્રકટ થઈ રહ્યો છે, તેનો વ્યવહાર પણ પ્રકટ થઈ રહ્યો છે, તેની ભક્તિ પણ પ્રકટ થઈ રહી

છે. આ બધું પોપટમાં, માણસમાં, કુતરામાં બધામાં પ્રકટ થાય છે. પરંતુ જો સમાયોજન કરવું છે તો તે ક્રિયા જે પ્રકટ થઈ રહી છે તેનો સ્રોત ક્યાં છે, તેનો ઉદ્દેશ્ય શું છે? તે જ્યાં સધી ખબર નહીં પડે ત્યાં સુધી તેનો નિર્ણય નથી લઈ શકાતો.

એક બહુ મજેદાર વાત બતાવું. સ્વામીનારાયણ સંપ્રદાયવાળાઓએ મને આ વાત બતાવી હતી. એમના ગુરુજીએ આદેશ આપ્યો કે જેટલી પણ ગામડાની જનતા છે એને શિખવાડી દો કે અમારો વિશિષ્ટવિશિષ્ટાદ્વૈત સિલ્દ્ધાંત છે. હવે બિચારા ખેડુત લોકો વિશિષ્ટનો મતલબ જાણે નહીં, અદ્વૈતનો મતલબ જાણે નહીં. તો પછી એમને આટલો ભારિ ધરખમ શબ્દ ક્યાંથી સમજમાં આવે. ખૈર! સંપ્રદાયવાળાઓએ એક બહું મોટું એક ડેમોન્સ્ટ્રેશન્ રાખ્યું. તો હવે ગામડાના લોકો પણ બતાવી દેશે કે આપણો સિલ્દ્ધાંત શું છે? એમના ગુરૂજી ગામડામાં આવ્યા, એ જાણવા માટે કે ગામઠી લોકોને સમજમાં આવ્યું કે નહીં, એમણે ગામડાના લોકોને પૂછયું કે "બતાવો આપણો સિલ્દ્ધાંત શું છે?" લોકોએ જવાબ આપ્યો "આપણો વિશિષ્ટવિષ્ઠાદ્વૈત સિલ્દ્ધાંત છે." તેઓ બિચારા બોલ્યા "અચ્છા, અચ્છા, રહેવા દો" હવે જ્યારે તે ન સમજી શકતા હોય તો કાંઈ પણ બોલશે. બિચારા ગુરૂજી પણ ચૂપ થઈ ગયા. શું કરે બિચારા! તમને કદાચ વિષ્ઠાદ્વૈતનો અર્થ ખબર નહીં પડી હોય. ન જ પડે તો સારૂં છે.

ઘણી વખત આવું થાય છે કે આપણે વધારે પડતા પ્રભાવ કોઈના ઉપર પાડીને આપણો ધર્મ કોઈના ઉપર લાદીએ છીએ. પરંતુ તે ધર્મ જ્યારે એના સ્વભાવમાં ન હોય ત્યારે તે અસમાયોજિત રૂપમાં પ્રકટ થાય છે. બધા લોકોને કંઠી બાંધી દીધી સમજ્યા વગર કે તે સેવા કરવા માગે છે કે નહીં? એ પણ તપાસ્યું નહીં કે તે સેવા કરવા માગે છે, સેવા કરવાની સુવિધા તેના જીવનમાં છે કે નહીં, આપણે એ પણ ન તપાસ્યું કે સેવા કરવા લાયક એની લાઈફ્ સ્ટાઈલ્ (જીવન પ્રણાલી) છે કે નહીં. બસ બધાને વિશિષ્ટવિષ્ઠાદ્વૈત સિલ્દ્ધાંત સમજાવી દીધો. કંઠી લઈ જાઓ બસ.

તેનાથી જે ધર્મ પ્રકટ થઈ રહ્યો છે તે કેવો પ્રકટ થઈ રહ્યો છે કે ઘરમાં સેવા કરવાને બદલે જ્યાંથી રેડીમેડ્ પરચેઝ (તૈયાર વસ્તુની ખરીદી) કરી શકાય ત્યાંથી ખરીદી લો. કેમ કે આજે જમાનો જ સેલ્ અને પરચેજ઼ નો છે. એક ગોસ્વામી બાલકે તો પોતાના સમ્પાદકીયમાં જ કહ્યું કે "અમારા મહારાજોનો રોલ્ (કર્તવ્ય) શ્રીકૃષ્ણસેવાનું સેલ્સ્ પ્રમોશન જ છે." તો શું ભગવાન્ અને ભક્તિના સેલ્‌ને પ્રમોટ કરવાનો અમારો રોલ્ છે? ઠીક છે જેમ કહ્યું છે કે "**ઉભાવપિ અશ્રુત-ગ્રંથૌ ઉભાવપિ જડ઼ાત્મકૌ અહો મોહસ્ય માહાત્મ્યં તત્ર એકઃ શિષ્યતાં ગતઃ**" ગુરૂજીને પોતાને તો સમજમાં આવતું નથી કે શિષ્યનો શું રોલ્ છે? ભક્તિ અને ભગવાન્‌નાં સેલ્સ્‌ને પ્રમોટ્ કરવું જો ગુરૂનો રોલ્ છે તો પછી દુકાનદાર જ શું ખોટો હતો. તેના માટે ગુરૂની શું જરૂરીયાત છે. અને વ્યર્થમાં તેને માટે ગુરૂજીના પગમાં શા માટે પડવું. તમે દુકાનદારના પગમાં તો નથી પડતા. તે પણ તો સેલ્સ્ પ્રમોટ્ કરી રહ્યો છે. આપણને ખબર નથી પડતી કે જે આપણે ક્રિયા કરી રહ્યા છીએ તેનો સ્રોત ક્યાં છે? વસ્તુના સ્વભાવમાં પ્રભાવમાંથી કર્મમાંથી વ્યવહારમાંથી નીતિમાંથી ભક્તિમાંથી કે લીલામાંથી છે. તેના કારણે આપણે ધર્મ અર્થ કામ મોક્ષનું સમાયોજન પણ નથી કરી શકતા. આ જાણવું અત્યંત આવશ્યક છે જો આપણે ધર્માર્થકામમોક્ષનું સમાયોજન આપણી આર્ષશાસ્ત્રની દષ્ટિથી કરવું હોય તો જેમ "**ધર્માર્થકામમોક્ષાખ્યાસ્ ચત્વારો અર્થા મનીષિણામ્**" (બાલબોધ-૨) જે બુદ્ધિમાન પ્રાણી છે તેમાં ધર્માર્થકામમોક્ષ ચાર પુરુષાર્થ છે પરંતુ તે અસમાયોજિત થઈ જાય ત્યારે પુરુષાર્થ નથી રહી જતા. સરખી રીતથી મેનેજડ્ (સમાયોજિત) થાય ત્યારે તે 'પુરુષાર્થ' કહેવાશે. જો તે અનમેનેજડ્ (અસમાયોજિત) થઈ ગયા ત્યારે તે પુરુષાર્થના બદલે પુરુષાનર્થ થઈ જશે. એ જ ધર્મ તમને નુકશાન પહોંચાડવા લાગશે. મહાપ્રભુજી આને અત્યંત ખૂબસૂરતીથી કહે છે કે "**ભક્ત્યાભાવેતુ તીરસ્થો યથા દુષ્ટૈઃ સ્વકર્મભિઃ અન્યથાભાવમાપન્નઃ તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ**" (સિદ્ધાંતમુક્તાવલી-૨૦).

ગંગાજીના કાંઠે નિવાસ કરવો જો ગંગાજીના પ્રત્યેની ભક્તિને કારણે

હોય ત્યારે તો ઉદ્ધાર થઈ જશે. અને જો એ જ નિવાસ ઉપભોક્તાના ભાવથી હોય કે ગંગાના જલનો ફક્ત ઉપભોગ જ મારે કરવો છે તો તે ગંગા કિનારે રહી રહ્યો છે એટલા માટે જ એનો નાશ થશે. કદાચ દૂર નિવાસ કરત તો કદાચ આવો દુર્વ્યવહાર ગંગાજી પ્રત્યે ન કરત અને આવો એનો નાશ પણ ન થાત. ઘણી વખત શું થાય છે કે બાળકને આપણે સમજાવતા નથી એટલા માટે તે વિજળીના પ્લગોમાં આંગળી નાખી દે છે. તે વિજળી આપણા અને તે બાળકના બંનેના ફાયદા માટે હોય છે તેના કરંટથી બાળકને નુકશાન થઈ શકે છે. કેમ કે **"તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ"** જે સાધનો આપણે આપણી સુખસુવિધાને માટે મેળવ્યા છે તે આપણા દુઃખનું કારણ બની શકે છે. દવાઓ ઉપર પણ તમે લખેલું જોયું હશે કે "બાળકોને આ દવાથી દૂર રાખો." કેમ કે બાળક તો આખરે બાળક જ છે ને! દવા હાથમાં આવી તો ખોલીને ખાઈ જશે. ત્યાર પછી તેનું પરિણામ શું આવશે? દવા કોઈ રોગનો ઈલાજ છે પરંતુ તેને મેનેજ્ કરવી પડશે. જે દવા બાળકને માટે નુકશાન પહોંચાડનારી છે એ જ દવા રોગીને માટે ફાયદાકારક છે. તો ક્યાં રાખવી કે જેથી નુકશાન ન થઈ જાય અને રોગીને માટે ફાયદાકારક થઈ જાય.

આ પ્રકારથી જે પણ ક્રિયા આપણે પ્રકટ કરી રહ્યા છીએ તેનો આપણે જ્યાં સુધી સ્રોત નથી શોધતા, કે તે સ્વભાવથી અથવા પ્રભાવથી ક્યાંથી પ્રકટ થઈ રહી છે, જ્યાં સુધી તેને ડાઈગ્નોસ્ નથી કરતા ત્યાં સુધી તેને સરખી રીતથી સમાયોજિત નથી કરી શકતા. એટલા માટે જ આયુર્વેદમાં સ્પષ્ટ કહ્યું છે કે ચિકિત્સાની પહેલાં રોગનું નિદાન અતિશય આવશ્યક છે. જો નિદાન ન થયું અને ચિકિત્સા શરૂ કરી દેવામાં આવે તો ઘણા કબાડા થઈ શકે છે.

(સ્વભાવમાં ધર્મ = ઉત્પત્તિ)

સંસ્કૃતમાં એક ખૂબ જ પ્રસિદ્ધ ટૂચકો છે. ગુરૂજી હિમાલયમાંથી ઉતરીને નીચે આવ્યા, ચેલાએ પૂછ્યું કે "શું કરવાનું છે?" ગુરૂજીએ કહ્યું

કે ''જંગલમાંથી કોઈ પણ જડીબૂટી લઈ આવ તેને ઘુંટી-પીસીને ગોળીઓ બનાવ અને બધાને આપો, ઉપકાર કરો. ચેલાએ પૂછયું ''આ ક્યા રોગની દવા છે?'' ગુરૂએ કહ્યું - ''દવા તો આ એકેય રોગની નથી પરંતુ જે પણ રોગી હશે તે કાં તો ખાઈને જીવશે અથવા મરી જશે. બે જ તો સંભાવના છે. બસ તું દેતો જા, જે બચી જશે તે તો તમારો રોજનો ઘરાક થઈ જશે અને જે મરી જશે, તે કાંઈ મરીને ઝઘડો કરવા તો આવવાનો નથી. બસ તમે ગોળીઓ આપતા રહો. એનાથી તમારું કામ તો સારી રીતથી ચાલશે.'' **''યસ્ય કસ્ય તરોર્મૂલં યેન કેન પ્રપેષયેત્, યસ્મૈ કસ્મૈ પ્રદાતવ્યં યદ્વા તદ્વા ભવિષ્યતિ''.**

જે થવાનું હશે તે થશે જ. જે થાય છે તે ભગવદ્ઈચ્છાથી જ તો થાય છે. આજકાલના ડોકટરો પણ તો કહે છે કે ''અમે તો ઈલાજ કરી શકીએ છીએ, બચાવવા એ તો એના હાથમાં છે.'' બસ દવાઓ આપતા જાવ. બચવાની શકયતા તો પચાસ ટકા જ છે. જે બચી જશે તે તો તમારો કાયમનો ઘરાક બની ગયો. આ સીધો સોદો છે. પરંતુ આ અસમાયોજીત સોદો છે. સમાયોજીત સોદો નથી. ડાઈગ્નોસિસ્ કરીને ઈલાજ કરવો, એ જ સમાયોજિત મેડિકેશન્ છે.

હું મારી એક વાત બતાવું. એક વખત કિશનગઢમાં મને અતિ તિવ્ર તાવ આવી ગયો. અમારે ત્યાં ડોકટર્ તો હતો નહીં. એક કમ્પાઉંડર હતો. તેને બોલાવ્યો. તેણે આવીને જોયું અને કહ્યું કે મેલેરિયા ટાઈફોઈડ્ અને ઈન્ફ્લુએન્ઝાને કારણે તાવી આવી રહ્યો છે. મેં પૂછયું કે ત્રણેય એકસાથે કેવી રીતે હોઈ શકે છે? તેણે કહ્યું કે ક્યારેક થઈ જાય છે. ખરેખર ત્રણેયની દવાઓ ખાવા માટે આપી દીધી. શરીરમાં જોરદાર રિએક્શન્ આવી ગયું. ચામડી પાઉડર બનીને ખરવા લાગી ગઈ. મેં પૂછયું કે આવું કેમ થઈ રહ્યું છે? તેણે કહ્યું ''ક્યારેક-ક્યારેક આવું પણ થાય છે!'' હું કિશનગઢથી મુંબઈ ભાગી આવ્યો. કંપાઉન્ડરની તાલિમ લીધા પછી આવા હાલ થાય છે. પરંતુ એને સ્વભાવથી કેટલું સામર્થ્ય આપ્યું છે. એક વાત સમજો કે સ્વભાવથી જે ક્રિયા થાય છે તે તેનો વ્યવહાર નથી પરંતુ એનો સ્વભાવ

એટલે કે એ જેવો છે તેમાં તે પ્રકારથી જ ક્રિયા પ્રકટ થઈ રહી છે. જે ક્રિયા ઉત્પન્ન કરવા માટે જે વસ્તુમાં જેવો સ્વભાવ ઘડવામાં આવ્યો છે, એ ઘડવામાં આવેલા સ્વભાવના અનુરૂપ તે વસ્તુમાં ક્રિયા ઉત્પન્ન થવી, એ વસ્તુને સંસ્કૃતભાષામાં 'ધર્મ' કહેવામાં આવે છે. **''ધારણાત્ ધર્મ ઈત્યાહુ''** કોઈક વિશેષતાને ધારણ કરવી. જેમ કે ઝેબ્રાએ એક વિશેષતા ધારણ કરી છે કે એની ચામડીના કારણે તેના .પર મચ્છર નથી આવતા. ત્યાં ધર્મ એ અર્થમાં આવી રહ્યો છે કે મચ્છર દૂર રાખવાની ક્રિયા ઉત્પન્ન થઈ જાય છે. તેનાથી તો તે ધર્મ છે અને જ્યારે તે ક્રિયા ઉત્પન્ન નથી થઈ રહી ત્યારે તે અધર્મ છે.

(સ્વભાવમાં અર્થ = સ્થિતિ)

સ્વભાવમાં અર્થ શું છે? ધ્યાનથી સમજો કે દરેક વસ્તુ જે ઉત્પન્ન થઈ છે તે જે પ્રકારથી ઉત્પન્ન થઈ છે અને લાંબા સમય માટે તે એ પ્રકારથી રહેવા માગે છે. જેમ કે આપણે મકાન ઉપર રંગ કરી દઈએ છીએ પરંતુ દરેક વરસાદ પછી તે રંગ ફીકો પડી જાય છે. પરંતુ ઝેબ્રાને કે ચિત્તાને કે વાઘને જે રંગ પ્રકૃતિએ લગાવ્યો છે તે આટલા હજારો વર્ષોથી ચાલી રહ્યો છે તો પણ ફીકો નથી પડતો. પરંતુ ખુબસૂરતી તેની એ છે કે એની ચામડી પણ તમે કાઢીલો ને તો પણ તે રંગ તો તાજો જ રહે છે. આપણા લગાવેલા રંગ ફીકા પડી જાય છે પરંતુ પ્રકૃતિના રંગ ફીકા નથી પડતા. કેમ કે એ ગુણ તેના સ્વભાવથી પ્રકટ થયા છે. જે વસ્તુ ઉત્પન્ન થઈ છે તેને તેવી જ રીતે ઉત્પન્ન કરતા રહેવાનો સ્વભાવનો ધર્મ છે અને જે ઉત્પન્ન થઈ છે તેને તે જ રૂપમાં વ્યવસ્થિત રાખવી આ સ્વભાવનો અર્થ છે. કેમ કે આવું કેમ ઉત્પન્ન થયું, કેમ કે આમ થતું રહેશે તો હરકત નહીં આવે.

(સ્વભાવમાં કામ = લય)

સ્વાભાવિક ક્રિયાઓનો 'કામ' શું છે? સ્વાભાવિક ક્રિયાઓનો કામ છે કે જે પણ વસ્તુ ઉત્પન્ન થઈ છે તે ક્યારેકને ક્યારેક તો ખતમ થશે જ. છતાં પણ ખતમ થવા નથી માગતી, જે વાતનું ઉદાહરણ મેં તમને મચ્છર

અને ઓડોમોસ્ દ્વારા આપ્યું. આપણે મચ્છરના સ્વભાવથી એ વાત તપાસી હતી કે તેને સંતરાની ગંધથી નફરત છે. પરંતુ જ્યારે સરવાઇવલ્ (બચાવ)નો પ્રશ્ન આવ્યો ત્યારે તેણે પોતાની તે નફરત ખતમ કરી દીધી અને તેણે કહ્યું કે જો આનાથી લોહી પીવા નથી મળતું તો આ સંતરાની ગંધની સાથે રહેશું પરંતુ લોહી તો પીશું જ. આપણે આને મનુષ્યના સંદર્ભમાં જોઈએ તો જૂઓ કે દારૂની બોટલ જ્યારે પણ ખુલે ત્યારે કેટલી દુર્ગંધ આવે છે. પરંતુ માણસ જ્યારે પીવાનું શરૂ કરી દે છે ત્યારે દુર્ગંધ આવતી બંધ થઈ જાય છે. તે દુર્ગંધ આવવાનો સ્વભાવ ખતમ થઈ જાય છે. દરેક માં આ રહસ્યને જાણે છે કે બાળકને જ્યારે પોતાનું દૂધ પીવડાવે છે અને તે બંધ કરીને જ્યારે ખાંડ નાખીને દૂધ પીવડાવે છે ત્યારે બાળકને તે ખાંડવાળા દૂધનો સ્વાદ સારો નથી લાગતો. બાળક મોઢું બગાડે છે કે ખબર નહીં આ શું આવી ગયું. આમાં માંના દૂધનો સ્વાદ ક્યાં છે? પરંતુ ખાંડવાળુ દૂધ સતત પીતા રહેવાથી પછી જ્યારે ખાંડ વગરનું દૂધ આપે છે ત્યારે તે દૂધ ફીકું લાગે છે. સ્વભાવમાં પરિવર્તન થઈ ગયું. દરેક માં આ રહસ્યને જાણે છે કે પહેલાં ખાંડ મેળવેલા દૂધથી બાળક મોઢું બગાડે છે. તો સ્વભાવમાં પરિવર્તન નથી થઈ શકતું એવી વાત નથી. મહાપ્રભુજી આટલામાટે જ કહી રહ્યા છે કે **“સ્વભાવવિજયો ભવેદ્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ”** (યમુનાષ્ટકમ્-૯) સ્વભાવ ઉપર પણ વિજય મેળવી શકાય છે. તે ક્યાં મેળવી શકાય છે કેમ કે આપણે બ્રહ્મના મિની મોડેલ્ છીએ. કર્તું અકર્તું અન્યથાકર્તું સ્વભાવના હિસાબથી દરેક ક્રિયાને ઉત્પન્ન કરવા માટે સમર્થ છીએ, સ્વભાવના હિસાબથી તે ક્રિયાને ન ઉત્પન્ન કરવા માટે પણ સમર્થ છીએ અને એ સ્વભાવને પણ કોઈક બીજા અર્થમાં વિનિયોગ કરવામાં સમર્થ છીએ. જેમ ખાંડ ન ખાઈને આપણે ગોળ ખાવા માંડીએ.

અમારે મુંબઈમાં એક બહેન છે. એમણે ખાંડની વિરુદ્ધ બહુ મોટી મુહિમ (જંગ) છેડી. એક દિવસ આવીને એક કલાક મારી સામે ભાષણ આપ્યું કે ખાંડ ખાવાથી ક્યા-ક્યા નુકશાન થાય છે. હું તો ગભરાઈ ગયો. ખાંડ માટે આટલી ગાળા-ગાળી થઈ રહી હતી તો હું પણ શું કહી શકું. હું

કાંઈ બોલું તો એ ગાળ મને લાગી જાય. હું પણ સાંભળતો રહ્યો. એક વખત એમના બાળકની જનોઈ વખતે મને બોલાવ્યો. તે દિવસે એમને ત્યાં ઘણી મીઠાઈ પેંડા વિગેરે રાખ્યા હતા. મને લાગ્યું કે અરે આ તો બધું ખાંડવાળું છે. મેં એમને આ વાત યાદ કરાવી તો એમણે કહ્યું કે આજના દિવસ માટે છૂટ છે. મેં વિચાર્યું ‘‘આ શું છે? ચત પણ મારી અને બઠ પણ મારી. જ્યારે તમારા બાળકની જનોઈ છે ત્યારે તમે ખાંડ ખાઓ છો અને મારી સામે ભાષણ આપો છો કે ખાંડ ખાવાથી નુકશાન થાય છે તો મેં તમારૂં શું બગાડયું છે.’’ આમ સ્વભાવ પરિવર્તન થઈ શકે છે. જનોઈ જેવા એક નાનકડા પ્રસંગમાં વ્યવહારમાં સ્વભાવપરિવર્તન થઈ ગયું. નહીંતર તો એવું જોરદાર ભાષણ આપ્યું કે મારી બોલતી બંધ થઈ ગઈ. મને એટલા એટલા નુકશાન ગણાવી દીધા કે હકીકતમાં આ નુકશાન થાય છે કે નહીં તે વિચારતો કરી દીધો. મેં તો એ વિષય ઉપર કોઈ શોધ કરી નહોતી પરંતુ એમની પાસે તો બધી વિગતો તૈયાર હતી.

આપણા માટે આહાર (ભોજન) અને વિહાર (યૌનતુષ્ટિ) વ્યક્તિ અને સંતતીના સર્વાઈવલ્‌ના માટે કેટલા પ્રબલ કામાકર્ષણના રૂપમાં પ્રકટ કરવામાં આવ્યા છે! હવે જો કે અનેકવિધ વિકાસના સ્તરમાં આ બંને આકર્ષણોનું ક્ષીણ થઈ જવું જોઈતું હતું. છતાં પણ વ્યક્તિશરીર અનપેક્ષિત ચરબી તથા માનવજાતિની જનસંખ્યામાં ઘાતક અભિવૃદ્ધિને જોવા છતાં આ આકર્ષણ ક્ષીણ નથી થતા તો આપણી વિચારસરણીથી કાંઈક અલગ જ આપણાં ભીતર આ આકર્ષણોને ખતમ ન થવા દે તેવી બાયોલોજીકલ્ સેલ્સ્ ની કોઈક વિચારસરણી અલગ લાગે છે. આહારવિહાર કામાકર્ષણથી મુક્ત થવા ઈચ્છતા હોવા છતાં શરીરઘટક સેલ્સ્ કામાકર્ષણથી મુકત થવા નથી દેતા. જીવન વૈયક્તિક હોય કે વાંશિક હોય મોતથી વધારે ખતરનાક થઈ રહ્યું હોય પરંતુ કોઈ મરતું જ ન હોય બધા જ બેસી રહેતા હોત તો તેનાથી એક તો પોપ્યુલેશન્ (વસ્તી) એટલી વધી જાત કે કોઈને રહેવા માટે જગ્યા જ ન મળત. ખાવા માટે ખાવાનું ન મળત. આ કેટલી સારી વાત છે કે તેણે મોડેલીટી ચાલુ રાખી

છે કે જે પેદા થઈ રહ્યું છે તેનાથી એક પછી બીજું પેદા થતું રહેશે. **“તદુમર્ત્યામૃતં યદ્ વૈ પ્રજાઃ અજાયત”** (તૈત્તિ.બ્રા.૧।૫।૫) અને મોડેલ્ ખતમ થતા જાય છે. મોડેલ્ ખતમ થતા જવા મોડેલિટીના વિકાસનો હેતુ હોય છે, મોડેલિટીના હ્રાસનો હેતુ નહીં. મોડેલ્નું નિરંતર બની રહેવું હ્રાસનો હેતુ હોય છે. તમને લોકોને ખબર હશે કે ઘણા સમય સુધી હિન્દુસ્તાન એમ્બેસેડર કારનું એક જ મોડેલ્ ચાલતું રહ્યું કેમ કે કોઈ કોમ્પીટીશન્ (સ્પર્ધા) જ નહતી. બધા લોકો એનાથી કંટાળી ગયા હતા. જ્યારે પેદા થઈ હિન્દુસ્તાન કાર, ત્યારે બધા લોકો એટલા પ્રસન્ન હતા કે હવે તો આપણી હિન્દુસ્તાની કાર હિન્દુસ્તાનમાં પેદા થઈ ગઈ. પરંતુ જ્યારે હિન્દુસ્તાન મોટર્નું એક જ મોડેલ્ અરસા સુધી ચાલતું રહ્યું, ત્યારે બધા લોકો ત્રાસી ગયા કે યાર! હવે આ કારથી કંટાળી ગયા. મારૂતિ બજારમાં આવી અને બધાએ તરત જ એમ્બેસેડર વેંચીને મારૂતી વસાવી લીધી. સાચી વાત તો એ છે કે હિન્દુસ્તાન એમ્બેસેડર્માં જગ્યા વધુ હતી, મજબુતાઈ વધારે હતી અને મારૂતિમાં આ બધું નહોતું.

હું એક વખત બનારસ એમાં ગયો તો રોડ ખરાબ હતો. એક વાર મારૂં માથું આ બાજુ ભટકાય અને બીજી વખત તે બાજું. હું કહેતો રોડ બહુ ખરાબ છે તો તે કહેતા સરકાર જ ખરાબ છે, શું કરીએ? નવા નવા મોડેલ આવવા જોઈએ તેથી વિકાસ પણ થાય. એક ને એક મોડેલ્ ચાલે તો બધા કંટાળી જાય. તમને એક વાત બતાવું કે તમે નવું ઘર સારામાં સારૂં બનાવો, સરખી રીતથી તેનું ઈન્ટીરીયર્ ડેકોરેશન્ કરો. એક વરસ પછી તમને એમાં તે મજા નથી આવતી. કેમ કે આપણે જે મજા લઈ રહ્યા છીએ તે ઘરની નથી લઈ રહ્યા પરંતુ એની નવીનતાની લઈ રહ્યા છીએ. નવી ડિઝાઈન્ની મજા લઈ રહ્યા છીએ. ડિઝાઈન્ની નથી લઈ રહ્યા. આવી વ્યવસ્થા આપણી ભીતર શા માટે રાખવામાં આવેલી છે? આનું કારણ સમજો જો આપણે એક જ વાતને પકડીને બેઠા રહેશુ તો બધો વિકાસ અવરુદ્ધ (રોકાઈ) થઈ શકે. જે ઉત્પન્ન થયું છે. તે સ્થિત રહેવા માટે ઉત્પન્ન નથી થયું. તે એક વિકાસની તરફ ઉત્પન્ન થયું છે.

એટલા માટે બ્રહ્મના બે અર્થ થાય છે. એક અર્થ છે જે સર્વત્ર વ્યાપક છે અને બીજો અર્થ છે જે નિરંતર વધી રહ્યું છે. જેનો નિરંતર વિકાસ થઈ રહ્યો છે તેનું નામ 'બ્રહ્મ' છે. જ્યારે નિરંતર વિકાસ થાય છે ત્યારે નવા નવા કાંઈક આયામ આવતા રહે છે. અને તે સ્વાભાવિક ક્રિયામાં મોડેલિટીના વિકાસનો નિયમ છે તો આ ધર્મ અર્થ કામ મોક્ષ આ પ્રકારથી સ્વભાવથી સમાયોજિત થાય છે અને આનું સ્વરૂપ આપણે સમજવું જોઈએ. આની ઉપયોગિતા, આની સીમા, આમાં થનારા લાભ અને હાનિ બંનેનું નિદાન કરીને પછી કોઈ આપણો ધર્મ નિર્ધારિત કરવો જોઈએ. જેમ ભગવાન્ ગીતામાં કહે છે કે **"સહજં કર્મ કૌન્તેય! સદોષમપિ ન ત્યજેત્"** (ભગ.ગીતા.૧૮।૪૮) આપણે આપણા સ્વભાવથી જે પેદા થનારા જે કર્મ છે તેનાથી નિબદ્ધ થઈએ છીએ. ભગવાન્ ગીતામાં અહીં સુધી આજ્ઞા કરે છે કે **"સર્વારમ્ભા હિ દોષેણ ધૂમેનાગ્નિરિવાવૃતાઃ"** (ભગ.ગીતા.ત્યાંજ) જ્યારે પણ અગ્નિ સળગાવશો તો કોઈક ધૂમાડો તો નીકળશે જ. ધુમાડો જ્યારે નીકળી રહ્યો છે ત્યારે તે આગ લાગવાનું સૂચક છે. પરંતુ તે ધુમાડા પછી કાંઈક નવું એનર્જીનું (શક્તિનું) ચક્ર શરૂ થઈ જાય છે. **"એવં પ્રવર્તિતં ચક્ર નાનુવર્તયતીહ યઃ અઘાયુરિન્દ્રિયારામો મોઘં પાર્થ! સ જીવતિ"** (ભગ.ગીતા.૩।૧૬) આ એક આખો ધર્માર્થકામમોક્ષના અંતર્ગત સ્વાભાવિક ધર્મ, સ્વભાવિક અર્થ, સ્વભાવિક કામ અને સ્વાભાવિક મોક્ષનો સિદ્ધાંત છે.

('પ્રભાવ' = ઇતરોપાધિકક્રિયાના કારણે આગન્તુકગુણધર્મ પ્રકટ થાય છે)

પ્રભાવથી કોઈ ધર્મ, કોઈ અર્થ, કોઈ કામ, કોઈ મુક્તિ ઉત્પન્ન થાય છે, તેનું સ્વરૂપ હવે જોઈએ. 'પ્રભાવ' નો અર્થ શું છે? પ્રભાવ કોઈ એવી ક્રિયાનો જનક (પેદા કરનાર) હોય છે કે જે આપણામાં આપણી સામર્થ્યથી પ્રકટ નથી થતી પરંતુ કોઈ બીજાની સામર્થ્યથી પ્રકટ થાય છે. જેમ કે કેરમ્માં આપણે કુકરીઓ ગોઠવી રાખી છે, તે આપણા સામર્થ્યથી

ખાનામાં નથી જતી. જ્યારે સ્ટ્રાઈકરથી એને મારીએ છીએ ત્યારે કુકરી ચાલી જાય છે. તે કુકરી જે ખાનામાં જઈ રહી છે, તે પોતાના સ્વભાવથી નથી જઈ રહી પરંતુ સ્ટ્રાઈકરના પ્રભાવથી જઈ રહી છે. તેવી જ રીતે આપણા જીવનમાં પણ કેટલીક ક્રિયાઓ એવી હોય છે જેમ મેં તમને મચ્છરના ઉદાહરણથી બતાવું કે મચ્છરે પ્રભાવિત થઈને લોહી પીવું બંધ કરી દીધું પરંતુ પાછું લોહી પીવું શરૂ કરી દીધું. પહેલાં ડી.ડી.ટી. છાંટતા હતા તેનાથી મચ્છર ભાગી જતા હતા. હવે કદાચ મચ્છરોને એનો નશો આવી રહ્યો છે અને તે એની વધારે ડિમાંડ (માગણી) કરે છે. તે સમજે છે કે કદાચ માણસે એમના માટે કોઈ બાર્ (દારૂની દુકાન) ખોલી દીધી છે. તો મનમાં આવે તેટલું લોહી પીઓ. આ બીજો પ્રભાવ પ્રકટ થઈ ગયો. પ્રભાવથી થનારી ક્રિયાઓને કેવી રીતે સમાયોજીત કરવી તે આપણને ચતુરાઈ આવડવી જોઈએ. દરેક વખતે એકનું એક જ કરતા રહેશું તો તે પ્રભાવ ખતમ થઈ જાય છે. કોઈપણ વાતને તમે નિરંતર કરતા રહો તેનાથી તેનો પ્રભાવ ક્ષીણ થઈ જાય છે.

(પ્રભાવમાં ધર્મ = ઉત્પાદન)

જેમ એક નાના બાળકને કોઈ ઠેકાણે ગલગલીયા કરો તો એને ગલગલીયા થાય છે પરંતુ દરરોજ એજ ઠેકાણે ગલગલીયા કરશો તો ગલગલીયા થતા બંધ થઈ જશે. મારા એક મિત્ર હતા તેઓ જ્યારે મારે ત્યાં આવતા ત્યારે કહેતા ‘‘ગોસ્વામી જ્યારે તમારે ત્યાં આવીશ ત્યારે તમારા જેવો પહેરવેશ પહેરવા માગું છું.’’ મેં કહ્યું સારૂં છે. બીજી વખત જ્યારે તેઓ મારે ત્યાં આવ્યા ત્યારે મારા જેવો ધોતી ઉપરણો મેં એમને પહેરાવી દીધો. હવે વૈષ્ણવોમાં પણ એક સ્વાભાવિક ક્રિયા છે કે ધોતી ઉપરણો જોયો નહીં કે ‘ કરો ચરણસ્પર્શ’ તેથી વૈષ્ણવ એમના પણ ચરણસ્પર્શ કરી લેતા હતા. એક વૈષ્ણવે એમના ચરણસ્પર્શ કરી લીધા પછી મને પૂછયું કે ‘‘આપશ્રી ક્યાંના બાલક છે’’ મેં કહ્યું ‘‘ફિલ્મ ઈન્સ્ટીટયુટ્ના’’ એ મિત્રે મને કહ્યું કે આ તમારા પગ છૂવે છે પરંતુ મારા

જ્યારે પગ છૂયા ત્યારે મારા આખા શરીરમાં ઝણઝણાટી થઈ ગઈ. મેં કહ્યું કે "તારા પહેલી વખત અડયા છે એટલે" અમારા તો કોઈ પગ છૂવે તો ખબર પણ નથી પડતી કે કોઈ છૂઈ ગયા છે.

દરેક વાત પ્રભાવની આ જ રીતથી છે કે પ્રભાવ જે છે તે કોઈ બીજા દ્વારા ઉત્પન્ન થનારી ક્રિયા પ્રભાવની ક્રિયા કહેવાય છે. અને આ ક્રિયાનો ધર્મ શું હોય છે? તે છે કોઈ વસ્તુની અંદર, નવા ગુણધર્મ ઉત્પન્ન કરવા. જે વસ્તુ પોતાની મેળે ઉત્પન્ન નથી થઈ શકતી, પ્રભાવને કારણે તેમાં તે ક્રિયા ઉત્પન્ન કરી શકાય છે. **"ઉત્પાદનં ધર્મ"** આ પ્રભાવનો ધર્મ છે. જેમ દુધ પોતાની મેળે દહીં નથી બની શકતું. પરંતુ જ્યારે આપે જામણ મેળવી દઈએ છીએ તો તે પ્રભાવને કારણે દુધ દહીં બની જાય છે. તેના પછી તે દહીંમાં તે ક્રિયા ઉત્પન્ન થઈ જાય છે જે દુધમાં ઉત્પન્ન નહોતી થઈ શકતી. ઉત્પાદન કરવું પ્રભાવનો પહેલો ધર્મ છે.

(પ્રભાવમાં અર્થ = સ્થાપન)

પ્રભાવનો 'અર્થ' શું છે? જેમ આપણે કાંઈક ઉત્પન્ન કર્યું અને ઉત્પન્ન કરતાની સાથે જ તે ખતમ થઈ જાય તો વ્યર્થમાં આપણે આટલો આયાસ શા માટે કરીએ? જે પ્રકારના પ્રભાવથી આપણે કોઈ વસ્તુને ઉત્પન્ન કરી એ જ પ્રકારથી આપણે તેનું સ્થાપન કરી શકીએ, તે એ પ્રભાવનો અર્થ છે. સ્થાપન શબ્દ સ્થાનનો સમાંતર છે. જેમ આપણે ઠાકોરજીની પ્રતિષ્ઠા કરી. તે શું છે? પ્રાણપ્રતિષ્ઠા દ્વારા આપણે દેવમૂર્તિમાં ભગવાન્‌ને સ્થાપિત કરીએ છીએ. જ્યારે સ્થાપિત કરીએ છીએ ત્યારે આપણે એવું ઈચ્છીએ છીએ કે જ્યાં સુધી કમ સે કમ ભક્તિ અને શ્રદ્ધા છે, ત્યાં સુધી દેવમૂર્તિની જેમ તે કાયમ રહે. એટલા માટે પ્રતિષ્ઠાપન કહ્યું છે. માનો કે આપણે કરીએ અને તે ત્યાં સ્થાપન થતા જ ન હોય, તો અર્થના બદલે અનર્થ થઈ ગયો. પ્રભાવથી ઉત્પન્ન થનારો જે ધર્મ છે તેનો અર્થ 'સ્થાપન' છે. જેમ વિવાહ વખતે આપણે ગણપતિજીનું સ્થાપન કરીએ છીએ. જેટલા દિવસ વિવાહનો પ્રસંગ ચાલે છે એટલા દિવસ

કુલદેવતા ગણપતિજી સ્થાપિત રહે છે, આપણા વિવાહના કર્મકાંડમાં વિઘ્ન ન આવે, તેની સંભાળ રાખવા માટે. તો સ્થાપન એનો 'અર્થ' છે.

(પ્રભાવમાં કામ = વિલાપન)

હવે પ્રભાવમાં 'કામ' શું છે? જ્યારે આપણો કામ સિદ્ધ થઈ ગયો ત્યારે વિસર્જિત કરો. **"ગચ્છ ગચ્છ સુરશ્રેષ્ઠઃ સ્વસ્થાને પરમેશ્વરઃ"** જ્યારે પ્રભાવથી કોઈ ચીજ આપણે સ્થાપન કરી છે તે વધારે સમય ટકે ને તો અપ્રભાવી બની જાય છે. જેમ આપણે ટ્રેનથી મુંબઈથી જબલપુર આવ્યા. હવે ટ્રેન ઉતરવા જ ન દે કે હવે આવ્યા છો તો બેઠા જ રહો. આવું તો ન થઈ શકે ને! ક્યાંક ને ક્યાંક યાત્રા તો સ્થગિત કરવી જ પડશે. જ્યારે તે સ્થગિત થાય છે ત્યારે જ તો સ્થાપનનો મતલબ છે. એટલા માટે જ્યારે પ્રભાવથી કાંઈક ધર્મ કે અર્થ થાય છે ત્યારે તેનાથી ઉત્પન્ન કામનું ક્યાંક ને ક્યાંક ગંતવ્ય આવવું જોઈએ. જો ગંતવ્ય નથી આવતું તો તે પ્રભાવ ન રહીએ અપ્રભાવી બની જાય છે. જેમ દવાને દિવસો સુધી લો તો દવાનો પ્રભાવ પણ સમાપ્ત થઈ જાય છે. ઘણી વખત લોકો એન્ટીબાયોટીક્માં ઉલટુ ચક્કર ચલાવે છે. કેવી રીતે? જ્યારે બીમારી આવી તો થોડીક લઈને જૂએ છે. ન મટે તો થોડીક વધારીને જૂએ છે. તો પણ ન મટે ત્યારે તેનાથી વધારીને જૂએ છે. શરીર શું કહે છે કે એ દવાને ધીરે-ધીરે પોતાની બાયોકેમિસ્ટ્રીમાં એબ્સોર્બ કરતું જાય છે અને અંતમાં તે દવા રોગ દૂર કરવાના બદલે ખુદ એક બીમારી બની જાય છે. એ દવાનુ વિલોપન થવું જોઈએ. ડોકટર્ કહેછે કે પહેલાં વધારે દવા લો અને પછી ધીરે-ધીરે એની માત્રા ઘટાડતા જાઓ. એ રીતથી ઘટાડો કે જ્યારે રોગ ઘટી જાય ત્યારે પછી દવા લેવાની જરૂરીયાત ન રહી જાય. ત્યારે તો તે એન્ટીબાયોટિક્ છે અન્યથા તે એન્ટીલાઈફ્ જ થઈ જાય છે. આ પ્રભાવમાં કામનો સિદ્ધાંત છે. પ્રભાવ તો થાય છે પરંતુ તેનું સમાયોજન આપણને આવડવું જોઈએ. સમજ્યા વિચાર્યા વગર જ્યારે આપણે સમાયોજન કરીએ છીએ ત્યારે તેનો દુષ્પ્રભાવ પ્રકટ થાય છે.

(પ્રભાવમાં મુક્તિ = નૂતનોત્પાદન)

પ્રભાવમાં મુક્તિ શું છે? જેમ સ્વભાવમાં નૂતન દ્રવ્યનું ઉત્પન્ન થવું મુક્તિ છે, તેમ અહીં નૂતન ઉત્પાદન હોવું મુક્તિ છે. કેમ કે જ્યારે તમે આ ક્રિયાઓને કરતા રહેશો ત્યારે તમારૂં એ બધી ક્રિયાઓ ઉપર નિયંત્રણ આવે છે કે જ્યારે જ્યારે પણ આવું થાય ત્યારે-ત્યારે આવું કરીને તેના ઉપર નિયંત્રણ મેળવી લેશું. જેમ જ્યારે-જ્યારે લાઈટ ચાલી જાય ત્યારે-ત્યારે આપણે મીણબત્તી સળગાવી લેશું. આ મીણબત્તીને ઘરમાં રાખવી એક પ્રભાવી ઉપાય છે. આજકાલ તો ઈનવર્ટર્ આવે છે ને! જ્યારે જ્યારે લાઈટ જતી રહે ત્યારે-ત્યારે તે ઈન્વર્ટર્ તેવો પ્રભાવ ઉત્પન્ન કરી દે છે કે આપણને લાઈટ જવાનો અહેસાસ નથી થતો. આ ધર્માર્થિકામમોક્ષના પ્રભાવની વ્યવસ્થા છે.

('કર્મ' = જ્ઞાનેચ્છાપ્રયત્નથી પેદા થતી ક્રિયા)

કર્મમાં ધર્માર્થિકામમોક્ષની વ્યવસ્થા કેવી છે? જ્ઞાન ઈચ્છા પ્રયત્ન વિના જે ક્રિયા પેદા થઈ રહી હતી તે કાં તો સ્વભાવથી થઈ રહી હતી અને કાં તો પ્રભાવથી જ થઈ રહી હતી જેમ ઝીબ્રાના શરીર ઉપર પટ્ટી. તેમાં ન તો આપણું જ્ઞાન હતું, ન પ્રયત્ન હતો અને ન તો ઈચ્છા હતી. તે ક્રિયા તો સ્વભાવથી જ થઈ રહી હતી. કેટલીક ક્રિયાઓ પ્રભાવથી ઉત્પન્ન થાય છે. પરંતુ જ્યારે કોઈ ક્રિયા, જેમ શ્વાસ ચાલી રહ્યો છે આપણી અંદર તે સ્વભાવથી ચાલી રહ્યો છે. પરંતુ જ્ઞાન ઈચ્છા પ્રયત્નથી જ્યારે આપણે પ્રાણાયામ કરી રહ્યા છીએ ત્યારે તે કર્મ બની જાય છે. તે કર્મ બની જાય છે તે જે ક્રિયા છે એ જ ધર્મ છે. નિરંતર આ ત્રણ દિવસના પ્રવચનમાં હું આ વાતને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરતો રહ્યો કે બધું જ કાંઈ જો ભગવાન્ કરે છે તો પછી આપણે કોઈ કરવાની શું આવશ્યકતા છે! ભગવાન્‌ની કૃપાથી જ જ્યારે ભક્તિ થાય છે તો પછી આપણે કરવાની શું આવશ્યકતા છે? સાચી વાત છે.

(કર્મમાં ધર્મ = પ્રયત્નરૂપ હોય છે)

પરંતુ જ્ઞાન ઈચ્છા પ્રયત્નથી એ જ ક્રિયાને ફરીથી પ્રકટ કરવી હોય તો પ્રયત્ન જ ધર્મ છે. પ્રયત્ન નથી કરી રહ્યા તો અધર્મ છે. શ્વાસ જે ચાલી રહ્યો છે તેને જો ચલાવતા રહેવું છે તો ચલાવતા રહેવાનો પ્રયત્ન ધર્મ છે. તમે ભણો કે ન ભણો પરંતુ ખુલ્લા કાન અને આંખથી કાંઈક તો ઈન્ફોર્મેશન્ (સૂચના) તમારા મગજમાં ડાઉનલોડ્ (સ્થાપિત) થાય છે. પરંતુ જ્યારે તમે પ્રયત્નથી કરો છો ત્યારે તે તમારો વિદ્યાર્થીધર્મ પ્રકટ થાય છે. પરંતુ જ્યારે તમે પ્રયત્નવિના કાંઈપણ જાણી લો છો ત્યારે તે ધર્મના રૂપમાં પ્રકટ નથી થતું. એ તો ચાલુ ખાતામાં પ્રકટ થઈ જાય છે. હું મારૂં એક ઉદાહરણ આપું. હું કલકત્તા ગયો હતો. એક મહિનો રહ્યો તો મેં વિચાર્યું કે અહીં રહેવાનો આટલો લાભ તો લેવો જોઈએ કે દુકાનો ઉપર જેટલા પાટીયા છે તેને વાંચતા રહો. થોડાક દિવસમાં મને બંગાળી વાંચતા આવડી ગયું. પ્રયત્ન કર્યો તો આવડ્યું. પ્રયત્ન ન કરત તો અક્ષર તો દેખાઈ જ રહ્યા હતા મને. જે પણ જ્ઞાન ઈચ્છા પ્રયત્નથી પ્રકટ થવું કર્મ છે તેમાં પ્રયત્ન જ ધર્મ છે. પ્રયત્ન ન કરવો અધર્મ છે. જેમ સેવા જો કર્મ છે, ભક્તિ જો કોઈ કર્મ છે તો ભક્તિ કે સેવાનો પ્રયત્ન કરશો તો ધર્મ છે અને જો આનો પ્રયત્ન નહીં કરો તો અધર્મી છો તમે. આ વાત કર્મના સંદર્ભમાં કહી રહ્યો છું. મારી વાત સમજાઈ રહી છે ને!

તમે કહી રહ્યો છો કે આપણે ભક્તિ શા માટે કરીએ? ભગવાન્ કૃપા કરશે તો ભક્તિ થઈ જશે, કૃપા નહીં કરે તો નહીં થાય. પરંતુ એક વાત ધ્યાનથી સમજો કે જે પણ પ્રાણી પૃથ્વી ઉપર ચાલી રહ્યા છે, મનમાં નિશ્ચિત સમજો કે તે ગુરૂત્વાકર્ષણના બળ ઉપર ચાલી રહ્યા છે. જો ગુરૂત્વાકર્ષણ ન હોત તો તમે પૃથ્વી ઉપર ચાલી જ ન શકત. પગ ઉપાડતાં જ તમે ઉડવા લાગત. ચાલી રહ્યા છો તમે પૃથ્વીના ગુરૂત્વાકર્ષણના કારણથી, પરંતુ ચાલવાનો પ્રયત્ન તો તમારે કરવો પડશે. અરે પૃથ્વી ઉપર તમે પેદા થયા છો તો ચાલવા માટે જ તો પેદા થયા છો કે ભેંસની જેમ પડયા રહેવા માટે? આજકાલ બોલચાલની ભાષામાં મનુષ્યનો પર્યાય

ચર્ષણી શબ્દ નથી રહ્યો. પરંતુ વૈદિકકાળમાં મનુષ્યને માટે એક નિરંતર પર્યાય પ્રયુક્ત થયો છે અને તે છે 'જોવા-ચાલવાવાળુ પ્રાણી' એટલા માટે વેદમાં આખું એક સૂક્ત ગાયેલું છે. **''ચરૈવેતિ ચરૈવેતિ કલિઃ શયાનો ભવતિ સંજીહાનસ્તુ દ્વાપરઃ ઉત્તિષ્ઠન્ ત્રૈતા ભવતિ. કૃતૌ સંપદ્યતે ચરન્.''**

મનુષ્યનું નામ જોવા ચાલવાવાળું પ્રાણી આપેલું છે. જો મનુષ્ય જોવા-ચાલવાનો પ્રયત્ન કરી રહ્યો છે તો તેણે પોતાના પ્રાણી હોવાનો ધર્મ નિભાવ્યો અને પડયો રહ્યો તો બસ પડયા રહો. એક વાત ધ્યાનથી સમજો. મેં ટ્રેડમિલ્ ઉપર વ્યાયામ કર્યો. તેના ઉપર સ્પષ્ટ લખ્યું હતું કે જો પચાસ વર્ષથી ઉપરના હોય, તેને દશ મિનિટથી વધારે ન કરવો જોઈએ. મને ચાલવાનો ખૂબ જ શોખ હતો. અને મારી લાઈફસ્ટાઈલ્માં બદલાવને કારણે બંધ થઈ ગયો. મેં એક ટ્રેડમિલ્ લઈ લીધું. તેના ઉપર મને દશ-પંદર મિનિટ તો ખિલવાડ લાગ્યો. હું દોઢ કલાક સુધી તેના ઉપર ચાલતો રહ્યો. તેનાથી શું થયું કે મારા ગોઠણ કામ કરતાં બંધ થઈ ગયા. વળતા પણ બંધ થઈ ગયા. ડોકટર્ને બતાવ્યું તો એણે કહ્યું કે આનો એકમાત્ર નીરિપ્લેસમેન્ટ્ જ ઉપાય છે. હવે શું કરવું. હું તો એકદમ ડરી ગયો પરંતુ મનમાં નિશ્ચય કર્યો અને સુતા-સુતા થોડાક પગ હલાવવા શરૂ કર્યા. થોડું-થોડું ચાલવાનું શરૂ કર્યું તો આજે હું કલીનાથી પાર્લા ચાલીને આવું છું. જે ગોઠણ વળવાના બંધ થઈ ગયા હતા તે ફરીથી વળવા-ચાલવા લાગી ગયા. **''ચરૈવેતિ ચરૈવેતિ કલિઃ શયાનો ભવતિ સંજીહાનસ્તુ દ્વાપર ઉત્તિષ્ઠન્ ત્રૈતા ભવતિ, કૃતૌ સંપદ્યતે ચરન્''** કેમ કે ચાલવાનો પ્રયત્ન કર્યો તો રોગ ઉપર પણ કાબુ આવી ગયો નહીંતર તો રોગ ઉપર કાબુ આવવાનો નહોતો અને ની-રિપ્લેસમેંટ્ કરાવવું જ પડત. આપણી અક્કલની પણ કાંઈક આવી જ હાલત થાય છે. જો ન ચલાવો અને પ્રસન્ન મુદ્રામાં બેઠા રહો તો તે પણ કામ કરવાનું બંધ કરી દે છે. થોડીક ચલાવશો તો ચાલવા લાગી જશે. પ્રસન્ન મુદ્રામાં બેસી રહેવાથી તો તે ક્યારેય પણ નહીં ચાલે. આ એક તમારા ઉપર પ્રયોગ કરીને જોઈ લેજો. ક્યાંય પણ કોઈ વાત તમે સાંભળો, તેને બેઠા-બેઠા પ્રસન્ન મુદ્રામાં ન સાંભળીને થોડીક અક્કલ ચલાવીને

સાંભળશો તો થોડીક અક્કલ ચાલવા માંડી જશે.

અમારા એક પરિચિત ભાઈએ બહુ જ મજેદાર વાત બતાવી. તેઓ એક જગ્યાએ ગાયન ગાવા માટે ગયા. એક વ્યક્તિ સાંભળનારાઓમાં ખૂબ જ પ્રસન્ન મુદ્રામાં ગાયન સાંભળી રહ્યો હતો. એમને લાગ્યું કે બીજા તો કોઈ શોખીન નથી કદાચ આ જ બહુ શોખીન છે. એમણે બે-ત્રણ બીજી નવીન પ્રકારથી ગાઈને સંભળાવ્યું પરંતુ એ વ્યક્તિની પ્રસન્ન મુદ્રામાં કોઈ ફેરફાર ન થયો. એમને લાગ્યું કે આ તો કોઈ મહાન શોખીન છે કે જેને હું જે પણ ગાઉં તે પસંદ આવી રહ્યું છે. તો જ્યારે ગાયન પુરૂ થયું ત્યારે એમણે એ વ્યક્તિની પાસે જઈને પૂછયું કે "કેવું લાગ્યું તમને?" તેણે હાથ હલાવીને સમજાવ્યું કે તે બહેરો છે તેને કાંઈ સંભળાતું નથી. જ્યારે સાંભળવું જ નથી તો હસીને શા માટે સમય પસાર ન કરવો! અક્કલ જો આપણે ચલાવશુ તો ચાલશે, નહીં ચલાવીએ તો નહીં ચાલે. આ તો હું નાની-નાની વાતો તમને રોજીંદા જીવનની બતાવી રહ્યો છું પરંતુ ચાહે તે ધર્મની વિદ્યાની ધંધાની વાત હોય, કોઈ પણ વાતમાં અક્કલ અને શરીર ચલાવશો તો તે ચાલશે. નહીં ચલાવો તો ધીરે ધીરે કાટ ખાઈ જશે. ગાડ઼ી પણ જ્યારે પડી રહે છે ત્યારે તેને કાટ ખાઈ જાય છે અને બાબાઆદમના વખતની જમાનાની રોલ્સ્-રોયસ્ જો ચાલતી રહે તો તે અત્યારે પણ ચાલી રહી છે. કેટલીક ક્રિયાઓ જે ચાલવા માટે જ પેદા થઈ છે તેમાં પ્રયત્ન જ ધર્મ છે અને અપ્રયત્ન અધર્મ છે. આ વાતને ધ્યાનથી સમજી લો. જે વાતને તમે કર્મના સ્તર ઉપર કરવા માગો છો તેમાં તમે આ છટકબારી ન શોધો કે અમે પ્રયત્ન નહીં કરીએ. એ તો આપમેળે થઈ જશે. આપમેળે કાંઈ નહીં થાય. મહાપ્રભુની સ્પષ્ટ આજ્ઞા છે કે **"સર્વં ભગવાનેવ કરોતિ કિન્તુ ભજનં વિના ન કિંચિત્ કરોતિ."** (જૂઓ સુબો.૩।૩૨।૨૨) બધું જ કાંઈ ભગવાન્ કરે છે પરંતુ ભજન વિના તે કાંઈ પણ નહીં કરે. ભજનનો પ્રયત્ન તમારે કરવાનો છે. અને કરશે બધું જ કાંઈ ભગવાન્. કર્મના સ્તર ઉપર જે પણ વાત આપણે કરવી છે તેમાં પ્રયત્ન જ ધર્મ છે.

(કર્મમાં અર્થરૂપ = જ્ઞાન હોય છે)

હવે આ કર્મનો 'અર્થ' શું છે? જ્ઞાન, કર્મનો અર્થ છે. કેમ કે કઇ વસ્તુ તમને પ્રયત્નમાં મદદ કરશે? જેમ કે તમારે બજારમાંથી કોઇ વસ્તુ ખરીદવી છે, તો રૂપિયા ચુકવવા પડશે. તેવી જ રીતે જો પ્રયત્ન કરવો છે તો તેમાં કયું ચલણ તમને કામ આવશે? તમારી જાણકારી અથવા તે ક્રિયાનું જ્ઞાન. જેટલી જાણકારી એ ક્રિયાની છે એટલો જ પ્રયત્ન તમે સરખી રીતે કરી શકશો. જેટલી પણ ઓછી જાણકારી તમે વાપરશો એટલો જ અર્થને બદલે અનર્થ થશે.

આપણે બોલવામાં જ્ઞાન ઇચ્છા અને પ્રયત્ન એવા ક્રમથી બોલીએ છીએ. પરંતુ કર્મના પુરુષાર્થમાં આનો ક્રમ વિપરિત થઇ રહ્યો છે. પુરુષાર્થમાં આનો ક્રમ હોય છે ધર્મ-પ્રયત્ન છે, અર્થ-જ્ઞાન છે અને કામ-ઇચ્છા છે. કોઇ પણ પુરુષાર્થ જે તમારે કર્મના સ્તર ઉપર કરવો છે તો સૌથી પહેલાં તમારા અંદર તેની ઇચ્છા હોવી જોઇએ. જો ઇચ્છા જ નથી તો જ્ઞાન પણ તમને વિપરિત જ થશે. અને જો જ્ઞાન વિપરિત છે તો પ્રયત્ન પણ વિપરિત થશે. સૌથી પહેલાં આપણી અંદર એક ઇચ્છા પેદા થવી જોઇએ કે આ મારૂં કર્મ છે, ધર્મ છે કે મારે આ કરવું છે. તો 'કરવું છે' આ ઇચ્છા 'કામ' છે. હવે બધા લોકો કહે છે કે કામ ખતરનાક વાત છે. ખરેખર આ બહુ ખતરનાક વાત છે પરંતુ કાંઇક કરવું છે તો કર્મ કરવાની ઇચ્છા ખતરનાક નથી. કેમકે કર્મ કરવાની કામનાને જો તમે ખતરનાક માનશો તો કર્મ જ નહીં કરો, કેમ કે ઇચ્છા જ નથી. ''અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ, દાસ મલુકા કહ ગયે, સબકે દાતા રામ.''

એવું આવે છે કે જંગલમાંથી એક દિવસ એક માણસ જઇ રહ્યો હતો. તેણે જોયું કે સિંહે શિકાર કર્યો અને તે ખાઇને ચાલ્યો ગયો. જે વધ્યું હતું તે ભેડિયાએ ખાઇ લીધું. તે માણસે વિચાર્યું કે ભગવાન્ કેટલા દયાળુ છે કે જેને શિકાર કરતા નથી આવડતું તેને પણ ખાવાની વ્યવસ્થા કરી આપે છે. તો પછી વ્યર્થમાં આપણે શા માટે પ્રયત્ન કરવો. બસ એ તો ભગવાન્નું ભજન કરવા બેસી ગયો કે હવે ખાવાનું તો ભગવાન્ આપશે

જ. મારૂં કામ તો ભગવાન્નું ભજન કરવાનું છે. થોડાક દિવસોમાં તે ભુખે મરવા લાગ્યો અને પ્રાણ સંકટ આવી ગયું. ત્યારે ભગવાને પ્રકટ થઈને કહ્યું કે બંને ઉદાહરણ તારી સામે હતા. સિંહનો પણ અને ભેડિયાનો પણ. તેં ભેડિયા થવાની ઈચ્છા કેમ કરી? સિંહ હોવાની કેમ ન કરી. કર્મમાં ખરાબ ઈચ્છા હોવી કામ પુરુષાર્થને બદલે અપુરુષાર્થ બની જાય છે. સારી ઈચ્છા કરવી તે કર્મનો કામ પુરુષાર્થ છે. કોઈનું પણ ઉદાહરણ લઈ શકો છો, ભેડિયાનું પણ. જો બધાને ભગવાન્ આપી રહ્યા છે તો પછી મારે શા માટે પુરુષાર્થ કરવો? જો તારે ખાવું છે તો તારો શિકાર તું કર. સિંહનું ઉદાહરણ જો કે તેણે કેટલી દોડ-ધામ કરીને પોતાનો શિકાર કર્યો છે! પરંતુ આપણે ખોટો જ અર્થ વધારે સારો લાગે છે. ''અરે! તેં આવી ખોટી ઈચ્છા જ કરી જ કેમ કે ભગવાન્ બધાને આપે છે. તે સિંહનું ઉદાહરણ કેમ ન સ્વીકાર્યું!'' કર્મનો જ્યાં સિધ્ધાંત આવે છે ત્યાં ઈચ્છા જ કામ પુરુષાર્થ છે. કઈ ઈચ્છા? કર્મ કરવાની ઈચ્છા. એટલા જ માટે શાસ્ત્ર એક વાત સ્પષ્ટ કહે છે કે કામના ન સારી હોય છે ન ખરાબ હોય છે. કામના ક્યા વિષયની છે તેનાથી કોઈ કામના સારી કે ખરાબ હોય છે. એમ વિચારવું કે હું કોઈ કામના નહીં કરૂં. આ પણ તો એક કામના છે કે નહીં ? કામનાથી બહાર તો તમે નીકળી જ ન શકો. **''સાગરસ્ય નાન્તોસ્તિ ન ચ કામાનામ્''** કામનાનો કોઈ અંત નથી. જો તમે કામનાની વિરૂધ્ધ કોઈ કામના કરી રહ્યા છો તો કામનાની જાળમાં તો તમે ફસાઈ જ ગયા ને! તો તમારે નિર્ણય શું લેવાનો છે કે જો કામનાથી મારો છુટકારો નથી તો મારે એટલો વિવેક જરૂર રાખવો જોઈએ કે મારે કઈ વસ્તુની કામના કરવી છે અને કઈ વસ્તુની કામના નથી કરવી. જેમ આપણે કોઈ કર્મની કામના કરીએ છીએ તેમાં અર્થ તરીકે આપણું જ્ઞાન આપણા ઉપયોગમાં લઈએ છીએ અને કામના કરીએ કોઈ બીજી વસ્તુની.

હમણાં મેં એક બહુ મજેદાર વાત વાંચી. એક વિદ્યાર્થીએ પરીક્ષામાં પાસ થવા માટે વિચાર્યું કે ભણવાને બદલે જો હું ભગવાન્ને પ્રસન્ન કરું તો કદાચ સારો નંબર આવે તો ભગવાન્નો જપ કરવા બેસી ગયો કે 'પાસ

કરો, પાસ કરો'' હવે ભગવાન્ પ્રસન્ન થઈને તેની સામે પ્રકટ થઈ ગયા અને પૂછયું કે શેમાં પાસ થવું છે બતાવ. ત્યારે તો વિદ્યાર્થી બોલ્યો કે ''ભગવાન્ તમે તો મારી સાથે દગો કર્યો.'' ભગવાન્ બોલ્યા ''તારી સામે પ્રકટ તો થઈ ગયો છતાં દગો કેમ!'' તે બોલ્યો ''મેં તો સાંભળ્યું હતું કે ભગવાન્ પ્રકટ થતાં પહેલાં જપ-તપ ભંગ કરવા માટે અપ્સરાઓ મોકલે છે. તમે એના પહેલાં કેમ પ્રકટ થઈ ગયા.'' અરે 'પાસ કરો' નો જપ કરી રહ્યો છે અને કામના અપ્સરાની કરી રહ્યો છે! હવે ભગવાન્ ક્યાં જાય. તો કર્મ આવી રીતે ન થાય. જે પણ કર્મ તમારે કરવું છે તેની કામના શુદ્ધ રાખો, તેના હિસાબથી તેનું જ્ઞાન શુદ્ધ કરો અને પછી પ્રયત્ન કરશો તો જ કર્મપુરુષાર્થ સિદ્ધ થાય છે અન્યથા કર્મપુરુષાર્થ સિદ્ધ નથી થતી.

(કર્મમાં તુષ્ટિ કે અસન્તુષ્ટિ મુક્તિ કે બન્ધન રૂપ થાય છે)

મુક્તિ અને બંધન શું છે? જ્યારે તમે સાચી કામનાથી, સાચા જ્ઞાનથી સાચો પ્રયત્ન કર્યો તો એનાથી જે તુષ્ટિ તમને મળે છે તે જ કર્મ તમારી મુક્તિ છે. એટલા માટે જ મહાપ્રભુ વલ્લભાચાર્ય એક ખૂબ સરસ વાત કહે છે કે **''કર્મનું ફલ કેટલાક લોકો સ્વર્ગ માને છે પરંતુ સ્વર્ગ તો ગૌણ ફલ છે, સાચું કર્મનું ફલ છે આત્મસુખ''**. સારૂં કર્મ કરવાથી એક સેલ્ફ-સેટિસ્ફેક્શન્ (આત્મસુખ) થાય છે કે મેં સારૂં કર્મ કર્યું છે. સારા વિચારથી સારા પ્રયત્નથી સારૂં કામ કર્યું છે. આત્મસુખ કર્મની મુક્તિ છે. આત્મામાં આપણને ગિલ્ટી ફીલ્ (ગ્લાનિ) થતી રહે કે ''આ કામ ખોટું થઈ ગયું, આવું નહોતું કરવું જોઈતું.'' આત્મદુઃખ છે, એ જ નરક છે. આત્માની અતુષ્ટિ નરકની યાતના છે. કેમકે કરવા માટે તો આપણે કાંઈ પણ કરી દઈએ છીએ. પરંતુ તેનાથી આપણો આત્મા આપણને ડંખે છે કે યાર ભૂલ થઈ ગઈ. **''યન્ન દુઃખેન સમ્ભિન્નં ન ચ ગ્રસ્તમ્ અનન્તરમ્, અભિલાષોપનીતં ચ તત્સુખં સ્વઃ પદાસ્પદમ્''** (ત.દી.નિ.૨।૫) મેં કોઈ ખોટું કામ નથી કર્યું, મેં જે કર્યું છે તે વિચાર્યા વગર નથી કર્યું. મેં કોઈ જુગાર નથી ખેલ્યો, વ્યાપાર કર્યો છે હવે ભલે લાભ થાય કે અલાભ થાય.

તે જે આત્મસંતુષ્ટિ છે એ જ મુક્તિ છે. **"સુખ-દુઃખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ, તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમ્ અવાપ્સ્યસિ"** (ભગ.ગીતા. ૨|૩૮) ભગવાન્ કર્મના સંદર્ભમાં કહી રહ્યા છે. આપણા દિલમાં એક સંતોષ થશે કે મેં કોઈ ખોટું કામ નથી કર્યું. કોઈ ખોટી સમજથી નથી કર્યું, કોઈ ખોટી ઈચ્છાથી નથી કર્યું. હવે તે સફલ થાય કે વિફલ પરંતુ આત્મસુખ તો મળશે, મળશે અને મળશે જ. તો કર્મના હિસાબથી ધર્મ અર્થ કામ અને મોક્ષનું સમાયોજન આ પ્રકારથી થાય છે. તેને આપણે અહીં સમજી શકીએ છીએ.

('વ્યવહાર' = બીજાલોકોને [૧]કર્મ [૨]કરણ [૩]સંપ્રદાન [૪]અધિકરણને બનાવીને કરવામાં આવતું કર્મ)

આના પછી આવે છે વ્યવહાર. જેમ પહેલાં પણ મેં તમને બતાવ્યું હતું કે કર્મ વ્યવહાર ક્યારે બને છે તેની બારીકી સમજો કે કર્મમાં જ્યારે આપણે કોઈ બીજાને ઉદ્દેશ્ય બનાવીને કોઈ કર્મ કરી રહ્યા છીએ, બીજાને સાધન બનાવીને કોઈ કર્મ કરી રહ્યા છીએ, બીજા માટે કોઈ કર્મ કરી રહ્યા છીએ કે પછી બીજાના આધારે કોઈ કામ કરી રહ્યા છીએ ત્યારે સંસ્કૃત ભાષામાં આને કર્મ ન કહીને 'વ્યવહાર' કહેવામાં આવે છે. કેમકે કોઈ બીજાને તમે તમારૂં કારણ બનાવી રહ્યા છો. જેમ ધ્યાનથી સમજો. હું આપણા પુષ્ટિમાર્ગની વાત બતાવું. મારે ગુરૂપદ ભોગવવું છે. હવે આ ગુરૂપદ ભોગવવું એક [૧]કર્મ છે. ગુરૂપદ ભોગવવા માટે મારે એક શિષ્યની જરૂર છે તેથી હું શિષ્ય ગોતીશ. જ્યારે મેં મારા ગુરૂપદરૂપી કર્મને ભોગવવા માટે તમને શિષ્યરૂપમાં ઈન્વોલ્વ્ (સામેલ) કર્યા તો આ કર્મ, કર્મ ન રહીને વ્યવહાર બની ગયો. મારે ગુરૂપદ ભોગવવું છે અને ઉપદેશ આપવા માટે મેં સાઉંડ સિસ્ટમ્વાળાને બોલાવ્યા અને કહ્યું કે શ્રોતા વધારે છે. મારો અવાજ છેલ્લે સુધી પહોંચવો જોઈએ. સાઉન્ડ સિસ્ટમ્વાળા આવ્યા તે મારૂં [૨]કરણ છે. આ ઉપદેશ હું કોના માટે આપવા માગી રહ્યો છું? જે લોકો સમજવા માગતા જ નથી તેમને હું પણ સમજાવવા માગતો નથી.

પરંતુ જે લોકો ખરેખર સંપ્રદાયના સાચા સિદ્ધાંતો સમજવા માગે છે, તેઓ આ સિદ્ધાંતથી વંચિત ન રહી જાય, તેમને હું મારા ઉપદેશની [3]સંપ્રદાન માની રહ્યો છું. જેઓ સમજવા માગે છે તેઓ તો વંચિત ન રહી જાય. ઘણાં એવા પણ હશે કે સમજવા નથી માગતા. આવીને પ્રસન્ન મુદ્રામાં બેઠેલા છે.

હું પૂછું કે શું સાંભળ્યું તો હાથ હલાવી દેશે. ઠીક છે, આનંદની વાત છે, એમાં દુઃખી થવાની શું વાત છે? વ્યવહારમાં તો આવું જ થતું હોય છે ને! એવી એક કહેવત છે કે જાનમાં જાનૈયાઓ નાચવા-ગાવામાં મસ્ત હોય છે. એમને લગ્ન સાથે કાંઈ પણ લેવા-દેવા નથી હોતા કેમકે આવો નાચવાનો મોકો ક્યાં મળે છે! તેઓ બધો ઉભરો પોતાનો ત્યાં ઠાલવે છે. એમનું મુખ્ય કામ નાચવાનું છે. પરંતુ વરરાજાને એટલી વખત ઘોડા ઉપર તપસ્યા કરવી પડે છે. જેટલી વાર સુધી નાચ ચાલું રહે છે, એ બિચારો રાહ જોતો રહે છે કે કયારે આ નાચ પૂરો થાય અને કયારે હું મારી વધૂની પાસે પહોંચુ. એનો કોઈ બીજો જ ઉદ્દેશ્ય છે. મેં એક વખત વરઘોડામાં આનાથી પણ મજેદાર દૃશ્ય જોયું કે વરઘોડામાં ઘોડી પણ નાચી રહી હતી. ત્યાં વરરાજાના ચહેરાના ભયભીત ભાવ જોવા જેવા હતા! બધાના ઉદ્દેશ્ય અલગ-અલગ છે ને!

મારા એક મિત્ર હતા. એમણે ફકત આટલા માટે જ એક સૂટ સીવડાવ્યું હતું કે કયાંય પણ લગ્નનો મંડપ જોઈ જાય તો તુરત ત્યાં બેધડક પહોંચી જતા. વરવધૂ સાથે હાથ મિલાવતા. વધૂપક્ષવાળા સમજતા કે વરપક્ષના હશે. વરપક્ષવાળા સમજતા કે વધૂપક્ષના હશે. કોઈક ને કોઈક જમવા માટે બેસાડી જ દેતા. આવીને મને કહેતા કે આજે મજા પડી ગઈ, ખૂબ સરસ રસોઈ હતી. ખરેખર એમની હિમ્મતની દાદ દેવી જોઈએ. રોજ રોજ મંડપમાં ઘૂસી જતાં અને વરવધૂને પાછા શુભકામના પણ આપી દેતા. પોતાનો ખર્ચ કાંઈ જ નહીં. ફક્ત એક સૂટ સીવડાવી રાખ્યું હતું. જે પહેરીને ઘૂસી જતાં. માણસ કેવા-કેવા અધિકરણ બનાવી બનાવીને કેવા-કેવા વ્યવહાર કરે છે એ આપણે સમજી શકીએ છીએ.

આપણે સમજીએ છીએ કે એ વરવધૂને શુભકામના આપી રહ્યા છે પરંતુ તે ક્રિયા વર-વધૂને શુભકામના આપવાના હેતુથી નથી પરંતુ એ વ્યવહાર ત્યાં કોઈક બીજું જ [૪]અધિકરણ પ્રકટ થઈ રહ્યું છે.

(વ્યવહારમાં સામુદાયિક હાનિલાભવિવેકના આધારે કરવામાં આવેલું કર્મ એનાથી અન્યને પોતાના અનુકૂલ બનાવવા ધર્મ છે.)

વ્યવહારની કેટલીક પોતાની મર્યાદાઓ છે. કેમકે એકલો માણસ કોઈ વ્યવહાર નથી કરી શકતો. વ્યવહાર થાય છે તો તે કોઈના વિષયમાં, કોઈને સાધન બનાવીને, કોઈના માટે, કોઈના બળ ઉપર થાય છે. વ્યવહારમાં ધર્મ અર્થ કામ મોક્ષ પુરુષાર્થ કયારે પ્રકટ થશે? જો તમે જેનો ઉપયોગ કરી રહ્યા છો તેને કમ્પેલ્ (જબરદસ્તી) ન કરો. તેને કન્વિન્સ્ (અનુકૂળ) કરો કે આ વ્યવહાર મારે કરવો છે તું આમાં કર્મ બનવા માટે તૈયાર છે કે નહીં? જો તે કર્મ બનવા માટે તૈયાર છે અને તે તમારા આ વ્યવહારને સ્વીકારી રહ્યો છે તો તે તમારો વ્યવહારમાં ધર્મ થયો. જો તમે સંમત નથી કરી શકતા અને જબરદસ્તી કરી રહ્યા છો તો અધર્મ છે.

એક સાધારણ ઉદાહરણથી તમે સમજો કે જ્યારે કટોકટી જાહેર થઈ હતી ત્યારે બધાને ખબર હશે કે બધા ઓફિસરોને ઓર્ડર (આદેશ) આપ્યો હતો કે બધાના પરિવારનિયોજનના ઓપરેશન્ કરીને નસબંધી કરી દો. હવે ગિરિરાજજીમાં જે સાધુ પરિક્રમા કરી રહ્યા હતા, એ બધાને પણ પકડી-પકડીને ઓપરેશન્ કરી દીધા. બિચારા સાધુઓએ કહ્યું પણ કે અમે ગૃહસ્થ નથી અમારા ઓપરેશન્ શા માટે કરી રહ્યા છો! અફસરોએ કહ્યું કે ‘‘નહીં, સરકારનો હુકમ છે.’’ હવે તેઓ સંમત તો થયા નથી કે અમારે ઓપરેશન્ કરાવવું છે અને તમે વ્યવહાર પ્રકટ કરી દીધો. પૂરી જનતામાં કેટલો રોષ ફેલાઈ ગયો! જામા મસ્જિદમાં પણ ઝઘડાનું મુલ કારણ આ જ હતું. નસબંધી ઓપરેશન્ કરવું કોઈ ખરાબ વાત ન હતી, બહી સારી હતી પરંતુ સામેવાળો સંમત છે કે કમ્પેલ્ડ્ છે? જો તે કમ્પેલ્ડ્ છે તો તમારો વ્યવહાર ધર્મ નથી અધર્મ છે. અને જો સંમત છે તો તમારો

વ્યવહાર ધર્મ છે.

કોઈનો કુતરો બિમાર પડી ગયો હતો. ડોકટરે એને દવા આપી. કુતરાના માલિકે કુતરાને મોઢું ખોલીને ચમચીથી પીવડાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ કુતરાએ મોઢું ખોલ્યું જ નહીં દવા માટે. ડોકટરે કહ્યું કે દવા આપ્યા વિના કુતરાની તબિયત સારી નહીં થાય. તે વ્યક્તિએ વધારે પ્રયત્ન કર્યો પરંતુ કુતરાએ મોઢું ન ખોલ્યું. છેવટે એ પ્રયત્ન કરવામાં તે દવાની શીશી જમીન ઉપર પડી ગઈ અને દવા જમીન ઉપર ઢોળાઈ ગઈ. કુતરો તે બધી દવા ચાટી ગયો. ત્યારે એમને ખબર પડી કે કુતરો એ વાત ઉપર નહોતો ઝઘડી રહ્યો કે તેને દવા નથી ખાવી. તે એ વાતથી નારાજ હતો કે તેને ચમચાથી શા માટે દવા પીવડાવવામાં આવે છે. તો જુઓ કમ્પલ્શન્ (જબરદસ્તી) અને કન્વિસિંગ (સંમતિ) માં જ ધર્મ અને અધર્મનો ભેદ રહ્યો છે. ખૂબ બારિક રેખા છે. એક વાત જ્યારે તમે બળજબરી કરો છો તો તે અધર્મનું રૂપ લઈ લે છે અને એ જ વાત જ્યારે તમે અનુકૂલ બનાવીને કરો છો તો ધર્મ બની જાય છે. કેમકે સામેવાળો સમજી રહ્યો છે કે આ વ્યવહારમાં મારે પણ કર્મના રૂપમાં શામેલ થવું છે. કોઈને બળજબરીથી જોડી દો કર્મમાં, તો અંતે તે તમારા વ્યવહારને અર્થથી અનર્થ બનાવી દેશે. વ્યવહારમાં બીજાને આપણા અનુકૂળ બનાવવો ધર્મ છે.

(વ્યવહારમાં સ્વપરનું અવલંબન અર્થરૂપ હોય છે)

વ્યવહારમાં કોઈ એકનું જ બીજાની ઉપર નિર્ભર હોવામાં અનર્થનો ભાવ જાગત પરંતુ જ્યારે તમે મારા ઉપર નિર્ભર છો અને હું તમારા ઉપર નિર્ભર છું, આ પ્રકારના ભાવને વ્યવહારનો 'અર્થ' કહેવાય છે. બધા વ્યવહારનો ઉદ્દેશ્ય કેવળ આ છે કે મનુષ્ય એક સામાજિક પશુ છે, તે પરસ્પર એકબીજા ઉપર નિર્ભર બને. કોઈ એક વ્યક્તિ એમ વિચારે કે બધા મારા ઉપર નિર્ભર થાય તો જો તમારા હાથમાં ડંડો હોય તો થઈ જશે નિર્ભર, પરંતુ અંતમાં તે લોકો તમારો ડંડો છીનવીને તમને મારશે.

હમણાં તિરૂપતિ બાલાજીમાં એક બહુ મજેદાર ઘટના બની. એક બાબાજી પોતાના પગથી લોકોના રોગ મટાડતા હતા. બહુ જ માણસોની ભીડ જામી ગઈ કે ચરણસ્પર્શ કરો, રોગ મટી જશે. એક ભક્ત આવ્યો અને એમના પગ જ કાપીને લઈ ગયો. પોલીસે પૂછયું કોણ કાપીને લઇ ગયું? એમણે કહ્યું ‘‘ખબર જ ન પડી ભીડમાં કે કોણ કાપીને લઇને ભાગી ગયો!’’ ચરણમાં જો આટલું માહાત્મ્ય છે કે રોગ મટાડી દે છે અને તમે વ્યવહાર કરી રહ્યા છો ચરણસ્પર્શ કરાવી કરાવીને રોગ મટાડવા માટે, તો તે ચરણ તમારી પાસે શા માટે હોવા જોઈએ. એ તો મારી પાસે હોવા જોઈએ. એટલી સીફત પૂર્વક હાથથી એ પગ કાપીને લઈ ગયો કે જ્યાં સુધીમાં તે સમજે કે શું થયું ત્યાં સુધીમાં તો તે પગ કાપીને રફૂચક્કર થઈ ગયો ત્યાંથી. કહેવાનો મારો અર્થ શું છે કે વ્યવહારમાં સ્વપરાવલંબિતતા હોવી જોઈએ. એકાવલંબિતતા વ્યવહારમાં અનર્થ પેદા કરે છે. તમે મારા ઉપર નિર્ભર છો, હું તમારા ઉપર નિર્ભર છું. ત્યારે વ્યવહારમાં અર્થ પુરૂષાર્થ સિદ્ધ થશે બાકી તો અનર્થ થશે, થશે અને થશે જ. આ વાત સમજી લો.

(વ્યવહારમાં સ્વાર્થ અને પરાર્થને સાધવા કામરૂપ હોય છે)

વ્યવહારમાં કામ શું હોય છે? જુઓ આપણે જોતા આવ્યા છીએ કે **‘‘કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્‌ભવઃ મહાશનો મહાપાપ્મા વિદ્ધિ એનમ્ ઈહ વૈરિણમ્’’** (ભગ.ગીતા.૩।૩૭) કયા અર્થમાં કામ દોષરૂપ છે અને વ્યવહારમાં કયા પાસામાં કામ દોષરૂપ હોવા છતાં પણ નિર્દોષ હોય છે તે હું તમને સમજાવવા માગી રહ્યો છું કે **‘‘સ્વપરાર્થસાધન કામરૂપં’’** વ્યવહારમાં કામ ક્યારે પ્રકટ કરવો પડે છે? ઘોડો તમારી ગાડીમાં જુતવા નથી માગતો. તમે ચાબુક મારીને તેને ગાડીમાં જોતરી રહ્યા છો. સાઈકોલોજિસ્ટ્ એવું કહે છે કે ઘોડાને એવા સપના અવશ્ય આવતા હશે કે ચલાવવાળાને તે ચાબુક મારીને દોડાવી રહ્યો છે. પરંતુ ઘોડાને જો એ અહેસાસ થઈ જાય કે ‘‘નહીં! ઘાસ મને મળે છે, રથ એનો હાંકે છે અને ઘાસ ખાવા માટે હું એના ઉપર નિર્ભર છું અને દૂર જવા માટે એ મારા

ઉપર નિર્ભર છે.'' આમ એકબીજાની ઈચ્છાઓ પૂરી થઈ રહી છે, આ અહેસાસ બંનેને થઈ જાય તો વ્યવહારમાં તે 'કામપુરુષાર્થ' કહેવાય છે. બધા જ દંપતિઓના, માતા-પિતાના, ભાઈઓના, કલહનું મૂળ આ છે કે આપણે આપણી ઈચ્છાના પૌવા બેસાડવા માનીએ છીએ પરંતુ બીજાની ઈચ્છા શું છે, તેના ઉપર ધ્યાન નથી આપતા. પછી ક્યાંક ને ક્યાંક જઈને ઘનિષ્ઠમાં ઘનિષ્ઠ સંબંધ ત્યાં તૂટી જાય છે. જ્યારે ક્યારેક પણ આ અહેસાસ આપણને થાય છે કે મારી તો કોઈ ઈચ્છા પૂરી થઈ જ નથી રહી. મારા ઉપર અવલંબિત કેવળ આની ઈચ્છા પૂર્ણ થઈ શકી છે ત્યારે વ્યવહારમાં તે કામ પુરુષાર્થ નગ્ન બની જાય છે. સાઈકોલોજિસ્ટ્ આ વાતને કહે છે કે પત્ની રસોઈ બનાવે છે અને પતિ ધંધો-ઓફિસે જવાની ધાંધલમાં એ કહેવાનું પણ ભુલી જાય છે કે રસોઈ સારી બની છે. એ તો ભુલી જાય છે, પરંતુ પત્નીના હૃદયમાં એ ગાંઠ બંધાઈ જાય છે. એક નાનકડું જ તો કામ છે એમ કહેવું કે ''સારી રસોઈ બની છે, જમવામાં મજા આવી.'' આ નાનકડી વાતથી પત્નીને એમ લાગે છે કે એમને સારૂં જમવા માટે મારા ઉપર નિર્ભર રહેવાનું છે. અને સારૂં ખવડાવવા માટે મારે એના ઉપર નિર્ભર રહેવાનું છે. પરસ્પર એકબીજા પ્રત્યે જ્યારે સંતોષ પ્રકટ થાય છે ત્યારે વ્યવહારમાં કામ પુરુષાર્થમાં પ્રકટ થાય છે. આ કામમાં કોઈ દોષ નથી.

ભગવાન્ સ્વયં ગીતામાં આજ્ઞા કરે છે કે **''દેવાન્ ભાવયતા અનેન તે દેવાઃ ભાવયન્તુ વઃ, પરસ્પરં ભાવયન્તો શ્રેયઃ પરમ્ અવાપ્સ્યથ''** (ભગ.ગીતા.૩।૧૧) પરસ્પર એકબીજાનાં કામની પૂર્તિ કરો. બળજબરીપૂર્વક એક-બીજાની ઉપર કામ લાદો નહીં. પોતાના કામને બીજાના ઉપર લાદવો, ભગવાન્ કહે છે કે એ આસુરીભાવ છે, દૈવીભાવ નથી. વ્યવહારમાં જ્યારે કામ પુરુષાર્થ બને છે તો તે એ જ શરત ઉપર બને છે કે પરસ્પર કામપૂરક હોય ત્યારે જ તે કામ પુરુષાર્થ બને છે. પરંતુ જ્યારે તે એકના જ કામનો પૂરક હોય તો તે વ્યવહારમાં તમારો કામ પુરુષાર્થ ભંગ થઈ ગયો. આ એક વ્યવસ્થા જો શાસ્ત્રોમાં તમે જોશો તો

એક પ્રકારથી નહીં, ઘણા પ્રકારથી વર્ણિત થઈ છે. આપણી પાસે સમય ઓછો છે નહીંતર તો હું વિસ્તારથી તમને સમજાવી શકું છું. વ્યવહારમાં કામપુરુષાર્થનું સ્વરૂપ આ જ પ્રકારથી નિહિત છે કે પરસ્પર કામપૂરકતા હોવી જોઈએ. ચાહે તે જાનવર અને ઈન્સાનની વચ્ચે હોય, મનુષ્ય અને મનુષ્યની વચ્ચે હોય અથવા પરિવારના બે સભ્યોની વચમાં હોય અથવા ભગવાન્ અને ભક્તની વચમાં હોય ભગવાન્નું ધ્યાન આપણે રાખીએ, ભગવાન્ આપણું ધ્યાન રાખે. વેદ તો આ વાતને કેટલી સુંદર રીતથી કહે છે **''ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ''** (ચિત્યુ.૭।૧) અહીં કામપૂરકતાની વાત છે. ભગવાન્ તમારો ભર્તા છે પરંતુ એ તમારી પાસેથી આ અપેક્ષા રાખે છે કે તમે પણ તો તેના ભર્તા બનો. તમે એનું ભરણ કરો, એ તમારૂં ભરણ કરશે. પરસ્પર ભરણ કરશો ત્યારે તો વાત બની જશે. તમે એકતરફી વાત જ્યારે કરો છો ને કે ભગવાન્ ! અમારો ધંધો ચલાવી દે. લાખરૂપિયાના ફાયદામાં તને પાંચહજાર રૂપિયા ભેટ કરી દઈશ. તો શું ભગવાન્ બેવકૂફ છે જે ખોટનો ધંધો કરશે! તે એમ કેમ નહીં કહે કે ''પાંચહજાર તું રાખ અને પંચાણુહજાર મને આપ.'' હવે જો તે આટલો બેવકૂફ છે તો તેને ભજવાની જરૂર શું છે કે પાંચ હજાર લઈને તે પંચાણુહજાર તમને આપી રહ્યો છે. અરે ભગવાન્ બેવકૂફ નથી પરંતુ આપણે ભગવાન સાથે એકતરફી વ્યવહાર ચલાવીએ છીએ. શું તમે આવું કરશો? વ્યવહાર આવી રીતથી નથી થતો. દાન કરી શકો છો તમે, પરંતુ વ્યવહારમાં તો વાત ચોકખી - ચટક રહેવી જોઈએ કે કાં તો અડધો ભાગ આપો, જો ભગવાન્ પાસે કામ કરાવવા માગો છો તો. નહીંતર તમારી કામ કરવાની શક્તિના હિસાબથી પ્રમાણ નક્કી કરો. પરંતુ મનુષ્ય બહુ ચતુર છે. એ કહે છે કે ''ભગવાન્! તમારે તો આશિર્વાદ દેવાથી જ કામ પતી જશે પરંતુ મારે તો બહુ જ દોડા-દોડી કરવી પડશે. તેથી તમારા આશિર્વાદના પાંચહજાર અને મારી મહેનતના પંચાણુહજાર'' આપણે ભગવાન્ને પણ બેવકૂફ બનાવતા રહીએ છીએ. ભગવાન્ની સાથે વ્યવહાર કરવો ખરાબ વાત નથી. શાસ્ત્ર પણ કહે છે કે ભગવાન્ સાથે વ્યવહાર કરી શકાય છે. **''દેવાન્ ભાવયતા અનેન તે દેવાઃ ભાવયન્તુ વઃ''** (તમે આનાથી

(યજ્ઞથી) દેવોની વૃદ્ધિ કરો અને તે દેવો તમારી વૃદ્ધિ કરો) પરંતુ શાસ્ત્ર સ્પષ્ટ કહે છે કે **"પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમ્ અવાપ્સ્યથ"** (પરસ્પર વૃદ્ધિ કરતાં પરમ શ્રેયઃ પ્રાપ્ત કરશો) જ્યારે તમે પરસ્પર ભાવન કરશો તો જ તમને મુક્તિ મળશે. નહીંતર તમારૂં શ્રેયને બદલે અશ્રેય થઈ જશે. વ્યવહારમાં ધર્માર્થકામમોક્ષની મર્યાદા અને સમાયોજન આ પ્રકારથી થાય છે.

(વ્યવહારમાં સ્વતુષ્ટિ અને પરતુષ્ટિ જ મુક્તિરૂપ હોય છે)

વ્યવહારના મોક્ષમાં કોઈપણ પક્ષ અસંતુષ્ટ ન રહેવો જોઈએ. પરસ્પર અવલંબનથી જે વ્યવહાર પ્રકટ થયો છે તેમાં બંને પક્ષોની સંતુષ્ટિ જ બંનેની મુક્તિ છે. જો બંનેમાંથી એક પણ પક્ષ અસંતુષ્ટ છે તો બંધન ફરીથી શરૂ થઈ ગયું. આ વાત સમજવી જોઈએ.

(નીતિમાં સ્વીયવ્યષ્ટિ સમુદાયથી જે પ્રતિકૂલ જતું હોય તેવું આચરણ અન્યવ્યષ્ટિ કેઅન્યસમુદાયની બાબતમાં ન કરવું જોઈએ તે છે)

વ્યવહાર પછી હવે 'નીતિ' એટલે કે નિયમ આવે છે. આમાં ધર્મ અર્થ કામ મોક્ષ નું સમાયોજન કેવી રીતે થાય છે એ જૂઓ. નિયમ જેટલા છે તેમાં નિકષ (કસોટી) છે કે વ્યવહારમાં સંકળાયેલા જે બે પક્ષ છે, ફક્ત એમની જ વાત નથી થતી પરંતુ તે જે બે પક્ષ જે સમાજ કે સમુદાયના હિસ્સા (ભાગ) છે, તે પૂરા સમુદાયના હિત અને અહિતનો વિચાર તેમાં હોય છે. ખલીફાના જીવનીમાં ખૂબજ સારો અને પ્રેરક પ્રસંગ છે કે ખલીફાની પાસે ખૂબ જ સારો એક ઘોડો હતો. કોઈએ તેમની પાસે માંગ્યો. ખલીફાએ કહ્યું કે "આ ઘોડો મને બહુ જ પ્રિય છે. હું તમને નહીં આપી શકું." એ માણસે એક બદમાશી કરી કે તેણે અપંગ બનીને સાંજના ખોટેખોટો રસ્તામાં બેસી ગયો. ખલીફા જ્યારે ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે તેણે કહ્યું કે "સાંજ પડી ગઈ છે, રાત થવાની છે, હું અપંગ છું તો મારી મદદ કરો." ખલીફાને દયા આવી. એમણે એને ઘોડા ઉપર બેસાડી દીધો. બેસતાની સાથે જ એણે એડી મારી અને દોડાવી

દીધો. ખલીફા એની પાછળ દોડયા. એણે કહ્યું કે ''ભૂલી જાઓ, હવે આ ઘોડો તમારો નથી રહ્યો.'' ખલીફાએ એક બહુ સરસ વાત કહી કે ''એ તો હું ત્યારે જ ભૂલી ગયો હતો જ્યારે તને ઘોડા ઉપર બેસાડયો. હવે હું એ નથી કહી રહ્યો કે આ ઘોડો મારો છે, પરંતુ તને આ કહેવા માટે ભાગી રહ્યો છું કે તું આ પ્રસંગ કોઈને કહેતો નહીં. નહીંતર લોકો અપંગ માણસોની મદદ કરવાનું બંધ કરી દેશે. હું તો આ વાતને છૂપાવી લઈશ પરંતુ તું જો કોઈને આ બતાવશે તો લોકોનો અપંગો ઉપરથી વિશ્વાસ ઉઠી જશે. એના સમુદાયનું અહિત થઈ જશે.'' ખલીફા એના માટે પાછળ દોડી રહ્યા છે. એકતરફી હાનિ લાભ છે તે વ્યવહારમાં જાયજ઼ (યોગ્ય) છે, નીતિમાં જાયજ઼ નથી. પરંતુ નીતિનું લેવલ્ બે પક્ષોનો જ વિચાર કરીને નથી, પૂરા સમુદાયનો વિચાર તેમાં કરવામાં આવે છે કે આ પ્રકારના વ્યવહારથી કેવું ઉદાહરણ પ્રસ્તુત થશે! નીતિ ત્યાંથી પ્રકટ થાય છે. એટલા માટે નીતિના ધર્મ અર્થ કામ મોક્ષ, વ્યાવહારિક ધર્મ અર્થ કામ મોક્ષ થી થોડા અલગ હોય છે.

હું એક વિવાહમાં ગયો ત્યાં દિકરીવાળાઓએ ઘણું બધું દહેજ (કરિયાવર) આપ્યું. દિકરાવાળા બહુ નારાજ થઈ ગયા કે ''લઈ જાઓ આ બધું! તમને ભાન નથી કે જમાનો કેટલો આગળ વધી ગયો છે. તમે દહેજ આપીને દુનિયાના લોકોની આદત બગાડો છો.'' મને એમના ઉપર અતૂટ શ્રદ્ધા થઈ ગઈ કે આ અદ્ભુત વ્યક્તિ છે. દહેજ પણ નથી લઈ રહ્યા અને દિકરો પણ પરણાવી રહ્યા છે. થોડા દિવસો પછી એક ચર્ચામાં હું એમની વાત કરી રહ્યો હતો કે ખૂબ જ આદર્શ વ્યક્તિ છે. એક ભાઈએ પૂછયું કે ''કોની વાત કરી રહ્યા છો?'' મેં એ વ્યક્તિનું નામ કહ્યું. એ ભાઈએ કહ્યું કે મને જ તો એમણે ફટકાર્યો હતો. મેં કહ્યું ''ઓહો! તમે જ હતા શું એમના વેવાઈ?'' એમણે કહ્યું કે ''જી હાં હું જ હતો. પરંતુ મને એણે એટલા માટે ફટકાર્યો હતો કે સમાજ ન જૂએ કે તેઓ દહેજ લઈ રહ્યા છે. પાછળથી એમણે કહ્યું કે દહેજ પાછળથી મોકલી દેજો.'' જૂઓ હવે આ અનીતિ થઈ ગઈ. દહેજ તો એમને જોઈતું હતું પરંતુ ત્યાં એમને

પોતાનું ઉદાહરણ પ્રસ્તુત કરવામાં રૂચિ હતી. હવે તે દિકરીવાળો બિચારો શું કરે? એને તો બધાની સામે ફટકાર પણ ખાવી પડી અને પાછળથી દહેજ પણ આપવું પડયું. હવે બતાવો કે આ નીતિ છે કે અનીતિ? વ્યવહાર તો પાક્કો છે ને! દહેજનો જે વ્યવહાર છે એ તો કરવો જ છે.

(''આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્'' સૂત્ર ધર્મરૂપ બને છે)

પરંતુ નીતિના સ્તર ઉપર તે વ્યવહારમાં સાચું હોવા છતાં પણ એ જ વાત અનીતિ થઈ ગઈ. એક વાત ધ્યાનથી સમજો કે તે છોકરાવાળાએ પણ છોકરીવાળાને એમ નહોતું કહ્યું કે જે તમે આપી રહ્યા છો તેનાથી વધારે મારે જોઈએ છે. પરંતુ ફક્ત એટલું જ કહ્યું કે બધાની સામે ન આપો કે જેથી મારી છબી સમાજમાં ખરાબ ન થાય. મુખ્ય વાત પોતાની છબી બનાવવાની છે. મુખ્ય વાત એ વ્યવહારના સ્તરથી ઉપર ઉઠવાની નથી, પોતાની છબી બનાવવા માટે બીજાની છબી બગાડવી આ અનીતિ છે. તમારી છબી (છાપ) બનાવવા માટે જ્યારે તમે બીજાની છબી બગાડી રહ્યા છો તો તે અનીતિ છે. વ્યવહારના સ્તર ઉપર કન્યાનો બાપ જો દહેજ આપે છે અને વરપક્ષવાળા લઈ રહ્યા છે તો તે તો એમ ચાલી જ રહ્યું છે. માગ્યું તો એમણે પણ નહોતું. આ એના પક્ષમાં વાત છે. પરંતુ એ જ વ્યવહારને સમાજમાં એક્સપ્લોઈટ્ કરીને પોતાની છબી તમે બનાવી અને બીજાની છબી બગાડી આ અનીતિ છે. તેથી સમજો કે નીતિ એક અલગ વસ્તુ છે અને વ્યવહાર અલગ વસ્તુ છે. જે વ્યવહારમાં સાચું પણ છે તે નીતિમાં ખોટું થઈ શકે છે. એટલા માટે સઘળા સમુદાયના અહિતનું આચરણ ન કરવું, નીતિમાં ધર્મ છે.

વ્યવહારમાં બે પક્ષોનું હિત જો થઈ રહ્યું છે તો એમાં કોઈ ખરાબી નથી. પરંતુ આખા સમુદાયનું એનાથી અહિત થતું હોય તો તે અધર્મ થઈ ગયો, ધર્મ ન રહ્યો. તમે એવો કોઈપણ વ્યવહાર કરો કે જેમાં આખા સમુદાયનું અહિત ન હોય. તો તે નીતિમાર્ગીય ધર્મ છે. કારણ કે પોતાના વ્યવહારથી ઉપર ઉઠવાની અવેયરનેસ્ (સભાનતા) માણસમાં ક્યારે આવે

છે? કોઈ એક માણસ લઈ રહ્યો છે. કોઈ આપી રહ્યો છે, એ તો લેવડ-દેવડનો વ્યવહાર છે. પરંતુ લેવડ-દેવડનો વ્યવાર જે સમુદાયની સિસ્ટમ્ (વ્યવસ્થા)માં ચાલી રહ્યો છે અને એ સમુદાયની સિસ્ટમ્‌ને હાનિ પહોંચાડનાર વ્યવહાર અનીતિ બની જાય છે. તમારો વ્યવહાર એકદમ ચોકખો છે પરંતુ એ જ વ્યવહાર જ્યારે સમુદાયનું અહિત કરી રહ્યો હોય તો તે અનીતિ છે. એટલા માટે પોતે પોતાને સમુદાયનું અંગ માનવું નીતિમાં ધર્મ છે. નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે વ્યક્તિ પોતાને એક વ્યક્તિના રૂપમાં ન ગણે પરંતુ એમ માને કે કોઈ સમુદાયનું હું એક અંગ છું. આપણને આ વાત કેવી રીતે સમજાશે તે સમજો. જો આપણા હાથ એમ વિચારે કે પેટને ભૂખ લાગી છે તો એને ભરવા માટે હું શા માટે આટલો પરિશ્રમ કરું? પેટની ભૂખ મટાડવા માટે હું ઉંચો થઈને મોઢામાં રોટલી શા માટે નાખું? તો આનો અર્થ શું થયો કે આ સમુદાયરૂપી શરીરનું હિત હાથે ન વિચાર્યું. પછી પેટ પણ તો એમ વિચાર કરી શકે છે કે હાથે મને શું લાભ પહોંચાડયો કે જેને માટે હાથને હું લોહી પહોંચાડું. મરવા દો હાથને. હું બીજા બધા અંગોને લોહી પહોંચાડીશ પણ હાથને નહીં પહોંચાડું તો હાથને લકવા થઈ જશે.

(પોતાના સ્વાર્થ ઉપર સંયમ નીતિમાર્ગીય અર્થ છે)

જ્યારે સમુદાયમાં આ પ્રકારની ખેંચા-તાણી શરૂ થઈ જાય છે ત્યારે તે વ્યવહારમાં ઉચિત હોવા છતાં પણ સમુદાયમાં અનીતિના કારણે એક અનર્થ ઉત્પન્ન કરે છે. એટલા માટે વ્યવહારથી ઉપર ઉઠીને જ્યારે નીતિનો પ્રશ્ન આવે છે ત્યારે અર્થમાં આપણે દરેક વખતે સમજવું જોઈએ દરેક વ્યક્તિ કોઈ સમુદાયનું અંગ છે. જેમ હું એક વાત વારંવાર કહી રહ્યો છું કે તમે વૈષ્ણવ છો અને અમે મહારાજ છીએ. આ વાત તો બરોબર છે. આપણામાં પરસ્પર કોઈ પણ વ્યવહાર થઈ શકે છે. પરંતુ આપણે કયારેય પણ આ વાત ન ભૂલવી જોઈએ કે આપણે એક સંપ્રદાયના અંગ છીએ. સંપ્રદાયના અહિતમાં જે વાત છે તે આપણા માટે સારી પણ હોય, તો

પણ તે આપણે ન કરવી જોઈએ. તમારો અને મારો લાભ થઈ શકે છે પરંતુ સંપ્રદાયનું જેનાથી અહિત થઈ રહ્યું છે તો તે અનર્થ છે, અર્થપુરુષાર્થ નથી થતો. સમુદાયના અંગ હોવું અર્થ છે.

(બીજા પણ સ્વપ્રતિકૂલ આચરણ ન કરે એવી આકાંક્ષા કામ છે)

નીતિમાં કામ પુરુષાર્થ શું છે? જૂઓ, કામનું રૂપ કાંઈક અલગ છે. નીતિને નિષ્કામ છે એવૂં ન વિચારતા. નીતિ પણ સકામ હોય છે. પરંતુ નીતિનો કામ ખૂબ જ ગ્લોરીફાઈડ્ કામ છે. જો આપણે સમુદાયનું રક્ષણ કરશું તો સમુદાય આપણું રક્ષણ કરશે. **''ધર્મો રક્ષતિ રક્ષિતઃ''** તેવી રીતે **''સમુદાયો રક્ષતિ રક્ષિતઃ''** સમુદાયનું તમે રક્ષણ નહીં કરો તો સમુદાય તમારું રક્ષણ કેવી રીતે કરશે! આપણા હિન્દુસ્તાનીઓની ખાસ આદત છે કે આપણે ઘર સાફ રાખીને કચરો સામે ગલીમાં ફેંકીએ છીએ અને ભૂલથી કોઈ પાડોશીએ જોઈ લીધું કે કચરો અહીં ફેંકેલો છે તો બધા લોકો પોતાનો કચરો ત્યાં ફેંકવા લાગી જાય છે.

અમારે મુંબઈમાં આવું જ થયું. એક ઘરથી આગળ કોઈએ કચરો ફેંકી દીધો. લોકોએ કહ્યું કે ''અચ્છા અહીં કચરો ફેંકે છે.'' તો એમણે પોતાનો કચરો પણ ત્યાં ફેંકી દીધો. અંતમાં ગલીના બધા લોકોએ પોતાનો કચરો ત્યાં નાખવાનું શરૂ કરી દીધું. જે ઘરની આગળ એ કચરો નખાઈ રહ્યો હતો એ બિચારાએ પૂછ્યું કે અહીં શા માટે કચરો નાખી રહ્યા છો? તો લોકોએ કહ્યું કે અહીંયા જ તો કચરો નખાય છે. એ બિચારાએ કેટલી વખત મનાઈ કરી પણ કોઈએ ત્યાં કચરો નાખવાનું બંધ ન કર્યું. અંતે એ બિચારો એક દિવસ મારી પાસે આવીને પોતાનું દુઃખ કહેવા લાગ્યો. મેં કહ્યું કે તમે છાનાંમાના એક રાતે આ કચરો બીજાના ઘરની આગળ રાખી આવો. એણે એમ કર્યું. તો બીજા દિવસથી કચરો એ ઘરની આગળ નંખાવા માંડયો. આપણે કહીએ છીએ કે માણસમાં અક્કલ છે પરંતુ એમાં ભેડ઼ (ઘેટા)થી વધારે અક્કલ નથી.

તમને એક બીજી મજેદાર વાત બતાવું. અમે એક વખત મુંબઈથી કિશનગઢ જઈ રહ્યા હતા. તો અમારી બાજુની સીટ ઉપર એક ભાઈ બેસીને કાંઈક ખાઈ રહ્યા હતા. તેઓ ખાઈને છોતરા ત્યાં જ ટ્રેનમાં થૂંકી રહ્યા હતા. થોડીક વારમાં આખા ડબ્બામાં નીચે તળીયું થૂ થૂ કરીને છોતરાથી ભરી દીધું. મેં કહ્યું ''ભાઈ સાહેબ, થૂંકવા માટે બારી છે, તમે એમાંથી કેમ બહાર નથી થૂંકી દેતા.'' તેઓ બોલ્યા ''ટ્રેન કોના બાપની છે?'' મેં કહ્યું ''મારા બાપની તો નથી પણ તમારા બાપની હોય તો થૂંકવા માટે છે શું? તમારા બાપની ટ્રેન છે તો તમે એમાં થૂંકો છો શા માટે? બારીમાંથી બહાર જ થૂંકી દો ને!''

પરંતુ આ વિચાર આપણને થૂંકતી વખતે નથી આવતો આપણે આપણું હિત જ જોઈએ છીએ. ભાઈ મોઢામાં જો છોતરા છે તો થૂંકવા તો પડશે જ. પરંતુ એને આપણે મેનેજ્ તો કરી જ શકીએ છીએ ને! એક કોથળી લઈ લો. એમાં થૂંકી દો પછી એકઠા થયેલા બહાર ફેંકી દો. પરંતુ માણસ ધાંધલમાં પોતાની વિચારશક્તિ ખોઈ દે છે. હવે અમારી શું હાલત થઈ રહી છે એ તો વિચાર્યું હોત. સમુદાયનો આપણે વિચાર નથી કરતા. આપણા વિચારમાં સમુદાયનો વિચાર જ્યારે ભૂલી જઈએ છીએ ત્યારે ક્યાંક ને ક્યાંક અનીતિ થઈ રહી છે, થઈ રહી છે અને થઈ જ રહી છે.

આટલા બધા છપ્પનભોગ, આટલા બધા અન્નકૂટ. કોઈ પ્રસાદ ખાતા નથી, પ્રસાદ સડી જાય છે. પરંતુ આપણે એને પ્રદર્શનની જેમ ડેમોન્સ્ટ્રેટ્ કરીએ છીએ. કોઈને સમજમાં નથી આવતી આ વાત કે જે પ્રસાદને ખાવા-ખવડાવવાની આપણી પાસે વ્યવસ્થા નથી એ પ્રસાદનું પ્રદર્શન શા માટે ભરવું જોઈએ? માત્ર ગામને દેખાડવા, લલચાવવા માટે આટલા ખોટા સ્તર ઉપર અન્નકૂટ, છપ્પનભોગ આપણે કરીએ છીએ અને તેનો મોટાભાગનો જથ્થો સડી જાય છે. પછી આપણે પ્રસાદ આપવા માટે લેવાવાળા શોધવા પડે છે કે કોને પ્રસાદ દેવો. પછી તે સડેલો પ્રસાદ આપણે ગામને ખવડાવીએ છીએ. ગામની આદત પણ પાછી ખરાબ થાય છે. એક વાત ધ્યાનથી સમજો કે રાજા રામમોહન રાય જ્યારે

કલકત્તા સ્ટેશન્ ઉપર ઉતર્યા ત્યારે એક હટ્ટો કટ્ટો ભિખારી તેમની પાસે ભીખ માગવા આવ્યો. રાજા રામમોહન રાયે તેને એક વાત કહી કે "તું શું કામ કરી શકે છે એ બતાવ? માટી ખોદી શકે છે તો તને કોદારી અપાવું. કપડા સીવી શકે છે તો કપડા સીવવાનું મશીન અપાવી દઉં. જે પણ કામ તું કરી શકે છે તેનું સાધન હું તને અપાવવા માટે તૈયાર છું પરંતુ ખાવાનું તને હું નથી ખવડાવી શકતો. કેમ કે આજે તું મારી પાસે ભીખ માગી રહ્યો છે, કાલે કોઈ બીજા પાસે માગીશ. આવી ભીખ હું તને નહીં આપી શકું. હું એવી ભીખ દેવા માટે તૈયાર છું જેમાં તું સ્વાવલંબી બની જાય. હું એવી ભીખ નથી આપવા માગતો કે જેનાથી તું પરાવલંબી બનીને એક પેરાસાઈટ્ થઈ જાય." આ વાતમાં રાજા રામમોહન રાયની નીતિ હતી. ભીખ ન આપવી એ વ્યવહારની રીતથી નિર્દયતા હતી પરંતુ નીતિના નિયમ ઉપર આ ધર્મ પ્રકટ થયો છે. કેમ કે સમુદાયના હિતનો વિચાર કર્યો. એક માણસને ભીખ આપીને દશ માણસને એ સંદેશ આપવો કે અચ્છા અહીં મફતમાં ખાવાનું મળે છે. મફતમાં ખાઈને હરામખોરી કરવી એ કયારેય પણ નીતિ નથી હોઈ શકતી. આપણે એ પ્રકારની અનીતિને પ્રોત્સાહન આપીએ છીએ. અમારે મુંબઈમાં ગુંડા લોકો બાળકોના હાથ પગ કાપીને એમની પાસે ભીખ મંગાવવા માટે રસ્તા ઉપર બેસાડી દે છે. આપણે બહુ દયાળુ થઈને એને ભીખ આપીએ છીએ. જેટલી આપણે ભીખ આપીએ છીએ એટલા જ વધારે બાળકોના હાથ-પગ કપાય છે. અને આપણે સંતોષ માનીએ છીએ કે આપણે ભીખ આપી. આપણે ભીખ નથી આપી, આપણે સમુદાયનું અહિત કર્યું છે. તમે બે બાળકોના ટાંટીયા વધારે કપાવ્યા છે.

કોઈએ મનોરથ ડિકલેર્ (જાહેર) કરી દીધો કે અમારે છપ્પનભોગ કરવો છે. અરે! છપ્પનભોગ પોતાના ઠાકોરજીનો કરવો છે તો મારી પાસેથી ભીખ શા માટે માંગો છો? તમે જ્યારે આપી દો છો ત્યારે સમુદાયનું અહિત થાય છે. કેમ કે અંદરોઅંદર પછી હરિફાઈ થાય છે કે એણે તો દાન આપ્યું અને તમે ન આપ્યું. એ સ્પર્ધાથી બચવા તો દાન દઈ

દો છો પણ સમુદાયનું કેટલું અહિત થાય છે કે દરેક વ્યક્તિને એ સંદેશ મળે છે કે પોતાના ઠાકોરજીને ભોગ પોતાના પૈસાથી નથી ધરવાનો, ગામ પાસેથી પૈસા લઈને ધરવાનો છે. આપણે આપણા ઠાકુરજીને એક અપંગ બાળકની જેમ હાથ-પગ તોડીને ભીખ માગવાનું એક સાધન બનાવી દઈએ છીએ.

આ મેનેજમેન્ટ્ નથી, આ આખા ધર્મનું મિસ-મેનેજમેન્ટ્ છે. ભગવાન્‌ની ભક્તિ તમારે કરવી છે, ભગવાન્‌ના મનોરથ તમારે કરવા છે અને ગામ પાસેથી ભીખ માગી-માગીને ભગવાન્‌ને અપંગ બાળક બનાવી દેવા કેવી રીતે અનુમોદનીય (યોગ્ય) હોઈ શકે છે!! શું થોડીક પણ શરમ નથી આવતી તમને!!! આપવું અમારો ધર્મ છે અને ધર્મના નામે જે કાંઈ પણ આપવું હશે તે આપશું. પરંતુ ક્યાં સુધી આ ધર્મના ધતીંગ ચાલતા રહેશે. અરે ભાઈ સમજો કે આ સંપ્રદાયનું નુકશાન થઈ રહ્યું છે, આપણું નુકશાન થઈ રહ્યું છે, ભગવાન્‌માં આપણી આસ્થાનું નુકશાન થઈ રહ્યું છે. ભગવાન્‌માં આપણી અનાસ્થા વધારવાનું એક મોટું બીભત્સ દુષ્ચક્ર ચલાવવામાં આવી રહ્યું છે! જે કોઈ પણ માગે છે એને કહો કે "તમે ધરો છપ્પનભોગ, એમાં મારે આપવાનું શું પ્રયોજન છે? કાલે તો તમે બાળક પેદા કરીને પણ મારી પાસેથી એનો ખરચ માગશો. અરે! તમારા ઘરે ઠાકુર બિરાજી રહ્યો છે, તમારે તમારા ઠાકોરજીને લાડ લડાવવાના છે. બહુ સારી વાત છે. ભક્તિની દૃષ્ટિથી આનાથી વધારે ઉત્તમ કોઈ વાત હોઈ નથી શકતી. તેના માટે ગામ પાસેથી ભીખ માગવી એ એક ખોટું ઉદાહરણ પ્રસ્તુત કરવાની વાત છે ભક્તિની દૃષ્ટિથી. આ ભક્તિ ન હોઈને એક ધંધો છે. જેટલો સારો ચાલશે એટલો ફ્લરિશિંગ્ (સમૃધ્ધ) થઈ જશે. આ ધર્મનું મિસ્‌મેનેજમેન્ટ્ છે, ભક્તિનું મિસમેનેજમેન્ટ છે. આપણે સમજતા નથી. તેમાં અનીતિ થઈ રહી છે. જ્યારે અનીતિ થઈ ગઈ ત્યારે તે ક્યારેય પણ ભક્તિમાં ડેવલપ્ થઈ નથી શકતી. કાલે મને પૂછવામાં આવ્યું હતું કે સકામભક્તિ ક્યારેય નિષ્કામભક્તિમાં કલ્મીનેટ્ થાય કે નહીં? તે એટલા માટે કલ્મીનેટ્ નથી થતી કેમકે સકામભક્તિના પાયામાં જ આ ગડબડ થઈ

ગઈ. કાચા પાયા ઉપર પાકુ મકાન ક્યારેય પણ ટકી નથી શકતું. પાકા પાયા ઉપર કાચુ મકાન ટકી રહેશે. કાચી નીતિના પાયા ઉપર ભક્તિનું ગમે તેટલું પાકું મકાન તમે બનાવ્યું હોય, તે પડશે, પડશે અને પડશે જ. તમને પણ પાડશે, તમારા ભગવાન્‌ને પણ પાડશે, આખા ભક્તિમાર્ગને ધ્વસ્ત કરી દેશે. આ રહસ્ય આપણે સમજવું જોઈએ. આપણે પ્રોત્સાહિત જ ન કરવા જોઈએ. કહો કે ''તમે આવી વાત ન કરો, અમે તમારો શું ગુનો કર્યો, ભગવાને તમારો શું ગુનો કર્યો કે તમે એના નામ ઉપર ભીખ માગી રહ્યા છો!''

હું વારંવાર એક વાત કહું છું કે કોઈ પેટના નામે ભીખ માગે તેને ભીખ આપી દો. આમ તો રાજા રામમોહન રાયની નીતિ અનુસાર તેને પણ ભીખ ન આપવી જોઈએ, તેને સ્વાવલંબી બનાવવો જોઈએ. પરંતુ ભગવાન્‌ના નામ ઉપર ભીખ માગતો હોય તો ક્યારેય પણ ભીખ ન દેવી જોઈએ. કેમકે ભગવાન્ તો લક્ષ્મીપતિ છે. એ ભગવાન્‌ના નામ ઉપર ભીખ માગીને તમે ભગવાન્‌ને કેટલા નીચા પછાડી રહ્યા છો, ક્યારેક નિરાંતે આ તો વિચાર કરો! આ પ્રકારની નીતિના કાચા પાયા ઉપર તમે ભક્તિનું કેટલુંય પણ મોટું ભવ્ય ભવન ઉભું કરશો તે ફસડાઈ પડશે, એ ટકી નથી શકતું કેમકે પાયો અનીતિનો કાચો છે. તમે ભીખ માગીને ભક્તિનો આખો આડંબર કર્યો છે. આના ઉપર આપણે કયારેક ને કયારેક કાબૂ મેળવવાની ખૂબ જ આવશ્યકતા છે.

ધર્માર્થકામમોક્ષની, નીતિના આધારે મેનેજમેંટ જો સરખું કરવું છે, તો આ વાત સાફ સમજવી જોઈએ કે સમુદાયનું રક્ષણ, સમુદાયમાં ભક્તિભાવની રક્ષા થાય એટલા માટે આપણે પોતાની જાત ઉપર નિયંત્રણ રાખવું જોઈએ કે જે આવું ખોટું કામ કરતો હોય તેને પ્રોત્સાહિત ન કરવા જોઈએ ચાહે તે કેટલોય પણ આદરણીય પુરુષ હોય. આદર આપો, એની તો કોઈ મનાઈ નથી પરંતુ પૈસા ન આપો. ખોટા કામ માટે પૈસા ન આપો. એને પ્રોત્સાહિત ન કરો. આદરની સાથે અપ્રોત્સાહિત કરો. કહો કે ''આપ કૃપાનાથ હો તો આપ પહેલાં આપના ઉપર કૃપા કરો, ભિક્ષાનાથ આપ શા

માટે બનો છો. આપ કૃપા કરશો તો આપની પાસે આપોઆપ પૈસા આવી જશે. અમારી પાસેથી લેવાની જરૂર જ નહીં પડે. કાં તો કબૂલ કરો કે આપ કૃપાનાથ નથી ભિક્ષાનાથ છો. સૌથી પહેલી કૃપા તો કૃપાનાથને પોતાના ઉપર કરવી જોઈએ કે ભીખ ન માગવી પડે. આવી રીતનો આપ આપનો રોલ્ (ગુરુ તરીકેનો) શા માટે ખરાબ કરી રહ્યા છો. આપ અમારા ગુરૂ છો. આપની આ પદાવનતિ (પદભ્રષ્ટતા) અમને યોગ્ય નથી લાગતી. અમે આપની આ પદાવનતિ સહન નથી કરી શક્તા. આપ કૃપાનાથ છો અને અમે આપને ભિક્ષાનાથ નથી માનતા એટલા માટે અમે નહીં આપીએ.'' આવું કહેવાની હિમ્મત આપણામાં હોવી જોઈએ. ત્યારે જ તો સમાયોજન સરખી રીતથી થશે, નહીંતર નહીં થાય. એટલા માટે સમુદાયના રક્ષણથી સમુદાયના જેટલા પણ સદસ્ય છે એ બધા સદસ્યોની રક્ષા, એ નીતિમાં રહેલો કામ છે. અને આ કામ દોષ નથી. આ કામ મહાન ગુણ છે. આવા કામનું ન હોવું દુર્ગુણ છે.

(''સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખભાક્ ભવેત્'' – નીતિમાર્ગીય મુક્તિ છે)

અને નીતિનો મોક્ષ શું છે? ફરીથી એ સૂત્રને યાદ કરો **''પ્રજામનુપ્રજાયસે તદુ મર્ત્યામૃતં યદ્ વૈ પ્રજાઃ અજાયત''** (તૈત્તિ. બ્રા.૧।૫।૫) તમે નીતિનું પાલન કર્યું અને તમે વ્યક્તિવાદી બની ગયા અને તમે કહ્યું કે મેં તો નીતિનું પાલન કર્યું હવે ગામ સાથે મારે શું લેવા-દેવા! તો તમે નીતિનું પાલન તો કર્યું પરંતુ નીતિમાર્ગ ઉપર તમે મુક્ત ન થયા. તમારો એ શુભ ઉદ્દેશ્ય હોવો જોઈએ કે જેમ નીતિનું પાલન હું કરી રહ્યો છું, તેમ આવનારા બધા લોકો સમુદાયના, અત્યારના અને ભવિષ્યના, એ નીતિ પાળતા થઈ જાય, કોઈ નીતિ તોડતો ન થઈ જાય. પોતાની જાતને ઉદાહરણના રૂપમાં પ્રસ્તુત કરીને જો તમે કરી શકો છો તો તમારો નીતિમાર્ગમાં એ મોક્ષ છે. એ નીતિમાર્ગમાં તમારી મુક્તિ છે કે સમાજમાં એક એવો આદર્શ સ્થાપિત કર્યો કે જેને બધા અનુસરે છે, કોઈ

પણ મિસગાઈડ્ નથી થતા. આનાથી મોટી મુક્તિ બીજી કઈ હોઈ શકે છે. વ્યક્તિ સમુદાયમાં જીવે છે. સમુદાય વ્યક્તિ ઉપર રહે છે તો આ પ્રકારથી નીતિમાં આપણે ધર્માર્થકામમોક્ષના સમાયોજનને જોયું.

(શ્રુતિ સ્મૃતિ સદાચાર અને પોતાને પણ લગતી ક્રિયાના આધાર કોઈ ક્રિયા કર્મ વ્યવહાર નીતિ કે ધર્મ બની જાય છે.)

નીતિ પછી હવે ધર્મ આવે છે. નીતિ દરેક વખતે આ વાતને પકડીને ચાલે છે કે જે સમુદાયના અહિતમાં જતી હોય એવી કોઈ વાત છૂપાયેલા રૂપથી કે પ્રકટ રૂપથી હું નહીં કરૂં. પરંતુ જ્યારે હું નીતિ કરી રહ્યો છું તો હું અને મારો સમુદાય મારી દૃષ્ટિમાં છે. મારો આત્મા મારી દૃષ્ટિમાં નથી. ધર્મનો જ્યાં પણ પ્રશ્ન ઉભો થાય છે, ચાહે તે હિન્દુધર્મ મુસલમાનધર્મ ઈસાઈધર્મ જૈન બૌદ્ધ હોય. ધર્મ કેવળ દેહના કારણે નથી ચાલતો. ધર્મનો સંકેત ક્યાંક ને ક્યાંક આત્માને ખોજવામાં છે. ધર્મનો જે સ્રોત છે તે આત્મામાં છે. કેમકે જો દેહ પુરતી જ કોઈ ધર્મને દોડ લગાવવાની છે તો તે ધર્મ નથી, એ તો ઓછામાં ઓછું વ્યવહાર છે અને વધુમાં વધુ તે નીતિ છે. પરંતુ જો વ્યવહાર અને નીતિને ધર્મના પદ ઉપર બેસવું છે તો ક્યાંક ને ક્યાંક એનો સ્રોત, એના મૂળીયા આપણા આત્મામાં હોવા જોઈએ કે હું શું છું? ‘‘હું શું છું?’’ એમાં ફક્ત દેહ બોલી રહ્યો છે તો તે વ્યવહાર થઈ ગયો. ‘‘હું શું છું?’’ એમાં ફક્ત જો સમુદાય બોલી રહ્યો છે તો જે સમુદાયના તમે છો તો તે નીતિ થઈ ગઈ પરંતુ ‘‘હું શું છું?’’ એમાં આત્મબોધ જો તમને થઈ રહ્યો છે કે મારા દેહ અને દેહના સમુદાયથી અતિરિક્ત મારી એક બાજુ બીજી છે અને તે મારો આત્મા હોવાની બાજુ છે. હવે જે પણ કર્તવ્ય આવશે તે ધર્મના રૂપમાં આવશે. તેને નિભાવવા માટે જે પણ સાધન આવશે તે અર્થના રૂપમાં આવશે. તેને (કર્તવ્યને) પૂરા કરવા માટે તમારી જે પણ ઈચ્છા છે તે તેનો કામ છે અને જ્યારે ઈચ્છા પૂરી થઈ જાય છે તો ધર્મના હિસાબથી તે મોક્ષ છે. આ બધાનું સ્વરૂપ આપણે સમજવું જોઈએ. એ સ્વરૂપ કેવું છે તે વાતને ધ્યાનથી

જૂઓ.

(''શ્રુતિઃ સ્મૃતિઃ સદાચારઃ સ્વસ્ય ચ પ્રિયમાત્મન એતત્ ચતુર્વિધં...'' – આ ધર્મના લક્ષણ છે.)

આપણે બીજા ધર્મોની વાત તો નથી કરી શકતા. આપણા ધર્મની જ વાત કરીએ. આપણે ત્યાં શાસ્ત્ર સ્પષ્ટ આ વાતને સમજાવે છે કે નીતિ વ્યવહારના જે નિકષ (પરિક્ષણ, કસોટી) છે. અથવા જ્ઞાન ઈચ્છા પ્રયત્નના જે નિકષ છે, તે નિકષ ઉપર ધર્મનું નિર્ધારિણ નથી થતું. તમે શું જાણો છો, શું ઈચ્છો છો, શું કરી શકો છો, માત્ર આટલા જ નિકષ ઉપર ધર્મનું નિર્ધારિણ નથી થઈ શકતું. અથવા વ્યવહારમાં સામેવાળાને તમે કેવી રીતે પ્રસન્ન કરી શકો છો અથવા તે કેવી રીતે અપ્રસન્ન થઈ જશે, તમે કેવી રીતે એને કન્વિન્સ્ (સંમત–અનુકૂળ) કરી શકો છો તેનાથી તો વ્યવહાર નિર્ધારિત થશે. જ્યારે તમે પૂરા સમુદાયનો વિચાર કરો છો તો તેનાથી નીતિ નિર્ધારિત થશે. પરંતુ એ નીતિથી ધર્મના પદનું નિર્ધારિણ નથી થતું. શાસ્ત્રની આપણી વ્યવસ્થા એ છે કે **''શ્રુતિઃ સ્મૃતિઃ સદાચારઃ સ્વસ્ય ચ પ્રિયમાત્મનઃ એતત્ ચતુર્વિધં પ્રાહુઃ સાક્ષાદ્ ધર્મસ્ય લક્ષણમ્.''** (યાજ્ઞ.સ્મૃ.૧।૭) જે કાંઈ શ્રુતિ છે, સ્મૃતિ છે, સદાચાર છે કે જે કોઈ આપણને પ્રિય છે તે ધર્મનું લક્ષણ છે. આમાં ક્રમ બતાવ્યો છે જૂઓ, આપણા શાસ્ત્રની કેટલી ગંભીર દૃષ્ટિ હતી આ ચાર વસ્તુઓમાં. 'શ્રુતિ' એટલે મૂલ વચન. 'સ્મૃતિ' એટલે એ મૂલ વચનોના અનુસાર લોકોએ પોતાના જીવનને ઘડયા, એની વ્યાખ્યાનું નામ 'સ્મૃતિ'. જેમ વેદો ઉપરથી સ્મૃતિ થઈ. એ કયા અર્થમાં? ઋષિઓએ એ શ્રુતિઓને કેવી રીતે સમજી, એનું જ્યારે એમણે સ્મરણ કરીને બતાવ્યું તેને 'સ્મૃતિ' કહેવામાં આવી. અને એને જીવ્યા કઈ રીતે? જે પુરાણોમાં પ્રકટ થયું છે. એ સદાચાર જેના સમાનાંતર આપણે ત્યાં વાર્તા છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી શ્રીગુસાંઈજી ના વચન આપણે ત્યાં શ્રુતિ છે. મહાપ્રભુજી ગુસાંઈજીના વિભિન્ન વચનોની વ્યાખ્યા આપણે ત્યાં સ્મૃતિ છે. જે શ્રુતિ

અને સ્મૃતિઓને પોતાના જીવનમાં ઢાળીને જીવનારા લોકોએ પોતાના જીવનને જીવ્યા કેવી રીતે, એ સદાચાર છે. એ સદાચારમાં જે તમને આકર્ષિત કરે છે, તે તમારા માટે ધર્મ છે. જે તમને આકર્ષિત નથી કરતું, તે તમારા માટે ધર્મ નથી.

થોડાક વખત માટે આ [૧]શ્રુતિ [૨]સ્મૃીત [૩]સદાચાર [૪]સ્વપ્રિયની પ્રમાણ–આદર્શ એટલે કે ધર્મના નિર્ધારિક પ્રમાણોની મોડેલિટીને એના ડિનોટેશન્ વિશેષ અર્થરૂપ વેદના સંહિતા બ્રાહ્મણ આરણ્યક ઉપનિષદ્, સ્મૃતિ મનુ યાજ્ઞવલ્ક્ય ભગવદ્ગીતા વિગેરે, ૧૮ પુરાણ વિ. આપણા પોતાના પૂર્વજોના આચાર વગેરેમાં નિરખવા–પરખવાના બદલે એના કોનોટેશન્ (નામો)ના સામાન્ય અર્થના રૂપમાં નિરખીએ–પરખીએ તો એક બહુ મહત્વપૂર્ણ સંદેશ આપણને મળે છે, ધર્મના નિર્ધારિત પ્રમાણોની કસોટીની બાબતમાં ! **“વિજ્ઞેયઃ શ્રવણાત્ શ્રૌતઃ સ્મરણાત્ સ્માર્ત ઉચ્યતે.”** (બ્રહ્મા.પુરા. ૧।૨।૩૨।૪૩)

તે આ કે કોઈ વિશેષ [૧]વ્યક્તિ કે સમુદાય દ્વારા કોઈ કર્મ વ્યવહાર કે નીતિની બાબતમાં પોતાના કર્તવ્ય હોવાની વાત સાંભળેલી હોવી જોઈએ. આ ‘શ્રુતિ’ નો સામાન્ય અર્થ થાય છે. [૨]એ સાંભળેલી વાતને પોતાના કર્તવ્યના રૂપમાં મનના સ્મૃતિપટલોમાં સાચવીને રાખી શકવી, એટલે કે ‘સ્મૃતિ’નો સામાન્ય અર્થ. [૩]વ્યક્તિ કે સમુદાયના સ્મૃતિપટલઉપર સાચવીને રાખેલી વાતના અનુસાર જ, ગમતા કે અણગમતા આપણા કર્તવ્યનું જેમ નિર્ધારણ શકય બને છે એ જ પ્રકારથી પૂર્વપુરૂષોના વિદ્યા કે જન્મ દ્વારા જન્મગ્રહણ કરનારની પોતાના કર્તવ્યની બાબતમાં પ્રાગ્ધારણા વ્યક્તિ અંતઃકરણમાં જ ફક્ત નહીં પણ શારીરિક હેરિડિટરી (વંશાનુગતિ)માં અન્તર્નિરૂઢ થઈ જાય છે. [૪]આ પ્રકારની વંશાનુગત પ્રાક્ધારણાઓ પ્રત્યે સભાન થવાથી તો કોઈ વ્યક્તિ પોતાના વર્તમાન સામાજિક પર્યાવરણને વશ પ્રકટ થનારા કર્તવ્યબોધના તુલનાત્મક અનુસરણીયતાનું સભાન ચયન (પસંદ, નક્કી) કરી શકે છે. અન્યથા

ભાનરહિત થવાથી તો એ જ કર્મ વગેરે કોઈ વ્યક્તિને પ્રિય કર્તવ્ય લાગે છે જે તેના પારિવારિક પર્યાવરણ (વાતાવરણ) માં પ્રિયરૂપમાં માન્ય કરવામાં આવ્યા હોય! તે અનુસાર જ વ્યક્તિને પોતાના કર્તવ્યબોધોપયિક પ્રિય કે અપ્રિય કર્તવ્યનો બોધ થાય છે.

આ આર્ષ અન્તદૃષ્ટિના અભાવમાં જે વ્યક્તિ કે સમુદાયે કોઈ અન્યધર્મની અવશ્યકર્તવ્યતયા માન્ય કરેલા કર્મ વ્યવહાર કે નીતિના ઉપદેશ સાંભળ્યા ન હોય અથવા ક્યારેક સાંભળ્યા હોવા છતાં પણ વાંશિક સ્મૃતિમાં સાચવી ન શકયા હોય, અથવા પૂર્વપુરુષોનો એવો સદાચાર ન હોય તો પોતાના અનુસરણીય નિજકર્તવ્યરૂપે એની બાબતમાં ધર્મબોધ જ શકય ન હોવાના કારણે ધર્મવિરોધ (સિન્ કે કુફ્ર) કેવી રીતે સિદ્ધ થઈ શકશે? આવી સ્થિતિમાં ધર્માપરાધી (સિનર્ કે કાફિર) માનીને નરકપાતના અધિકારી માનવા ધર્મ કે પરમેશ્વરને સ્વનિયંત્રિત કે સ્વપ્રકટિત માનવીય વિવશતા પ્રત્યે સંવેદનાશૂન્ય નિષ્ઠુર જ સિદ્ધ કરે છે!

મૂલમાં ધર્મ કે પરમેશ્વરની બાબતમાં આવી અવિવેકપૂર્ણ ધારણા જ બધા ધર્મસંપ્રદાયોની વચ્ચે પારસ્પરિક સ્પર્ધા કલહ અને વિરોધ-ઉન્માદનું કારણ બને છે. મહર્ષિ યાસ્કએ તર્કઋષિનુ ધર્મનિર્ધારિણમાં મહત્ત્વ સ્વીકાર કરેલું છે. મનુસ્મૃતિકાર જેને **“યઃ તર્કેણ અનુસંધત્તે સ ધર્મં વેદ નેતરે”** (મનુ.સ્મૃતિ.૧૨।૧૦૬) શબ્દમાં દોહરાવે છે. તેની નિર્ણાયક મહત્તા અહીં આવીને પ્રકટ થાય છે. એથી જ આર્ષચિંતનમાં કોઈ પણ કર્મ વ્યવહાર કે નીતિને ધર્મપદવી ઉપર એકાન્તિકરૂપે આરુઢ કરવાના બદલે દેશ-કાલ-કર્તા-દ્રવ્ય-(પ્રયોજનબોધક)મંત્ર અને અનુષ્ઠાનોપયિકસામર્થ્યરૂપ કર્મની વિવિધતાને આધારે માન્ય કરવાની આદર્શ રીતિ પ્રસ્થાપતિ કરવામાં આવેલી છે. અન્યથા કોઈ એક ધર્મશાસ્ત્રના અનુસાર મૂર્તિપૂજા થાય અને માંસમદિરાસેવન કે કાકાનીદિકરીબહેન સાથે વિવાહ ધર્માનુમત છે, બીજા ધર્મશાસ્ત્રના અનુસાર મૂર્તિપૂજા પુણ્યકર્મ અને માંસમદિરાસેવન અને કાકાનીદિકરીબહેન સાથે વિવાહ નિષિદ્ધ કર્તવ્ય છે. તો કોને સત્યધર્મ માનવો અને કોને પાપકર્મ માનવું? તટસ્થરૂપમાં વિચારવાથી મહાન

ધર્મસંકટ સામે આવીને પડેલું લાગે છે!

બધી વ્યક્તિ-સમુદાય પોત-પોતાના ધર્મશાસ્ત્રોના વિધિ-નિષેધોના આધારે પોતાના કર્તવ્યનિર્ધારિણમાં સમાધાનવાદી દ્રષ્ટિકોણને પાષંડ માને તેમાં એટલી આપત્તિજનક કથા નથી! પરંતુ બીજી વ્યક્તિ-સમુદાયના સ્વધર્મથી વિપરિત કર્મ વ્યવહાર કે નીતિની બાબતમાં સમાધાન કરવા તૈયાર ન હોય ત્યારે તો પશુ-પક્ષી-સરી-સૃપ-કીટ જેવા પ્રાણિઓના પણ ક્રિયાકલાપોનું મૂલ્યાંકન પોત-પોતાના ધર્મશાસ્ત્રોના વિધિ-નિષેધના આધારે કરવા જતાં તો માનવ પ્રાણીએ બધા પ્રાણિઓને ભૂતલઉપર ધર્માપરાધી માનીને પ્રાણદંડ આપવો પડશે! જે દિવસે બધા પ્રાણી ભૂતલ ઉપર વિનષ્ટ થઈ જશે તે દિવસે માનવપ્રાણીના આત્મઘાતનો દિવસ હશે!

બુદ્ધિશાળી હોવાના આધાર ઉપર માનવપ્રાણીને ધર્મનો એકમાત્ર અધિકાર હોવાથી ધર્મતઃ અનુમોદનીય કે નિંદનીય માનવાનો મુદ્દો ઉઠાવવામાં આવે તો માનવપ્રાણીની બુદ્ધિ જે શ્રુતિ સ્મૃતિ સદાચાર અને આત્મપ્રિયતાના ભાનઉપર ઘટિત થાય છે, એ નિકષોના અભાવમાં કે અસ્વધર્મસંપ્રદાયના મનુષ્યોને, પશુતુલ્ય માનતા ભલે, જેમ આપણે આપણા ધર્મસંપ્રદાયોના શિશુઓને માનીને પણ પાપી નથી માનતા, દયા અથવા ક્ષમાનો ભાવ રાખીએ છીએ. અસ્વધર્મસંપ્રદાયના મનુષ્યોને સ્વયંને જ પાપી અને દંડનીય માનવા લાગી જવા ને બદલે ખરેખર દંડ વિધાનના અધિકારી ધર્મના એકાન્તિક નિયમ કે ધર્મવિધાયક પરમેશ્વરને જ માન્ય રાખવા જોઈએ.

આ પ્રકારની લોકોત્તરસામર્થ્ય એક ધર્મ-સંપ્રદાયના અનુગામી પોતાની માનતા હોય તો એમને એ પણ સ્વીકારવું પડશે કે આ માયનામાં તે પોતાના ધર્મનિયમો અથવા ધર્મવિધાયક પરમેશ્વરથી વધારે સામર્થ્યશાળી છે. આવી સ્થિતિમાં નગ્નપણાંનું વર્તન રાખીને એમ કહેવું જોઈએ કે અમારા ધર્મ કે પરમેશ્વરને માનો અથવા ન માનો પણ અમારી વાત કોઈ નહીં માને તો તે પાપી તેમજ દંડનીય માનવામાં આવશે!

જે દિવસે ધર્મસંપ્રદાયી લોકો આવા નગ્નપણાં ઉપર ઉતરશે એ દિવસે રેશનલ્ એનિમલ્ કે રિલિજીયસ્ એનિમલ્ પોતાની જઘન્યકક્ષાની એનિમલીટી (પશુતા) ને ઉઘાડી કરી દેશે. રેશનલીટી કે રિલિજીયસ્નેસ્ ને માત્ર એક ખોટું મહોરૂં સિદ્ધ કરી દેશે. ધર્મની આડમાં બીજાને પોતાના અંકુશમાં રાખવાની અદાન્ત માનસિક રૂગ્ણતા જ પ્રકટ કરતા હશે. આવી રૂગ્ણ ધાર્મિકતાના આધાર ઉપર સરખીરીતથી સમાયોજન ક્યારેય પણ શક્ય નથી. અસ્તુ.

આપણે ત્યાંની વિચારસરણી શું છે એ જોવું હોય તો એક ખૂબસૂરત ઉદાહરણ આપણી વૈષ્ણવ વાર્તાઓમાં મળે છે, તમે સાંભળશો તો તમને સમજાઈ જશે. એક વૈષ્ણવ ગરીબ હતા. તેમની પાસે ઠાકોરજીની સામગ્રીના પાત્રમાં ચમચી સજાવવાની સગવડ નહોતી. ઠાકોરજી ગરમ સામગ્રીને ઠંડી કેવી રીતે કરે અને ગરમ આરોગે કેવી રીતે? એણે સામગ્રીમાં દાતણ રાખી દીધા અને વિનંતી કરી કે પ્રભુ આનાથી હલાવીને ઠંડી કરી લેજો. હવે આપણે કહેશું કે સંપ્રદાયની રીતિનો મંત્ર થઈ ગયો. સામગ્રી સજાવતી વખતે ચમચા રાખવામાં આવે છે, દાતણ ન રાખી શકાય. અરે! ઠાકોરજી એનાથી ખુશ છે, તેઓ ઠાકોરજીથી ખુશ છે, તમે વચમાં બોલાવવાળા કોણ? ગોટાળો ક્યાંથી પેદા થયો? એક પ.ભ.એ જોઈ લીધું અને કહ્યું ‘‘અચ્છા, હવે તો છૂટ મળી ગઈ. હવે તો ચમચા ધરવાની જરૂર જ નથી. આખા ગામમાં જેઓ ચમચા ધરી શકતા હતા તેઓને ત્યાં પણ દાતણ રાખવાની પ્રણાલી શરૂ થઈ ગઈ. હવે ત્યાં બે સંપ્રદાયના ભેદ થઈ ગયા. એક ચમચાવાદી ધર્મ અને બીજો દાતણવાદી ધર્મ. એક કહે છે કે પ્રભુનું સુખ ચમચાથી છે, બીજો કહે છે કે પ્રભુનું સુખ દાતણથી છે. અરે યાર! પ્રભુનું સુખ ન દાતણથી છે ન ચમચાથી છે, પ્રભુનુ સુખ તો ભાવથી છે. ભાવ છે તો દાતણથી પણ સુખ છે અને ભાવ નથી તો ચમચાથી પણ દુઃખ થાય છે.

એક વખત એક ગામમાં હું ગયો. ત્યાં કોઈ વૈષ્ણવ ભાઈએ મારી પધરામણી કરાવી. હું ભુલતો ન હોઉ તો ઓછામાં ઓછી વીસ આઈટમ

હશે દુધઘરની. પહેલાં તો આઈટમ્ જોઈને જ ગભરામણ થઈ ગઈ. તો પણ જ્યારે એમણે આરોગવા માટે કહ્યું એટલે થયું કે ચાલો એકાદ વસ્તુ લઈ લઈએ. મેં એક આઈટમ્ ઉપાડી ત્યાં તો એમણે હલ્લો મચાવી દીધો કે ‘‘અરે અરે, પહેલાં એ નહીં, તે પહેલાં ખાવામાં આવે છે.’’ મને થયું કે ખબર નહીં આ કેવો અહીંનો રિવાજ છે? મેં એમણે કહ્યું હતું એમાંથી થોડુંક ઉપાડયું. ઉપાડતા જ તેઓ બોલ્યા ‘‘અરે અરે! આને આટલું નહીં, આટલા પ્રમાણમાં ખાવામાં આવે છે.’’ મેં કહ્યું કે ‘‘મારે કાંઇ નથી ખાવું. બધુ બંધ કરો. તમારે ત્યાં હું પધરામણીમાં આવ્યો, એ કોઈ મારા પૂર્વજન્મના પાપ હશે. હવે મને અહીંથી જવા દો.’’ પંદર આઈટમ તો સામે રાખી દીધી અને એમાંથી એકપણ આઈટમ ઉપાડતા પહેલાં જ આટલો ઝઘડો કરે તો કેમ ચાલે! માણસની ખાવાની વૃત્તિ જ ખતમ થઈ જાય. આવી જ રીતે આપણે લોકો ભોગ ધરવાની પહેલાં ચમચાનો ઝઘડો કરીએ છીએ કે ‘‘અરે અરે! આમ ચમચો ન રાખો. આ ચમચો અહીં આવવો જોઈએ. એ આ તરફ રહેવો જોઈએ. આ શું ઝઘડો છે, આ કેવી સેવા છે? કઈ રીતનો ઉપદ્રવ કરી નાખ્યો છે? આપણે ભાવને પ્રધાનતા આપવાના બદલે આ કર્મકાંડોને એટલી પ્રધાનતા આપીએ છીએ કે માણસની ખાવાની ઈચ્છા જ ખતમ થઈ જાય. આપણે તો ઠાકોરજીને પણ એમ કહી દઈશું કે ‘‘અરે અરે! સખડીને પહેલાં હાથ ન લગાડતા નહીંતર દુધઘર સખડી થઈ જશે. પહેલાં દુધઘર આરોગો. ઠાકોરજી કહેશે કે ‘‘સારૂ ચાલ પહેલા દુધઘરજ આરોગું.’’ જ્યાં સુધીમાં તેઓ તેમાં હાથ લગાડે ત્યાં સુધીમાં ‘‘અરે અરે! પહેલાં અનસખડી આરોગો.’’ ઠાકોરજી કહેશે કે આટલી ગરમાગરમ વાત સાંભળીને મને તરસ લાગી છે. તો તરત કહે ‘‘અરે અરે ઝારીજીને હાથ ન અડાડતા નહીંતર ઝારીજી સખડી થઈ જશે.’’ ભગવાન્ પણ કહેશે કે ‘‘તારે ત્યાં આરોગું છું, આ જ મારી ભૂલ છે! નહોતો આરોગતો ત્યારે વધુ સુખી હતો હું.’’ આ કેવા પ્રકારનો ઝઘડો ફેલાવી દીધો છે? આપણી અક્કલ કામ નથી કરતી. ‘‘યા ઈલાહિ યે માજરા કયા હૈ? દિલે નાદાં તુઝે હુઆ ક્યા હૈ?’’

આ બધા ધર્મની બાબતમાં કેવા મેનેજમેન્ટ્ના ઝઘડા છે. આપણે એ ન જોયું? શ્રુતિ શું કહે છે, સ્મૃતિ શું કહે છે, સદાચાર શું કહે છે? દાતણ એમણે રાખ્યું તો શા માટે રાખ્યું? એમના હૃદયમાં એક ભાવ હતો કે ઠાકોરજી ગરમ તો ન આરોગી શકે. ઠંડુ કરવા માટે મારી પાસે ચમચી નથી. ઓછામાં ઓછું દાતણથી પણ હલાવશે તો કાંઇ ઠંડુ તો થઇ જ જશે. એમનો ભાવ કેટલો મધુર કેટલો હૃદયસ્પર્શી છે! અને એ ચમચાવાદ અને દાતણવાદના ઝઘડા કેવા કઠોર ભાવ છે. તે આપણે સમજવું જોઇએ.

રામાનુજસંપ્રદાયની એક ઘટના બતાવું. કાંચીમાં વરદરાજસ્વામીની વાર્ષિકયાત્રા નિકળે છે. તેમાં એક હાથી ભેટ આવ્યો. એમને ત્યાં બે સંપ્રદાય ચાલે છે. એક બડગલ અને બીજો તૈંગલ. એક વી-માર્ક અને એક વાય-માર્ક તિલક કરે છે. ઝઘડો એ ઉભો થયો કે વારો ચાલી રહ્યો હતો વી-માર્કનો અને હાથી ભેટ ધરવાવાળો હતો વાય-માર્કવાળો. હવે હાથીને કયા પ્રકારનું તિલક કરવું! એની કેસ કોર્ટમાં પંદર વરસ સુધી ચાલ્યો. છતાં આ ઝઘડાનો નિર્ણય જ ન આવ્યો. કેમકે હાથી ભેટ આવ્યો ત્યારે વી-માર્કનો વારો હતો અને ભેટ ધરનાર વાય-માર્ક હતો. અતિશય ઝઘડો ચાલ્યો. એ તો કાં વાંધો નહોતો પરંતુ એ લોકોએ હાથીને શૂટ કરી દીધો. બિચારા હાથીનો શું દોષ હતો એમાં! એ બિચારાને તો ખબર પણ નહોતી કે વી-માર્ક અને વાય-માર્ક શું છે? આ અંગ્રેજોના જમાનાની વાત છે. કેસ પૂરા પંદર વરસ ચાલ્યો.

અંગ્રેજ જજ્‌ની કોર્ટમાં આ કેસ આવ્યો તે તેણે આ જ પૂછયું કે ‘‘આટલો ઝઘડો શા માટે?’’ એ લોકોએ જજ્‌ને આ જ પૂછયું કે હાથીને કયા પ્રકારનું તિલક કરવું? એમણે પૂછયું ‘‘હાથીને મારી નાખ્યો શા માટે?’’ એ લોકોએ કહ્યું ‘‘એ કથા તો પૂરી થઇ ગઇ. હવે તો તમે આનો નિર્ણય આપો.’’ જજ્‌ને ગુસ્સો આવી ગયો. એણે કહ્યું કે ‘‘હાથી ઉપર ન તો વી-માર્ક લાગશે ન વાય માર્ક, એના ઉપર ત્રિપુંડ લગાવો.’’ બંને પક્ષોએ સમજુતી કરી લીધી કે આ તો ઉલ્ટો જ નિર્ણય આવી ગયો. વાય

અને વી ના ઝઘડામાં વચ્ચે ત્રિપુંડ ક્યાંથી આવી ગયું! ખબર નથી પડતી કેવા-કેવા ઉપદ્રવ કરતા રહીએ છીએ આપણે આવા પ્રકારના વ્યર્થ ઝઘડામાં, અક્કલ કામ નથી કરતી. કેમ કે આપણને "શ્રુતિ સ્મૃતિ સદાચાર અને સ્વસ્ય ચ પ્રિયમાત્મનઃ" ના જે પેરામીટર્ (માપવાના સાધન) શાસ્ત્રોએ બતાવ્યા છે, એનો વિચાર જ નથી કરતા. એટલા માટે શાસ્ત્ર કેટલી સુંદર વાત કહે છે કે **"પ્રત્યક્ષં ચાનુમાનં ચ શાસ્ત્રં ચ વિવિધાગમં, ત્રયં સુવિદિતં કાર્યં ધર્મશુદ્ધિમ્ અભીપ્સતા, આર્ષં ધર્મોપદેશં ચ વેદશાસ્ત્રાવિરોધિના યઃ તર્કેણ અનુસંધત્તે સ ધર્મં વેદ નેતરઃ"** (મનુસ્મૃતિ. ૨।૧૨।૧૦૫-૧૦૬) તમે શ્રુતિ સ્મૃતિના વચન તો સાંભળી લીધા, તમે સદાચાર પણ જાણી લીધો પરંતુ આંખથી પણ જોશો કે નહીં. ન જોવાથી શું થાય છે કે દશ પંદર દિવસથી સામગ્રી બનતી રહે છે. જે દિવસે ઠાકોરજીને ભોગ આવવાની હોય છે તે દિવસે તેમાં વાસ આવી ગઈ હોય છે. આંખથી નહીં જોઈએ. કેમ કે જેટલા પ્રમાણથી આપણે સામગ્રીનો નેગ નક્કી કર્યો છે. એટલા પ્રમાણમાં તો સામગ્રી આવશે. નહીં આવે તો ઠાકોરજી ભૂખ્યા રહી જશે. અરે આ રીતથી તમને કોઈ ખવડાવે તો તમારી અધોગતિ થશે! માનો કે પત્ની આપણી પાછળ પડી જાય કે "સાસુએ મને કહી રાખ્યું હતું કે આટલું ખાવાનું ખવડાવવું તેથી હવે તો તમારે આટલું ખાવું જ પડશે." હવે આ વાત ઉપર તો માણસ મરી જાય.

(દેશ-કાલ-દ્રવ્ય-કર્તા-મંત્ર-કર્મ ના પ્રભેદવશ ધર્મ ભિન્ન થઈ જાય છે, એ જ રીતે કુલજાતિવર્ણાશ્રમવર્ણગુણોના નિમિત્તિભેદવશ પણ ધર્મ ભિન્ન-ભિન્ન બની જાય છે.)

ગુજરાતમાં એક શાહબુદ્દિન રાઠોડ છે. એમણે એક બહુ સારો ટૂચકો સંભળાવ્યો. એમણે કહ્યું કે એક કથાવ્યાસ કથા કરી રહ્યા હતા. એમના મોઢામાંથી થૂંક બહુ ઉડતું. કોઈએ કહ્યું "મહારાજ! તમે કથા તો સારી કહો છો પરંતુ મોઢામાંથી થૂંક ઉડે છે એનું શું?" કથાવ્યાસ બોલ્યા "ચૂપ રહે, કથાવ્યાસના મોઢામાંથી જે થૂંક ઉડે છે એ ગંગાજલ છે." તે બોલ્યો

''ઓહો! આ તો બ્રહ્મજ્ઞાન મળી ગયું.'' તે સીધો ઘરે ગયો અને ત્યાંથી બાપની અસ્થિઓ લાવીને સીધી જ કથાવ્યાસના મોઢામાં નાખી દીધી અને કહ્યું કે ''મહારાજ! મારે તો આ અસ્થિઓ ગંગાજીમાં વિસર્જિત કરવાની હતી. મને ખબર જ ન હતી કે અમારા ઘરબેઠા ગંગાજી આવી ગયા.'' હવે ગંગા છે તો અસ્થિઓ વિસર્જિત થશે જ ને! ધર્મનું આટલી હદ સુધી કોઈ આચરણ કરે કે મોઢામાં જ ગંગા વહી રહી છે તો અસ્થિ વિસર્જન પણ મોઢામાં જ થશે. ધર્મનું આવા અર્થમાં જો ભયંકર રૂપ થતું હોય તો બિચારો ધર્મ કયાં જાય! આપણે કયાં જઈએ, એ તો પછી નો પ્રશ્ન છે. પહેલા એ તો કહો કે ધર્મ કયાં જાય?

એટલા માટે જ મેં તમને આ બધી વાત સમજાવી કે દેશ કાલ કર્તા મંત્ર દ્રવ્ય કર્મ ના ભેદથી ધર્મનો ભેદ થાય છે. બધા એક જગ્યાએ નથી હોતા. ગંગાનો જે દેશ છે (સ્થાન છે) ત્યાં ગંગામાં અસ્થિ વિસર્જન કરવાથી ધર્મ થશે. કથાવ્યાસના મોઢામાં તમે હાડકા નાખી દીધા તો કથાવ્યાસ પણ બિચારો ગયો અને તમારો બાપ પણ ગયો કેમકે કથાવ્યાસના મોઢામાં કોઈ બીજા પ્રકારની ગંગા છે. અસ્થિ વિસર્જનની ગંગા નથી. દેશભેદ થઈ ગયો કે નહીં? એ દેશભેદથી તમારો ધર્મભેદ થાય છે. તમે કહેશો કે અચ્છા ગંગામાં અસ્થિવિસર્જન કરવાનું છે તો જ્યાં જેવી પણ ગંગા જોઈ, ચાલો કરો અસ્થિવિસર્જન. આમ નથી થતું. કાલભેદથી પણ ધર્મભેદ થાય છે. આ બધું હું તમને પહેલાં સમજાવી ગયો છું. એક વાત સમજો કે કુળ જાતિ વર્ણ વર્ણાશ્રમ ગુણ નૈમિત્તિક ભેદથી ધર્મના અનેક ભેદ માનવામાં આવેલા છે. તે આપણે શાસ્ત્રનું અવગાહન કરીએ તો આપણને ખબર પડે છે.

(સત્યં દમઃ તપ શૌચં સંતોષ હ્રી ક્ષમાર્જવમ્, વિદ્યા શમો દયા ધ્યાનમ્ એષ ધર્મસ્ય સંગ્રહ)

શાસ્ત્ર સ્પષ્ટ કહે છે કે કેટલાક સામાન્ય ધર્મ હોય છે. ''સામાન્ય ધર્મ'' થી શાસ્ત્રનો અર્થ છે **''સત્યં દમઃ તપ શૌચં સંતોષં હ્રી ક્ષમા**

આર્જવમ્ વિદ્યા શમ ધ્યાનં એષ ધર્મસ્ય સંગ્રહ'' આ ધર્મના સંગ્રહ છે એક વાત સમજો કે મૂલતઃ ધર્મનીતિ જ છે પરંતુ એને જ્યારે આપણે શાસ્ત્રના આદેશ અનુસાર કરીએ છીએ, તો તે નીતિ ન રહીને ધર્મનું પદ હાસિલ કરે છે. અને શાસ્ત્રના આદેશ વિના આપણા મનથી, આપણી ઈચ્છાથી જો કરશું તો તે ધર્મ ન હોઈને નીતિ માત્ર રહી જાય છે.

એક વાત સમજો કે એક છોકરો અને છોકરી પોતાની રીતે પણ પરણી શકે છે. તે પ્રેમવિવાહ થાય છે. અને જ્યારે કન્યાદાન થાય છે ત્યારે તે 'પ્રેમવિવાહ' નથી કહેવાના, કેમ કે તે 'ધર્મ' કહેવાય છે. એક કન્યાદાનના ઉદાહરણથી સમજો તો આપણને કેટલી વાત સમજાય છે. કન્યાદાન આપણે ધર્માર્થ કરી શકીએ છીએ. કેમ કે દાનથી મોટું કોઈ પુણ્ય નથી. તે ધર્મપુરુષાર્થ થઈ ગયો. કન્યાદાન આપણે અર્થપુરુષાર્થ થઈ ગયો. કન્યાદાન કામપુરુષાર્થ પણ થઈ શકે છે કે ''ભાઈ મોટું ઘર છે, કોઈ રીતે આપણી દીકરી ત્યાં ફિટ કરી દો'' પછી પાછળથી તો સૌદા થતા જ રહેશે ને! એ કામપુરુષાર્થ થઈ ગયો. તમે તમારું કોઈક કામ કઢાવવા માટે દીકરી ત્યાં આપી રહ્યા છો. એ જ કન્યાદાન કામપુરુષાર્થ છે. કન્યાદાન મોક્ષ પણ હોઈ શકે છે. એક કન્યા કે ગૌ દાન જેવી નાનકડી વાત પણ આપણે ધર્મ અર્થ કામ અને મોક્ષ ચારેય રૂપમાં લઈ શકીએ છીએ. એ અર્થમાં તમે આને સમજો કે કોઈ પણ ધર્મના અનેક રૂપ હોઈ શકે છે.

જે જ્યારે પણ કોઈ નીતિ કે સામાન્ય ધર્મને શાસ્ત્રના હિસાબથી કરે છે તો તે ધર્મ કહેવાય છે અને આપણી ઈચ્છાથી કરીએ છીએ તો તે ધર્મ ન હોઈને નીતિ કહેવાય છે. કેમકે તમે તમારી ઈચ્છાથી કરો છો. તમે તમારા આત્મા તરફ દૃષ્ટિ ન રાખીને તમારી ઈચ્છા તરફ દૃષ્ટિ કરી રહ્યા છો અને શાસ્ત્રએ જ્યારે પણ કોઈ વાત કરી છે તે તમારી ઈચ્છાને જોઈને નથી કહી. તમારા આત્માની પ્રકૃતિને જોઈને એ વાત કહી છે. એ જ નીતિના કાર્ય જ્યારે ધર્મશાસ્ત્રને જોઈને કરવામાં આવે છે તો તે ધર્મનું રૂપ લઈ લે છે. વાત એની એ જ છે. વાતમાં અંતર નથી. પરંતુ ફરક માત્ર એટલો છે કે એની પ્રતિષ્ઠા ક્યાંથી થઈ છે. એ જ દિકરો જ્યારે રાજગાદી

ઉપર બેસી જાય છે તો રાજા બની જાય છે પરંતુ જો રાજગાદી ઉપર ન બેઠો હોય તો દિકરો તો દિકરો જ છે પરંતુ 'રાજા' નથી કહેવાતો. કયાં પ્રતિષ્ઠા થઈ છે એ વાત ઉપર નિર્ભર છે. એ જ મૂર્તિ જ્યારે આદમકદની બને છે ત્યારે કારીગર એની છાતી ઉપર બેસીને તેને કોતરે છે. હવે તે વખતે આપણે એની સાથે ઝઘડો કરીએ કે તેં અમારી મૂર્તિનું અપમાન કરી નાખ્યું. મારો, કાપો એની ગરદન. આ અમારી મૂર્તિની છાતી ઉપર કેમ બેસી ગયો. પગ કેમ અડાડયા આણે? અરે ભાઈ, મૂર્તિકારને જો મૂર્તિ બનાવવી છે તો એ તો એવી રીતે જ બનશે. પરંતુ જો એ જ મૂર્તિને પૂજવી છે તો એને પગ અડાડી નથી શકાતા. પછી તે અધર્મ થઈ જાય છે. ધ્યાનથી જૂઓ, મૂર્તિ બે નથી પરંતુ જો બનાવવી છે તો એની છાતી ઉપર બેસીને નહીં બનાવો તો તે કાંઈક બખડજંતર જેવી મૂર્તિ બનશે. એમાં એ સુંદરતા જ નહીં આવે.

અમારી સાથે પણ આવી જ એક ઘટના બની. અમારે ત્યાં એક મૂર્તિકાર ચિત્રકાર આવ્યા અને કહેવા લાગ્યા કે ''પુષ્ટિમાર્ગમાં બધા ધર્મની જ વાત કરે છે. ચિત્ર અને મૂર્તિની કોઈ વાત નથી કરતા. જો મૂર્તિ અને ચિત્ર ન હોત તો તમને મહાપ્રભુજીના ચિત્રના દર્શન કેમ થાત?'' મેં કહ્યું કે ''વાત તો તમારી બરાબર છે પરંતુ મૂર્તિ અને ચિત્ર તો વેચવા માટે બને છે અને ધર્મ અને સિલ્દ્ધાંત તેને પૂજવા માટે હોય છે. બસ ફરક અહીં પડી જાય છે. તમારી વાત પણ સાચી છે. ચિત્ર અને મૂર્તિની વાત થવી જોઈએ પરંતુ ચિત્ર અને મૂર્તિમાં જે ભગવાન્ છે એ ભગવાન્ વેંચવા માટે છે અને ધર્મમાં જે ભગવાન્ છે તે વેંચવા માટે નહીં પૂજવા માટે છે. પોતાની જાતને એને સમર્પિત કરવાને માટે ભગવાન્ છે. ત્યાં ભગવાન્નું પણ કાંઈક પ્રમોશન્ (બઢતી) થઈ રહ્યું છે. જે ભગવાન્ પત્થર મૂર્તિ અથવા કાગળના રૂપમાં હતા તેને આપણો ધર્મ પ્રોમોટ્ કરવા માગે છે. બંને વાતોમાં ભેદ છે. મૂર્તિ એની એ જ છે. પરંતુ ક્યાંક એનું પ્રમોશન થઈ રહ્યું છે, ક્યાંક એનું ડિમોશન્ થઈ રહ્યું છે, આ વાતને આપણે ધ્યાનમાં રાખવી પડશે.

એટલા જ માટે **"પ્રત્યક્ષં અનુમાનં ચ શાસ્ત્રં ચ વિવિધાગમં"** આ બધાને રાખવા જોઈએ. પછી જ્યારે આપણે આપણા કર્તવ્યોના નિર્ધારિણ આ શાસ્ત્રોના આધારે કરીએ છીએ, તે ચાહે સ્વભાવના કે પ્રભાવના કે કર્મના કે વ્યવહારના કે નીતના સ્તરથી હોય, શાસ્ત્રદ્વારા નિર્ધારિણ કરવાથી આત્માને દૃષ્ટિમાં રાખીને તે કામ કરે છે. તેથી સ્વભાવની પ્રભાવની કર્મની વ્યવહારની નીતિની આ બધી ક્રિયાઓ ધર્મ બની જાય છે.

એક સામાન્ય વાત બતાવું તમને એકદમ સમજાઇ જશે. આપણે જે પ્રાણાયામની વાત કરી રહ્યા છીએ, તે પ્રાણાયામ ગાયત્રીમંત્ર બોલીને, ભગવાન્‌ના ધ્યાનને માટે પણ થઈ શકે છે. એ પ્રાણાયામ ગામમાં પ્રદર્શન કરીને સ્ટેજ્ ઉપર પૈસા કમાવાને માટે પણ થઈ શકે છે. થઈ શકે છે કે નહીં? પ્રાણાયામ એ જ છે, બે નથી પરંતુ જ્યારે તે પ્રાણાયામ તમે તમારા સ્વાસ્થ્ય માટે કરી રહ્યા છો તો તે તમારો કામપુરુષાર્થ છે. જ્યારે તમે એને પૈસા કમાવા માટે કરી રહ્યા છો તો તે તમારો અર્થપુરુષાર્થ થઈ ગયો. પરંતુ એ જ પ્રાણાયામ તમે ભગવાન્‌નું ધ્યાન કરવાને માટે કરી રહ્યા છો તો તે તમારો ધર્મ બની ગયો. અને જો એ પ્રાણાયામમાં તમારી સમાધી સધાઈ જાય તો એ જ પ્રાણાયામ તમારો મોક્ષ થઈ ગયો. કેમકે તમે તમારા શ્વાસને ત્યાં સુધી નિયંત્રિત કરી શકયા કે તમારું ધ્યાન વિચલિત નથી થતું તો બસ તમારો મોક્ષ થઈ ગયો. એ જ પ્રાણાયમ કેટલા વિવિધ રૂપ ધારણ કરે છે. આ વિવેકોને સમજીને આપણે ધર્મ અર્થ કામ મોક્ષનું સમાયોજન કરવું જોઈએ. એવું ન સમજવું જોઈએ કે કોઈ પ્રાણાયામ કરી રહ્યો છે તો બસ ધર્મ જ છે કે યોગ જ છે. યોગ પણ એક ધંધો હોઈ શકે છે અને ધંધો પણ એક કોઈ ધર્મ હોઈ શકે છે. **"સ્વકર્મણા તમ્ અભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ"** (ભગ.ગીતા.૧૮|૪૬) **"કૃષિ-ગોરક્ષ્ય-વાણિજ્યં વૈશ્યકર્મ સ્વભાવજમ્"** (ભગ.ગીતા.૧૮|૪૪) સ્વાભાવિક કર્મને પણ જો તમે ભગવદર્ચના કરી દો છો તો તે ધર્મનું રૂપ લઈ લે છે. અને ભગવદર્ચનાને પણ જો તમે ધંધાને માટે કરો છો તો તે

ધંધાનું કે કામપુરુષાર્થનું જ રૂપ લઈ લે છે.

બધી વાતોને તપાસવાની અને પરખવાની આ આપણે ત્યાંની અંતરદષ્ટિ હતી. આજે આપણે એ બધાને આઈરન કરીને સીધા કરી દીધા છે, ફોલ્ડલેસ્ કરી દીધા છે. ધર્માર્થકામમોક્ષના સમાયોજનમાં મલ્ટીપલ્ પર્સપેક્ટિવ્ મલ્ટીપલ ડાઈમેન્શન્ છે, તે આપણે સમજવું જોઈએ. આ દેશાદિ ષટકોના વિવેકથી જે આપણે કામ કરીએ છીએ તે ધર્મના અંતર્ગત ધર્મપુરુષાર્થ છે.

(ધર્મમાં કામ આ જ હોય છે 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ')

ધર્મપુરુષાર્થના અંતર્ગત કામ શું છે? મહાભારતમાં સ્પષ્ટ નિર્ધારિત કર્યું છે કે ધર્મપુરુષાર્થમાં એક જ કામ છે અને તે છે **"ધર્મો રક્ષતિ રક્ષિતઃ"** ધર્મ તમારી રક્ષા કરશે જ્યારે તમે ધર્મની રક્ષા કરશો. અને ધર્મની રક્ષાની કામનાથી કરવામાં આવેલું ધર્માચરણ, ધર્મનો કામપુરુષાર્થ છે.

(ધર્મમાં અર્થદેશોદિષટ્ક)

અર્થતા શેમાં છે? જે ધર્મનું આચરણ કરવા માટે, દેશ કાલ કર્તા કર્મ દ્રવ્ય મંત્ર જે પણ શાસ્ત્રમાં કહેવાયેલા છે, તેના અનુસાર જ જો તમે ધર્મનું આચરણ કરી રહ્યા છો તો તે ધર્મના અંતર્ગત અર્થપુરુષાર્થ છે. ધર્મના અંતર્ગત જ્યારે કોઈ બીજા દ્રવ્ય, બીજા કાલ, બીજા મંત્ર, બીજા કર્મથી એ જ આચરણને તમે કરી રહ્યા છો તો અનર્થ થઈ રહ્યો છે.

(ધર્મમાં અર્થની પરિભાષાની અન્તર્ગત દેશકાલાદિ શામાટે અર્થવાચક છે?)

અમારે મુંબઈમાં એક બ્રાહ્મણ આવ્યા. એમને બહુ લાંબી-લાંબી જટાઓ હતી અને ઋષિમુનિ જેવું વ્યક્તિત્વ હતું. એક ફિલ્મના શૂટીંગમાં એક વિવાહનો સીન કરવાનો હતો તેથી તે લોકો એક બ્રાહ્મણને શોધી રહ્યા

હતા. તે લોકો બ્રાહ્મણની શોધ કરતા અમારા મોટા મંદિરમાં આવ્યા. એમણે એ જટાજૂટવાળા બ્રાહ્મણ ત્યાં બેઠેલા મળી ગયા. એમણે એમને પૂછયું કે ''તમે વિવાહ કરાવશો.'' એમણે હા પાડી દીધી અને એમની સાથે ચાલી નિકળ્યા. સ્ટૂડીયોમાં બધી સજાવટ કરવામાં આવી હતી. હવે ત્યાં એ લોકો ઘીને બદલે ઘાસલેટની આહૂતિ આપી રહ્યા હતા. હવે શૂટિંગમાં તો જ્વાળા નિકળતી દેખાવી જોઈએ. તેને ઘી સાથે શું મતલબ? જ્યારે એમણે ઘીના બદલે ઘાસલેટ આપ્યું તો તેઓ બોલ્યા ''અનર્થ''. ડાયરેકટરે કહ્યું કે ''આવો તો કોઈ ડાયલોગ નથી આ કોણ બોલ્યું.'' હવે બ્રાહ્મણે કહ્યું કે ''ઘાસલેટની આહુતિ આપવાથી આ વિવાહ કયારેય પણ મંગલ નહીં થાય અમંગલ જ થશે.'' ડાયરેકટરે એમને આ રીતે સાંભળીને ત્યાંથી ભગાડી મૂકયા. ત્યાંથી મારી પાસે આવ્યા. મેં પૂછયું ''શું થયું?'' એ બોલ્યા, ''મુંબઈનું તો બધું ખાતું જ ખરાબ છે, ઘીના બદલે ઘાસલેટની આહુતિ આપી રહ્યા હતા.'' મેં કહ્યું ''અરે ભાઈ! એ તો ફિલ્મનું શૂટિંગ હતું, કોઈ સાચા વિવાહ થોડા હતા! તમે લગ્નના ડાયલોગ્ શૂટીંગ્માં શા માટે બોલો છો? શૂટીંગમાં તો શૂટીંગ્ના જ ડાયલોગ બોલવામાં આવશે ને!'' જે દ્રવ્ય જ્યાં કામમાં આવે છે ત્યાં તે અર્થ છે અને જ્યાં કામ નથી આવતું, તે અનર્થ છે. અરે ભાઈ! શૂટીંગ્માં ઘી ક્યાંથી લાવશે? ત્યાં તો ઘાસલેટ જ કામમાં આવશે ને! ત્યાં એનો જ અર્થ છે પરંતુ વિવાહમાં ઘાસલેટની આહુતિ અનર્થ છે તો દ્રવ્ય વગેરેનો ખ્યાલ રાખવો, આ ધર્મનો 'અર્થ' છે. દેશકાલાદિને ષટ્સમ્પત્તિ કહેલા છે કેમ કે એ અર્થવાચક છે. **''ષડ્ભિઃ સમ્પદ્યતે ધર્મઃ તે દુર્લભતરાઃ કલૌ.''** (ત.દી.નિ.૨।૨૧૪) ના માટે મહાપ્રભુજી દેશકાલાદિ દ્રવ્યને ષડ્સમ્પત્તિ કહે છે કે ધર્મની આ સમ્પત્તિ છે, ધર્મના આ અર્થ છે, ઉદ્દેશ્ય છે.

(ધર્મમાં મોક્ષ જીવનપર્યંત પાપભીતિ અપરાધગ્રન્થિ આત્મગ્લાનિ અને દંડભીતિથી મુક્તિ હોય છે)

ધર્મપુરુષાર્થમાં મોક્ષ શું છે? જે વ્યક્તિ ધર્મ કરે છે તેને ક્યારેય

પાપની ભીતિ થતી નથી. તેને ક્યારેય આત્મગ્લાનિ નથી થતી. તેને ક્યારેય દેહ ભીતિ નથી થતી. જૂઓ બહુ મજેદાર વાત તમને બતાવું, આપણે ત્યાં શાસ્ત્રમાં પ્રાણહરણ કરવાવાળા દેવતાનું નામ યમરાજ પણ છે અને ધર્મરાજ પણ છે. જ્યારે તમે ધર્મ જીવ્યા છો તો તે તમારા માટે યમરાજ નહીં ધર્મરાજ છે. અને જ્યારે તમે અધર્મ જીવ્યા છો તો તે તમારા માટે યમરાજ છે. 'યમરાજ' નો મતલબ કે તમે જીવવા માગો છો અને તે તમારા જીવવાને નિયંત્રિત કરીને સ્વિચ્ ઓફ્ કરી દે છે.

તમે ધર્મ જીવી રહ્યા છો તો તે ધર્મરાજ છે. **''ત્વત્પાદાબ્જં પ્રાપ્ય યદૃચ્છયાદ્ય સ્વસ્થઃ શેતે મૃત્યુઃ અસ્માદ્ અપૈતિ.''** (ભાગ.પુરા.૧૦।૩।૨૭) ''સિરહાને બોલિયે આહિસ્તા મીરકે અભી ટુક રોતે-રોતે સો ગયા.'' જેણે ધર્માચરણ કર્યું છે તે તો સુવે છે કંઈ મરે છે થોડો! મરે તો તે છે જે અધર્માચરણ કરે છે. ધર્માચરણ કરવાવાળો તો અત્યારે સુઈ ગયો, પાછો જાગી જશે. ધર્મમાં અને અધર્મમાં મૂલ ભેદ આપણે ત્યાં એ માનવામાં આવ્યો છે કે અધર્મ કરવાવાળાને લેવા યમરાજ આવે છે અને ધર્મવાળાને ધર્મરાજ લેવા આવે છે. અને પ્રાણહરણ દેવતાના બંને નામ છે. એની સુંદરતા જૂઓ, એનાથી ખબર પડે છે કે ધર્મમાં આપણા મોક્ષનો કયો સિદ્ધાંત છે કે આપણને ભીતિ નથી રહેતી. આપણે નિર્ભય જીવન જીવી શકીએ છીએ. એ ધર્મનો મોક્ષ છે.

જો કોઈ એમ પૂછે કે શું ધર્માર્થકામમોક્ષ કરવા જીવના હાથમાં છે? તો આનો મનુસ્મૃતિમાં બહુ સરસ જવાબ આપેલો છે. ત્યાં શું કહે છે કે ''જ્યારે આપણે આ પૂછી રહ્યા છીએ કે આ આપણા હાથમાં છે?'' તો 'આપણા' એટલે શું? વિચારો. આપણામાં કેટલી વસ્તુઓ આવી રહી છે?

મનુ કહે છે કે **''યઃ અસ્ય આત્મનઃ કારયિતા તં ક્ષેત્રજ્ઞં પ્રચક્ષતે''** (મનુસ્મૃતિ ૧૨।૧૨) આપણા અંદર એક કારયિતા છે. તે શું છે? **અહંકારાદિચતુર્ગ્રંથી જ્ઞાનેચ્છાપ્રયત્નવાન આત્મા.** તે કારયિતા છે કર્તા

નથી. એને હું ક્ષેત્રજ્ઞ કહું છું. **“યઃ કરોતિ તુ કર્માણિ સ ભૂતાત્મા ઉચ્યતે બુધૈઃ”** (ત્યાંજ) જે કરી રહ્યો છે તે ભૂતાત્મા છે, તે ક્ષેત્રજ્ઞ આત્મા નથી. આ વ્યક્તિત્વની ભીતર એક ક્ષેત્રજ્ઞ આત્મા છે અને એક ભૂતાત્મા છે. કરાવવાવાળો ક્ષેત્રજ્ઞ આત્મા છે અને કરવાવાળો ભૂતાત્મા છે. ભૂતાત્મા એટલે જે પંચભૂતથી બનેલો છે. **“સ ભૂતાત્મા ઉચ્યતે બુધૈઃ”** એને આપણે જીવશરીર કહીએ છીએ. ત્યાર પછી તે કહે છે કે અંતરાત્મા એક બીજો અલગ છે. જૂઓ વ્યક્તિ એક છે પરંતુ તેના ભીતર કેટલા કોષ્ઠ છે. કેટલા આના આસ્પેક્ટ્ છે. એક અંતરાત્મા અલગ છે. **“જીવસંજ્ઞો અંતરાત્મા અન્યઃ સહજઃ સર્વદેહિનાં યેન વેદયતે સર્વં સુખં દુઃખં ચ જન્મસુ”** (ત્યાંજ ૧૨|૧૩) તે અંતરાત્મા મનુષ્યમાં જ નહીં, ધર્મ, અધર્મ, બધા પ્રાણી બધામાં એક સહજ અંતરાત્મા મૌજૂદ છે. આગળ મનુ કહે છે કે એ સુખ-દુઃખના અનુભવ તે અંતરાત્મા કરે છે. ભૂતાત્મા નથી કરતો. જૂઓ ગમે તેટલું પણ મહાન દુઃખ હોય તે ભૂતાત્માને જો ઉંઘ આવી જાય તો નથી થતું. મોટામાં મોટુ ઓપરેશન્ પણ થયું હોય તો દુઃખ તો કેવળ ત્યાં સુધી જ થાય છે જ્યાં સુધી ઉંઘ નથી આવી જતી. ભૂતાત્મા તો ફક્ત કામ કરે છે, તેને સુખ-દુઃખ નથી થતું. આમ મનુ કહે છે. સુખ-દુઃખ જેને થાય છે, તે અંતરાત્મા છે. અને કારયિતા કોણ છે? તે ક્ષેત્રજ્ઞ આત્મા છે. હવે આના આગળ મનુ કહે છે કે “એક પરમાત્મા બીજો છે.” આ શરીરમાં એક કરાવવાવાળો ક્ષેત્રજ્ઞ આત્મા છે, કરવાવાળો એક ભૂતાત્મા છે. એ કરવાને કારણે થતા સુખ-દુઃખનો અનુભવ કરવાવાળો એક અંતરાત્મા છે. હવે આ બધાની સમષ્ટિ એક પરમાત્મા છે. જે પરમાત્માને મનુ કહે છે કે **“ઉત્તમપુરુષસ્તુ અન્યો પરમાત્મા ઈતિ ઉદાહૃત યો લોકત્રયમ્ આવિશ્ય બિભર્તિ અવ્યયમ ઈશ્વરઃ”** (ત્યાંજ ૧૨|૧૫) તે ઉત્તમપુરુષ પરમાત્મા છે. તે પણ આ શરીરની ભીતર છે. પરંતુ એવું છે કે **“લોકત્રયમ્ આવિશ્ય બિભર્તિ અવ્યયમ્ ઈશ્વરઃ”** ધર્મનો કર્તા તે એક કોઓપરેટિવ્ ક્ષેત્રની વાત છે. કોઈ પ્રાઈવેટ્ (અંગત) ક્ષેત્રની વાત નથી. તે તો કેટલાય પ્રકારના કોર્પોરેશન્થી આ બધા ધર્મના અનુષ્ઠાન

થઈ રહ્યા છે. આમાં કોઈ એમ વિચારે કે હું કર્તા છું તો **“અહંકાર વિમૂઢાત્મા કર્તાહમિતિ મન્યતે”** (ભગ.ગીતા. ૩।૨૭) આ તો બધું એક કોર્પોરેશન્ મળીને આ કામ કરી રહ્યું છે. એમાં કોઈ એક ન તો કર્તા છે અને ન અકર્તા છે. આ જે બધા શરીરના સદસ્ય છે એ બધા મળીને ધર્મનું કામ કરી રહ્યા છે. આ આ પ્રશ્નનો ઉત્તર છે.

(ભકિતમાં ભાગવતધર્મ ભકિતપ્રપત્તિદ્વારા પરમાત્માના દૈવીકરણાત્મક ધર્મરૂપ હોય છે અતઃ ભકત્યંગતયા ધર્માદિપુરુષાર્થ પણ ‘ભક્તિ’ પદથી વાચ્ય થાય છે.)

હવે જો તમે મને થોડો સમય વધારે આપી દો તો આ ધર્મ પછી ભક્તિ છે. વિસ્તારથી તો નહીં કહી શકું કેમ કે મને ખબર હતી કે ભક્તિનો વિસ્તાર કરીશ તો હજુ છ સાત દિવસ વિષય વધુ ચાલી શકે છે. એટલા માટે ઉપર કહેલા વિષયોમાં વચ્ચે-વચ્ચે નિરંતર ભક્તિની બાબતમાં પણ તમને બતાવતો રહ્યો છું. તેથી અલગથી તેનો વિસ્તાર ન કરીને મહાપ્રભુજી અને ભાગવતના હિસાબથી કેવળ એક વાત તમને સમજાવવા માગીશ કે ધર્મ અર્થ કામ મોક્ષની ભીતર જો તમે ભક્તિને ભરી દેશો, જેમ ધર્મની ભીતર તમે ભક્તિને ભરી દેશો તો તે ભક્તિધર્મ બની જશે. અર્થની ભીતર ભરશો તો તે ભક્તિ ભક્તિ ન રહીને અર્થ બની જશે. કામની ભીતર ભક્તિને ભરશો તો ભક્તિ ભક્તિ ન રહીને કામપુરુષાર્થ બની જશે. અને મોક્ષના ભીતર જો તમે ભક્તિ ભરશો તો ભક્તિ ભક્તિ ન રહીને મોક્ષપુરુષાર્થ બની જશે. આ ચારેયને જ્યારે તમે ભક્તિના અંગતયા અનુષ્ઠાન કરશો તો આ ચારેય પાછા ભક્તિ જ છે. મહાપ્રભુજી ત્યાં સુધી કહે છે કે ભકતનો સંસાર પણ ભક્તિ જ છે. ભકતનું સૂવું ઉઠવું ખાવું વિવાહ કરવા બધું ભક્તિ છે. શરત ફકત આમાં એક છે કે તે ભકત છે કે નહીં? ભકત છે કે નથી તે કેવી રીતે ખબર પડશે? તે ખબર પડશે કે તારા ભગવાન્ કોણ છે એ બતાવ. ભગવાન્ કોણ છે? આની શરત એ છે કે ભજન શું કરી રહ્યો છે એ બતાવ. કેમ કે ભજન જ બ્રહ્મને ભગવાન્ બનાવે છે. જ્યાં તે તરફ તે ભગવાન્ બનાવે છે, આ તરફ એ જ ભજન

ભક્ત બનાવે છે. તો ભક્તિમાં આ બધા પુરુષાર્થ આવી જવા જોઈએ. ભક્તિ એમાં ન આવવી જોઈએ. સારાંશમાં મહાપ્રભુજીનો ભક્તિની બાબતમાં આ જ મત છે.

(પ્રવચનોત્તર પૂરક અંશ)

આપણે જોયું કે સ્વભાવ પ્રભાવ કર્મ વ્યવહાર નીતિ ધર્મના જે સંકીર્ણ વૃત્ત છે તેમાં ભક્તિનું શ્રેષ્ઠત્તમ સ્વરૂપ ઘેરાઈ નથી શકતું, કેમકે ભક્તિનો સ્રોત ન તો શરીરના કર્મજ્ઞાનાત્મક વ્યવહારોમાંથી ઉભરે છે કે ન શરીરી ચેતનાના સ્વરૂપથી પણ, ભક્તિનું મૂલ સ્રોત પરમાત્મા છે. તેથી ન તો સ્વભાવજન્ય ન પ્રભાવજન્ય ન કર્મજન્ય ન વ્યાવહારિક હેતુ ન નીતિબન્ધનને કારણે ભક્તિ કરવામાં આવે છે. ધર્માનુષ્ઠાનતયા કરવામાં આવતી ભક્તિને શ્રેષ્ઠ આદર્શરૂપ માની શકાય છે.

ભક્તિ શું છે? એ તરફ ભજનીય પરતત્ત્વના બ્રહ્મ-પરમાત્મારૂપી બાહ્યાભ્યાંતર પાસાઓમાં પોતાના ભજનીય ભગવાન્‌ની ખોજ કરનારી રિસંસા છે. આ તરફ જીવાત્માની સાથે પ્રભાવજન્યા ક્રિયા અને જ્ઞાન ઈચ્છા પ્રયત્ન વગેરેથી જન્મતાં કર્મ વ્યવહાર નીતિ ધર્મને ભગવાન્‌ની સર્ગ-વિસર્ગ-સ્થાન-પોષણ-ઉતિ-મન્વન્તર-ઈશાનુકથા રૂપી લીલાઓમાં પ્રકટ થનારી અવાન્તરલીલાના રૂપમાં નિહાળી શકવાની અભિરૂચિ છે. જેમ કે ઉપનિષદ્‌માં કહેવામાં આવ્યું **‘‘એત્દાત્મ્યમ્ ઈદં સર્વં સ આત્મા તત્ત્વમસિ’’**. (છાન્દો.ઉપ.૬।૮।૭) દશ્યમાન ઈદન્તા અને દષ્ટગત અહંતાને એકાત્મા/પરમાત્માની સાથે તાદાત્મ્યભાવાપન્ન બનાવીને એક અદ્‌ભુત જ્ઞાન ઈચ્છા અને પ્રયત્ન દ્વારા થતો અનુભાવ ભક્તિ છે.

આ ભક્તિના અનેકવિધ ઔપનિષદિક આગમિક પૌરાણિક માનસશાસ્ત્રીય રસશાસ્ત્રીય અને અધ્યાત્મશાસ્ત્રીય આયામ સમજવામાં આવે છે.

(૧) સૌથી પ્રથમ ઔપનિષદિક-આગમિક આયામ ભક્તિ જોવી હોય તો તેને ન ફક્ત જ્ઞાનરૂપા કે ન ફક્ત સ્નેહરૂપા માની શકાય છે, **‘‘માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદઢ સર્વતોધિકઃ સ્નેહો ભક્તિરિતિ પ્રોક્તઃ’’** લક્ષણના અનુસાર જ્ઞાનપૂર્વક સ્નેહ થવાથી જ્ઞાનપ્રયુકત અથવા સ્નેહપ્રયુકત કર્મ વ્યવહાર નીતિ કે ધર્મની ભક્તિ નિરાસિકા નથી થતી પરંતુ તેને અંગતયા પોતાનામાં સમાવવાવાળી બની જાય છે.

ભક્તિના ઘટક જ્ઞાન માહાત્મ્યજ્ઞાન પોતાના માહાત્મ્યશાળી જ્ઞેયની બહાર કોઈ નામ-રૂપ કે કર્મ દેખાડવાના બદલે ભીતર દેખાડે છે. શ્રીકૃષ્ણના વિરાટરૂપમાં અર્જુનને જેમ સમગ્ર દશ્ય બ્રહ્માંડ અને દૃષ્ટા અર્જુન પણ દેખાવા લાગ્યો આને ઉપાસનાર્થ કલ્પિત સર્વાત્મકતા અથવા બાધિતાર્થની અનુવૃત્તિ માનવી **‘‘ન તુ માં શક્યસે દ્રષ્ટુમ અનેનૈવ સ્વચક્ષુસા દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમ્ એશ્વરમ્’’ – ‘‘નાહં વેદૈઃ ન તપસા ન દાનેન ચ ઈજ્યયા શકય એવંવિધો દ્રષ્ટું, ... ભકત્યા તુ અનન્યા શકયઃ અહમેવંવિધો... જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ’’** (ભગ.ગીતા. ૧૧।૮-૫૪) ભગવાનના દ્વારા પ્રદત્ત તેમજ ઉપદિષ્ટ દિવ્યદૃષ્ટિ તેમજ ઉપદૃષ્ટિ અનન્યભક્તિનું પ્રત્યાખ્યાન બની જાય છે.

ભક્તિનો ઘટક સુદઢસર્વતોધિકસ્નેહ પણ ભજનીયેતર વિષયોની બાબતમાં રહેલી સ્નેહમયી વૃત્તિઓના નિવર્તક હોવાના બદલે તેને પોતાના અંગતયા અંગીકાર કરીને ચાલે છે. આને ‘‘સર્વાત્મભાવ’’ કહેવામાં આવેલો છે. ઉપનિષદ્ અને ભાગવતમાં **‘‘ન વા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં ભવતિ આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ.’’** (બૃહ.ઉપ.૨।૪।૫) અને **‘‘અહમ્ આત્મા આત્મનાં ધાતઃ પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ, અતો મયિ રતિં કુર્યાદ્ દેહાદિઃ યત્કૃતે પ્રિયઃ’’** (ભાગ.પુરા.૩।૯।૪૨) તેથી પરમાત્મપ્રેમ જાગતિક અનેકાનેક પ્રેમભાવોનું સમેકિત રૂપ સિદ્ધ થાય છે.

(૨) ભક્તિના બીજા આયામને જોવો હોય તો તે જીવચેતનામાં અનુભૂત વિષયોલ્લેખિની મમતાસ્પદ ઈદંતા આત્મોલ્લેખિની અહંતાનું **"સર્વં ખલુ ઈદં બ્રહ્મ"** (છાન્દો.ઉપ.૩।૧૪।૧) વચનમાં કહેવાયેલું સમેકીકૃત રૂપ ભક્તિ છે. જ્યાં દશ્ય દષ્ટાત્મક અને દષ્ટા દશ્યાત્મક, ભોગ્ય ભોકતાત્મક અને ભોકતા ભોગ્યાત્મક, કર્તા કાર્યાત્મક અને કાર્ય કર્ત્રાત્મક બની જાય છે. તેથી જ ઉપનિષદ્ કહે છે **"અહમ્ અન્નમ્ અહમ્ અન્નમ્ અહમ્ અન્નમ્ અહમ્ અન્નાદો અહમ્ અન્નાદો અહમ્ અન્નાદઃ"** (તૈત્તિ.ઉપ.૩।૧૦।૬) આને વધારે આધુનિક શબ્દાવલીમાં કહેવું હોય તો માઈન્ડ્નું મટીરિયલ્ થવું અને મેટર્નું મેન્ટલ્ થવું આપણે કહી શકીએ છીએ. આ વિલક્ષણ માનસિકતાની ઉપલબ્ધિ છે જે માનસશાસ્ત્રીય આયામ ભક્તિનો છે.

(૩) ભક્તિનો ત્રીજો પૌરાણિક આયામ જોવો હોય તો તે માનસિકતા ન રહીને અનુષ્ઠાનાત્મક કર્મ વ્યવહાર નીતિ અને ધર્મના રૂપોમાં પ્રકટ થાય છે. તેથી ભક્તિ પોતાના ભજનીયને ભક્તના કાયિક વાચિક માનસિક ત્રણે પહેલુઓને ભજનીયની સાથે નિરંતર જ્ઞાનેચ્છાપ્રયત્નપૂર્વક જોડાયેલા રાખવાના શ્રવણ-કીર્તન-સ્મરણ, અર્ચન-વંદન-પાદસેવન અને દાસ્ય-સખ્ય-આત્મનિવેદનના પ્રકારથી નવધા ભક્તિરૂપ બની જાય છે.

(૪) ભક્તિનો ચોથો આયામ કર્મસાધના અને જ્ઞાનસાધનાથી આ અર્થમાં ભિન્ન થઈ જાય છે કે કર્મસાધના દેવ અને યાજક તથા જ્ઞાનસાધના જ્ઞેય અને જ્ઞાતાના પરસ્પર સહભાવથી સમ્પન્ન થાય છે. જ્યારે કે ભક્તની ભક્તિ ભજનીયની સાક્ષાત્ ઉપસ્થિતિ કે સાક્ષાત્ અનુપસ્થિતિ બંને જ સંભાવનાઓમાં સમ્પન્ન થઈ શકે છે. ભજનીય ભગવદ્રૂપના પરોક્ષ હોવાના વખતે શ્રદ્ધાના રૂપમાં, અપરોક્ષ હોવાના વખતે પ્રેમના રૂપમાં. મહાપ્રભુ એથી જ કહે છે **"જ્ઞાનં તુ ગુણગાનં પરોક્ષે**

તત્ પ્રતિષ્ઠિતં ભજનં શ્રેષ્ઠમ્'' (ત.દી.નિ.૩।૧૦।૧૧૧) **''સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિઃ દઢા ભવેદ્ યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપિ ઈતિ મતિઃ મમ''** (ભક્તિવર્ધિની-૯) આ જ રીતે **''અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વર પાદયોઃ સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્''** (ચતુઃશ્લોકી-૪) આ ભક્તિનો રસશાસ્ત્રીય આયામ છે. કેમ કે રસશાસ્ત્રમાં સ્નેહને સંયોગ-વિપ્રયોગાત્મક માનવામાં આવેલો છે. ભક્તિમાર્ગીય ભજન હોય કે સ્મરણ હોય બંનેનું સ્નેહાત્મક હોવું અનિવાર્ય છે. તેથી ભક્તિ, ભજનીયની પરોક્ષતા કે અપરોક્ષતા, ઉભયથા સમ્ભવ હોવાથી કર્મસાધના અને જ્ઞાનસાધનાનો પોતાનામાં અન્તર્ભાવ કરવામાં સક્ષમ હોવા છતાં પણ પૃથકતયા પ્રસ્તુત થાય છે.

(૫) ભક્તિના પાંચમા આયામને પરખવો હોય તો એ ઉલ્લેખનીય બની જાય છે કે ભજનીય ભગવદ્રૂપને આશ્રય અને અંશી માનવાના કારણે આશ્રિત અંશ તત્ત્વતઃ અંશીમાં સ્વભાવતા સમર્પિત રહેતો હોવા છતાં પણ ભાવાત્મ પ્રયત્નથી સમર્પિત થાય છે. એટલે કે જેમ સ્વતઃ સંચાલિત શ્વાસોચ્છ્વાસને પણ પ્રાણાયામદ્વારા ઈચ્છાતન્ત્ર પણ ચલાવવામાં આવે છે. ક્યાંક સ્વતઃ બ્રહ્માશ્રિત પોતાની અહંતા-મમતાને પુનઃ ભક્તના જ્ઞાન-ઈચ્છા-પ્રયત્ન દ્વારા ભજનીયને સમર્પિત કરવા માટે અથવા તેનો પ્રેમપૂર્વક ભજનીય ભગવદર્થ વિનિયોજન કરવું છે. તેના માટે ખૂદ પોતાના પરિવારજનો સાથે પોતાના ઘરમાં પોતાના જ તનુ-વિત્તનું ભગવત્સેવાર્થ વિનિયોજન આવશ્યક બની જાય છે. ભક્તિનો આ આયામ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય પ્રવર્તિત પુષ્ટિભક્તિસંપ્રદાયમાં ભક્તિસાધનાનો એક પ્રમુખતમ પહેલું છે, ગૌણકલ્પનારૂપમાં, કથાભક્તિ મર્યાદાભક્તિગત સપ્તવિધાભક્તિ શરણાગતિ તેમજ તીર્થયાત્રાની તુલનામાં. તેથી આ વલ્લભસાંપ્રદાયિક આયામ ભક્તિનો છે.

(૬) આ બધા આયામોને જેમાં સમાવિષ્ટ કે સમાયોજિત કરવામાં

આવી શકે એવો તાત્ત્વિક આયામ ભાગવતના એકાદશસ્કન્ધમાં નિરૂપિત થયો. તે ચાર શ્લોકોનું અહીં પ્રતિદિન મંગલાચરણના રૂપમાં આપણે પારાયણ કર્યું. આ ચાર શ્લોકોમાં ભક્તિભાવના આધાર ઉપર ધર્મ અર્થ કામ મોક્ષ નું પ્રતિપાદન થયું છે.

યથા :

(ક) ભાગવતભક્તિમાર્ગીય ધર્મ : આને થોડુંક વિસ્તારથી સમજી લેવું આવશ્યક છે. જીવાત્માની અહંતા જ્ઞાનમાર્ગીય સાધનામાં એકાન્તિકતયા દ્વિતીયતારહિત થઈને બ્રાહ્મિક એકતામાં વિલીન થઈ જાય છે. કર્મમાર્ગીય સાધનામાં કર્મના નિષ્કામ અનુષ્ઠાનમાં મમતા ઉપર નિયંત્રણ સિદ્ધ થઈ જાય છે. પરન્તુ અહંતા તો કર્મસાધનામાં કર્મના નિજ કર્તવ્ય હોવાની આધારભૂમિ બનતી હોવાથી દૃઢ જ રહે છે. કર્મ અને જ્ઞાનના સમુચ્ચયના કલ્પમાં સાધનાકાલમાં એગ્રીવેટ્ કરાવીને સિદ્ધ દશામાં તેને નિઃશેષ બનાવી દેવાનો ઉપક્રમ બની શકે છે. હોમિયોપેથી ઔષધિની જેમ. ભક્તિમાર્ગમાં ત્રણેમાંથી કોઈ પણ ઇતિકર્તવ્યતા ઉપયોગી અંગ નથી બનતી. કેમકે ભક્તિમાર્ગમાં ન તો ત્યાજ્ય હોય છે અને ન જીવચેતનાની પરિચ્છિન્નતામાં બંધાયેલી પણ રહી જાય છે. ભક્તિમાર્ગમાં નિજી અહંતામાં પરમાત્માનો અંશિતયા સંપ્રત્યય તે પારમાત્મિક સંપ્રત્યયમાં નિજાત્માનો અંશતયા સંપ્રત્યય અપેક્ષિત છે. આના માટે ભક્તિસાધનામાં જે ધર્મતયા અનિવાર્ય બની જાય છે તે ન તો અહંતાનો ત્યાગ છે અને ન અહંતાનો એકાન્તિક ભોગ પણ, એ તો અંશરૂપા જીવચેતનામાં ભાસિત થતો અહંતાના અંશી પરમાત્માના પ્રત્યે સમર્પણનો ભાવ છે. તે તત્ત્વતઃ શ્વાસોચ્છ્વાસની જેમ સ્વભાવસિદ્ધ હોવા છતાં પણ, પ્રાણાયામના જ્ઞાન ઇચ્છા તેમજ પ્રયત્ન દ્વારા જ કેવળ નહીં પરંતુ અંશાંશીમાં સ્વભાવસિદ્ધ રતિ દ્વારા પણ સમર્પણની પ્રક્રિયા છે. એના માટે પરમાત્માની ભીતર જેમ અંશિભૂત કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું છે એ જ પ્રકારથી અંશભૂત જીવાત્માના પણ સમર્પણ માટે કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સામર્થ્યનો પ્રયોગ છે. પોતાની અહંતાને આ રીતે પરમાત્માને સમર્પિત કરવાની

પ્રક્રિયા ભગવદ્ગીતામાં શરણાગતિના રૂપમાં પ્રતિપાદિત થઈ છે. **‘‘દૈવી હ્યેષા ગુણમયી મમ માયા, દુરત્યયા મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે’’ – ‘‘સવર્ધધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ’’** (ભગ.ગીતા. ૭|૧૪-૧૮|૬૬) તેથી જ પ્રકૃત મંગલાચરણમાં પ્રથમશ્લોકમાં કહેવામાં આવ્યું છે કે કાયા વાણી, ઉપલક્ષણતયા અન્ય ઈન્દ્રિયો, અને મન અથવા બુદ્ધિના અનુસારી સ્વભાવથી પણ જે ક્રિયા જીવચેતનાથી જોડાયેલા સૂક્ષ્મ શરીરમાં પ્રકટ થતી હોય, અથવા જ્ઞાન ઈચ્છા પ્રયત્ન અને રતિના કારણે જે કર્મ વ્યવાર, નીતિ ધર્મ કે ગૌણી ભક્તિ કરતી હોય તેને પરમ નારાયણને સમર્પિત કરવી ધર્મ છે. આ સમર્પણ ભય-પરાજય કે સ્વાર્થમૂલક ન હોઈને જીવાત્મા અને પરમાત્માની વચ્ચે રહેલ સહજ દાસ્યભાવ સખ્યભાવ કે પછી આત્મપરમાત્મભાવ ઉપર આધારિત આત્મસમર્પણ છે. એટલા જ માટે ઉપલક્ષણવિધયા મહાપ્રભુ કહે છે **‘‘પુષ્ટિમાર્ગે હરેઃ દાસ્યં ધર્મઃ’’**

(ખ) ભાગવતભક્તિમાર્ગીય અર્થ : પૂર્વોકત સમર્પણરૂપ ભક્તિમાર્ગીય ધર્માનુષ્ઠાનાર્થ અપેક્ષિત અર્થના રૂપમાં ન તો આત્યન્તિક અહંતાસ્પદ અંશરૂપા જીવાત્મચેતના પર્યાપ્ત છે અને ન અંશીરૂપ આત્યન્તિક તત્તાસ્પદ પરમાત્મચેતના પણ. કેમકે બંનેમાં આત્યન્તિક દ્વિતીયતાનો અભિનિવેશ જો થાય તો શ્રુતિપ્રતિપાદિત **‘‘દ્વિતીયાદ્ વૈ ભયં ભવતિ’’** (બૃહ.ઉપ.૧|૪|૩). ભીતિનો ઉપચાર થઈ નથી શકતો. યદ્યપિ શ્રુતિમાં ‘દ્વિતીય’ને ભયહેતુ માનવામાં આવેલ છે પરँતુ ભાગવતપુરાણ આ ‘દ્વિતીય’ને દ્વિતીયાભિનેવેશના અર્થમાં લેવા માગે છે કેમકે સ્વયં શ્રુતિમાં **‘‘સ દ્વિતીયમ્ એચ્છત્, સ આત્માનં દ્વેધાપાતયત્’’** (બૃહ.ઉપ.૧|૪|૩) કહેવામાં આવેલ છે. તેથી અંશરૂપ જીવચેતના અને અંશિરૂપા પરમાત્મચેતનાની વચ્ચે રહેલા તાદાત્મ્યમાં શ્રદ્ધા-રતિ પરમેશ્વરની લીલામાં અંશીની વિસ્મૃતિ તથા અંશના આત્યન્તિકતયા દ્વિતીય હોવાનો અભિનિવેશ નિવૃત્ત થઈને એક (અનન્ય) ભક્તિદ્વારા એ

પરમતત્ત્વનું ગુરૂતયા દેવતયા અને નિજાત્મતયા પણ ભાન થવા લાગે છે. આ પ્રકારથી ભાસિત થતા પરમાત્મા સ્વયં ભક્તિમાર્ગીય અર્થ હોય છે. મહાપ્રભુ શ્રીવલ્લભચાર્ય તેથી જ કહે છે **"અર્થો હરિરેવ હિ"** (વૃત્રા.ચતુ.કા.) યદ્યપિ આ ભક્તિમાર્ગીય અર્થપુરુષાર્થ તત્ત્વાત્મના અવસ્થિત છે કૃત્યાત્મના નહીં. આ સ્થિતિમાં તેને પુરુષાર્થતયા સ્વીકારવામાં જે અનુપપત્તિ સ્ફુરિત થાય છે તેને તત્ત્વ અને કૃત્યની વચ્ચે આત્યન્તિક ભેદ માનવાના દુરાગ્રહને છોડીને **"વદન્ વાક્ પશ્યન્ ચક્ષુઃ શ્રુણ્વન્ શ્રોત્રં મન્વાનો મનઃ એતાનિ કર્મનામાનિ એવ."** (બૃહ.ઉપ.૧।૪।૭) ઉપનિષત્પ્રતિપાદિત દ્રવ્ય અને ક્રિયાની વચ્ચે તાદાત્મ્ય સ્વીકારવાથી તત્ત્વરૂપ પરમાત્મા પણ પુરુષાર્થતયા કૃત્ય પણ બની જ શકે છે.

(ગ) ભાગવતભક્તિમાર્ગીય કામ : મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય કહે છે **"કામો હરિઃ દિદૃક્ષૈવ"** (ત્યાંજ) "દિદૃક્ષા" એટલે દર્શનની કામના. તે દર્શન ભક્ત્યાત્મક પણ હોઈ શકે છે, સાધનાવસ્થા કે ફલાવસ્થામાં અને પરેશાનુભાવાત્મક પણ. સાધનાવસ્થામાં પરોક્ષાનુભૂતિરૂપ અને ફલાવસ્થામાં અપરોક્ષાનુભૂતિરૂપ. પરમાત્માને આ પ્રકારથી અનુભવ કરી શકવા, સ્નેહ કરી શકવાની કામનાના વશ થતી ભૂમાસુખની પ્રતીતિમાં આરંભિક સાધનાવસ્થામાં **"યો વૈ ભૂમા તત્સુખં નાલ્પે સુખમ્ અસ્તિ."** (છાન્દો.ઉપ.૭।૨૩।૧) અનુભૂતિ નિષેધાત્મક હોવા છતાં પણ, અન્તતઃ ફલાવસ્થામાં **"આત્મૈવ અધસ્તાદ્ આત્મા ઉપરિષ્ટાદ્ આત્મા પશ્ચાદ્ આત્મા પુરસ્તાદ્ આત્મા દક્ષિણતઃ આત્મા ઉત્તરતઃ આત્મૈવ ઈદં સર્વં ઈતિ, એવં પશ્યન્ ..... એવં વિજાનન્ આત્મરતિઃ આત્માનન્દઃ સ સ્વરાડ્ ભવતિ તસ્ય સર્વેષુ લોકેષુ કામચારો ભવતિ"** (છાન્દો.ઉપ.૭।૨૫।૨) આ ભક્તિમાર્ગીય કામપુરુષાર્થ છે. આ કામપુરુષાર્થની સિદ્ધિ અહંતા-મમતાસ્પદ સકલ વસ્તુઓને બ્રહ્મ પરમાત્મા ભગવાનને સમર્પિત કરવાની પ્રપત્તિ છે એ પ્રપત્તિના પ્રેરણાર્થ કહેવામાં આવેલું છે **"પ્રપદ્યમાનસ્ય યથા**

અશ્નતઃ પુષ્ટિઃ તુષ્ટિઃ ક્ષુદપાયો અનુઘાસમ્'' (ભાગ.પુરા.૧૧।૨।૪૨)

(ઘ) ભાગવતભક્તિમાર્ગીય મોક્ષ : મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ભક્તિમાર્ગીય મોક્ષના વિષયમાં કહે છે **''મોક્ષો કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્''** (વૃત્રા.ચતુ.સુબો.) તથા **''અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વરપાદયોઃ સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યં''** (ચતુશ્લોકી-૪) આ વિધાનમાં પ્રસ્તુત મંગલાચરણની ચોથી કારિકાનું અનુકરણન સાંભળી શકાય છે. **''ઈતિ અચ્યુતાંઘ્રિં ભજતો અનુવૃત્ત્યા... પરાં શાન્તિમ્ ઉપૈતિ સાક્ષાત્''** (ભાગ.પુરા.૧૧।૨।૪૩) ભક્ત જ્યારે સર્વાત્મના ભગવાન્નો બની જાય છે. તેથી જ મહાપ્રભુ કહે છે ભક્તિમાર્ગમાં ભક્તનો અહંતા-મમતાત્મક સંસાર પણ મુક્તિરૂપ થાય છે. **''ભક્તાનાં જીવન્મુક્ત્યપેક્ષયા ભગવત્કૃપાસહિતગૃહાશ્રમઃ એવ વિશિષ્યતે''** (ત.દી.નિ.૧।૫૧)

આમાં લક્ષ્યમાં રાખવા લાયક સર્વાધિક મહત્વપૂર્ણ તથ્ય આ જ છે કે જીવાત્માની દેશ-કાલ-સ્વરૂપમાં પરિચ્છિન્નચેતનામાં અવભાસિત થતા સ્વસ્વભાવ, પરપ્રભાવ, જ્ઞાનેચ્છાપ્રયત્નજન્ય કર્મ, સ્વપરોપાધિક કર્મરૂપ વ્યવહાર, પરવ્યક્તિ/સમુદાયાહિત ન થઈ જાય એવી સાવધાનીવાળી નીતિ, શાસ્ત્રોકત દેશકાલકર્તાદ્રવ્યમન્ત્રકર્મના વિહિતાવિહિતનિષિદ્ધનો વિવેક અથવા તો કોઈ ધર્મ-દેવની અનુગામિતારૂપા ભક્તિમાં વિવિધસ્તરોપર આત્મા અને પરમાત્માની વચ્ચે ઐચ્છિક લીલાર્થ પ્રભેદને નિભાવવા પણ આત્યન્તિક પ્રભેદના દુરાગ્રહવાળા બૌદ્ધિકતા અને ભાવનાશીલતા ઉપર જ્યારે આપણે સંયમ વરતીએ છીએ ત્યારે પ્રકટ થઈ શકે છે. આ આપણી પરિસીમિતતામાં જ ભલે, કર્તુમ્ અકર્તુમ અન્યથાકર્તું સામર્થ્યથી પ્રયોગમાં લાવવાથી શકય બને છે. ધર્માર્થકામમોક્ષનું સમાયોજન પણ સરખીરીતથી નભી શકે છે. અન્યથા અસમાયોજિત આ ચારે પુરુષાર્થ, પુરુષાર્થ ન રહીને અનર્થજનક જ સાબિત થાય છે.

(મહાપ્રભુજીના અનુસાર ધર્માદિનું સ્વરૂપ)

જ્યાં સુધી ધર્માર્થકામમોક્ષનો પ્રશ્ન છે તો મહાપ્રભુજી કહે છે કે એક વાર પણ તમે ભક્તિને જો પુરુષાર્થ માન્યો તો **''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન''** (ચતુઃશ્લોકી-૧) ભજન જ આપણો ધર્મ છે, પરંતુ આનો અર્થ એવો નથી કે આપણો અધર્મ ભજનમાં અનુમત છે. ધર્મ ક્યારેય એવો નથી હોઈ શકતો કે જે અનીતિમય હોય. નીતિ કયારેય એવી નથી હોઈ શકતી કે જે અવ્યાવહારિક હોય. વ્યવહાર કયારેય એવો નથી હોઈ શકતો કે જે કર્મથી રહિત હોય. કર્મ કયારેય એવું નથી હોઈ શકતું કે જે કોઈના પ્રભાવ વિના જ પ્રકટ થતું હોય. અને પ્રભાવ કયારેય એવો નથી હોઈ શકતો કે જે તમારો મૂળ સ્વભાવ છે તેના વગર પ્રકટ થઈ શકે.

જ્યારે આપણે એ કહી રહ્યા છીએ કે ભજન અમારો ધર્મ છે તો આ બધી વાત તેમાં પાછળથી આવી રહી છે. એટલા માટે મેં પહેલા દિવસના મારા પ્રવચનમાં આ વાત બતાવી કે આપણા બ્રેન (મગજ)ની ભીતર આર્-કોમ્પલેકસ્ છે. તેના ઉપર લિમ્બિક્ સિસ્ટમ્ છે અને તેના ઉપર નિઓ-કોરટેકસ્ છે. તે નિઓ-કોરટેકસ્ની ઉપર પણ એક ફ્રન્ટલ્ લોબ છે જે વાંદરામાં ન હતો અને ઈન્સાનમાં આવી ગયો છે તે હિસ્સો જ્યાંથી આપણે પાઘડી બાંધીએ છીએ. વાંદરાના માથા ઉપર પાઘડી બાંધવી થોડું અટપટું કામ છે. કેમ કે તેને આ હાડકું નથી હોતું. પ્રકૃતિએ આપણને આ હાડકું ફક્ત પાઘડી બાંધવા માટે નથી આપ્યું પરંતુ ફ્રન્ટલ લોબ ઉજાગર કરવા માટે આપ્યું છે, જેનાથી આપણે આ બધી વાતોનું સરખી રીતે સમાયોજન કરી શકીએ. જો એ સમાયોજિત નથી તો આ હાડકું ઘસાઈ જશે અને પછી આ માથું ચપટું થઈને આપણને નરમાંથી વાનર બનાવી દે છે. સુભાષિતમાં એથી જ કહેવાયું છે કે **''મનાંસિ યત્ર ગચ્છન્તિ તત્ર ગચ્છન્તિ વાનરાઃ શાસ્ત્રાણિ યત્ર ગચ્છન્તિ તત્ર ગચ્છન્તિ વૈ નરાઃ''** આપણે વાનર છીએ કે નર છીએ તેની પકડ બસ આ ફ્રન્ટલ લોબ્ ડેવલપ્ થવો જોઈએ જે નીઓ-કોરટેકસ્ની ઉપર છે. ફ્રન્ટલ લોબ્નું

ફંકશન્ આ બધા પુરુષાર્થોનું સમાયોજન કરવાનું છે. અસમાયોજિત પુરુષાર્થ ન રહેવા જોઈએ. કેમ કે જ્યારે પુરુષાર્થ અસમાયોજિત થાય છે ત્યારે કાંઈક ને કાંઈક ઉપદ્રવ થાય જ છે. ક્યાંક ને ક્યાંક આપણે ઈન્સાનિયતથી પાછા હૈવાનિયતની તરફ જઈ રહ્યા હોઈએ છીએ.

''બસ કિ દુશ્વાર હરેક કામકા આસાં હોના,
આદમીકો ભી મયસ્સર નહીં ઈન્સાં હોના.''

આવશ્યકતા આદમીને ઈન્સાન થવાની છે. ઈન્સાનને આદમી તો બનાવ્યો જ છે. ભગવાને આદમની ઔલાદના રૂપમાં. પરંતુ એ આદમીને ઈન્સાન બનવું ખૂબ જ જરૂરી છે. ઈન્સાન બનવામાં આ પુરુષાર્થોનું સમાયોજન જ આદમીને ઈન્સાન બનાવે છે. જેના પુરુષાર્થ અસમાયોજિત બને છે તે ઈન્સાન પહેલાં આદમીના પદ ઉપર પતિત થાય છે. પછી તે હૈવાનના પદ ઉપર ચાલ્યો જાય છે. આપણી ભીતર કેટલા ટકા હૈવાનિયત છે કેટલી આદમીયત છે અને કેટલી ઈન્સાનિયત છે, તે આપણે નિશ્ચિત કરવું જોઈએ. આમ કરવાથી આપણી ભીતર દૈવીભાવ કે બ્રાહ્મીભાવ પ્રકટ થશે. **''સર્વં ખલુ ઈદં બ્રહ્મ''** બધું જ બ્રહ્મ છે. ચાહે ઈન્સાન હોય, હૈવાન હોય ચાહે આદમી હોય કે પછી દેવ હોય. બધું જ કાંઈ બ્રહ્મ છે એમાં તો કોઈ સંદેહ નથી.

તમે આટલી ધીરજપૂર્વક આ વક્તવ્ય સાંભળ્યું તેનો ઉપકાર માનવાની તો મારી આદત નથી. કેમ કે ન તો તમે મારૂં કોઈ કામ કર્યું છે અને ન મેં તમારૂં કોઈ કામ કર્યું છે. આપણે બધાએ મળીને મહાપ્રભુજીના સિદ્ધાંતોનું અવગાહન કર્યું છે જે તમારૂં પણ કર્તવ્ય છે અને મારૂં પણ કર્તવ્ય છે. આપણા બંનેનો શેયર્ (હિસ્સો) પચાસ પચાસ ટકાનો છે અને સો પ્રતિશત શેયર્ની વ્યવસ્થા મહાપ્રભુજીએ આપણને આપી છે. તેના આપણે અડધા શેર હોલ્ડર છીએ. સો પ્રતિશત તો શેયર્ કેવળ એમનો છે. એટલા માટે હું ઉપકાર તો નથી માનતો. ન તો હું તમારી પાસે અપેક્ષા રાખું છું કે તમે મારો ઉપકાર માનો. તમે મારો ઉપકાર માનશો તો તમે પાછો તમારો પચાસ પ્રતિશત શેયર્ છોડી રહ્યા છો. જે આચાર્યચરણની

વાણીનું આપણે અવગાહન કર્યું છે એમના આશ્રયનું પદ ગાન કરીને આપણે આ શિબિરનું અહીં સમાપન કરશું.

દૃઢ ઈન ચરણનન કેરો ભરોસો.
શ્રીવલ્લભનખચંદ્રછટા બિન સબ જગ માંઝ અંધેરો ભરોસો...
સાધન ઔર નહીં યા કલિમેં જાસોં હોત નિવેરો.
‘સૂર’ કહા કહે દ્વિવિધ આંધરો બિના મોલકો ચેરો....
ભરોસો દૃઢ ઈન ચરણન કેરો.

***

પરિશિષ્ટ

ધર્મ-અર્થ-કામ-મોક્ષ-ભક્તિ પુરુષાર્થોનું સમાયોજન

(ભગવદ્‌ગીતાના સત્તરમાં અધ્યાયના અનુસાર)

(ઉપક્રમ)

ધર્મવિજ્ઞાન કે તત્ત્વવિજ્ઞાન સંબંધી આર્ષ કે શ્રૌત ચિંતનમાં જે બે કે ત્રણ પદાર્થોનું સર્વાધિક મહત્ત્વ જોવામાં આવે છે તે છે : ૧યજ્ઞ ૨તપસ્ અને ૩બ્રહ્મ. પુરુષાર્થચતુષ્ટયનો વાચક 'યજ્ઞ' શબ્દ પાણિનિધાતુપાઠના અનુસાર દેવપૂજન સંગતિકરણ/સત્કાર અને દાનના અર્થોમાં પ્રયોજ્ય માનવામાં આવેલો છે. પરંતુ નિરૂક્તકાર યાસ્કદ્વારા નિર્દિષ્ટ આ અર્થના વાચક પંદર પર્યાયો અને ચતુર્વિધ નિરૂક્તિઓ, જેમ કે **"યજ્ઞો વેનો અધ્વરો મેધો વિદથો નાર્યઃ સવનં હોત્રા ઈષ્ટિઃ દેવતાતા મખો વિષ્ણુઃ પ્રજાપતિઃ ઈન્દુઃ ધર્મઃ" "યજ્ઞઃ કસ્માત્? પ્રખ્યાતં યજતિકર્મા... યાચ્ઞો ભવતિ, યજુભિઃ ઉન્નો ભવતિ, યજૂષિ એનં નયન્તિ"** (નિરુ.૩।૪।૧૯) આના આધારે આના અભિધેયાર્થનું ક્ષેત્ર ખૂબ જ વિસ્તૃત દષ્ટિગત થાય છે. આજ રીતે 'તપઃ' શબ્દ પણ અનેક અર્થો, યથા, સંતાપ ઐશ્વર્ય આલોચના આદિ અભિપ્રાયોના અનુસાર પ્રયોજ્ય થતો માનવામાં આવેલો છે. 'બ્રહ્મ' શબ્દ પણ આધાર, વિસ્તાર, અપરિચ્છિન્નતા, વાણી કે પરમતત્ત્વ આદિ અનેકાનેક અર્થોનો વાચક માનવામાં આવેલો છે.

આ ત્રણેયના અભિધેયાર્થની બાબતમાં, વાલ્લભદર્શનની શબ્દપ્રયોગરીતિના અનુસાર કાંઈક કહેવું હોય તો આ 'યજ્ઞ-તપો-બ્રહ્મ' પદોના 'પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ બધા રૂપ બને છે. પાશ્ચાત્ય પદાવલીમાં કાંઈક કહેવું હોય તો આ પ્યોર્ મેટાફિઝિકલ્ કન્સેપ્ટ્ પણ છે અને રિલીજીયસ્ કન્સેપ્ટસ્ પણ. આમ આ ત્રણેય પદ વિપુલ શાસ્ત્રોમાં ઉપલબ્ધ થતા અનેકવિધ પરસ્પર વિરોધી વિધાનો કે પ્રક્રિયાઓમાં અન્તર્નિહિત તાત્ત્વિક એકસૂત્રતાને ઉદ્‌ઘાટિત કરનારી કુંજીઓ પણ છે. આ જ કારણ છે કે આગળના અઢારમાં અધ્યાયમાં બધા આશ્રમોમાં

યજ્ઞદાનતપોરૂપ કર્મનો ત્યાગ કયારેય પણ ન કરવો જોઈએ એવું સુસ્પષ્ટ શબ્દોમાં **''નિશ્ચયં શૃણુ મે તત્ર..... યજ્ઞદાનતપઃ કર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્. યજ્ઞો દાનં તપઃ ચૈવ પાવનાનિ મનીષિણામ્''** (ભગ.ગીતા ૧૮।૪-૫) કહે છે. અહીં 'વર્ણાશ્રમિણામ્' ન કહીને 'મનીષિણામ્' કહ્યું તેનાથી પ્રત્યેક વર્ણ તથા પ્રત્યેક આશ્રમમાં યજ્ઞકર્મ દાનકર્મ અને તપઃકર્મના સ્વરૂપ યથાશાસ્ત્ર જેમ અલગ-અલગ હોય છે, તેવી જ રીતે અવર્ણાશ્રમનીઓના પણ મનીષી હોવાથી અલગ-અલગ થશે જ. આવું નહીં માનવાથી કાં તો અવર્ણાશ્રમી માવનસમુદાયને મનીષી હોવા છતાં પણ આત્મોદ્ધારના અધિકારથી વંચિત માનવા પડશે; અથવા, જે ધર્મ અને એના વિધાયક શાસ્ત્રોના અધ્યયનનો અવસર કે અધિકાર જ જેમને, ઉપલબ્ધ ન હોય એમને પણ અધિકારીતયા માન્ય રાખીને શાસ્ત્રાજ્ઞાઓની અવહેલના કરવાવાળા માનવા પડશે. આ બંને જ કલ્પ ભગવદ્ગીતોકત **''સમો અહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યો અસ્તિ ન પ્રિયઃ'' - ''શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતાઃ સમદર્શિનઃ.... નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ''** (ભગ.ગીતા ૯।૨૯-૫।૧૮-૧૯) આ બ્રાહ્મિક સ્વરૂપ તથા બ્રહ્મદર્શન સ્વરૂપથી સર્વથા વિરુદ્ધ જાય છે. અસ્તુ.

આર્ષ જીવનપ્રણાલીમાં યજ્ઞાનુષ્ઠાનની અસાધારણ મહિમા હતી. વિચારી શકાય છે કે, એટલા માટે જ, ઋષિઓની ચિંતનપ્રણાલીમાં પણ યજ્ઞને ઉપમાન બનાવીને તેને સર્વત્ર નિહારવાની વૃત્તિ પ્રકટ થઈ હશે. સંભાવના એક આ પણ વિચારી શકાય છે કે આર્ષ ચિંતનપ્રણાલીમાં સૃષ્ટિના કાર્ય-કારણોના સ્વરૂપ, ઉપાદાન-નિમિત્તરૂપ હેતુ અથવા કૃતિ-પ્રયોજન આદિના તાત્ત્વિક રૂપોના પ્રત્યે નિજી સંવેદનશીલતાના અનુરૂપ શ્રદ્ધાવભાત થતી યજ્ઞરૂપતાની અન્તઃસ્ફુરણાવશ, અને અનુષ્ઠેય ધર્મમાં પણ તેવી મૌલિક મહિમાના આધાનાર્થ તેને 'યજ્ઞ' કહેવું-માનવું ઉચિત લાગ્યું હશે.

આમાં બીજી સંભાવના મને વધારે બલવતી લાગે છે. કેમ કે ઋક્સંહિતા હોય કે યજુસ્સંહિતા હોય, સર્વત્ર સૃષ્ટિના નિર્માતા અને તેની

નિર્મિતિના યજ્ઞ અને યજ્ઞકર્તાના રૂપમાં પ્રતિપાદન મળે છે. આટલું જ નહીં પ્રત્યુત યજ્ઞાધિષ્ઠાતા દેવરૂપ અગ્નિને પણ સર્વરૂપ માનીને એની પાર્થિવ અભિવ્યક્તિને પણ યજ્ઞવેદિમાં પરમાત્માના રૂપમાં નિહારવામાં આવેલ છે.

> **‘‘યત્ પુરુષેણ હવિષા દેવાઃ યજ્ઞમ્ અતન્વત... દેવાઃ યદ્ યજ્ઞં તન્વાનાઃ અબધ્નન્ પુરુષં પશું... પુરુષં જાતમ્ અગ્રતઃ. તેન દેવાઃ અયજન્તઃ સાધ્યાઃ ઋષયઃ ચ યે. તસ્માદ્ યજ્ઞાત્ સર્વહુતઃ સમ્ભૃતં પૃષદ્ આજયમ્. પશૂન્ તાન્ ચક્રે વાયવ્યાન્ આરણ્યાન્ ગ્રામ્યાન્ ચ યે. તસ્માદ્ યજ્ઞાત્ સર્વહુતઃ ઋચઃ સામાનિ જજ્ઞિરે. યજ્ઞેન યજ્ઞમ્ અયજન્ત દેવાઃ તાનિ ધર્માણિ પ્રથમાનિ આસન્.’’**
>
> **‘‘ઇન્દ્રં મિત્રં વરુણમ્ અગ્નિમ્ આહુઃ, અથો દિવ્યઃ સ સુપર્ણોગરુત્માન્. એકં સદ્ વિપ્રાઃ બહુધા વદન્તિ અગ્નિં યમં માતરિશ્વાનમ્ આહુ.’’**
>
> **‘‘અગ્નિમ્ ઈળે પુરોહિતં, યજ્ઞસ્ય દેવમ્, ઋત્વિજં, હોતારં રત્નધાતમમ્.’’**

(ઋકસંહિતા. ૧૦।૯૦।૬-૯, ૧।૧૬૪।૪૬, ૧।૧।૧).

આ શ્રુતિવચનોમાં સૃષ્ટિકર્તા સૃજનક્રિયા અને સૃષ્ટિપ્રયોજનના રૂપોમાં યજ્ઞકર્તા યજ્ઞાનુષ્ઠાન યજ્ઞરૂપતાસિદ્ધિરૂપ પ્રયોજન સ્પષ્ટ ઝલકી રહ્યા છે. યજ્ઞાત્મક કર્મના અનુષ્ઠાનાર્થ યજ્ઞદેવ યજ્ઞપુરોહિત યજ્ઞફલદાતા જ નહીં પ્રત્યુત અન્ય પણ બધા દેવતાઓની યજ્ઞદેવાત્મકતા પણ બતાવવામાં આવી છે. સાથે સાથે જ યજ્ઞનું વિષ્ણુ (સર્વવ્યાપિ) હોવાનું અને વિષ્ણુનું યજ્ઞ(કર્મ) રૂપ હોવાનું પણ ઘોષિત છે.

તેથી દેશ-કાલ-સ્વરૂપાત્મના અપરિચ્છિન્ન એ એક પરમતત્ત્વના દેશ-કાલ-સ્વરૂપાત્મના પરિચ્છેદયુકત અનેકભાવાપન્ન થવું જ યજ્ઞાત્મિકા એક તાત્ત્વિક પ્રક્રિયા છે. આ જ રીતે ભૂતકાલિક વર્તમાનકાલિક ભવિષ્યત્કાલિક કે ત્રૈકાલિક રૂપોમાં અનેકભાવાપન્ન સત્યની કાલાતિત

એકાત્મકતાના અનુસંધાનાર્થ દેશઅકાલ-સ્વરૂપાત્મના પરિચ્છિન્ન પુરુષની અભ્યર્થનાવશ અનુષ્ઠિત થતા કર્મ/ધર્મ હોવું પણ યજ્ઞનું રૂપ માનવામાં આવેલ છે.

‘તપ’ પણ એકના અનેકવદ્‌ભાવાપન્ન થવાની પ્રક્રિયાના અંગતયા પ્રતિપાદિત થયેલ છે. તે અનેકવદ્‌ભાવાપન્ન થવાની પ્રક્રિયા અનાલોચિત સ્વભાવોપાત્ત કે આકસ્મિક પ્રક્રિયા નથી, એ જણાવવા માટે સૃષ્ટિનિર્માણના સંદર્ભમાં જ તપનું નિરૂપણ પણ વેદોની સંહિતાઓ અને ઉપનિષદોમાં પણ આપણને મળે છે. એટલા જ માટે આવા નિરૂપણ આ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ તરફ આપણું ધ્યાન આકૃષ્ટ કરે છે.

> **“તમઃ આસીત્ તમસા ગૂઢમ્ અગ્રે. અપ્રકેતં સલિલં સર્વમ્ આ ઈદં તુચ્છયેન આભુ અપિહિતં યદ્ આસીત્. તપસઃ તદ્ મહિના અજાયત એકમ્.”**
>
> **“સ તપો અતપ્યત સ તપઃ તપ્ત્વા ઈદં સર્વમ્ અસૃજત યદ્ ઈદં કિઞ્ચ.”**
>
> **“બ્રહ્મ વા ઈદમ્ અગ્રે આસીત્. તદ્ આત્માનમેવ અવેદ ‘અહં બ્રહ્મ અસ્મિ’ ઈતિ. તસ્માત્ તત્ સર્વમ્ અભવદ્. તદ્ યો દેવાનાં પ્રત્યબુધ્યત સએવ તદ્ અભવત્, તથા ૠષીણાં, તથા મનુષ્યાણામ્”**
>
> (ૠકસંહિતા ૧૦।૧૧।૧૨૯, તૈત્તિ. ઉપ.૨।૬, બૃહ.ઉપ.૧।૪।૧૦)

એતાવતા ‘તપઃ’ શબ્દ પણ કેવળ પ્રાયશ્ચિત્તરૂપ સંતાપરૂપ કે શારીરિક કષ્ટસાધ્ય પ્રયાસરૂપી અનુષ્ઠેય ધર્મ ન હોઈને અનેકવદ્‌ભાવાપન્ન સૃષ્ટિના પોતાના મૌલિક સ્વરૂપમાં રહેલી એકમેવાદ્વિતીય પદાર્થની સૃષ્ટિનિર્માણાનુકૂલ મૌલિક વિમર્શાત્મક તત્પરતા પણ છે. આને જ બ્રહ્મોપાદાનક જાગતિક પુરૂષોની બ્રાહ્મિક અવસ્થાના રૂપમાં પણ સમજાવવામાં આવેલું છે. (તુલ.યાજ્ઞ.સ્મૃતિ.૧।૧૯૮-૨૦૩) અને તેનો દેવોથી માંડીને મનુષ્યપર્યન્ત બધાના માટે શ્રદ્ધાત્મક સ્વીકાર, સ્વપ્રયત્નોપાર્જિત બોધ અને અંતમાં સાક્ષાત્કાર કે બ્રહ્માનુભૂતિના રૂપમાં

ફલિત હોવું પણ માન્ય રાખવામાં આવેલું છે.

(ભગવદ્‌ગીતોક્ત યજ્ઞતપોદાનનો બ્રાહ્મિક આયામ)

ભગવદ્‌ગીતાના સત્તરમાં અધ્યાયમાં વેદોપનિષદોમાં પ્રતિપાદિત આ યજ્ઞ દાન તપ અને એના બ્રાહ્મિક સમાયોજનની અતીવ મનોરમ વ્યાખ્યા મળે છે. આ ત્રણેય પદોનું અવલંબન કરી આપણા અનેક પુરુષાર્થોને કેવી રીતે સમાયોજીત કરવા એની બાબતમાં થોડાક મહત્વપૂર્ણ સંસૂચન આ અધ્યાય પ્રદાન કરે છે. આનો સંપિંડિત સ્વોપજ્ઞ રૂપ પણ અધ્યાયાન્તમાં ઉપદિષ્ટ થયેલ છે. આ શબ્દોમાં :

> **“[ક]ૐ [ખ]તત્ [ગ]સદ્ ઈતિ નિર્દેશો બ્રહ્મણઃ ત્રિવિધઃ સ્મૃતઃ, બ્રાહ્મણાઃ તેન વેદાઃ ચ યજ્ઞાઃ ચ વિહિતા પુરા. [ક]તસ્માદ્ ૐ ઈતિ ઉદાહૃત્ય યજ્ઞદાનતપઃ ક્રિયાઃ પ્રવર્તન્તે વિધાનોક્તાઃ સતતં બ્રહ્મવાદિનાં. [ખ]‘તદ્’ ઈતિ અનભિસન્ધાય ફલં યજ્ઞતપઃક્રિયાઃ દાનક્રિયાઃ ચ વિવિધાઃ ક્રિયન્તે મોક્ષકાંક્ષિભિઃ, [ગ]સદ્‌ભાવે સાધુભાવે ચ ‘સદ્’ ઈત્યેતત્ પ્રયુજ્યતે, પ્રશસ્તે કર્મણિ તથા ‘સત્’ શબ્દઃ પાર્થ યુજ્યતે. યજ્ઞે તપસિ દાને ચ સ્થિતિઃ ‘સદ્’ ઈતિ ચ ઉચ્યતે, કર્મ ચૈવ તદર્થીયં ‘સદ્’ ઈત્યેવ અભિધીયતે. અશ્રદ્ધયા હુતં દત્તં તપસ્ તપ્તં કૃતં ચ યત્, ‘અસદ્’ ઈતિ ઉચ્યતે પાર્થ નચ તત્ પ્રેત્ય નો ઈહ.”**
> (ભગ.ગીતા.૧૭|૨૩-૨૮)

બ્રહ્મના આ ત્રણ નિર્દેશોમાં સર્વપ્રથમ [ક]ૐ કાર ‘અ+ઉ+મ્’ = ૐ’ ત્રણ ધ્વનિઓનું એકીકૃત રૂપ છે. પ્રસિદ્ધ જ છે કે અકાર વૈખરીનાદના આદિમ કંઠરૂપ ઉદ્‌ભવસ્થાનીય સ્પૃષ્ટપ્રયત્ન દ્વારા પ્રકટ થનારી પ્રથમ ધ્વનિ છે. મકાર અંતિમ અધરોષ્ઠરૂપ ઉદ્‌ભવસ્થાનીય સ્પૃષ્ટપ્રયત્નદ્વારા પ્રકટ થતી અંતિમ ધ્વનિ છે, કેમકે મકારના ઉચ્ચારણાર્થ અધરોષ્ઠના એકબીજાથી

જોડાઈને બંધ થઈ જવાથી કોઈ પણ શબ્દનો ઉચ્ચાર શકય નથી રહી જતો. ઉકાર મધ્યપાતી અધરોષ્ઠરૂપ ઉદ્‌ભવસ્થાનીય વિવૃતપ્રયત્નદ્વારા પ્રકટ થનારી મધ્યપાતી ધ્વનિ છે, કેમકે ઉકારના ઉચ્ચારણાર્થ ન તો પૂર્ણતયા મુખ બંધ કરવું આવશ્યક હોય છે અને ન પૂર્ણતયા ખુલ્લુ રાખવું પણ.

એટલા માટે જ આદિમધ્યાવસાનવાળા પ્રત્યેક પદાર્થોના સમેકિત સ્વરૂપનો વાચક આ એકાક્ષર ૐકાર બની જાય છે. એને સ્વભાવ-કર્મકાલરૂપા બ્રાહ્મિક શક્તિ. બ્રહ્મા-વિષ્ણુ-રૂદ્ર રૂપ અધિદેવ, સત્ત્વ-રજ-સ્તમોરૂપ પ્રકૃતિગુણ, ઉત્પત્તિ-સ્થિતિ-લયરૂપ ભાવવિકાર, ભૂર્ભુવસ્સ્વર્લોકત્રયી, જ્ઞાતૃત્વ-કર્તૃત્વ-ભોકતૃત્વસામર્થ્યવાન્ જીવાત્મા કે નિશ્ચય-સંશય-ભ્રમરૂપા બુદ્ધિવૃત્તિઓ વગેરે અનેક ત્રૈતઘટિત પદાર્થોના સમેકિત એક બ્રાહ્મિક સ્વરૂપનો વાચક આ ૐકારરૂપ એકાક્ષર બની જાય છે. **"ૐ ઈતિ બ્રહ્મ, ૐ ઈતિ ઈદં સર્વમ્"** (તૈત્તિ.ઉપ.૧।૧૬).

દ્વિતીય [ખ]'તત્' નિર્દેશ યદ્યપિ પરોક્ષવસ્તુનું વાચક સર્વનામ છે. જ્યાં સુધી, પરંતુ, બ્રહ્મનો પ્રશ્ન છે તેને પરોક્ષ માનવું કે સાક્ષાદ્ અપરોક્ષ માનવું? આ દુવિધાનું સમાધાન બ્રહ્મના ઉભયરૂપ હોવાના કારણે અશકય માનવામાં આવેલું છે તેથી જ બૃહદારણ્યકોપનિષદ્‌માં આવે છે કે ઉષસ્ત ચાક્રાયણે બ્રહ્મનું સાક્ષાદ્ અપરોક્ષ વેરીફિકેશન્ કરવા કે જાણવા ઈચ્છયું. સમાધાનરૂપે, પરંતુ યાજ્ઞવલ્કયે કહ્યું **"એષ તે આત્મા સર્વાન્તરઃ.... ન દ્રષ્ટેઃ દ્રષ્ટારં પશ્યેઃ, ન શ્રુતેઃ શ્રોતારં શ્રુયુયાઃ, ન મતેઃ મન્તારં મન્વીથાઃ, ન વિજ્ઞાતેઃ વિજ્ઞાતારં વિજાનીયાઃ એષ તે આત્મા સર્વાન્તરો"** (બૃહ.ઉપ.૩।૪।૧-૨) એટલે કે ખૂદની દ્રષ્ટતા = આત્મસાક્ષાત્કારમાં જો તેનો અપરોક્ષ સાક્ષાત્કાર ઓળખી ન શકાતો હોય તો તેનો દ્રષ્ય પદાર્થોમાં અપરોક્ષ સાક્ષાત્કાર સર્વથા દુઃશક બની જાય છે. કેમ કે ખૂદ દ્રષ્ટાની દ્રષ્ટિસામર્થ્યતયા જ તેને અન્વિત માનવામાં આવેલ છે. તેથી જ કેનોપનિષદ્‌માં પણ **"યત્ ચક્ષુષા ન પશ્યતિ યેન ચક્ષૂંષિ પશ્યતિ, તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ, ન ઈદં યદ્ ઈદમ્ ઉપાસતે"** (કેનોપ.૧।૬) કહેવામાં

આવેલ છે. તેથી જ **‘‘એતદાત્મ્યમ્ ઈદં સર્વમ્. સ આત્મા. તત્ ત્વમ્ અસિ’’** (છાન્દો.ઉપ.૬।૮।૭) ઉપદેશના પૂર્વાંશમાં ‘ઈદં’ પદથી અપરોક્ષતા અને ‘સર્વમ્’ પદથી પરોક્ષતાની જેમ ‘તત્’ પદથી તેની પરોક્ષતા અને ‘ત્વં’ પદથી અપરોક્ષતા પણ પ્રકટ કરવામાં આવેલી છે, બંનેની વચ્ચે આત્મતાદાત્મ્યના ઉપદેશદ્વારા. તેથી જ બૃહદારણ્યકોપનિષદ્ ના **‘‘દ્વે વાવ બ્રહ્મણો રુપેઃ મૂર્તઞ્ચૈવ અમૂર્તઞ્ચ, મર્ત્યઞ્ચ અમૃતઞ્ચ, સ્થિતઞ્ચ યચ્ચ, સચ્ચ ત્યઞ્ચ… અથાતઃ આદેશો ‘ન’–ઈતિ ‘ન’–ઈતિ, નહિ એતસ્માદ્ ઈતિ ‘ન’ ઈતિ અન્યત્ પરમ્ અસ્તિ. અથ નામધેયં ‘સત્યસ્ય સત્યમ્’ ઈતિ. પ્રાણાઃ વૈ સત્યં તેષામ્ એષ સત્યમ્’’** (બૃહ.ઉપ.૨।૩।૧–૬) કહેવામાં આવેલું છે. તેથી પરોક્ષાપરોક્ષવસ્તુઓની જેમ પરોક્ષાપરોક્ષબોધના પણ મૂલાધાર હોવાના રૂપમાં ‘તત્’ આ બ્રહ્મનો નિર્દેશ સિદ્ધ થાય છે.

બ્રહ્મનો તૃતીય નિર્દેશ [ગ]‘સત્’ પૂર્વોલ્લિખિત **‘‘સત્ ચ ત્યં ચ’’** માં પ્રયુકત સૃષ્ટયન્તઃપાતી વસ્તુના વાચક ‘સત્’ પદથી અલગ છે. આ છાન્દોગ્યોપનિષદ્ તથા તૈત્તિરીયોપનિષદ્માં પ્રયુકત **‘‘સદ્–એવ… ઈદમ્ અગ્રે આસીદ્ એકમેવ અદ્વિતીયમ્ ….. તદ્ એક્ષત બહુ સ્યાં પ્રજાયેય’’ – ‘‘અસદ્ વા ઈદમ્ અગ્રે આસીત્. તતો વૈ સદ્ અજાયત. તદ્ આત્માનં સ્વયમ્ અકુરુત.’’** (છાન્દો.ઉપ.૬।૨।૧, તૈત્તિ.ઉપ.૨।૭) આ અને આવા શ્રુતિવચનોમાં નિર્દિષ્ટ બ્રહ્મનામ છે.

આ બધા શ્રુતિવચનોને એકસૂત્ર કરવામાટે જ ભગવાને ગીતામાં કહ્યું છે :

> **‘‘દ્વૌ ઈમૌ પુરુષૌ લોકે ક્ષરઃ ચ અક્ષરએવ ચ. ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થો અક્ષરઃ ઉચ્યતે (દ્રષ્ટ. ‘‘યઃ સ સર્વેષુ ભૂતેષુ નશ્યત્સુ ન વિનશ્યતિ અવ્યકતો અક્ષરઃ ઈતિ ઉક્તઃ તમ્ આહુઃ પરમાં ગતિં, યં પ્રાપ્ય ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ’’**
>
> (ભગ.ગીતા .૮।૨૦–૨૧)

ઉત્તમઃ પુરુષસ્તુ અન્યઃ 'પરમાત્મા' ઈતિ ઉદાહૃતઃ. યો લોકત્રયમ્ આવિશ્ય બિભર્તિ અવ્યય ઈશ્વરઃ. યસ્માત્ ક્ષરમ્ અતીતો અહમ્ અક્ષરાદપિ ચ ઉત્તમઃ, અતો અસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ. યો મામ્ એવમ્ અસંમૂઢો જાનાતિ પુરુષોત્તમઃ, સ સર્વવિદ્ ભજતિ માં સર્વભાવેન.''

(ભગ.ગીતા. ૧૫|૧૬-૧૯)

જેને બૃહદારણ્યકોપનિષદ્‌માં **''અન્યત્ પરમ્ અસ્તિ''** કહ્યું એ જ અહીં 'પુરુષોત્તમ' પદથી અભિપ્રેત છે. એટલે કે પરિસીમિત અંશરૂપ ક્ષરપુરુષ અને અક્ષરપુરુષની અપરિસીમિત અંશિરૂપા તે સમષ્ટિ છે.

પુરુષોત્તમની આ પુરુષોત્તમતા કેવળ ક્ષરથી અતીત અને અક્ષરથી ઉત્તમ હોવાના સીમિત અભિપ્રાયવશ નથી. કેમકે ક્ષરપુરુષમાં અક્ષરપુરુષ કૂટસ્થ ઉપાદાનતયા આશ્રયભાવાપન્ન થઈને અન્તર્નિહિત હોય છે. તેવી જ રીતે અક્ષરપુરુષને પોતાનું ધામ બનાવીને તેમાં પુરુષોત્તમ પણ અન્તઃસ્થિત માનવામાં આવેલ છે. તેથી જ પરમ અંશી પુરુષોત્તમને જાણી શકનારને ભગવાન્ 'સર્વવિદ્' કહી રહ્યા છે. એટલા જ માટે પોતાના ભજનની ઈતિકર્તવ્યતાના રૂપમાં પણ 'સર્વભાવ'પૂર્વક કરવામાં આવતા ભજન ઉપર ભાર દઈ રહ્યા છે. એટલે કે ક્ષર કે અક્ષરની વચ્ચે અન્યતર માનીને નહીં. શિવપુરાણમાં પણ, તેથી જ, શિવની પુરુષત્તમતયા ભજનીયતા પ્રતિપાદિત કરવા **''નિર્ગુણાય નમઃ તુભ્યં પુનશ્ચ સગુણાય ચ પુનઃ પ્રકૃતિરુપાય પુનશ્ચ પુરુષાય ચ પશ્ચાદ્ ગુણસ્વરુપાય નમો વિશ્વાત્મને નમઃ.''** (શિવપુરાણ. ૫|૧૧|૨૮) આવી સર્વભાવનિયામિકા વિશ્વાત્મતા નિરૂપિત કરવામાં આવી છે.

(સત્તરમાં અધ્યાયમાં પ્રતિપાદ્ય ઉપદેશ)

આ બધી વાતોના સારતત્ત્વતયા આ વિવક્ષિત છે કે **''ૐ તત્ સત્''** આ બ્રાહ્મિક નિર્દેશોના શ્રદ્ધારહિત ક્રિયાચારણરહિત બોધરહિત તેમજ

ભાવરહિત માત્ર ઉચ્ચારણના કર્મકાંડથી આપણી સ્વભાવજન્યક્રિયા, પ્રભાવજન્યક્રિયા, જ્ઞાનેચ્છાપ્રયત્નજન્યકર્મ, વ્યવહાર, નીતિ, ધર્મ, મુક્તિ કે ભક્તિ; અથવા ધર્મપુરુષાર્થ અર્થપુરુષાર્થ કામપુરુષાર્થ કે મોક્ષપુરુષાર્થ વગેરે બધા સંપૂર્ણરૂપથી સમાયોજીત કે વ્યવસ્થિત થઈ જશે, એવું માની લેવું તો પ્રત્યક્ષબાધિત કથા થશે.

ઉદાહરણતયા, કેમકે, ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વયંના વિષયમાં ક્ષરાક્ષરાંશી પુરુષોત્તમ હોવાના જ્ઞાનને અસંમૂઢતાના રૂપમાં બિરદાવી રહ્યા છે, આવી સ્થિતિમાં શ્રીકૃષ્ણમૂર્તિને પુરુષોત્તમ હોવાના રૂપમાં સર્વભાવથી, જેમ કોઈ ભજન કરતું હોય, તેવી જ રીતે બીજો કોઈ એ જ પુરુષોત્તમનું ભજન લાભપૂજાની અભિવૃદ્ધિના પ્રયોજનવશ વ્યાવસાયિક પ્રદર્શનાર્થ પ્રતિષ્ઠાયિત શ્રીકૃષ્ણમૂર્તિનું ભજન પણ તો કરી જ શકે છે. આ રીતે ભજન કરવાવાળાને, પરન્તુ, અસંમૂઢ નહીં પરંતુ એનાથી પણ આગળ અતિસંમૂઢ જ માનવો ઉચિત થશે કેમકે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું આ પ્રકારનું ભજન ન તો યથાવિધાન છે, કે ફલાકાંક્ષારહિત અને ભગવદર્થ પણ નથી. (જૂઓ અમૃતવચનાવલી ફ.સં.૧|ખ, ૪|ક, ૬,૮,૯ અને ૧૦). તેથી આ રીતના પુરુષોત્તમના ભજનને અર્થ-કામપ્રયુકત દંભલોભાદિ દોષોવાળું તથા મનોનિગૂઢ રાજસ-તામસ આસુરભાવની અભિવ્યક્તિ જ માનવું યોગ્ય છે. જેમ આધુનિક યુગમાં અમે વલ્લભવંશજ આચાર્યોને પોતાની સંતતીના વિવાહવ્યયોપાર્જનાર્થ, નવી ગાડી વગેરે સુખસુવિધાના નિર્વાહાર્થ, અથવા નવો બંગલો બાંધવા માટે, છપ્પનભોગ ભાગવતકથા કે વ્રજયાત્રાના મિથ્યા આડંબરોવાળા શ્રીકૃષ્ણભજનનું પ્રદર્શન કરવા માટે લાચાર બનવું પડે છે.

છતાં પણ વૈયક્તિક ચૌખટની પરિસીમાઓમાં ઉભરતા બોધ આકાંક્ષા પ્રયત્ન મનોભાવોમાં ઘેરાઈને કોઈ પુરુષાર્થ કે અનર્થના આચરણમાં ગળાડૂબ થવાથી, બુદ્ધિશાળી પશુના રૂપમાં પરિભાષિત માનવને પણ, પોતાની પશુતાના કુંડાળામાંથી બહાર નિકળી શકવાનો

મોકો જ નથી આપતું. તેથી જ શિવપુરાણમાં પણ **“ધર્માદ્ અર્થો, અર્થતો ભોગો, ભોગાદ્ વૈરાગ્યસમ્ભવઃ, ધર્માર્જિતાર્થભોગેન વૈરાગ્યમ્ ઉપજાયતે. વિપરિતાર્થભોગેન રાગએવ પ્રજાયતે”** (શિવપુરાણ ૧।૧૩।૫૦-૫૨) કહેવામાં આવ્યું છે. પરંતુ કર્મનું યજ્ઞરૂપથી અનુષ્ઠાન ‘યજ્ઞ’ પદના વિવિધ અર્થોનું પ્રેરક અવશ્ય બની શકે છે. તેથી જ ભૂતયજ્ઞ મનુષ્યયજ્ઞ પિતૃયજ્ઞ દેવયજ્ઞ અને બ્રહ્મયજ્ઞ માનવને તેના નિવાસસ્થળરૂપ દેશ, વર્તમાન કાલ, અને વૈયક્તિક સ્વરૂપની મર્યાદાના ચોકઠાની બહાર નિકળવા માટે પ્રેરક બની શકે છે. જોઈ શકાય છે કે મનુષ્ય સિવાયના પ્રાણિઓનું કે પરિવાર સિવાયના મનુષ્યોનું પોતાના ઘર કે દેશ (સ્થાન)માં વસવાનું જરૂરી નથી. તેથી એમના પ્રત્યે પોતાના કર્તવ્યબોધ અને સેવાભાવથી પ્રયુક્ત ધર્માચરણમાં વૈયક્તિક વર્તમાનકાલિક દેશમર્યાદાઓમાં ઘેરાયેલા વ્યક્તિને તેમાંથી બહાર લાવવાનો એક લઘુતમ ઉપક્રમ બની શકે છે. પ્રત્યેક પ્રાણિસમુદાય આનુવંશિકતયા કોઈક સંસ્કાર કે વાસનાઓના ઘેરામાં ઘેરાયેલ રહે જ છે. માનવસમુદાય, પરંતુ જો ભૂતકાલીન પિતૃઓના પ્રત્યે પણ પોતાનો કોઈક કર્તવ્યબોધ કે કર્તવ્યભાવ નિભાવી શકતો હોય તો પોતાના ભૂતકાલિન ઈતિહાસથી તે સર્વથા અજાણ નહીં રહી શકે. અને તે વર્તમાનની ક્ષુદ્ર પરિધિને ઓળંગીને કર્તવ્યનિર્ધારિણ ક્ષમતા કેળવી શકનારી કથા થશે. દેવતાઓના સ્વરૂપ પૂર્વસિદ્ધ અને ભાવિસાધ્યના પ્રભેદવશ અલગ માનવામાં આવેલા છે. તેથી તે માનવને દેવરૂપતાની પ્રાપ્તિના પ્રેરક બનીને ભવિષ્યત્કાલિન કર્તવ્યબોધ અને કર્તવ્યભાવોના પ્રત્યે પણ સભાન બનાવશે. આમ ભૂત વર્તમાન અને ભવિષ્યકાળના ત્રણેય તત્તદ્ આયામોના પ્રત્યે સભાન બનાવવા માટેનો ઉપક્રમ પંચવિધ યજ્ઞોના અંતર્ગત ભૂત પ્રાણિ મનુષ્ય અને દેવના યજ્ઞોમાં ક્રિયાન્વિત થાય છે. બ્રહ્મયજ્ઞ માનવને ત્રણે કાલના સમાહૃત એટલે કે ત્રૈકાલિક સનાતન મૂલ્યોના પ્રત્યે સભાન બનાવી શકે છે. તેથી જ યજ્ઞાનુષ્ઠાનના અંતર્ગત દેવતાઓ પાસે યજમાન જગત્કલ્યાણ અને આત્મકલ્યાણની યાચના કરે છે, આ જ રીતથી યજમાન પાસેથી જનતા સત્કાર અને કલ્યાણ ઈચ્છે છે, આ પૌરાણિક કથાઓમાં જોઈ શકાય છે. તેથી દેવપૂજા સત્કાર અને

દાનના રૂપોમાં આ યજ્ઞોના સ્વરૂપને વણીલેવામાં આવ્યા છે.

આ યજ્ઞ અને દાનરૂપ કર્તવ્યોના નિર્વાહમાં તપોરૂપતા ઉભર્યા વગર રહી શકતી નથી.

આ અહીં અવધેય (ધ્યાન આપવા યોગ્ય) છે કે સ્વશાસ્ત્રોકત આ યજ્ઞ-તપો-દાનના સ્વરૂપ સર્વદેશ સર્વકાલ સર્વજનોંના માટે એક સરખા માનીને પોતાના સમુદાય કે પોતાના શાસ્ત્રો દ્વારા અનુમોદિત ધર્મપુરુષાર્થ અર્થપુરુષાર્થ કામપુરુષાર્થ મોક્ષપુરુષાર્થ કે ભક્તિપુરુષાર્થ સિવાયના બીજા બધા રૂપોને અધર્મ અનર્થ નિષિદ્ધવાસના બન્ધ કે અભક્તિ માની લેવામાં તો ઇતરજનોંના પ્રત્યે દ્વેષ-માત્સર્ય-કલહકારી પોતાના અહંકારનુંજ સંવર્ધન-પરિપોષણ બનશે, પુરુષાર્થોનું નહીં. એથી જ ભગવદ્ગીતાના પ્રસ્તુત સત્તરમાં અધ્યાયમાં આ તરફ મોક્ષના સાત્ત્વિક રાજસ અને તામસ પ્રકારોમાં **''સત્ત્વાનુરુપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ.... શ્રદ્ધામયો અયં પુરુષઃ યો યચ્છ્રદ્ધઃ સએવ સઃ''** (ત્યાં જ ૧૭।૩) સ્વીકારીને એના સ્વભાવપ્રયુકત ઉત્કર્ષાપકર્ષના નિરૂપણની સાથે-સાથે શ્રદ્ધારહિત થવાથી સર્વવિધ નિરર્થકતા પણ બતાવવામાં આવી છે. સાત્ત્વિક રાજસી કે તામસી કોઈપણ પ્રકારની શ્રદ્ધાથી રહિત થવાથી, સ્પષ્ટતમ શબ્દોમાં **''અશ્રદ્ધયા હુતં દત્તં તપઃ તપ્તં કૃતં ચ યદ્ 'અસદ્' ઈતિ ઉચ્યતે પાર્થ નચ તત્ પ્રેત્ય નો ઈહ.''** (ત્યાંજ : ૧૭।૨૮) વિધાનદ્વારા યજ્ઞ-દાન-તપના સ્વાભીષ્ટ ઉત્કૃષ્ટ પ્રકારોથી અલગ તથાકથિત અપકૃષ્ટ પ્રકારોની વિભિન્ન શ્રદ્ધાઓથી પ્રયુકતતયા માન્ય રાખીને તેને સર્વથા નિરર્થક નથી માનતી. અને આ પ્રકારે જોઈ શકાય છે કે ઇતરાવિરોધેન સ્વકર્તવ્યમાં તત્પર થવું પોતાના વિભિન્ન પુરુષાર્થોને સમાયોજિત રાખવાનો સર્વપ્રથમ ઉપક્રમ સિદ્ધ થાય છે. તેથી જ **''ધર્માર્થકામમોક્ષાખ્યાઃ પુરુષાર્થાઃ સનાતનાઃ શ્રદ્ધાવતાં હિ સિદ્ધયન્તિ''** (નારદીય પુરા.૪।૧૯) સદૃશ (તેના જેવા જ) અન્ય પણ શ્રદ્ધામાહાત્મ્યના પ્રતિપાદક વચનોમાં સત્વાનુરૂપા શ્રદ્ધાનો સિદ્ધાંત ક્યારેય ભૂલાવવો ન જોઈએ.

(શ્રદ્ધાત્રયવિભાગ પોતાના માર્ગચયનાર્થ છે નહીં કે બીજાઓની સાથે પ્રતિસ્પર્ધાર્થ દ્વૈષાર્થ કે કલહાર્થ)

બ્રાહ્મિક તત્ત્વચિંતન અને સદાચારની બાબતમાં અબ્રાહ્મિક ચિંતકોને આ વાત હંમેશા ખટકવાવાળી લાગે છે કે જો કોઈ સાધના કે આસ્થાનો પ્રકાર પરમાર્થતઃ સત્ય છે તો તે સર્વદેશ સર્વકાલ અને સર્વજન સાધારણ કેમ નહીં? ૐકારની સર્વરૂપતાના નિરંતર જપ કરવા પછી પણ ૐકારનો મૂલાભિપ્રાય એમના હૃદયમાં પ્રકટ નથી થઈ શકતો તેથી જેમ ધર્મ-અર્થ-કામ-મોક્ષ-ભક્તિરૂપ પુરુષાર્થોની સાધના પરસ્પર અવિરોધી હોવી આવશ્યક છે. તેવી જ રીતે પોતાના અભિષ્ટ પ્રકારથી ભિન્ન પ્રકારની સાધના કે આસ્થાની સાથે અવિરુદ્ધતયા અનુષ્ઠાનની બ્રાહ્મિકી શ્રદ્ધા પનપી નથી શકતી તો, તે પણ ભગવદ્ગીતાના પ્રમુખતમ ઉપદેશ્ય આદર્શની અસહ્ય-અક્ષમ્ય અવહેલના પ્રતીત થાય છે.

મનુષ્યથી ઈતર આકીટસ્તમ્બેરમ બધા પ્રાણિઓમાં પોત-પોતાની કામનાસંતુષ્ટિના ઉપાયની બાબતમાં અર્થ અને તેના બાધકની બાબતમાં અનર્થ હોવાની અવધારણાની જેમ, સુખપ્રદના કામ્ય અને દુઃખપ્રદના અકામ્ય હોવાની અવધારણા હેતુભૂત પૃથક્કરણ કરનારો વિવેકબુદ્ધિ સહજસિદ્ધ રહે છે. આ ‘અર્થ-કામ’ના, સંનિહિતા દેશકાલમાં અનુભૂયમાન સ્વરૂપથી ઉભરીને અસંનિહિત દેશ-કાલમાં પણ સંભવિત રૂપોનો વિવેક કરી શકવાની ક્ષમતા સંનિહિત દેશકાલસ્થિત સુખોમાં નિરૂઢ આસક્તિને ક્ષીણ બનાવી દે છે. તેથી જ મનુસ્મૃતિકાર કહે છે **‘‘અર્થકામેક્ષુ અસક્તાનાં ધર્મજ્ઞાનં વિધીયતે’’** (મનુસ્મૃ.૨।૧૩) અભિપ્રાય આ જ છે કે ધર્મની કસૌટી ઉપર ખરા ઉતરે ત્યારે જ સર્વપ્રાણિસાધારણ અર્થ-કામનું અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થના રૂપમાં ઉદાત્તીકરણ થઈ શકે છે કેમ કે વ્યક્તિચેતનાની સાથે જોડાયેલી ત્રિગુણાત્મિકા પ્રકૃતિના વિકારરૂપ ચિત્ત અહંકાર મન બુદ્ધિ પ્રાણ ઈન્દ્રિય વગેરેના કારણ ચેતનામાં પણ ઔપાધિક ત્રિગુણાત્મકતા તો પનપી જ જાય છે. (જૂઓ ભાગ.સુબો.૩।૨૬।૧૯-૫૦). એટલા માટેજ જ્યારે પણ ક્યાંય-કોઈક બાબતમાં શ્રદ્ધાશીલતા

પ્રકટ થતી હોય તો તેમાં ઔપાધિક સ્વભાવસિદ્ધ ત્રિગુણોમાંથી કોઈ એક ગુણની પ્રધાનતા અને અપર બે ગુણોની અપ્રભાવશાલિતા રહે છે. તેથી, શ્રદ્ધાનુભૂતિ અને શ્રદ્ધાસ્પદની સ્વીકૃતિના કારણે, આપણા જ્ઞાન ઈચ્છા અને પ્રયત્નોનું અપ્રભાવિત રહી શકવું શક્ય નથી રહી જતું. ફલરૂપે આપણા કર્મ વ્યવહાર નીતિ ધર્મ મુક્તિ કે ભક્તિના ત્રિગુણાત્મિકા પ્રકૃતિના અનુસાર જ ધર્મ્યાધર્મના વિભાગ અને આભ્યન્તર સ્વીકૃતિમાં ધર્માધર્મના વિભાગ પોતાના કોઈ સ્વરૂપમાં ૐકારની પરિધિથી બહાર નથી જઈ શકતા. એટલા માટે આ શ્રદ્ધાત્રયવિભાગના આધારતલના રૂપમાં કેટલાંક ભગવદ્ગીતોકત સૂત્રોને બુદ્ધિગત કરી લેવા ઉપયોગી લાગે છે.

૧. ‘‘અક્ષરં બ્રહ્મ પરમં, સ્વભાવો અધ્યાત્મમ્ ઉચ્યતે, ભૂતભાવોદ્ભવકરો વિસર્ગઃ ‘કર્મ’સઞ્જ્ઞિતઃ, અધિભૂતં ક્ષરો ભાવઃ, પુરુષઃ ચ અધિદૈવતમ્, અધિયજ્ઞો અહમેવ અત્ર દેહે દેહભૃતાં વરઃ’’ (૮|૩-૪)

૨. ‘‘સર્વભૂતાનિ કૌન્તેય પ્રકૃતિં યાન્તિ મામિકાં, કલ્પક્ષયે પુનઃ તાનિ કલ્પાદૌ વિસૃજામ્યહં પ્રકૃતિં સ્વામ્ અવષ્ટભ્ય વિસૃજામિ પુનઃપુનઃ ભૂતગ્રામમ્ ઈમં કૃત્સ્નમ્ અવશં પ્રકૃતેઃ વશાત્. નચ માં તાનિ કર્માણિ નિબધ્નન્તિ.....ઉદાસીનવદ્ આસીનમ્ અસકતં તેષુ કર્મસુ. મયા અધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરં હેતુના અનેન... જગદ્ વિપરિવર્તતે.’’ (૯|૭-૧૦)

૩. ‘‘યે ચૈવ સાત્ત્વિકા ભાવાઃ રાજસાઃ તામસાઃ ચ યે મત્તએવ ઈતિ તાન્ વિદ્ધિ નતુ અહં તેષુ તે મયિ. ત્રિભિઃ ગુણમયૈઃ ભાવૈ એભિઃ સર્વમ્ ઈદં જગત્ મોહિતં ન અભિજાનાતિ મામ્ એભ્યઃ પરમ્ અવ્યયમ્’’ (૭|૧૨-૧૩)

૪. ‘‘ભોગૈશ્વર્યપ્રસકતાનાં તયા અપહૃતચેતસાં, વ્યવસાયાત્મિકા બુદ્ધિઃ સમાધૌ ન વિધીયતે. ત્રૈગુણ્યવિષયાઃ

વેદાઃ નિસ્ત્રૈગુણ્યોભવ'' (૨|૪૪-૪૫)

૫. ''યજ્ઞાર્થાત્ કર્મણો અન્યત્ર લોકો અયં કર્મબન્ધનઃ, તદર્થં કર્મ... મુક્તસંગઃ સમાચર. સહયજ્ઞાઃ પ્રજાઃ સૃષ્ટ્વા પુરા ઉવાચ પ્રજાપતિઃ, અનેન પ્રષવિષ્યધ્વમ્ એષ વો અસ્તુ ઈષ્ટકામધુક્.... તસ્માત્ સર્વગતં બ્રહ્મ નિત્યં યજ્ઞે પ્રતિષ્ઠિતમ્ સર્વેઽપિ એતે યજ્ઞવિદો યજ્ઞક્ષપિતકલ્મષાઃ યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મ સનાતનમ્. નાયં લોકો અસ્તિ અયજ્ઞસ્ય કુતો અન્યઃ?'' (૩|૯-૧૫, ૪|૩૦-૩૧).

૬. ''સર્વકર્માખિલં... જ્ઞાને પરિસમાપ્યતે... ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનઃ તત્ત્વદર્શિનઃ.... યેન ભૂતાનિ અશેષેણ દ્રક્ષ્યસિ આત્મનિ અથો મયિ. અપિ ચેદ્ અસિ પાપેભ્યઃ સર્વેભ્યઃ પાપકૃત્તમઃ, સર્વં જ્ઞાનપ્લવેનૈવ વૃજિનં સંતરિષ્યસિ... જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્ કુરુતે તથા. નહિ જ્ઞાનેન સદૃશં પવિત્રમ્ ઈહ વિદ્યતે... શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ...'' (૪|૩૩-૩૯)

૭. ''દૈવી હિ એષા ગુણમયી મમ માયા દુરત્યયા મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે'' (૭|૧૪).

૮. ''માં ચ યો અવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે, સગુણાન્ સમતીત્ય એતાન્ બ્રહ્મભૂયાય કલ્પતે.'' (૧૪|૨૬)

બ્રહ્મ અધ્યાત્મ કર્મ અધિભૂત અધિદેવ અને અધિયજ્ઞના બાબતમાં પ્રશ્નકર્તાની જિજ્ઞાસાના અનુરૂપ પણ એ જ ક્રમાનુસારી છે :

૧. પાંચ તત્ત્વોનું પૃથક્-પૃથક્ ઉપન્યાસ (સૂચન, કથન, સમાધાન, રજૂઆત) અહીં કરવામાં આવેલું છે કે કોણ શું છે. તેના અંતર્ગત અધ્યાત્મનું સ્વભાવતયા નિરૂપણ ત્રિગુણાત્મક અન્તઃકરણ પ્રાણ અને બાહ્યેન્દ્રિય વગેરેની ઉપાધિવશ જીવાત્માના ગુણબંધનના હેતુતયા કરવામાં

આવેલું છે.

૨. બીજા વચનમાં સમગ્ર અધિભૂતોના ઉપાદાનતયા પોતાની સ્વાધીન ત્રિગુણાત્મિકા પ્રકૃતિને અને નિમિત્તભૂત સ્વતન્ત્ર ગુણાતીત કર્તાના રૂપમાં પોતાને જ ભગવાન્ ગણાવી રહ્યા છે, એ સ્થિતિમાં સૃષ્ટિમાં શ્રદ્ધા બુદ્ધિ યત્ન અને તજ્જન્ય પુરુષાર્થોના પ્રભેદોના અનન્યહેતુના રૂપમાં ન પ્રકૃતિ (અથવા માયા/શૈતાન/ઈચ્છાસ્વાતન્ત્ર્ય), ન જીવાત્મા; અને બીજું પણ કાંઈ નહીં સ્વયં કર્તુમકર્તુમન્યથાકર્તું સમર્થ પરમાત્મા જ વિવક્ષિત છે. કેમકે અંશી-ઉપાદાન બ્રહ્મનું આ આંશિક પરિવર્તનરૂપી ઉત્પાત બ્રહ્મમાં અંશાત્મા ઘટિત થવા છતાં પણ સ્વયં અંશી બ્રહ્મ આ પરિચ્છેદમાં બંધાતો તો નથી. એટલે કે સેર-સપાટા માટે પર્વતારોહણ કરવાથી શરીરના ચરણ વગેરે અંગોને થતો પરિશ્રમ અંગીને જેમ દુઃખી નથી બનાવતો તેમ જ. અને અંશરૂપ જીવાત્માઓને પણ આનાથી ત્રાણ, આ સ્થિતિમાં, યથોક્ત બ્રાહ્મિક ૐતત્‌સત્‌ના અવધાન કરવાથી શક્ય બની જાય છે અન્યથા નહીં. તેથી આને સર્વથા અજાતિ અવિકૃતપરિણામ વિકૃતપરિણામ સંઘાતારંભ કે વિવર્તપરિણામના ઉપમાનોમાં તોળી નથી શકાતો.

૩. આ ત્રિગુણાત્મિકા પ્રકૃતિના કારણે પ્રકટ થતા સાત્ત્વિક રાજસ કે તામસ ભાવોના પ્રાકટ્યકર્તા તો સ્વયં ભગવાન્ જ છે તો પણ સ્વયં આત્મસૃષ્ટ ગુણોના આધિન નથી થતા આ પણ દર્શાવે છે. નિષ્કર્ષરૂપેણ અંશરૂપ જીવાત્મા જે આ પ્રાકૃત ગુણોથી અભિભૂત થઈ જાય છે, તે પોતાના જેવા જો અંશિરૂપ પરમાત્માને પણ માનતો હોય તો, તે એવી આંશિક મતિ આ પ્રાકૃત ગુણોના ચમત્કારથી મોહિત જ હોવાના કારણે પ્રકટ થઈ જાય છે.

૪. આ વચનમાં ભગવાન્, એટલા માટે જ, ચિત્તાપહારક આ ગુણોના બંધનથી પ્રકટ થનારા અહંકારના પોષક ઐશ્વર્ય અને મમતાના પોષક વિષયભોગથી ઉભરીને કર્મયોગ જ્ઞાનયોગ પ્રપત્તિયોગ અથવા

ભક્તિયોગમાં બ્રાહ્મિકતા પ્રકટ કરવાની પ્રેરણા આપી રહ્યા છે. જેથી વિભિન્ન પુરુષાર્થોનું સમાયોજન સરખી રીતથી જીવાત્માને માટે શક્ય બની શકે. એટલા માટે ધર્માર્થકામપુરુષાર્થોની પ્રાસંગિકતા જેમ જીવાત્માના ત્રિગુણાત્મિકા પ્રકૃતિના વિકારરૂપ બાહ્યાભ્યન્તર કરણોની ઉપાધિ ઉપર અવલંબિત છે, તેમ ચતુર્થ મોક્ષપુરુષાર્થની પ્રાસંગિકતા એ પ્રાકૃત ક્રિયાજ્ઞાનોપકરણોથી ઉપહિત (ઉપાધિયુક્ત, જોડાયેલું) કર્તૃ-ક્રિયાકરણજન્ય કર્માત્મા અને જ્ઞાતૃ-જ્ઞાનકરણજન્ય જ્ઞાનાત્માથી પૃથક્ શુદ્ધચૈતન્યાત્માના ત્રિગુણાતીત સ્વરૂપ ઉપર અવલમ્બિત હોય છે.

૫. સ્વયં સૃષ્ટિકર્તા દ્વારા જે સૃષ્ટિ પ્રકટ થઈ તે એકમેવાદ્વિતિયાત્મા દ્વારા આત્માદ્વૈતમાં આત્મયાજનની પ્રક્રિયાને વશ ઉભરેલ ઐચ્છિક દ્વૈત છે **“બ્રહ્માર્પણં બ્રહ્મહવિઃ બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતં બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના”** (ભગ.ગીતા. ૪।૨૪) ન્યાયથી તેથી સૃષ્ટિમાં પણ જે આવી બ્રાહ્મિકતાથી સમ્પન્ન યજ્ઞદાનતપઃ કર્મોને નિભાવતો હોય તો કર્મથી પણ, જ્ઞાનવાદિઓની જેમ હઠવાદિતાગ્રસ્ત ધારણાથી વિપરિત, સર્વગત નિત્ય બ્રહ્મને પ્રતિષ્ઠાપિત કરી બ્રહ્મપ્રાપ્તિ શક્ય બની જાય છે. આ ત્રિગુણપ્રવર્તક હોવાછતાં પણ ત્રિગુણાતીત થવાના સમષ્ટિના અનુરૂપ વ્યષ્ટિને વર્તવાનું ‘ઉઁતત્સત્’ નું જ ધર્માર્થકામમોક્ષના સમાયોજનનું કર્મમાર્ગીય કે કર્મયોગનું ઉદ્બોધન છે.

૬. કર્મવાદી ભલે કેવળ કર્માનુષ્ઠાનના સાતત્યઉપર ભાર દેતા હોય જેમ જ્ઞાનવાદી “ૠતે જ્ઞાનાદ્ ન મુક્તિ” ને એકાન્તિક સત્ય માને છે. ભક્તિવાદી પણ આ જ રીતે ભક્તૈકલભ્યતા ઉપર ભાર દે છે પરંતુ વિશ્વરૂપ બતાવીને ભગવાને આ પણ સ્પષ્ટ કરી દીધું છે કે જે ભક્તિથી શક્ય છે એ જ ભગવત્પ્રદત્ત દિવ્યદષ્ટિદ્વારા પણ શક્ય છે. અન્યથા દ્વેષભાવવાળાઓને થયેલા ભગવત્સાક્ષાત્કારના બધા પૌરાણિક ઉપાખ્યાનોને મિથ્યા માનવા પડશે. આનાથી સૃષ્ટિકર્તા સૃષ્ટિના ઉપાદાનભૂત બ્રહ્મની સામર્થ્યને ઈયત્તામાં પરિસીમિત કરવા સિવાય અન્ય કોઈ બ્રાહ્મિક આયામ પ્રકટ નથી થઈ શકતો. જે ઉઁ હોય તે તત્ ન થઈ

શકતો હોય અને તત્ હોય તે સત્ ન થઇ શકતો હોય તો, બ્રહ્મનો ત્રિવિધ નિર્દેશ કાં તો પરસ્પરવ્યાહત હોવાને કારણે સામાનાધિકરણ્યથી રહિત થઇ જશે, અથવા ત્રણે જ સુન્દોપસુન્દન્યાયથી પરસ્પર વ્યાવર્તક થઇ જશે. તેથી પુરુષાર્થસમાયોજનની પ્રક્રિયાના અંતર્ગત વિવિધ શ્રદ્ધાઓના કર્મકારણ અને જ્ઞાનશ્રદ્ધાની વચ્ચે એકતર જડ઼ પક્ષધર બન્યા વગર ઇતરંતરસહિષ્ણુ થવું. ભગવદ્‌ગીતાના સત્તરમા અધ્યાયમાં ઉપદિષ્ટ આદર્શરીતિ છે. ભગવદ્‌ગીતામાં એથી જ યજ્ઞદાનતપોરૂપ કર્મસાધનામાં ઉઁતત્સત્ જેમ અવિસ્મરણીય છે તેવી જ રીતે બ્રહ્મજ્ઞાનસાધનામાં પણ ઉઁતત્સત્ અવિસ્મરણીય માનવામાં આવેલ છે, જ્ઞાનીના પણ બધા પુરુષાર્થોને સમાયોજીત રાખવા માટે. અન્યથા “અહં બ્રહ્મ અસ્મિ” માં જ જો બ્રહ્મને બદલે રૂચિભાર કે કાકુ (ક્રોધ, શોક કે ભયમાં બોલતાં સ્વરમાં થતો ફેરફાર, કરડાકી કે વ્યંગમાં બોલવું) અહં ઉપર આવતો હોય તો આપણે જોઇ ગયા છીએ કે ચેતનામાં અહન્તા પ્રાકૃત વિકાર અહંકારોપાધિક હોવાના કારણે તેવી અહંકારોપાધિક અનુભૂતિ ત્રિગુણપરિધિમાં ઘેરાયેલી જ રહે છે. ત્રિગુણાતીત નથી થઇ શકતી.

૭. આ વચનમાં ભગવાને આ સ્પષ્ટ જ કરી દીધું છે કે ત્રિગુણપ્રવર્તક ત્રિગુણાતીત ભગવાન્‌ની શરણાગતિ વગર ત્રિગુણાત્મિકા માયાને પાર કરવી શક્ય નથી. તેથી પોતાના શરણાગત જીવને ભગવાન્ સ્વયં કર્મસાધના કે જ્ઞાનસાધના વગર મુક્ત કરવા જો સમર્થ ન હોય તો ભગવાન્ પણ માયાને આધિન સિદ્ધ થશે. ત્યારે તો સૃષ્ટિના નિર્માણાર્થ પણ માયા, ભગવાન્‌ને આધિન રહેવાના બદલે ભગવાન્‌ને આધિન બનાવીને સૃષ્ટિની નિર્માત્રી સિદ્ધ થશે અંતે ‘મામેવ’ અને ‘નિજાત્માનેવ’ પ્રયોગોની વચ્ચે પાર્થક્યની કાંઇક તો ગંભીરતા ધ્યાનમાં રાખવી જ જોઇએ. કેમકે સ્વયં ભગવાને પણ પાંચમા વચનમાં આ તો સ્વીકાર્યું જ છે કે **“યજ્ઞાર્થાત્ કર્મણો અન્યત્ર લોકો અયં કર્મબન્ધનઃ”** તેથી કર્મનું એકાન્તિકરૂપમાં બન્ધનકારી હોવું ગીતાને અભિપ્રેત પ્રક્રિયા નથી લાગતી. કેમ કે ત્રિગુણાત્મિકા પ્રકૃતિની ઉપાધિને આધિન જે કર્મ આત્માની

કર્તૃતાનું બહાનું બનાવીને પ્રકટ થાય છે તેનો કર્તા પોતાને માનવો ભગવાન્‌ના અનુસાર ગુણસંમોહ છે. તેથી સ્વયં કર્તા જ જો ન હોય તો એવું કર્મ બન્ધનરૂપ બની નહીં શકે. અન્યથા અન્યકૃત કર્મ પણ બન્ધન થવા લાગે તો જ્ઞાન પણ એ કર્મોના મલથી આવૃત્ત થઈને મુક્તિ પ્રદાન કરવા માટે સક્ષમ નહીં રહી જાય. **"પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ, અહંકારવિમૂઢાત્મા કર્તા અહમ્ ઈતિ મન્યતે"** (ભગ.ગીતા.૩।૨૭). એથી જ ભગવાન્ આ પણ કહે છે કે **"મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્ય અધ્યાત્મચેતસા... યે મે મતમ્ ઈદં નિત્યમ્ અનુતિષ્ઠન્તિ માનવાઃ શ્રદ્ધાવન્તો અનસૂયન્તો મુચ્યન્તે તેઽપિ કર્મભિઃ. યેતુ એતદ્ અભ્યસૂયન્તો ન અનુતિષ્ઠન્તિ મે મતં, સર્વજ્ઞાનવિમૂઢાન્ તાન્ વિદ્ધિ નષ્ટાન્ અચેતસઃ"** (ભગ.ગીતા.૩।૩૦-૩૨) એટલા માટે કર્મને બંધનરૂપ માનવું પણ એક પ્રાકૃત વિકારપ્રયુકત બંધન સિદ્ધ થાય છે. એ સ્થિતિમાં યજ્ઞદાનતપોરૂપ કર્મોની અપરિહાર્યતા અનુક્ત સિદ્ધ થતી હોવા છતાં પણ તેથી જ યજ્ઞદાનતપને કર્માંગતયા કે જ્ઞાનાંગતયા પ્રપત્યંગતયા અથવા ભક્ત્યંગતયા નિભાવવાથી તો બ્રાહ્મિક સંદર્ભ જ ઉજાગર થાય છે, પ્રાકૃત વૈકારિક સંદર્ભ નહીં. તેથી જ ભગવાન્ બધાને માટે એક જ વાત સમજાવવા માગે છે. **"નિશ્ચયં શ્રૃણુ મે તત્ર ત્યાગે... યજ્ઞદાનતપઃકર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્, યજ્ઞો દાનં તપઃ ચૈવ પાવનાનિ મનીષિણામ્. એતાન્યપિ તુ કર્માણિ સંગં ત્યક્ત્વા ફલાનિ ચ કર્તવ્યાનિ ઈતિ મે... નિશ્ચિતં મતમ્ ઉત્તમં. નિયતસ્ય તુ સંન્યાસઃ કર્મણો નોપપદ્યતે. મોહાત્ તસ્ય પરિત્યાગઃ તામસઃ પરિકીર્તિતઃ"** (ભગ.ગીતા. ૧૮।૪-૭). સ્પષ્ટ છે કે આ નિયતિ કોઈ અધિકારીને માટે શ્રદ્ધાધિગત-શાસ્ત્રથી નિયત થશે તો કોઈના માટે સ્વભાવનિયત પણ. એથી જ ભગવાને **"યતઃ પ્રવૃત્તિઃ ભૂતાનાં યેન સર્વમ્ ઈદં તતં, સ્વકર્મણા તમ્ અભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ... સ્વભાવનિયતં કર્મ કુર્વન્ નાપ્નોતિ કિલ્બિષં, સહજં કર્મ.... સદોષમપિ ન ત્યજેત્. સર્વારમ્ભા હિ દોષેણ ધૂમેન અગ્નિરિવ આવૃતાઃ"** (ભગ.ગીતા.૧૮।૪૬-૪૮) સ્પષ્ટીકરણ આપી જ રાખ્યું છે.

૮. આનો અપવાદ ત્યારે સંભવ છે જ્યારે ભગવાન્ સ્વયં કોઈ જીવાત્માનું શરણાગત કે ભકતના રૂપમાં વરણ કરતા હોય. અન્યથા જીવાત્માની સાધનાનુષ્ઠાનૌપયિક અહંતાના શિથિલ થઈને સર્વેશાંશી ભગવાન્ પ્રત્યે અભિમુખ થવાથી એટલે કે ઈશ્વર જ પ્રાણિમાત્રની ભીતર અંતર્યામિના રૂપમાં બિરાજમાન બધા જીવાત્માને યન્ત્રારૂઢ પુરુષની જેમ સાધુ/અસાધુ કર્મમાં પ્રવૃત્ત કરતા હોય તો, પોતાની અહંતાના બળ ઉપર કરવામાં આવતા કે છોડ઼ી દેવામાં આવતા સદસત્કર્મોની કોઈ પ્રાસંગિકતા લાગવી બંધ થઈ જતી હોય તો, નિઃસાધનભાવપૂર્વક ભગવત્-શરણમાં આવી જવું જ એકમાત્ર અવલમ્બનીય કલ્પ રહી જાય છે (જૂઓ કૌષી.ઉપ. ૩।૮, ૧૮।૧૫-૧૭, ૬૧-૬૨). આ કૌષીતકયુપનિષદ્ અને ગીતોપનિષદ્માં સર્વાધિક મહત્ત્વપૂર્ણ જે નિર્દેશન આ બાબતમાં આપવામાં આવેલ છે તે છે **''એષ લોકપાલઃ એષ લોકાધિપતિરેવ સર્વેશઃ સ મે આત્મા ઈતિ વિદ્યાત્''**, **''સર્વધર્માન્ પરિત્યજ્ય મામ્ એકં શરણં વ્રજ અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ''** (કૌષી.ઉપ.૩।૮, ભગ.ગીતા. ૧૮।૬૬). આમ તો 'શરણ' પદ ગૃહ રક્ષક વધ અને રક્ષણના અર્થોમાં પ્રયોજ્ય હોય છે (જૂઓ અમરકોષ રામાશ્ર ૩।૩।૫૫). અહીંયા પરન્તુ, 'શરણ' પદ આત્મભિન્ન કોઈ સમર્થ રક્ષકના બદલે સર્વેશાત્મતયા રક્ષક હોવાના અર્થમાં ગ્રાહ્યતર લાગે છે. તેથી જ શરણગમનને બદલે શરણ-આગમનના રૂપમાં અભિપ્રેત છે. આનાથી વિપરીત બૌદ્ધ ત્રિશરણ ''શરણં ગચ્છામિ'' ના રૂપમાં પ્રયુકત થયું છે. પોતાની અહંતાને બુદ્ધ ધમ્મ અને સંઘના આધિન બનાવીને સાધનાનુષ્ઠાનાર્થ પ્રેરિત થવા દેવી તેથી અપરિહાર્ય નથી. બૌધ સાધનામાં **''આત્મગ્રહો મહામોહઃ પ્રથમં તન્નિવૃત્તિતઃ મમ કિં નાહમેવ ઈતિ વિરંસ્યતિ મમગ્રહઃ''** (જૂઓ. મા.મે.૨.શ્લો.વા.૨૮)આદર્શના અનુસાર અહંતા-મમતાને નિઃશેષ બનાવવાનું પ્રયોજન છે, નૈરાત્મ્યવાદના અનુકૂલ. આ જ પ્રકારથી ઉત્તરોત્તર વિકાસમાન શરણાગતિનો અપર પ્રકાર શાંકર વેદાન્તી શ્રીમધુસૂદન સરસ્વતીએ પણ પ્રતિપાદિત કર્યો છે.

"'તસ્યૈવ અહં', 'મમૈવ અસૌ' 'સએવ અહમ્' ઇતિ ત્રિધા ભગવચ્છરણત્વં સ્યાત્ સાધનાભ્યાસપાકતઃ" (ભગ.ગીતા. મધુસૂ.૧૮।૬૬). ઉત્તરોત્તર વિકસમાન શરણાગતિના આ પ્રકારમાં અને વાલ્લભ વેદાન્તાભિમત પ્રકારની વચ્ચે પ્રભેદ શું? આ સમજવું હોય તો થોડુંક ક્રમભેદવાળું તારતમ્ય અવલોકનીય છે. જેમ **"સ એવ અહં' ચ 'તસ્ય અહં', 'મમૈવ અસૌ' ઇતિ ત્રિધા, શરણાગતિર્હિ જીવસ્ય બ્રહ્મલીલાનુસારિણી"** એટલે કે મૂલતઃ બધું જ બ્રહ્મ જ છે ન ઇહ નાના અસ્તિ કિંચન પરંતુ જ્યારે એજ પુરુષોત્તમ લીલયા અનેક નામ-રૂપ-કર્મોને ધારણ કરીને અનેકાત્મના પ્રકટ થતા હોય તો તેના માહાત્મ્યબોધતયા 'સએવ અહમ્' શ્રદ્ધા અને જ્ઞાનના પ્રયોગદ્વારા અસંમૂઢતયા તેને જાણી લેવું આવશ્યક છે. આ માહાત્મ્યજ્ઞાનનો પરન્તુ, દુરુપયોગ તેની અનેકભાવાપત્તિની લીલાના વિલોપનાર્થ કરવાને બદલે અનુકૂલ્યેન લીલામાં ઐચ્છિક નાનાત્વના અનુસરણાર્થ ઉચિત માનવામાં આવેલ છે. તેથી સાધનાવસ્થામાં 'તસ્યૈવ અહં' દૈન્ય યજ્ઞદાનતપોરૂપ કર્મના નિર્વાહની એની લીલેચ્છાના રૂપમાં અપેક્ષિત થાય છે. પુરુષોત્તમાંશરૂપ જીવાત્મા પુરુષ, જ્યારે આવા માહાત્મ્યને વશ એ નિજ અંશીના પ્રત્યે અનન્યસ્નેહભાવથી પણ ઉદ્વેલિત થઇ શકતો હોય ત્યારે તો, 'મમૈવ અસૌ' નો પ્રેમાત્મક દ્વૈત પ્રિય અને પ્રેમીની વચ્ચે અવભાસિત થવા લાગે છે. આ પ્રેમ ન તો બ્રાહ્મિક સ્વરૂપથી અને ન બ્રાહ્મિક લીલાથી વિરોધમાં જનારી કથા છે. આ તો શરણાઽઽગતિમાં ઉભરેલી અનન્યતાનો સ્થાયિભાવ બનીને ભગવદ્ભક્તિના માર્ગ ઉપર અગ્રસર થવાની કથા પ્રકટ થઇ છે. શરણાગતિના અંતર્ગત પોતાની અહંતાના સમર્પણ પછી જીવાત્મા નિજ મમતાના સમર્પણાર્થ પણ સમુદ્યત બની જાય છે.

એટલે કે પ્રથમ સચ્ચિદાનંદ બ્રહ્મના અનેકાનેક સદંશો કે સચ્ચિદંશોની સાથે જોડાવાના કારણે અસ્તવ્યસ્તભાવાપન્ન મમતા એ અંશીની સાથે જોડાઇ જવાને કારણે, પૂર્વકાલિક મમતાસ્પદોને અધિષ્ઠાનઉપર મિથ્યારોપની જેમ બાધિત માન્યા વિના. અંશીના વ્યાપક

આયામમાં પોતાને અંશાત્મના નિહાળતી અંશીના પ્રત્યે સર્વાત્મના સમર્પિત બની જાય છે. તેથી અહીં પહોંચે ત્યારે 'ૐ' કારના 'તત્'કારની સાથે સમાયોજન થઈને અંતમાં 'સત્'કારની સાથે પણ સમાયોજન ફલિત બની જાય છે.

૯. તેથી જ આવા માહાત્મ્યજ્ઞાન પછી વિકસેલો સુદૃઢસર્વતોઽધિક સ્નેહ ભક્તિની નિષ્કૃષ્ટ પરિભાષાના રૂપમાં માન્ય કરવામાં આવેલ છે. આવી ભક્તિ જેને સિદ્ધ થઈ શકતી હોય તેના વિષયમાં ભગવાન્ કહે છે. **''માં ચ યો અવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે સ ગુણાન્ સમતીત્ય એતાન્ બ્રહ્મભૂયાય કલ્પતે.''** (ભગ.ગીતા.૧૪।૨૬)

અહીં આ ફરીથી સ્મરણીય બની જાય છે કે બ્રાહ્મિક નિર્દેશત્રયીમાં જેમ સકલત્રૈતની સમષ્ટિ 'ૐ'કાર છે. તેવી જ રીતે 'તત્'કાર અને 'સત્'કાર પણ છે. તેથી મુક્તિદશામાં ત્રૈતસમષ્ટિના વિદેહમુક્તિરૂપ એકાન્તિક બાધ કે દ્વૈતવાસનાવશ જીવન્મુક્તિરૂપ કે ઉપાસનાર્થકલ્પિત દ્વૈતરૂપા બાધિતાનુવૃત્તિની કલ્પના અહીં અપરિહાર્ય (અનિવાર્ય) નથી રહી જતી. બ્રહ્મભૂયસ્તા, તેથી, બ્રાહ્મિક સ્વરૂપ અને લીલા બંનેના અનુકૂલ હોય છે, બંનેમાંથી કોઈના પણ પ્રતિકૂલ નહીં. કેમ કે ત્રિગુણાત્મિકા પ્રકૃતિને પોતાના સ્વાધીન રાખીને બ્રહ્મ ત્રિગુણાતીત હોવા છતાં પણ ત્રિગુણાત્મિકા લીલા જેમ કરી શકે છે, તેવી જ રીતે જીવાત્મા પણ ત્રિગુણાતીત થવા છતાં પણ ત્રિગુણાત્મિકા સૃષ્ટિમાં પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું સર્વભાવેન ભજન કરવામાં દ્વૈત કે અદ્વૈતની એકાન્તિકતાના બંધનથી મુક્ત થઈને બ્રહ્મતાદાત્મ્યના અનુભવાર્થ તેમજ વ્યવહારાર્થ સક્ષમ બની જાય છે. જો ભક્તિ કદાચ આવી અવસ્થામાં પર્યવસિત ન બની શકતી હોય તો પૂર્વવર્ણિત સંમૂઢતા જ ભક્તિમાં પણ પ્રકટ થતી માનવી પડશે, અસંમૂઢતા નહીં. આમ આવા અવ્યભિચારિભક્તિયોગ દ્વારા પ્રકૃતિના ત્રણ ગુણોથી ઉભરીને પુનઃ બ્રહ્મભૂયસ્તાની પ્રાપ્તિ ન આત્યન્તિક બ્રહ્મતા છે અને ન આત્યન્તિક અબ્રહ્મતા પણ. તેથી જ આવી અવસ્થામાં ત્રિગુણાત્મિકા પ્રકૃતિવશ

મળેલા પ્રાકૃત ઉપકરણોને કારણે જે ત્રૈવર્ગિક પુરુષાર્થ આયાસ લાગતો હતો અને તેથી જ ત્રિગુણાતીત નિજસ્વરૂપમાં અવસ્થિત થવાની છટપટાહટ થતી હતી એ પણ આ વળાંક ઉપર ક્ષીણ થઈ જાય છે. ભાગવતમાં એથી જ કહેવામાં આવ્યું છે **"ભગવતિ તસ્મિન્ વાસુદેવે એકાન્તતો ભક્તિઃ અનયોરપિ સમનુવર્તતે, યસ્યામેવ કવયઃ આત્માનમ્, અવિરતં વિવિધવૃજિનસંસારતાપોપતપ્યમાનમ્ અનુસવનં સ્નાપયન્તઃ, તસ્યૈવ પરયા નિર્વૃત્ત્યા હિ અપવર્ગમ્ આત્યન્તિકં પરમપુરુષાર્થમપિ સ્વયમેવ આસાદિતં નોએવ આદ્રિયન્તે"** (ભાગ.પુરા.૫।૬।૧૬-૧૭).

ધર્મ અર્થ કામ મોક્ષ રૂપી પુરુષાર્થચતુષ્ટયી ભક્તિવશાત્ ભગવલ્લીલાનો જ અનુભાવ બની જાય છે. તેથી આત્મપુરુષાર્થતયા અનાદરણીય હોવા છતાં પણ પરમાત્મલીલાના રૂપમાં અનાદરણીય નથી રહી જતી. આમ પુરુષાર્થચતુષ્ટયીનો સ્વસ્તિક ભક્તિની પરિધિમાં અન્તર્ભૂત થઈ જવાને કારણે ભક્તિસ્વરૂપાન્તઃપાતી બની જાય છે. વસ્તુતઃ તો બધું જ ભગવદાત્મક બની જાય છે. કેમકે ભાગવતમાં આ ઉલ્લેખ મળે છે કે સૃષ્ટિના નિર્માણનો આદેશ આપતી વખતે ભગવાને જ આ જતાવી દીધું કે **"અહમ્ આત્મા આત્મનાં ધાતઃ પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ અતો મયિ રતિં કુર્યાદ્ દેહાદિઃ યત્કૃતે પ્રિયઃ"** (ભાગ.પુરા.૩।૯।૪૨). મહાપ્રભુ વલ્લભાચાર્ય, તેથી જ ભગવાન્‌ની પંચવિધ પુરુષાર્થરૂપતા સમજાવવા માટે એક મનનીય વિધાન કરે છે કે પુરુષ પ્રાણીને માટે સેવનીય રૂપ પાંચ પ્રકારના હોય છે : [ક]સ્વાત્મા=ભક્તિમૂલ હોવાથી ભક્તિપુરુષાર્થરૂપ, [ખ]સ્વદેહ=સર્વકામમૂલ હોવાથી કામપુરુષાર્થરૂપ, [ગ]સ્વધન=સર્વકામસંતુષ્ટિસાધન હોવાથી અર્થપુરુષાર્થરૂપ, [ઘ]ઈશ્વર= મુક્તિદાતા હોવાને કારણે મોક્ષપુરુષાર્થરૂપ અને [ઙ]નિત્યકર્મ = ધર્મમૂલ હોવાથી ધર્મપુરુષાર્થરૂપ. ભગવાનના આ પંચવિધરૂપોની વ્યાખ્યા કરતાં એક મનનીય સ્પષ્ટીકરણ આ પણ મળે છે કે **"પ્રીતિસ્તુ ભગવદ્ધર્મો, ભગવાન્ સર્વેભ્યો તં ખંડશો દત્તવાન્ સુખાર્થમ્. અતો યત્રૈવ પ્રીયતે તત્ સુખં ભવતિ."** (સુબો.૨।૨।૭) સાથે સાથે આ વધુ સ્પષ્ટીકરણ આપ્યું

છે કે **“અતઃ સ્નેહઃ પદાર્થાન્તરં, સ ભગવન્નિષ્ઠએવ ભગવદ્વિષયકો, જ્ઞાનવદ્ ઐશ્વર્યવદ્ વા, ભગવત્સમ્બન્ધાત્ તન્નૈકત્યાદ્ વા અન્યત્રાપિ ભાસતે. ઉષ્ણસ્પર્શવદ્ યથા-યથા ભગવન્નૈકટ્યં તથા-તથા સ્નેહાતિશયઃ”** (સુબો.૧।૧૯।૧૬).

(અજ્ઞે જ્ઞાનાય શાસ્ત્રજ્ઞે દમ્ભદર્પનિવૃત્તયે બ્રહ્મજ્ઞે મુક્તયે મુક્તે ભક્ત્યર્થ ભક્તિરીપ્સિતા)

આ સ્થિતિમાં ભગવલ્લીલાદષ્ટ્યા આપણી પ્રીતિના આલમ્બન નિષિદ્ધવિષય હોય કે ત્રૈવર્ગિક પુરુષાર્થ અથવા ત્રિગુણાતીત અપવર્ગ કે મોક્ષ, ભગવત્પ્રીતિ વગર તો એનું તો અનુષ્ઠાન કે સેવન અથવા તદ્વિષયક ઉદ્યમ સંભવ નથી. તેથી આ બધાની ભીતર જે પરમાત્માની રતિ આપણા માટે પ્રેરકબળ બને છે, તેમ એ અંશીના પ્રત્યે પ્રીતિ વ્યાપારિત થઈ ગઈ તો બધાની બાબતમાં ભગવલ્લીલાદષ્ટિનું ઉન્મીલન (પ્રાકટ્ય) થઈ જાય છે. તેથી આનંદરૂપ લીલાભાવમાં વ્યવધાન (અંતરાય) બનવાથી અહંતા-મમતામૂલક કર્તૃ-ભોક્તૃભાવ જેમ શોકમોહરૂપ બને છે તેવા નથી બની શકતા. તેથી જ ભગવદ્ગીતાના વિશ્વરૂપદર્શનયોગમાં ભગવાન્ વિરાટ્ની દિવ્યતામાં વ્યક્તિની દિવ્યતાનો સાક્ષાત્કાર અને એ જ રીતે વ્યક્તિ પરિચ્છિન્નતામાં એ વિરાટ્ દિવ્યતાનો સાક્ષાત્કાર અથવા તો **“નતુ માં શકયસે દ્રષ્ટુમ્ અનેનૈવ સ્વચક્ષુષા દિવ્યં દદામિ તે ચક્ષુઃ”** (ભગ.ગીતા.૧૧।૮) ભગવત્પ્રદત્ત દિવ્યદષ્ટિદ્વારા અથવા **“નાહં વેદૈઃ ન તપસા ન દાનેન ન ચ ઈજ્યયા શક્યઃ એવંવિધો દૃષ્ટવાન્ અસિ માં યથા. ભકત્યાતુ અનન્યા શકયઃ અહમેવંવિધો અર્જુનઃ જ્ઞાતું દૃષ્ટં ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ”** (ભગ.ગીતા.૧૧।૫૩-૫૪) અનન્યભકિત દ્વારા જ શક્ય માનેલ છે.

જે યજ્ઞદાનતપોરૂપ કર્મોનો ત્યાગ અહંતા-મમતામૂલક કર્તૃ-ભોક્તૃભાવના સંદર્ભમાં ભગવાન્ સર્વથા અનુચિત માને છે એ જ યજ્ઞદાનતપોરૂપ નિયતકર્તવ્યોનો આ દિવ્યાનુભૂતિમાં ઉપયોગ

સ્વીકારવામાં નથી આવ્યો. તેથી જ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય આ અનન્યભક્તિને વશ પ્રકટ થનારા ‘બ્રહ્માનંદ’ કહો પુરુષોત્તમનો ‘પરમાનંદ’ કહો ભજનીય ઈષ્ટરૂપનો ‘ભગવદાનંદ’ કહો અથવા ભક્તનો ‘ભજનાનંદ’ કહો બહુ ફરક નથી પડતો પરંતુ પ્રકટ થનારો આનંદ દિવ્ય હોય છે. તેથી જ મહાપ્રભુ કહે છે **“આનન્દાંશાભિવ્યક્તૌતુ તત્ર બ્રહ્માંડકોટયઃ પ્રતીયેરન્ પરિચ્છેદો વ્યાપકત્વં ચ તસ્ય તત્”** (ત.દી.નિ.૧।૫૪). આ ભક્તિના પંચમ પુરુષાર્થ હોવાની સર્વાતિશાયિની ઉપપત્તિ (યુક્તિ, પ્રમાણ) છે કે જીવાત્મા પોતાની નિજી ઓળખાણને ખોયા વિના બ્રહ્મને ન કેવળ જાણી કે જોઈ શકે છે પ્રત્યુત (ઉલટું) તેની દિવ્યતામાં પ્રવિષ્ટ થવા ઉપર પણ લીલાર્થ પ્રકટ પોતાનું પૃથક્ સ્વત્વ ગુમાવી નથી દેતો. કેમકે ભક્તિની ત્રિગુણાતીતતા સ્વયં જીવાત્માના સ્વરૂપમાં નહીં પરંતુ અનેકવિધ નામ-રૂપ-કર્મોમાં લીલાવિહાર કરનારા પરમાત્માના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહે છે.

આવી સ્થિતિમાં શ્રદ્ધાત્રયી અને તત્પ્રયુકત યજ્ઞ-દાન-તપોના પ્રભેદોના ઉત્કર્ષ કે અપકર્ષને દેશ-કાલ-સ્વરૂપતઃ અપરિચ્છિન્ન બ્રાહ્મિક સંદર્ભમાં લીલાદષ્ટિથી નિહાળવા અને એને દેશ-કાલ-સ્વરૂપપરિચ્છેદોની ચૌખટમાં ઘેરાયેલ દશ્યતયા જીવકર્તવ્યદષ્ટિથી નિહાળવાની વચ્ચે રહેલો લીલાભાવપ્રયુક્ત ઐચ્છિક પ્રભેદ જ વિભાજક લીલારેખારૂપ નિકષ (કસોટી) છે. તેના પ્રત્યે સભાન રહીને સ્વ-પર ધર્માર્થકામમોક્ષભક્તિની બાબતમાં શ્રદ્ધા વિવેક રાખવા આને સમાયોજીત કરવાનો દિશાનિર્દેશ નહીં તો બીજું શું હોઈ શકે છે?

(શ્રદ્ધાત્રયવિભાગની કંઠોકત ઋજુતા અર્થાપત્તિલબ્ધા અપરિગણનીયતા)

સત્તરમા અધ્યાયનો આરંભ અર્જુનની કોઈક આવી જિજ્ઞાસાની સાથે થયો છે કે જેઓ શાસ્ત્રનિષિદ્ધ યજ્ઞદાનતપોરૂપ કર્મોમાં શ્રદ્ધા રાખતા હોય એમની નિષ્ઠાને સાત્ત્વિક રાજસ કે તામસ, કેવી માનવી? અને

ભગવાન્ બધાના સ્વસ્વશ્રદ્ધાપ્રયુકત યજ્ઞદાનતપોરૂપ કર્મોમાં નિષ્ઠ થવાની વાત સમજાવીને, ધર્મ-અર્થ-કામ-મુક્તિ-ભક્તિ રૂપ પ્રરુષાર્થોમાં જેઓ પ્રવૃત્ત અને નિષ્ઠાશીલ હોય છે એમની નિષ્ઠાને બદલે શ્રદ્ધાના ત્રૈતને ઈદમ્પ્રથમતયા જિજ્ઞાસિતવ્ય માનીને ઉપદેશારંભ કરે છે.

આમાં ઉપદેશ્ય ત્રિગુણાત્મિકા શ્રદ્ધાઓના પ્રકાર યજ્ઞ-દેવતાપ્રકાર તપઃપ્રકાર આહારપ્રકાર યજ્ઞાનુષ્ઠાનપ્રકાર તપોનુષ્ઠાનપ્રકાર દાનપ્રકાર જોકે ઉત્તરોત્તરગુણિત હોવાની પ્રક્રિયાવશ કેવળ ૭૨૯ જ થાય છે. એના ત્રિગુણાતીત બ્રાહ્મિક પ્રકારોના ઉપદેશ પણ આપીને અંતમાં એક પ્રકાર શ્રદ્ધાવિહીન યજ્ઞકર્તા તપસ્વી અને દાનીનો પણ સમજાવે છે. આવા શ્રદ્ધાહીન મનુષ્ય કોઈ પણ નિશ્ચિત પ્રકારમાં સંનિષ્ઠ ન થનારા આસુરી પ્રકારના હોય છે.

પ્રાથમિક આશયસ્ફૂર્તિમાં આ પ્રકાર પરિગણિત લાગતા હોવા છતાં પણ ઉત્તરોત્તર ગુણોની પ્રક્રિયાદ્વારા આની અપરિગણતીયતા સમજવી આવશ્યક છે.

સૃષ્ટિના સ્વયંના, ત્રિગુણાત્મિકા પ્રકૃતિના અનેકાનેક પ્રાકૃત વિકારોથી ચેતનાને ઘેરવાવાળા આવરણ કે કોશરૂપ પૂર, અનેક બને છે. સ્વયં આના ભેદોપભેદ જ્યારે અસંખ્ય થઈ શકતા હોય ત્યારે એમાં પનપનાર સાત્ત્વિકાદિ શ્રદ્ધાના પ્રભેદોના પ્રકાર કેટલા થશે તેવી જ રીતે શ્રદ્ધાધિકરણભૂત જીવાત્મચેતનાના જ્ઞાનકરણ જ્ઞાતા અને જ્ઞેય તથા કર્મકર્તા કરણ અને કાર્યના પણ આગળના અઢારમાં અધ્યાયમાં સાત્ત્વિકાદિ ત્રણ પ્રભેદ સમજાવવામાં આવ્યા છે તેના અનુસાર આ ઔપાધિક પ્રભેદોથી ગુણિત શ્રદ્ધાના જ પ્રકાર ત્રિવિધ થવાને બદલે અનેકવિધ થઈ જશે. એ વિભિન્ન પ્રકારની શ્રદ્ધાઓને મતિપ્રભેદક આહારોના પ્રકારોથી ગુણિત કરવાથી બીજા પણ અધિક મતિપ્રભેદ પ્રકટ થશે. તદનુસાર પ્રત્યેક મતિમાન્‌ની શ્રદ્ધાના પ્રભેદવશ યજ્ઞાર્થ અધિદેવોને પ્રગુણિત કરીએ તો સંખ્યા તેનાથી પણ વધી જશે. એ સાત્ત્વિક-રાજસ-તામસ પ્રભેદોવાળા યજ્ઞોના નિર્વાહાર્થ અપેક્ષિત યજ્ઞકર્તાઓના પ્રભેદ

ત્રિવિધ તપોભેદોથી પણ ગુણિત થશે. ત્યાર પછી દાનના પ્રભેદોથી ગુણિત થશે. આમ આ પ્રમુખગૌણ ભેદોપભેદ અને અવાંતર ભેદોપભેદોની ગણનાના વ્યાપારમાં વધારે ગુંચવાવાને બદલે જ્ઞાતવ્ય (જાણવા યોગ્ય) કેવલ આ જ છે કે આ શ્રદ્ધા મતિ આહાર યજ્ઞદેવ તપ કે દાનમાંના કોઈ તામસ નહીં, પરંતુ રાજસ કે સાત્ત્વિક રૂપ, યદચ્છયા આપણને ઉપલબ્ધ થઈ ગયા હોય તો તેના સહારે તામસ પ્રકારોઉપર સંયમ પ્રાપ્ત કરી શકાશે. રાજસ પ્રકારોના આ શ્રદ્ધા મતિ આહાર યજ્ઞદેવ તપોનુષ્ઠાન અને દાન ઉપર યદચ્છયા જે સાત્ત્વિક પ્રકાર યદચ્છયા આપણને પ્રાપ્ત થયા હોય તો એના ઉપર એક-એક ગુણના બંધનોને અન્યગુણોમાં બંધાઈ રહીને જ તોડી શકાય છે. મુકત્યર્થ સહસા (એકદમ સહજ રીતે) ત્રણે ગુણોને જીવાત્મા પોતાના પુરુષાર્થદ્વારા તોડવા માટે સક્ષમ નથી થઈ શકતો. તેથી જ આ કહેવામાં આવ્યું છે **''યસ્મિન્ મનો લબ્ધપદં યદેતત્ શનૈઃ-શનૈઃ મુઞ્ચતિ કર્મરેણૂન્. સત્ત્વેન વૃદ્ધેન રજસ્તમઃ ચ વિધૂય નિર્વાણમ્ ઉપૈતિ અનિન્ધનઃ. તદેવમ્ આત્મનિ અવરુદ્ધચિત્તો ન વેદ કિઞ્ચિદ્ બહિઃ અન્તરં વા''** (ભાગ.પુરા.૧૧।૯।૧૨-૧૩). તેથી સકલ ત્રૈતની સમષ્ટિ ૐકારને, સકલ અ થી લઈને હ વર્ણો પર્યંત વર્ણોથી વાચ્યના દ્યોતક અહંકારને એક-બીજાથી સમાશ્લિષ્ટ કરવા પુરુષાર્થ સમાયોજનની એક અન્તદષ્ટિ છે.

આ ક્રમશઃ સમાયોજનની કુશળતા ચાર પુરુષાર્થોની બાબતમાં વર્ણિત થઈ છે પરંતુ પંચમ ભક્તિરૂપ પુરુષાર્થ કાં તો સિડી જેવો હોય છે કાં એસ્કેલેટર/લિફ્ટના જેવો જેને ભગવદ્ગીતા અનન્યભક્તિ કે દિવ્યદષ્ટિના વરદાનના રૂપમાં પ્રતિપાદિત કરવા માગે છે.

(ઉપસંહાર)

તેથી નિષ્કર્ષતયા અનુસંધેય છે કે બ્રહ્મના અખંડ સચ્ચિદાનંદ સ્વરૂપમાંથી જડ઼ જીવ અને અંતર્યામી રૂપી સૃષ્ટિ જે પ્રકટ થઈ તેમાં : સદંશથી ક્રિયા ચિદંશથી જ્ઞાન અને અંતર્યામી આનંદાંશ સુખના જે

વ્યવહાર પ્રકટ થયા છે, એ ક્રિયાવ્યાપારો જ્ઞાનવ્યાપારો અને સુખવ્યાપારોને ભગવદ્‌ભિમુખ કરવા હોય તો ભગવાન્ કહે છે **“યોગાઃ ત્રયો મયા પ્રોક્તાઃ નૃણાં શ્રેયોવિધિત્સયા જ્ઞાનં કર્મ ચ ભક્તિઃ ચ નોપાયો અન્યો અસ્તિ કુત્રચિત્. નિર્વિણ્ણાના જ્ઞાનયોગઃ કર્મયોગસ્તુ કામિનાં ન નિર્વિણ્ણો નાતિસક્તો ભક્તિયોગો અસ્ય સિદ્ધિદઃ”** (ભાગ.પુરા. ૧૧।૨૦।૬-૮). આ આપણી શ્રેયઃ સાધિકા ક્રિયાશક્તિ જ્ઞાનશક્તિ અને સ્નેહશક્તિના સમાયોજનનો જ ઉપદેશ છે. તેથી જ પુરુષાર્થચતુષ્ટયીના સ્વસ્તિકની સાથે જો આની સંગતિ સમજવી હોય તો સ્વસ્તિક બે પ્રારૂપોના આધાર ઉપર આને આવી રીતે સમજાવી શકાય છે :





અહીં જોઈ શકાય છે કે સ્વસ્તિકના પ્રથમ પ્રકારમાં ચતુર્વિધ પુરુષાર્થોના ચારે હાથોના મધ્યપાતી વૃત્તોવાળી ધર્માંગ અર્થાંગ કામાંગ અને મોક્ષાંગ ભક્તિ થઈ શકે છે. તેવી જ રીતે આ ચારેય ધર્માર્થકામમોક્ષ પણ ભકત્યંગ કે ભક્તિના લીલાનુભાવ પણ હોઈ શકે છે. ઈતિ શમ્.

તૃપ્તિદાય ચ જીવાનાં નમઃ સર્વરસાત્મને ।।
નમઃ પુણ્યાય લોકાય અમુષ્મૈ ભૂરિવર્ચસે ।।૧।।

પ્રવૃત્તાય નિવૃત્તાય પિતૃદેવાય કર્મણે ।।
નમો અધર્મવિપાકાય મૃત્યવે દુઃખદાય ચ ।।૨।।

નમસ્તે આશિષામ્, ઈશ, મનવે કારણાત્મને ।।
નમો ધર્માય બૃહતે કૃષ્ણાય અકુણ્ઠમેધસે ।।૩।।

શક્તિત્રયસમેતાય મીઢુષે અહંકૃતાત્મને ।।
ચેત આકૂતિરુપાય નમો વાચોવિભૂતયે ।।૪।।

(ભાગ.પુરા.૪।૨૪।૩૮-૪૨)

અમૃતવચનાવલી

શ્રીનાથજી

(ક) શ્રીગુસાંઈજીએ શ્રીગોવર્ધનધરને પૂછ્યું કે ‘‘મહારાજ! કૃષ્ણદાસનો તો દેહ છૂટ્યો... હવે અમે કોને અધિકાર (ટ્રસ્ટીનું પદ) આપીને બગાડ કરીએ? તેથી આપ કહો તેને અધિકારી (ટ્રસ્ટી) બનાવીએ’’. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ‘‘અમે પણ કયા જીવનો બગાડ કરીએ? જે પણ અધિકાર સ્વીકારશે (ટ્રસ્ટી બનશે) તેનો બગાડ થશે! તેથી તમે એક કામ કરો કે અધિકારનો ઉપરણો હાથમાં લઈને બધાની સામે કહો કે જેને અધિકારી (ટ્રસ્ટી) થવું હોય તે ઉપરણો ઓઢે. ત્યારે જે આવીને કહે તેને (ટ્રસ્ટી પદ) આપો. જેનો બગાડ થવાનો હશે તે તેની મેળે જ (ટ્રસ્ટી થવા) આવશે!’’. **(શ્રીનાથજી, ૮૪ વૈષ્ણવવાર્તા, કૃષ્ણદાસની વાર્તા)**

(ખ) એક દિવસ એક વૈષ્ણવે કિશોરીબાઈને કાંઈક સામગ્રી આપી હતી. ત્યારે કિશોરીબાઈએ તેની સામગ્રી સિદ્ધ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યો. તે દિવસે શ્રીઠાકોરજી આરોગવા પધાર્યા નહીં. ત્યારે કિશોરીબાઈ પોતાના મનમાં ખૂબજ ખેદ કરવા લાગી. ત્યારે શ્રીઠાકોરજી બોલ્યા : ‘‘તેં મારા માટે સામગ્રી કેમ લીધી? તે અમે કેવી રીતે આરોગીએ?’’

ભાવપ્રકાશ : આમાં એ જતાવ્યું કે પારકી, બીજાની સત્તા, સામગ્રી પોતાના શ્રીઠાકોરજીને આરોગાવવી નહીં. અને કોઈ પણ વસ્તુ વૈષ્ણવ પાસેથી લઈને શ્રીઠાકોરજીને વિનિયોગ ન કરાવવી. તે શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી. **(૨૫૨ વૈ.વાર્તા, કિશોરીબાઈ વા.પ્ર.૨)**

શ્રીમહાપ્રભુજી

(ક) જે કટોરી(ગિરવિ) મૂકીને સામગ્રી આવી તેનો તો ભોગ શ્રીઠાકોરજી પોતાના જ દ્રવ્યનો આરોગ્યા, તેથી તે ભોગ તો આપનો જ થયો. જે શ્રીઠાકોરજીનું (દેવ) દ્રવ્ય ખાશે તે મારો(પુષ્ટિમાર્ગી) નહીં કહેવાય. અને મારો સેવક ભગવદીય હશે તે દેવદ્રવ્ય ક્યારેય નહીં ખાય. જે (દેવદ્રવ્યનો પ્રસાદ) ખાશે તે મહાપતિત થશે. તેથી તે (દેવદ્રવ્યના) પ્રસાદમાંથી ભોજન કરવાનો આપણો અધિકાર ન હતો તેથી તે ગાયોને ખવડાવ્યો અને શ્રીયમુનાજીમાં પધરાવ્યો’’. આ સાંભળીને બધા વૈષ્ણવો ચુપ થઈ ગયા. **(ઘરુવાર્તા-૩)**.

(ખ) શ્રીભાગવતનો પાઠ પોતે જ કરવો જોઈએ. લૌકિક(ફંડફાળા)-પારલૌકિક (મૃતકનો ઉદ્ધાર-પુણ્ય-પ્રાયશ્ચિત્ત) કોઈ પણ હેતુ-પ્રયોજનથી શ્રીભાગવતનો પાઠ કે તેનું શ્રવણ કરવું ન જોઈએ. પ્રાણ કંઠ સુધી આવી ગયા હોય તો ભૂખ્યા મરી ભલે જવું પણ ભાગવતની કથા યજમાન પાસેથી દક્ષિણા લઈને આજીવિકા માટે ન જ કરવી. **(તત્ત્વાર્થદીપનિબન્ધ)**

(ગ) કથા-કીર્તન કરીને પોતાની આજીવિકા ચલાવનારા નીચ લોકોના મનોભાવને, તેઓ ભગવદ્ગુણગાન કરતા હોય તો પણ, મોઢું-મળ વગેરેને ધોતાં નીકળેલા ગંદા પાણીના નિકાલ માટે ખોદેલા ખાડા (સેસ્પોલ-ગટર) જેવા જાણવા. ભાગવત વગેરેની કથા કરીને દક્ષિણા લેનારા કથાકારો પણ આવા નીચ કીંતનકારો (ગટર) જેવા જ હોય છે. તેથી આવા નીચ લોકોદ્વારા કરવામાં આવતા કથા-કીર્તન પુષ્ટિમાર્ગીઓએ ન સાંભળવા.

(જલભેદ)

શ્રીગોપીનાથપ્રભુચરણ

...શ્રીઆચાર્યજીને વૈષ્ણવે આવીને કહ્યું : ''મહારાજ! શ્રીદ્વારકાનાથજી વૈભવ સહિત પધાર્યા છે...''.

ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : ''ઠાકોરજીનો વૈભવ જોઈને તમે રાજી થયા?''.

ત્યારે શ્રીગોપીનાથજીએ કહ્યું : ''આપનો કહવડાવીને જે શ્રીઠાકોરજીની વસ્તુ(દેવદ્રવ્ય) ઊપર પોતાનું મન બગાડશે તેનો નિર્મૂળ નાશ થશે''.

આ સાંભળીને શ્રીઆચાર્યજીએ કહ્યું : ''અમારો માર્ગ તો આવો જ છે''.

(૮૪ વૈષ્ણવવાર્તા, દામોદરદાસ સમ્ભલવાળાની વાર્તા)

શ્રીગુસાંઈજી શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણ

(ક) ધન વિ.ની કામનાઓને પૂર્ણ કરવામાટે જે શાસ્ત્રમાં બતાવેલા શ્રવણ-કીર્તન-સેવા વગેરે કરવામાં આવે છે તેને કર્મમાર્ગીય સમજવા જોઈએ. પોતાની આજીવિકા (ભરણ-પોષણ) ચલાવવામાટે પૈસા કમાવવાના રૂપમાં જે શ્રવણ-કથા-કીર્તન-સેવા વિગેરે કરવામાં આવતાં હોય તો તેમને તો ખેતી-વાડીના ધંધાની માફક 'લૌકિકકર્મ' જ કહેવા જોઈએ (ધર્મ-ભક્તિ કદાપિ નહીં). (જો કોઈ અધમ માણસ) જાજરૂ જઈને પોતાના મળને ધોવા માટે ગંગાજળનો ઉપયોગ કરે તો શું તેને ગંગાસ્નાનું શાસ્ત્રોક્ત ઉચ્ચ ફળ મળી શકે? ના. પવિત્ર ગંગાનો આવો દુરુપયોગ કરવાથી તો તેને માત્ર અને માત્ર પાપ જ લાગે છે. આ જ પ્રમાણે જેઓ પૈસા કમાવવામાટે પ્રભુની સેવા-કથા કરે છે તેઓને પણ તેવી સેવ-કથાનું કંઈ પણ ફળ મળતું નથી. ઉલટાનું, આવા અધમ આચરણને કારણે તેઓ પાપના જ ભાગીદાર બને છે. (**ભક્તિહંસ**).

(ખ)આજીવિકા કે યશ વગેરે કમાવવા માટે ભજન કરે તો શી ગતિ થાય? ...તે વ્યક્તિ અન્તે ક્લેશ જ પામે છે એવો શ્રીમહાપ્રભુજીના કથનનો સાફસાફ અર્થ છે. વાત કેવળ ઐહિક ક્લેશ પર નથી અટકતી, તેના પરલોકના અધિકાર અને ફળ નો પણ આવા નિષિદ્ધ આચરણને કારણે નાશ થાય છે. ... અત્યલ્પ પણ જ્ઞાન કે સંસ્કાર હોય તે આવું કુકૃત્ય કરી શકતો નથી. (**સિદ્ધાન્તમુક્તાવલી વિવૃતિ**)

(ગ) શ્રીગુસાંઈજીએ શ્રીગોવર્ધનધરને પૂછ્યું કે ‘‘મહારાજ! કૃષ્ણદાસનો તો દેહ છૂટ્યો... હવે અમે કોને અધિકાર (ટ્રસ્ટીનું પદ) આપીને બગાડ કરીએ? તેથી આપ કહો તેને અધિકારી (ટ્રસ્ટી) બનાવીએ’’. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ‘‘અમે પણ કયા જીવનો બગાડ કરીએ? જે પણ અધિકાર સ્વીકારશે (ટ્રસ્ટી બનશે) તેનો બગાડ થશે! તેથી તમે એક કામ કરો કે અધિકારનો ઉપરણો હાથમાં લઈને બધાની સામે કહો કે જેને અધિકારી (ટ્રસ્ટી) થવું હોય તે ઉપરણો ઓઢે. ત્યારે જે આવીને કહે તેને (ટ્રસ્ટી પદ) આપો. જેનો બગાડ થવાનો હશે તે તેની મેળે જ (ટ્રસ્ટી થવા) આવશે!’’

(૮૪વૈષ્ણવવાર્તા, કૃષ્ણદાસની વાર્તા, પ્ર.૧૦)

શ્રીગોકુલનાથજી

પોતાના સેવ્ય સ્વરૂપની સેવા જાતે જ કરવી. અને ઉત્સવ વગેરે સમય અનુસાર, પોતાના જ ધન અનુસાર, વસ્ત્ર-આભૂષણ વિવિધ પ્રકારના મનોરથો કરી સામગ્રી કરવી.

(શ્રીગોકુલનાથજી-ચતુર્થેશ : ૨૪ વચનામૃત)

શ્રીઘનશ્યામાત્મજ ગોપીશજી

સેવામાં જરૂરી તેવા ધન-સામગ્રી-સાજ વગેરે ન હોય તો સેવા કેમ થઈ શકે! આ બધું વસાવવામાટે બીજો કોઈ ઉપાય ન હોય તો કોઈક પાસેથી ઉધાર લઈને કે કોઈક પાસેથી માંગીને કે ફંડ-ફાળો કરીને સેવા-મનોરથ કરી શકાય કે નહીં?

ઉપરોક્ત શંકાને દૂર કરવામાટે શ્રીમહાપ્રભુજી ‘વિવેકધૈર્યાશ્રય’ ગ્રન્થમાં આજ્ઞા કરે છે આવી પરિસ્થિતિ આવી પડી હોય, પછી તે પ્રભુસુખ-સેવા સમ્બન્ધી પણ કેમ ન હોય, તો પણ હઠ ન કરવી. ‘‘ઉધાર લઈને કે કોઈ પાસેથી માંગીને પણ હું સેવા-મનોરથ કરીશ જ’’ આવી હઠ ન કરવી. યથાલાભ સન્તોષ રાખીને પોતાની પાસે જે ઉપલબ્ધ હોય તેનાથી જે બની શકે તેનું જ પ્રભુસેવામાં સમર્પણ કરવું. ઉધાર કરીને કે ઠાકોરજી માટે માંગીને સેવા ન જ કરવી. કારણ કે ભગવદાશ્રય રાખીને પ્રભુ જે સહજતાથી કરાવે તે કરવું આવી પુષ્ટિમાર્ગીય મર્યાદામાં રહીને પ્રભુને જે સમર્પણ કરવામાં આવે છે તેનો જ અંગીકાર પ્રભુ કરે છે એવો શ્રીમહાપ્રભુજીનો આશય છે.

(‘વિવેકધૈર્યાશ્રય’ વિવૃતિ શ્લોક ૪)

શ્રીહરિરાયમહાપ્રભુ

જ્યારે સંતદાસનું બધું ધન નાશ પામ્યું ત્યારે શ્રીઠાકુરજીકી સેવાના ખર્ચની વ્યવસ્થા તેમણે (પહેલેથી જ પોતાના ઠાકોરજીમાટે પોતાના જ અલગથી મૂકી રાખેલ) દેવદ્રવ્યથી કરી. અને ઠાકોરજીના દ્રવ્યમાંથી ચોવીસ ટકા લોન તરીકે લઈને તેને મૂડી તરીકે રાખીને તેની કોડી વેંચતા. (તેમાંથી જે નફો મળતો તે પોતાની કમાઈના પૈસાથી

પોતાના ઠાકોરજીને ભોગ અલગથી ધરતા અને તે ભોગનો જ પ્રસાદ પોતે લેતા. એક દિવસ સંતદાસને આર્થિક સંકટમાં જાણીને નારાયણદાસે મદદ મોકલાવી. સંતદાસે તે ન સ્વીકારી અને નારાયણદાસે મોકલેલ માણસ સાથે તે મદદ પાછી મોકલાવી.) હવે શ્રીઠાકોરજીના દ્રવ્યમાંથી તો નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપી ન શકાય. તેથી તેમણે પોતાની કમાણીનો ટકો તેને આપી દીધો. તેથી તે દિવસ તેઓ મોતાની કમાઈના પૈસાથી ઠાકોરજીને રાજભોગ ધરી ન શક્યા. તેથી જ તેમણે તે દિવસે પ્રસાદ પણ ન લીધો. કેમકે તેઓ પોતાની કમાઈના ટકાના લોટનો જુદો ભોગ ધરતા અને તેને જ રાજભોગ ધર્યો માનતા અને મહાપ્રસાદ પણ તેનો જ લેતા. ઠાકોરજીના દ્રવ્યથી તો રોજ ઘણી ભોગ-સામગ્રી ધરતા (પરન્તુ તે તો દેવદ્રવ્યનો ભોગ હતો). નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપવાને કારણે તે દિવસની રાજભોગની સેવા પોતાની ન માની. તેમણે નારાયણદાસને લખ્યું કે તમારી પ્રભુતાને કારણે ઠાકોરજીને હું એક દિવસ મારી કમાઈના પૈસાથી રાજભોગ ધરાવી ન શક્યો. આ પ્રકારે સન્તદાસે વિવેકધૈર્યાશ્રય જીવી દેખાડ્યા. વિવેક એ કે શ્રીગુસાંઈજીને હૂંડી મોકલાવી, (તે દિવસે) પોતાની સેવા ન થઈ તેમ માન્યું, રાજભોગ ઠાકોરજી ન આરોગ્યા તેમ માન્યું. ધૈર્ય એ કે શ્રીઠાકુરજીના દ્રવ્યના મહાપ્રસાદનું ખાન-પાન ન કર્યું. આશ્રય એ કે મનમાં આનન્દ પામ્યા, દુઃખકલેશ ન કર્યો. **(ભાવપ્રકાશ. ૮૪ વૈષ્ણવવાર્તા-૭૬).**

૧૧મો અપરાધ : અવૈષ્ણવ જો પોતાના સેવ્ય શ્રીઠાકોરજીના દર્શન કરી લે તો.
ફળ : એક વર્ષની સેવા નિષ્ફળ થઈ જાય છે.
પ્રાયશ્ચિત્ત : શ્રીઠાકોરજીને પઞ્ચામૃતથી સ્નાન કરાવવું.
૩૬મો અપરાધ : શ્રીઠાકોરજીના નામે માંગવું.
ફળ : સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે.
પ્રાયશ્ચિત્ત : જેટલું માગ્યું કે ભેગું કર્યું હોય તેનું પાંચ ગણું નૈવેદ્ય પ્રભુને દાન રૂપે આપવું.
૩૫ મો અપરાધ : શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન.
ફળ : 'અસિપત્ર' વગેરે નામના ઘોર નરકોમાં પાત થાય.
પ્રાયશ્ચિત્ત : વૈષ્ણવ અને શ્રીમહાપ્રભુજીને પ્રસન્ન કરવા.

(ષટ્ષષ્ઠિરપરાધસ્તત્ફલાનિ-પ્રાયશ્ચિત્તાનિ ચ)

ગોસ્વામી શ્રીપુરુષોત્તમચરણ

મહેનતાણા (ન્યોછાવર-ભેટ-પગાર-મજૂરી) તરીકે રૂપીઆ આપીને બીજા કોઈ પાસેથી સેવા કરાવવામાં આવતી હોય તો તેથી ચિત્તમાં અહંકાર વધે પણ ચિત્ત કદિ ભગવાન્માં ચોંટે નહીં. તે જ પ્રમાણે, જો ભગવત્સેવા કરવામાટે બીજા પાસેથી મહેનતાણા તરીકે રૂપીઆ લેવામાં આવે તો યજમાન વતી કર્મ કરનાર ગોર-

મહારાજને જેમ યજ્ઞયાગનું ફળ ન મળે પણ યજમાનનેજ મળે તેમ પારકા પૈસે સેવા કરનારની ભગવત્સેવા પણ નિષ્ફલળ જાય છે. દક્ષિણા આપીને યજમાન ગોર-મહારાજદ્વારા જેમ યજ્ઞયાગ કરાવે તેમ ભગવત્સેવા (હાલમાં જેમ વૈષ્ણવો ભેટ-સામગ્રી-મનોરથો નોંધાવીનેં ગોસ્વામિ-મહારાજોદ્વારા હવેલી-મન્દિરોમાં કરાવે છે તેમ -અનુવાદક) કરાવી લેવામાં શો વાંધો? ઉત્તર : કર્મમાર્ગમાં તેવું કરવાનું શાસ્ત્રમાં કહ્યું હોવાથી તેમ કરી શકાય છે. ભક્તિમાર્ગમાં, પરંતુ, તેવી વિધિ ઉપદેશાયેલી ન હોવાથી, આવી રીતે ધન આપીને ભગવત્સેવા કરાવવી નહીં. ભક્તિમાર્ગમાં તો ભગવદુક્ત પ્રકારે(પોતાના તન-મન-ધનથી પોતાના ઘરે પોતાના પરિવારજનોના સહયોગથી)જ ભગવત્સેવા કરવી જોઈએ.

(સિદ્ધાન્તમુક્તાવલી વિવૃતિ પ્રકાશ. શ્લોક ક્ર. ૨)

શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી

અહીં ભક્તિવર્ધિની ગ્રન્થમાં સેવોપયોગી સ્થળના રૂપમાં પોતાના ઘરનું વિધાન (ગૃહે સ્થિત્વા) હોવાથી, પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવા છોડીને કોઈ બીજી જગ્યાએ (એટલે કે હવેલીઓમાં જેમ અત્યારે ભેટ-સામગ્રી આપીને નિત્ય કે મનોરથ ની ઝાંખી કરી લેવી તેને જ વૈષ્ણવો એ પુષ્ટિમાર્ગમાં પરમ ધર્મ માની લીધો છે તેમ) ભગવત્સેવા કરવાવાળાને પણ ક્યારેય ભક્તિ સિદ્ધ થઈ શકતી નથી.

('ભક્તિવર્ધિની' વ્યાખ્યા શ્લોક-૨)

નિ.લી.ગો.શ્રીનૃસિંહલાલજી મહારાજ

લૌકિક કામનાઓને પૂર્ણ કરવાની ઇચ્છાથી જે ભગવત્સેવા-કથા કરે છે તે (લોકાર્થી) દરેક પ્રકારે ક્લેશ પામે છે. તેથી, કંઈક ભેટ-સામગ્રી મળી રહે તેમાટે જે સેવા-કથા વગેરે કરે છે તે 'પાખંડી' અને 'દેવલક' કહેવાય છે. તેથી સેવા-કથા કરવામાં આર્થિક વગેરે લાભ કે પદ-પ્રતિષ્ઠા ની કામના રાખ્યા સિવાય જેમાં નિષેધ નથી તેવા પ્રકારે એટલે કે ''મારું લૌકિક સિદ્ધ થાય'' એવી કામનાથી જે સેવા-કથા કરતો હોય તેને 'લોકાર્થી' કહેવાય છે.

(સિદ્ધા.મુક્તા.ટી.શ્લો.૧૬-૧૭).

નિ.લી.ગો. શ્રીમટ્ટુજી મહારાજ

જે શ્રીવલ્લભકુળ છે તે પોતના સેવ્યસ્વરૂપ ઉપર કેવો સ્નેહ રાખે છે કે એક બાજુ દ્રવ્યનો ઢગલો કરો અને એક બાજુ શ્રીઠાકોરજીને પધરાવો તો શ્રીવલ્લભકુળ એ દ્રવ્ય સામું જોશે પણ નહિ; અને શ્રીઠાકોરજીને અતિસ્નેહ કરી પધરાવી લેશે. પણ જે આ કળિનો જીવ છે તેને તો દ્રવ્ય ઘણું પ્રિય છે. માટે તે તો શ્રીઠાકોરજી સામું જોશે નહિ. અને કેવળ વૈભવ સામું જોશે અને તરત મોહ પામશે...

(૩૨ વચનામૃતો : વચનામૃત પાંચમું)

ગોસ્વામિતિલકાયિત નિ.લી.ગો.શ્રીગોવર્ધનલાલજી મહારાજ

શ્રીઉદયપુર દરબારને આશીર્વાદ. આથી જણાવવામાં આવે છે કે મેં સ્થાવર-જંગમ સંપત્તિના આર્થિક તથા માલિકીય વહિવટ અંગે, મને સલાહ આપવામાટે, યોગ્ય વ્યક્તિઓની એક સમિતિની નીમણૂક કરી છે. સેવા વિગેરે બાબતમાં પુરાતન તેમજ પ્રવર્તમાન પ્રણાલીના અનુસાર કાર્ય કરવામાં આવશે. તથા જો પુરાતન પરંપરાનો બાધ ન થતો હોય અને સમિતિ જો કોઈ સુધારાની ઈચ્છા રાખતી હોય તો તે સુધારાઓ સ્વીકારવામાં આવશે. તથા શ્રીઠાકુરજી (શ્રીનાથજી)નું દ્રવ્ય અમારા વ્યક્તિગત વપરાશમાં નહીં આવે, જેવી કે પરંપરા આજે પણ છે; અને તેને જાળવવામાં આવશે. તે છતાં પણ મારા વડવાઓના સમયથી ચાલ્યા આવતાં મારા માલિકીના હક્કો તેજ પ્રમાણે કાયમ રહેશે. આ મુજબજ જમા-ઉધારની નોંધો પણ તે-તે ખાતામાં ચાલુ રહેશે, જે મુજબ ચાલુ ખાતામાં હાલ નોંધાઈ રહ્યું છે.

(ડેક્લેરેશન મિતિદ્વભાદ્ર-શુક્લા પંચમી સં.૧૯૮૯=તા.૫-૯-૧૯૩૨).

નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી, રાજનગર.

...તેવીજ રીતે આપણે ત્યાં સન્મુખભેટ થાય છે તે પણ દેવદ્રવ્ય છે; અને તે સામગ્રીના કામમાં નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રમાજી ના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખભેટ થાય તે કીર્તનિયો લઈ જાય છે. એ કીર્તનિયો મહાવનિયો હોય છે. તે વલ્લભકુલનો, યમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું...અમે શ્રીનાથજી અગાડી જે સન્મુખભેટ ધરીએ છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીએ છીએ છતાં તે અલંકારાદિકમાં વપરાય છે, સામગ્રીમાં નહિ. સન્મુખભેટ ધરવામાં ઘણો અનાચાર થાય છે... શ્રીઠાકોરજી-નિમિત્તે કાંઈ મંગાય નહીં કે કાંઈ અપાય નહીં. એ રીતે આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય બને...તે લેનારની બુદ્ધિ બગડ્યા વગર ન રહે.

(વચનામૃત = ૪૮૪-૮૭)

નિ.લી. ગો.શ્રીવાગધીશલાલજી મહારાજ, અમરેલી

મહારાજને જે આવક વૈષ્ણવો વિગેરેમાંથી આવે તેમાંથી ઘર-ખરચ તરીકે ઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. ઠાકોરજીને માટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી ખરચ ચલાવતા નથી. ઠાકોરજીના વૈભવનો, ભોગનો, આભૂષણ-વસ્ત્ર વિગેરેનો ખરચો મહારાજ કરે છે. ... ઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી...ઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે. મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ.

(મહારાજશ્રીના આમ-મુખત્યાર : ‘‘અમેરેલી હવેલી વ્યક્તિગત છે કે સાર્વજનિક’’ મુદ્દા ઊપર ઈ.સ. ૧૯૦૯-૧૦ માં ગાયકવાડી વડોદરા રાજ્યની કોર્ટમાં આપવામાં આવેલી જુબાની).

પંચમગૃહાધીશનિ.લી.ગો.શ્રીદેવકીનન્દનાચાર્યજી, કામવન

જેવી રીતે અમારા પૂર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સંપૂર્ણરીતે સમજીને વૈષ્ણવ ધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા; અને વચલા કાળમાં, જે સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજ્જે છોડી દીધો છે, તેથી ઘણા ખરાં લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિનુંજ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.

('આશ્રય' એપ્રિલ ૧૯૮૭).

નિ.લી.ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજ, સુરત

વકીલ : જો પુષ્ટિમાર્ગીય કોઈ પણ મંદિરમાં વૈષ્ણવો શ્રીઠાકુરજીની સેવા તેમજ નેગ-ભોગમાટે અને શ્રીઠાકુરજીની સેવાના નભાવમાટે ભેટ વિગેરે આપી વિત્તજા સેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજા સેવા કરતા હોય તો તે મંદિર પુષ્ટિમાર્ગીય નથી એમ આપનું કહેવું છે?

પૂ.પા.મહારાજશ્રી : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી સેવા કરે તો તે સાંપ્રદાયિક મંદિર ન કહેવાય.

(''નડિયાદની હવેલી વ્યક્તિગત છે કે સાર્વજનિક'' વિવાદમાં પુષ્ટિમાર્ગના વિશેષજ્ઞ સાક્ષીના રૂપમાં આપેલી જુબાની).

દ્વિતીયગૃધીશ નિ.લી.ગો. શ્રીગિરિધરલાલજી મહારાજ, ઇન્દૌર-નાથદ્વારા

આપણો પ્રમુખ સિદ્ધાન્ત છે 'અસમર્પિતનો ત્યાગ'. ઉત્તમ ઉપાય તો તે જ છે કે ઘરમાં જે પણ રસોઈ બને તે પ્રભુને ભોગ ધરીને પછી જ મહાપ્રસાદ લેવો. ... જ્યાં સુધી અસમર્પિતનો ત્યાગ નહીં થાય ત્યાં સુધી બુદ્ધિ ઉત્તમ નહીં બને. સાનુભાવતા ક્યારે સિદ્ધ થઈ શકે? જ્યારે આપણી બુદ્ધિ નિર્મળ બને. ...આજે આપણે (ઘરમાં બિરાજતા સેવ્ય) હીરાને પારખી નથી શકતા. સાચા હીરાને ઝવેરી જ પારખી શકે. સ્થિતિ કેવી છે કે આપણે ખોટા હીરાને સાચો માનીને તેની પાછળ (હવેલી-મન્દિરોમાં?) ભાગી રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજીએ તો નિધિરૂપી સાચો હીરો જ આપણને આપ્યો છે. ભગવાન્ ગીતામાં કહે છે કે ''દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમીશ્વરમ્''. ભગવાનને ઓળખવામાટે તો દિવ્યતા પ્રાપ્ત થવી જોઈએ. દિવ્યતા જ આત્મબળ છે. ... તેથી મારો તો આપ લોકોથી સાગ્રહ અનુરોધ છે કે આત્મબળને પ્રાપ્ત કરવામાટે પોતાનો કંઈક દૈનિક નિયમ બનાવો. ષોડશગ્રન્થના પાઠનો નિયમ લો...

(શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૭મું, પૃષ્ઠ ૧૨૪).

નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી મહારાજ, મુંબઈ-કિશનગઢ

(ક) અને જ્યારે જનરલ પબ્લિક-ટ્રસ્ટ છે ત્યારે ઠકોરજીને ગોસ્વામી-સંબંધથી

જુદા કરીને, ઠાકોરજીને બધી સંપત્તિ અર્પણ કરીને, એટલેકે ભેટ કરીને, રિલીજિયસ એંડૉમેંટ ના રૂપમાં થયેલા તે ટ્રસ્ટ છે. આવી સ્થિતિમાં આવા ટ્રસ્ટોથી જે નેગ-ભોગ જલાવવામાં આવે છે તે દેવદ્રવ્યથી ચલાવવામાં આવે છે. દેવદ્રવ્યનો ઉપભોગ કરનાર અંતે દેવલક (નરકમાં પડનાર પાપી) જ છે. શ્રીમદાચાર્યચરણે પ્રભુની સોનાની કટોરી ગિરવી રાખીને જ્યારે ભોગ આરોગાવ્યો ત્યારે આપે દેવદ્રવ્યથી સમર્પિત બધો જ પ્રસાદ ગાયોને ખવડાવી દીધો હતો. આ છે સામ્પ્રદાયિક સિદ્ધાંત. આવા આદર્શરૂપ સિદ્ધાંતોનો જે(જાહેર હવેલીઓની) પ્રથાથી વિનાશ થઈને આચાર્યોને દેવલક બનાવવામાં આવે છે તે પ્રથાને જેટલી જલદી સમ્પ્રદાયમાંથી હટાવી દેવામાં આવે એટલો જ શ્રેય તેમાં ગોસ્વામી સમાજ તથા વૈષ્ણવ સમાજનો રહેલો છે.

(ખ) ભગવત્સેવા એ સંપ્રદાયની આત્મરૂપ પ્રવૃત્તિ છે. આચાર એ સેવાનો અંગ છે. સેવાની અનુકુળતાના અનુરૂપ જ આચારનું પાલન કરવું જોઈએ. આચાર-પાલનને પ્રમુખતા આપીને ભગવત્સેવાનો ત્યાગ કરવો ઉચિત નથી. ભગવત્સેવા જેમ પણ બને કરો...ગુરુઘરમાં ન મોકલો. જો આપણે ભગવદ્દ્રવ્યને પેટમાં નાખીશું તો તે અપરાધ છે. આપણને ગ્રન્થોના અધ્યયન પ્રત્યે લોકોને આકર્ષિત કરવા જોઈએ.

(ક:'આચાર્યોચ્છેદક ટ્રસ્ટ-પ્રથાસે પુજારીપનકી સ્થાપના ઘોર સિદ્ધાન્તહાનિ એવં ઘોર સ્વરૂપચ્યુતિ' લેખ પૃષ્ઠ ૭; ખ : 'શ્રીવલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫)

તૃતીયગૃહાધીશ નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ, કાંકરોલી-વડોદરા

(ક) વૈષ્ણવોની પાસે જે કાંઈ પરમ પદાર્થ છે, તેનું અસ્તિત્વ આજના જ શુભ દિનને આભારી છે. કાળની ભીષણતા અને પરિસ્થિતિની વિષમતાના અત્યંત વિકટ યુગમાં શ્રીમત્પ્રભુચરણના દિવ્ય સિદ્ધાંતો ઉપર અટલ રહેવામાં જ જીવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ રહેલું છે. અન્યાશ્રયનો ત્યાગ એ ભાવના ઉપર જગતના જીવો દૃઢ રહે તો, જે વૈષ્ણવ હવેલીઓના વૈભવોને કારણે વૈષ્ણવો ઘરસેવા ભૂલી ગયા હતા, સંજોગવશાત્ તે હવેલીઓમાં શ્રીના દર્શન આજે બંધ થતાં વૈષ્ણવોના ઘર શ્રીઠાકુરજીની સેવાથી કિલ્લોલતા થશે. એ લાભ સંપ્રદાય અને સંપ્રદાયીઓ માટે નાનોસૂનો નથી. ઈશ્વરેચ્છા અકળ છે. મને શ્રદ્ધા છે કે આ આકરી કસોટીમાંથી આપણું સર્વનું શ્રેય જ સધનારું છે.

(ખ) મારા અનુયાયીઓને બે પ્રકારે દીક્ષા આપું છું. પ્રથમ કંઠી બાંધવી તથા બીજી બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવી. કંઠી બાંધવી એ સાધારણ વૈષ્ણવોને જ આપવામાં આવે છે. તથા બ્રહ્મસમ્બન્ધ ખાસ કરીને તે અનુયાયીઓને કે જે સેવામેં વિશેષરૂપથી આગળ વધવા ઈચ્છે છે. પહેલી દીક્ષાને 'શરણ-દીક્ષા' કહેવામાં આવે છે તથા બીજી દીક્ષાને 'આત્મનિવેદન' કહેવામાં આવે છે. શરણ દીક્ષામાં વૈષ્ણવ કેવળ નામસ્મરણ કરવાની યોગ્યતા મેળવે છે. જ્યારે કે સેવાવાળા વૈષ્ણવને બ્રહ્મસમ્બન્ધદીક્ષા લીધા

પછી જ સેવા કરવાની યોગ્યતા મળે છે. બ્રહ્મસમ્બન્ધવાળો વૈષ્ણવ પોતાના ઘરમાં જ સેવા કરવા યોગ્ય બને છે... અમે સ્વરૂપની સેવા નન્દાલયની ભાવનાથી કરીએ છીએ તેથી સાતે સાત પુત્રોના ઘર 'ઘર' જ કહેવાય છે. અને અમારું ઘર 'ત્રીજું ઘર' કહેવાય છે.

(ગ) શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તોમાં ભગવત્ સમ્બન્ધ અને ભગવત્ સેવા ને જ પ્રધાનતા આપવામાં આવી હતી. બાદમાં પરિલક્ષિત થાય છે કે આમાં પણ કંઈક અંતર આવી ગયું. ... આજના સમયમાં, મને એવું પ્રતીત થાય છે કે આપણે તે ચરિત્રને ભૂલી અને પાછળથી મુખ્ય બનેલા કેવળ ભાવાત્મકરૂપને લઈ બેઠા છીએ કે જે આજે પણ વૈષ્ણવોમાં પ્રચલિત છે. ... હું માનું છું કે ચરિત્રોનો વિચાર કરવામાં સિદ્ધાન્તોની આવશ્યકતા રહે છે.

(કઃતા.૨૪-૧૨-૪૮ના દિને મુંબઈના વૈષ્ણવોની જાહેરસભામાં શ્રીમત્પ્રભુચરણના પ્રાકટ્યોત્સવપ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કરેલ વચનામૃત 'વૈશ્વાનર' અંક-૩૧ સન્-૪૮ઃ ખ : બયાન મૂર્તિબા કાર્યા. સહા. કમિ. દેવસ્થાનવિભાગ ખંડ ઉદયપુર એવં કોટા બજરિયે કમિશન મુ.કાંકરોલી. ફાઈલ સંખ્યા.૧-૪-૬૪. શ્રીદ્વારકાધીશમંદિર દિનાંક ૭/૧૧/૬૫ઃ ગઃ શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૨૦મું, પૃષ્ઠ ૧૪૬,૧૪૯).

નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ, મુંબઈ-મદ્રાસ

આજ મુઝે અપને હૃદયકે ઉદ્ગાર કહને દો, મેરા હૃદય જલ રહા હૈ, મંદિરોમેં દ્રવ્યસંગ્રહકી પ્રવૃત્તિ માત્ર રહ ગઈ હે ઓર વહી અનર્થોંકી જડ હૈ. ઐસે મંદિરોકે અસ્તિત્વસે કોઈ લાભ નહીં. હમારા સંપ્રદાય સામુહિક નહીં વૈયક્તિક હૈ. સાર્વકાલિક તથા સાર્વદેશિક અવશ્ય હૈ પરંતુ સાર્વજનિક નહીં. "કરત કૃપા નિજ દૈવી જીવનપર" ઈસ ઉક્તિમેં 'નિજ' શબ્દકા પ્રયોગ કિયા ગયા હૈ. દૈવી જીવ કહીં ભી હો સકતે હૈં પરંતુ સાર્વજનિક રૂપસે નહીં. આજ હમ 'પુષ્ટિ'કા નામ લેનેકે ભી અધિકારી નહીં હૈં! ...આજકા હમારા જીવન ચાર્વાક-જીવન હો રહા હૈ. ક્યા હમ, આજ જિસ પ્રકારકા સંપ્રદાય હૈ, ઉસે જિવાના ચાહતે હૈં? યદિ સચ્ચે સંપ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર રખ્ખો...ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હી હોગી. આજકે ઈન મંદિરોસે કોઈ લાભ નહીં હૈ, ક્યોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી પ્રધાનતા આ ગયી હૈ ઔર જહાં દ્રવ્ય ઈકઠ્ઠા હોતા હૈ વહીં અનર્થ હોતે હૈં. આજ સંપ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હૈ.

(વલ્લભવિજ્ઞાન સં.૫-૬ વર્ષ ૧૯૬૫)

નિ.લી.ગો.શ્રીગોવિંદરાયજી મહારાજ, પોરબન્દર

(ક) જેમ સ્વરૂપસેવા સ્વાર્થબુદ્ધિથી અને લૌકિક કાર્ય સમજીને ન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તે પ્રમાણે નામસેવા પણ વૃત્તિ અર્થે ન કરવી એવી આજ્ઞા

શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં કરે છે...વૃત્તિ અર્થે સેવા કરવાથી પ્રત્યવાય (પાપ)લાગે. જેમ ગંગા-જમુનાજળનો ઉપયોગ ગુદા પ્રક્ષાલનાર્થ ન થાય, તેમ સેવાનો ઉપયોગ પણ વૃત્ત્યર્થ ન કરાય.

(ખ) તન અને વિત્ત જો પ્રભુમાં વપરાય તો મન પ્રભુમાં જરૂર લાગે છે. માટેજ શ્રીવલ્લભે ઉપદેશ કર્યો છે કે ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''. માનસી જે પરા છે તેને સિદ્ધ કરવા તનુ-વિત્તજા સેવા જરૂરી છે. તન અને વિત્ત બન્ને ક્યાંય એક સ્થળે લગાડો તો ચિત્ત તેમાં રાત-દિવસ રહે છે. દલાલનો વ્યવસાય કરનાર(=હવેલી ચલાવનાર ગો.બા., ટ્રસ્ટી, મુખીયા વગેરે) વ્યવસાયમાં કેવલ તનથી શ્રમ કરે છે પણ તેમાં વિત્ત પોતાનું જરાય લાગતું નથી. આથી જો બજારભાવ વધે કે ઘટે તો તેનાથી તેને મનથી ચિંતા થતી નથી...અને છોકરાનો પિતા એકલી વિત્તજા તરીકે ટ્યુશન ફી આપીને (''પૈસા ફેંક તમાશા દેખ'' કરનાર મનોરથી) સમજે છે કે છોકરો પાસ થવાનોજ છે. આ ત્રણેને ફલ પ્રાપ્તિ નહીં થાય કારણકે તનુજા-વિત્તજા બન્ને લાગતા નથી. હવે તનુવિત્તજા બન્ને લગાડે તો ચિત્ત પરોવવાના દાખલા જોઈએ : એક દુકાનદાર (ઘરમાં ઠાકોરજી પધરાવીને પાતાના તન-મન-ધનથી સેવા કરનાર) દુકાન અને માલ ની ખરીદીમાં મૂડી લગાડી વેપાર શરૂ કરી અને સવારથી રાત સુધી હાજરી આપી તન પણ વેપારમાં લગાડે છે તો તેથી રાત-દિવસ દુકાન અને વેપાર ના જ વિચારો આવે છે : કેમ વેપાર સારો થાય, કેમ વધે...માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુમાં આસક્તિ સિદ્ધ થવામાટે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા બતાવી છે કે તેણે તનુ-વિત્તની સેવા ભાવપૂર્વક કરવી

(ક : સુધાધારા ૧૧૪૬ખ : સુધાબિન્દુ ૭૩)

નિ.લી.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ, મુંબઈ-પોરબંદર

પ્રશ્નઃ આપશ્રીને ભક્તો તરફથી ઘર અગર જમીનો ની ભેટ અપાય છે તે ઘર અગર જમીન તમે વેચો છો તે શાસ્ત્રોક્ત છે? કારણ, શાસ્ત્રમાં ગાય, દીકરી, જમીન તથા ઘોડા ના વેચાણના પૈસા લેવાનો નિષેધ છે. તો ઊપરના પૈસાનો શો વ્યય કરો છો?

ઉત્તરઃ અત્રે ખુલાસો કરી દેવો પણ અમે અગત્યનો ગણીએ છીએ કે વૈષ્ણવ ભેટ કરવાની વસ્તુ ગુરુશ્રીને ભેટ કરી દઈ તે વસ્તુ ઊપરની પોતાની સત્તા(માલીકી) ઉઠાવી લઈ ગુરુની સત્તાનું સ્થાપન તે વસ્તુ ઊપર કરી દે છે. પછી ગુરુશ્રી તે વસ્તુ પોતાના ઠાકોરજીને અંગીકાર કરાવે છે. હવે પ્રસંગ એવો ઉપસ્થિત થાય કે જેમાં મકાન અથવા જમીન વેચ્યા સિવાય ઠાકોરજીને શ્રમ પડવાનો સંભવ લાગતો હોય તેવા પ્રસંગે ...મકાન ન વેચવાની શાસ્ત્રાજ્ઞા ન પળાય તેમાં કશી હરકત હોઈ શકેજ નહિ.

પ્રશ્ન : મન્દિરો ધર્મસ્થાન છે કે વેપારી પેઢી છે?એમાં ભેગા થતા પૈસાનો ઉપયોગ વૈષ્ણવોનાં ભલાં માટે થાય છે કે મહારાજોના વૈભવવિલાસ માટે?

ઉત્તરા : શ્રીવલ્લભસમ્પ્રદાયની હવેલીઓ એ શ્રીવલ્લભવંશજ ગોસ્વામીશ્રીઓની માલીકીનાં ઘર છે. વ્યાપારી પેઢી નથી. તેમાં ભેગા થતા પૈસાનો ઉપયોગ વૈષ્ણવોના ભલા માટે થાય છે જેવા કે સામ્પ્રદાયિક પાઠશાળા ચલાવવી, ગ્રન્થો છપાવી વૈષ્ણવોને સામ્પ્રદાયિક જ્ઞાનથી વાકેફગાર બનાવવા વગેરે. જો કે મુખ્યપણે તો શ્રીઠાકોરજી માટે જ થાય છે. એથીજ આ સમ્પ્રદાયનો પ્રાચીન રિવાજ છે કે એકત્ર થયેલાં દ્રવ્યનો વિનિયોગ છપ્પનભોગ આદિ મનોરથો કરીને પ્રભુમાં કરી દેવો...મહારાજશ્રીઓના સ્વતન્ત્રપણે વૈભવ વિલાસની તો આ સમ્પ્રદાયમાં વાતજ ન હોઈ શકે કારણ કે ''નિવેદીઓએ પ્રભુને સમર્પણ કરીને જ બધું કરવું આવી સમ્પ્રદાયની મર્યાદા છે'' આ શ્રીમહાપ્રભુજીના વચનાનુસાર તમામ ચીજોને ભગવત્પ્રસાદ તરીકે પોતાના ઉપયોગમાં લઈ શકાય છે. અન્યથા લૌકિક ભોગ ભગવત્સેવામાં પ્રતિબન્ધકર્તા થાય.

(રાજુલા(કાઠીયાવાડ)ના કેટલાક સંશયાત્માઓએ પૂછેલા પ્રનોના જવાબ. શુદ્ધાદ્વૈત-ભક્તિમાર્તંડ નો વધારો, વિં.સં.૧૯૮૫)

નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ, જામનગર

''અતિ ધન્યવાદાર્હ હૈ કિ આપને ઈતની મેહનત કરકે સમ્પ્રદાયકે સિદ્ધાન્તનકૂં (જુઓ નીચે આપેલ 'સંયુક્ત ઘોષણાપત્ર')કોર્ટમેં સમઝાયે''દ્ગ''હમારા ઈસમેં પૂરા સહયોગ હોગા, તન-મન-ધનસે... હમારે સભી ચિ.બાલક ઈસ કાર્યમેં સહયોગ કરનેકો તૈયાર હૈં''.

(નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ ગો.શ્રીશ્યામ મનોહરજી(કિશનગઢ-પાર્લા)ને લખી મોકલાવેલ તા.૨૬-૧૦-૮૬ અને ૭-૧૧-૮૬ ના પત્રોમાં.)

નિ.લી.ગો.શ્રીરણછોડાચાર્યજી પ્રથમેશ, કોટા-જતિપુરા-મુંબઈ

ટ્રસ્ટ હવેલી-મન્દિરો એટલે પુષ્ટિભાવોની મોત :

ભગવાન્-સ્વધર્મ પૈસાથી બંધાઈને નથી ચાલતા; તેઓ શ્રદ્ધા-પ્રેમ પરવશ બનીને ચાલે છે. આજે જે (મંદિર-હવેલીઓના) ટ્રસ્ટો કે સ્થાનો ની પ્રણાલી ચાલી રહી છે તે મૂડીવાદની એક અભિનવ દાસ્તાન છે જેમાં ભગાવન્ ગાય ગુરુ અને ધર્માનુયાયિઓ ઊપર એક છત્ર સામ્રાજ્ય કરવાની લાલસા રહેલી છે. આ રીતે આદર્શના કપડાં પહેરેલ આ ધનલિપ્સા અને ધનિકોની દાસ્તાંમાં તે પ્રેમ નથી કે જે એક અકિંચન ભક્તના ''રહિયે મેરે હી મહલ અનત ન જૈયે'' ... આ આત્મીયતા ભરેલા મીઠા વચનોમાં ઝલકે છે. આ પ્રેમસભર અનુનય છે. અને આજનો ટ્રસ્ટી અને સત્તા ભગવાનને પૈસા અને સત્તાના જોરે એમ કહે છે કે ''આ જગાથી જરા પણ ખસતા નહીં. ધ્યાન રાખજો! હું તમારો વ્યવસ્થાપક ટ્રસ્ટી છું. ગમે કે ન ગમે, તમને મારા ઊપર ભરોસો રાખવો જ પડશે! સમજ્યા!''. લોકો સમજે છે કે ધર્મની રક્ષા

કરવાનો આ એક શ્રેષ્ઠ પ્રકાર છે. પરન્તુ...આમાં પણ પ્રાણની એટલી જ અસલામતી છે કે જે મોતથી ઓછી નથી. ...વલ્લભાચાર્યે આવા (ટ્રસ્ટ-હવેલીમાં) જકડાયેલા ઈશ્વરને દામોદર માનવાની પણ ના પાડી દીધી છે.

પોતાના ઠાકોરજીને ટ્રસ્ટમાં પધરાવનારાઓએ ઠાકોરજી વેચી નાખ્યા છે :

...સરખી રીતે વિચારો કે એવી કોન માં હશે કે જે પોતાના લાડલાને ધનની લાલચમાં વેચી નાખે; અથવા તો કોઈ પ્રેમી ક્યારેય એવું, પ્રત્યક્ષ તો શું સપનામાંય એવું કરવાનું તો શું વિચારી કે જોઈ પણ નથી શકતો. આ બાબત એક વાર્તા યાદ આવે છે. ...એક વખત એક પૈસાદાર વાંઝણી સ્ત્રી(અત્યારના દર્શનીયા વૈષ્ણવ અને ટ્રસ્ટી) એ એક ગરીબ(ગોસ્વામી ગુરુ) બાળક(ઠાકોરજી) રમાડવામાટે લીધું. થોડા દિવસો પછી બાળકની ગરીબ માંએ પોતાનું બાળક પાછું માંગ્યું. પૈસાદાર સ્ત્રીએ કહ્યું કે આ તો મારું જ બાળક છે, તારું નથી. તારાથી જે થાય એ કરીલે. બિચારી ગરીબ માં ... ન્યાય માંગવા લાગી...પણ બધા લોકો(દર્શનીયા વૈષ્ણવો, આમ જનતા, સરકાર વગેરે) એ ગરીબના વિરુદ્ધ જુબાની આપવા આવી ગયા. ...ન્યાયાધીશ ચતુર હતો. ...ન્યાયાધીશ બોલ્યો કે આ બાળકના બે હક્કદાર છે તેથી આ બાળકના ટુકડા કરીને બંનેને આપી દેવામાં આવે. (ટ્રસ્ટી) પૈસાદાર મહિલાએ આ વાત માની લીધી, પરંતુ ગરીબ માંએ રડતા-રડતા કહ્યું કે ‘‘ના હુજૂર! આ બાળક મારું નથી, આ તેનું જ છે, બાળકના ટુકડા ન કરાવો’’. ...આવો ત્યાગ એક સાચી માં જ કરી શકે છે, પોતાના કલેજાના ટુકડાની પ્રાણરક્ષા કરવામાટે. આવો જ નહીં, આથી પણ વધુ ક્રૂર અને અભિમાની છે આજનો ટ્રસ્ટી અને કાનૂન કે જેણે ભગવાનને એન્ટિક્ બનાવી દીધો છે. અને એ હંસતો-રમતો બાળક જડ બની ગયો, જકડાઈ ગયો એ સાંકળોમાં. એ એ વ્હાલ ક્યાં નસીબમાં છે કે જે એક માં તેને આપી શકે છે. આ તો બનાવટી ઠોકી બેસાડેલ વ્યવસ્થા છે. આમ ધને ઈમાનને ખરીદ્યો, ભગવાનને ખરીદ્યા અને એ ઉન્મુક્ત બાળકની ગુંજતી કિલકારીઓ હંમેશ-હંમેશ માટે ચુપ થઈ ગઈ. લોકો કહે છે કે ભગવાન્ હવે બોલતા નથી, હંસતા નથી, ખેલતા નથી. પરન્તુ આવી આશાઓ તો તેનાથી કરી શકાય કે જે જીવિત હોય, કોઈના પ્રેમમાં બંધાયેલ હોય! પછી તો એ સુંદર બાળક(હવેલીના ઠાકોરજી)નું પ્રદર્શન યોજાવા લાગ્યું, જેમ બેબી મિલ્કના ડબ્બાના ચિત્રનું કે કોઈ મોડેલનું યોજાતું હોય છે.

ટ્રસ્ટીઓ દ્વારા કરાવાતી સેવા એ પૂતનાના પ્રેમના સમાન છે :

રોજ એ વિચારાવા લાગ્યું કે આ(ઠાકોરજી)નાથી કેટલી કમાણી થઈ! કેટલું વેચાણ થયું. અને બધા વ્યવસ્થાપકો આની દેખરેખ કરવા લાગ્યા. જ્યારે કોઈ (મોટ ભેટ કરનાર કે મનોરથી) આવે ત્યારે એ(ઠાકોરજી)ને વ્હાલ કરવામાં આવતું. લોકો સમજે છે કે આ પ્રેમ છે, ભક્તિ છે; પરંતુ આ તો ધંધો હતો જેના ભપકાએ પૂતનાના

પ્રેમની માફક અસલીયતને ઢાંકી દીધી અને ભોળી યશોદાએ પોતાના લાલને એ (ટ્રસ્ટીઓ)ને રમાડવા આપી દીધો.

મંદિરો-હવેલીઓ દુકાનો છેઃ

...કેટલું વેચાણ થયું એનો હિસાબ રખાવા લાગ્યો. કેટલું ખાધું અને કેટલું કમાવ્યું એનો નાપ-તોલ થવા લાગ્યું. વેચાવા લાગ્યો ધર્મ અને ધર્મસ્વરૂપ એ બાળકૃષ્ણ કે જે પ્રેમવશ પેતાના ભક્તો માટે ભોળો બની ગયો હતો. લોકોએ એના ભોળપણનો ગેરલાભ ઉઠાવ્યો અને કહી દીધું ''આ સાર્વજનિક ઠાકોરજી છે''. એ સર્વશક્તિમાનને સ્વાર્થનું સાધન(બનાવી દેવામાં આવ્યો) અને જગન્નિયન્તા ઊપર ધનનિયન્તા શાસન કરવા લાગ્યા. હાલ એવા થયા કે કોન એને ખવડાવે-પીવડાવે? કેમકે એ તો સાર્વજનિક હતો. દ્વારકાધીશને પણ એ છૂટ હતી કે એ વિદુરના ઘેર શાક આરોગી શકતા હતા. પરન્તુ આ (હવેલીના ઠાકોરજી) તો તદ્દન નિષ્ક્રિય બની ગયો, દેખાવમાત્ર!...શું આ સિદ્ધાન્ત કોઈ પ્રિયતમ માટે પ્રિયતમા કે માતાને માન્ય હશે? પરન્તુ આજે આ માન્ય છે અને માન્ય કરવું પડશે. ફક્ત પૈસા ખાતર, પોતાને નહીં દુનિયાને ખુશ કરવા માટે વેશ્યાની માફક કે જેમાં હૃદય નામની કોઈ વસ્તુ રહી શકતી નથી. અને હોય તો તેને ગણકારવામાં આવતી નથી. કેમકે દરેકનો એના ઊપર અધિકાર છે, જાણે કે એ સમ્પત્તિ હોય. જે ચાહે તે ખરીદે, જે ચાહે તે ભોગવે, જેમ કરવું હોય તેમ કરે. તેને(હવેલીના ઠાકોરજીને) એ બધું કરવું જ પડશે. કેવી અનોખી(!) છે આ ભક્તિ અને પ્રેમની પરિભાષા! આમ છતાં સ્વતન્ત્રતાનો ઉદ્‌ઘોષ કરવામાં આવે છે(આ અમારું ઘર છે! અમારા ઠાકોરજી છે!) શું આ એ જ ભક્તિ છે કે જેને શ્રીવલ્લભ ''માહાત્મ્યજ્ઞાનપૂર્વક...'' કહે છે? આજે આ ભક્તિનું માહાત્મ્ય એમાં જ છે કે ક્યા ઠાકોરજીને ત્યાં કેટલી આવક થાય છે!

ટ્રસ્ટના મન્દિરો ઠાકોરજી માટે જેલ સમા છે :

હવે કોઈ એમ નથી કહી શકતું કે મારું બાળક મોડેથી સૂતું છે, વહેલા નહીં જગાવતા. સૂરદાસજીનું કીર્તન ઠાકોરજીને જગાવવા માટે વ્હાલસભર નથી રહ્યું, ન તો કેલેઉના પદમાં મમતાભર્યો એ અનુનય છે, એ તો ફરજીયાત કરવો પડતો નાસ્તો છે કે જેને નક્કી કરેલ સમયે કેદીની માફક ઠાકોરજીને કરવો પડે છે. જાણે કે કોઈ જેલમાં ઊઠવા કે ખાવા માટેનો ઘંટ વાગ્યો હોય!

ઠાકોરજી વેચાઈ રહ્યા છે; મનોરથી-દર્શનાર્થી ભક્ત નથી ગ્રાહકો છેઃ

શ્રીવલ્લભાચાર્યે જીવનમાં પોતાના કાળજાના ટુકડા પોતાના આરાધ્યને કદિ પોતાનાથી દૂર રહેવા દીધા નથી. આજે એ વેચાઈ રહ્યો છે પૈસાદારોના હાથે અને જકડાયેલો છે સરકારી શિકંજામાં, પબ્લિક પોલિસીની અંદર. અને અવે એને મ્યુંઝિયમની શોભા બનાવવાનો સમય આવી રહ્યો છે. બિચારા ધર્મ અને ઠાકોરજી ની

દશા કોલ્ગર્લ (વેશ્યા) થી પણ બદતર છે. ઠાકોરજીની વિનિન્દિતમુક્તા-દંતપંક્તિ ભગલા ભગતોને જોઈને ખીલી જાય છે. સદાનન્દ નિરાનન્દ બનીને આ ઈમાન(ધર્મ) ખરીદનારાઓના હાથે ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે...બધાને સહારો આપવાવાળો પોતે અસહાય બનીને (હવેલીની કેદમાં) બેઠો છે, કોઈક ધનિક ગ્રાહકની વાટ જોતો!

દેવદ્રવ્યનો પ્રસાદ ખાવો એટલે નરકની ટિકિટ કપાવવી :

ધર્મશાસ્ત્રમાં જે બુદ્ધિમાન્ બ્રાહ્મણને દેવલકવૃત્તિને કારણે અધમ માનવામાં આવ્યો છે...આજે એ દેવલકવૃત્તિનું ધન સ્વાદથી વૈષ્ણવજનતા ખાઈ રહી છે. નાથદ્વારામાં કઈ આઈટમ સ્વાદિષ્ટ છે...એનું જ વિવેચન થાય છે...પરન્તુ મારું કર્તવ્ય શું છે એ ક્યારેય વિચારવામાં આવતું નથી....નાથદ્વારામાં આજકાલ પૈસો ઘણો આવી રહ્યો છે, કેમકે ત્યાં ધનિકોનું સામ્રાજ્ય છે. તેઓના દલાલો શ્રીનાથજીનો મહિમા વધારે છે...ગરીબો માટે ઊભા રહેનારા ઠાકોરજી હવે ફક્ત ધનિકો માટે ઊભા રહે છે.

ટ્રસ્ટ મન્દિરો શ્રીવલ્લભના આદર્શોનું સ્મશાન :

ઠાકોરજીના નામ અને ભાગવત થી હોસ્પિટલો માટે કરોડોની રકમ જમા થાય છે, જામનગરમાં આદર્શ સ્મશાન પણ છે, પરન્તુ અહીં તો સ્મશાનમાંથી પણ આદર્શ ગાયબ થતો જઈ રહ્યો છે. કદાચ આદર્શોનું સ્મશાન છે આ ટ્રસ્ટ અને સરકારી દેવાલય!

મન્દિરોનો પ્રસાદ ખાઈ ન શકાય :

વલ્લભમતમાં એ સિદ્ધાંતતઃ ખોટું છે અને એવા દેવસ્થાનો(હવેલી-મંદિરો)નો પ્રસાદ ખાઈ નથી શકાતો. કેમકે ત્યાં દેવલકવૃત્તિ જ મુખ્ય છે.

દર્શન-મન્દિરને ધર્મપ્રચારનું માધ્યમ ન બનાવી શકાય :

જ્યાં સુધી ભગવત્સ્વરૂપ કે મૂર્તિ નો પ્રશ્ન છે, ધર્મપ્રચારને એની સાથે કોઈ લેવા-દેવા નથી. અને એમ કરવું ઉચિત પણ નથી. કેમકે ભગવાને ધર્મની વ્યવસ્થા માટે વેદવ્યાસ વગેરે અનેક જ્ઞાનાવતાર અને અંશાવતાર ધારણ કરીને જ ધર્મની રક્ષા કરી છે. આજની (સાર્વજનિક હવેલી-મન્દિરની) વ્યવસ્થા આચાર્યને છાજે તેવી, ધાર્મિક કે ભારતીય પણ નથી ત્યારે તેના વલ્લભાચાર્ય સમ્મત હોવાનો તો પ્રશ્ન જ ઊભો થતો નથી. ...મારી આ વિષયમાં સલાહ છે કે એક અલગ વ્યવસ્થા ...ઊભી કરવી જોઈએ જેથી વલ્લભ સિદ્ધાન્તોની રક્ષા થઈ શકે. જો એવી વ્યવસ્થા કરવામાં નથી આવતી તો દેવદ્રવ્ય થાય છે, જેનું સેવન કરવાથી મહાપ્રભુજી સ્પષ્ટ કહે છે કે નરકપાત થશે.

નકલી બેઠકો :

બેઠકોની ભાવગંગા તો આજકાલ ઘરબેઠાં જ મનુષ્યોને પવિત્ર કરવા પોતાની ઉત્તાલ તરંગોથી સમગ્ર ઘર-બારને જ સરાબોર કરવા લાગી છે! ...૮૪ બેઠકોથી કામ ન નીકળ્યું તો હવે મહાપ્રભુ શ્રીવલ્લભને મુસલમાનોના ખેતરોમાં પોતાની ઝારી અને અન્ય ચિહ્નો પ્રકટ કરવા મજબૂર થવું પડી રહ્યું છે.

(''હમારી ધાર્મિક સ્થિતિકા વર્તમાન સ્વરૂપ એવં ભવિષ્યકી વ્યવસ્થાકે હેતુ પ્રતિવેદન'')

(ખ) શ્રીવલ્લભાચાર્યે સેવાને ખરીદવાની વાત નથી કહી કે ખરીદી આવો રૂપીઆ આપીને. 'તનુવિત્તજા' પદનો અર્થ જ એ છે કે એ સમસ્ત પદ છે. જ્યાં તન લાગે ત્યાં જ ધન લાગે ત્યારે જ સેવા થઈ ગણાય. પરન્તુ જો ધન લાગે પણ તન ન લાગે તો સેવા થઈ ન ગણાય. **(પ્રથમેશવાક્સુધા-૧ પૃ. ૫૩)**

(ગ) ''સેવાપિ કાયિકી કાર્યા''. એમ નહીં કે પૈસા આપી દીધા. પૈસા આપીને ઘરમાં વિવાહિતા પત્નીને લાવવામાં આવતી નથી, વેશ્યાને લાવવામાં આવે છે. વેશ્યાથી ઘર નથી વસતું એ સ્પષ્ટ વાત છે. તેથી સાફ વાત એ છે કે ભગવત્સેવા અને વરણ માં પતિ-પત્નીનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે કે જેમાં આત્મીય સમ્બન્ધ હોય છે.**(પ્રથમેશવાક્સુધા-૧ પૃ. ૭૪)**

(ઘ) ભેટ પણ આચાર્યના સન્મુખ જ થાય છે, પ્રભુના સન્મુખ ભેટ નથી થતી. દેવલકવૃત્તિથી બચવાની વિધિ અને વૈદિક વ્યવસ્થા ને સંભાળીને રાખવી જોઈએ નહિતો બુદ્ધિ બગડશે. આમ કરવાથી પતન થાય છે અને થયું છે. **(ત્યાંજ-૧ પૃ. ૧૭૧)**

(ङ) વસ્ત્ર-અલંકારમાં મન બહુ જતું હોય તો એવું સાહિત્ય રાખવાની જરૂર નથી. આમ કરવાથી લૌકિક વધે છે અને ધર્મભાવના નષ્ટ થાય છે. ...તેથી વૈભવ વધારવાની શ્રીગુસાંઈજીએ ના પાડી હતી. અને શ્રીમહાપ્રભુજીએ નાવ ડૂબાડીને કેવળ પુરુષોત્તમને જ ઘરમાં પધરાવ્યા હતા **(ત્યાંજ -૧ પૃ. ૧૮૦)**

(ચ) ધર્મની પરંપરા પ્રદર્શન ઊપર આધારિત નથી પણ એક યથાર્થ જીવનનો ઉજ્વળ પક્ષ છે. ...કુનવારો અને અન્ય મનોરથ...નું સ્વરૂપ આગળ જઈને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની આચાર-પરમ્પરા અને સમ્પ્રદાયની મર્યાદામાટે મરણતોલ સાબિત થશે જેની કલ્પના પણ થઈ શકે તેમ નથી. **(પ્રથમેશવાક્સુધા-૧ પૃ. ૧૯૭)**

નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય, સૂરત

(ક) પ્રશ્ન : દેવદ્રવ્ય કોને કહેવાય?

ઉત્તર : દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય દેવને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઈ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. ...પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય...આ પ્રકારનાં મંદિરોમાં તો સન્મુખમાં ભેટ ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફિસમાં આવતું દ્રવ્ય તેને

સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીનેજ વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલો જ છે.

(ખ) મંદિરના સ્થળ ફેરફાર અંગે શ્રી ગો.પૂ.૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક મંદિરની પરંપરા જ નથી. એમાં વ્યક્તિગત સ્વરૂપ, નિજી સ્વરૂપ, ની જ વાત છે. ... વૈષ્ણવો પણ ઘરમાં સેવા કરે છે, તેને 'મંદિર'જ કહે છે... **(ક : વૈ.વા.અંક.૩.વર્ષ.માર્ચ ૧૯૮૩ૡ ખ : 'ગુજરાત સમાચાર' અંક ૨૫-૫-૯૩ માંથી સાભાર).**

પંચમગૃહાધીશ નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ, કામવન-વિદ્યાનગર

પુષ્ટિમાર્ગની આજે ઉપેક્ષા થઈ રહી છે. તેની પરમ્પરા જ હવે ટૂટતી જઈ રહી છે. આના મૂળમાં જો કંઈ છે તો તે છે આજની સાધન-સમ્પત્તિ. તે જ આપણા સંસ્કાર બગાડી રહી છે. હજી પણ જે ઘરમાં અલૌકિક (પ્રભુ)સેવા હશે ત્યાં પુષ્ટિમાર્ગ જરૂર નભશે.

(વૈષ્ણવતા,જુલાઈ ૨૦૦૭ પૃ. ૬).

શ્રીમદાચાર્યચરણના મતાનુસાર ગૃહસેવા અને પોતાના માથે બિરાજતા ઠાકોરજીનું અતિ સ્નેહથી જતન કરવું એ જ સાચા સંસ્કારનું મૂળ છે. ...શ્રીગુસાંઈજીના સમયમાં છપ્પનભોગ જેવા મનોરથોની શરુઆત કરતી વખતે (તેમાં) કેવળ લૌકિકતા જ વધશે એવી સ્પષ્ટ સૂચના અપાઈ હતી.

...આજકાલ ... મંદિરોનો ઉપયોગ યશ-કીર્તિ પ્રાપ્ત કરવા માટે થવા લાગ્યો છે. મંદિરોમાં પ્રાધાન્ય મનોરથીનું થવા લાગ્યું છે. શ્રી(ઠાકોરજી), ગુરુ તથા સેવાભાવના નો ઉપહાસ થવા લાગ્યો છે. જ્યારથી માર્ગીય સિદ્ધાન્તોનો ઉપહાસ થવા લાગ્યો છે ત્યારથી મંદિરની, તેના સંચાલકોની વૃત્તિ જ પલટાઈ ગઈ છે. આડંબર અને યશ ને પુષ્ટ કરવા માટે ...દર-દર ભટકવાની સ્થિતિ પેદા થઈ ગઈ છે. ... આ બધાનો સાચો ઉપાય આ કલિકાલમાં આપણા સન્તાનોને જરૂરી સંસ્કારો આપણા ઘરમાંથી જ આપવામાં આવે એ જ છે. મંદિરોનું સમ્પૂર્ણ વ્યાપારીકરણ થવા લાગ્યું છે. ...સમ્પત્તિ પ્રાપ્ત કરવાની લાલચ વધવાથી પ્રભુ (સ્વરૂપ-સેવા)ને પણ આપણે વેપારના રૂપમાં પરિવર્તિત કરવા લાગ્યા છીએ. **(વૈષ્ણવતા,જુલાઈ ૨૦૦૭ પૃ. ૬)**

ઠાકોરજીની સેવા ચોરની માફક કરવી જોઈએ. ... સેવ્યસ્વરૂપનો હું સેવક છું તેનો ઢંઢેરો પીટવો કે તેનું પ્રદર્શન કરવું તે પણ જીવના દૈન્યમાં વિક્ષેપ ઉત્પન્ન કરી શકે છે. ... આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવામાં આટલી ગુપ્તતા જરૂરી છે. ''પ્રીત હિયેમેં રાખીયે પ્રકટ કિયે રસ જાય'' ની રીતે તમારા પ્રાણપ્રેષ્ઠ તમને જે રસની પ્રાપ્તિ

કરાવે તેને ક્યારેય પ્રકટ કરી શકાતું નથી. **(વૈષ્ણવતા, સપ્ટેમ્બર ૨૦૦૪, પૃ. ૭)**

આજે તો શ્રીનાથજી-નાથદ્વારા, ચંદબાવા-કામવન અને અન્ય ઠાકોરજીના દર્શન કરતાં જ પોતાના માથે બિરાજતા ઠાકોરજી ભુલાઈ જાય છે. પુષ્ટિમાર્ગમાં તો 'શ્રીજી'નો અર્થ જ પોતાના માથે બિરાજતા ઠાકોરજી થાય છે. લક્ષ્મણબાલાજીમાં પણ 'તિરુપતિ' શબ્દનો પ્રયોગ થાય છે જેમાં 'તિરુ' નો અર્થ શ્રી અને 'પતિ'નો અર્થ નાથ(એટલે શ્રીનાથ) જ થાય છે. અર્થાત્ પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીમાં જ પોતાના સર્વસ્વ હોવાનું દર્શન થવું જોઈએ. એમને આરોગાવ્યું મતલબ સમસ્ત જગત્‌ને પ્રસાદ લેવડાવી દીધો એવો ભાવ સિદ્ધ થવો જોઈએ. અહીં તો એનાથી ઉલટી ગંગા વહી રહી છે. પોતાના સેવ્ય ઠાકોરજીમાં બધા નિધિસ્વરૂપોના દર્શન થવાને ઠેકાણે હવે તો બધામાં અરે, ત્યાં સુધી કે જીવમાત્રમાં આપણે આપણા ઠાકોરજીના દર્શન કરવાનો વિચાર કરી રહ્યા છીએ! અને પાછી બુદ્ધિની ચતુરાઈ પણ વાપરી રહ્યા છીએ કે બધામાં ઠાકોરજીનો અંશ છે તેથી ઘરમાં પ્રભુની સેવા કરીએ કે અન્યની સેવા કરીએ વાત એક જ છે!! તેથી અન્યની સેવામાંથી સન્તોષ લેવાનું શરુ કર્યું. આનાથી શરીર, પૈસા, કીર્તિ બધાની રક્ષા થાય અને ઊપરથી ભગવદીય કહેવાતા થયા!!! **(વૈષ્ણવતા,સપ્ટેંબર, ૨૦૦૭, પૃ. ૭)**

શ્રીવલ્લભ ઠાકોરજી-સ્વામિનીજીના ઉભય સ્વરૂપે બિરાજે છે તેથી લક્ષ્મી તેમની દાસી ગણાય. એટલે કે શ્રીવલ્લભને તો કોઈ જ આર્થિક પ્રશ્ન હોય જ નહીં. છતાં આપના વાર્તા પ્રસંગમાં સ્પષ્ટ બતાવે છે કે આજે સેવા (ગુરુભેટ) નથી આવી તો ઠાકોરજીની કટોરી ગીરવે રાખી પૈસા લાવી સામગ્રી લાવો અને ભોગ ધરે. પ્રભુસેવા તો થાય પણ તે પ્રસાદ આપ પણ આરોગે નહીં કે સેવકને પણ લેવા ન દે. વાર્તા પ્રસંગમાં સમજાવેલી આવી સ્થિતિ આપણા જેવાને શીખ આપવા માટે છે કે ગમે તેવી વિકટ સ્થિતિ હોય છતાં દેવદ્રવ્ય કદાપિ કોઈથી લઈ શકાતું નથી. એટલે જ બ્રહ્મસંબંધ સમયે સઘળું સમર્પિત કરવાની આજ્ઞા કરી છે કે જેથી ભગવત્પ્રસાદ સ્વરૂપે તમે લઈ શકો. અર્થ સ્પષ્ટ જ છે કે પ્રભુનો પૈસો ગુરુદેવ કે સેવક કોઈથી વાપરી ન શકાય. **(વૈષ્ણવતા,ફેબ્રુઆરી, ૨૦૦૯, પૃ.૭)**

(માસિકપત્ર-વૈષ્ણવતા, સાંચે બોલ તિહારે, પ્રકાશક-પંચમ ગૃહાધીશ ગો.શ્રીવિક્કીબાવા, વલ્લભવિદ્યાનગર-કામવન).

નિ.લી.ગો.શ્રીવ્રજાધીશજી મહારાજ(મુંબઈ-દહીસર)

(ક) આપણે શ્રીવલ્લભાચાર્યજીની આજ્ઞાનું પાલન ક્યાં કરી રહ્યા છીએ? આપણે ત્યાં ગૃહસેવા ક્યાં બચી છે? કેવળ મંદિરોમાં દર્શનથી શું લાભ છે? શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે ''કૃષ્ણસેવા સદા કાર્યા''. જો શ્રીમહાપ્રભુજી મંદિરને મુખ્ય માનતા હોત તો પોતાની ત્રણ પરિક્રમાઓમાં અનેક મંદિર સ્થાપિત કરી દેત.

શ્રીગુસાંઈજીએ શ્રીગિરધરજીને સાતસ્વરૂપનો મનોરથ કરતા સમયે આ જ પ્રકારની ચેતવણી આપી હતી. મન્દિરની સ્થાપના કરતા સમયે તેમને ડર હતો કે ઘરમાંથી ઠાકોરજી મન્દિરમાં પધારી જશે. મારા પિતાજી (નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ)એ કાલે જે કહ્યું હતું (અગાઉ ટાંકેલું) તે અક્ષરશઃ સત્ય છે. તમે પોતાના ઘરોમાં ઠાકોરજીને પધરાવો અને તેમની સેવા કરો.

(ખ) પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં ટ્રસ્ટ ખરું ઉતરતું નથી. શ્રીઆચાર્યચરણે દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા કરી છે કે ‘‘ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ’’ (ભક્તિવર્ધિની) અર્થાત્...પોતાના ઘરમાં રહીને સ્વધર્માચરણ કરવું. ગોસ્વામિબાળકો પણ આચાર્ય હોવાથી વૈષ્ણવ પણ છે. એટલે આચાર્યશ્રીની ઉપરોક્ત આજ્ઞા પાલન કરવાની તેમની પણ ફરજ છે...માટે મારું માનવું તો આ જ છે કે આચાર્યચરણનાં સિદ્ધાંત પ્રમાણે વૈષ્ણવો પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવા કરે અને ધર્મગ્રન્થોનું વાંચન કરે, નહિ કે મન્દિરોમાં જઈને ... ટ્રસ્ટ એ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં બંધ-બેસતું નથી બલ્કે આપણી પ્રણાલીનો ભંગ કરે છે.

(કઃ ‘વલ્લભવિજ્ઞાન’ અંક૫-૬ વર્ષ ૧૯૬૫, ૨૦/ખ : ‘નવપ્રકાશ’ અંક ૮, વર્ષ ૮).

સપ્તમગૃહાધીશ પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી, કામવન

કેમકે શ્રીનાથજી સ્વયં તેના ભોકતા છે, કિન્તુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ પણ તેનો મહાપ્રસાદ પણ લઈ શકતા નથી. આ આચાર્યચરણના (કટોરીના પ્રસંગવાળા) ઈતિહાસથી પ્રત્યક્ષ પ્રમાણભૂત છે. તે (હવેલી)નો મહાપ્રસાદ કેવળ ગાયોજ લઈ શકે છે. નહિતો તે દેવદ્રવ્યને ખાવાથી ચોકકસ અધઃપતન છે. ...અનેક પ્રકારના દાન-ભેટનો અને વસૂલ-વસૂલી કરવાનો ઉલ્લેખ (નાથદ્વારા મંદિરની વ્યવસ્થામાં) કરવામાં આવ્યો છે તે પણ સમ્પ્રદાયના સિદ્ધાંતથી સદંતર વિરુદ્ધ છે. અમારા સંપ્રદાયની પ્રણાલી અનુસાર જેઓ અમારા સમ્પ્રદાયના સેવકો છે તેમનું જ દ્રવ્ય ગુરુ-શિષ્યના સંબંધથી સ્વીકારીને તેનો સેવામાં ઉપયોગ કરી શકાય છે. સમ્પ્રદાયમાં બધા પ્રકારના દાન-ભેટનો ઉપયોગ સેવામાં કરવામાં આવતો નથી. અને જો કદાચ ક્યાંક કરવામાં આવતો હોય તો તે સંપ્રદાયના નિયમથી વિરુદ્ધ હોવાને કારણે બંધ કરી દેવું જોઈએ.

(શ્રીનાથદ્વારા ઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી આલોચના તા.૧-૨-૧૯૫૬).

પૂ.પા.ગો. શ્રીહરિરાયજી મહારાજ, જામનગર

(ક)ગો.શ્રીહરિરાયજી : જરા ધ્યાનથી સાંભળજો ... ‘‘તત્ર અયમ્ અર્થઃ. લાભપૂજાર્થ-યત્નસ્ય ઉપધર્મત્વ-દેવલકત્વાદિ’’ સ્પષ્ટ સાંભળજો, ‘‘સમ્પાદકત્વાત્’’. ...લાભ-પૂજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૂજાર્થ પ્રયત્ન કરે છે તો તે ઉપધર્મ થયું; દેવલકત્વ વગેરે જે દોષો છે તે તેની અંદર

પ્રવેશે છે. ...

ગો.શ્રીશ્યામમનોહરજી : એટલે ખાસ ધ્યાનમાં રાખજો હોં, કે ભાવપ્રતિષ્ઠા જે સ્વરૂપની થઈ હોય તે સ્વરૂપની પણ લાભ અથવા પૂજા માટે જો સેવા કરવામાં આવે તો સેવાકર્તા દેવલક (પાપી) થઈ રહ્યો છે ...

ગો.શ્રીહરિરાયજી : અને ઉપધર્મત્વ આવી રહ્યું છે ...અને આ નિષિદ્ધછે. ...

ગો.શ્રીશ્યામમનોહરજી : આ સ્થિતિમાં ગુરુપોતાની લાભ કે પૂજાનેમાટે શિષ્યથી કાંઈ પણ ઠાકોરજીમાટે માંગતો હોય તે ... શાસ્ત્રનિષિદ્ધ હોવાથી ... દાન હોવાથી દેવદ્રવ્ય હોવાથી ઉપયોગ કરવાયોગ્ય હોતું નથી.

ગો.શ્રીહરિરાયજી : હા, બિલકુલ. ... આ તો બિલકુલ સ્પષ્ટ છે. ... 'સ્વવૃત્તિવાદ'થી પણ સ્પષ્ટ થાય છે.

(ખ) શ્રીમદાચાર્યચરણે ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' આમ કહ્યું છે. કારણ કે બે અલગ-અલગ વ્યક્તિ તનુજા વિત્તજા કરે છે તો માનસી સિદ્ધ નથી થતી. ...આ જ અભિપ્રાયને સમજાવવા માટે આચાર્યચરણે 'તનુવિત્તજા' આ સમસ્તપદ કહ્યું છે. ...મજૂરી પેટે પૈસા લઈને કે દઈને બે પુરુષો દ્વારા કરવામાં આવેલી એવી તનુજા-વિત્તજા સેવાઓ માનસીની સાધક નથી બનતી આ અભિપ્રાય સમજાવવા માટે 'તનુવિત્તજા' સમસ્તપદ કહેલું છે. નહીંતર તો તનુવિત્તજા ન કહીને તનુજા-વિત્તજા કહેત...જો બે જુદી-જુદી વ્યક્તિ તનુજા અને વિત્તજા કરે તો બંને સેવાઓની એક સંયુક્ત અવસ્થા તનુવિત્તજા નથી બની શકતી. તેથી જ માનસી સિદ્ધ નથી થતી.

(ગ) જ્યાં સુધી લાભ-પૂજાર્થ યત્નનો પ્રશ્ન છે તો તે તો કોઈ પણ કક્ષાનો ભક્ત કરશે તો દેવલક જ થશે...જો કોઈ સ્વલાભ-પૂજાર્થ દર્શન-મનોરથ-મહાપ્રસાદ વગેરે કરે છે તો એ ચોક્કસ દેવલક છે...બીજાના ઘરમાં, બીજાના પૈસાથી, બીજાના ઠાકોરજીના ભોગનો મહાપ્રસાદ લેવો ઘોર સિદ્ધાન્ત વિરુદ્ધ છે.

(ઘ) હવે રહ્યો પ્રશ્ન ટ્રસ્ટની આવક અને નફો, તો ટ્રસ્ટની આવક-નફાનો લાભ અમે નથી લેતા. ઉલટાનું ભગવત્ શાસ્ત્રોક્ત સર્વલાભોપહરણ ન્યાયથી ટ્રસ્ટનો બધો જ નફો ભગવદર્થ કે ગો-બ્રાહ્મણને માટે વાપરીએ છીએ...અમારા પ્રભુનો નિત્યનેગ-ભોગ પોતાના પૈસાથી આરોગાવીએ છીએ.

(ઙ) પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને માટે ભાગવતકથા કરીને આજીવિકા ચલાવવી નિષિદ્ધ છે.

(ક:પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા, વિસ્તૃત વિવરણ પૃષ્ઠ૧૬૪,૧૯૩. ખ-ચ : અનિર્દિષ્ટપૃષ્ઠસંખ્યાક ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''.)

પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ (અમરેલી-કાંદીવલી-ચાંપાઝર)

પુષ્ટિમાર્ગ ગુપ્ત છે, દેખાડો કરવા માટે તો છે જ નહીં, ભક્ત અને ભગવાન્ વચ્ચે આન્તરિક સમ્બન્ધ દૃઢ કરવાનો માર્ગ છે...બન્નેના સમ્બન્ધો એવા હોવા જોઈએ કે

કોઈ ત્રીજા વ્યક્તિને એની જાણકારી ન થાય. આપણો આપણા ભગવાન્ સાથે કેવો સમ્બન્ધ છે, તે બીજી કોઈ વ્યક્તિને જણાવવાની જરૂરત શું? નામના મેળવવા માટે? પોતાનું મહાત્મ્ય વધારવામાટે? આ તો બધુ બાધક છે. **('પુષ્ટિનવનીત' પૃ.૧૨).**

પ્રથમગૃહાધીશ ગો.શ્રીલાલમણીજી મહારાજ (કોટા-મુંબઈ-જતિપુરા)

જ્યાં શ્રીમહાપ્રભુજી ''કૃષ્ણ-સેવા સદા કાર્યા માનસી સા પરા મતા'' ઉપદેશથી આપણને દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ ના અધ્યાસોથી છૂટકારો અપાવે છે ત્યાં આપણે એક નવા કેંસરને ક્યાં જન્મ આપી દીધો એ મારી સમજમાં ન આવ્યું! દેહેન્દ્રિય-પ્રાણ અન્તઃકરણાધ્યાસોથી આપણે સેવા કરતા-કરતા છૂટ્યા ન હતા તેવામાં તો મનોરથાધ્યાસ, ભગવત્ પ્રદર્શનાધ્યાસ, પ્રસાદાધ્યાસ, અસત્સંગાધ્યાસ આવા બધા અધ્યાસો (ભ્રમણાઓ) એ મળીને આપણને આપણા સિદ્ધાન્તોની વિસ્મૃતિ કરાવી દીધી. 'અધ્યાસ' એટલે જે વસ્તુ જેવી હોય તેવી ન દેખાય પણ બીજી જ દેખાય તે. ...તો મનોરથોનો આપણને અધ્યાસ થઈ ગયો. આપણે જેને મનોરથ સમજતા હતા આજ સુધી ...તે મનોરથ જ નથી, પણ કંઈક બીજું જ છે જે આપણને અહન્તા-મમતા તરફ ધકેલી રહ્યું છે.

જેને આજ સુધી આપણે પ્રસાદ સમજતા હતા અને રૂપીઆથી ખરીદી રહ્યા હતા તે ફક્ત ઘસીટારામની મિઠાઈના લાડવા છે, બીજું કંઈ નહીં. ...આપણે લાડુ ખરીદીને લાવીએ છીએ, પણ તેમાં આપણને પ્રસાદનો ભ્રમ થઈ ગયો છે.

..જે ભગવદ્દર્શનને આપણે આપણી અહન્તા-મમતાને નીચવીને ભગવત્પ્રાપ્તિ તરફ લઈ જવાવાળા સમજતા હતા તે ધંધાકીય હેતુથી કરાવવામાં આવતા ભગવદ્દર્શન આપણા માટે અપસિદ્ધાન્તનો ફાંસો છે.

...પૂતનાનો અર્થ શ્રીમહાપ્રભુજી સુબોધિનીમાં કરે છે ''પૂતં નયતિ ઈતિ પૂતના''. જે આપણા પુત્રોને ઉપાડી જાય, આપણી પવિત્ર વસ્તુઓને આપણે ત્યાંથી લઈ જાય તેને આપણે 'પૂતના' કહીએ છીએ. તેથી લોકમાં વાહ-વાહી મેળવવાની અને ધન મેળવવાની જે લાલચ છે તે પૂતના છે કે જે આપણા ''વ્રજ ભયો મહરકે પૂત''ને ક્યારે આપણે ત્યાંથી ઉપાડીને લઈ ગઈ, આપણે ક્યારે ધનલિપ્સાના તૃણાવર્તને તેને સોંપી દીધો તેની આપણને ખબર પણ ન પડી.

મને દમલાની વાર્તા યાદ આવે છે. મહાપ્રભુજીએ જ્યારે પૂછ્યું કે શ્રીનાથજીની આજ્ઞા તે સાંભળી ? ત્યારે દમલાએ કહ્યું કે ''સાંભળી પણ સમજ્યો નહીં''. જો આપણે પણ ...શ્રીશ્યામદાદાની આજ્ઞા સાંભળીને બાહર ચાલ્યા જઈએ કે ''સાંભળ્યું પણ સમજ્યા નહીં'' અને પાછા મનોરથાધ્યાસ, પ્રસાદાધ્યાસ અને ભગવત્પ્રદર્શનાધ્યાસ માં લાગી જઈએ તો આપણે મહાપ્રભુજીની નજરમાં ગદ્દાર ઠરીશું. અને શ્રીમહાપ્રભુજીની પીનલકોડમાં ''યદા બહિર્મુખા યૂયં'' ના અધિકારી

થઈશું. અને શ્યામુદાદાના શબ્દોમાં પતિતતાનો ચાર્જ આપણા ઉપર લાગશે.

...શ્રીગુસાંઈજી એક વખત હાંસી ખેલ કરી રહ્યા હતા ત્યારે દમલાએ તેમને પોતાની પુષ્ટિપ્રૌઢીથી ટોક્યા હતા કે ''મહારાજ, આ હાંસી-ખેલનો માર્ગ નથી, આ તો તાપ-ક્લેશનો માર્ગ છે''. ...જે દિવસે તમારામાં દમલા પ્રકટ થશે તે દિવસે અમારામાં શ્રીમહાપ્રભુજી પ્રકટ થશે. ...તેથી જો તમે બહાર જઈને એમ કહેશો કે ''સાંભળ્યું પણ સમજ્યા નહીં'' તો તમારામાં દમલાનું નહીં, પતિતાનું પ્રાકટ્ય છે. તમે માહર જઈને પોતાના ગુરુને કહો કે મહારાજ, આ હાંસી-ખેલનો માર્ગ નથી, મનોરથ અને પ્રદર્શન નો માર્ગ નથી, આ તો ''નીકે રાખિ યશોદા મૈયા નારાયણ ગૃહ આયો''ને ગુપ્ત રાખવાનો માર્ગ છે.

(ગો.શ્રીશ્યામ મનોહરજી -કિશનગઢ-પાર્લા- દ્વારા થયેલ 'નવરત્ન'ગ્રન્થના પ્રસંગે કરેલ સમાપન વક્તવ્ય. તા. ૩૧-૦૮-૧૯૮૪)

પૂ.પા.ગો.ચિ.શ્રીવાગીશકુમારજી (કાંકરોલી-વડોદર)

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દુનિયામાં ભટકતું રહેતું આપણું મન-ચિત્ત શ્રીઠાકોરજી સાથે જોડીને તેમની તનુવિત્તજા સેવા કરવી. ... તનુવિત્તની સેવા એટલે આપણે કમાયેલા પોતાના ધનથી, પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની પોતાના શરીરથી સેવા કરવી તે.

('વલ્લભીય ચેતના', ઓક્ટો. ૧૫, ૨૦૦૩, પૃ.૪)

પૂ.પા.ગો. શ્રીમથુરેશ્વરજી મહારાજ (વડોદરા-સુરત)

(ક) ...બ્રહ્મસંબન્ધ લઈને સેવા કરવાથી પ્રત્યેક ઈન્દ્રિયનો ભગવાન્‌માં વિનિયોગ થાય છે ... ગુરુઘર કેવળ ઉપદેશ ગ્રહણ કરવા માટે છે. સેવા આપણને આપણા ઘરમાં કરવાની છે.

(ખ) આજે ઘણા ઘરોમાં સેવા થાય છે, પરંતુ શું આપણે વિશ્વાસ પૂર્વક કહી શકીએ છીએ કે આ સેવા સાચી સેવા છે? શું આજની સેવા ''ચેતસ્તત્પ્રવણં સેવા''નું અક્ષરશઃ સાર્થક સ્વરૂપ છે.?

હકીકતમાં તો અમે ખુદ વલ્લભવંશજ ગોસ્વામી પણ આવો દાવો કરી જ નથી શકતા કે આજે અમે સાચી સેવા કરી રહ્યા છીએ. આવું કહેવામાં મને જરા પણ સંકોચ નથી થઈ રહ્યો, કેમકે હું દંભનું સંરક્ષણ કરવા નથી માગતો. તેથી સ્પષ્ટ છે કે જો અમારા ગોસ્વામીઓમાં સેવાની અને શ્રીમહાપ્રભુજીદ્વારા ઉપદેશાયેલા સિદ્ધાન્તોના પૂર્ણ પરિપાલનની ક્ષમતા હશે તો જ અમારા અનુયાયી આપ મેળે સેવા અને સિદ્ધાન્ત ના પરિપાલનમાં સક્ષમ બની શકશે, બાકી તો નહીં. કેમકે અમે ગોસ્વામી અને વૈષ્ણવ એક જ તત્ત્વના બે પ્રકાર છે. વલ્લભકુળ બિન્દુસૃષ્ટિ છે તો વૈષ્ણવ નાદસૃષ્ટિ છે. આ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પ્રભુચરણ દ્વરા

કરવામાં આવેલી આજ્ઞા વલ્લભકુળ અને વૈષ્ણવ બંનેના માટે પરિપાલનીય છે.

(ક : વલ્લ.વિજ્ઞા. અંક૫-૬ વર્ષ ૧૯૬૫ ખ : પુષ્ટિબોધ ભાગ-૧, પૃ.૨૩,
વિ.સં.૨૦૩૪).

તૃતીયગૃહાધીશ પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી (કાંકરોલી-વડોદરા)

(ક) **પ્રશ્ન :** આજે ચાલી રહેલા વિવાદમાં કેટલાક સિદ્ધાન્તો ચર્ચાઈ રહ્યા છે જેવા કે નવા મન્દિરો ન ખોલવા, ટ્રસ્ટ મન્દિરો ન બનાવવા, ઠાકોરજીના નામે દ્રવ્ય ન લેવું, ઠાકોરજીના દર્શન ન કરાવવા અને સમજ્યા-વિચાર્યા વિના ગમે તેને બ્રહ્મસમ્બન્ધ ન આપવું. આ બધા વિષયમાં આપનો શું અભિપ્રાય છે?

ઉત્તર : જુઓ, મન્દિરની જ્યાં સુધી સ્થિતિ છે તો એ વા સત્ય છે કે ...મન્દિર માત્ર એક જ છે; બીજે બધે ઘરની સ્થિતિ હતી. ...આજે મંદિર જેટલા છે ... તેને આપણે મર્યાદાપુષ્ટિ મંદિર કહી શકીએ છીએ, પષ્ટિમંદિર નહીં. પુષ્ટિનો પ્રકાર તો માત્ર ગૃહસેવામાં જ છે.

(ખ) આજથી દોઢસો વર્ષ પૂર્વે, શ્રીમહાપ્રભુજીના સમયથી ત્યાં સુધી, પુષ્ટિમાર્ગમાં કોઈ ભગવદ્ મન્દિર ખોલવાનો ક્રમ ન હતો. પ્રત્યેક વૈષ્ણવને ઘરે-ઘરે સેવા થાય તેનો આગ્રહ રખાતો. વૈષ્ણવો પોતાને ઘરે શ્રીઠાકોરજીના સ્વરૂપને સેવ્ય કરી પધરાવી ગુરુઘરની પ્રણાલિકા મુજબ સેવા કરતા.

(ગ) આમ તો અજ્ઞાન આજે સ્વરૂપભાવના સ્થાપન કરીને સેવ્ય કરવાની પ્રક્રિયામાં પણ છે. શ્રીગુસાંઈજીએ લખેલી શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકારના અન્તર્ગત ભાવક્રમના અનુસાર ગુરુમુખોદિત માર્ગથી સેવ્ય કરવાનું પણ ભૂલાઈ ગયું છે. કેવળ ચરણસ્પર્શ માત્રની વ્યક્ત ક્રિયા જોઈને લોકો એને જ પુષ્ટ કરવાની વિધિ માની બેસે છે.

(ઘ) તનુવિત્તજા સેવા : ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' આને એમ સમજવું જોઈએ કે દેહ અને દ્રવ્ય અથવા હું અને મારું, આમનો વિનિયોગ જ્યારે ભગવદર્થે કરીએ છીએ તો તેનાથી મનની નિયન્ત્રિત એકતાનતાનો લાભ થાય છે. ...તનુજા અને વિત્તજા સેવાનો અર્થ આ જ સમજવો જોઈએ. આ શબ્દો અને તેના અર્થો ના ભ્રામક પ્રયોગોથી ભ્રમિત ન થવું જોઈએ.

જેમ માટી અને પાણી લતાને પલ્લવિત અને પુષ્પિત બનાવવામાં મદદરૂપ બને છે તે જ પ્રમાણે ભગવદીય જનોનું વાત્સલ્ય અને ભાવ રૂપ બીજ આ માટી-તન અને પાણી-વિત્ત ના સહયોગથી માનસી સેવારૂપી લતાને પલ્લવિત કરીને ફલવતી બનાવીદે છે.

(ઙ) ખેતરમાં ભરાયેલા પાણીને પી ન શકાય...તે અનાજ પેદા કરી શકે છે. તે પોતાનું કેવળ પેટ ભરવાનું સાધન જ કરે છે. તે કોઈ બીજાને માટે ઉપયોગી થતું

નથી. ...પોતાનું પેટ ભરવામાટે ભગવદ્ગુણગાન કરે છે તેઓ આવા પ્રકારના હોય છે કે જેમ ખેતરમાં ભરેલું પાણી હોય છે. પદ્મનાભદાસજી ...આચાર્યચરણના નિબન્ધનો શ્લોક સમજાવતાંની સાથેજ પોતાની પૌરાણિક વૃત્તિ છોડી દીધી! ...આપણા મકાનમાં વાસણ ધોવાના પરનાળા છે તેમાં જે પાણી જાય છે તે એક ખાડામાં ભેગું થાય છે...તે પાણી તો માત્ર (દુર્)ગંધ જ મારે છે ...ભગવદ્ભાવ હોવા છતાં પણ જેના સ્વભાવમાં દુઃસંગ દ્વારા દોષ ઉત્પન્ન થઈ જાય છે આવા મનુષ્યો તે ગંદા ખાડા જેવા બની જાય છે કે જેમાં પાણી તો ભરેલું હોય છે પરંતુ તે પાણી કોઈ ઉપયોગનું નથી હોતું. તે ભરાયેલું પાણી માત્ર દુર્ગંધ પેદા કરે છે...પાંચમા (ભગવદ્ગુણગાન કરીને પોતાની આજીવિકા ચલવનારા નીચ વકતાઓનો ભાવ) ગટરના જેવોજ દુર્ગન્ધયુકત...સ્પર્શ પણ ન કરી શકાય તેવો હોય છે.

(પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી તૃતીયેશ ૩૦/ક : 'આચાર્યશ્રીવલ્લભ' ઑગસ્ટ ૧૯૯૪, અંક૫, પુષ્ટિમાર્ગવર્તમાન, પ્રશ્ન-ઉત્તર ૪, પૃ.૭. ૩૦/ખ : બ્રજ મોહે બિસરત નાહીં, પૃ.૧૪૦-૪૧. ૩૦/ગ : સિદ્ધિસોપાન, પૃ. ૪૭-૪૯. ૩૦/ઘ : જલભેદ પ્રવચન, વડોદરા)

પૂ.પા.સુશ્રીઇન્દિરાબેટીજી (વડોદરા)

શ્રીમહાપ્રભુએ જુદા-જુદા મંદિરોની પ્રણાલી ઊભી કરી નથી; પણ એમાં જગદ્ગુરુશ્રીવલ્લભાચાર્યનો એક લાંબો દષ્ટિકોણ હતો : પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઈએ ...એક મંદિરની બાજુમાં એક બહેન રહે. એમને ત્યાં ઠાકોરજી બિરાજે. મંદિરની આરતીના ઘંટા એમને સંભડાય. સેવા કરતા બેઠેલી એ બહેન ઠાકોરજીના વસ્ત્રો કાઢી સ્નાન કરાવતી હતી ત્યાં આરતીના ઘંટા પડ્યા. પેલી ઠાકોરજીને પડતા મુકીને મંદિરે દોડી. થોડી વારે ઘેર આવી. હવે વિચાર કરો, આવી રીતે કોઈ સેવા કરે તો એમાં સેવાનો આનંદ આવે ખરો? અહીં તો પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય છે. **(વૈષ્ણવ પરીવાર અંક જૂન ૧૯૯૦).**

ઘણી કથાઓ કરીને, ઘણા પ્રવચનો કરીને, આત્મચિન્તન કરતાં લાગ્યું છે કે ધિસ્ ઇઝ્ રોંગ્ વે

(વિશ્વવૈષ્ણવ સમ્મેલ., ૪ જુલાઈ ૨૦૦૯, ન્યુજર્સી અમેરીકા)

પુષ્ટિમાર્ગમાં ફેરફાર નથી જોઈતો પણ ૨૧ સેંચ્યુરીમાં પુષ્ટિમાર્ગમાં ફરેફાર જોઈએ છે. ...આજે પુષ્ટિમાર્ગે જે સ્વરૂપ ધારણ કર્યું છે એને માટે આપણને ફેરફાર જોઈએ છે. ... લોકો ...એક ઘેંટા પાછળ બીજું જાય, બીજા પાછળ ત્રીજું જાય એમ ...ઘેંટાની માફક બધા લોકો ચાલી રહ્યા છે. એ ક્યાં જવાના છે, શું કરવાના છે, ખરેખર શ્રીમહાપ્રભુજીના માર્ગ પર ચાલી રહ્યા છે કે જુદે જ રસ્તે દોડી રહ્યા છે એનું આત્મચિન્તન કરવાની આજે ઘડી આવી ગઈ છે.

ખરેખર અર્થમાં શું આપણે પુષ્ટિમાર્ગના ફોલોવર્સ્ છીએ! વી આર્ ફોલોઈંગ્ પુષ્ટિમાર્ગ ઓર સમથિંગ્ એલ્સ્! જવું છે ઉત્તરમાં અને દોડી રહ્યા છીએ દક્ષિણમાં. માર્ગ એ જ સાચો હોય કે જે મંજિલ્ સુધી પહોંચાડી શકે. મને આટલા બધા

લોકોમાંથી જવાબ આપો કે આપણી મંજિલ્ સુધી પહોંચી શકીએ એવી ક્ષમતા આપણી જડ ધાર્મિકતામાં દેખાય છે? ભલે ખુબ સેવા કરતો હોય, સ્મરણ કરતો હોય, વ્રજમાં રહેતો હોય કે પછી જપ વગેરે કરતો હોય, પ્રવચનો કરતો હોય, હું તો અમારા બધા(ગુરુજનો)ની વાત કરું છું, હું મારી પોતાનું આત્મચિન્તન કરું છું કે હજુ એની અંદર મંજિલ્ સુધી પહોંચવાની જે ક્ષમતા આવવી જોઈએ તે નથી આવતી.

...શ્રીવલ્લભાચાર્યજીએ જીવન જીવવાની પદ્ધતિ આપી જેનું નામ 'પુષ્ટિમાર્ગ' છે. ... સમાજને પ્રભુપરાયણ બનાવવા માટે, ભગવત્પરાયણ બનાવવામાટે, ટોટલ્ ટ્રાન્સ્ફોર્મેશન્ ઓફ્ માઈંડ્ એન્ડ બોડી કરવા માટે એમણે આપણને જે પ્રોસેસ્ આપ્યો છે, જે સાધનાપદ્ધતિ આપી છે, જે રસ્તો આપ્યો છે એ રસ્તાનો વિચાર કર્યા વગર આપણે દોડી રહ્યા છીએ.

...આપણા સમાજમાં ... એટલી બધી દામ્ભિકતા ઘુસી ગઈ છે કે દેખાવ અને ડોળ વધી ગયા છે, દોડા-દોડી વધી ગઈ છે. ...બહુ લોકો આવ્યા, એટલે માનીએ છીએ કે આ કામ બહુ સરસ થયું. હું પ્રવચન સારું કરી શકું એનો અર્થ એ નથી કે હું ખરેખર પુષ્ટિમાર્ગીય છું. કોઈ પણ સાધક જ્યાં સુધી પોતાના ગુરુના પગલે ન ચાલે ત્યાં સુધી એ સફળ નથી. ...સત્સંગ કરાવનારા અમે લોકો છીએ, અમારી અંદર પણ દામ્ભિકતા આવી ગઈ છે. ...આજે તમને કોઈ પુછે કે વ્હાય્ યુ આર્ પુષ્ટિમાર્ગીય? વોટ્ ઈઝ્ પુષ્ટિમાર્ગ? તો બે-ચાર ઉત્તરો સિવાય આપણી પાસે એનું થરો નોલેજ્ નથી. ...આજે આપણે ભારતમાં પણ એટલા બધા મન્દિરો ઉભાં કર્યા મન્દિરોની અંદર ભીડ વધી ગઈ, મનોરથો થવા લાગ્યા, મહાપ્રસાદો વેચાવા લાગ્યા. દોડા-દોડી કરીને લોકો આવે અને દોડા-દોડી કરીને જાય. અને અમે ખાલી આરતીઓ જ ઉતારીએ! પરન્તુ ત્યાં આવનાર સમાજને કંઈક નોલેજ્ મળે એવું અમારા સ્થાનોમાં બન્યું છે! ...તમને નથી લાગતું કે આપણા ધર્મસ્થાનો એ જ્ઞાનપીઠ બનવા જોઈએ! એ વિદ્યાપીઠો બનવી જોઈએ! એ સાધનાની પીઠો બનવી જોઈએ! વી નીડ્ ચેંજ્ ...આજે આપણે મન્દિરોની જે વ્યવસ્થા કરીએ છીએ અને એના જે હોદ્દેદારો બનીએ છીએ એમને પૂછો કે તમને પુષ્ટિમાર્ગ કંઈ આવડે છે? ભરતભાઈને હું પૂછું છું. શું આપણે થોડાક પણ સાધક છીએ! ... અમે લોકો જ્ઞાન આપવામાટે ધ્યાન આપતા નથી. અમે પણ બસ અમારા સ્થાનમાં બેઠા છીએ. અમે આ વૈષ્ણવસમાજનો વિચાર નથી કરતા કે આ વૈષ્ણવસમાજ કેટલો ભૂખ્યો છે

... આ માસ્ પ્રોડક્શની અંદર નોલેજ્ આપવું એ કંઈ નોલેજ્ આપવાની પદ્ધતિ નથી. ઘણી કથાઓ કરીને, ઘણા પ્રવચનો કરીને, મેં આત્મચિન્તન કરતાં લાગ્યું છે કે ધિસ્ ઈઝ્ રોંગ્ વે.

હવે જરૂર છે ક્લાસ્ પ્રોડક્શન્ની નાના-નાના વર્ગોને બોલાવી એમની સામે

ડિસ્કસ્ કરી એમને સાચા સાધક બનાવો. એમનામાં આસ્તિકતા અને સાચી શ્રદ્ધા જાગૃત કરો. એમનામાં સમર્પણબુદ્ધિ જાગૃત કરો. શરણાગતિ બુદ્ધિ જાગૃત કરો. તો પ્રિય વૈષ્ણવજનો, આજે જે આપણે ટોળાશાહીની અંદર મંદિરોમાં જીવી રહ્યા છીએ, ...આપણી અંદર એક જાગૃતિ આવે, ...શિક્ષણવ્યવસ્થાઓ કલાસ્ની અંદર થાય. અને એને શિક્ષણ આપવા માટેનો સ્વતન્ત્ર શિક્ષક વર્ગ ઉભો થાય.

આજે જે લોકો શિક્ષણ પણ આપે છે એ અધુરા નોલેજ્ વાળા છે. કારણ કે સાધક નથી. ...આપણા શિક્ષકો પણ એવા હોવા જોઈએ કે જે લોકો પુષ્ટિમાર્ગને જાણતા હોય. ... અમારા લોકોની એ કમી છે કે અમે હજી કોઈ પુષ્ટિવિદ્યાલય બનાવ્યું નથી. એવી કોઈ કોલેજ્ બનાવી નથી, એવી પ્રયોગશાળાઓ બનાવી નથી. અને આજના જમાનામાં જો નોલેજ્ આપવું હશે તો જુની ભાષામાં નહીં આપી શકીએ. જે શિક્ષકો છે એમણે જુના શબ્દોમાં શીખવું પડશે. ઓરિજિનલ્ ગ્રન્થો ભણવા પડશે. અને આજની નવી લેંગ્વેજ્માં નવા તર્ક સાથે, નવા વિચારો સાથે, નવા દાખલા-દલીલો સાથે લોકોને એનું શિક્ષણ આપવું પડશે. અને એના માટે આપણા એવા આશ્રમો તૈયાર થાય, એવી વિદ્યાપીઠો તૈયાર થાય કે જ્યાં કમ્પેરિટિવ્ સ્ટડીસ્ થાય. સાયકોલોજી ઈન્ પુષ્ટિમાર્ગ, ફિલોસોફી ઈન્ પુષ્ટિમાર્ગ, સાયન્સ્ ઈન્ પુષ્ટિમાર્ગ. તમે ધર્મનું આચરણ કરો છો તો અનાથી તમારી અંદર શું ફેરફાર થાય છે આવા પ્રેક્ટિકલ્ પ્રયોગો થાય. વિદ્યાર્થીઓ એમાં રસ લે. આજે આ જાતના નવા-નવા પ્રયોગો, પ્રેક્ટિકલ્ વસ્તુઓ પુષ્ટિમાગન.ી અંદર હજી જોવા મળતી નથી. હજુ આપણે બહુજ પાછળ રહ્યા છીએ. તો હું વૈષ્ણવ સમાજને, અમારા સમાજને પણ હૃદય પૂર્વકની વિનન્તી કરું છું કે આવો આપણે બધા જાગીએ. હું તમને નથી કહેતી કે તમે જાગો. મારી જાતને પણ કહું છું કે આવો આપણે બધા જાગીએ. નવું ચિન્તન કરીએ. નવો વિચાર કરીએ અને પુષ્ટિમાર્ગ જે ટ્રેક્ ઊપરથી ઉતરી ગયો છે એને પાછો ટ્રેક્ ઊપર ચઢાવી દઈએ.

વલ્લભાચાર્યના વિચારોમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી પણ ૨૧મી સદીનો જે પુષ્ટિમાર્ગ છે એની અંદર ઘણા પરિવર્તનો માંગી લે છે. મન્દિરવ્યવસ્થાપરિવર્તન, જીવનવ્યવસ્થાપરિવર્તન, સમાજવ્યવસ્થાપરિવર્તન. કારણ કે ધર્મ એ મંદિરે આવીને ખાલી આરતીના આંટા જોઈ જવાનો નથી. ઘણા લોકો કહે છે ક્યાં જાઓ છો? કહે, નાથદ્વારા. શું કરવા? તો કહે બસ્, આરતીના આંટા જોયા એટલે બસ્ પતી ગયું. ... આપણા ધર્મસ્થળોમાં પણ ઈન્સ્પિરેશન્ (પ્રેરણા) નથી. ત્યાં પણ જાગૃતિ નથી. ...લેટ્ અસ્ ચેંજ્ અવરસેલ્વ્સ્, અવર સિસ્ટમ્, અવર લાઈફ્ સ્ટાઈલ્ અને આપણી ધર્મ જીવવાની પદ્ધતિને, એના પ્રચાર અને પ્રસારની પદ્ધતિને ...કાર્યકર્તાઓ પધાર્યા છે. હું એમને પણ કહીશ કે આપણે ખાલી દોડાદોડી, દર્શન અને મહાપ્રસાદ જ નથી

આપવાનો અને ટોળાશાહી જ ઊભી નથી કરવાની.

ક્લાસ્‌ની અંદર તમે ધર્મપ્રચાર શરુ કરો. થોડા-થોડા લોકોને બોલાવીને ચર્ચા કરો. અને આ ધર્મ આજના વર્તમાન યુગની સમસ્યાને કઈ રીતે દુર કરે છે તે જુઓ!

(વિશ્વવૈષ્ણવ સમ્મેલ., ૪ જુલાઈ ૨૦૦૯, ન્યુજર્સી અમેરીકા)

પૂ.પા.ગો. શ્રીગોકુલોત્સવજી મહારાજ (ઈન્દૌર-નાથદ્વારા)

જેઓ ઘરમાં રહીને પ્રભુની સેવા કરે છે તે પોતે તો કૃતાર્થ થાય જ છે કિન્તુ તેમના પરિજનો પણ કૃતાર્થ થાય છે. ...બધી ઈન્દ્રિયોથી અન્તઃકરણથી ભજનાનન્દનો અનુભવ ઘરમાં રહીને શ્રીઠાકોરજીની સેવા કરવાથી થઈ જાય છે. ... તેથી ગુરુ પાસેથી શ્રીઠાકોરજીને પુષ્ટ કરાવીને ઘરમાં પધરાવો અને સમયને સેવામય બનાવો ... શ્રીઠાકોરજી જે ઘરમાં બિરાજે છે તે ઘર ઘર ન રહીને ... નન્દાલયની લીલાનું સ્થળ બની જાય છે.

... મુકુન્દદાસ ... રામદાસ સાંચોરા ... કિશોરીબાઈ ... જીવનદાસ... આ બધા મહાનુભાવોએ ... શ્રીનાથજી તથા ઘરના ઠાકોરજીમાં ભેદ નથી જાણ્યો.

... શ્રીઠાકોરજી આપણી નિધિ છે. ...આવા પૂર્ણપુરુષોત્તમ શ્રીનન્દરાજકુમારને શ્રીમહાપ્રભુજીએ આપણા ખોળામાં પધરાવી આપીને આપણને ભાગ્યશાળી બનાવ્યા છે. આથી મોટું બીજું કયું ફળ છે!

... સાંસારિક કામનાથી જે શ્રીઠાકોરજીના... દર્શન-સ્મરણ-સેવા કરે છે તેને ક્લેશજ હાથલાગે છે. ...ઘરના શ્રીઠાકોરજી જ સર્વસ્વ છે...તે જ નિત્યલીલાના આનન્દનો અનુભવ કરાવશે. તે આપણા પતિ છે જે ભયથી રક્ષા અનુ સુરક્ષા પણ કરે છે.

શું કોઈ સ્ત્રી અન્ય સ્થળે જઈને કોઈ બીજાની સેવા કરી શકે છે? કદાપિ નહીં. ...ઘરના પરિજનો આ સાંખી નહીં શકે. ...તે જ પ્રમાણે આપણા માથે જે શ્રીઠાકોરજી આપણા ઘરમાં બિરાજે છે તેમના આપણે મનગમતાં નવા-નવા પુષ્ટિમાર્ગીય મનોરથકરીને, સામગ્રી સિદ્ધ કરીને લડ લડાવી શકીએ છીએ પરન્તુ એવો અધિકાર કોઈ બીજે ઠેકાણે થોડો મળી શકે છે! તેથી નઘરકે ઠાકુરકે સુત જાયો નન્દદાસ તહાં સબ સુખ પાયોસ્ન્ર.

શ્રીનાથજીને પણ દેવાલયની લીલા છોડીને નન્દાલયની લીલા કરવામાટે શ્રીગુસાંઈજીના ઘરે પધારવું પડ્યું. નવ્યાજં લૌકિકમાશ્રિત્ય શ્રીવિટ્ઠલગૃહેડગમત્સ્ન્ર. તેથી શ્રીનાથજીનો તે જ પાટોત્સવ મુખ્ય મનાય છે કે જે ફાગણ સુદ સાતમના આવે છે.

... તેથી ઘરના શ્રીઠાકોરજીનું સ્વરૂપ સમજવું ખુબજ જરૂરી છે. ...કોઈ પત્ની પોતાના પતિની સેવા ન કરે અને તેના ફક્ત ગુણગાન કરતી રહે તો શું તેથી તેનો પતિ

સન્તુષ્ટ થશે?

...જે કૃષ્ણ-કૃષ્ણ ગુણગાન કરતા રહે છે પણ સેવા સ્વધર્મથી વિમુખ છે તે હરિના દ્વેશી છે (વિષ્ણુપુરાણ) તેથી સેવાથી સેવ્યને સન્તોષ મળે છે આ જ વૈષ્ણવનો સ્વધર્મ છે.

(૨૫૨ વૈષ્ણવ વાર્તાની ભૂમિકા)

ષષ્ઠગૃહાધીશ પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી મહોદય, વડોદરા

ચિત્ત ભગત્પ્રેમમાં પરિપૂર્ણ થઈ જાય છે, પૂર્ણતઃ ભગવાન્‌માં જોડાઈ જાય છે, તન્મય અને તલ્લીન થઈ જાય છે ત્યારે પરાસેવા થાય છે. આને ‘માનસી’ સેવા કહેવાય છે. આની સાથે મનુષ્યે શરીરથી પણ સેવા કરવી જોઈએ. ... તનુજા સેવાથી શરીરની શુદ્ધિ થાય છે. અહંતા-હુપણા નો નાશ થાય છે. ધનથી કરાતી સેવા ‘વિત્તજા’ સેવા છે. તેનાથી મમતા-મારાપણાનો નાશ થાય છે. અહંતા અને મમતા એકબીજા સાથે જોડાયેલા રહે છે આથી તનુજા અને વિત્તજા સેવા સાથે થવી જોઈએ. આમાં પ્રધાનતા તનુજા સેવાની છે. કેવળ ધન આપી દેવાથી સેવા થતી નથી. એનાથી રાજસી વૃત્તિ આવે છે.

(‘શ્રીમદ્ભગવદ્ગીતા પુષ્ટિદર્શન’ પૃ.૧૨૫)

પૂ.પા.ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી મહોદય, વડોદરા

આ (પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા) કાર્યક્રમ દ્વારા બને એટલો પ્રયાસ આપશ્રીએ મુંઝવણ દૂર કરવાનો કર્યો છે; બીજો કોઈ આમાં આશય મને દેખાતો નથી. અંતમા હું તો એક જ વસ્તુ કહીશ કે સમાજની અંદર; અને આપણા સંપ્રદાયમાં એટલું બધું સિદ્ધાન્તવૈપરીત્ય થઈ ગયું છે કે ગુજરાતના એક ગામમાં હું ગયેલો...એ ગામમાં પુષ્ટિમાર્ગના જ આપણા સંપ્રદાયના બે મંદિરો છે અને મંદિરોની દિવાલ પણ એક જ છે. પરંતુ લોકાર્થિત્વ, જેમ આપે આજ્ઞા કરી ગઈ કાલે “લોકાર્થીચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા”, એટલું બધું લોકાર્થિત્વ સમાજમાં ઉત્પન્ન થયું છે. પરિણામ એ આવ્યું કે બન્ને મંદિરોની દિવાલો એક જ.... એક મંદિર તો બાલકૃષ્ણલાલનું છે અને બીજું મંદિર ચન્દ્રમાજીનું છે. સવાર પડે એટલે ચન્દ્રમાજીવાળા વૈષ્ણવો બાલકૃષ્ણલાલનો જે મેવો હોય તે ચન્દ્રમાજીમાં લઈ જાય અને બાલકૃષ્ણલાલજીવાળા જે વૈષ્ણવો હોય એ ચન્દ્રમાજીનો જે મેવો અને પ્રસાદ હોય તે બાલકૃષ્ણલાલજીમાં લઈ આવે! આવી જબરદસ્ત હોંસાતોસી વૈષ્ણવસમાજમાં ઉત્પન્ન થઈ; જાણે એકબીજાની સ્પર્ધા કરતા હોય એમ. ઈર્ષા-દ્વેષનું વાતાવરણ જ્યારે સેવાના ક્ષેત્રમાં ઉત્પન્ન થાય એનાથી મોટું લોકાર્થિત્વ કયું હોઈ શકે! આ બધા કેટલાક વિચારો અને જે શો-બીઝનેસ સંપ્રદાયમાં થયો એ બધાનું નિવારણ થાય એ માટે આ આખું એક સુંદર ચર્ચાસભાનું આયોજન થયું. ...આવા બધા

સિદ્ધાન્તવૈપરીત્યનો ભવાડો જો વધારે થતો હોય તો ગુજરાતમાં થાય છે. ભાગવતજીમાં પણ લખ્યું છે ''ગુર્જરે જીર્ણતાં ગતાઃ'' ભક્તિ જો જીર્ણ થઈ હોય તો ગુજરાતમાં. ગાડરિયો પ્રવાહ વધ્યો હોય તો ગુજરાતમાં. એટલે સિદ્ધાન્તની સત્યનિષ્ઠાને ...અને મહાપ્રભુજીના પુષ્ટિસિદ્ધાન્તોનું સદ્જાગરણ ... એમાં મારાથી બનતો સહકાર હું આપવા તૈયાર છું.

('પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા તા.૧૦-૧૩ જાન્યુઆરી ૯૨ પાર્લા, મુંબઇ, વિસ્તૃત વિવરણ પૃ.૩૧૭-૩૧૮).

નિ.લી.ગો. શ્રીગોવિન્દલાલજી મહારાજ પૂ.પા.ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજ પૂ.પા.ગો. શ્રીરાજેશકુમારજી મહારાજ પૂ.પા.ગો. શ્રીવિજયકુમારજી મહારાજ પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ(કડી-અમદાવાદ)

''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્તઘોષણાપત્ર-૧૯૮૬''

...જ્યાં સુધી સિદ્ધાન્તના નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, આપણા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પરવર્તીઅન્ય પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે આ સ્પષ્ટ શબ્દોમાં ઘોષિત કરીએ છીએ કે આપણા ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરંપરા અનુસાર ભગવત્સેવા-સેવાસ્થળ-સેવોપયોગિ-સમ્પત્તિ-સેવાકર્તા (ગુરુકે વૈષ્ણવ) તેમજ ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘનીય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી તેઓમાંથી કોઈને પણ સાર્વજનિક બનાવવું સર્વથા ધર્મવિરુદ્ધ હોવાના કારણે એક ઘોર ધાર્મિક અપરાધ છે.

...વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પ્રમાણે પોતાના ઘરમાં પોતાના ધનને તથા નિજ પરિવારજનોને ભગવત્ સ્વરૂપની સેવામાં ઉપયોગમાં લેવા એ જ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.

...આથી પોતાના ઘરમાં પોતાના ધનના વિનિયોગ વિના તથા પોતાના પરિવારના માણસોના સહયોગ વગર કરાતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા પ્રમાણે આરાધના છે જ નહિ. આવી સ્થિતિમાં અમારા ઘરમાં આવતા લોકો દ્વારા અમારા સેવ્ય ભગવદ્સ્વરૂપના દર્શન કરવા કે ભેટ ધરવી વગેરે આચરણ આરાધનાની અન્તર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

...ભજન(સેવા) જો નિજ ઘરમાં નથી કરાતું તો એવા ભગવદ્ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્ભજન જ નથી કહેવાતું. પુષ્ટિમાર્ગમાં નિજઘરમાં રહીને ભગવદ્ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પ્રકાર છે જ નહિ.

...ભેટ ધરેલા ધનથી ભોગ ધરેલી સામગ્રીને પ્રસાદરૂપે ગ્રહણ કરવી અમારે ત્યાં બિલકુલ વર્જિત છે. ...સાર્વજનિક મંદિરમાં દર્શનાર્થીજનસમુદાયના પ્રતિનિધિના

રૂપમાં સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભસમ્પ્રદાયમાં કોઈ અવકાશ છે અને ન એવું આચરણ સિદ્ધાન્તની દષ્ટિએ પ્રશંસનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી કે ન તો ધંધાના રૂપમાં કરી શકાય છે. ... વાલ્લભ સમ્પ્રદાયમાં ગો.મહારાજોને ... ભગવત્સેવાની અવેજીમાં કે પુજારીની હૈસિયતમાં કંઈ પણ ભેટ સ્વીકારવી માત્ર વર્જિત જ નથી બલ્કે અધર્મ તથા અયોગ્યતા સંપાદક છે.

...શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓની સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે. ... બધા પુષ્ટિમાર્ગીયોના નિજઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે; ક્યારેય સાર્વજનિક ન બની જાય! ‘‘બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ’’.

(નિ.લી.ગો.શ્રીગોવિન્દલાલજી મહારાજ, ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ, ગો.શ્રીરાજેશકુમારજી મહારાજ, ગો.શ્રીવિજયકુમારજી મહારાજ તેમજ ગો.શ્રીવલ્લભલાલજી મહારાજની હસ્તાક્ષરિત સમ્મતિથી ભારતની સુપ્રિમકોર્ટમાં રજુ કરવામાટે તૈયાર કરવામાં આવેલ ‘‘મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્તઘોષણાપત્ર-૧૯૮૬’’ ના અંશો)

સિદ્ધાન્તવચનાવલી

કોઈ પુરુષ કૃષ્ણસેવામાં તત્પર છે કે નહીં, દમ્ભાદિ દુર્ગુણોથી રહિત છે કે નહીં; તેમજ શ્રીમદ્ભાગવતપુરાણના મર્મનો જાણકાર છે કે નહીં આટલી વાતો સરખી રીતે ચકાસી લીધા પછી જ તેની પાસે ગુરુબુદ્ધિ રાખીને જવું જોઈએ.

...તેવા લક્ષણોથી યુક્ત ગુરુ બળવાન કળિયુગને કારણે ન મળે તો ...જાતે જ ભગવત્સેવામાં પ્રવૃત્ત થઈ જવું જોઈએ.

પાત્રાપાત્રનો વિવેક રાખ્યા વિના જો નામદીક્ષાનું દાન આપવામાં આવે તો નામવિક્રયનો દોષ લાગે જ છે કે જેને કારણે દીક્ષાદાતા અપરાધી બને છે.

પૈસા આપીને કોઈ બીજા માણસ થકી કરાવવામાં આવતી સેવા ...અને ...કૃષ્ણસેવામાટે કોઈક બીજા માણસ પાસેથી પૈસા લઈને કરવામાં આવતી સેવા... આવા બન્ને પ્રકારે કરવામાં આવતી સેવાઓને કારણે ચિત્ત ક્યારે પણ કૃષ્ણપ્રવણ બની શકતું નથી. ... સેવા ...વિત્ત આપીને કરાવવામાં આવતી હોય ત્યારે તે વિત્તજા સેવા ચિત્તને રાજસભાવ દર્પ-દમ્ભથી યુક્ત બનાવે છે ...ગોરમહારાજને જેમ યજ્ઞ-યાગનું ફળ મળતું નથી તેમ પારકા પૈસાથી કરવામાં આવતી તનુજા સેવા કરનારને પણ કૃષ્ણપ્રવણતારૂપ ફળ ક્યારેય મળતું નથી.

જેઓ પોતાના સ્વજન હોય અને ભક્ત હોય તેઓને જ શ્રીઠાકોરજીના દર્શન કરાવવા જોઈએ.

૧૧મો અપરાધ : અવૈષ્ણવ સમક્ષ પોતાના ઘરે બિરાજતા શ્રીઠાકોરજીનું પ્રદર્શન કરવું. ફળ : એક વર્ષની સેવા નિષ્ફળ થઈ જાય છે. પ્રાયશ્ચિત્ત : શ્રીઠાકોરજીને

પઞ્ચામૃતથી સ્નાન કરાવવું.

૩૬મો અપરાધ : શ્રીઠાકોરજીના નામે માંગવું. ફળ : સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે. પ્રાયશ્ચિત્ત : જેટલું માગ્યું કે ભેગું કર્યું હોય તેનાથી પાંચ ગણું નૈવેદ્ય પ્રભુને દાન રૂપે આપવું.

આજીવિકા કે યશ વગેરે કમાવવા માટે ભજન કરે તો શી ગતિ થાય? ...તે વ્યક્તિ અન્તે ક્લેશ જ પામે છે એવો શ્રીમહાપ્રભુજીના કથનનો સાફસાફ અર્થ છે. વાત કેવળ ઐહિક ક્લેશ પર નથી અટકતી, તેના પરલોકના અધિકાર અને ફળ નો પણ આવા નિષિદ્ધ આચરણને કારણે નાશ થાય છે. ... અત્યલ્પ પણ જ્ઞાન કે સંસ્કાર હોય તે આવું કુકૃત્ય કરી શકતો નથી.

જો પોતાના ઘરમાં બિરાજતા પ્રભુનું ભજન છોડીને બીજે કશે ભજન(સેવા) કરવામાં આવે તો તેને ભક્તિ ન કહેવાય.

ભાગવતનો પાઠ પ્રયત્નપૂર્વક, અન્ય કોઈ પણ હેતુ વિના જ કરવો જોઈએ. પ્રાણ આપણા કંઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકાર્થ તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ. મોઢું વગેરે ધોવા માટે વપરાયેલ અપવિત્ર પાણીને ભેગું કરવામાટે જમીનમાં જે ખાડો ખોદવામાં આવે છે તેના જેવા નીચ ભગવદ્ગાનોપજીવીઓ હોય છે. આથી... વપરાયેલું ગંદુ પાણી જેમ વપરાશમાં લેવાતું નથી તેમ ભગવદ્ગાનોપજીવીઓના ભાવો સારા મનુષ્યો માટે ગ્રાહ્ય નથી હોતા. ... આજીવિકાર્થે પુરાણકથા કરનારાઓ પણ આવા ગાયોકો સમાન છે.

હે શ્રીવલ્લભ! આપે કહેલ (ઉપરોક્ત) વચનોથી વિપરીત જેઓ કોઈ કંઈ કહે છે તો તેઓ બધા ભ્રાન્ત અને કેવળ અન્ધન્તમ નરકને પ્રાપ્ત થનારા સહજ આસુરી જીવ છે.

(ગો.શ્રીવ્રજેશકુમારજી, ગો.શ્રીરાજેશકુમારજી તથા ગો.શ્રીવિજયકુમારજી ની હસ્તાક્ષરિત સમ્મતિથી પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભામાં વિચારાર્થ પ્રસ્તુત કરવામાં આવેલ સિદ્ધાન્તવચનાવલીના અંશો. હસ્તાક્ષર માટે જુઓ : પેજ ન.)

સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ

આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ ‘સુજ્ઞજનો’ શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે. લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે, દૈવીજીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે. તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવા આચાર્યોએ એક ‘સંવાદસ્થાપકમણ્ડળ’ની સ્થાપના કરીને મુમ્બઈમાં ... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યું હતું. ... સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી(કિશનગઢ-પાર્લા)ના

'સિદ્ધાન્તવચનાવલી'ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૂ.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ કરી હતી. ... સમયના અભાવે ચર્ચા નિર્ણયપર પહોંચી ન શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઈ તે ખરેખર એક મોટી સિદ્ધિ છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૂજ્ય શ્રીશ્યામમનોહરજીની સાથે સહમત થઈને પૂજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છેઃ

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય(વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને(સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ન્યૂનાધિક હોતું નથી.

૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઈ શકે છે, સાર્વજનિક(સ્થળ) નહીં.

૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને ધનની પ્રાપ્તિનું સાધન બનાવવું ન જોઈએ.

૪. દેવલક વ્યક્તિ (=ભગવત્સેવ્યસ્વરૂપને ધનની પ્રાપ્તિનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.

૫. શ્રીઠાકોરજીને માટે કોઈ પણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૂજાના હેતુથી પોતાનામાટે દ્રવ્ય અથવા કોઈ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દષ્ટિમાં ઋણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.

૬. પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઈ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઈ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી નથી કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ(દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી 'દત્તાપહાર'નું પાપ લાગે છે.

૭. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથીદ્ઘ શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોથી જ બધો નિર્ણય થઈ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

(ગો.શ્રીવ્રજેશકુમારજી, ગો.શ્રીરાજેશકુમારજી તથા ગો.શ્રીવલ્લભલાલજી ની હસ્તાક્ષરિત સંમતિથી પ્રકાશિત થયેલ "સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ", મિતિ ફાલ્ગુન સુદી૭, શ્રીવલ્લભાબ્દ૫૧૪, દિનાંક : ૧૧ માર્ચ ૧૯૯૨)

પૂ.પા.ગો. શ્રીવલ્લભરાયજી મહારાજ, સુરત

પ્રશ્ન : આપણા સંપ્રદાયમાં મંદિરને 'મંદિર' ન કહેતાં 'હવેલી' શામાટે કહેવામા આવે છે?

ઉત્તર : સામાન્ય રીતે ઈતર હિંદુ સંપ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં જે પ્રભુ આપણા માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ-સ્વરૂપ અને તેમની સેવા દરેકના વ્યક્તિગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. પોતાના શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય જીવનું એક માત્ર પોતાની ફરજ બની જતું પોતાનુંજ ધર્માચરણ છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામુહિક જીવનનો વિષય નહિ પણ વ્યક્તિગત જીવનનો વિષય છે. જેમ લોકમાં પત્ની અથવા માતા નો પતિ અથવા પુત્ર ની સેવાનો કે વાત્સલ્ય આપવાનો તેનો વ્યક્તિગત ધર્મ ફરજ અને અધિકાર હોય છે, તે જ પ્રમાણે જે સેવકનું જે સેવ્યસ્વરૂપ હોય તે સેવ્યની સેવાનો તેનો વ્યક્તિગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી તે આપણા જીવનની આપણા નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે...માટે ઈતર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તે વપરાય છે. હકીકતમાં સામુહિક દર્શન કે સેવા જ્યાં થતી હોય તેવા અન્યમાર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી. **(પુષ્ટિ.શીત.છાંયડે પૃ.૧૫૭-૫૮)**

પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ, કામવન-સુરત

તનુજા સેવા અને વિત્તજા સેવા એક જ વ્યક્તિ કરે ત્યારે જઈને તે માનસીને સિદ્ધ કરે છે. કેવળ તનુજા કરી લીધી કે કેવળ વિત્તજા કરી લીધી તો તેનાથી અહન્તા-મમતા દુર નહીં થાય... કેવી રીતે? હૂં તમને એક ઉદાહરણ આપું છું. જેઓ ઘરમાં સેવા કરે છે તેમના માટે તો કો સમસ્યા જ નથી. પણ જો કોઈ વિત્તજા સેવા કરશે, સમજો કે તેણે મન્દિરમાં ભેટ આપી. મનોરથ કરાવ્યો. તેની તમે રસીદ લેશો. ...ત્યારે તમે કહેશો કે ''મેં સેવા લખાવી છે''. તમે કહો છો ''મેં સેવા લખાવી છે'' ત્યારે (વિચારો કે) અહન્તા ક્યાં દુર થઈ? હવે તમે મહેતાજી પાસેથી શું માંગશો? ''આ મારી રસીદ છે, મારો પ્રસાદ લવો''. તો જુઓ, અહન્તા-મમતામાં આપણે વધુ બંધાઈ ગયા. તો આવી સેવા સંસારને દુર નહીં કરે, સંસારમાં બાંધશે. .... જો આપણે કેવળ વિત્તજા કરીએ છીએ તો આપણે આપણા અહંકારને વધારીએ છીએ. અને અહન્તા દુર નહીં થાય, મમતા દુર નહીં થાય તો માનસી કેમ સિદ્ધ થશે? કેમ કે બધા બન્ધનોનું મૂળ તો અહન્તા-મમતા જ છે!

(સિદ્ધાન્તમુક્તાવલી પ્રવચન, ભરૂચ, જન્યુઆરી ૨૦૦૫)

પૂ.પા.ગો.શ્રીનવનીતલાલજી મહારાજ, કામવન-ભાવનગર

કઈ બાર પ્રભુ સામગ્રીપર માત્ર દૃષ્ટિ કરતે હૈં, ઉસે અરોગતે નહીં હૈં. જિસ પ્રસાદકો લેનેકા આમન્ત્રણ પહલે હી દે દિયા ગયા હો ઉસે ...વૈષ્ણવોંકો પહલેસે નિમન્ત્રણ ભેજા જાતા હૈ કિ હવેલી પર દોપહર બારહ બજે પ્રસાદ લેને આના હૈ. યહ બાત ઠીક નહીં હૈ.

(આશ્રય, માર્ચ ૨૦૦૫, પાનું ૧૨)

શ્રીમહાપ્રભુજીકી સ્પષ્ટ આજ્ઞા હૈ કિ પ્રત્યેક વૈષ્ણવકા મુખ્ય કર્તવ્ય પ્રભુસેવા હૈ. અપને ઘરમેં બિરાજતે પ્રભુકી સેવા કરના હી વૈષ્ણવકા પરમ ધર્મ હૈ. ... ‘‘હમ ઘરમેં સેવા નહીં કર સકતે, નિત્ય પાઠાદિ ભી નહીં હો પાતે હૈં ઈસલિયે નિયમિત મન્દિરમેં દર્શન કર આતે હૈં’’ યહ તો મન મનાનેકી બાત હૈ . યહ વિચાર ઠીક નહીં હૈ. સેવા નિત્યનિયમ અવશ્ય કરને ચાહિયે. સેવાકા વિકલ્પ મન્દિર જાના નહીં હો સકતા.

(આશ્રય, ફેબ્રુઆરી ૨૦૦૫, પાનું ૧૨)

પૂ.પા.ગો.ચિ.શ્રીઅક્ષયકુમારજી મહોદય, રાજકોટ-પોરબંદર

આજે જે રીતે બ્રહ્મસમ્બન્ધદીક્ષા પ્રદાન કરવામાં આવે છે એમાંથી ઘણા ખરા દીક્ષાર્થીઓ એવા હોય છે જેમને પુષ્ટિમાર્ગ શું છે, દીક્ષા પછી એમનું કર્તવ્ય શું છે, પુષ્ટિમાર્ગના પાયાગત સિદ્ધાંતો શું છે એના સાથે એમને કોઈ પણ પ્રકારની નિસ્બત નથી હોતી. આવા દીક્ષાર્થીઓ તો ફક્ત જાતને વૈષ્ણવ કહેડાવવાની ઔપચારિકતા પૂરી કરે છે. ...જેમનો ધ્યેય રાસ-ગરબા, દર્શન અને પ્રસાદ પૂરતો જ સીમિત છે. આપણા સેવ્ય પ્રભુમાં નિરોધ સિદ્ધ થાય, પ્રભુનો સાનુભાવ-સાક્ષાત્ પ્રકટ થવું-થાય એ જ પુષ્ટિમાર્ગીયોનું ફળ છે અને એ જ દરેક પુષ્ટિમાર્ગીનો ધ્યેય હોવો જોઈએ. ...પુષ્ટિમાર્ગના સાચા ધ્યેયને જ આજે પુષ્ટિમાર્ગીયો વિસરી ગયા છે. ...માર્ગના ગ્રન્થોના અધ્યયનમાં અનુયાયી વર્ગની ઘટતી જતી રુચિ આ પરિસ્થિતિની ઘણા અંશે જવાબદાર છે. શ્રીઆચાર્યચરણોના ઉપદેશો જ આપણને આ પરિસ્થિતિમાંથી ઉગારી શક્શે. ...પોતાના સિદ્ધાન્તનો નિશ્ચય કરતા શ્રીવલ્લભ આપણને ‘‘કૃષ્ણસેવા સદા કાર્યા’’નો જ ઉપદેશ કરે છે. પણ માર્ગમાં વધતા જતા વ્યાપારીકરણને કારણે શ્રીવલ્લભાધીશના ગૃહસેવાના સિદ્ધાન્તને કેટલી હાની પહોંચી છે તે આપણે સહુ જોઈ શકીએ છીએ. ...શ્રીઆચાર્યચરણની કૃપાથી વ્રજના અધિપતિ એવા સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ આપણે ત્યાં પધારી આપણી સેવા અંગીકાર કરે છે એથી વિશેષ કૃપા બીજી કઈ હોઈ શકે? ...એવા પુષ્ટિપ્રભુને પોતાને ઘરે પધરાવી સર્વસમર્પણ પૂર્વક એમની સેવા કરવાને બદલે જાહેર સ્થાનો (હવેલીઓ)માં પૈસા દઈ સેવા કરાવીને જ અનુયાયીવર્ગ સંતોષ માની લે છે. પછી ઘરે સેવા કરવાની એમને કોઈ જરૂર નથી લાગતી. શ્રીવલ્લભની આજ્ઞા પર નિષ્ઠાપૂર્વક ચાલવાવાળા

(સિદ્ધાન્તવાદી) પણ આજે માર્ગમાં ઘણા અનુયાયીઓ છે. પણ માર્ગ(હવેલીઓ)માં સેવાના નામે થતા જાહેર પ્રદર્શનોથી એમના હૃદય પણ વીંધાય છે. એવા જાહેર મંદિરો કે જ્યાં બધાને નફા-નુકશાનનો વિચાર છે, મનોરથીનો વિચાર છે પણ પ્રભુના સુખનો કોઈ વિચાર નથી. એવા વાતાવરણમાં શ્રીમહાપ્રભુજીનો ''ચેતસ્ તત્પ્રવણં સેવા''નો ઉપદેશ કેટલી હદે શક્ય છે? એવા વાતાવરણમાં ચિત્તની પ્રવણતા કેવી રીતે થઈ શકે છે કે જ્યાં ધર્મના નામે (હવેલી-કથા-યાત્રા-કીર્તન-ઢાઢીલીલા-રાસલીલ વગેરેમાં) વેપાર ચાલતો હોય. ધર્મના નામે થતી આવી વ્યાવસાયિક પ્રવૃત્તિ ચાલતી જોઈને લાગે છે કે આપણા આચાર્યચરણ પ્રત્યેની આપણી નિષ્ઠા મરી પરવારી છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેમાં ચિત્ત પરોવાઈ જાય એ જ સેવા છે. ચિત્તની પ્રવણતા કેવી રીતે થાય? ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''...પોતાના દેહ(શરીર)થી અને પોતાના વિત્ત(ધન)થી પ્રભુસેવા કરવી જોઈએ. શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે...ધન દઈને અથવા લઈને કરવામાં આવતી સેવા ફલરૂપા માનસી સેવાને સાધી શકતી નથી એટલા માટે શ્રીઆચાર્યચરણે ''તનુજા-વિત્તજા'' અલગ ન કહી 'તનુવિત્તજા' સમસ્તપદ કહ્યું. આ વિષયપર શ્રીપુરુષોત્તમચરણ લેખે છે ...જો વિત્ત વેતનની જેમ દઈને સેવા કરાવવામાં આવે તો તેનાથી ચિત્તમાં રાજસ વધે છે, અહંકાર આવે છે. અને જો વિત્ત વેતનની જેમ લઈને સેવા કરવામાં આવે તો જેવી રીતે બ્રાહ્મણનું વરણ હોય પણ તેને યજ્ઞનું ફળ નથી મળતું (તેમ સેવા-મનોરથના નામે પૈસા લેનાર ગો.બા., ટ્રસ્ટ, મુખિયા વગેરેની સેવા નિષ્ફળ જાય છે). આથી સ્પષ્ટ થાય છે કે વિત્ત-પૈસા દઈને કરાવવામાં આવતી વિત્તજા સેવા અથવા વિત્ત લઈને કરવામાં આવતી તનુજા સેવા માનસીરૂપ ફળને નથી સાધી શકતી. આ બંને સેવા જ્યારે સાથે થાય છે, પોતાના તનથી અને પોતાના ધનથી જ્યારે તનવિત્તજા સાથે કરવામાં આવે છે ત્યારે એ માનસી સિદ્ધ કરે છે. ...પરમ કૃપાળુ શ્રીવલ્લભે આપણને એમના સર્વસ્વ એવા વ્રજાધિપતિ પધરાવી આપ્યા. એવા પ્રભુને પોતાના સર્વસ્વ માનીને એમની સેવા કરવાને બદલે એ પ્રભુનો જ ઉપયોગ કરી પોતાના અર્થ સાધવાવાળા (હવેલીવાળાઓની) શું ગતિ થશે એ તો પ્રભુ જ જાણે.

(ખ) ઘણો એવો વર્ગ છે જેને (સેવા-મનોરથ-કથા-કીર્તન વગેરેના) વ્યાપારીકરણનો વિરોધ જરા પણ પસંદ નથી. તેમની દલીલ હોય છે કે આનાથી પ્રચાર થાય છે, વ્યાપ વધે છે. પણ તેવા વ્યાપ વધારવાથી શું ફાયદો કે જેમાં કોઈ ફલશ્રુતિ જ ન હોય! ...પહેલા જ્યારે દ્રવ્ય ખૂબજ વધી જતું તો તેનો ભગવદ્ વિનિયોગ થાય તે ભાવથી પ્રભુને છપ્પનભોગ અરોગાવવામાં આવતો. આજે દ્રવ્ય ઘટી જાય તો છપ્પનભોગ કરવામાં આવે છે અને ભીડ ભેગી કરવામાં આવે છે.

...આ (ધંધાકીય મનોરથોના) દૂષણના કારણે વધારે પડતા વૈષ્ણવોની એવી માનસિકતા બંધાઈ ગઈ કે ભેંટ ધરી દીધી એટલે ધર્મ નિભાવી લીધો. (સેવા-મનોરથ-દર્શનને) વેચવાવાળા(હવેલીવાળ)ને ખરીદવાવાળા મળી ગયા એટલે દૂષણ દિવસેને દિવસે વધતું ગયું. પણ દરેક પુષ્ટિમાર્ગીએ સમજવું પડશે કે ફક્ત ભેંટ ધરી દેવાથી ધર્મ નથી થઈ જતો. કેમકે ધર્મ કોઈ વેચવા કે ખરીદવા ની વસ્તુ નથી. ...બીજાને સુધારતા પહેલા આપણે સુધરીયે તો ...સંપ્રદાય આ વ્યાપારીકરણના દૂષણથી મુક્ત થશે.

(કઃ શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય, પ્રસ્તાવના, વિ.સં. ૨૦૬૨. ખ : ધર્મસેતુ, વર્ષ-૧, અંક-૩ પૃ. ૩, માર્ચ ૨૦૦૯)

પૂ.પા.ગો.ચિ.શ્રીજયદેવલાલજીવ્રજેશકુમારજી, કડી-અમદાવાદ

“આપ સેવા કરી શીખવે શ્રીહરિ”. વલ્લભે પોતે સેવા કરી અને વૈષ્ણવને સેવા શીખવાડી છે. ઠાકોરજીએ કીધું કે હું કોઈ દેવી નથી પણ સાક્ષાત્ કલ્યાણરાયજીનું સ્વરૂપ છું. અને તુ વલ્લભની પાસે જા. વલ્લભ થકી સહુ પડે સહેલું. અને તુ એમની જોડે બ્રહ્મસમ્બન્ધ લે. અને પછી તુ મારી બરાબર રીતે સેવા કર. વલ્લભે બ્રહ્મસમ્બન્ધ આપ્યું. પુષ્ટિરીતિ શિખવાડી અને પછી એ ઘરમાં આનન્દથી “ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણમ્” ની રીતે સેવા સુંદર રીતે કરવા લાગી ગયા. આ વાર્તાનો ભાવાર્થ એ જ છે કે વલ્લભ જેમ આજ્ઞા કરે છે એ જ પ્રમાણે સેવા કરવી અન્યથા સેવા કરવાનો કોઈ લાભ થતો નથી. **(વચનામૃત : ૮૪ વૈષ્ણવવાર્તા અન્તર્ગત વાર્તા : બાબાવેણુ દાસ)**

સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ

આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ ‘સુજ્ઞજનો’ શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે. લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે, દૈવીજીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે. તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવા આચાર્યોએ એક ‘સંવાદસ્થાપકમણ્ડળ’ની સ્થાપના કરીને મુમ્બઈમાં ... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યુ હતું. ... સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (કિશનગઢ-પાર્લા)ના ‘સિદ્ધાન્તવચનાવલી’ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૂ.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ કરી હતી. ... સમયના અભાવે ચર્ચા નિર્ણયપર પહોંચી ન

શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઈ તે ખરેખર એક મોટી સિદ્ધિ છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૂજ્ય શ્રીશ્યામમનોહરજીની સાથે સહમત થઈને પૂજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છેઃ

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય (વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને (સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ન્યૂનાધિક હોતું નથી.

૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઈ શકે છે, સાર્વજનિક(સ્થળ) નહીં.

૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને ધનની પ્રાપ્તિનું સાધન બનાવવું ન જોઈએ.

૪. દેવલક વ્યક્તિ (=ભગવત્સેવ્યસ્વરૂપને ધનની પ્રાપ્તિનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.

૫. શ્રીઠાકોરજીને માટે કોઈ પણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૂજાના હેતુથી પોતાનામાટે દ્રવ્ય અથવા કોઈ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દષ્ટિમાં ઋણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.

૬. પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઈ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઈ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી નથી કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ(દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી 'દત્તાપહાર'નું પાપ લાગે છે.

૭. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથીદ્ર શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોથી જ બધો નિર્ણય થઈ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

(સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ, મિતિ ફાલ્ગુન સુદી૭, શ્રીવલ્લભાબ્દ ૫૧૪, દિનાંક : ૧૧ માર્ચ ૧૯૯૨)

ઉપરોક્ત સિદ્ધાન્ત ગર્જના કરનારા ગોસ્વામી મહાનુભાવોના હસ્તાક્ષર :

નિ.લી.ગો.શ્રીવ્રજરાયજી મહારાજ (અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીદેવકીનન્દનાચાર્યજી, ચતુર્થેશ(ગોકુલ-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ(કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી મહારાજ(કડી-અમદાવાદ)

પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ(કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીજયદેવલાલજી મહારાજ (કામા-વીરમગામ-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીમથુરેશજી મહારાજ (કામા-વીરમગામ-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીકન્હૈયાલાલજી મહારાજ (કામા-વીરમગામ-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીહરિરાયજી(કામા-વીરમગામ-અમદાવાદ)

"મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્ત ઘોષણાપત્ર" ૧૯૮૬

...જ્યાં સુધી સિદ્ધાન્તના નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, આપણા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પરવર્તીઅન્ય પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે આ સ્પષ્ટ શબ્દોમાં ઘોષિત કરીએ છીએ કે આપણા ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરંપરા અનુસાર ભગવત્સેવા-સેવાસ્થળ-સેવોપયોગિસમ્પત્તિ-સેવાકર્તા (ગુરુકે વૈષ્ણવ) તેમજ ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘનીય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી તેઓમાંથી કોઈને પણ સાર્વજનિક બનાવવું સર્વથા ધર્મવિરુદ્ધ હોવાના કારણે એક ઘોર ધાર્મિક અપરાધ છે.

...વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પ્રમાણે પોતાના ઘરમાં પોતાના ધનને તથા નિજ પરિવારજનોને ભગવત્ સ્વરૂપની સેવામાં ઉપયોગમાં લેવા એ જ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.

...આથી પોતાના ઘરમાં પોતાના ધનના વિનિયોગ વિના તથા પોતાના પરિવારના માણસોના સહયોગ વગર કરાતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા પ્રમાણે આરાધના છે જ નહિ. આવી સ્થિતિમાં અમારા ઘરમાં આવતા લોકો દ્વારા અમારા સેવ્ય ભગવદ્સ્વરૂપના દર્શન કરવા કે ભેટ ધરવી વગેરે આચરણ આરાધનાની અન્તર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

...ભજન(સેવા) જો નિજ ઘરમાં નથી કરાતું તો એવા ભગવદ્ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્ભજન જ નથી કહેવાતું. પુષ્ટિમાર્ગમાં નિજઘરમાં રહીને ભગવદ્ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પ્રકારછેજનહિ.

...ભેટ ધરેલા ધનથી ભોગ ધરેલી સામગ્રીને પ્રસાદરૂપે ગ્રહણ કરવી અમારે ત્યાં બિલકુલ વર્જિત છે. ...સાર્વજનિક મંદિરમાં દર્શનાર્થીજનસમુદાયના પ્રતિનિધિના રૂપમાં સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભસમ્પ્રદાયમાં કોઈ અવકાશ છે અને ન એવું આચરણ સિદ્ધાન્તની દૃષ્ટિએ પ્રશંસનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી કે ન તો ધંધાના રૂપમાં કરી શકાય છે. ... વાલ્લભસમ્પ્રદાયમાં

ગો.મહારાજોને ... ભગવત્સેવાની અવેજીમાં કે પુજારીની હૈસિયતમાં કંઈ પણ ભેટ સ્વીકારવી માત્ર વર્જિત જ નથી બલ્કે અધર્મ તથા અયોગ્યતા સંપાદક છે.

...શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓની સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે.

... બધા પુષ્ટિમાર્ગીયોના નિજઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે; ક્યારેય સાર્વજનિક ન બની જાય! ‘‘બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ’’.

(‘‘મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્ત ઘોષણાપત્ર’’ ૧૯૮૬. પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા સંક્ષિપ્ત વિવરણ, પૃષ્ઠ ૪૯-૭૮)

ભારતની સર્વોચ્ચ અદાલતમાં ઉપરોક્ત સિદ્ધાન્ત ગર્જના કરનારા
ગોસ્વામી મહાનુભાવોના હસ્તાક્ષર :

૧. ગો. શરદ્કુમારજી શ્રીઅનિરુદ્ધજી (માંડવી)
૨. ગો. કિશોરચન્દ્રજી (જુનાગઢ)
૩. ગો. અજયકુમારજી શ્રીશ્યામસુંદરજી (મદ્રાસ)
૪. ગો. મનમોહનજી શ્રીનૃત્યગોપાલજી (વસઈ)
૫. ગો. શ્યામસુન્દરજી શ્રીમુરલીધરજી (બોરીવલી)
૬. ગો. કૃષ્ણચન્દ્રજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)
૭. ગો. વલ્લભલાલજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૮. ગો. હરિરાયજી શ્રીગોવિંદરાયજી (પોરબંદર)
૯. નિ.લી.ગો.શ્રીવ્રજાધીષજી શ્રીકૃષ્ણજીવનજી (દહિસર)
૧૦. ગો. શ્યામ મનોહરજી શ્રીદીક્ષિતજી (કિશનગઢ-પાર્લા)
૧૧. ગો. વ્રજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૧૨. નિ.લી.ગો.શ્રીકૃષ્ણકુમારજી શ્રીરમણલાલજી (કાંદીવલી-કામવન)
૧૩. ગો. રાજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૧૪. ગો. વિજયકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૧૫. ગો. યોગેશ્વરજી શ્રીમથુરેશ્વરજી (વડોદરા-સુરત)
૧૬. ગો. રઘુનાથલાલજી શ્રીરમણલાલજી (મુંબઈ-ગોકુલ-કામવન)
૧૭. ગો. દેવકીનન્દનાચાર્ય (ગોકુલ-અમદાવાદ)
૧૮. ગો. નવનીતલાલજી શ્રીગોવિંદલાલજી (કામવન-ભાવનગર)
૧૯. ગો. ચન્દ્રગોપાલજી શ્રીમુરલીધરજી (પોરબંદર)
૨૦. ગો. મુરલીમનોહરજી શ્રીવ્રજાધીશજી (દહિસર)
૨૧. નિ.લી.ગો.શ્રીમાધવરાયજી શ્રીગોકુલનાથજી (નાશિક-મુંબઈ)
૨૨. ગો. રમેશકુમારજી શ્રીગોપીનાથજી (મુલુંડ-નાસિક)
૨૩. ગો. કલ્યાણરાયજી (વીરમગામ-અમદાવાદ)
૨૪. ગો. યોગેશકુમારજી શિશુકુમારજી (કાંદીવલી)
૨૫. ગો. વ્રજપ્રિયજી શ્રીમુરલીધરજી (બોરીવલી)
૨૬. ગો. વ્રજેશકુમારજી (વીરમગામ-અમદાવાદ)
૨૭. ગો. અનિરુદ્ધલાલજી શ્રીદ્વારકેશલાલજી (માંડવી)$^{\text{પત્રદ્વારા}}$
૨૮. નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર)$^{\text{પત્રદ્વારા}}$

૨૯. ગો. વિટ્ઠલનાથજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જુનાગઢ)પત્રદ્વારા
૩૦. ગો. હરિરાયજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર)પત્રદ્વારા
૩૧. ગો.શ્રીશ્યામમનોહરજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (કાશી)પત્રદ્વારા
૩૨. ગો. વ્રજરત્નજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (નડીયાદ)પત્રદ્વારા
૩૩. ગો. નવનીતલાલજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જુનાગઢ)પત્રદ્વારા
૩૪. ગો. બાલકૃષ્ણજી શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જેતપુર)પત્રદ્વારા
૩૫. ગો. નીરજકુમારજી શ્રીમાધવરાયજી (મુંબઈ-નાસિક)પત્રદ્વારા
૩૬. ગો. મધુસૂદનજી શ્રીકૃષ્ણચન્દ્રજી (ચેન્નઈ)પત્રદ્વારા
૩૭. નિ.લી.ગો.શ્રીમથુરેશજી (વીરમગામ-અમદાવાદ)
૩૮. નિ.લી.ગો.શ્રીનૃત્યગોપાલજી શ્રીકૃષ્ણચન્દ્રજી (મુંબઈ)
૩૯. ગો.શરદ્કુમારજી (શીલૂબાવા) શ્રીમુરલીધરજી (પોરબંદર)
૪૦. નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી શ્રીગોવિંદરાયજી (સુરત)પત્રદ્વારા
૪૧. પઞ્ચમપીઠાધીશ્વર નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી (કામવન-વલ્લભવિદ્યાનગર)
૪૨. નિ.લી.ગો.શ્રીગોવિંદલાલજી (કોટા)પત્રદ્વારા
૪૩. ગો. હરિરાયજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ-કેશોદ)

શપથપત્ર

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તથી સર્વથા વિપરીત હોવા છતાંય જાહેર ટ્રસ્ટ મંદિરો / જાહેર ખાનગી મંદિરો માં થતા ભગવત્સેવાના ભવાડામાં ભેગા થઈને, ત્યાં નિત્યનિયમે દર્શન કરવા જવાના દુરાગ્રહથી, ધનોપાર્જનમાટે કરવામાં આવતા મનોરથોની ઝાંખીના ધતિંગને આર્થિક કે બીજી રીતે સક્રિય પ્રોત્સાહન આપી, દેવદ્રવ્યથી ધરવામાં આવેલ ભોગ-સામગ્રીને કે જેનો પ્રસાદ લેતાં, શ્રીમહાપ્રભુજી આપણને 'મહાપતિત' ગણે, તેને પણ મોહવશ લઈને તેમજ ભંડોળી ભાગવત કથાઓને આર્થિક કે બીજી રીતે પ્રોત્સાહન આપી આપણે આપણા શ્રીમદાચાર્યચરણ સાથે જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે.

તેના પરિણામ રૂપે આજે આપણા દેશની સર્વોચ્ચ અદાલતે આપણા સિદ્ધાન્તોની અવગણના કરીને ત્રણ-ત્રણ ચુકાદાઓ આપણા વિરુદ્ધ આપ્યા છે. ...પારિવારિક ભાવનાથી પૂર્વમાં ફક્ત દર્શન માટે આપવામાં આવેલી છૂટના દુષ્પરિણામ રૂપે આજે સમ્પ્રદાયના ધર્મગુરુઓને પુજારીપણાની હલકી પાયરી ઊપર બધી રીતે પટકી દેવા માટે સમ્પ્રદાય વિરોધી કુનેહ સફળ થવા જાય છે. જતે દહાડે હતાશ ગોસ્વામીવર્ગ પોતાને દેવલક પુજારી માની બેસવાની માનસિકતાથી ઘેરાઈ જશે. આપણા દિવ્ય સમ્પ્રદાયની આવી દુર્ગતિ કરવાની જવાબદારી વૈષ્ણવો ઊપર છે કે મહારાજશ્રીઓ ઊપર એ વિવાદનો વિષય હવે વીતી ગયો છે.

આવો આપણે શ્રીમહાપ્રભુજીથી આપણા દુષ્કૃત્યોની ક્ષમા-યાચના માંગીયે,

સોગંદ લઈએ કે

(૧) પોતાના માથે બિરાજતા ન હોય તેવા કોઈ પણ શ્રીઠાકોરજીના દર્શનનો નિત્યનિયમ નહીં લઈએ, કે જેથી પુષ્ટિપ્રભુને નન્દાયલ છોડી જાહેર અનાથાલયમાં બિરાજવાનો પરિશ્રમ થાય. કેમકે આપણા આવા દુષ્કૃત્યથી (તે ઠાકોરજીના દર્શન-સેવા કરવાનો) જાહેર જનતાનો કાનૂની અધિકાર ઊભો થતો હોય છે.

(૨) જે મનોરથો મનોરથીના પોતાના ધનથી પોતાના માથે અને પોતાને ઘરે બિરાજતા સ્વરૂપોના પોતાના અંગત ભગવદીયો સાથે ઉજવવામાટે નથી તેવા મનોરથોમાં ભેટ-સામગ્રી આપી કે દર્શન કરવા જઈને મહાપ્રભુજીના શ્રીનિધિસ્વરૂપ, સમ્પ્રદાય કે સિદ્ધાન્ત ને હવે આપણે કદિ દગો નહીં આપીએ.

(૩) જાહેર મંદિરોમાં શ્રીમહાપ્રભુજીનાં સિદ્ધાન્તોથી વિપરીત, દેવદ્રવ્યથી અથવા ગૈરબ્રહ્મસમ્બન્ધી દર્શનાર્થીઓના દ્રવ્યથી ધરવામાં આવતી ભોગ-સામગ્રી શ્રીપુષ્ટિપ્રભુ આરોગતાં જ નથી. તેથી તે પ્રસાદ છે જ નહિ, બલ્કે કોઈ પણ સંજોગોમાં પાતિત્યકારક જ છે. તેથી હવે આપણે તે (દેવદ્રવ્યનો પ્રસાદ) કદિ પણ લઈશું નહીં.

(૪) ભંડોળ ભેગું કરવા માટે જાહેરમાં કરવામાં આવતા ભગવન્મનોરથો કે ભાગવતકથા માં દર્શન-શ્રવણ માટે હવે કદિ પણ ભેગા થઈશું નહીં કે જેથી તેવી દુષ્પ્રવૃત્તિઓને પ્રાત્સહન (આર્થિક કે સક્રિય સહયોગના રૂપે) મળી રહે.

આજ દિવસ સુધી આમ જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન અજ્ઞાનવશ કે મોહવશ થઈ ગયું તે અમારા અપરાધને શ્રીપુષ્ટિપ્રભુ, શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણો ક્ષમા કરે! તેઓ પોતાની પુષ્ટિસૃષ્ટિના જીવોને પુષ્ટિપથની યાત્રામાં અગ્રસર થવા મતિ, રતિ અને ક્રિયાશક્તિ પ્રદાન કરે! ''બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ!''.

(શપથપત્ર સ્થળ : મનુ ભવન, ભગતસિંહ રોડ, પારલે (પશ્ચિમ), મુંબઈ-૫૬, તારીખ : ૧૨-૯-૧૯૮૬)

શપથ લેનારની સહી :

કિશોરચન્દ્ર ગોસ્વામી(જુનાગઢ), રઘુનાથ ગોસ્વામી(ગોકુળ-પાર્લા), શ્યામ મનોહર ગોસ્વામી (કિશનગઢ-પાર્લા), યોગેશ ગોસ્વામી (ગોકુળ-પાર્લા), શરદ્ ગોસ્વામી (માંડવી)